સંસ્કૃત ભાષાનું

# વ્યાકરણ.

[ઉત્તરાર્ધ]

માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે

# સંસ્કૃત ભાષાનું વ્યાકરણ

[ ગુજરાતીમાં ]

સંયોજક

**પ્રો. જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ, એમ. એ.**

પ્રિન્સિપાલ, કર્વે કૉલેજ, અમદાવાદ.

ફેલો ઑફ ધી ઈન્ડિયન વીમેન્સ યુનિવર્સિટી, પૂના.

'અણુભાષ્ય'ના ભાષાન્તરકર્તા,

'એ પ્રાયમર ઑફ અણુભાષ્ય,' 'શુદ્ધાદ્વૈત દર્શન'ના લેખક,

અને સંસ્કૃતના પરીક્ષક.

સોલ સેલિંગ એજન્ટ

ખડાયતા બુકડીપો, બાલાહનુમાન, અમદાવાદ

કિંમત રૂ. ૨-૮-૦

પ્રકાશક–ધી ગુજરાત ઓરિએન્ટલ બુકડીપો,
ગાંધીરોડ, અમદાવાદ.

સર્વ હક પ્રકાશકને સ્વાધીન છે.

આવૃત્તિ ૧ ] [ ઈ. સ. ૧૯૩૪
પુનર્મુદ્રિત ] [ ઈ. સ. ૧૯૪૦

મુદ્રક—મણિલાલ કલ્યાણદાસ પટેલ
**ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ,**
પાંચકૂવા દરવાજા, અમદાવાદ.

# પ્રસ્તાવના

આ પુસ્તકનું નામ '**સંસ્કૃત ભાષાનું વ્યાકરણ**' એવું રાખ્યું છે; કારણકે એમાં સંસ્કૃત ભાષાના વ્યાકરણનો જ વિષય અમુક મર્યાદામાં રહીને ગુજરાતી ભાષામાં સમજાવવામાં આવ્યો છે. કોઈ-પણ ભાષાનું વાઙ્મય બરાબર સમજવાને તેના વ્યાકરણના અભ્યાસ-ની આવશ્યકતા છે. સંસ્કૃત ભાષાને તો આ કથન સર્વાંશે લાગુ પડે છે; કારણકે ભાષાની વિશિષ્ટતા તો એ છે, કે વ્યાકરણના અભ્યાસ વગર તેના સાહિત્યમાં પ્રવેશ કરવો એ અશક્ય છે.

સંસ્કૃત ભાષાના વ્યાકરણનો અભ્યાસ આપણા દેશમાં બે પદ્ધતિથી થાય છે. જૂની અને નવી પદ્ધતિ મોટે ભાગે સંસ્કૃત પાઠશાળાઓમાં જોવામાં આવે છે. તે પદ્ધતિ પ્રમાણે **પાણિનિનાં અષ્ટાધ્યાયીનાં સૂત્રો, સિદ્ધાન્ત કૌમુદી** અને **લઘુ કૌમુદીનાં સૂત્રોનો મુખપાઠ** વિદ્યાર્થીઓ પાસે કરાવવામાં આવે છે. આ પદ્ધતિ પ્રમાણે વ્યાકરણના નિયમો માત્ર મોઢે જ ગોખાવવામાં આવે છે, અને જુદા જુદા કાળ તથા રૂપો ઓળખવા માટે જે પરિભાષા વાપરવામાં આવે છે તે મૂળ વ્યાકરણ–ગ્રંથો પ્રમાણે હોય છે.

પરંતુ યુનિવર્સિટીની શિક્ષણ–સંસ્થાઓમાં નવી પદ્ધતિ પ્રમાણે સંસ્કૃત ભાષા અને તેનું વ્યાકરણ શીખવવામાં આવે છે. મુંબઈઇલાકાની હાઈસ્કૂલોમાં વિદ્યાર્થીઓને અંગ્રેજી ચોથા ધોરણથી સંસ્કૃતભાષાને બીજી ભાષા તરીકે લેવી પડે છે. એ વિદ્યાર્થીઓની સુગમતાની ખાતર સ્વ૦ ડૉ૦ **ભાણ્ડારકરે** અતિ પરિશ્રમ વેઠીને '**માર્ગોપદેશિકા**' નામનાં બે પુસ્તકો પહેલવહેલાં તૈયાર કર્યાં. આ બે પુસ્તકો એવી સુંદર શૈલીથી રચાયેલાં છે, કે તેમની ઉપયોગિતા હજુસુધી ઘટી નથી. ત્યારબાદ સદ્ગત

રાવબહાદુર **કમળાશંકરભાઈ** એ પણ ' **સંસ્કૃત શિક્ષિકા** ' નામના પુસ્તકની યોજના નવીન ઢબે કરી, અને વ્યાકરણના વિષયને વિદ્યાર્થી-આલમ માટે હસ્તામલકવત્ કરી આપ્યો. આ પુસ્તકોમાં સાહિત્ય અને વ્યાકરણ એ બંનેનું મિશ્રણ જોવામાં આવે છે, અર્થાત્ એમાં સાહિત્યની દૃષ્ટિથી જ વ્યાકરણના વિષયને સ્થાન આપવામાં આવેલું છે, અને તેટલા માટે એમાં વ્યાકરણના વિષયને કેટલેક અંશે ટૂંકાવી દેવામાં આવ્યો છે. પરંતુ ડૉ૦ કિલ્હોર્ને, શ્રીયુત ધર્મરાજ નારાયણ ગાંધીએ, અને રા. મોરેશ્વર રામચંદ્ર કાલેએ સંસ્કૃત ભાષાના વ્યાકરણનો વિશેષ પ્રચાર કરવાને સ્વતંત્ર ગ્રંથો રચ્યા. શ્રીયુત ગાંધીએ કેવળ સંસ્કૃત ભાષાના ધાતુઓને જ પોતાના પુસ્તકમાં સ્થાન આપ્યું છે, અને ઘણા જ વિસ્તારથી તે વિષય રજૂ કર્યો છે. ડૉ૦ કિલ્હોર્ને અને રા. કાલેએ વ્યાકરણના તમામ વિષયોનો વિચાર કરેલો છે. તેમાં પણ રા. કાલેનાં ' હાયર સંસ્કૃત ગ્રામર ' અને ' સ્કોલર સંસ્કૃત ગ્રામર ' ની યોજના વિદ્યાર્થીઓ માટે તેમજ સંસ્કૃત ભાષાના ઇતર અભ્યાસકો માટે ઘણી જ આકર્ષક અને સંગીન થઈ પડેલી જોવામાં આવે છે, અને તેથી કરીને તે પુસ્તકોનો વિદ્યાર્થીઓમાં ઘણો જ પ્રચાર થયેલો છે. મૂળ સંસ્કૃત વ્યાકરણનાં સૂત્રોનો સ્થળે સ્થળે ઉલ્લેખ કરીને રા. કાલેએ વિદ્યાર્થીઓની જરૂરિયાતોને લક્ષ્યમાં લઈને આખું વ્યાકરણ યોજ્યું છે, તે માટે ખરેખર વિદ્યાર્થીઆલમ તેમની ઉપકૃત છે: માત્ર એટલું જ કે રા. કાલેનું વ્યાકરણ મૂળ અંગ્રેજીમાં હોવાથી અંગ્રેજી નહિ જાણનારા તેનો લાભ લઇ શકતા નથી.

હાલમાં મુંબઈ યુનિવર્સિટીએ મેટ્રિક્યુલેશનની પરીક્ષાના ઉમેદવારોને સંસ્કૃત ભાષાના પ્રશ્નપત્રના ઉત્તરો માતૃભાષામાં લખવાની છૂટ આપી છે, પણ સંસ્કૃત ભાષાનું કેવળ વ્યાકરણને જ લગતું કોઈ-પણ પુસ્તક ગુજરાતી ભાષામાં થયું નથી; એથી કરીને આ પુસ્તક

યોજવામાં આવ્યું છે. આ પુસ્તક તૈયાર કરતા પહેલાં જૂના શાસ્ત્રીય ગ્રંથો તેમજ આંગ્લ ભાષામાં લખાયેલા નવા ગ્રંથોમાંના કેટલાકને મેં ખાસ જોયા છે, અને તે બધાની પદ્ધતિનો અભ્યાસ કરીને તેના સાર રૂપે મારી સ્વતંત્ર યોજના પ્રમાણે આ વિષયને અહીં રજૂ કરવાનો મેં પ્રયત્ન કર્યો છે, તેમ છતાં આ પુસ્તકની યોજનામાં પુરોગામી ગ્રંથોની અસર દેખાય એ સ્વાભાવિક છે. વળી વ્યાકરણશાસ્ત્રનો ગ્રંથ એ કંઈ કલ્પનાજન્ય ગ્રંથ નથી; એમાં તો મૂળના આધારે જ ચાલવું પડે, એટલે અહીં જૂના તેમજ નવા ગ્રંથોની ઓછીવત્તી અસર જણાશે, તે માટે તે તમામનું ઋણ મારે સ્વીકારવું જોઈએ.

આ ગ્રંથને બે વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. પ્રથમ વિભાગમાં ૧૯ પ્રકરણો યોજ્યાં છે, અને દ્વિતીય વિભાગમાં સંસ્કૃત લેખનવિચારનાં ૫ પ્રકરણો યોજ્યાં છે. એમાં પ્રથમ વિભાગ સવિસ્તર છે, અને દ્વિતીય વિભાગ સંક્ષિપ્ત છે. જો કે પ્રો. આપ્ટેની 'ગાઈડ ટુ સંસ્કૃત લિટરેચર' ની પેઠે લેખનવિચારનો વિભાગ વિસ્તારપૂર્વક ચર્ચવામાં આવ્યો હોત, તો તે બહુ ઉપયોગી થઈ પડત; પણ પુસ્તકનું કદ ધાર્યા કરતાં વધી જવાના સબબે દ્વિતીય વિભાગ ટૂંકામાં પતાવ્યો છે. બાકીનાં તમામ પ્રકરણો શિક્ષકો તથા વિદ્યાર્થીઓની દૃષ્ટિએ લખવામાં આવ્યાં છે.

મુખ્યત્વે માધ્યમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને માટે જ આ પુસ્તકની યોજના કરેલી છે, તેમ છતાં જૂની ઢબથી ચાલતી પાઠશાળાઓના વિદ્યાર્થીઓને પણ તે ઉપયોગી થઈ પડશે એમ મારું માનવું છે. 'શબ્દસિદ્ધિ' નું પ્રકરણ ૧૭મું માધ્યમિક શાળાના વિદ્યાર્થી-ઓને ઉપયોગી નથી, છતાં સંસ્કૃત ભાષાના વ્યાકરણમાં તેને સ્થાન મળવું જોઈએ એમ માનીને જ અહીંયાં તે પ્રકરણ આપ્યું છે. રા. કાલેએ પણ તેનો વિચાર કર્યો છે.

આશા રાખવામાં આવે છે, કે આ પુસ્તક ગુજરાતી ભાષાદ્વારા સંસ્કૃત શીખનાર વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ પડશે. એ તો અનુભવ-સિદ્ધ વાત છે, કે વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષાનું વ્યાકરણ અંગ્રેજીદ્વારા શીખવવામાં આવે, તેને બદલે માતૃભાષાદ્વારા શીખવવાથી તેઓ વિષયને સત્વર ગ્રહણ કરી શકે છે. કોઈપણ નવી ભાષાનું વ્યાકરણ પરભાષાદ્વારા શીખવવું એ જેટલું કૃત્રિમ છે તેટલું જ વિચિત્ર પણ છે! વિદ્યાર્થીઓની માતૃભાષાદ્વારા જ કોઈપણ ભાષાનું વ્યાકરણ શીખવવામાં આવે, તો વિદ્યાર્થીઓ તેને જલદી ગ્રહણ કરી શકે છે. સંસ્કૃત ભાષા આપણા દેશની અતિ પ્રાચીન સમયની ભાષા છે, અને તેનું વ્યાકરણ વિદ્યાર્થીઓ પરભાષાદ્વારા શીખે એ કેટલું હાસ્યાસ્પદ છે! આવા વિચારથી પ્રેરાઈને આ વ્યાકરણ ગુજરાતી ભાષામાં યોજ્યું છે.

પ્રે. રા. ટ્રેનિંગ કોલેજની પ્રેક્ટિસિંગ સ્કૂલના શિક્ષક રા. **દલસુખરામ ચુનીલાલ ત્રિવેદીએ** ઘણી જ કાળજીથી તથા અથાગ પરિશ્રમ લઈને પ્રુફરીડિંગનું કાર્ય બજાવ્યું છે, તે માટે હું તેમનો આભાર માનું છે. તેમની સેવા આ કાર્યમાં ઘણી જ કીમતી નીવડી છે.

અંતમાં ગુજરાતના અગ્રગણ્ય વિદ્વાન અને સંસ્કૃત ભાષાના પ્રખર પંડિત, એક વખત ગુજરાત કોલેજના સંસ્કૃતના પ્રોફેસર, અને હાલમાં કાશી-વિદ્યાપીઠની કોલેજના પ્રિન્સિપાલ **આનંદશંકર બાપુભાઈ ધ્રુવનો** મારે ખાસ ઉપકાર માનવાનો છે. પુસ્તકનું મુદ્રણકાર્ય સંપૂર્ણ થયા પછી તેમને દેખાડવામાં આવ્યું હતું. તેઓશ્રીએ પુસ્તક જોઈને કેટલીક સૂચનાઓ આપી હતી, તેને અનુસરીને છેવટનું પ્રકરણ ૫મું અને શુદ્ધિપત્ર ઉમેરવામાં આવ્યું છે. આ કીમતી સલાહ માટે હું તેઓશ્રીનો ખાસ ઉપકૃત છું. વળી એક રીતે તેઓશ્રી તરફ મારું અંગત ઋણ પણ છે, અને તે એ કે મારાં કોલેજનાં વર્ષો દરમિયાન સંસ્કૃત ભાષા તરફ મને વિશેષ પ્રીતિ કરાવનાર તેઓશ્રી છે. તેમણે ઉત્પન્ન

કરેલા પ્રેમને લીધે જ આજે હું આ પુસ્તક લખવાનું સાહસ કરી શક્યો છું. એક રીતે આ ગ્રંથ તૈયાર કરવામાં મને જે બળ પ્રાપ્ત થયું છે, તે એમના તરફની પરોક્ષ પ્રેરણા છે. આથી જ આ યોગ્ય સ્થળે હું તેમનો ઉપકાર માનું છું.

મારી જાણ મુજબ ગુજરાતી ભાષામાં આવા પુસ્તક માટે આ પ્રથમ પ્રયાસ છે. કોઈ મહા કાર્યમાં સંપૂર્ણ કાળજી રાખવા છતાં દોષો રહી જાય છે, પણ તે મનુષ્યની અપૂર્ણતા સૂચવે છે. આ ગ્રંથની અંદર કેટલેક સ્થળે દૃષ્ટિદોષ અગર બીજી ત્રુટિઓ રહી ગઈ હોય તે બનવાજોગ છે, પણ તે માટે શિક્ષકબંધુઓ તથા વિદ્યાર્થીભાઈઓની ક્ષમા યાચું છું, તેમજ સાગ્રહ વિજ્ઞપ્તિ કરું છું કે એવી ત્રુટિઓ લેખકના ધ્યાન ઉપર લાવવામાં આવશે, તો નવી આવૃત્તિ વખતે સુધારો કરવામાં તે સહાયરૂપ થઈ પડશે. કેટલીક ભૂલોનું શુદ્ધિપત્ર આ પુસ્તકને અંતે આપવામાં આવ્યું છે. છેવટે નીચેના સંસ્કૃત સુભાષિત તરફ વાચકબંધુઓનું ધ્યાન ખેંચું છું.

**गच्छतःस्खलनं क्वापि भवत्येव प्रमादतः ।**
**हसन्ति दुर्जनास्तत्र समादधति साधवः ॥**

નાળિયેરી પૂર્ણિમા, સં. ૧૯૯૦
તા. ૨૪મી ઓગસ્ટ, ઈ. સ. ૧૯૩૪
**અમદાવાદ.**

**જે. ગો. શાહ**

# અનુક્રમણિકા

## વિભાગ ૧ લો


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ લું | મૂળાક્ષરો | ૧ |
| ૨ જું | સંધિનિયમો | ૭ |
| ૩ જું | નામરૂપ વિચાર | ૨૦ |
| ૪ થું | સર્વનામ | ૮૧ |
| ૫ મું | વિશેષણ | ૯૩ |
| ૬ ઠું | સંખ્યાવાચક વિશેષણ | ૯૮ |
| ૭ મું | ક્રિયાપદો | ૧૧૦ |
| | પ્રથમ ગણ | ૧૧૩ |
| | ચોથો ગણ | ૧૨૨ |
| | છઠ્ઠો ગણ | ૧૨૬ |
| | દશમો ગણ | ૧૨૯ |
| | પાંચમો ગણ | ૧૩૫ |
| | આઠમો ગણ | ૧૩૮ |
| | નવમો ગણ | ૧૪૨ |
| | બીજો ગણ | ૧૪૭ |
| | સાતમો ગણ | ૧૭૭ |
| | ત્રીજો ગણ | ૧૮૪ |

| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૮ મું | ગણકાર્યરહિત ભૂતકાળ | ૨૦૩ |
| | પરોક્ષ ભૂતકાળ | |
| ૯ મું | ભવિષ્ય કાળ | ૨૩૮ |
| ૧૦ મું | અદ્યતન ભૂતકાળ | ૨૫૦ |
| ૧૧ મું | આશીર્વાદાર્થ | ૨૭૦ |
| ૧૨ મું | પ્રેરક ભેદ | ૨૭૩ |
| ૧૩ મું | ઇચ્છાદર્શક રૂપ | ૨૭૭ |
| ૧૪ મું | કર્મણિ પ્રયોગ | ૨૮૧ |
| ૧૫ મું | કૃદન્ત | ૨૮૬ |
| ૧૬ મું | નામધાતુ | ૩૦૪ |
| ૧૭ મું | શબ્દસિદ્ધિ | ૩૦૭ |
| | ( તદ્ધિત અને કૃત્ પ્રત્યયો ) | |
| ૧૮ મું | અવ્યય ( નિપાત ) | ૩૨૭ |
| ૧૯ મું | સમાસ | ૩૩૩ |


## વિભાગ ૨ જો


| | | |
|---|---|---|
| ૧ લું | સંસ્કૃત લેખનવિચાર | ૩૭૪ |
| ૨ જું | વિભક્તિવિચાર | ૩૯૫ |
| ૩ જું | સર્વનામનો ઉપયોગ | ૪૧૯ |
| ૪ થું | પરસ્મૈપદ અને આત્મનેપદ | ૪૪૭ |
| ૫ મું | કાળ તથા અર્થવિચાર | ૪૫૭ |
| | શુદ્ધિપત્ર | ૪૭૬ |

# સંસ્કૃત ભાષાનું વ્યાકરણ

## પ્રકરણ ૧ લું

### મૂળાક્ષરો

૧ સંસ્કૃત ભાષા આ દેશના અસલના આર્યોની ભાષા છે. એક વખતે એ ભાષા અત્યારની ગુજરાતી, અંગ્રેજી વગેરે ભાષાઓની માફક બોલવામાં વપરાતી હતી. આ દેશના આર્યોના વેદ, વેદાંગ, ષડ્દર્શનો, રામાયણ અને મહાભારત જેવાં ઐતિહાસિક કાવ્યો, ભાગવત વગેરે પુરાણો, સ્મૃતિ ગ્રંથો, અલંકારશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રના ગ્રંથો, ન્યાય અને વૈદકને લગતા ગ્રંથો, નાટકો અને મહાકાવ્યો વગેરે આ ભાષામાં રચાયલાં છે. તે ભાષાનું સાહિત્ય એટલું ઉત્તમ કોટિનું છે, કે જગત્ના વિદ્વાનો અત્યારે પણ તેની પ્રશંસા કરે છે. એક સમયે તે ખરેખર જીવન્ત ભાષા હતી. સૈકાંઓ સુધી એ ભાષામાં જ સર્વ વાણીનો વ્યવહાર થતો; પણ પાછળથી આ ભાષાનું પ્રાબલ્ય ઘટતું ગયું, તે એટલે સુધી કે છેવટે લોકોમાં તે 'મૃતભાષા' મનાવા લાગીઃ અત્યારે વાગ્વ્યાપાર માટે તેનો ઉપયોગ નથી, છતાં અત્યારની પ્રાંતિક ભાષાઓ – ગુજરાતી, મરાઠી, બંગાળી, પંજાબી–વગેરેનાં મૂળ તેમાં હોવાથી, તેમજ પ્રાકૃત કાલના કવિઓની કવિતા ઉપર તેની ઘણી અસર હોવાથી, તેમજ તેનાં તત્ત્વજ્ઞાન, ધર્મશાસ્ત્ર અને કાવ્યોની અસર અત્યારે પણ હોવાથી, વિદ્યાપીઠોમાં તેને

બીજી ભાષા તરીકે સ્થાન આપવામાં આવ્યું છે, તેથી તે ભાષાનું વ્યાકરણ સમજવાની જરૂર છે. 'સંસ્કૃત' શબ્દનો અર્થ 'સુધરેલું' એમ થાય છે, અર્થાત્ આ ભાષા બીજી તમામ ભાષાઓ કરતાં વધારે સુધરેલી અને વિકસેલી છે, માટે તે 'સંસ્કૃત' એ નામથી ઓળખાય છે. તે દેવ ભાષાના નામથી પણ ઓળખાય છે. દણ્ડીએ તેને 'દૈવી વાક્' કહી છે.
संस्कृतं नाम दैवी वागन्वाख्याता महर्षिभिः ।

૨ કોઈ પણ ભાષાનું વ્યાકરણ એટલે તેનું બંધારણ સમજાવનારા નિયમો. તે ભાષાને વ્યવહારમાં કેવી રીતે મૂકવી, બોલતી વખતે અગર લખતી વખતે મૂળ ધાતુ અને શબ્દોને કેવી રીતે વિભક્તિ અને વચનોના પ્રત્યયોથી જોડવા, તેમજ એક પ્રયોગ બીજા પ્રયોગ સાથે જોડાય તો કયા નિયમ પ્રમાણે તેની સન્ધિ કરવી, વગેરે અનેક બાબતોનો સમાવેશ વ્યાકરણમાં કરવામાં આવે છે. ભાષાનું બરાબર જ્ઞાન થવાને વ્યાકરણના જ્ઞાનની ખાસ આવશ્યકતા છે.

૩ કોઈ પણ ભાષાનું મૂળ તેના મૂળાક્ષરોમાં હોય છે. આ મૂળ અક્ષરોના શબ્દો બને છે, શબ્દોનાં વાક્યો થાય છે, અને વાક્યોની નાની મોટી સાહિત્યની કૃતિઓ સર્જાય છે; માટે પ્રથમ આપણે મૂળાક્ષરોનો વિચાર કરવો જોઈએ.

૪ સંસ્કૃત ભાષાને દેવનાગરી લિપિ પણ કહે છે. દેવનાગરી લિપિમાં એકંદરે ૪૬ અક્ષરો છે: તેમાંના ૧૩ સ્વરો અને ૩૩ વ્યંજનો છે.

**સ્વરો**—अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ए, ऐ, ओ, औ.

**વ્યંજનો**—(૧) क्, ख्, ग्, घ्, ङ्
(૨) च, छ्, ज्, झ्, ञ्
(૩) ट्, ठ्, ड्, ढ्, ण्

(૪) त्, थ्, द्, ध्, न्
(૫) प्, फ्, ब्, भ्, म्
(૬) य्, र्, ल्, व्
(૭) श्, ष्, स्
(૮) ह्

ઉપર આપેલા સ્વરોમાં છેલ્લા ચાર સિવાયના બાકીના સાદા સ્વરો કહેવાય છે. આ સ્વરોમાં કેટલાક હ્રસ્વ સ્વરો છે, અને કેટલાક દીર્ઘ સ્વરો છે. अ, इ, उ, ऋ અને ऌ એ હ્રસ્વ સ્વરો છે, અને आ, ई, ऊ, ॠ, ए, ऐ, ओ અને औ દીર્ઘ સ્વરો છે. આમાંનો પ્રત્યેક સ્વર અનુનાસિક તથા અનનુનાસિક પણ કહેવાય છે.

**વ્યંજનો**ના સ્પર્શ વ્યંજન, અન્તઃસ્થ વ્યંજન, અને 'ઊષ્મ વ્યંજન' 'Sibilant' એવા વિભાગો કર્યા છે. ઉપર જણાવેલા ૧થી ૫ આંકવાળા સ્પર્શ વ્યંજનો છે, ૬ આંકવાળા અન્તઃસ્થ વ્યંજન, અને ૭ – ૮ આંકવાળા ઊષ્મ વ્યંજન છે.

**સ્પર્શ** વ્યંજન એટલા માટે કહેવાય છે, કે તેમનો ઉચ્ચાર કરતાં જીભનું ટેરવું કે તેની પાસેનો મધ્ય અગર મૂળ ભાગ તાલુ વગેરે ઉચ્ચારનાં સ્થાનને બરાબર અડકે છે. **અન્તઃસ્થ** વ્યંજનોના ઉચ્ચાર સ્વર અને વ્યંજનના ઉચ્ચારની વચ્ચે છે. **ઊષ્મ** વ્યંજનોના ઉચ્ચાર કરતી વખતે તેમાંથી ઊષ્મ નામનો વાયુ ઉત્પન્ન થાય છે.

અક્ષરોની ઉત્પત્તિ એમને એમ થતી નથી. પાણિનિએ ' શિક્ષા 'માં એ વિષે વિચાર કર્યો છે. ત્યાં તે કહે છે કે મનુષ્ય કોઈ પણ ઉચ્ચાર કરવાને પ્રથમ પ્રયત્ન કરે છે કે તરત જ નાભિ-(ડુંટી)માંથી વાયુ પ્રેરાય છે, અને તે ઉંચે ચઢે છે. વાયુની આ

ઊર્ધ્વ ગતિ દરમિઆન તે જુદાં જુદાં ઉચ્ચારસ્થાનો સાથે અથડાય છે. આમ થતાં પ્રથમ મુખની અંદર વર્ણ ઉત્પન્ન થાય છે. આ આભ્યન્તર પ્રયત્ન છે. પછીથી તે વર્ણને બહાર કાઢવાનો પ્રયત્ન થાય છે. આ પ્રયત્ન વખતે ગળું પહોળું અગર સાંકડું થાય છે. આનું નામ બાહ્ય પ્રયત્ન છે.

૫ અક્ષરોનાં નીચે પ્રમાણે ઉચ્ચારસ્થાન નક્કી કરવામાં આવ્યાં છે.

| | |
|---|---|
| क्, ख्, ग्, घ्, ङ्<br>ह् | अ, आ – **કંઠસ્થાન** ( આ અક્ષરો કંઠથી બોલાય છે. ) (Gutteral) |
| च, छ्, ज्, झ्, ञ्<br>य्, श् | इ, ई – **તાલુસ્થાન** ( આ અક્ષરો તાળવાથી બોલાય છે.) (Palatal) |
| ट्, ठ्, ड्, ढ्, ण्<br>र्, ष् | ऋ, ॠ – **મૂર્ધસ્થાન** (આ અક્ષરો માથાથી બોલાય છે.) (Lingual) |
| त्, थ्, द्, ध्, न्<br>ल्, स् | ऌ – **દન્તસ્થાન** (આ અક્ષરો દાંતથી બોલાય છે. ) (Dental) |

प्, फ्, ब्, भ्, म्, उ, ऊ – **ઓષ્ઠસ્થાન** ( આ અક્ષરો ઓઠથી બોલાય છે. ) (Labial)

ए અને ऐ – **કંઠતાલુસ્થાન** – ( ए = अ + इ એ બેનો બનેલો છે. अનું કંઠસ્થાન અને इનું તાલુસ્થાન છે, માટે ए કંઠતાલુસ્થાનનો કહેવાય છે. તેજ પ્રમાણે ऐ )

ओ અને औ – **કંઠોષ્ઠસ્થાન** – કંઠ અને ઓષ્ઠ એ બન્ને સ્થાન-માંથી તેમની ઉત્પત્તિ છે. ओ = अ + उનો બનેલો છે. अનું સ્થાન કંઠ છે અને उનું ઓષ્ઠ છે, માટે ओનું સ્થાન કંઠૌષ્ઠ છે. તે જ પ્રમાણે औનું પણ તે સ્થાન છે.

व् દાંત અને ઓષ્ઠથી બોલાય છે, માટે તેનું સ્થાન **દન્તૌષ્ઠ** છે.

ङ्, ञ्, ण्, न्, म् એ અક્ષરો નાસિકાથી બોલાય છે, માટે તેમનું **નાસિકાસ્થાન** (Nasal) કહેવાય છે; તેમ તે અનુક્રમે કંઠ, તાલુ, મૂર્ધા, દાંત અને ઓષ્ઠથી પણ બોલાય છે.

य्, र्, ल्, **व्** વિકલ્પે અનુનાસિક પણ છે; અર્થાત્ તે અનુ-નાસિક તેમજ અનનુનાસિક એમ ઉભય રૂપે છેઃ નાકમાંથી બોલી શકાય, તેમ નાકથી ન પણ બોલી શકાય એવા છે.

આ પ્રમાણે સંસ્કૃત વ્યાકરણમાં વર્ણોની ઉત્પત્તિમાં ઉચ્ચાર-સ્થાનો નક્કી કરવામાં આવ્યાં છે.

ઉપરના વર્ણોના બીજી રીતે પણ વિભાગ પાડયા છે. કેટલાક વર્ણોના ઉચ્ચાર કરતી વખતે વધારે શ્વાસ લેવો પડે છે, અને કેટલાકની બાબતમાં થોડોક શ્વાસ લેવો પડે છે. જેમાં વધારે શ્વાસ લેવો પડે, તે **મહાપ્રાણ** (Aspirate) કહેવાય છે; અને જેમાં અલ્પ શ્વાસ લેવો પડે, તે **અલ્પપ્રાણ** (Unaspirate) કહેવાય છે.

મહાપ્રાણઃ—ख्, घ्, छ्, झ्, ठ्, ढ्, थ्, ध्, फ्, भ् અને श्, ष्, स् અને ह् એટલા વર્ણો મહાપ્રાણ છે.

આ સિવાય બાકીના અલ્પપ્રાણ છે.

વળી આ અક્ષરોમાં પણ ઉચ્ચારની દૃષ્ટિએ કોમલ અને કઠોર એવા વિભાગો થાય છે. જેનો ઉચ્ચાર કોમલ થાય તે **ઘોષ** સંજ્ઞાથી ઓળખાય છે, અને જેનો ઉચ્ચાર તેથી ઉલટો થાય તે **અઘોષ** સંજ્ઞાથી ઓળખાય છે.

क्, ख्, च्, छ्, ट्, ठ्, त्, थ्, प्, फ् અને श्, ष्, स् આટલા **અઘોષ** છે; બાકીના **ઘોષ** છે.

તમામ વર્ણોનાં સ્થાન પ્રમાણેનું કોષ્ઠક નીચે પ્રમાણે આપણે આપીશું.

| સ્થાન | સ્પર્શ વ્યંજનો: અઘોષ: અલ્પ પ્રાણ | મહા પ્રાણ | ઘોષ: અલ્પ પ્રાણ | મહા પ્રાણ | અનુ-નાસિક | અંતઃસ્થ | ઉષ્માક્ષર | સ્વરો |
|---|---|---|---|---|---|---|---|---|
| કંઠસ્થાનીય | क् | ख् | ग् | घ् | ङ् | | ह् | अ, आ |
| તાલુસ્થાનીય | च् | छ् | ज् | झ् | ञ् | य् | श् | इ, ई |
| મૂર્ધસ્થાનીય | ट् | ठ् | ड् | ढ् | ण् | र् | ष् | ऋ, ॠ |
| દન્તસ્થાનીય | त् | थ् | द् | ध् | न् | ल् | स् | ऌ |
| ઓષ્ઠસ્થાનીય | प् | फ् | ब् | भ् | म् | व् | | उ, ऊ |
| કંઠતાલુસ્થાનીય | | | | | | | | ए, ऐ |
| કંઠૌષ્ઠસ્થાનીય | | | | | | | | ओ, औ |

સ્વરોના ઉચ્ચર એમને એમ થઈ શકે છે, પણ વ્યંજનોના ઉચ્ચાર સ્વર વગર થઈ શકતા નથી; તેથી પાણિનિ ઉપરના વ્યંજનોને ઉચ્ચારની સરળતાની ખાતર ' अ ' સ્વરયુક્ત આપે છે, અર્થાત્ क्‌ને બદલે क એમ આપે છે. ઉપરના કોષ્ઠકમાં વ્યંજનોના જે પાંચ વર્ગો આપ્યા છે, તે 'ક' વર્ગ, 'ચ' વર્ગ, 'ટ' વર્ગ, 'ત' વર્ગ તથા 'પ' વર્ગના નામથી ઓળખાય છે, અગર કુ, ચુ, ટુ, તુ અને પુ એવા નામથી પણ વ્યવહારમાં વપરાય છે.

જ્યારે બે અગર તેથી વધારે વ્યંજનો એક બીજાની સાથે જોડાય, ત્યારે તે વ્યંજન સંયુક્ત વ્યંજન ( A Conjunct Consonant) કહેવાય છે.

જેમકે च्य्, प्र्, ड्क्, र्घ्र् વગેરે.

# પ્રકરણ ૨ જું

## સંધિનિયમો

૬ સંધિ શબ્દ સંસ્કૃત सम् + धा માંથી બન્યો છે. धा ધાતુ છે, અને सम् ઉપસર્ગ છે. धा એટલે જોડવું અને सम् એટલે પૂરેપૂરી રીતે; અર્થાત્ પૂરેપૂરી રીતે જોડવું. જ્યારે બે અક્ષરો એક બીજાની સાથે આવે, ત્યારે સંસ્કૃતમાં તેમને ભેગા જોડવા પડે છે. જે નિયમોથી તેમનું જોડાણ થાય છે, તેનું નામ 'સંધિ' કહેવાય છે. તેનું બીજું નામ સંહિતા પણ છે. આ સંધિ બે પ્રકારની છેઃ **નિત્ય સંધિ** અને **વૈકલ્પિક સંધિ. નિત્ય સંધિ** એટલે જ્યાં સંધિ કર્યા વગર છૂટકો જ નહિ; અને **વૈકલ્પિક સંધિ** એટલે સંધિ કરવી કે નહિ તે વક્તાની ઇચ્છા ઉપર હોય તે. આ વિષે એવો મુખ્ય નિયમ કરવામાં આવ્યો છે કે એક પદમાં, ધાતુ અને ઉપસર્ગ વચ્ચે, તેમજ સમાસમાં જે સંધિ કરવી પડે તે નિત્ય સંધિ છે, અને વાક્યમાં કરવામાં આવતી સંધિ વૈકલ્પિક સંધિ છે.

संहितैकपदे नित्या नित्या धातूपसर्गयोः ।
नित्या समासे वाक्ये तु सा विवक्षामपेक्षते ॥

સંધિનો અર્થ એટલે બે વર્ણના યોગથી ઉત્પન્ન થતો વર્ણવિકાર.

સંધિના મુખ્ય ચાર પ્રકાર છેઃ ૧ **સ્વરસંધિ** ( અચ્સંધિ ) ૨ **વ્યંજનસંધિ** (હલ્સંધિ) ૩ **વિસર્ગસંધિ** ૪ **આન્તરસંધિ.**

### સ્વરસંધિ ( अच्संधि )

૭ કોઈ હ્રસ્વ કે દીર્ઘ સ્વરની પછી બીજો સજાતીય ( Similar ) હ્રસ્વ કે દીર્ઘ સ્વર આવે, તો તે બે સ્વરને સ્થાને પ્રથમનો સ્વર દીર્ઘ થાય છે.

त्रिपुर + अरिः=त्रिपुरारिः । घट + आकाशः=घटाकाशः । शाखा + अन्तम्=शाखान्तम् । भानु + उदयः=भानूदयः । सिंधु + ऊर्मयः= सिंधूर्मयः। पितृ + ऋणम्=पितॄणम् । कवि + ईशः=कवीशः ।

८ હ્રસ્વ અગર દીર્ઘ इ, उ, ऋ અને ऌની પછી જો કોઈ અસવર્ણ કે વિજાતીય (Dissimilar) સ્વર આવે, તો તે સ્વરોને બદલે અનુક્રમે य्, व्, र् અને ल् થાય છે.

इति + अपि = इत्यपि । खलु + अत्र = खल्वत्र । मधु + इच्छति= मध्विच्छति । पितृ + आज्ञा = पित्राज्ञा । ऌ + आकृतिः=लाकृतिः ।

९ अ અથવા आ પછી इ અથવા ई આવે તો તેનો ए થાય છે, उ આવે તો ओ થાય છે, ऋ આવે તો अर् થાય છે, અને ऌ આવે તો अल् થાય છે. ( आद्गुणः ६–१–८७ )

उप + इन्द्रः=उपेन्द्रः। रमा + इशः=रमेशः। सूर्य+उदयः=सूर्योदयः । वसन्त + ऋतुः=वसन्तर्तुः । सरिता + उदकम्=सरितोदकम् વગેરે.

१० अ કે आ પછી ए કે ऐ આવે તો તેઓનો ऐ થાય છે, અને ओ કે औ આવે તો औ થાય છે.

अत्र + एव = अत्रैव । देव + ऐश्वर्यम्=देवैश्वर्यम् ।
वन + औषधिः = वनौषधिः ।

११ ए, ओ, ऐ અને औની પછી કોઈ પણ સ્વર આવે, તો તેમને બદલે अय्, अव्, आय् અને आव् મુકાય છે.

फले + आनय = फलयानय ।
तौ + उभौ = तावुभौ ।
पुरुषौ + एकौ = पुरुषावेकौ ।

આ નિયમ પ્રમાણે ए, ओ, ऐ અને औનાં જે अय्, अव्, आय् અને आव् રૂપ થાય છે, તે જો શબ્દને અન્તે હોય તો તેમના य् અને व्, તેમની પછી જો કોઈ સ્વર આવે તો વિકલ્પે ઊડી જાય છે. [ लोपः शाकल्यस्य ॥ ८–३–१९ ॥ ]

कवे + एहि = कवयेहि અથવા कव एहि ।

रघो + इच्छां + कुरु = रघविच्छां અથવા रघ इच्छां कुरु ।

विष्णो + इह = विष्णविह અથવા विष्ण इह ।

गुरौ + उत्कः = गुरावुत्कः અથવા गुरा उत्कः ।

૧૨ જો કોઈ પણ શબ્દને અન્તે ए અગર ओ આવ્યો હોય અને તેની પછી अ આવ્યો હોય, તો अનો લોપ થાય છે અને તેને સ્થાને 'ऽ' અવગ્રહ ચિહ્ન મુકાય છે. फले + अत्र = फलेऽत्र । गुरो + अतिथिं = गुरोऽतिथिं ।

૧૩ નીચેના દાખલામાં સન્ધિ થતી વખતે સ્વરમાં વૃદ્ધિ પ્રમાણે ફેરફાર થાય છે.

(૧) જ્યારે प्रની પછી ऊढ અથવા ऊढि આવે, ત્યારે प्र + ऊढ = प्रौढ । प्र + ऊढि = प्रौढि ।

(૨) अक्षની પછી ऊहिनी આવે, ત્યારે अक्ष + ऊहिनी=अक्षौहिणी ।

(૩) કોઈ પણ ઉપસર્ગના અન્તિમ अ અથવા आની પછી ऋથી શરૂ થતા ધાતુનું રૂપ આવે, ત્યારે प्र + ऋच्छति = प्रार्च्छति ।

૧૪ કોઈ ઉપસર્ગને અન્તે अ હોય અને તેની પછી ए અગર ओથી શરૂ થતા કોઈ પણ ધાતુનું રૂપ હોય, તો સંધિમાં ए અગર ओ આવે છે. જેમકે प्र + एजते=प्रेजते । उप + ओषति = उपोषति ।

૧૫ જો કોઈ શબ્દના અન્તિમ अની પછી ओष्ठ શબ્દ આવે, તો વિકલ્પે વૃદ્ધિ લે છે. बिम्ब + ओष्ठः=बिम्बोष्ठः અગર बिम्बौष्ठः ।

૧૬ નીચેના શબ્દોની સંધિ વખતે પ્રથમ શબ્દના અન્તિમ સ્વરનો લોપ થાય છે.

कुल + अटा=कुलटा । सार + अङ्गः = सारङ्गः ।

૧૭ गोના ओની પછી यूति શબ્દ આવે, તો ओનો अव् થઈ જાય છે. गो + यूतिः = गव् + यूतिः=गव्यूतिः ।

गोની પછી इन्द्र અને अक्ष આવે, તો ओનો अव થાય છે.

गो + इन्द्रः = गव + इन्द्रः = गवेन्द्रः ।

गो + अक्षः = गव + अक्षः = गवाक्षः ।

૧૮ નીચેના નિયમ પ્રમાણે બે સ્વરો સાથે આવ્યા હોય, તોપણ સંધિ થતી નથી.

(क) જ્યારે કોઈ પણ દ્વિવચનને અન્તે ई, ऊ અથવા ए હોય ત્યારે. कपी + एतौ = कपी एतौ । અહીંઆં कपी એ દ્વિવચનનું રૂપ છે. कन्ये + अमू = कन्ये अमू । वन्देते+ईमे=वन्देते ईमे। અહીંઆં वन्देते એ वन्द् ધાતુના વર્તમાન કાળના ત્રીજા પુરુષનું દ્વિવચનનું રૂપ છે. तरू + ईक्षते = तरू ईक्षते ।

(ख) अमी અને अमू પછી કોઈ સ્વર આવે, ત્યારે પણ સંધિ થતી નથી. ( अदसोमात् ॥ १–१–११ )

अमी + अश्वाः = अमी अश्वाः ।

अमू + इच्छतः = अमू इच्छतः ।

अमी + ईशाः = अमी ईशाः ।

रामकृष्णावमू + आसाते = रामकृष्णावमू आसाते ।

## વ્યંજનસંધિ

૧૯ स् અગર त વર્ગનો કોઈ પણ અક્ષર श् અગર च વર્ગના અક્ષરની સાથે આવે, તો स्નો श् થાય છે અને त વર્ગનો च વર્ગ થાય છે. ( त વર્ગ એટલે દન્તસ્થાનીય અને च વર્ગ એટલે તાલુસ્થાનીય )

तत् + चिन्त्यताम् = तच्चिन्त्यताम् ।

शरद् + झंझावातः = शरज्झंझावातः ।

अन्तस् + चरति = अन्तश्चरति ।

तत् + शिवम् = तच्शिवम् = तच्छिवम् ।

मनस् + चक्रम् = मनश्चक्रम् ।

२० જો स् અથવા त વર્ગના કોઈ પણ અક્ષરની પછી ष् અથવા ट વર્ગનો એટલે મૂર્ધસ્થાનીય કોઈ અક્ષર આવે, તો स्‌ને બદલે ष् અને त વર્ગના અક્ષરને બદલે ट વર્ગનો અક્ષર મુકાય છે.

तत् + टीका = तट्टीका ।

( પ્રથમનો વ્યંજન તેના વર્ગમાં જેટલામો હોય, તેટલામો જ સન્ધિમાં પછીના વર્ગનો મૂકવો. )

२१ અન્તઃસ્થ કે અનુનાસિક સિવાયના કોઈ પણ વ્યંજનની પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે, તો પહેલાંના વ્યંજનને બદલે તેના વર્ગનો ત્રીજો વ્યંજન મુકાય છે.

वाक् + ईशः = वागीशः। ( क्‌ની પછી સ્વર આવ્યો છે. )

चित् + रूपः = चिद्रूपः। ( त्‌ની પછી ઘોષ વ્યંજન આવ્યો છે, માટે त्‌ના વર્ગનો ત્રીજો એટલે द् મૂક્યો છે. )

मरुत् + वाति = मरुद्वाति ।

प्रावृट् + आगच्छति = प्रावृडागच्छति ।

२२ અન્તઃસ્થ અગર અનુનાસિક સિવાયના કોઈ પણ વ્યંજન પછી અઘોષ વ્યંજન આવે, તો પ્રથમના વ્યંજનને બદલે તેના જ વર્ગનો કે તેના સ્થાનના વર્ગનો પહેલો વ્યંજન મુકાય છે; પણ જો તે પ્રથમ અક્ષર તાલુસ્થાનીય હોય, તો તેને બદલે તેટલામો કંઠસ્થાનીય મુકાય છે.

दृशद् + कणानि = दृशत्कणानि ।

प्रावृष् + समयः = प्रावृट्समयः ।

वणिज् + कला = वणिक्कला ।

२३ 'ह्' સિવાયના કોઈ પણ વ્યંજન પછી અનુનાસિક આવે, તો પહેલાંના વ્યંજનનો વિકલ્પે અનુનાસિક થાય છે.

पराच् + मुखः=पराङ्मुखः અથવા पराग्मुखः ।

जगत् + नाथः=जगन्नाथः અથવા जगद्नाथः ।

જો અનુનાસિક પ્રત્યયમાં હોય, તો તે સંધિ વિકલ્પે નહિ

પણ અવશ્ય થાય છે. चित् + मयः = चिन्मयः। અહીંઆં मय પ્રત્યયમાં અનુનાસિક છે, પણ मृद् + मयम् = मृण्मयम् અગર मृन्मयम्।

૨૪ પદને અન્તે આવેલા म्‌ની પછી श्, ष्, स्, र् અથવા ह् આવે, તો 'म्'નો અનુસ્વાર કરવો; પણ તે સિવાયનો કોઈ વ્યંજન આવે, તો કાં તો અનુસ્વાર થાય અગર તે વ્યંજનના વર્ગનો અનુનાસિક થાય.

सम् + सृतिः = संसृतिः। सम् + शयः = संशयः ।

सम् + हारः = संहारः । सम् + रोधः = संरोधः ।

પણ सम् + जयः = संजयः અગર सञ्जयः ।

सम् + चयः = संचयः અગર सञ्चयः ।

म्‌ની પછી य्, व् કે ल् આવે, તો અનુસ્વાર અગર અનુનાસિક य्, व्, ल् થાય છે. અનુનાસિક 'य्' એટલે પ્રથમના म्‌ને બદલે य् મૂકવો, અને તેની પહેલાંના વર્ણ ઉપર ँ આવું ચિહ્ન મૂકવું.

रामम् + यज्ञम् = रामंयज्ञम् અથવા रामँय्यज्ञम्।

रामम् + लक्ष्मणः = रामंलक्ष्मणः અથવા रामँल्लक्ष्मणः ।

कृष्णम् + वनम् कृष्णंवनम् અથવા कृष्णँव्वनम् ।

૨૫ દન્તસ્થાનીય વર્ણની પછી જો ल् આવે, તો દન્તસ્થાનીયનો ल् થાય છે.

भगवत् + लीला = भगवल्लीला।

૨૬ ह्‌ની પહેલાં ક વર્ગ, ચ વર્ગ, ટ વર્ગ, ત વર્ગ કે પ વર્ગના પ્રથમ ચાર વ્યંજનોમાંથી કોઈ પણ વ્યંજન આવ્યો હોય, તો ह्‌ને સ્થાને તે વર્ગનો ચોથો વ્યંજન મુકાય છે.

वाक् + हरिः=वाग्हरिः અગર वाग्घरिः (ह् પહેલાં क् છે, તેથી क्‌ના વર્ગનો ત્રીજો અક્ષર ग् થાય છે; પણ ह्‌નો क्‌ના વર્ગનો ચોથો વ્યંજન घ् વિકલ્પે થાય છે.)

यावत् + हरति = यावद्हरति અગર यावद्धरति વગેરે.

૨૭ પદને અન્તે આવેલા ‘ न् ’ની પહેલાં હ્રસ્વ સ્વર હોય, અને તેની પછી સ્વર આવે તો न् બેવડાય છે. विचरन् + उपवनम् = विचरन्नुपवनम् ।

૨૮ પદને અન્તે આવેલા च्, ज् કે श्ની પછી જો અન્તઃસ્થ અગર અનુનાસિક સિવાયનો કોઈ પણ વ્યંજન આવે, અગર પદને અન્તે च्, ज् કે श् હોય તો તેનો क् થઈ જાય છે.

प्राच् + दिशा અહીંઆં चની પછી द् આવેલો છે. આ द् અન્તઃસ્થ અગર અનુનાસિક સિવાયનો વ્યંજન છે. આથી च्નો क् થશે એટલે प्राक् + दिशा રૂપ થયું; પણ क्ની પછી કોમલ વર્ણ द् આવેલો હોવાથી क्ના વર્ગનો ત્રીજો અક્ષર તેને સ્થાને મુકાશે. આથી प्राग्दिशा એ પ્રમાણે સંધિ બનશે. वाच् + पतिः = वाक्पतिः। वणिज् + गृहम्=वणिक् + गृहम् = वणिग्गृहम् ।

૨૯ અનુનાસિક સિવાયના કોઈ પણ સ્પર્શ વ્યંજન પછી श् આવે, તો शનો छ् થાય છે.

उत् + शृंखलः=उच्छृंखलः। तत् + शिवम्=तच्छिवम् ।
चित् + शक्तिः = चिच्छक्तिः ।

૩૦ छ्ની પહેલાં જો હ્રસ્વ સ્વર હોય, તો छ्નો च्छ् થાય છે.

वृक्ष + छाया = वृक्षच्छाया (પણ સમાસમાં वृक्षच्छायम् લખાય છે.)

પરંતુ જો કોઈ પણ પદને અન્તે આવેલા દીર્ઘ સ્વર પછી छ् આવે, તો વિકલ્પે च्छ् થાય છે. लक्ष्मी + छाया = लक्ष्मीछाया અથવા लक्ष्मीच्छाया । પણ ‘ आ ’ ઉપસર્ગની પછી छ् આવે તો च्छ् અવશ્ય થાય છે. आ + छादनम् = आच्छादनम् ।

૩૧ स्ની પહેલાં अ કે आ સિવાયનો કોઈ સ્વર આવે, તો ઘણું કરીને स्નો ष् થાય છે.

मातृ + स्वसा = मातृष्वसा । वि + समः = विषमः ।

આ નિયમને અપવાદ પણ છે: જેમકે विसर्गः। विस्मरणं વગેરેમાં स्નો ष् થતો નથી.

૩૨ स् અગર र्‌ની પછી જો અઘોષ વ્યંજન આવે, તો स् કે र् નો વિસર્ગ થાય છે. સંસ્કૃતમાં વિસર્ગ માટે : ચિહ્ન મુકાય છે. प्रातर् + कथयति = प्रातः कथयति। अधस् + पतनम्=अधःपतनम्। પરંતુ नमस् અને तिरस् શબ્દોના स्નો વિસર્ગ થતો નથી.

नमस् + करोति=नमस्करोति। तिरस् + कारः=तिरस्कारः।

૩૩ कृ ધાતુના કોઈ પણ રૂપની પૂર્વેના सम्‌ના म्‌નો અનુસ્વાર અને स् થાય છે. सम् + कृतिः = संस्कृतिः। कोकिल પહેલાં पुम् આવે ત્યારે પણ એમ થાય છે. पुम् + कोकिलः = पुंस्कोकिलः।

૩૪ કોઈ પણ શબ્દને અન્તે જો न् હોય, અને તેની પછી च्, छ्, ट्, ठ्, त्, थ् આવે, તો न्‌નો અનુસ્વાર અને વિસર્ગ થાય છે. પછીના અક્ષરોની સાથે સ્વર, અર્ધસ્વર (य्, र्, ल्, અથવા व्), અનુનાસિક અથવા ह् હોવો જોઈએ.

बिडालान् + ताडयति = बिडालांस्ताडयति। वृक्षान् + छेत्ति = वृक्षांश्छेत्ति। जनान् + त्रायते = जनांस्त्रायते।

## વિસર્ગસંધિ

૩૫ વિસર્ગ પહેલાં 'अ' હોય અને પછી 'अ' કે ઘોષ વ્યંજન આવે, તો વિસર્ગનો 'उ' થાય છે; અને તે 'उ' પૂર્વના 'अ' સાથે મળી જઈને તેનો ओ થાય છે.

नरः + अपतत् અહીંઆં વિસર્ગ પછી अ આવેલો છે, માટે વિસર્ગનો પ્રથમ उ થઈ જાય છે, અને તે उ પૂર્વના अ સાથે મળી જઈને ओ થાય છે, માટે नरो अपतत् એમ થયું; પણ ઉપર જણાવેલા ૧૨મા અંક પ્રમાણે ओની પછી अ આવેલો હોવાથી अनो લોપ થઈ જશે, અને તેને બદલે (ऽ) અવગ્રહનું ચિહ્ન મુકાશે, એટલે नरोऽपतत् એ પ્રમાણે સન્ધિ થઈ.

अश्वः गच्छति આ વાકયમાં વિસર્ગ પછી ग् ઘોષ વ્યંજન આવેલો છે, માટે વિસર્ગનો उ થઈ જશે; પણ તે उ તેની પહેલાં अश्व શબ્દના श्व ની અન્તમાં આવેલા अ ની સાથે મળી જઈને ओ થશે, એટલે अश्वो गच्छति એમ સન્ધિ થઈ.

૩૬ વિસર્ગની પહેલાં अ કે आ સિવાયનો કોઇ પણ સ્વર આવ્યો હોય, અને તેની ( વિસર્ગની ) પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે, તો વિસર્ગનો ' र् ' થાય છે.

*रविः उदेति આ વાક્યમાં વિસર્ગ પહેલાં इ સ્વર આવેલો છે,* અર્થાત્ अ અગર आ સિવાયનો સ્વર છે, પણ તેની પછી उ એટલે કોઈ પણ સ્વર આવેલો છે, માટે વિસર્ગનો ' र् ' થશે. આથી रविर् + उदेति = रविरुदेति એમ સન્ધિ થઈ; પણ वृक्षः अपतत् આમાં વિસર્ગ પહેલાં अ છે, એટલે તેની સન્ધિ નિયમ ૩૫ પ્રમાણે થશે; અર્થાત્ આ નિયમ પ્રમાણે વિસર્ગ પહેલાં अ કે आ સિવાયનો કોઈ પણ સ્વર હોવો જોઈએ, અને પછી ગમે તે સ્વર અગર ઘોષ વ્યંજન આવવો જોઈએ. गुरुः वदति=गुरुर्वदति। हरिः मातरम्=हरिर्मातरम्। પણ कविः पुस्तकम् ની સન્ધિ એની એ રહેશે; કારણ કે વિસર્ગ પછી प् આવેલો છે, જે ઘોષ વ્યંજન નથી પણ અઘોષ છે. આ નિયમ પ્રમાણે તે ઘોષ વ્યંજન જ હોવો જોઈએ.

૩૭ र् ની પછી र् આવે તો પહેલાંનો र् ઊડી જાય છે, અને પછી તેની પહેલાંનો સ્વર હ્રસ્વ હોય તો તે દીર્ઘ થાય છે.

प्रातर् + रमते અહીંઆં र् પછી ફરીથી र् આવ્યો છે, માટે પ્રથમનો र् ઊડી જશે, અને તેની પહેલાં त ની અંદર જે अ છે તેનો आ થઈ જશે; એટલે प्राता रमते એ પ્રમાણે સન્ધિ બને છે. सारथिः रथम् આ વાકયમાં વિસર્ગ પૂર્વે अ કે आ

સિવાયનો સ્વર છે અને ઘોષ વ્યંજન છે, માટે નિયમ પ્રમાણે વિસર્ગનો પ્રથમ र् થશે, પણ र्‌ની પછી र् આવતો હોવાથી પ્રથમનો र् ઊડી જશે, અને તેની પહેલાંના સ્વર હ્રસ્વ इનો દીર્ઘ ई થઈ જશે, એટલે सारथिः+रथम्+सारथिर् + रथम् = सारथि + रथम् = सारथी रथम् એ પ્રમાણે સન્ધિ થઈ.

૩૮ વિસર્ગની પછી જો च् કે छ् આવે તો વિસર્ગનો 'श्' થાય છે, त् કે थ् આવે તો स् થાય છે, અને ट् કે ठ् આવે તો ष् થાય છે.

सारथिः + चक्रम् = सारथिश्चक्रम् ।
जनः + छत्रम् = जनश्छत्रम् ।
पुरुषः + ताडयति = पुरुषस्ताडयति ।
गोपालः + टीकते = गोपालष्टीकते ।

૩૯ વિસર્ગ પછી श्, ष् કે स् આવે તો વિસર્ગને બદલે અનુક્રમે श्, ष् કે स् થાય છે, અગર વિસર્ગ કાયમ રહે છે.

विप्रः शास्त्रम् = विप्रश्शास्त्रम् અગર विप्रः शास्त्रम् ।
नृपः षष्ठं ददाति = नृपष्षष्ठं અગર नृपः षष्ठं ददाति ।
गुरुः सीदति = गुरुस्सीदति અગર गुरुः सीदति ।

૪૦ વિસર્ગની પછી श्, ष्, કે स् આવે ને તે श्, ष्, કે स्‌ની પછી અઘોષ વ્યંજન હોય, તો વિસર્ગનાં ત્રણ રૂપો થાય છેઃ ૧ કાં તો વિસર્ગ કાયમ રહે છે, ૨ કાં તો વિસર્ગના અનુક્રમે श्, ष् કે स् થાય છે, અગર ૩ વિસર્ગ લોપાય છે.

निः+स्पृह = निःस्पृह, निस्स्पृह, निस्पृह આ ત્રણે થઈ શકે છે; જો કે છેલ્લું રૂપ બહુ પ્રચારમાં નથી.

૪૧ स् અગર વિસર્ગની પહેલાં 'इ' કે 'उ' આવ્યો હોય, અને પછી क्, ख्, प् કે फ् હોય તો स् અગર વિસર્ગને બદલે ष् થાય છે.

निः + कपटम् = निष्कपटम् । दुस् + प्रकृतिः = दुष्प्रकृतिः ।
निस् + फलम् = निष्फलम् ।

૪૨ કોઈ શબ્દને અન્તે ट् અગર न् આવેલો હોય અને ત્યાર પછી स् આવે, તો વિકલ્પે તે બન્નેની વચ્ચે त् મુકાય છે. प्रावृट् + सूर्यः = प्रावृट्सूर्यः અગર प्रावृट्त्सूर्यः । सन् + सः= सन्सः અગર सन्त्सः ( તે સારો માણસ )

૪૩ શબ્દને છેડે જો ङ्, ण् અને न् આવેલો હોય અને તેની પહેલાં હ્રસ્વ સ્વર હોય, તો તેની પછી સ્વર આવતાં તે બેવડાય છે. प्रत्यङ् + आत्मा = प्रत्यङ्ङात्मा । विचरन् + अश्वः = विचरन्नश्वः ।

## આન્તરસંધિ

૪૪ પ્રકૃતિ અને પ્રત્યય ભેગા થતાં જે સંધિ થાય તે આન્તરસંધિ કહેવાય છે. તેમાં નીચેના મુખ્ય નિયમો જોવામાં આવે છે.

૪૫ सृज्, मृज्, यज्, राज्, અને भ्राज् ધાતુઓ તેમજ જેને છેડે छ् અને श् હોય તેવા ધાતુઓના અંત્ય વર્ણ પછી અન્તઃસ્થ કે અનુનાસિક સિવાયનો કોઈ પણ વ્યંજન આવે, તો તે અંત્ય વર્ણનો ष् થાય છે. આ જ પ્રમાણે પદને અંતે આવેલા ष्નો ट् કે ड થાય છે.

सृज् + ति = सृष्टि । यज् + ति = इष्टि ।
सम् + राज् = सम्राज्= सम्राष् । (પદાંતમાં) सम्राट् કે सम्राड् ।
प्रच्छ् + त ( पृच्छ् + त ) पृष् + त = पृष् + ठ = पृष्ट ।

૪૬ ऋ, र् કે ष्ની પછી લાગલોજ न् આવે, તો न्નો ण् થાય છે; અથવા ऋ, र्, ष् અને न्ની વચ્ચે સ્વર, ल् સિવાયનો અંતઃસ્થ વ્યંજન તેમજ क વર્ગ કે प વર્ગમાંનો ગમે તે વ્યંજન આવે, તોપણ न्નો ण् થાય છે.

राम + इन = रामेन થાય, પણ ઉપરના નિયમથી न्નો ण् થયો

એટલે रामेण થયું. પરંતુ रथेनમાં ण् નહિ થાય; કેમકે थ् એ त વર્ગનો છે. તેજ પ્રમાણે ऋषि + ना = ऋषिणा । विष् + नु = विष्णु । कृष् + नः = कृष्णः વગેરે.

**અપવાદ:** પદને અંતે આવેલા न્નો ण् થતો નથી. જેમકે राम+आन् = रामान् । અહીં न् પદને અંતે આવ્યો છે, એટલે ण् થયો નહિ.

૪૭ अहन् શબ્દના न્ની પછી જો કોઈ વિભક્તિનો પ્રત્યય આવે તો તે न્નો र् થાય છે. अहन्ની પ્રથમા વિભક્તિના એકવચનના રૂપમાં न्નો र् થાય છે. अहन् = अहर् = अहः ।

૪૮ नट्, नन्द्, नाथ्, नृत् અને એવા કેટલાક ધાતુઓ સિવાય કોઈ પણ ધાતુની શરૂઆતમાં न् હોય, અને न्ની પૂર્વે કોઈ र्વાળો ઉપસર્ગ આવ્યો હોય તો તે न्નો ण् થાય છે. परि + नमयति = परिणमयति । તે જ પ્રમાણે ઉપસર્ગ વિના न्નો પણ ण् થાય છે. જેમકે प्रणिपातः । પરંતુ प्रनृत्यतिમાં તેમ નહિ થાય; કારણ કે એમાં नृत् ધાતુ આવેલો છે.

જો नश् ધાતુના श्નો નિયમ પ્રમાણે ष् થતો હોય તો न्નો ण् થતો નથી. प्रनश् + त (કર્મણિ ભૂત કૃદન્તનો પ્રત્યય) અહીં नश्ના श्નો ष् થાય છે. प्रनष् +त = प्रनष्ट । (અહીં न्નો ण् થયો નહિ.)

૪૯ स्ની પૂર્વે अ કે आ સિવાયનો કોઈ સ્વર, અન્તઃસ્થ વ્યંજન, क વર્ગનો કોઈ પણ વ્યંજન અને ह् આવે, તો स्નો ष् થાય છે. तरु + सु = तरुषु । नृप + इ + सु = नृपेषु । પરંતુ शाला+सु=शालासु (અહીં ष् થતો નથી.)

वाक् + सु = वाक्षु (અહીં स्ની પૂર્વે क વર્ગનો વ્યંજન છે માટે તેનો ष् થયો.)

वाक्षु એ રૂપમાં મૂળ वाच् શબ્દ અને સપ્તમી બહુવચનનો सु પ્રત્યય છે; અહીં વ્યંજનસંધિ આંક ૧૧ના નિયમ પ્રમાણે છે. वाच्‌ના च्‌નો क् થયો, અને स्‌ની પૂર્વે क વર્ગનો વ્યંજન આવ્યો માટે ष् થયો.

[ એક નિયમ એવો છે કે क् પછી ष् આવે તો બન્નેને બદલે क्ष् થાય છે. વળી ज्‌ની પછી ञ् આવે તો તે બન્નેનો ज्ञ थाय છે. ]

૫૦ ऋ, ॠ અને र्‌વાળા ધાતુઓનો આદિ स् એમ ને એમ રહે છે. જેમકે विस्मरति ।

૫૧ सः અને एषः‌ની પછી કોઈ પણ વ્યંજન આવે, તો તેમનો વિસર્ગ ઊડી જાય છે. જેમકે सः + पुरुषः = स पुरुषः ।
सः + रथः = स रथः । एषः + कुमारः = एष कुमारः ।
પરંતુ सः + अश्वः = सोऽश्वः । અહીં સ્વર આવ્યો છે, માટે વિસર્ગ લોપાતો નથી.
**અપવાદ:** આ રૂપોમાં અંતે क् આવે તો, અથવા नञ्तत्पुरुष સમાસમાં વિસર્ગ ઊડી જતો નથી.

एषको रुद्रः । असः शिवः ।

વિસર્ગ લોપાયા પછી પાસેના સ્વરની સંધિ થતી નથી, પણ કવિતામાં કેટલીક વખત सः અને एषः જ્યારે ભેગા વપરાય ત્યારે છંદની સગવડ માટે सैष રૂપ થાય છે.

सैष दाशरथी रामः सैष राजा युधिष्ठिरः ।
सैष कर्णो महात्यागीः सैष भीमो महाबलः ॥

# પ્રકરણ ૩ જું

## નામરૂપવિચાર

૫૨ મૂળાક્ષરપ્રકરણમાં આપણે વર્ણનો વિચાર કર્યો. ત્યાર પછી એક વર્ણ બીજા વર્ણની સાથે આવે, તો તે વર્ણમાં કેવા વિકારો થાય છે, તેનો વિચાર સન્ધિપ્રકરણમાં કર્યો. હવે આપણે પદનો વિચાર કરીશું.

યાસ્કરાચાર્યે તમામ પદોના મુખ્ય ચાર વિભાગ પાડે છેઃ (૧) નામ, (૨) આખ્યાત (ક્રિયાપદ), (૩) નિપાત અને (૪) ઉપસર્ગ. નિપાત અને ઉપસર્ગને અવ્યયની ગણનામાં મૂક્યા છે, એટલે એ પ્રમાણે લેતાં નામ, આખ્યાત અને અવ્યય એમ મુખ્ય ત્રણ પદો છેઃ નામ અને આખ્યાત મૂળ રૂપે વપરાતાં નથી; પણ વચન અને જાતિ પ્રમાણે ફેરફાર ધારણ કરે છે, માટે તે વ્યયી પદો કહેવાય છેઃ પરંતુ અવ્યય તેના તે રૂપમાં જ રહે છે, માટે અવ્યય કહેવાય છે. નામના ગુણ દેખાડનાર પદો વિશેષણ કહેવાય છે, અને નામને બદલે વપરાનાર પદો સર્વનામ કહેવાય છે. અવ્યયમાં ઉભયાન્વયી, કેવલપ્રયોગી, શબ્દયોગી અને ક્રિયાવિશેષણ એવા વિભાગ છે.

૫૩ ઉપર જણાવ્યું તે પ્રમાણે નામનાં રૂપોમાં વચન અને જાતિ પ્રમાણે ફેરફાર થાય છે; તેમજ વિભક્તિ પ્રમાણે પણ જુદા જુદા પ્રત્યયો લાગે છે. સંસ્કૃત ભાષામાં આઠ વિભક્તિઓ છેઃ પ્રથમા, દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી, ષષ્ઠી, સપ્તમી અને સંબોધનાર્થ. વચન ત્રણ છેઃ એકવચન, દ્વિવચન અને બહુવચન.

૫૪ નામની ત્રણ જાતિ છેઃ પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ અર્થાત્ નરજાતિ, નારીજાતિ અને નાન્યતરજાતિ. અમુક નામ

કયી જાતિનું છે, તે નક્કી કરવાને ખાસ નિયમ નથી; જાતિ માત્ર અભ્યાસથી જાણી લેવી પડે છે. દાખલા તરીકે સ્ત્રી અર્થવાચક શબ્દોમાં સંસ્કૃત ભાષામાં ત્રણ જુદી જુદી જાતિના શબ્દો છેઃ स्त्री, नारी, वामा, ललना વગેરે. નારીજાતિના શબ્દો છે, दार (दाराः બહુવચન) નરજાતિનો શબ્દ છે, અને कलत्रम् નાન્યતરજાતિનો શબ્દ છે. આ ઉપરથી સમજી શકાશે કે જાતિના નિર્ણય માટે કોઈ ચોક્કસ નિયમ કરી શકાય નહિ.

૫૫ કોઈ પણ નામને વિભક્તિના જે પ્રત્યયો લગાડવાના હોય તે સામાન્યતઃ નીચે પ્રમાણે છે.

## પુલ્લિંગ અને સ્ત્રીલિંગ માટે

૫૬

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | स् | औ | अस् |
| દ્વિતીયા | अम् | ,, | ,, |
| તૃતીયા | आ | भ्याम् | भिस् |
| ચતુર્થી | ए | ,, | भ्यस् |
| પંચમી | अस् | ,, | ,, |
| ષષ્ઠી | ,, | ओस् | आम् |
| સપ્તમી | इ | ,, | सु |
| સંબોધનાર્થ | × | औ | अस् |

## નપુંસકલિંગ માટે

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા / દ્વિતીયા / સંબોધનાર્થ | म् | ई | इ |

બાકીની વિભક્તિના પ્રત્યયો પુલ્લિંગ અને સ્ત્રીલિંગ પ્રમાણે લેવા. આ પ્રત્યયોમાં કેટલેક સ્થળે ફેરફાર થાય છે. अ સ્વરાન્ત તેમજ आ, इ વગેરે સ્વરોને અંતે ઉપરના પ્રત્યયોમાં ફેરફાર થાય છે; વ્યંજનાન્ત શબ્દોમાં પણ ઉપરના જ પ્રત્યયો રહે છે.

## સંસ્કૃત વ્યાકરણમાં આ પ્રત્યયોની સંજ્ઞા

| વિભક્તિ | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | सु | औ | जस् |
| દ્વિતીયા | अम् | औट् | शस् |
| તૃતીયા | टा | भ्याम् | भिस् |
| ચતુર્થી | ङे | ,, | भ्यस् |
| પંચમી | ङसि | ,, | ,, |
| ષષ્ઠી | ङस् | ओस् | आम् |
| સપ્તમી | ङि | ,, | सुप् |
| સંબોધનાર્થ | सु | औ | जस् |

૫૭ નામનાં રૂપાખ્યાન કરતી વખતે સરળતાની ખાતર તમામ નામના નીચે મુજબ બે મુખ્ય વિભાગો યાદ રાખવા.

(૧) જેને છેડે સ્વર આવે છે તે અર્થાત્ સ્વરાન્ત.

(૨) જેને છેડે વ્યંજન આવે છે તે અર્થાત્ વ્યંજનાન્ત.

સ્વરાન્ત નામની યાદીમાં જેને છેડે अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ए, ऐ, ओ, औ સ્વરો છે તે. એમાં अ સિવાયનાં બીજાં નામો પુ૦ અને સ્ત્રી૰લિં.માં ઉભય રૂપે છે. વ્યંજનાન્ત શબ્દોમાં क्, ख्, ग्, घ्, च्, छ्, ज्, झ्, ट्, ठ्, ड्, त्, ध्, प्, फ्, ब्, भ्, श्, ष्, स्, ह्, र्, ल्, ण् વગેરે જેને છેડે છે તેવા

શબ્દો, અગર अन्, इन्, वस्, इवस् જેને છેડે છે એવા શબ્દો.

## સ્વરાન્ત નામોનાં રૂપો

### अ સ્વરાન્ત નામશબ્દો

૫૮ સ્વરાન્ત નામોમાંથી પ્રથમ આપણે જેને છેડે अ હોય એવાં નામો લઈશું. તેવાં નામો નરજાતિ કે નાન્યતરજાતિમાં હોય છે. અહીંઆં ઉદાહરણ તરીકે ફક્ત એક એક શબ્દ લઈશું: નરજાતિનો શબ્દ नृप અને નાન્યતરજાતિનો શબ્દ वन ।

अकारान्त નામને ઉપરના પ્રત્યયો લગાડવામાં આવે છે, પણ તેમાં નીચેના અપવાદો છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| દ્વિ. બ.વ. | अस् | ને | સ્થાને | आन् | |
| તૃ. એ.વ. | आ | ,, | ,, | इन | |
| તૃ. બ.વ. | भिस् | ,, | ,, | ऐस् | |
| ચ. એ.વ. | ए | ,, | ,, | य | (य પ્રત્યય પહેલાંનો સ્વર દીર્ઘ થાય છે.) |
| પં. એ.વ. | अस् | ,, | ,, | त् | (त् પ્રત્યય પહેલાંનો સ્વર દીર્ઘ થાય છે.) |
| ષ. એ.વ. | अस् | ,, | ,, | स्य | |
| ષ. બ.વ. | आम् | ,, | ,, | नाम् | (नाम् પ્રત્યય પહેલાંનો સ્વર દીર્ઘ થાય છે.) |

ષ. દ્વિવ. ओस् પ્રત્યય પૂર્વે य् ઉમેરાય છે.

સ. બ.વ. सु પ્રત્યય પહેલાં इ ઉમેરાય છે.

(सुની પૂર્વે अ કે आ સિવાયનો કોઈ પણ સ્વર આવેલો હોય, તો सुનો षु કરવો પડે છે.)

अ સ્વરાન્ત શબ્દોનાં રૂપ નીચે પ્રમાણે થાય છે.

नृप ( પુલ્લિંગ )

| વિભક્તિ | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | नृपः | नृपौ | नृपाः |
| દ્વિ. | नृपम् | ,, | नृपान् |
| તૃ. | नृपेण | नृपाभ्याम् | नृपैः |
| ચ. | नृपाय | ,, | नृपेभ्यः |
| પં. | नृपात् | ,, | ,, |
| ષ. | नृपस्य | नृपयोः | नृपाणाम् |
| સ. | नृपे | ,, | नृपेषु |
| સં. | नृप | नृपौ | नृपाः |

वन ( નપુંસકલિંગ )

| વિભક્તિ | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | वनम् | वने | वनानि |
| દ્વિ. | वनम् | ,, | ,, |
| તૃ. | वनेन | वनाभ्याम् | वनैः |
| ચ. | वनाय | ,, | वनेभ्यः |
| પં. | वनात् | ,, | ,, |
| ષ. | वनस्य | वनयोः | वनानाम् |
| સ. | वने | वनयोः | वनेषु |
| સં. | वन | वने | वनानि |

પુલ્લિંગ અને ન૦લિંગના તમામ શબ્દોનાં રૂપ ઉપર પ્રમાણે કરવાં; પણ કેટલાક શબ્દો જેવા કે पाद ( પગ ), दन्त ( દાંત ), मास, हृदय, उदक ( પાણી ), आस्य ( મોઢું ) અને मांस એ શબ્દોનાં રૂપાખ્યાન કરતી વખતે पद् , दत् , मास् , हृद् , उद , असन् અને मांस् એ શબ્દોનાં વધારાનાં રૂપો દ્વિતીયા બહુવચનથી પણ લેવામાં આવે છે; અર્થાત્ એ શબ્દોને

અંતે જો કે अ છે છતાં તે ઉપરના નિયમના અપવાદ તરીકે છે. पद्, दत् વગેરે શબ્દોનાં રૂપ વ્યંજનાન્ત શબ્દો પ્રમાણે કરવાં.+

पाद ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | पादः | पादौ | पादाः |
| દ્વિ. | पादम् | ,, | पादान्–पदः |
| તૃ. | पादेन–पदा | पादाभ्याम्–पद्भ्याम् | पादैः–पद्भिः |
| ચ. | पादाय–पदे | ,, ,, | पादेभ्यः–पद्भ्यः |
| પં. | पादात्–पदः | ,, ,, | ,, ,, |
| ષ. | पादस्य–पदः | पादयोः–पदोः | पादानाम्–पदाम् |
| સ. | पादे–पदि | ,, ,, | पादेषु–पत्सु |
| સં. | पाद | पादौ | पादाः |

दन्त ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | दन्तः | दन्तौ | दन्ताः |
| દ્વિ. | दन्तम् | ,, | दन्तान्–दतः |
| તૃ. | दन्तेन–दता | दन्ताभ्याम्-दद्भ्याम् | दन्तैः–दद्भिः |
| ચ. | दन्ताय–दते | ,, ,, | दन्तेभ्यः–दद्भ्यः |
| પં. | दन्तात्–दतः | ,, ,, | ,, ,, |
| ષ. | दन्तस्य–दतः | दन्तयोः–दतोः | दन्तानाम्–दताम् |
| સ. | दन्ते–दति | ,, ,, | दन्तेषु–दत्सु |
| સં. | दन्त | दन्तौ | दन्ताः |

+ अ સ્વરાન્ત શબ્દોનાં રૂપ ઉપર પ્રમાણે કરવાં, પણ सायाह्न, व्यह्न, द्व्यह, त्र्यहनાં સ૦ વિ.નાં એ.વ.નાં રૂપો નીચે પ્રમાણે કરવાં. सायाह्नि, सायाहनि, सायाह्ने । व्यह्नि, व्यहनि, व्यह्ने । द्व्यह्नि, द्व्यहनि, द्व्यह्ने । त्र्यह्नि, त्र्यहनि, त्र्यह्ने । બાકીનાં રૂપો नृप પ્રમાણે લેવાં.

આ પ્રમાણે બાકીના શબ્દોનાં રૂપો કરવાં. અહીંઆં ફક્ત તેમનાં પ્ર૦ વિ. એ.વ., દ્વિ૦ વિ. બ.વ., તૃ૦ વિ. દ્વિ.વ., અને સ૦ વિ. એ.વ. અને બ.વ.નાં રૂપો આપીશું.

| પ્ર૦ એ.વ. | દ્વિ૦ બ.વ. | તૃ૦ દ્વિ.વ. |
|---|---|---|
| मासः | मासान्–मसः | मासाभ्याम्–माभ्याम् |
| हृदयम् | हृदयानि–हृंदि | हृदयाभ्याम्–हृद्भ्याम् |
| उदकम् | उदकानि–उदानि | उदकाभ्याम्–उद्भ्याम् |
| आस्यम् | आस्यानि–आसानि | आस्याभ्याम्-आसभ्याम् |
| मांसम् | मांसानि–मांसि | मांसाभ्याम्–मान्भ्याम् |

| स० એ.વ. | स० બ.વ. |
|---|---|
| मासे–मासि | मासेषु–माःसु–मास्सु |
| हृदये–हृदि | हृदयेषु–हृत्सु |
| उदके–उद्नि–उदनि | उदकेषु–उदसु |
| आस्ये–आस्नि–आसनि | आस्येषु–आससु |
| मांसे–मांसि | मांसेषु–मान्सु–मान्त्सु |

## આ સ્વરાન્ત નામશબ્દો

૫૯ આ સ્વરવાળા નામના શબ્દો સામાન્યતઃ સ્ત્રીલિંગમાં જ હોય છે, તેથી આપણે તેમનાં સ્ત્રીલિંગનાં જ રૂપ કરવાનાં છે. कला, शाखा, शाला, रमा, ललना, अङ्गना, वामा, भार्या વગેરે શબ્દો સ્ત્રીલિંગના છે. અહીંઆં આપણે कलाનાં રૂપ લઈશું.

### कला ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | कला | कले | कलाः |
| દ્વિ. | कलाम् | कले | ,, |
| તૃ. | कलया | कलाभ्याम् | कलाभिः |
| ચ. | कलायै | ,, | कलाभ्यः |
| પં. | कलायाः | ,, | ,, |
| ષ. | ,, | कलयोः | कलानाम् |
| સ. | कलायाम् | ,, | कलासु |
| સં. | कले | कले | कलाः |

આવાળા સ્ત્રીલિંગના તમામ શબ્દોનાં રૂપો ઉપર પ્રમાણે કરવાં; પણ अम्बा ( મા ), अल्ला અને अक्का એ શબ્દોની સં० વિ. એ.વ.નાં રૂપો अम्ब, अल्ल અને अक्क થાય છે.

આ સ્વરાન્ત કેટલાક શબ્દો પુલ્લિંગમાં નામ તરીકે આવે છે, પણ તે થોડા છેઃ गोपा, विश्वपा, शंखध्मा, सोमपा, धूम्रपा અને बलदा। એ શબ્દોનાં પુલ્લિંગ રૂપો નીચે આપેલા गोपा જેવાં થાય છે.

### गोपा ( પુલ્લિંગ ) ગોવાળીઓ

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને સં. | गोपाः | गोपौ | गोपाः |
| દ્વિ. | गोपाम् | ,, | गोपः |
| તૃ. | गोपा | गोपाभ्याम् | गोपाभिः |
| ચ. | गोपे | ,, | गोपाभ्यः |
| પં. | गोपः | ,, | ,, |
| ષ. | ,, | गोपोः | गोपाम् |
| સ. | गोपि | ,, | गोपासु |

અહીંઆં પ્રત્યય લગાડતી વખતે એટલું યાદ રાખવું કે દ્વિ-વચન અને બહુવચનના સ્વર પ્રત્યયો પૂર્વે ગોપાનો અન્તિમ આ ઊડી જાય છેઃ બાકી આંક ૫૬માં આપેલા જ પ્રત્યયો લેવા. विश्वपा (જગત્‌નું રક્ષણ કરનાર), शंखध्मा (શંખ ફૂંકનાર), सोमपा (સોમરસનું પાન કરનાર), धूम्रपा (ધુમાડો પીનાર) અને बलदा (ઇંદ્ર), વગેરેનાં રૂપ પુલ્લિંગમાં ઉપર પ્રમાણે કરવાં. આ શબ્દોમાં અન્તે ધાતુવાચક શબ્દો અમુક નામની સાથે જોડાયલા છે. જેમકે गोपामां गो એ નામ છે અને पा (રક્ષણ કરવું) ધાતુ છેઃ આ બન્ને શબ્દો મળીને गोपा શબ્દ બનેલો છે. આવા પ્રકારના શબ્દો અર્થાત્ જેને અંતે ધાતુ હોય એવા શબ્દોનાં રૂપ કરતી વખતે જ સ્વર પ્રત્યય પૂર્વના આનો લોપ કરવોઃ તે સિવાયના આ સ્વરાન્ત પુલ્લિંગ શબ્દોમાં લોપ કરવો નહિ. જેમકે हाहा ( ગંધર્વનું નામ ) નાં રૂપો કરતી વખતે આનો લોપ થશે નહિ એટલું જ નહિ, પણ તેના પ્રત્યયોમાંએ ફેરફાર થાય છે, એટલે ત્યાં સામાન્ય પ્રત્યયો લાગતા નથી.

हाहा ( पुल्लिंग )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને સં. | हाहाः | हाहौ | हाहाः |
| દ્વિ. | हाहाम् | ,, | हाहान् |
| તૃ. | हाहा | हाहाभ्याम् | हाहाभिः |
| ચ. | हाहै | ,, | हाहाभ्यः |
| પં. | हाहाः | ,, | ,, |
| ષ. | ,, | हाहौः | हाहाम् |
| સ. | हाहे | ,, | हाहासु |

जरा (ઘડપણ) સ્રીલિંગનો શબ્દ છે. તેનાં રૂપો સામાન્ય રીતે कला પ્રમાણે થાય છે, પણ સ્વર પ્રત્યયોની પૂર્વે વિકલ્પે जरस्‌નું રૂપ લે છે; એટલે ત્યાં स् વ્યંજનાન્ત શબ્દ જેવાં તેનાં રૂપ થશે.

## जरा ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | जरा | जरे–जरसौ | जराः–जरसः |
| દ્વિ. | जराम् | ,, ,, | ,, ,, |
| તૃ. | जरया–जरसा | जराभ्याम् | जराभिः |
| ચ. | जरायै–जरसे | ,, | जराभ्यः |
| પં. | जरायाः–जरसः | ,, | ,, |
| ષ. | ,, ,, | जरयोः–जरसोः | जराणाम्–जरसाम् |
| સ. | जरायाम्–जरसि | ,, ,, | जरासु |
| સં. | जरे | जरे–जरसौ | जराः–जरसः |

निशा ( રાત્રી ) निश्‌નાં રૂપ પણ લે છે. આ રૂપ દ્વિ૦બ.વ.થી લે છે, એટલે દ્વિ૦ બ.વ.માં निशाः–निशः એવાં રૂપો થાય છે. તૃ૦ એ.વ. निशया–निशा । તૃ૦દ્વિવ.निशाभ्याम्–निज्भ्याम्–निड्भ्याम् । સ૦ બ.વ. निशासु–निच्सु–निट्सु–निट्त्सु ।

नासिका ( નાક ) શબ્દની સાથે દ્વિ૦ બ.વ.થી नस् શબ્દ લેવો પડે છે. દ્વિ૦ બ. વ. नासिकाः–नसः । તૃ૦ દ્વિવ. नासिकाभ्याम्–नोभ्याम् । સ૦ એ.વ. नासिकायाम्–नसि । સ૦ બ.વ. नासिकासु–नःसु–नस्सु ।

### इ સ્વરાન્ત નામશબ્દો

૬૦ इ સ્વરાન્ત નામો પુ૦, સ્ત્રી અને ન૦લિંગમાં હોય છે. પુંલ્લિંગ નામોનાં कवि, कलि, हरि, रवि, पवि (ઇંદ્રનું વજ્ર), धूर्जटि ( શિવ ), सारथि ( રથ હાંકનાર ), अतिथि (મેમાન) વગેરે શબ્દો છે. સ્ત્રીલિંગ નામોમાં मति, रति, कीर्ति, प्रीति, बुद्धि વગેરે શબ્દો છે, અને નપુંસકલિંગમાં वारि ( પાણી ) છે.

कवि ( પુંલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | कविः | कवी | कवयः |
| દ્વિ. | कविम् | ,, | कवीन् |
| તૃ. | कविना | कविभ्याम् | कविभिः |
| ચ. | कवये | ,, | कविभ्यः |
| પં. | कवेः | ,, | ,, |
| ષ. | ,, | कव्योः | कवीनाम् |
| સ. | कवौ | ,, | कविषु |
| સં. | कवे | कवी | कवयः |

\+ रति ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | रतिः | रती | रतयः |
| દ્વિ. | रतिम् | ,, | रतीः |
| તૃ. | रत्या | रतिभ्याम् | रतिभिः |
| ચ. | रतये–रत्यै | ,, | रतिभ्यः |
| પં. | रतेः–रत्याः | ,, | ,, |
| ષ. | ,, ,, | रत्योः | रतीनाम् |
| સ. | रतौ–रत्याम् | ,, | रतिषु |
| સં. | रते | रती | रतयः |

इ સ્વરાન્ત તમામ સ્ત્રીલિંગ નામોનાં રૂપો ઉપર પ્રમાણે કરવાં.

---

\+ इ સ્વરાન્ત સ્ત્રીલિંગનાં રૂપ બહુધા પુલ્લિંગ પ્રત્યયોથી કરવામાં આવે છે, પણ તેમાં નીચેના અપવાદો છે.

દ્વિ૦ બ.વ. इस् પ્રત્યય, તૃ૦ એ.વ. **आ**, ચ૦ એ.વ. વિકલ્પે ऐ. આ પ્રત્યય લગાડતા પહેલાં इનો ગુણ નહિ કરતાં સામાન્ય સંધિ કરવી, એટલે इનો य् કરવો. પં૦ એ.વ.માં વિકલ્પે आस् પ્રત્યય; સંધિ ઉપર પ્રમાણે. ષ૦ એ.વ. પંચમી પ્રમાણે. સ૦ એ.વ.માં વિકલ્પે आम्; સંધિ ઉપર પ્રમાણે. પ્રત્યયના આટલા અપવાદો યાદ રાખવા.

+ वारि ( નપુંસકલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. દ્વિ. | वारि | वारिणी | वारीणि |
| તૃ. | वारिणा | वारिभ्याम् | वारिभिः |
| ચ. | वारिणे | ,, | वारिभ्यः |
| પં. | वारिणः | ,, | ,, |
| ષ. | ,, | वारिणोः | वारीणाम् |
| સ. | वारिणि | ,, | वारिषु |
| સં. | वारे–वारि | वारिणी | वारीणि |

૬૧ सखि (મિત્ર), पति અને औडुलोमि એ શબ્દો પુલ્લિંગના છે, પણ તેમનાં રૂપો નીચે મુજબ અનિયમિત રીતે થાય છે.

सखि ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | सखा | सखायौ | सखायः |
| દ્વિ. | सखायम् | ,, | सखीन् |
| તૃ. | सख्या | सखिभ्याम् | सखिभिः |
| ચ. | सख्ये | ,, | सखिभ्यः |
| પં. | सख्युः | ,, | ,, |
| ષ. | ,, | सख्योः | सखीनाम् |
| સ. | सख्यौ | ,, | सखिषु |
| સં. | सखे | सखायौ | सखायः |

---

+ इ સ્વરાન્ત નંલિં.માં સરળતા ખાતર નીચેના પ્રત્યયો યાદ રાખવા. પ્ર૦ અને દ્વિ૦ એ.વ.માં કંઈ નહિ; પ્ર૦ અને દ્વિ૦ દ્વિવ.માં नी અને બ.વ.માં नि; તૃ૦ એ.વ.માં ना; ચ૦ એ.વ.માં ने; પં૦ એ.વ. અને ષ૦ એ.વ.માં नः; ષ૦ દ્વિવ. અને સ૦ દ્વિવ.માં नोः; સ૦ એ.વ.માં नि। સં૦માં પ્ર૦ પ્રમાણે પ્રત્યયો લેવા, પણ એ.વ.માં છેલ્લી इનો વિકલ્પે ગુણ થાય છે.

## पति ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | पतिः | पती | पतयः |
| દ્વિ. | पतिम् | ,, | पतीन् |
| તૃ. | पत्या | पतिभ्याम् | पतिभिः |
| ચ. | पत्ये | ,, | पतिभ्यः |
| પં. | पत्युः | ,, | ,, |
| ષ. | ,, | पत्योः | पतीनाम् |
| સ. | पत्यौ | ,, | पतिषु |
| સં. | पते | पती | पतयः |

× औडुलोमिનાં રૂપ કંઈક જુદી રીતે થાય છે. એ.વ. અને દ્વિવ.માં कवि પ્રમાણે તેનાં રૂપ થાય છે; પણ બ.વ.માં उडुलोम શબ્દ લેવો, અને પછી नृपની માફક રૂપ કરવાં. દાખલા તરીકે—

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | औडुलोमिः | औडुलोमी | उडुलोमाः |
| દ્વિ. | औडुलोमिम् | ,, | उडुलोमान् |
| તૃ. | औडुलोमिना | औडुलोमिभ्याम् | उडुलोमैः |
| ચ. | औडुलोमये | ,, | उडुलोमेभ्यः |
| પં. | औडुलोमेः | ,, | ,, |
| ષ. | ,, | औडुलोम्योः | उडुलोमानाम् |
| સ. | औडुलोमौ | ,, | उडुलोमेषु |
| સં. | औडुलोमे | औडुलोमी | उडुलोमाः |

× औडुलोमि શબ્દનો સંબંધ उडुलोमन् સાથે છે. उडुलोम्नः अपत्यपुमान् औडुलोमिः ।

૬૨ पति શબ્દ છુટો હોય તો જ આંક ૬૧માં આપ્યા પ્રમાણે રૂપો કરવાં; પણ સમાસના અવયવ તરીકે છેલ્લો આવ્યો હોય, તો कवि પ્રમાણે રૂપ કરવાં. જેમકે सेनापति ( पति समासे एव )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | सेनापतिः | सेनापती | सेनापतयः |

તૃ૦ એ.વ. सेनापतिना, ચ૦ એ.વ. सेनापतये અને પં૦ એ.વ. सेनापतेः વગેરે.

આ પ્રમાણે सेनापति સામાસિક શબ્દ હોવાથી તેનાં રૂપો कवि પ્રમાણે લેવાં.

૬૩ परमत्रिનાં રૂપો પુલ્લિંગમાં कवि જેવાં લેવાં, અને સ્ત્રીલિંગમાં रति જેવાં લેવાં. ષ૦ બ.વ.નાં બે રૂપો થાય છેઃ परमत्रीणाम् –परमत्रयाणाम् ।

૬૪ सखि શબ્દ સમાસના અવયવ તરીકે આવ્યો હોય, ( જેમકે सुसखि = સારો મિત્ર, परमसखि=મોટો મિત્ર વગેરે ) તો પ્ર૦, દ્વિ૦ અને સં૦માં આંક ૬૧માં આપેલા सखि પ્રમાણે તેનાં રૂપો કરવાં, અને બાકીની વિભક્તિનાં રૂપો कवि પ્રમાણે લેવાં; પણ अतिसखिનાં બધાં રૂપો कवि પ્રમાણે લેવાં.

૬૫ अस्थि (હાડકું), दधि (દહીં), सक्थि (જાંધ) અને अक्षि (આંખ) इ સ્વરાન્ત નપુંસકલિંગના શબ્દો છેઃ છતાં તેમનાં રૂપાખ્યાન वारिथी જુદી રીતે થાય છે. તૃ૦ એ.વ.થી જે જે સ્વર પ્રત્યયો લગાડવાના હોય ત્યાં તે શબ્દોને બદલે अस्थन्, दधन्, सक्थन् અને अक्षन् એવા શબ્દો લેવા, અને પછી न् વ્યંજનાન્ત શબ્દોનાં જેવાં રૂપ થાય છે તેવાં રૂપો કરવાં. ( न् વ્યંજનાન્ત રૂપો માટે આગળ જુઓઃ આંક ૧૧૭)

अस्थि ( નપુંસકલિંગ )

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | अस्थि | अस्थिनी | अस्थीनि |
| દ્વિ. | ,, | ,, | ,, |
| તૃ. | अस्थ्ना | अस्थिभ्याम् | अस्थिभिः |
| ચ. | अस्थ्ने | ,, | अस्थिभ्यः |
| પં. | अस्थ्नः | ,, | ,, |
| ષ. | ,, | अस्थ्नोः | अस्थ्नाम् |
| સ. | अस्थ्नि–अस्थनि | ,, | अस्थिषु |
| સં. | अस्थे–अस्थि | अस्थिनी | अस्थीनि |

ઉપર પ્રમાણે दधि, सक्थि અને अक्षिनां રૂપો લેવાં.

૬૬ જે વિશેષણોને છેડે इ હોય તેમનાં નપુંસકલિંગનાં રૂપો કરવાં હોય, તો ચ૦, પં૦ અને સ૦ એકવચનમાં તેમજ ષ૦ અને સ૦ દ્વિવચનમાં कवि અને वारि એમ બન્ને પ્રમાણે રૂપો કરવાં; બાકીનાં રૂપો वारि પ્રમાણે લેવાં.

જેમકે शुचि એ વિશેષણ છે, પણ આપણે તેને નપુંસકલિંગના શબ્દની સાથે વાપરવું હોય, તો તેનાં નપુંસકલિંગનાં રૂપો નીચે પ્રમાણે કરવાં.

शुचि ( નપુંસકલિંગ )

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | शुचि | शुचिनी | शुचीनि |
| દ્વિ. | ,, | ,, | ,, |
| તૃ. | शुचिना | शुचिभ्याम् | शुचिभिः |
| ચ. | शुचये–शुचिने | ,, | शुचिभ्यः |
| પં. | शुचेः–शुचिनः | ,, | ,, |
| ષ. | ,, ,, | शुच्योः–शुचिनोः | शुचीनाम् |
| સ. | शुचौ–शुचिनि | ,, ,, | शुचिषु |
| સં. | शुचे–शुचि | शुचिनी | शुचीनि |

## ઈ સ્વરાન્ત નામશબ્દો

૬૭ ઈ સ્વરાન્ત નામો બહુધા સ્ત્રીલિંગમાં છે. नदी, रजनी, शर्वरी (રાત્રી), महिषी ( રાણી અથવા ભેંસ), वाणी, वापी (વાવ), मैत्री, सरस्वती વગેરે શબ્દો આ જાતના છે. તેમનાં રૂપો નીચે પ્રમાણે થાય છે.

ઈ સ્વરાન્ત સ્ત્રીલિંગના પ્રત્યયો

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | ० | औ | अस् |
| દ્વિ. | म् | ,, | स् |
| તૃ. | आ | भ्याम् | भिस् |
| ચ. | ऐ | ,, | भ्यस् |
| પં. | आस् | ,, | ,, |
| ષ. | ,, | ओस् | नाम् |
| સ. | आम् | ,, | सु |

( સંબોધન એકવચનમાં ઈને બદલે इ થાય છે; દ્વિવચન અને બહુવચનનાં રૂપો પહેલી વિભક્તિ જેવાં થાય છે.)

नदी ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | नदी | नद्यौ | नद्यः |
| દ્વિ. | नदीम् | ,, | नदीः |
| તૃ. | नद्या | नदीभ्याम् | नदीभिः |
| ચ. | नद्यै | ,, | नदीभ्यः |
| પં. | नद्याः | ,, | ,, |
| ષ. | ,, | नद्योः | नदीनाम् |
| સ. | नद्याम् | ,, | नदीषु |
| સં. | नदि | नद्यौ | नद्यः |

૬૮ स्त्री શબ્દનાં ૧૯૦ વિ.ના એ.વ.માં स्त्रियम्–स्त्रीम् અને બ.વ.માં स्त्रियः–स्त्रीः એ પ્રમાણે રૂપો થાય છે; તેનાં બાકીનાં રૂપો नदी પ્રમાણે કરવાં.

### स्त्री ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | स्त्री | स्त्रियौ | स्त्रियः |
| દ્વિ. | स्त्रियम्–स्त्रीम् | ,, | ,,–स्त्रीः |
| તૃ. | स्त्रिया | स्त्रीभ्याम् | स्त्रीभिः |
| ચ. | स्त्रियै | ,, | स्त्रीभ्यः |
| પં. | स्त्रियाः | ,, | ,, |
| ષ. | ,, | स्त्रियोः | स्त्रीणाम् |
| સ. | स्त्रियाम् | ,, | स्त्रीषु |
| સં. | स्त्रि | स्त्रियौ | स्त्रियः |

૬૯ धी ( બુદ્ધિ ), ह्री ( લજ્જા, શરમ ), श्री ( લક્ષ્મી ), भी (બીક) અને वृश्चिकभी (વીંછીથી બીનાર) શબ્દોનાં રૂપો નીચે આપેલાં धीનાં રૂપો જેવાં થાય છે.

### धी ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | धीः | धियौ | धियः |
| દ્વિ. | धियम् | ,, | धियः |
| તૃ. | धिया | धीभ्याम् | धीभिः |
| ચ. | धिये–धियै | धीभ्याम् | धीभ्यः |
| પં. | धियः–धियाः | ,, | ,, |
| ષ. | ,, ,, | धियोः | धीनाम्–धियाम् |
| સ. | धियाम्–धियि | ,, | धीषु |
| સં. | धीः | धियौ | धियः |

૭૦ वातप्रमी એ ई સ્વરાન્ત છે, છતાં પુલ્લિંગમાં છે. તેનો અર્થ ‘ પવનવેગી હરણ ’ એવો થાય છે. ( वातं प्रमिमीते असौ वातप्रमीः )

वातप्रमी ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | वातप्रमीः | वातप्रम्यौ | वातप्रम्यः |
| દ્વિ. | वातप्रमीम् | ,, | वातप्रमीन् |
| તૃ. | वातप्रम्या | वातप्रमीभ्याम् | वातप्रमीभिः |
| ચ. | वातप्रम्ये | ,, | वातप्रमीभ्यः |
| પં. | वातप्रम्यः | ,, | ,, |
| ષ. | ,, | वातप्रम्योः | वातप्रम्याम् |
| સ. | वातप्रमी | ,, | वातप्रमीषु |
| સં. | वातप्रमीः | वातप्रम्यौ | वातप्रम्यः |

આજ પ્રમાણે ययी અને पपीનાં રૂપો કરવાં.

૭૧ अवी, लक्ष्मी, तरी, स्तरी અને तन्त्री એ શબ્દોનાં રૂપો नदी પ્રમાણે થાય છે; પણ પ્ર૦ એકવચનમાં स् પ્રત્યય લે છે, એટલે પ્ર૦ એ.વ.નાં રૂપ अवीः, लक्ष्मीः, तरीः, स्तरीः અને तन्त्रीः એ પ્રમાણે થાય છે. ( अतिलक्ष्मी શબ્દનાં રૂપો સ્ત્રીલિંગમાં અને પુલ્લિંગમાં लक्ष्मीની માફક થાય છે, પણ દ્વિ૦ બ.વ.નું રૂપ अतिलक्ष्मीन् થાય છે. )

૭૨ प्रधी એ પુલ્લિંગ, સ્ત્રીલિં. અને ન૦લિં.માં વપરાય છે, પણ જુદાં જુદાં ત્રણે લિંગોમાં તેનાં રૂપો જુદી જુદી રીતે થાય છે.

प्रधी ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને સં. | प्रधीः | प्रध्यौ | प्रध्यः |
| દ્વિ. | प्रध्यम् | ,, | ,, |
| તૃ. | प्रध्या | प्रधीभ्याम् | प्रधीभिः |
| ચ. | प्रध्ये | ,, | प्रधीभ्यः |
| પં. | प्रध्यः | ,, | ,, |
| ષ. | ,, | प्रध्योः | प्रध्याम् |
| સ. | प्रध्यि | ,, | प्रधीषु |

નપુંસકલિંગમાં પ્રધીનું પ્રધિ રૂપ કરવું, અને પછી વારિ પ્રમાણે તેનાં રૂપો બનાવવાં; પરંતુ તૃતીયા વિભક્તિથી સ્વર પ્રત્યયોની પૂર્વે પ્રધીનાં પુલ્લિંગનાં રૂપોની માફક પણ વિકલ્પે થાય છે.

પ્રધી ( નપુંસકલિંગ )

| વિ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને દ્વિ. | प्रधि | प्रधिनी | प्रधीनि |
| સં. | प्रधि–धे | ,, | ,, |
| તૃ. | प्रध्या–प्रधिना | प्रधिभ्याम् | प्रधिभिः |
| ચ. | प्रध्ये–प्रधिने | ,, | प्रधिभ्यः |
| પં. | प्रध्यः–प्रधिनः | ,, | ,, |
| ષ. | ,, ,, | प्रध्योः–प्रधिनोः | प्रधीनाम् |
| સ. | प्रध्यि–प्रधिने | ,, ,, | प्रधिषु |

પ્રધીનાં સ્ત્રીલિંગનાં રૂપો સં૦ એ. વ., ચ૦, પં૦, ષ૦ અને સ૦ એ. વ. અને ષ૦ બ.વ.માં નદી જેવાં થાય છે, અને બાકીનાં રૂપો પ્રધીનાં પુલ્લિંગનાં રૂપો જેવાં થાય છે.

પ્રધી ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | प्रधीः | प्रध्यौ | प्रध्यः |
| દ્વિ. | प्रध्यम् | ,, | ,, |
| તૃ. | प्रध्या | प्रधीभ्याम् | प्रधीभिः |
| ચ. | प्रध्यै | ,, | प्रधीभ्यः |
| પં. | प्रध्याः | ,, | ,, |
| ષ. | ,, | प्रध्योः | प्रधीनाम् |
| સ. | प्रध्याम् | ,, | प्रधीषु |
| સં. | प्रधि | प्रध्यौ | प्रध्यः |

૭૩ ग्रामणी ( ग्रामम् नयति इति ग्रामणीः ) सेनानी, जलपी, वेगी, उन्नी ( પુ० સ્ત્રી ) નાં રૂપો प्रधी પ્રમાણે કરવાં. ग्रामणी, सेनानी અને उन्नीમાં અન્તે नी છે, તેથી સ૦ એકવચનમાં आम् પ્રત્યય લાગે છે.

| | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| सेनानीनां સ૦ વિ.નાં રૂપો | सेनान्याम् | सेनान्योः | सेनानीषु |

૭૪ सुधी ( सुष्ठु ध्यायति ) પુલ્લિંગનાં રૂપો નીચે પ્રમાણે છે.

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને સં. | सुधीः | सुधियौ | सुधियः |
| દ્વિ. | सुधियम् | ,, | ,, |
| તૃ. | सुधिया | सुधीभ्याम् | सुधीभिः |
| ચ. | सुधिये | ,, | सुधीभ्यः |
| પં. | सुधियः | ,, | ,, |
| ષ. | ,, | सुधियोः | सुधियाम् |
| સ. | सुधियि | ,, | सुधीषु |

તેજ પ્રમાણે सुश्री, शुद्धधी, परमधी વગેરે શબ્દોનાં રૂપો કરવાં.

૭૫ सुधीનાં ન૦લિંગનાં રૂપ કરતી વખતે તેનું सुधि ગણવું, અને પછી वारिની માફક રૂપો કરવાં; પણ प्रधीનાં ન૦લિંગમાં તૃતીયા વિભક્તિથી સ્વર પ્રત્યયો પહેલાં બે રૂપ થાય છે, તેવી રીતે અહીંઆં वारि અને सुधी ( પુલ્લિંગ ) પ્રમાણે રૂપો લેવાં.

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને દ્વિ. | सुधि | सुधिनी | सुधीनि |
| સં. | सुधि–धे | ,, | ,, |
| તૃ. | सुधिया–सुधिना | सुधिभ्याम् | सुधिभिः વગેરે |

## उ સ્વરાન્ત નામશબ્દો

૭૬ उ સ્વરાન્ત નામો બહુધા પુલ્લિંગ અને નપુંસકલિંગમાં છે. वायु, तरु, भानु, जन्तु, बिन्दु વગેરે પુલ્લિંગમાં છે, અને वस्तु, मधु, वसु ન૦લિંગમાં છે. સ્ત્રીલિંગમાં કેટલાક શબ્દો છે, પણ તેનું પ્રમાણ ઓછું છે. रज्जु, धेनु વગેરે સ્ત્રીલિંગના છે.

### उ સ્વરાન્ત પુલ્લિંગના પ્રત્યયો

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | स् | ऊ | अस् |
| દ્વિ. | म् | ,, | ऊन् |
| તૃ. | ना | भ्याम् | भिस् |
| ચ. | ए | ,, | भ्यस् |
| પં. | ओस् | ,, | ,, |
| ષ. | ,, | ओस् | ऊनाम् |
| સ. | औ | ,, | षु |
| સં. | ओ | ऊ | अस् |

પ્રથમા બહુવચન अस् પૂર્વે અને ચ૦ એ.વ. ए પૂર્વે उનો ગુણ થાય છે, એટલે ओનો अव् થાય છે. પં૦, ષ૦, સ૦ અને સં૦ એકવચનના પ્રત્યયો પૂર્વે उ લોપાય છે.

### उ સ્વરાન્ત નપુંસકલિંગના પ્રત્યયો

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને દ્વિ. | ૦ | नी | नि |

( સં૦ એકવચનમાં વિકલ્પે ગુણ થાય છે. )

## वायु ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| પ્ર. | वायुः | वायू | वायवः |
| દ્વિ. | वायुम् | ,, | वायून् |
| તૃ. | वायुना | वायुभ्याम् | वायुभिः |
| ચ. | वायवे | ,, | वायुभ्यः |
| પં. | वायोः | ,, | ,, |
| ષ. | ,, | वाय्वोः | वायूनाम् |
| સ. | वायौ | ,, | वायुषु |
| સં. | वायो | वायू | वायवः |

## वसु ( નપુંસકલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| પ્ર. અને દ્વિ. | वसु | वसुनी | वसूनि |
| તૃ. | वसुना | वसुभ्याम् | वसुभिः |
| ચ. | वसुने | ,, | वसुभ्यः |
| પં. | वसुनः | ,, | ,, |
| ષ. | ,, | वसुनोः | वसूनाम् |
| સ. | वसुनि | ,, | वसुषु |
| સં. | वसो–वसु | वसुनी | वसूनि |

उ સ્વરાન્ત વિશેષણોનાં રૂપો ચ૦, પં૦, ષ૦ અને સ૦ એકવચનમાં અને ષ૦ અને સ૦ દ્વિવ.માં વિકલ્પે वायुની માફક પણ થાય છે; બાકીનાં રૂપો वसु પ્રમાણે થાય છે.

लघु એ વિશેષણ છે, અને તેનાં નપુંસકલિંગનાં રૂપો આ નિયમને અનુસરીને નીચે પ્રમાણે થાય છે.

## લઘુ ( નપુંસકલિંગ )

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને દ્વિ. | लघु | लघुनी | लघूनि |
| તૃ. | लघुना | लघुभ्याम् | लघुभिः |
| ચ. | लघुने–लघवे | ,, | लघुभ्यः |
| પં. | लघुनः–लघोः | ,, | ,, |
| ષ. | ,, ,, | लघुनोः–लघ्वोः | लघूनाम् |
| સ. | लघुनि–लघौ | ,, ,, | लघुषु |
| સં. | लघो–लघु | लघुनी | लघूनि |

સ્ત્રીલિંગ ઉ સ્વરાન્ત શબ્દોનાં રૂપો ધેનુ જેવાં થાય છે.

## ધેનુ ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | धेनुः | धेनू | धेनवः |
| દ્વિ. | धेनुम् | ,, | धेनूः |
| તૃ. | धेन्वा | धेनुभ्याम् | धेनुभिः |
| ચ. | धेनवे–धेन्वै | ,, | धेनुभ्यः |
| પં. | धेनोः–धेन्वाः | ,, | ,, |
| ષ. | ,, ,, | धेन्वोः | धेनूनाम् |
| સ. | धेनौ–धेन्वाम् | ,, | धेनुषु |
| સં. | धेनो | धेनू | धेनवः |

૭૭ सानु શબ્દ નપુંસકલિંગમાં છે, પણ તેનાં રૂપ કરતી વખતે દ્વિ૦ બ.વ.થી स्नुનાં રૂપ વિકલ્પે લે છે.

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | सानु | सानुनी | सानूनि |
| દ્વિ. | ,, | ,, | ,,–स्नूनि |
| તૃ. | सानुना–स्नुना | सानुभ्याम्–स्नुभ्याम् | सानुभिः–स्नुभिः |
| ચ. | सानुने–स्नुने | ,, ,, | सानुभ्यः–स्नुभ्यः |
| પં. | सानुनः–स्नुनः | ,, ,, | ,, ,, |
| ષ. | ,, ,, | सानुनोः–स्नुनोः | सानूनाम्–स्नूनाम् |
| સ. | सानुनि–स्नुनि | ,, ,, | सानुषु–स्नुषु |
| સં. | सानु | सानुनी | सानूनि |

## ऊ સ્વરાન્ત નામશબ્દો

૭૮ वधू, श्वश्रू, चमू, कर्कन्धू, यवागू, चम्पू અને कफेलू વગેરે શબ્દો ऊ સ્વરાન્ત છે, અને તે સ્ત્રીલિંગમાં છે.
ऊ સ્વરાન્ત તમામ શબ્દો બહુધા સ્ત્રીલિંગમાં જ છે. તેમનાં રૂપો નીચે આપેલાં वधू શબ્દનાં રૂપો પ્રમાણે થાય છે.

### वधू ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | वधूः | वध्वौ | वध्वः |
| દ્વિ. | वधूम् | ,, | वधूः |
| તૃ. | वध्वा | वधूभ्याम् | वधूभिः |
| ચ. | वध्वै | ,, | वधूभ्यः |
| પં. | वध्वाः | ,, | ,, |
| ષ. | ,, | वध्वोः | वधूनाम् |
| સ. | वध्वाम् | ,, | वधूषु |
| સં | वधु | वध्वौ | वध्वः |

૭૯ સ્વયંભૂ, દૃમ્ભૂ, कारामू અને स्वभू એ વિશેષણ શબ્દોનાં રૂપો પુ૦ સ્ત્રી અને ન૦લિં.માં જુદી જુદી રીતે થાય છે. તેમનાં પુ૦ અને સ્ત્રીલિંગનાં રૂપો નીચે પ્રમાણે કરવાં.

स्वयंभू ( પુલ્લિંગ અને સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને સં. | स्वयंभूः | स्वयंभुवौ | स्वयंभुवः |
| દ્વિ. | स्वयंभुवम् | ,, | ,, |
| તૃ. | स्वयंभुवा | स्वयंभूभ्याम् | स्वयंभूभिः |
| ચ. | स्वयंभुवे | ,, | स्वयंभूभ्यः |
| પં. | स्वयंभुवः | ,, | ,, |
| ષ. | ,, | स्वयंभुवोः | स्वयंभुवाम् |
| સ. | स्वयंभुवि | ,, | स्वयंभूषु |

તેમનાં ન૦લિંગનાં રૂપો કરતી વખતે स्वयंभू નું स्वयंभु કરવું, અને પછી તેનાં રૂપો वसुના જેવાં કરવાં; પણ તૃતીયા વિભક્તિથી સ્વરાદિ પ્રત્યયોની પૂર્વે વિકલ્પે स्वयंभूનાં પુલ્લિંગ રૂપો જેવાં રૂપો પણ કરવાં.

स्वयंभू ( નપુંસકલિંગ )

| વિ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને દ્વિ. | स्वयंभु | स्वयंभुनी | स्वयंभूनि |
| તૃ. | स्वयंभुवा–स्वयंभुना | स्वयंभुभ्याम् | स्वयंभुभिः |
| સં. | स्वयंभु–स्वयंभो | स्वयंभुनी | स्वयंभूनि |

૮૦ खलपू, करभू, पुनर्भू અને वर्षाभूનાં પુ૦ અને સ્ત્રીલિંગનાં રૂપો નીચેનાં खलपू શબ્દનાં રૂપો પ્રમાણે કરવાં.

खलपू ( પુલ્લિંગ ).

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને સં. | खलपूः | खलप्वौ | खलप्वः |
| દ્વિ. | खलप्वम् | ,, | ,, |
| તૃ. | खलप्वा | खलपूभ्याम् | खलपूभिः |
| ચ. | खलप्वे | ,, | खलपूभ्यः |
| પં. | खलप्वः | ,, | ,, |
| ષ. | ,, | खलप्वोः | खलप्वाम् |
| સ. | खलप्वि | ,, | खलपूषु |

ન૦લિંગમાં खलपूने બદલે खलपु લેવું, અને પછી वसुની માફક તેનાં રૂપો કરવાં; પણ તૃ૦ વિ.થી સ્વર પ્રત્યયો પૂર્વે खलपूનાં પુલ્લિંગનાં રૂપો પ્રમાણે પણ વિકલ્પે રૂપો લેવાં.

खलपू—खलपु ( નપુંસકલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને દ્વિ. | खलपु | खलपुनी | खलपूनि |
| તૃ. | खलप्वा—खलपुना | खलपुभ्याम् | खलपुभिः |
| સં. | खलपो—खलपु | खलपुनी | खलपूनि |

૮૧ वर्षाभू, प्रसू, वीरसू, पुनर्भू એ શબ્દોનાં સ્ત્રીલિંગનાં રૂપો खलपू પ્રમાણે કરવાં; પણ ચ૦, પં૦, ષ૦ અને સ૦ એકવચન અને ષ૦ બ.વ.નાં રૂપો वधू જેવાં લેવાં.

वर्षाभू ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને સં. | वर्षाभूः | वर्षाभ्वौ | वर्षाभ्वः |
| દ્વિ. | वर्षाभ्वम् | ,, | ,, |
| તૃ. | वर्षाभ्वा | वर्षाभूभ्याम् | वर्षाभूभिः |
| ચ. | वर्षाभ्वै | ,, | वर्षाभूभ्यः |
| પં. | वर्षाभ्वाः | ,, | ,, |
| ષ. | ,, | वर्षाभ्वोः | वर्षाभूणाम् |
| સ. | वर्षाभ्वाम् | ,, | वर्षाभूषु |

૮૨ हूहू શબ્દ એક ગંધર્વનું નામ છે. તેનાં રૂપો નીચે પ્રમાણે થાય છે.

हूहू ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને સં. | हूहूः | हूह्वौ | हूह्वः |
| દ્વિ. | हूहूम् | ,, | हूहून् |
| તૃ. | हूह्वा | हूहूभ्याम् | हूहूभिः |
| ચ. | हूह्वे | ,, | हूहूभ्यः |
| પં. | हूह्वः | ,, | ,, |
| ષ. | ,, | हूह्वोः | हूह्वाम् |
| સ. | हूह्वि | ,, | हूहूषु |

## ऋ સ્વરાન્ત નામશબ્દો

૮૩ જે નામશબ્દો ધાતુઓને तृ પ્રત્યય લાગીને कर्तृ જેવા થયા હોય તેમનાં, તેમજ नप्तृ, त्वष्टृ, होतृ, पोतृ, प्रशास्तृ, स्वसृ અને उद्गातृ વગેરે શબ્દોનાં રૂપો નીચે આપેલા कर्तृ શબ્દ પ્રમાણે થાય છે.

कर्तृ ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | कर्ता | कर्तारौ | कर्तारः |
| દ્વિ. | कर्तारम् | ,, | कर्तॄन् |
| તૃ. | कर्त्रा | कर्तृभ्याम् | कर्तृभिः |
| ચ. | कर्त्रे | ,, | कर्तृभ्यः |
| પં. | कर्तुः | ,, | ,, |
| ષ. | ,, | कर्त्रोः | कर्तॄणाम् |
| સ. | कर्तरि | ,, | कर्तृषु |
| સં. | कर्तर्–कर्तः | कर्तारौ | कर्तारः |

અહીંઆં પ્રથમા દ્વિ. અને બ.વ. તેમજ દ્વિ૦ એ.વ. અને દ્વિ.ના પ્રત્યય પૂર્વે અંત્ય ऋની વૃદ્ધિ થાય છે, અર્થાત્ ऋનો आर् થાય છે. પ્ર૦ એ.વ.માં પ્રત્યયનો स् ઊડી જાય છે, અને અંત્ય ऋનો आ થાય છે. સંબોધન એ.વ.માં ऋનો ગુણ થાય છે, અને વિકલ્પે र्નો વિસર્ગ થાય છે; દ્વિ. અને બ.વ. પ્રથમાને અનુસરે છે.

कर्तृ ( નપુંસકલિંગ )

| વિ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને દ્વિ. | कर्तृ | कर्तृणी | कर्तृणि |
| તૃ. | कर्त्रा–कर्तृणा | कर्तृभ्याम् | कर्तृभिः |
| ચ. | कर्त्रे–कर्तृणे | ,, | कर्तृभ्यः |
| પં. | कर्तुः–कर्तृणः | ,, | ,, |
| ષ. | ,, ,, | कर्त्रोः–कर्तृणोः | कर्तृणाम् |
| સ. | कर्तरि–कर्तृणि | ,, ,, | कर्तृषु |

ऋકારાન્ત ન૦લિંગના શબ્દોને તૃ૦ એ.વ., ચ૦ એ.વ., પં૦ એ.વ., ષ૦ એ.વ. અને દ્વિ. તેમજ સ૦ એ.વ. અને દ્વિ.માં ऋકારાન્ત પુલ્લિંગના અને उકારાન્ત નપુંસકલિંગના પ્રત્યયો વિકલ્પે લગાડવામાં આવે છે.

स्वसृ અને બીજા સ્ત્રીલિંગના શબ્દોનાં રૂપો कर्तृ (પુ૦)જેવાં કરવાં; પણ દ્વિ૦ બ.વ.માં न् પ્રત્યય નહિ પણ स् લગાડવો પડે છે, અને તેની પૂર્વે ऋ લંબાય છેઃ અર્થાત્ स्वसृનું દ્વિ૦ બહુ-વચનનું રૂપ स्वसॄन् નહિ પણ स्वसॄः થાય છે.

૮૪ ऋ સ્વરાન્ત જે નામો સગાઈનો સંબંધ દેખાડતાં હોય તેમ નાં, [ જેમકે पितृ, मातृ, देवृ વગેરે ( नप्तृ, भर्तृ, स्वसृ સિવાયનાં )]

તેમજ शस्तृ, नृ અને सव्येष्टृनां રૂપો નીચે આપેલા पितृ શબ્દ પ્રમાણે કરવાં.

### पितृ ( પુંલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | पिता | पितरौ | पितरः |
| દ્વિ. | पितरम् | ,, | पितॄन् |
| તૃ. | पित्रा | पितृभ्याम् | पितृभिः |
| ચ. | पित्रे | ,, | पितृभ्यः |
| પં. | पितुः | ,, | ,, |
| ષ. | ,, | पित्रोः | पितॄणाम् |
| સ. | पितरि | ,, | पितृषु |
| સં. | पितर्–पितः | पितरौ | पितरः |

બાકીના પુ૰ શબ્દોનાં રૂપો ઉપર પ્રમાણે કરવાં, પણ नृनां ષ૰ બ.વ.માં બે રૂપો થાય છે. જેમકે नृणाम्–नॄणाम् ।

### नृ ( પુંલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | ना | नरौ | नरः |
| દ્વિ. | नरम् | ,, | नॄन् |
| તૃ. | न्रा | नृभ्याम् | नृभिः |
| ચ. | न्रे | ,, | नृभ्यः |
| પં. | नुः | ,, | ,, |
| ષ. | ,, | न्रोः | नृणाम्–नॄणाम् |
| સ. | नरि | ,, | नृषु |
| સં. | नर्–नः | नरौ | नरः |

मातृ, यातृ, दुहितृ, ननन्दृ અગર ननान्दृ શબ્દો સ્ત્રીલિંગમાં છે, પણ તેમનાં રૂપો દ્વિ૦ બ.વ. સિવાય બીજી વિભક્તિઓમાં पितृ જેવાં થાય છે. દ્વિ૦ બ.વ.માં स्वसृની માફક मातॄः, यातॄः, दुहितॄः અને ननान्दॄः એમ થાય છે.

૮૫ क्रोष्टु પુ૦ (શિઆળ) એનાં રૂપો અનિયમિત છે. તેનાં રૂપો કરતી વખતે વ્યંજન પ્રત્યયો પહેલાં क्रोष्टु જેવો ગણવો, અને સ્વર પ્રત્યયો પહેલાં क्रोष्टृ જેવો ગણવો.

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | क्रोष्टा | क्रोष्टारौ | क्रोष्टारः |
| દ્વિ. | क्रोष्टारम् | ,, | क्रोष्टून् |
| તૃ. | क्रोष्ट्रा–क्रोष्टुना | क्रोष्टुभ्याम् | क्रोष्टुभिः |
| ચ. | क्रोष्ट्रे–क्रोष्टवे | ,, | क्रोष्टुभ्यः |
| પં. | क्रोष्टुः–क्रोष्टोः | ,, | ,, |
| ષ. | ,, ,, | क्रोष्ट्रोः–क्रोष्ट्वोः | क्रोष्टूनाम् |
| સ. | क्रोष्टरि–क्रोष्टौ | ,, ,, | क्रोष्टुषु |
| સં. | क्रोष्टो | क्रोष्टारौ | क्रोष्टारः |

क्रोष्टु સ્ત્રીલિંગમાં પણ વપરાય છે. સ્ત્રીલિંગમાં તેનાં રૂપો કરવાં હોય, તો પ્રથમ તેનું क्रोष्टृ રૂપ લઈને તેને સ્ત્રીલિંગનો ई પ્રત્યય લગાડવો એટલે क्रोष्ट्री શબ્દ થશે. પછી તેનાં રૂપો नदी જેવાં કરવાં.

## ॠ અને ऌ સ્વરાન્ત નામશબ્દો

૮૬ સંસ્કૃત ભાષામાં ॠ અને ऌ સ્વરાન્ત શબ્દો નથીઃ છતાં જરૂર પડે તેવા શબ્દોનાં રૂપો કરવાં હોય તો નીચે પ્રમાણે કરવાં. અહીંઆં ॠ સ્વરાન્ત માટે कॄનાં અને ऌ સ્વરાન્ત માટે गम्ऌનાં રૂપો આપ્યાં છે.

कॄ

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | कीः—कॄः | किरौ—क्रौ | किरः—क्रः |
| દ્વિ. | किरम्—कॄम् | ,, ,, | किरः—कॄन् |
| તૃ. | किरा—क्रा | कीर्भ्याम्—कॄभ्याम | कीर्भिः—कर्भिः |
| ચ. | किरे—क्रे | ,, ,, | कीर्भ्यः—कॄभ्यः |
| પં. | किरः—क्रः | ,, ,, | ,, ,, |
| ષ. | ,, ,, | किरोः—क्रोः | किराम्—क्राम् |
| સ. | किरि—क्रि | ,, ,, | कीर्षु—कॄषु |
| સં. | कीः—कॄः | किरौ—क्रौ | किरः—क्रः |

गम्लृ

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | गमा | गमलौ | गमलः |
| દ્વિ. | गमलम् | ,, | गम्लॄन् |
| તૃ. | गम्ला | गम्लृभ्याम् | गम्लृभिः |
| ચ. | गम्ले | ,, | गम्लृभ्यः |
| પં. | गमुल् | ,, | ,, |
| ષ. | ,, | गम्लोः | गम्लॄणाम् |
| સ. | गमलि | ,, | गम्लृषु |
| સં. | गमल् | गमलौ | गमलः |

## ए અને ऐ સ્વરાન્ત નામશબ્દો

૮૭ ए અને ऐ સ્વરાન્ત શબ્દોને ફકત પ્રત્યયો જ લગાડવાના છે, અને સંધિના નિયમો લક્ષમાં રાખવાના છે.

से

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | सेः | सयौ | सयः |
| દ્વિ. | सयम् | ,, | ,, |
| તૃ. | सया | सेभ्याम् | सेभिः |
| ચ. | सये | ,, | सेभ्यः |
| પં. | सेः | ,, | ,, |
| ષ. | ,, | सयोः | सयाम् |
| સ. | सयि | ,, | सेषु |
| સં. | से | सयौ | सयः |

रै ( પુ૦, સ્ત્રીલિંગ ) ( દ્રવ્ય )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને સં. | राः | रायौ | रायः |
| દ્વિ. | रायम् | ,, | ,, |
| તૃ. | राया | राभ्याम् | राभिः |
| ચ. | राये | ,, | राभ्यः |
| પં. | रायः | ,, | ,, |
| ષ. | ,, | रायोः | रायाम् |
| સ. | रायि | ,, | रासु |

અહીંઆં વ્યંજન પ્રત્યય પૂર્વે ઐનો આ કરવો.

## ओ અને औ સ્વરાન્ત નામશબ્દો

૮૮ ओ સ્વરાન્ત શબ્દનાં રૂપ गो પ્રમાણે કરવાં, અને औ સ્વરાન્તનાં રૂપો नौ પ્રમાણે કરવાં.

गो ( પુ૦, સ્ત્રીલિંગ ) બળદ, ગાય.

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને સં. | गौः | गावौ | गावः |
| દ્વિ. | गाम् | ,, | गाः |
| તૃ. | गवा | गोभ्याम् | गोभिः |
| ચ. | गवे | ,, | गोभ्यः |
| પં. | गोः | ,, | ,, |
| ષ. | ,, | गवोः | गवाम् |
| સ. | गवि | ,, | गोषु |

द्यो ( આકાશ )નાં રૂપો गो પ્રમાણે કરવાં.

नौ (સ્ત્રીલિંગ) હોડી

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને સં. | नौः | नावौ | नावः |
| દ્વિ. | नावम् | ,, | ,, |
| તૃ. | नावा | नौभ्याम् | नौभिः |
| ચ. | नावे | ,, | नौभ्यः |
| પં. | नावः | ,, | ,, |
| ષ. | ,, | नावोः | नावाम् |
| સ. | नावि | ,, | नौषु |

આ જ પ્રમાણે ग्लौ (ચંદ્ર)નાં રૂપો કરવાં.

## વ્યંજનાન્ત નામશબ્દો

૮૯ તમામ વ્યંજનાન્ત શબ્દો જેને અન્તે દરેક વર્ગના અનુનાસિક

સિવાયના ચાર વ્યંજનો અને य्, र्, ल्, श्, ष्, स् અને ह् આવતા હોય, તેનાં રૂપો અગાઉ આંક ૫૬માં આપેલા પ્રત્યયો લગાડીને કરવામાં આવે છે. તે પ્રત્યયો લગાડતી વખતે માત્ર સન્ધિના નિયમો જાળવવાની જરૂર છે.

૯૦ क्, ख्, ग्, घ्, ट्, ठ्, ड्, ढ्, त्, थ्, द्, ध्, प्, फ्, ब्, भ् વ્યંજનાન્ત **નામશબ્દો**

ઉપરના વ્યંજનો જેના અન્તમાં હોય, તેવા શબ્દોનાં રૂપો કરતી વખતે નીચેના નિયમો લક્ષમાં રાખવા.

(क) પ્ર૦ એ.વ.નો स् પ્રત્યય વ્યંજન પછીથી ઊડી જાય છે.

(ख) જો કોઈ શબ્દને અંતે સંયુક્ત વ્યંજન હોય, તો તેનો પ્રથમનો વ્યંજન રાખવામાં આવે છે અને છેલ્લો ઊડી જાય છે; પણ તે સંયુક્ત વ્યંજનમાં र् પ્રથમ હોય તો તે ઊડી જતો નથી.

(ग) જો અન્તિમ વ્યંજનની પછી કોઈ પણ અક્ષર ન આવે, તો તેને બદલે તેના વર્ગનો પ્રથમ અગર ત્રીજો વ્યંજન મૂકવામાં આવે છે; પણ જો તેની પછી ઘોષ વ્યંજન આવે, તો તેને બદલે ફક્ત ત્રીજો અક્ષર મુકાય છે. વળી જો અઘોષ વ્યંજન આવે, તો પ્રથમ વ્યંજન તેના વર્ગનો મુકાય છે; પણ સ્વર પ્રત્યય પૂર્વે તેમાં ફેરફાર થતા નથી.

(घ) વ્યંજનાન્ત ન૰લિંગ શબ્દોના પ્ર૦ અને દ્વિ૦ બ.વ.ની इ પૂર્વેના અન્તિમ વ્યંજન પહેલાં न् ઉમેરાય છે; પણ જો તે વ્યંજન અનુનાસિક હોય અગર અન્તઃસ્થ હોય તો न् લાગતો નથી.

समिध् (સ્ત્રીલિંગ) બળતણ

| ૯૧ વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| પ્ર. ને સં. | समित्–समिद् | समिधौ | समिधः |
| દ્વિ. | समिधम् | ,, | ,, |
| તૃ. | समिधा | समिद्भ्याम् | समिद्भिः |
| ચ. | समिधे | ,, | समिद्भ्यः |
| પં. | समिधः | ,, | ,, |
| ષ. | ,, | समिधोः | समिधाम् |
| સ. | समिधि | ,, | समित्सु |

આ જ પ્રમાણે मरुत्, भूभृत्, सरित्, हरित्, अग्निमथ्, दृषद् (પથ્થર), शरद्, ककुभ् (દિશા) વગેરે શબ્દોનાં રૂપો કરવાં.

| | પ્ર૦ એ.વ. | પ્ર૦ દ્વિ.વ. |
| --- | --- | --- |
| मरुत् | मरुत्–मरुद् | मरुतौ |
| अग्निमथ् | अग्निमत्–अग्निमद् | अग्निमथौ |
| दृषद् | दृषत्–दृषद् | दृषदौ |
| ककुभ् | ककुप्–ककुब् | ककुभौ |

| તૃ૦ દ્વિ.વ. | સ૦ બ.વ. |
| --- | --- |
| मरुद्भ्याम् | मरुत्सु |
| अग्निमद्भ्याम् | अग्निमत्सु |
| दृषद्भ्याम् | दृषत्सु |
| ककुब्भ्याम् | ककुप्सु |

हरित् (નપુંસકલિંગ)

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| પ્ર. દ્વિ. સં. | हरित् | हरिती | हरिन्ति |

બહુવચનનો इ પ્રત્યય છે અને हरित् અહીંઆં ન૦લિંગમાં છે, તેથી બ.વ.નો इ પ્રત્યય લગાડતા પહેલાં છેલ્લા त् પૂર્વે न्

લગાડવાનો હોવાથી हरिन्ति રૂપ થયું; બાકીનાં રૂપો પુલ્લિંગ પ્રમાણે કરવાં.

## ૯૨ च्, छ्, ज्, स्, श्, ष्, ह् વ્યંજનાન્ત નામશબ્દો

(क) વ્યંજનાન્ત શબ્દોના च् અથવા ज्‌ની પછી અઘોષ વ્યંજન અગર કંઈ પણ ન આવે તો તેનો क् થાય છે, અને જો ઘોષ વ્યંજન આવ તો ग् થાય છે.

(ख) ધાતુનામ શબ્દોના श् અગર छ्‌ની પછી કોઈ પણ અનુનાસિક અગર અન્તઃસ્થ વ્યંજન વગરનો કોઈ પણ શબ્દ આવે, અગર કંઈ પણ ન આવે, તો श् અગર छ्‌નો ष् થાય છે. શબ્દને અન્તે ष् હોય તો તેનો ट् અથવા ड् થાય છે, પણ તેની પછી ઘોષ વ્યંજન આવે તો ड् થાય છે.

આ જ નિયમ व्रश्च्, भ्रस्ज्, सृज्, मृज्, भ्राज् અને यज् શબ્દોને પણ લાગુ પડે છે.

(ग) પણ दिश्, दृश्, स्पृश् અને मृश् એ ધાતુનામ શબ્દોના અન્તિમ श्‌નો क् થાય છે, તેમજ दधृष्‌ના ष्‌નો પણ क् થાય છે.

(घ) સ૦ બ.વ.ના सु પ્રત્યય અને ट्‌ની વચ્ચે त् વિકલ્પે ઉમેરાય છે.

(ङ) સ્વર પ્રત્યયો પહેલાં અન્તિમ छ्‌નો વિકલ્પે श् થાય છે.

### वाच् ( સ્ત્રીલિંગ )

| ૯૩ વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. ને સં. | वाक्-वाग् | वाचौ | वाचः |
| દ્વિ | वाचम् | ,, | ,, |
| તૃ. | वाचा | वाग्भ्याम् | वाग्भिः |
| ચ. | वाचे | ,, | वाग्भ्यः |
| પં. | वाचः | ,, | ,, |
| ષ. | ,, | वाचोः | वाचाम् |
| સ. | वाचि | ,, | वाक्षु |

૯૪ તે જ પ્રમાણે નીચેના શબ્દોનાં રૂપ કરવાં.

| | | પ્ર૦ એ.વ. | પ્ર૦ દ્વિ.વ. |
|---|---|---|---|
| पयोमुच् | (વાદળ) | पयोमुक्–पयोमुग् | पयोमुचौ |
| भिषज् | (વૈદ્ય) | भिषक्–भिषग | भिषजौ |
| स्रज् | (હાર) | स्रक्–स्रग् | स्रजौ |
| दिश् | | दिक्–दिग् | दिशौ |
| परिव्राज् (સંન્યાસી) ( આંક ૯૨, ख પ્રમાણે ) | | परिव्राट्–परिव्राड् | परिव्राजौ |
| विश्वसृज् | | विश्वसृट्–विश्वसृड् | विश्वसृजौ |
| प्रावृष् | (ચોમાસું) | प्रावृट्–प्रावृड् | प्रावृषौ |

| તૃ૦ દ્વિ.વ. | સ૦ બ.વ. |
|---|---|
| पयोमुग्भ्याम् | पयोमुक्षु |
| भिषग्भ्याम् | भिषक्षु |
| स्रग्भ्याम् | स्रक्षु |
| दिग्भ्याम् | दिक्षु |
| परिव्राड्भ्याम् | परिव्राट्सु–परिव्राट्त्सु |
| विश्वसृड्भ्याम् | विश्वसृट्सु–विश्वसृट्त्सु |
| प्रावृड्भ्याम् | प्रावृट्सु–प्रावृट्त्सु |

## ह् વ્યંજનાન્ત શબ્દો

૯૫ (क) જો કોઈ પદને અન્તે ह् હોય અને તેની પછી અનુનાસિક અથવા અન્તઃસ્થ સિવાયનો કોઈ વ્યંજન આવે, તો ह् નો ढ् થઈ જાય છે.

(ख) ધાતુનામોનો આદિ વ્યંજન द् હોય તો ह्નો घ् થાય છે.

(ग) द्रुह्, मुह्, स्नुह् અને स्निह् ( वा द्रुहमुहष्णुहष्णिहाम् ) ધાતુનામોના ह्નો વિકલ્પે घ् થાય છે.

(घ) नह्ना ह्નો ध् થાય છે.

(ङ) કોઈ પણ એક અક્ષરવાળા ધાતુનામના આરંભમાં ब्, ग्

અથવા द् આવેલો હોય, અને તેને અંતે घ्, द्, ध्, भ् અથવા ह् આવે તો ब्, ग् અથવા द् ના અનુક્રમે भ्, घ्, ध्, स् અથવા ध्व् પહેલાં થઈ જાય છે. તેમજ તેની પછી કંઈ પણ ન હોય તોપણ આ ફેરફાર થાય છે, અથવા તો ઘોષ વ્યંજનનો મહાપ્રાણ આવ્યો હોય તો તેનો અલ્પ-પ્રાણ થાય છે.

| | પ્ર૦ એ.વ. | દ્વિ૦ દ્વિ. |
|---|---|---|
| स्निह् | स्निक्–ग्, स्निट्–ड् | स्निहौ |
| स्नुह् | स्नुक्–ग्, स्नुट्–ड् | स्नुहौ |
| दुह् | धुक्–ग् | दुहौ |
| बुध् | भुत्–द् | बुधौ |
| मुह् | मुक्–ग्, मुट्–ड् | मुहौ |

| તૃ૦ દ્વિ. | સ૦ બ.વ. |
|---|---|
| स्निग्भ्याम्–स्निड्भ्याम् | स्निक्षु–स्निट्सु–स्निट्त्सु |
| स्नुग्भ्याम्–स्नुड्भ्याम् | स्नुक्षु–स्नुट्सु–स्नुट्त्सु |
| धुग्भ्याम् | धुक्षु |
| भुद्भ्याम् | भुत्सु |
| मुग्भ्याम्–मुड्भ्याम् | मुक्षु–मुट्सु–मुट्त्सु |

૯૬ तुरासाह् (ઇન્દ્ર) નાં રૂપો અનિયમિત છે. તેમાંના स્નો વ્યંજન પ્રત્યય પહેલાં ष् થાય છે.

| પ્ર૦ એ.વ. | પ્ર૦ દ્વિ. | તૃ૦ દ્વિ. | સ૦ બ.વ. |
|---|---|---|---|
| तुराषाट्–ड् | तुरासाहौ | तुराषाड्भ्याम् | तुराषाट्सु–ट्त्सु |

૯૭ विश्ववाह्ના वाનો દ્વિ૦ બ.વ.થી સ્વર પ્રત્યયો પૂર્વે ऊ થાય છે; અને તે ऊ તેની પહેલાંના अની સાથે મળી જતાં તેનો औ થાય છે.

विश्ववाह्

| વિ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| પ્ર. અને સં. | विश्ववाट्–ड् | विश्ववाहौ | विश्ववाहः |
| દ્વિ. | विश्ववाहम् | ,, | विश्वौहः |
| તૃ. | विश्वौहा | विश्ववाड्भ्याम् | विश्ववाड्भिः |
| ચ. | विश्वौहे | ,, | विश्ववाड्भ्यः |
| પં. | विश्वौहः | ,, | ,, |
| ષ. | ,, | विश्वौहोः | विश्वौहाम् |
| સ. | विश्वौहि | ,, | विश्ववाट्सु-ट्त्सु |

આ જ પ્રમાણે हव्यवाह्, भूवाह्, श्वेतवाह् આદિ તમામ શબ્દો કે જેને છેડે वाह् હોય તેનાં રૂપો કરવાં.

૯૮ उपानह् (જોડા) આ શબ્દના ह्નો, स् પહેલાં त् થાય છે અને भ् પહેલાં द् થાય છે.

| પ્ર૦ એ.વ. | પ્ર૦ દ્વિ. | તૃ૦ દ્વિ. | પં૦ એ.વ. | સ૦ બ.વ. |
| --- | --- | --- | --- | --- |
| उपानत्–द् | उपानहौ | उपानद्भ्याम् | उपानहः | उपानत्सु |

૯૯ अनडुह् (બળદ)નાં રૂપો નીચે પ્રમાણે થાય છે. પ્ર૦ અને દ્વિ૦ દ્વિવચન સુધી अनडुह् શબ્દને अनड्वाह् ગણવો, અને બાકી બધે अनडुह् લેવો.

अनडुह् ( પુલ્લિંગ ) બળદ

| વિ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| પ્ર. | अनड्वान् | अनड्वाहौ | अनड्वाहः |
| દ્વિ. | अनड्वाहम् | ,, | अनडुहः |
| તૃ. | अनडुहा | अनडुद्भ्याम् | अनडुद्भिः |
| ચ. | अनडुहे | ,, | अनडुद्भ्यः |
| પં. | अनडुहः | ,, | ,, |
| ષ. | ,, | अनडुहोः | अनडुहाम् |
| સ. | अनडुहि | ,, | अनडुत्सु |
| સં. | अनड्वन् | अनड्वाहौ | अनड्वाहः |

स्वनडुह् (न०लिं.)नां રૂપો નીચે પ્રમાણે કરવાં.

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. દ્વિ. સં. | स्वनडुत् | स्वनडुही | स्वनड्वांहि |

બાકીનાં રૂપો अनडुह् ( પુ૦ ) પ્રમાણે કરવાં.

૧૦૦ (क) अवयाज् અને पुरोडाश्ना અન્તિમ વ્યંજનોનો વ્યંજન પ્રત્યય પહેલાં स् થઈ જાય છે.

| પ્ર૦ એ.વ. | પ્ર૦ દ્વિવ. | તૃ૦ એ.વ. | તૃ૦ દ્વિવ. | સ૦ બ.વ. |
|---|---|---|---|---|
| अवयाः | अवयाजौ | अवयाजा | अवयोभ्याम् | अवयस्सु |
| पुरोडाः | पुरोडाशौ | पुरोडाशा | पुरोडोभ्याम् | पुरोडस्सु |

(ख) अप्नां રૂપો બહુવચનમાં જ થાય છે. પ્રથમામાં अनो आ થાય છે. તૃ૦, ચ૦, પં૦ના વ્યંજન પ્રત્યય પહેલાં प्नो द् થાય છે.

अप् ( બહુવચન ) ( સ્ત્રીલિંગ )

| | | |
|---|---|---|
| પ્ર. ને સં. आपः | તૃ. अद्भिः | ષ. अपाम् |
| દ્વિ. अपः | ચ. ને પં. अद्भ्यः | સ. अप्सु |

૧૦૧ સંસ્કૃતમાં કેટલાંક નામને અંતે अञ्च् ધાતુ આવે છે. જેમકે प्राञ्च्, प्रत्यञ्च्, तिर्यञ्च्, सम्यञ्च्, विष्वञ्च्, उदञ्च् અને अन्वञ्च् । તેમનાં રૂપો નીચે આપ્યા પ્રમાણે થાય છે. આ રૂપો કરતી વખતે નીચેના નિયમો યાદ રાખવા.

(क) પ્ર૦ એ.વ.માં अञ्च्नो अङ् કરવો.

(ख) દ્વિ૦ બ.વ.થી તમામ પ્રત્યયો પૂર્વે अञ्च्ना અનુનાસિકનો લોપ કરવો.

(ग) જો પહેલાં અન્તઃસ્થ આવેલો હોય, તો સ્વરથી શરૂ થતા પ્રત્યયો પહેલાં સંપ્રસારણના નિયમ પ્રમાણે यनो इ, वनो उ એ પ્રમાણે કરવા, અને પછી તેને દીર્ઘ લેવા.

(घ) જો अञ्च्‌ની પહેલાં અન્તઃસ્થ ન હોય તો તેના अની ई થાય છે, પણ તેની પહેલાં દીર્ઘ સ્વર ન આવવો જોઈએ. તેની પહેલાં દીર્ઘ સ્વર હોય તો अ કાયમ જ રહે છે. तिर्यञ्च् શબ્દનો ઉપરના સંજોગોમાં तिरश्च् થાય છે. બાકી બીજી બાબતોમાં આ શબ્દો જાણે च् વ્યંજનાન્ત હોય તેમ તેમનાં રૂપો કરવાં.

प्राञ्च् ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને સં. | प्राङ् | प्राञ्चौ | प्राञ्चः |
| દ્વિ. | प्राञ्चम् | ,, | प्राचः |
| તૃ. | प्राचा | प्राग्भ्याम् | प्राग्भिः |
| ચ. | प्राचे | ,, | प्राग्भ्यः |
| પં. | प्राचः | ,, | ,, |
| ષ. | ,, | प्राचोः | प्राचाम् |
| સ. | प्राचि | ,, | प्राक्षु |

प्राञ्च्‌માં અન્તઃસ્થ નથી, માટે દ્વિ૦ બ.વ.થી प्राच् શબ્દને પ્રત્યયો લગાડવા, અને પ્રત્યયો લગાડતી વખતે वाच्‌ની માફક તેનાં રૂપો કરવાં. પરંતુ प्रत्यञ्च्‌માં अञ्च्‌ની પૂર્વે य અન્તઃસ્થ છે, તેથી દ્વિ૦ બ.વ.થી સ્વર પ્રત્યયો પૂર્વે નિયમ પ્રમાણે यનો ई થઈ જશે; એટલે प्रत्यञ्च्‌ને બદલે प्रतीञ्च् થશે; પણ ઉપર જે સામાન્ય નિયમ આપ્યો છે, તે પ્રમાણે દ્વિ૦ બ.વ.થી તમામ પ્રત્યયો પહેલાં અનુનાસિકનો લોપ થશે. આથી प्रतीच् એવો શબ્દ થશે. આને વિભક્તિઓના પ્રત્યયો લગાડવા.

| પ્ર૦ એ.વ. | પ્ર૦ દ્વિવ. | તૃ૦ એ.વ. | તૃ૦ દ્વિ. વ. | સ૦ બ. વ. |
|---|---|---|---|---|
| प्रत्यङ् | प्रत्यञ्चौ | प्रतीचा | प्रत्यग्भ्याम् | प्रत्यक्षु |

सम्यञ्च्‌નાં રૂપો પણ એ રીતે કરવાં.

| પ્ર૦ એ.વ. | પ્ર૦ દ્વિવ. | તૃ૦ એ.વ. | તૃ૦ દ્વિવ. | સ૦ બ.વ. |
|---|---|---|---|---|
| सम्यङ् | सम्यञ्चौ | समीचा | सम्यग्भ्याम् | सम्यक्षु |

विष्वञ्च्‌માં व् અન્ત:સ્થ છે એટલે તેનો ऊ થઈ જશે, અને ऊ થતાં अञ्च्‌નો अ લોપાય છે. વળી દ્વિ૦ બ.વ.ના પ્રત્યયથી અનુનાસિક પણ લોપાય છે.

| પ્ર૦ એ.વ. | પ્ર૦ દ્વિવ. | તૃ૦ એ.વ. | તૃ૦ દ્વિવ. | સ૦બ.વ. |
|---|---|---|---|---|
| विष्वङ् | विष्वञ्चौ | विषूचा | विष्वग्भ्याम् | विष्वक्षु |

उदञ्च्‌માં અન્ત:સ્થ નથી તેથી अનો ई થશે.

| પ્ર૦ એ.વ. | પ્ર૦ દ્વિવ. | તૃ૦ એ.વ. | તૃ૦ દ્વિવ. | સ૦ બ.વ. |
|---|---|---|---|---|
| उदङ् | उदञ्चौ | उदीचा | उदग्भ्याम् | उदक्षु |

**ન૦ લિંગનાં** રૂપો કરતી વખતે પણ ઉપરના નિયમો ધ્યાનમાં રાખવા.

પ્રથમા, દ્વિતીયા અને સંબોધનનાં રૂપો.

| | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| प्राञ्च् | प्राक् | प्राची | प्राञ्चि |
| प्रत्यञ्च् | प्रत्यक् | प्रतीची | प्रत्यञ्चि |
| सम्यञ्च् | सम्यक् | समीची | सम्यञ्चि |
| उदञ्च् | उदक् | उदीची | उदञ्चि |
| विष्वञ्च् | विष्वक् | विषूची | विष्वञ्चि |

બાકીનાં રૂપો પુલ્લિંગ પ્રમાણે લેવાં.

तिर्यञ्च्‌નું દ્વિ૦ બ.વ.થી સ્વર પ્રત્યયો પૂર્વે तिरश्च् થાય છે.

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | तिर्यङ् | तिर्यञ्चौ | तिर्यञ्चः |
| દ્વિ. | तिर्यञ्चम् | ,, | तिरश्चः |
| તૃ. | तिरश्चा | तिर्यग्भ्याम् | तिर्यग्भिः ઇત્યાદિ |

ન૦લિંગમાં

| પ્ર. સં. દ્વિ. | तिर्यङ् | तिर्यञ्ची | तिर्यञ्चि થાય છે. |
|---|---|---|---|

૧૦૨ ઉપર अञ्च् જેને છેડે છે એવા નામશબ્દોનાં રૂપો આપ્યાં છે. તે રૂપો अञ्च्નો અર્થ 'જવું' એમ થાય તો જ તે પ્રમાણે લેવાં. વળી अञ्च्નો અર્થ 'પૂજા કરવી' એમ પણ થાય છે. એ અર્થમાં જો શબ્દને છેડે अञ्च् આવે તો તેનો અનુનાસિક ઊડી જતો નથી, એટલે રૂપો નિયમિત રીતે થાય છે; માત્ર તેના અન્તિમ 'च्'નો વ્યંજન પ્રત્યયો પહેલાં લોપ થાય છે.

प्राञ्च्

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને સં. | प्राङ् | प्राञ्चौ | प्राञ्चः |
| દ્વિ. | प्राञ्चम् | ,, | ,, |
| તૃ. | प्राञ्चा | प्राङ्भ्याम् | प्राङ्भिः ઇત્યાદિ |

## स् વ્યંજનાન્ત નામશબ્દો

૧૦૩ આ શબ્દોનાં રૂપ કરતી વખતે પુલ્લિંગમાં પ્ર૦ એ.વ.માં स्ની પહેલાં આવેલા अनो आ કરવો. चन्द्रमस्, दिवौकस्, अप्सरस्, उषस्, चेतस्, वनौकस्, नभस्, तेजस्, पयस्, मनस्, वचस्, वयस्, सरस्, स्रोतस् વગેરે स् વ્યંજનાન્ત શબ્દો છે. આમાં चन्द्रमस् અને दिवौकस् પુલ્લિંગમાં છે, अप्सरस् અને उषस् સ્ત્રીલિંગમાં છે, અને चेतस् તેમજ પછીના શબ્દો ન૦લિંગમાં છે. પુલ્લિંગ અને સ્ત્રીલિંગ શબ્દોનાં રૂપ એકસરખાં થાય છે, પણ ન૦લિંગનાં પ્ર૦, સં૦ અને દ્વિ૦ વિ.નાં રૂપો જુદાં થાય છે; બાકીનાં રૂપો પુલ્લિંગ પ્રમાણે કરવાં.

चन्द्रमस् ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | चन्द्रमाः | चन्द्रमसौ | चन्द्रमसः |
| દ્વિ. | चन्द्रमसम् | ,, | ,, |
| તૃ. | चन्द्रमसा | चन्द्रमोभ्याम् | चन्द्रमोभिः |
| ચ. | चन्द्रमसे | ,, | चन्द्रमोभ्यः |
| પં. | चन्द्रमसः | ,, | ,, |
| ષ. | ,, | चन्द्रमसोः | चन्द्रमसाम् |
| સ. | चन्द्रमसि | ,, | चन्द्रमस्सु |
| સં. | चन्द्रमः | चन्द्रमसौ | चन्द्रमसः |

वचस् ( નપુંસકલિંગ )

| વિભક્તિ | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. દ્વિ. સં. | वचः | वचसी | वचांसि |

બાકીનાં રૂપો चन्द्रमस् પ્રમાણે કરવાં.

૧૦૪ अनेहस्, पुरुदंसस् અને उशनस्નાં પ્ર૦ એ.વ.નાં રૂપો અનુક્રમે अनेहा, पुरुदंसा અને उशना થાય છે. उशनस्નાં સં૦ વિ.માં उशनन्, उशन અને उशनः એવાં ત્રણ રૂપો થાય છે. બાકીનાં રૂપો चन्दमस् જેવાં કરવાં.

૧૦૫ स्रस्, ध्वस्, सुहिंस् અને जिघांस् એમનાં રૂપો નીચે પ્રમાણે થાય છે.

| પુલ્લિંગ | પ્ર૦એ.વ | પ્ર૦દ્વિ.વ. | તૃ૦એ.વ. | તૃ૦દ્વિ.વ. | સ૦બ.વ. |
|---|---|---|---|---|---|
| स्रस् | स्रत् | स्रसौ | स्रसा | स्रद्भ्याम् | स्रत्सु |
| ध्वस् | ध्वत् | ध्वसौ | ध्वसा | ध्वद्भ्याम् | ध्वत्सु |
| जिघांस् | जिघान् | जिघांसौ | जिघांसा | जिघान्भ्याम् | जिघान्सु–न्त्सु |

स्रस् ( નપુંસકલિંગ )

| વિભક્તિ | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. દ્વિ. સં. | स्रत् | स्रसी | स्रंसि |

૧૦૬ पुम्स्‌નાં રૂપો નીચે પ્રમાણે યાદ રાખવાં.

पुंम्स् ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | पुमान् | पुमांसौ | पुमांसः |
| દ્વિ. | पुमांसम् | ,, | पुंसः |
| તૃ. | पुंसा | पुम्भ्याम् | पुम्भिः |
| ચ. | पुंसे | ,, | पुम्भ्यः |
| પં. | पुंसः | ,, | ,, |
| ષ. | ,, | पुंसोः | पुंसाम् |
| સ. | पुंसि | ,, | पुंसु |
| સં. | पुमन् | पुमांसौ | पुमांसः |

सुपुम्स्‌નાં પ્ર૦, સં૦ અને દ્વિ૦ વિ.નાં રૂપો सुपुम्, सुपुंसी, सुपुमांसि એ પ્રમાણે થાય છે; બાકીનાં રૂપો પુલ્લિંગ પ્રમાણે કરવાં.

૧૦૭ इस्, उस्, અથવા ओस् જેને છેડે હોય એવા નામશબ્દોનાં રૂપો પુ૦ અને સ્ત્રીલિંગમાં चन्द्रमस् જેવાં કરવાં, પણ ન૦ લિંગમાં वचस् જેવાં કરવાં.

| | પ્ર૦ એ.વ. | પ્ર૦ દ્વિ.વ. |
|---|---|---|
| उदर्चिस् | उदर्चिः | उदर्चिषौ |
| दीर्घायुस् | दीर्घायुः | दीर्घायुषौ |
| अतिधनुस् | अतिधनुः | अतिधनुषौ |
| दोस् | दोः | दोषौ |

| તૃ० એ.વ. | તૃ०દ્વિ. | સ० બ.વ |
|---|---|---|
| उदर्चिषा | उदर्चिर्भ्याम् | उदर्चिष्षु–ःषु |
| दीर्घायुषा | दीर्घायुर्भ्याम् | दीर्घायुष्षु–ःषु |
| अतिधनुषा | अतिधनुर्भ्याम् | अतिधनुष्षु–ःषु |
| दोषा | दोर्भ्याम् | दोष्षु–ःषु |

નપુંસકલિંગનાં રૂપો

| | વિ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|---|
| उदर्चिस् | પ્ર. દ્વિ. સં. | उदर्चिः | उदर्चिषी | उदर्चींषि |
| दोस् | | दोः | दोषी | दोंषि |

૧૦૮ आशिष्, सजुष्, चिकीर्ष्, पिपठिष તેમજ गिर्, धुर् અને पुर् શબ્દોના ઉપાન્ત્ય इ અગર उને બદલે વ્યંજન પ્રત્યયો પહેલાં ई અગર ऊ મુકાય છે.

| | પ્ર० એ.વ. | પ્ર० દ્વિ. |
|---|---|---|
| आशिष् | आशीः | आशिषौ |
| सजुष् (સ્ત્રીલિંગ) | सजूः | सजुषौ |
| चिकीर्ष् | चिकीः | चिकीर्षौ |
| गिर् | गीः | गिरौ |
| धुर् | धूः | धुरौ |
| पुर् | पूः | पुरौ |

| તૃ० એ.વ. | તૃ० દ્વિ. | સ० બ.વ. |
|---|---|---|
| आशिषा | आशीर्भ्याम् | आशीष्षु–ःषु |
| सजुषा | सजूर्भ्याम् | सजूष्षु–ःषु |
| चिकीर्षा | चिकीर्भ्याम् | चिकीर्षु |
| गिरा | गीर्भ्याम् | गीर्षु |
| धुरा | धूर्भ्याम् | धूर्षु |
| पुरा | पूर्भ्याम् | पूर्षु |

નપુંસકલિંગનાં રૂપો

| | વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|
| चिकीर्ष् | પ્ર. દ્વિ. સં. | चिकीः | चिकीर्षी | चिकीर्षि |

બાકીનાં રૂપો પુલ્લિંગ પ્રમાણે કરવાં.

## मत् અને वत् પ્રત્યયાન્ત નામશબ્દો

૧૦૯ मत् અને वत प्રત્યયાન્ત શબ્દોનાં રૂપ કરતી વખતે નીચેના નિયમો યાદ રાખવા.

(૧) પ્ર૦ એ.વ.થી દ્વિ૦ દ્વિ.વ. સુધીના પાંચ પ્રત્યયો અને સં૦ માં त्‌ની પૂર્વે न् ઉમેરાય છે.

(૨) પ્ર૦ એ.વ.માં અને સં૦ એ.વ.માં છેલ્લો त् ઊડી જાય છે.

(૩) પ્ર૦ એ.વ.માં न्‌ની પહેલાંના ઉપાન્ત્ય अનો आ થાય છે.

भगवत् ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | भगवान् | भगवन्तौ | भगवन्तः |
| દ્વિ. | भगवन्तम् | ,, | भगवतः |
| તૃ. | भगवता | भगवद्भ्याम् | भगवद्भिः |
| ચ. | भगवते | ,, | भगवद्भ्यः |
| પં. | भगवतः | ,, | ,, |
| ષ. | ,, | भगवतोः | भगवताम् |
| સ. | भगवति | ,, | भगवत्सु |
| સં. | भगवन् | भगवन्तौ | भगवन्तः |

આ જ પ્રમાણે विद्यावत्, श्रीमत्, धीमत्, यावत्, एतावत्, इयत्, कियत्, बुद्धिमत् વગેરેનાં રૂપો કરવાં.

૧૧૦ अत् પ્રત્યયાન્ત શબ્દને ઉપરના આંક ૧૦૯ના નિયમ લાગે છે; માત્ર એટલો ફેર છે કે પહેલાં પાંચ રૂપોમાં તેમજ સં૦ના દ્વિવ. અને બ.વ.માં ઉપાન્ત્ય अનો आ થાય છે.

महत् ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | महान् | महान्तौ | महान्तः |
| દ્વિ. | महान्तम् | ,, | महतः |
| તૃ. | महता | महद्भ्याम् | महद्भिः |
| સં. | महन् | महान्तौ | महान्तः |

૧૧૧ નપુંસકલિંગનાં રૂપોમાં માત્ર પ્રત્યયો જ લગાડવાના છે.

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. | |
|---|---|---|---|---|
| પ્ર. દ્વિ. સં. | धीमत् | धीमती | धीमन्ति | બાકીનાં પુલ્લિંગ પ્રમાણે. |
| | महत् | महती | महान्ति | ,, ,, ,, |

૧૧૨ સંસ્કૃતમાં પરસ્મૈપદ ધાતુઓને अत् પ્રત્યય લગાડીને વર્તમાન કૃદન્તનાં રૂપો કરવામાં આવે છે. તે રૂપો સામાન્ય રીતે भगवत् પ્રમાણે કરવાં; માત્ર પ્ર૦ એ.વ.માં न्‌ની પૂર્વનો अ લંબાતો નથી. છઠ્ઠા ગણના વર્તમાન કૃદંતમાં न् વિકલ્પે લગાડવામાં આવે છે.

गच्छत्

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | गच्छन् | गच्छन्तौ | गच्छन्तः |
| દ્વિ. | गच्छन्तम् | ,, | गच्छतः |
| તૃ. | गच्छता | गच्छद्भ्याम् | गच्छद्भिः વગેરે |

બાકીનાં રૂપો भगवत् પુલ્લિંગ પેઠે કરવાં.

विश् ( ૬ઠ્ઠો ગણ )

પ્ર. विशन् विशतौ–विशन्तौ विशतः–विशन्तः પ્રમાણે કરવાં.

૧૧૩ ત્રીજા ગણના ધાતુનાં વર્તમાન કૃદન્તનાં રૂપો તેમજ शासत्, जक्षत्, चकासत्, दरिद्रत्, जाग्रत्, दीव्यत् અને वेव्यत्નાં રૂપો કરતી વખતે न् મૂકવામાં આવતો નથી.

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | शासत् | शासतौ | शासतः |
| દ્વિ. | शासतम् | ,, | ,, |
| તૃ. | शासता | शासद्भ्याम् | शासद्भिः |

બાકીનાં રૂપો भगवत् પુલ્લિંગ પ્રમાણે કરવાં.

૧૧૪ નo લિંગનાં રૂપ કરતી વખતે ૧લા, ૪થા અને ૧૦મા ગણના ધાતુઓના પ્રo, દ્વિo અને સંoના દ્વિવ.માં न् વચ્ચે મુકાય છે. છઠ્ઠા ગણના અને બીજા ગણના ધાતુઓ જેમને છેડે આ છે તેનાં, स्यत् અને ष्यत् પ્રત્યયવાળાં ભવિષ્ય કૃદંતનાં રૂપો કરતી વખતે न् વિકલ્પે લગાડવામાં આવે છે. બાકી બીજાં વર્તમાન કૃદન્તનાં રૂપોમાં न् લાગતો નથી.

| | | | પ્ર. દ્વિ. સં. | | |
|---|---|---|---|---|---|
| ધાતુ | ગણ | વર્ત. કૃદંત | એ.વ. | દ્વિવ. | બ.વ. |
| भू | ૧ | भवत् | भवत् | भवन्ती | भवन्ति |
| नृत् | ૪ | नृत्यत् | नृत्यत् | नृत्यन्ती | नृत्यन्ति |
| तड् | ૧૦ | ताडयत् | ताडयत् | ताडयन्ती | ताडयन्ति |
| विश् | ६ | विशत् | विशत् | विशन्ती–विशती | विशन्ति |
| या | २ | यात् | यात् | यान्ती–याती | यान्ति |
| अद् | २ | अदत् | अदत् | अदती | अदन्ति |
| आप् | ५ | आप्नुवत् | आप्नुवत् | आप्नुवती | आप्नुवन्ति |
| कृ | ८ | कुर्वत् | कुर्वत् | कुर्वती | कुर्वन्ति |
| गृह् | ९ | गृह्णत् | गृह्णत् | गृह्णती | गृह्णन्ति |
| | | ભવિષ્ય કૃo | | | |
| गम् | २ | गमिष्यत् | गमिष्यत् | गमिष्यन्ती-गमिष्यती | गमिष्यन्ति |

ત્રીજા ગણુના ધાતુઓ તેમજ शास्, जक्ष् વગેરે ધાતુઓનાં વર્તમાન કૃદન્તો જે આંક ૧૧૩માં આપેલાં છે, તેમનાં નપુંસકલિંગનાં રૂપો કરતી વખતે પ્ર૦, દ્વિ૦ અને સં૦ વિ.ના બહુવચનમાં न् વિકલ્પે મુકાય છે.

| | | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|---|
| दा (૩જો ગણુ) | ददत् | ददत् | ददती | ददति–ददन्ति |
| शास् | शासत् | शासत् | शासती | शासति–शासन्ति |

૧૧૫ આ વર્તમાન કૃદન્તનાં સ્ત્રીલિંગનાં રૂપો કરતી વખતે ન૦લિંગનું પ્ર૦ દ્વિવ.નું રૂપ તેના મૂળ શબ્દ તરીકે લેવું, અને પછી તેને નદીના પ્રત્યયો લગાડવા.

| | | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|---|
| भवत्‌નું | भवन्ती | भवन्ती | भवन्त्यौ | भवन्त्यः |
| यात्‌નું | याती-यान्ती | याती-यान्ती | यात्यौ-यान्त्यौ | यात्यः-यान्त्यः |
| ददत्‌નું | ददती | ददती | ददत्यौ | ददत्यः |

बृहत् ( પુ૦ અને ન૦ ) મોટું, पृषत्, (પુ૦) હરિણ અને (ન૦) બિન્દુ, जगत्, (ન૦)નાં રૂપો गच्छत् પુલ્લિંગ અને નપુંસકલિંગની માફક કરવાં.

| | | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|---|
| बृहत् | (પુ૦) | बृहन् | बृहन्तौ | बृहन्तः |
| पृषत् | | पृषन् | पृषन्तौ | पृषन्तः |
| बृहत् | (ન૦) | बृहत् | बृहती | बृहन्ति |
| पृषत् | | पृषत् | पृषती | पृषन्ति |
| जगत् | | जगत् | जगती | जगन्ति |

૧૧૬ यकृत् અને शकृत् બન્ને નંલિંગમાં છે. તેમનાં રૂપો કરતી વખતે દ્વિ૦ બ.વ.થી यकन् અને शकन्નાં રૂપો વિકલ્પે થાય છે. यकृत् અને शकृत्નાં નંલિંગનાં રૂપો त् પ્રત્યયાન્ત महत्‌ની માફક કરવાં, પણ ત્યાં न् ઉમેરાતો નથી. यकन् અને शकन्નાં રૂપો આંક ૧૧૯માં આપેલા नामन्નાં રૂપો પ્રમાણે કરવાં.

| | વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|---|
| यकृत् | પ્ર. | यकृत्–द् | यकृती | यकृन्ति–यकानि |
| शकृत् | પ્ર. | शकृत्–द् | शकृती | शकृन्ति–शकानि |

## अन् પ્રત્યયાન્ત નામશબ્દો

૧૧૭ (क) राजन्, ब्रह्मन्, आत्मन्, मूर्धन्, यज्वन्, अध्वन् વગેરે પુલ્લિંગના છે, અને सीमन् સ્ત્રીલિંગનો છે. આ શબ્દો अन् પ્રત્યયાન્ત છે. આ શબ્દોના બે પ્રકાર છે: (૧) અન્ત્ય अन्‌ની પૂર્વે સંયુક્ત વ્યંજન આવ્યો હોય તેવા, અને (૨) જેમાં સંયુક્ત વ્યંજન ન હોય તેવા. જો अन्‌ની પૂર્વે સંયુક્ત વ્યંજન આવ્યો હોય અને તે સંયુકત વ્યંજનનો બીજો અવયવ म् કે व् હોય, તો તે શબ્દોને માત્ર વિભકિતના પ્રત્યયો લગાડવા. તે સિવાયના તમામ વ્યંજનો સંયુક્ત અગર સાદા હોય, તો દ્વિ૦ બ.વ.થી સ્વર પ્રત્યયો પૂર્વે अन्ના अનો લોપ કરવો. आत्मन्, यज्वन् અને अध्वन्ના अन्‌ની પૂર્વે અનુક્રમે त्म्, ज्व् અને ध्व् સંયુકત વ્યંજન છે, અને તેમનો છેલ્લા અવયવ म्, व् અને व् અનુક્રમે છે, માટે દ્વિ૦ બ.વ.થી સ્વરાન્ત

પ્રત્યયો પછી अन्‌ના अનો લોપ થશે નહિ; પણ सीमन्‌માં म् છતાં તે સંયુક્ત નથી માટે, તેમજ राजन्, मूर्धन्, (જો કે સંયુક્ત છે છતાં તેમાં म् કે व् નથી માટે) વગેરેમાં अ લોપાય છે.

(ख) अन् પ્રત્યયાન્ત નામશબ્દોના પ્ર૦, દ્વિ૦ એ.વ. અને દ્વિ.વ.માં તેમજ સં૦ એ.વ. અને દ્વિ.વ.માં પ્રત્યયો લગાડતા પૂર્વે अन्‌નો अ લંબાય છે.

(ग) વ્યંજન પ્રત્યયો પૂર્વે અંત્ય न् લોપાય છે.

(घ) સ૦ એ.વ.માં म् અને व् સંયુક્ત વ્યંજન સિવાયના વ્યંજનોમાં अનો વિકલ્પે લોપ થાય છે.

૧૧૮ राजन् ( पुल्लिंग )

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | राजा | राजानौ | राजानः |
| દ્વિ. | राजानम् | ,, | राज्ञः |
| તૃ. | राज्ञा | राजभ्याम् | राजभिः |
| ચ. | राज्ञे | ,, | राजभ्यः |
| પં. | राज्ञः | ,, | ,, |
| ષ. | ,, | राज्ञोः | राज्ञाम् |
| સ. | राजनि–राज्ञि | ,, | राजसु |
| સં. | राजन् | राजानौ | राजानः |

દ્વિ૦ બહુવચનથી સ્વર પ્રત્યય લગાડતી વખતે જ્યાં अનો લોપ થતો હોય, ત્યાં સંધિનો નિયમ બરાબર જાળવવો. राजन्‌ને દ્વિ૦ બ.વ.માં अस् પ્રત્યય લાગ્યો. અહીંઆં अन्‌ના अનો લોપ થયો; કારણ કે ત્યાં સંયુક્ત म् કે व् નથી. આથી

राज् + न् + अस् બાકી રહ્યા. એની સંધિ કરતાં જ્ + ન્નો ञ् થયો, એટલે राञ् + अस् રહ્યાઃ એની સંધિ થતાં राज्ञः એવું રૂપ થયું.

| | પ્ર૦ એ.વ. | પ્ર૦ દ્વિવ. |
|---|---|---|
| ब्रह्मन् | ब्रह्मा | ब्रह्माणौ |
| आत्मन् | आत्मा | आत्मानौ |
| मूर्धन् | मूर्धा | मूर्धानौ |
| सीमन् | सीमा | सीमानौ |
| यज्वन् | यज्वा | यज्वानौ |

| તૃ૦ એ.વ. | તૃ૦ દ્વિવ. | સ૦ એ.વ. | સ૦ બ.વ. |
|---|---|---|---|
| ब्रह्मणा | ब्रह्मभ्याम् | ब्रह्मणि | ब्रह्मसु |
| आत्मना | आत्मभ्याम् | आत्मनि | आत्मसु |
| मूर्ध्ना | मूर्धभ्याम् | मूर्धनि–मूर्ध्नि | मूर्धसु |
| सीम्ना | सीमभ्याम् | सीमनि–सीम्नि | सीमसु |
| यज्वना | यज्वभ्याम् | यज्वनि | यज्वसु |

૧૧૯ नामन्, कर्मन्, धामन्, मर्मन्, वर्मन्, शर्मन् એ શબ્દો ન૦લિંગમાં છે. તેમનાં પ્ર૦, દ્વિ૦અને સં૦ સિવાયનાં રૂપો राजन् અને आत्मन् જેવાં કરવાં. જો अन् પહેલાં સંયુક્ત વ્યંજન આવેલો હોય અને તેનો અન્તિમ म् અગર व् હોય, તો પ્ર૦, દ્વિ૦ અને સં૦ ના દ્વિવચનમાં अन्नो अ લોપાતો નથી; બાકીના બીજા દાખલાઓમાં अनो લોપ વિકલ્પે કરવો. પ્ર૦ અને દ્વિ૦ એ.વ. માં न् ઊડી જાય છે. સં૦ એ.વ૦માં તે વિકલ્પે રહે છે. પ્ર૦, દ્વિ૦ અને સં૦ ના બ.વ.ના પ્રત્યય પહેલાં अन्नो अ લંબાય છે.

| | | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|
| नामन् | પ્ર૦દ્વિ૦ | नाम | नाम्नी–नामनी | नामानि |
| | સં૦ | नाम–नामन् | ,, ,, | ,, |
| कर्मन् | પ્ર૦દ્વિ૦ | कर्म | कर्मणी | कर्माणि |
| | સં૦ | कर्म–कर्मन् | ,, | ,, |
| धामन् | પ્ર૦દ્વિ૦ | धाम | धाम्नी–धामनी | धामानि |
| | સં૦ | धाम–धामन् | ,, ,, | ,, |

मर्मन्, वर्मन् અને शर्मन्નાં રૂપ कर्मन् જેવાં કરવાં.

૧૨૦ पूषन्, अर्यमन् અને हन् જેને અન્તે હોય તેવા નામશબ્દોના अन्નો अ પ્રથમા એકવચનમાં જ લંબાય છેઃ ह પછી हन्ના न्નો ण् થઈ જાય છે.

पूषन् ( પુલ્લિંગ ) સૂર્ય

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | पूषा | पूषणौ | पूषणः |
| દ્વિ. | पूषणम् | ,, | पूष्णः |
| તૃ. | पूष्णा | पूषभ्याम् | पूषभिः |
| સં. | पूषन् | पूषणौ | पूषणः |

| | પ્ર૦એ.વ. | પ્ર૦દ્વિ.વ. | તૃ૦એ.વ. | તૃ૦દ્વિ.વ. | સ૦બ.વ. |
|---|---|---|---|---|---|
| वृत्रहन् | वृत्रहा | वृत्रहणौ | वृत्रघ्ना | वृत्रहभ्याम् | वृत्रहसु |

૧૨૧ श्वन्, युवन् અને मघवन्ના व्નો દ્વિ૦ બ.વ.થી સ્વર પ્રત્યયો પહેલાં उ થાય છે, અને તે उ પૂર્વના સ્વરની સાથે મળવાથી સંધિ થાય છે.

### श्वन् ( પુંલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | श्वा | श्वानौ | श्वानः |
| દ્વિ. | श्वानम् | ,, | शुनः |
| તૃ. | शुना | श्वभ्याम् | श्वभिः |
| ચ. | शुने | ,, | श्वभ्यः |
| પં. | शुनः | ,, | ,, |
| ષ. | ,, | शुनोः | शुनाम् |
| સ. | शुनि | ,, | श्वसु |
| સં. | श्वन् | श्वानौ | श्वानः |

### मघवन् ( પુંલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | मघवा | मघवानौ | मघवानः |
| દ્વિ. | मघवानम् | ,, | मघोनः |
| તૃ. | मघोना | मघवभ्याम् | मघवभिः વગેરે |

બાકીનાં રૂપો ઉપર પ્રમાણે કરવાં.

### युवन् ( પુંલ્લિંગ )

| | | | |
|---|---|---|---|
| પ્ર. | युवा | युवानौ | युवानः |
| દ્વિ. | युवानम् | ,, | यूनः |
| તૃ. | यूना | युवभ्याम् | युवभिः વગેરે |

બાકીનાં રૂપો ઉપર પ્રમાણે કરવાં.

૧૨૨ दीर्घाहन् પુંલ્લિંગ અને अहन् નંલિંગનાં રૂપો વ્યંજન પ્રત્યયો પૂર્વે चन्द्रमस् અને मनस् જેવાં થાય છે, પણ સ્વર પ્રત્યયો પૂર્વે राजन् અને नामन् જેવાં થાય છે.

दीर्घाहन् ( પુંલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | दीर्घाहा: | दीर्घाहाणौ | दीर्घाहाणः |
| દ્વિ. | दीर्घाहाणम् | ,, | ,, |
| તૃ. | दीर्घाह्णा | दीर्घाहोभ्याम् | दीर्घाहोभिः |
| ચ. | दीर्घाह्णे | ,, | दीर्घाहोभ्यः |
| પં. | दीर्घाह्णः | ,, | ,, |
| ષ. | ,, | दीर्घाह्णोः | दीर्घाह्णाम् |
| સ. | दीर्घाह्णि–हणि | ,, | दीर्घाहसु |
| સં. | दीर्घाहः | दीर्घाहाणौ | दीर्घाहाणः |

अहन् ( નપુંસકલિંગ ) દિવસ

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | अहः | अहनी–अह्नी | अहानि |
| દ્વિ. | ,, | ,, | ,, |
| તૃ. | अह्ना | अहोभ्याम् | अहोभिः |
| ચ. | अह्ने | ,, | अहोभ्यः |
| પં. | अह्नः | ,, | ,, |
| ષ. | ,, | अह्नोः | अह्नाम् |
| સ. | अहनि–अह्नि | ,, | अहस्सु |
| સં. | अहः | अहनी–अह्नी | अहानि |

૧૨૩ अर्वन्‌નાં રૂપો પ્ર૦ અને સં૦ એકવચન સિવાય તમામ સ્થળે अर्वत् જેવાં થાય છે.

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | अर्वा | अर्वन्तौ | अर्वन्तः |
| દ્વિ. | अर्वन्तम् | ,, | अर्वतः |
| તૃ. | अर्वता | अर्वद्भ्याम् | अर्वद्भिः વગેરે |

# अन् प्रत्ययान्त शब्दोनुं कोष्ठक

## पुंल्लिंग

| સંયુક્ત | | અસંયુક્ત | અનિયમિત |
|---|---|---|---|
| સંયુક્તનો અન્તિમ म् અગર व् હોય તેવા. જેમકે अध्वन्, आत्मन् વગેરે. | म् અગર व् સિવાયના સંયુક્ત વ્યંજનવાળા. જેમકે मूर्धन् | सीमन्, राजन् વગેરે. | (૧) पूषन्, अर्यमन्, वृत्रहन्.<br>(૨) श्वन्, युवन् અને मघवन्. અહીંઆં व्नो उ થાય છે.<br>(૩) दीर्घाहन्. વ્યંજન પ્રત્યયો પહેલાં चन्द्रमस् જેવાં રૂપો, અને સ્વર પ્રત્યયો પહેલાં राजन्‌ની માફક.<br>(૪) अर्वन्. ફક્ત પ્ર૦ એ.વ.માં अध्वन् જેવાં; બાકી બધે अर्वत् શબ્દ લેવો, અને भगवत् માફક રૂપ કરવાં. |
| દ્વિ૦ બ.વ.થી સ્વર પ્રત્યયો પહેલાં अन्‌ના अनो લોપ થતો નથી. | अनो લોપ થાય છે. | अनो લોપ થાય છે. | |

## નપુંસકલિંગ

| નિયમિત | | અનિયમિત |
|---|---|---|
| સંયુક્ત | અસંયુક્ત | |
| कर्मन् જેવાં.<br>अनो લોપ થતો નથી. | नामन् જેવાં.<br>પ્ર૦, દ્વિ૦ અને સં૦ દ્વિ.વ.માં અને તૃ૦ એ.વ.થી ઉપાન્ત્ય अनो લોપ થાય છે. | अहन्. વ્યંજન પ્રત્યય પહેલાં मनस् જેવાં. |

## इन् પ્રત્યયાન્ત નામશબ્દો

૧૨૪ शशिन्, पक्षिन्, करिन्, हस्तिन् વગેરે इन् પ્રત્યયાન્ત શબ્દો છે. તેમનાં પુલ્લિંગનાં રૂપો નીચે પ્રમાણે થાય છે.

### शशिन् ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | शशी | शशिनौ | शशिनः |
| દ્વિ. | शशिनम् | ,, | ,, |
| તૃ. | शशिना | शशिभ्याम् | शशिभिः |
| ચ. | शशिने | ,, | शशिभ्यः |
| પં. | शशिनः | ,, | ,, |
| ષ. | ,, | शशिनोः | शशिनाम् |
| સ. | शशिनि | ,, | शशिषु |
| સં. | शशिन् | शशिनौ | शशिनः |

૧૨૫ पथिन् (રસ્તો), मथिन, (વલોવવાનો દંડ, રવૈયો) અને ऋभुक्षिन् (ઇંદ્રનું નામ)નાં રૂપો અનિયમિત છે. તેમનાં પ્રથમનાં પાંચ રૂપો અનિયમિત છે. દ્વિ૦ બ.વ.થી સ્વર પ્રત્યય પહેલાં इन् ઊડી જાય છે.

### पथिन् ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને સં. | पन्थाः | पन्थानौ | पन्थानः |
| દ્વિ. | पन्थानम् | ,, | पथः |
| તૃ. | पथा | पथिभ्याम् | पथिभिः |
| ચ. | पथे | ,, | पथिभ्यः |
| પં. | पथः | ,, | ,, |
| ષ. | ,, | पथोः | पथाम् |
| સ. | पथि | ,, | पथिषु |

તે જ પ્રમાણે मथिन् અને ऋभुक्षिन्નાં રૂપો કરવાં.

| | પ્ર૦એ.વ. | દ્વિ.વ. |
|---|---|---|
| मथिन् | मन्थाः | मन्थानौ |
| ऋभुक्षिन् | ऋभुक्षाः | ऋभुक्षाणौ |
| દ્વિ૦બ.વ. | તૃ૦બ.વ. | સ૦બ.વ. |
| मथः | मथिभ्याम् | मथिषु |
| ऋभुक्षः | ऋभुक्षिभ्याम् | ऋभुक्षिषु |

૧૨૬ भाविन् એ ન૦લિંગમાં છે. તેનાં પ્ર૦, દ્વિ૦ અને સં૦ સિવાયનાં બાકીનાં રૂપો शशिन् જેવાં થાય છે.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. / દ્વિ. | भावी | भाविनी | भावीनि |
| સં. | भावि–भाविन् | ,, | ,, |

તમામ इन् પ્રત્યયાન્ત ન૦લિંગનાં રૂપ ઉપર પ્રમાણે કરવાં.

૧૨૭ इन् પ્રત્યયાન્ત વિશેષણ શબ્દોનાં સ્ત્રીલિંગનાં રૂપ કરવાં હોય તો ई પ્રત્યય લગાડવો, અને नदी પ્રમાણે રૂપ કરવાં.

विषयिनનું સ્ત્રીલિંગનું રૂપ विषयिणी થાય છે. પછી नदी પ્રમાણે રૂપ લો.

## वस्, इवस् અને यस् પ્રત્યયાન્ત નામશબ્દો

૧૨૮ विद्वस्, सेदिवस्, तस्थिवस्, अध्युषिवस्, जग्मिवस्, श्रेयस्, प्रेयस्, गरीयस्, लघीयस्, यस् વગેરે શબ્દો वस्, इवस् અને यस् પ્રત્યયાન્ત છે. આ શબ્દો વિશેષણ છે, તેથી તેમનાં પુ૦, ન૦ અને સ્ત્રીલિંગનાં રૂપો જુદી જુદી રીતે થાય છે.

वस् પ્રત્યયાન્ત પુલ્લિંગનાં રૂપો विद्वस् પ્રમાણે કરવાં.

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | विद्वान् | विद्वांसौ | विद्वांसः |
| દ્વિ. | विद्वांसम् | ,, | विदुषः |
| તૃ. | विदुषा | विद्वद्भ्याम् | विद्वद्भिः |
| ચ. | विदुषे | ,, | विद्वद्भ्यः |
| પં. | विदुषः | ,, | ,, |
| ષ. | ,, | विदुषोः | विदुषाम् |
| સ. | विदुषि | ,, | विद्वत्सु |
| સં. | विद्वन् | विद्वांसौ | विद्वांसः |

**નિયમ:** અહીંઆં અંત્ય स्‌ની પૂર્વે પ્રથમ પાંચ રૂપોમાં न् ઉમેરાય છે, અને તેનો અનુનાસિક થાય છે. પ્ર૦એ.વ.માં न्‌નો અનુનાસિક થતો નથી. દ્વિ૦ બ.વ.થી સ્વર પ્રત્યયો પૂર્વે वस्‌ના व्‌નો उ કરવો. તૃ૦દ્વિ.વ.થી વ્યંજન પ્રત્યય પૂર્વે स्‌નો त् કરવો.

इवस् પ્રત્યયાન્ત શબ્દોનાં રૂપો वस् પ્રત્યયાન્ત શબ્દોની માફક જ થાય છે; ફક્ત દ્વિ૦ બ.વ.થી સ્વર પ્રત્યય પહેલાં इवस्‌ના इ‌નો લોપ કરવો, અને બાકી રહેલા वस्‌ના व्‌નો ઉપર પ્રમાણે उ કરવો.

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | सेदिवान् | सेदिवांसौ | सेदिवांसः |
| દ્વિ. | सेदिवांसम् | ,, | सेदुषः |
| તૃ. | सेदुषा | सेदिवद्भ्याम् | सेदिवद्भिः |

બાકીનાં રૂપો विद्वस् પ્રમાણે કરવાં. આ જ પ્રમાણે निनीवस्, शुश्रुवस्, जग्मिवस् અથવા जगन्वस्‌નાં રૂપો કરવાં.

૧૨૯ यस् પ્રત્યયાન્ત પુલ્લિંગનાં રૂપો विद्वस् (પુ૦) પ્રમાણે કરવાં; પણ તૃ૦ બ.વ.થી વ્યંજન પ્રત્યયો પહેલાં चन्द्रमस् પ્રમાણે કરવાં. દ્વિ૦ બ.વ.થી સ્વર પ્રત્યયો પૂર્વે यस्‌માં ફેરફાર થતો નથી.

श्रेयस् ( પુંલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. અને સં. | श्रेयान् | श्रेयांसौ | श्रेयांसः |
| દ્વિ. | श्रेयांसम् | ,, | श्रेयसः |
| તૃ. | श्रेयसा | श्रेयोभ्याम् | श्रेयोभिः |
| ચ. | श्रेयसे | ,, | श्रेयोभ्यः |
| પં. | श्रेयसः | ,, | ,, |
| ષ. | ,, | श्रेयसोः | श्रेयसाम् |
| સ. | श्रेयसि | ,, | श्रेयस्सु |

૧૩૦ वस् અને इवस્નાં ન૦લિંગનાં રૂપો પ્ર૦, દ્વિ૦ અને સં૦ સિવાય તમામ વિભક્તિઓમાં विद्वस् (પુ૦) પ્રમાણે થાય છે. પ્ર૦, દ્વિ૦ અને સં૦નાં રૂપો સરખાં છે.

विद्वस् ( નપુંસકલિંગ )

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. દ્વિ. સં. | विद्वत् | विदुषी | विद्वांसि |

અહીંઆં દ્વિ.વ.નો ई પ્રત્યય સ્વર હોવાથી वस્‌ના व્‌નો उ થાય છે, અને બ.વ.ના इ પ્રત્યય પહેલાં वस્‌ના व્‌નો उ થઈને પછી લંબાય છે.

तस्थिवस्‌નાં રૂપો પણ તે જ પ્રમાણે થાય છે.

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. દ્વિ. સં. | तस्थिवत् | तस्थुषी | तस्थिवांसि |

यस् પ્રત્યયાન્ત ન૦લિંગનાં રૂપો પ્ર૦, દ્વિ૦ અને સં૦ સિવાય બીજી વિભક્તિમાં श्रेयस् (પુ૦) જેવાં કરવાં. પ્ર૦, દ્વિ૦ અને સં૦નાં રૂપો સરખાં છે. તેમનાં રૂપો નીચે પ્રમાણે છે.

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. દ્વિ. સં. | प्रेयः | प्रेयसी | प्रेयांसि |

## પ્રકરણ ૪ થું

## સર્વનામ

૧૩૧ સર્વનામના જુદા જુદા પ્રકારો છેઃ પુરુષવાચક, દર્શક, સાપેક્ષ, પ્રશ્નાર્થ, અનિશ્ચિત, અન્યોન્યવાચક, સ્વવાચક અને સંબંધી.

### પુરુષવાચક સર્વનામ ( Personal Pronoun )

૧૩૨ अस्मद्, युष्मद् અને भवत् એ પુરુષવાચક સર્વનામ છે. अस्मद् અને युष्मद् પુ૦, સ્ત્રી અને ન૦ એમ ત્રણે લિંગોમાં સમાન રૂપો લે છે.

अस्मद्

| વિ. | એ.વ. | દ્વિ વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | अहम् | आवाम् | वयम् |
| દ્વિ. | माम्–मा | आवाम्–नौ | अस्मान्–नः |
| તૃ. | मया | आवाभ्याम् | अस्माभिः |
| ચ. | मह्यम्–मे | आवाभ्याम्–नौ | अस्मभ्यम्–नः |
| પં. | मत् | आवाभ्याम् | अस्मत् |
| ષ. | मम–मे | आवयोः–नौ | अस्माकम्–नः |
| સ. | मयि | आवयोः | अस्मासु |

युष्मद्

| વિ. | એ.વ. | દ્વિ વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | त्वम् | युवाम् | यूयम् |
| દ્વિ. | त्वाम्–त्वा | युवाम्–वाम् | युष्मान्–वः |
| તૃ. | त्वया | युवाभ्याम् | युष्माभिः |
| ચ. | तुभ्यम्–ते | युवाभ्याम्–वाम् | युष्मभ्यम्–वः |
| પં. | त्वत् | युवाभ्याम् | युष्मत् |
| ષ. | तव–ते | युवयोः–वाम् | युष्माकम्–वः |
| સ. | त्वयि | युवयोः | युष्मासु |

अस्मद् અને युष्मद्નાં સંબોધન વિભક્તિનાં રૂપો થતાં નથી.

૧૩૩ भवत्નાં રૂપ भगवत् પ્રમાણે કરવાં.

૧૩૪ **अस्मद् અને युष्मद्**નાં દ્વિ૰, ચ૰ અને ષ૰માં બે રૂપો વિકલ્પે આપ્યાં છે, પણ मा, नौ, नः જેવાં ટુંકા રૂપો કોઈ પણ વાકયના આરંભમાં, અગર શ્લોકના પાદના આરંભમાં, અને च, वा, ह, अह અને एव શબ્દોની પછી, તેમજ સંબોધન વિભક્તિ પછી તરતજ વપરાતાં નથી.

**દર્શક સર્વનામ** ( Demonstrative Pronoun )

૧૩૫ तद्, एतद् (આ), इदम् (આ) અને अदस् (તે) એ દર્શક સર્વનામો છે. એમનાં પુ૰, સ્ત્રી અને ન૰ લિંગમાં જુદાં જુદાં રૂપો થાય છે.

तद् ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | सः | तौ | ते |
| દ્વિ. | तम् | ,, | तान् |
| તૃ. | तेन | ताभ्याम् | तैः |
| ચ. | तस्मै | ,, | तेभ्यः |
| પં. | तस्मात् | ,, | ,, |
| ષ. | तस्य | तयोः | तेषाम् |
| સ. | तस्मिन् | ,, | तेषु |

तद् ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | सा | ते | ताः |
| દ્વિ. | ताम् | ,, | ,, |
| તૃ. | तया | ताभ्याम् | ताभिः |
| ચ. | तस्यै | ,, | ताभ्यः |
| પં. | तस्याः | ,, | ,, |
| ષ. | ,, | तयोः | तासाम् |
| સ. | तस्याम् | ,, | तासु |

तद् ( નપુંસકલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. દ્વિ. | तत् | ते | तानि |

બાકીનાં રૂપો પુલ્લિંગ પ્રમાણે કરવાં.

एतद्‌નાં રૂપ तद् પ્રમાણે કરવાં, પણ પ્ર૦ એ.વ. પુલ્લિંગમાં एषः અને સ્ત્રીલિંગમાં एषा થાય છે.

एतद् (પુલ્લિંગ)

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | एषः | एतौ | एते |
| દ્વિ. | एतम्–एनम् | एतौ–एनौ | एतान्–एनान् |
| તૃ. | एतेन–एनेन | एताभ्याम् | एतैः |
| ચ. | एतस्मै | ,, | एतेभ्यः |
| પં. | एतस्मात् | ,, | ,, |
| ષ. | एतस्य | एतयोः–एनयोः | एतेषाम् |
| સં. | एतस्मिन् | ,, ,, | एतेषु |

एतद् ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | एषा | एते | एताः |
| દ્વિ. | एताम्–एनाम् | एते–एने | एताः–एनाः |
| તૃ. | एतया–एनया | एताभ्याम् | एताभिः |

બાકીનાં રૂપો तद्‌નાં સ્ત્રીલિંગનાં રૂપો પ્રમાણે કરવાં.

દ્વિ૦ એ.વ., દ્વિ૦ બ.વ., તૃ૦ એ.વ., ષ૦ દ્વિવ. અને સ૦ દ્વિવ.માં તનો ન વિકલ્પે થાય છે.

## इदम् ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | अयम् | इमौ | इमे |
| દ્વિ. | इमम्—एनम् | इमौ—एनौ | इमान्—एनान् |
| તૃ. | अनेन—एनेन | आभ्याम् | एभिः |
| ચ. | अस्मै | ,, | एभ्यः |
| પં. | अस्मात् | ,, | ,, |
| ષ. | अस्य | अनयोः—एनयोः | एषाम् |
| સ. | अस्मिन् | ,, ,, | एषु |

## इदम् ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | इयम् | इमे | इमाः |
| દ્વિ. | इमाम्—एनाम् | इमे—एने | इमाः—एनाः |
| તૃ. | अनया—एनया | आभ्याम् | आभिः |
| ચ. | अस्यै | ,, | आभ्यः |
| પં. | अस्याः | ,, | ,, |
| ષ. | ,, | अनयोः—एनयोः | आसाम् |
| સ. | अस्याम् | ,, ,, | आसु |

## इदम् ( નપુંસકલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | इदम् | इमे | इमानि |
| દ્વિ. | इदम्—एनत् | इमे—एने | इमानि—एनानि |

બાકીનાં રૂપો પુલ્લિંગ પ્રમાણે કરવાં.

अदस् ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | असौ | अमू | अमी |
| દ્વિ. | अमुम् | ,, | अमून् |
| તૃ. | अमुना | अमूभ्याम् | अमीभिः |
| ચ. | अमुष्मै | ,, | अमीभ्यः |
| પં. | अमुष्मात् | ,, | ,, |
| ષ. | अमुष्य | अमुयोः | अमीषाम् |
| સ. | अमुष्मिन् | ,, | अमीषु |

अदस् ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | असौ | अमू | अमूः |
| દ્વિ. | अमूम् | ,, | ,, |
| તૃ. | अमुया | अमूभ्याम् | अमूभिः |
| ચ. | अमुष्यै | ,, | अमूभ्यः |
| પં. | अमुष्याः | ,, | ,, |
| ષ. | ,, | अमुयोः | अमूषाम् |
| સ. | अमुष्याम् | ,, | अमूषु |

अदस् ( નપુંસકલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ |
|---|---|---|---|
| પ્ર. દ્વિ. | अदः | अमू | अमूनि |

બાકીનાં રૂપો પુલ્લિંગ પ્રમાણે કરવાં.

**સાપેક્ષ સર્વનામ** ( Relative Pronoun )

૧૩૬ यद् એ સાપેક્ષ સર્વનામ છે. તેનાં પુ૦, સ્ત્રી અને ન૦ લિંગનાં રૂપો નીચે પ્રમાણે છે.

यद् ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | यः | यौ | ये |
| દ્વિ. | यम् | ,, | यान् |
| તૃ. | येन | याभ्याम् | यैः |
| ચ. | यस्मै | ,, | येभ्यः |
| પં. | यस्मात् | ,, | ,, |
| ષ. | यस्य | ययोः | येषाम् |
| સ. | यस्मिन् | ,, | येषु |

यद् ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | या | ये | याः |
| દ્વિ. | याम् | ,, | ,, |
| તૃ. | यया | याभ्याम् | याभिः |
| ચ. | यस्यै | ,, | याभ्यः |
| પં. | यस्याः | ,, | ,, |
| ષ. | ,, | ययोः | यासाम् |
| સ. | यस्याम् | ,, | यासु |

यद् ( નપુંસકલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. દ્વિ. | यत-यद | ये | यानि |

બાકીનાં રૂપો પુલ્લિંગ પ્રમાણે કરવાં.

**પ્રશ્નાર્થ સર્વનામ** ( Interrogative Pronoun )

૧૩૭ किम् એ પ્રશ્નાર્થ સર્વનામ છે.

किम् ( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | कः | कौ | के |
| દ્વિ. | कम् | ,, | कान् |
| તૃ. | केन | काभ्याम् | कैः |
| ચ. | कस्मै | ,, | केभ्यः |
| પં. | कस्मात् | ,, | ,, |
| ષ. | कस्य | कयोः | केषाम् |
| સ. | कस्मिन् | ,, | केषु |

किम् ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | का | के | काः |
| દ્વિ. | काम् | ,, | ,, |
| તૃ. | कया | काभ्याम् | काभिः |
| ચ. | कस्यै | ,, | काभ्यः |
| પં. | कस्याः | ,, | ,, |
| ષ. | ,, | कयोः | कासाम् |
| સ. | कस्याम् | ,, | कासु |

किम् ( નપુંસકલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. દ્વિ. | किम् | के | कानि |

બાકીનાં રૂપો પુલ્લિંગ પ્રમાણે કરવાં.

**અનિશ્ચિત સર્વનામ** ( Indefinite Pronoun )

૧૩૮ किम्‌ની સાથે કેટલીક વખત चित् અને अपि શબ્દો જોડાય છે, ત્યારે किंचित् અને किमपि એવા શબ્દો અનુક્રમે બને છે. તેમનાં રૂપો किम् પ્રમાણે કરવાં, પણ चित् અને अपि લગાડવા.

| | | પ્ર૦એ.વ. | તૃ૦એ.વ. | સ૦એ.વ. |
|---|---|---|---|---|
| किंचित् | પુ૦ | कश्चित् | केनचित् | कस्मिंश्चित् |
| ,, | સ્ત્રી | काचित् | कयाचित् | कस्यांचित् |
| किमपि | પુ૦ | कोऽपि | केनापि | कस्मिन्नपि |
| | સ્ત્રી | कापि | कयापि | कस्यामपि |

કોઈ વખત किम्‌ની સાથે स्वित् પણ જોડવામાં આવે છે.

## અન્યોન્યવાચક સર્વનામ (Reciprocal Pronoun)

૧૩૯ अन्य, इतर અને परને પુનરાવૃત્તિથી જોડતાં જે શબ્દો થાય, તેનાથી અન્યોન્યવાચક સર્વનામ બને છે. જેમકે अन्योन्य, इतरेतर, परस्पर. સામાન્ય રીતે આ રૂપો એ.વ.માં વપરાય છે, તેમજ ક્રિયાવિશેષણ તરીકે પણ તેમનો પ્રયોગ થાય છે.

## સ્વવાચક સર્વનામ (Reflexive Pronoun)

૧૪૦ સ્વવાચક સર્વનામનો અર્થ आत्मन् શબ્દથી પ્રગટ કરવામાં આવે છે. આ રીતે જ્યારે आत्मन् વપરાય છે, ત્યારે તે એ.વ.માં અને પુલ્લિંગમાં આવે છે.

ઉ૦ ते आत्मानं हतानमन्यन्त ।

## સંબંધી સર્વનામ (Possessive Pronoun)

૧૪૧ સંબંધી સર્વનામ तद्, एतद्, अस्मत् અને युष्मत्‌ને ईय પ્રત્યય લગાડીને કરવામાં આવે છે. વળી अस्मत् અને युष्मत्‌ને अ અને ईन પણ લગાડવામાં આવે છે. આ રીતે જ્યારે अस्मत् અને युष्मत्‌ને अ અને ईन લગાડવામાં આવે છે, ત્યારે એ.વ.માં તેમનાં રૂપ અનુક્રમે मामक અને तावक થાય છે, અને બ.વ.માં અનુક્રમે आस्माक અને यौष्माक થાય છે.

| ( પુલ્લિંગ ) | | अस्मत् | ( સ્ત્રીલિંગ ) | |
|---|---|---|---|---|
| એ.વ. | બ.વ. | | એ.વ. | બ.વ. |
| मदीय | अस्मदीय | | मदीया | अस्मदीया |
| मामक | आस्माक | | मामिका | आस्माकी |
| मामकीन | आस्माकीन | | मामकीना | आस्माकीना |

| ( પુલિંગ ) | | युष्मत् | ( સ્ત્રીલિંગ ) | |
|---|---|---|---|---|
| એ.વ. | બ.વ. | | એ.વ. | બ.વ. |
| त्वदीय | युष्मदीय | | त्वदीया | युष्मदीया |
| तावक | यौष्माक | | तावकी | यौष्माकी |
| तावकीन | यौष्माकीण | | तावकीना | यौष्माकीणा |

तद् અને एतद्નાં એકજ રૂપ છે. तदीय (પુ૦), तदीया (સ્ત્રી), एतदीय (પુ૦), एतदीया (સ્ત્રી). यद्, तद् અને एतद्ને वत् લગાડવાથી यावत्, तावत् અને एतावत् થાય છે; અને यत् તેમજ किम्ને यत् લગાડવાથી इयत् અને कियत् એ સર્વનામો આટલું, કેટલું, તેટલું એ અર્થમાં વપરાય છે.

૧૪૨ अन्य, अन्यतर (બેમાંથી એક), इतर (બીજો), एकतम (બીજો એ અર્થમાં); (किम्માંથી) कतर, कतम; (यद्માંથી ) यतर, यतम; ( तद्માંથી ) ततर, ततम; આ શબ્દો સર્વનામ ઉપરથી બનેલાં વિશેષણો છે, અને તેમનાં રૂપો ત્રણે લિંગમાં यद्ના જેવાં થાય છે.

( પુલ્લિંગ )

| વિ. | એ.વ. | દ્વિ. | બ.વ. | |
|---|---|---|---|---|
| પ્ર. | यतरः | यतरौ | यतरे | |
| દ્વિ. | यतरम् | ,, | यतरान् | |
| તૃ. | यतरेण | यतराभ्याम् | यतरैः | |
| ચ. | यतरस्मै | ,, | यतरेभ्यः | ઇત્યાદિ |

( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | यतरा | यतरे | यतराः |
| દ્વિ. | यतराम् | ,, | ,, |
| તૃ. | यतरया | यतराभ्याम् | यतराभिः |
| ચ. | यतरस्यै | ,, | यतराभ्यः ઇત્યાદિ |

( નપુંસકલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. દ્વિ. | यतरत् | यतरे | यतराणि |

સંખ્યા અને માપના અર્થમાં तद्, यद् અને किम्‌ને अति લાગે છે; तति આટલાં બધાં, यति જેટલાં બધાં, અને कति કેટલાં બધાં એ રૂપો થાય છે. આ રૂપો ફક્ત બહુવચનમાં જ આવે છે, અને પ્ર૦ અને દ્વિ૦માં પ્રત્યયો લેતાં નથી. બાકીનાં રૂપો हरि પ્રમાણે કરવાં.

| પ્ર૦દ્વિ૦ | તૃ૦ | ચ૦પં૦ | ષ૦ | સ૦ |
|---|---|---|---|---|
| कति । | कतिभिः । | कतिभ्यः । | कतीनाम् । | कतिषु । |

૧૪૩ सर्व, विश्व, सम, सिम, उभ, उभय, इतर અને एकतर (બેમાંથી એક એ અર્થમાં)નાં રૂપો यद् જેવાં કરવાં, પણ ન૦ લિંગના પ્ર૦ એ.વ. અને દ્વિ૦ એ.વ.માં તેને म् લગાડવામાં આવે છે.

सर्व ( પુંલ્લિંગ )

| વિ. | એવ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર. | सर्वः | सर्वौ | सर्वे |
| દ્વિ. | सर्वम् | ,, | सर्वान् |
| તૃ. | सर्वेण | सर्वाभ्याम् | सर्वैः |
| ચ. | सर्वस्मै | ,, | सर्वेभ्यः |
| પં. | सर्वस्मात् | ,, | ,, |
| ષ. | सर्वस्मिन् | सर्वयोः | सर्वेषाम् |
| સ. | सर्वस्मिन् | ,, | सर्वेषु |

सर्व ( સ્ત્રીલિંગ )

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| પ્ર. | सर्वा | सर्वे | सर्वाः |
| દ્વિ. | सर्वाम् | ,, | ,, |
| તૃ. | सर्वया | सर्वाभ्याम् | सर्वाभिः |
| ચ. | सर्वस्यै | ,, | सर्वाभ्यः |
| પં. | सर्वस्याः | ,, | ,, |
| ષ. | ,, | सर्वयोः | सर्वासाम् |
| સ. | सर्वस्याम् | ,, | सर्वासु |

सर्व (નપુંસકલિંગ)

| વિ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| પ્ર. દ્વિ. | सर्वम् | सर्वे | सर्वाणि |

બાકીનાં રૂપો પુલ્લિંગ પ્રમાણે કરવાં.

૧૪૪ स्व 'જાતે'નાં રૂપ सर्व પ્રમાણે કરવાં; પણ પ્ર૦ બ.વ., પં૦ એ.વ. અને સ૦ એ.વ.માં नृप પ્રમાણે વિકલ્પે રૂપો કરવાં.

| પ્ર૦ બ.વ. | પં૦ એ.વ. | સ૦ એ.વ. |
| --- | --- | --- |
| स्वे–स्वाः | स्वात्–स्वस्मात् | स्वस्मिन्–स्वे |

પણ स्वनो અર્થ 'વર્ગ' અથવા 'પૈસો' થતો હોય, તો તેનાં રૂપ नृप પ્રમાણે કરવાં.

૧૪૫ नेम એ સર્વનામ છે તેનાં પ્ર૦ બ.વ. (પુ૦)માં વિકલ્પે नृप પ્રમાણે રૂપો થાય છે. બાકીનાં રૂપો सर्व પ્રમાણે કરવાં. પ્ર૦ બ.વ. नेमे- नेमाः થાય છે.

૧૪૬ अन्तर એ પણ સર્વનામ છે. પુ૦ના પ્ર૦ બ.વ., પં૦ એ.વ. અને સ૦ એ.વ.માં તેનાં રૂપ વિકલ્પે नृप જેવાં થાય છે.

| પ્ર૦ બ.વ. | પં૦ એ.વ. | સ૦ એ.વ. |
| --- | --- | --- |
| अन्तरे–अन्तराः | अन्तरस्मात्–अन्तरात् | अन्तरस्मिन्–अन्तरे |

૧૪૭ पूर्व, अवर, दक्षिण, उत्तर, अपर અને अधर ('નીચેના' એ અર્થમાં) સર્વનામ છે. તેમનાં રૂપ सर्व જેવાં કરવાં; પણ પુ૰ પ્ર૰ બ.વ., પં૰ એ.વ. અને સ૰ એ.વ.માં તેનાં રૂપો વિકલ્પે नृप જેવાં કરવાં. સ્થળ, કાળ કે દિશાના અર્થમાં જ આ શબ્દોને માટે આ નિયમ લાગુ પડે છે.

| | પ્ર૰ એ.વ. | પ્ર૰ બ.વ. | ચ૰ એ.વ. |
|---|---|---|---|
| पूर्व | पूर्वः | पूर्वे–पूर्वाः | पूर्वस्मै |

| પં૰ એ.વ. | સ૰ એ.વ. |
|---|---|
| पूर्वस्मात्–पूर्वात् | पूर्वस्मिन्–पूर्वे |

આ શબ્દો સર્વનામનો અથ જણાવતા હોય ત્યારે જ આ નિયમ પ્રમાણે રૂપ લવાં, નહિ તો अ સ્વરાન્ત નામ પ્રમાણે લેવાં. જેમકે दक्षिणाः गायकाः આમાં दक्षिण એટલે 'પ્રવીણ' એ અર્થ છે, માટે दक्षिणे રૂપ નહિ ચાલે.

૧૪૮ प्रथम, चरम, अल्प, अर्ध, कतिपय અને तय પ્રત્યય જેમને અન્તે હોય, એવા શબ્દો જેમકે चतुष्टय વિકલ્પે પ્ર૰ બ.વ.માં સર્વનામ જેવાં રૂપ લે છે; અર્થાત્ પ્ર૰ બ.વ.માં તે સર્વનામનાં રૂપ લે છે: બાકી બધે नृप પ્રમાણે રૂપો કરવાં.

| | પ્ર૰ એ.વ. | પ્ર૰ બ.વ. | ચ૰ એ.વ. | સ૰ એ.વ. |
|---|---|---|---|---|
| प्रथम | प्रथमः | प्रथमे–प्रथमाः | प्रथमाय | प्रथमे |
| कतिपय | कतिपयः | कतिपये–कतिपयाः | कतिपयाय | कतिपये |

सम જ્યારે 'સરખું', 'સમાન' એ અર્થમાં હોય છે ત્યારે સર્વનામ નથી. તે વખતે એનાં રૂપ नृप પ્રમાણે થાય છે. દા૰ समः समौ समाः વગેરે. (यथासङ्ख्यमनुदेशः समानाम् १–३–१०)

## પ્રકરણ ૫ મું

## વિશેષણ

૧૪૯ વિશેષણ એ નામની અંદર વિશેષ મૂકનાર–ઉપાધિ–ગુણ–નો વાચક છે. એ ઉપાધિ ગુણ હોય કે સંખ્યા પણ હોય. આમ વિશેષણના મુખ્ય બે પ્રકાર છેઃ (૧) ગુણવાચક અને (૨) સંખ્યાવાચક. વિશેષણોનો નામની સાથે પ્રયોગ કરતી વખતે વિશેષ્યની જાતિ, વચન અને વિભક્તિ પ્રમાણે તેમનો પ્રયોગ થાય છેઃ તેમનો સ્વતંત્ર પ્રયોગ નથી.

**તુલનાત્મક વિશેષણ** ( Comparative Adjective )

૧૫૦ ગુણવાચક વિશેષણ તુલના કરવા માટે પણ વપરાય છે. જ્યારે એક વસ્તુને બીજા કરતાં વધારે સારી કહેવી હોય ત્યારે, અગર તેના આખા વર્ગમાં સૌથી સારી છે એમ કહેવી હોય ત્યારે, વિશેષણનો પ્રયોગ તુલનાત્મક રીતે થાય છે. આ તુલનાત્મક વિશેષણના બે પ્રકાર છેઃ (૧) **અધિકતાવાચક** અને (૨) **શ્રેષ્ઠતાવાચક**. ઉ૦ 'આ છોકરો તેની બેનના કરતાં વધારે ચાલાક છે.' આ વાક્યમાં છોકરાને તેની બેનના કરતાં જ વધારે ચાલાક કહ્યો છેઃ **અર્થાત્** એક વસ્તુને ફક્ત બીજીની સરખામણીમાં જ વધારે સારી કહી છે, માટે તે અધિકતાવાચક વિશેષણ છે; પણ 'આ છોકરો વર્ગમાં સૌથી હોશિયાર છે.' આ વાક્યમાં તમામ છોકરાઓમાં તે વધારે હોશિયાર અર્થાત્ સૌથી હોશિયાર કહ્યો છે. અહીંઆં શ્રેષ્ઠતાવાચક તુલના છે. અધિકતાવાચક તુલના માટે સંસ્કૃતમાં મૂળ વિશેષણને તર અગર ईयस् પ્રત્યય લગાડવામાં આવે છે, પણ શ્રેષ્ઠતાવાચક તુલના માટે तम અગર इष्ठ પ્રત્યય લગાડવામાં આવે છે. ईयस् અને इष्ठ માત્ર ગુણની જ અધિકતા અગર શ્રેષ્ઠતા દર્શાવે છે.

આ પ્રત્યયો લગાડતી વખતે કેટલાક નીચેના નિયમો યાદ રાખવાની જરૂર છે.

તર અને તમ માટેના નિયમો

(क) સામાન્ય રીતે વિશેષણના મૂળ શબ્દનું તૃ૦ દ્વિ.નું રૂપ લેવું, અને પછી વિભક્તિનો પ્રત્યય કાઢી નાખવો. જે શબ્દ બાકી રહે તેને तर અગર तम લગાડવો.

लघुનું તૃ૦ દ્વિ. लघुभ्याम् થાય. તેમાંથી भ्याम् કાઢી લેતાં लघु રહ્યો. તેને तर લગાડતાં लघुतर રૂપ થયું.

विद्वस्નું તૃ૦ દ્વિ. विद्वद्भ्याम् થાય. તેમાંથી भ्याम् લઈ લેતાં विद्वद् બાકી રહ્યો. તેને तर લગાડતાં विद्वत्तर એવું રૂપ થયું.

कुशलिन्નું તૃ૦ દ્વિ. कुशलिभ्याम् થાય. તેમાંથી भ्याम् લઈ લેતાં कुशलि બાકી રહ્યો. તેને तर લગાડતાં कुशलितर શબ્દ થયો.

ઉ૦ गोपालः रामात् कुशलितरः ।

युवनનું તૃ૦ દ્વિ. युवभ्याम् થાય. તેમાંથી भ्याम् લઈ લેતાં युव રહ્યું. તેને तर લગાડયો એટલે युवतर થયું.

ઉ૦ यज्ञदत्तान्माणवको युवतरः । गोपालः सर्वेषु छात्रेषु युवतमः।

(ख) तर અને तम પૂર્વે અન્ત્ય ई અને ऊ વિકલ્પે હ્રસ્વ બને છે.

અધિકતાવાચક श्रीतर-श्रितर । શ્રેષ્ઠતાવાચક श्रीतम-श्रितम ।

| | અધિકતાવાચક | શ્રેષ્ઠતાવાચક |
|---|---|---|
| लघु | लघुतर | लघुतम |
| पटु | पटुतर | पटुतम |
| शुचि | शुचितर | शुचितम |
| सुरभि | सुरभितर | सुरभितम |
| दुर्मनस् | दुर्मनस्तर | दुर्मनस्तम |
| श्रोतृ | श्रोतृतर | श्रोतृतम |

## ईयस् અને इष्ठ માટેના નિયમો

(क) ईयस् અને इष्ठ લગાડતા પહેલાં શબ્દના અન્ત્ય સ્વરનો લોપ થાય છે, અગર અન્તે વ્યંજન હોય તો તે વ્યંજન અને તેની પૂર્વેનો સ્વર લોપાય છે.

लघु + ईयस् । અહીંઆં અન્તે ' उ ' હોવાથી તે લોપાશે, એટલે लघ् + ईयस् = लघीयस् થયું.

सुरभि + ईयस् = सुरभ् + ईयस् = सुरभीयस् ।

महत् + ईयस् = मह् + ईयस् = महीयस् ।

(ख) શબ્દને અન્તે આવેલો સંબંધવાચકનો પ્રત્યય અગર तृ પ્રત્યય ईयस् અને इष्ठ લગાડતા પહેલાં ઊડી જાય છે, અને પછી ઉપરના નિયમો પ્રમાણે ईयस् અને इष्ठ લગાડાય છે.

बुद्धिमत् + ईयस् = बुद्धि + ईयस् = बुद्ध् + ईयस् (નિયમ क પ્રમાણે) = बुद्धीयस् ।

स्रग्विन् + ईयस् = स्रज् + ईयस् = स्रजीयस् ।

हर्तृ + ईयस् = हर् + ईयस् = हरीयस् ।

ઉપર પ્રમાણે નિયમો હોવા છતાં કેટલાંક વિશેષણોનાં અધિકતાવાચક અને શ્રેષ્ઠતાવાચક રૂપો અનિયમિત રીતે થાય છે. તેમાંનાં કેટલાંક નીચે આપ્યાં છે.

| મૂળ રૂપ | અધિકતાવાચક રૂપ | શ્રેષ્ઠતાવાચક રૂપ |
|---|---|---|
| पृथु | प्रथीयस् | प्रथिष्ठ |
| गुरु | गरीयस् | गरिष्ठ |
| उरु | वरीयस् | वरिष्ठ |
| बहु | भूयस् | भूयिष्ठ |
| मृदु | म्रदीयस् | म्रदिष्ठ |
| अन्तिक | नेदीयस् | नेदिष्ठ |

| | | |
|---|---|---|
| अल्प | अल्पीयस्–कनीयस् | अल्पिष्ठ–कनिष्ठ |
| कृश | क्रशीयस् | क्रशिष्ठ |
| दीर्घ | द्राघीयस् | द्राघिष्ठ |
| प्रिय | प्रेयस् | प्रेष्ठ |
| प्रशस्य | ज्यायस्–श्रेयस् | ज्येष्ठ–श्रेष्ठ |
| बाढ | साधीयस् | साधिष्ठ |
| विपुल | ज्यायस् | ज्येष्ठ |
| ह्रस्व | ह्रसीयस् | ह्रसिष्ठ |
| क्षिप्र | क्षेपीयस् | क्षेपिष्ठ |
| क्षुद्र | क्षोदीयस् | क्षोदिष्ठ |
| दूर | दवीयस् | दविष्ठ |
| दृढ | द्रढीयस् | द्रढिष्ठ |
| परिवृढ | परिव्रढीयस् | परिव्रढिष्ठ |
| स्थूल | स्थेयस् | स्थेष्ठ |
| स्फिर | स्फेयस् | स्फेष्ठ |
| वृद्ध | वर्षीयस्–ज्यायस् | वर्षिष्ठ–ज्येष्ठ |
| युवन् | यवीयस्–कनीयस् | यविष्ठ–कनिष्ठ |

૧૫૧ तर અને तम ક્રિયાપદને તેમજ અવ્યયને પણ લગાડવામાં આવે છે. તે વખતે તેમનાં રૂપ तराम् અને तमाम् થાય છે.

वदति — वदतितराम् (વધારે સારૂં બોલે છે.) — वदतितमाम् (સૌથી સરસ બોલે છે.)

नीचैस् — नीचैस्तराम् (ના કરતાં વધારે નીચી રીતે) — नीचैस्तमाम् (સૌથી વધારે નીચી રીતે)

सु — सुतराम् (વધારે સરળ રીતે) — सुतमाम् (સૌથી સરળ રીતે)

૧૫૨ કેટલીક વખત વિશેષણનાં ईयस् અને इष्ठવાળાં અધિકતાવાચક અને શ્રેષ્ઠતાવાચક રૂપોને तर અને तम પ્રત્યય લગાડવામાં આવે છે. આ પ્રત્યયો અતિશયતાનું વિશેષ પ્રમાણ દર્શાવે છે.

ઉ૦ अल्पीयस्तर । अल्पीयस्तम ।

(અહીંઆં अल्पના અધિકતાવાચક ईयस् પ્રત્યયવાળા રૂપ अल्पीयस्‌ને ફરીથી तर પ્રત્યય લગાડયો છે. એ રીતે થએલું अल्पीयस्तर રૂપ અતિશયતાનું વિશેષ પ્રમાણ જણાવે છે.)

## મનોયત્ન

(क) નીચેનાં વાક્યોમાં લીટી દોરેલી જગાએ કૌંસમાં આપેલા વિશેષણનું–અધિકતાવાચક અથવા શ્રેષ્ઠતાવાચક રૂપ–જ્યાં યોગ્ય લાગે ત્યાં ગોઠવો.

(૧) इदमाम्रफलं जम्बूफलात् ——— ( स्वादु )

(૨) रमाकान्तः गौरीप्रसादात् ——— ( पटु )

(૩) शालायाम् सर्वेषु छात्रेषु गोपालः ——— ( विद्वस् )

(૪) सर्वासु बालासु सावित्री ——— ( बुद्धिमत् )

ટી. ક. અધિકતાવાચક તુલના હોય તો જેના કરતાં અધિકતા જણાવવાની હોય તેને પંચમી વિભક્તિમાં વાપરવું, અને શ્રેષ્ઠતાવાચક તુલના હોય તો સપ્તમી વિભક્તિમાં વાપરવું.

(ख) નીચેનાં વાક્યોમાં ખાલી જગાએ ईयस्–इष्ठનાં રૂપો વાપરો.

(૧) कृष्णाद्गोपालः ( दृढ )

(૨) प्राज्ञः शिष्यः मूर्खशिष्यात्सर्वदा गुरोः ( प्रिय )

(૩) यज्ञदत्तस्य द्वे भार्ये आस्ताम् । प्रथमा द्वितीयायाः वयसि ( वृद्ध ) किन्तु रूपेगुणे च ( अल्प )

(૪) द्राक्षाम्रफलात् ( मृदु )

(૫) ज्योतिर्बाला सर्वासु कन्यासु ( कृश )

(૬) सर्वेषु सूदेषु माणवकः पाकविधौ ( पटु )

# પ્રકરણ ૬ ઠ્ઠું

## સંખ્યાવાચક વિશેષણ

૧૫૩ સંખ્યાવાચક વિશેષણના ચાર વિભાગ છે: (૧) સંખ્યાક્રમવાચક, (૨) સંખ્યાપૂરક, (૩) સંખ્યાવાચક અને (૪) સંખ્યાવૃત્તિવાચક. એકથી સો સુધીનાં સંખ્યાક્રમવાચક અને સંખ્યાપૂરક વિશેષણો નીચે પ્રમાણે છે.

| | (Cardinal number) | (Ordinal number) | |
|---|---|---|---|
| સંખ્યા | સંખ્યાક્રમવાચક | સંખ્યાપૂરક | |
| ૧ | १ एक | प्रथम, अग्रिम, आदिम | (પહેલો) |
| ૨ | २ द्वि | द्वितीय | (બીજો) |
| ૩ | ३ त्रि | तृतीय | (ત્રીજો) |
| ૪ | ४ चतुर् | चतुर्थ | (ચોથો) |
| ૫ | ५ पञ्चन् | पञ्चम | (પાંચમો) |
| ૬ | ६ षष् | षष्ठ | (છઠ્ઠો) |
| ૭ | ७ सप्तन् | सप्तम | (સાતમો) |
| ૮ | ८ अष्टन् | अष्टम | (આઠમો) |
| ૯ | ९ नवन् | नवम | (નવમો) |
| ૧૦ | १० दशन् | दशम | (દશમો) |

[पञ्चन्, सप्तन्, अष्टन्, नवन् અને दशन्નાં સંખ્યાપૂરક રૂપો કરતી વખતે પદાન્ત न् ઊડી જાય છે, અને તેને म લગાડ-

વામાં આવે છે. તેમનાં સ્ત્રીલિંગનાં રૂપોમાં मी પ્રત્યય છે; ( पञ्चमी વગેરે ). एकનું સં.પૂ. રૂપ અનિયમિત છે. द्वि અને त्रिને तीय લગાડવામાં આવે છે, પણ त्रिનું तृ થઈ જાય છે. તેમનાં સ્ત્રીલિંગનાં રૂપો કરતી વખતે तीया પ્રત્યય લાગે છે, અર્થાત્ છેલ્લા अનો आ થાય છે. चतुर्ने અને षष्ने थ લાગે છે. સ્ત્રીલિંગમાં थी પ્રત્યય અર્થાત્ थ પછી ई લાગે છે. ]

| | | |
|---|---|---|
| ૧૧ | एकादशन् | एकादश |
| ૧૨ | द्वादशन् | द्वादश |
| ૧૩ | त्रयोदशन् | त्रयोदश |
| ૧૪ | चतुर्दशन् | चतुर्दश |
| ૧૫ | पञ्चदशन् | पञ्चदश |
| ૧૬ | षोडशन् | षोडश |
| ૧૭ | सप्तदशन् | सप्तदश |
| ૧૮ | अष्टादशन् | अष्टादश |
| ૧૯ | नवदशन् | नवदश |
| | एकोनविंशति | एकोनविंश–विंशतितम |
| | ऊनविंशति | ऊनविंश – ,, |
| | एकान्नविंशति | एकान्नविंश ,, |
| ૨૦ | विंशति સ્ત્રી० | विंश – विंशतितम |

[ एकादशन्थी नवदशन् સુધીનાં સં.પૂ. રૂપોમાં છેલ્લો न् ઊડી જાય છે. विंशतिનો ति પણ ઊડી જાય છે, અગર વિકલ્પે तम ઉમેરાય છે. સ્ત્રીલિંગમાં પુલ્લિંગના રૂપને ई પ્રત્યય લગાડવામાં આવે છે. एकादशी અગિઆરમો, विंशी–विंशतितमी

વીસમી. ૧૯, ૨૯, ૩૯, ૪૯, ૫૯, ૬૯, ૭૯, ૮૯, ૯૯નાં રૂપો કરતી વખતે તેમની પછીના આંકડાની સંખ્યાના શબ્દની પૂર્વે एकोन, ऊन અને एकान्न શબ્દો મૂકવામાં આવે છે.]

[૧૨, ૨૨, ૩૨ની સંખ્યામાં '૨'ને માટે द्वा આવે છે, અને ૪૨, ૫૨, ૬૨, ૭૨માં द्वा તથા द्वि આવે છે. ૮૨માં ફક્ત द्वि મુકાય છે.]

તેજ પ્રમાણે ૧૩, ૨૩ અને ૩૩માં '૩'ને માટે त्रयस् શબ્દ આવે છે. ૪૩, ૫૩, ૬૩, ૭૩ અને ૯૩માં त्रयस् અને त्रि બન્ને મુકાય છે. ૮૩માં ફક્ત त्रि મુકાય છે.

૧૮, ૨૮, ૩૮માં '૮'ને માટે अष्टा લેવો. ૪૮, ૫૮, ૬૮, ૭૮, અને ૯૮માં अष्ट તથા अष्टा, અને ૮૮માં अष्ट લેવો. બાકીની બીજી સંખ્યા ત્રીસ त्रिंशत्, ૪૦ चत्वारिंशत्, ૫૦ पञ्चाशत्, ૬૦ षष्टि, ૭૦ सप्तति, ૮૦ अशीति, ૯૦ नवति, ૧૦૦ शतની પૂર્વે એકથી દશ સુધીના આપેલા શબ્દો મૂકીને બનાવી લેવો.

| | | |
|---|---|---|
| ૨૧ | एकविंशति | एकविंश—विंशतितम |
| ૨૨ | द्वाविंशति | द्वाविंश — ,, |
| ૨૩ | त्रयोविंशति | त्रयोविंश— ,, |
| ૨૬ | षड्विंशति | षड्विंश— ,, |
| ૨૭ | सप्तविंशति | सप्तविंश— ,, |
| ૨૮ | अष्टाविंशति | अष्टाविंश— ,, |
| ૨૯ | नवविंशति | नवविंश— ,, |
| | एकोन—ऊन—एकान्न विंशति | एकोन—ऊन—एकान्नविंस — " |
| ૩૦ | त्रिंशत् | त्रिंश—त्रिंशत्तम |

[त्रिंशत्‌ના સંખ્યપૂરકમાં છેલ્લો त् ઊડી જાય છે અગર વિકલ્પે तम ઉમેરાય છે. તેનું સ્ત્રીલિંગનું રૂપ ई લગાડીને કરવામાં આવે છે. त्रिंशी—त्रिंशत्तमी ]

| | | |
|---|---|---|
| ३१ | एकत्रिंशत् | एकत्रिंश—त्रिंशत्तम |
| ३२ | द्वात्रिंशत् | द्वात्रिंश— ,, |
| ३३ | त्रयस्त्रिंशत् | त्रयस्त्रिंश— ,, |
| ३६ | षट्त्रिंशत् | षट्त्रिंश— ,, |
| ३८ | अष्टात्रिंशत् | अष्टात्रिंश— ,, |
| ३९ | नवत्रिंशत् | नवत्रिंश— ,, |
| | एकोन–ऊन–एकान्न चत्वारिंशत् | एकोन–ऊन–एकान्न चत्वारिंश –चत्वारिंशत्तम |
| ४० | चत्वारिंशत् | चत्वारिंश—चत्वारिंशत्तम |
| ४२ | द्वाचत्वारिंशत् | द्वाचत्वारिंश— ,, |
| | द्विचत्वारिंशत् | द्विचत्वारिंश— ,, |
| ४३ | त्रयश्चत्वारिंशत् | त्रयश्चत्वारिंश— ,, |
| | त्रिचत्वारिंशत् | त्रिचत्वारिंश— ,, |
| ४८ | अष्टचत्वारिंशत् | अष्टचत्वारिंश— ,, |
| | अष्टाचत्वारिंशत् | अष्टाचत्वारिंश— ,, |
| ४९ | नवचत्वारिंशत् | नवचत्वारिंश— ,, |
| | एकोन–ऊन–एकान्न पञ्चाशत् | एकोन–ऊन–एकान्न पञ्चाश– पञ्चाशत्तम |
| ५० | पञ्चाशत् | पञ्चाश— पञ्चाशत्तम |
| ५२ | द्वा–द्विपञ्चाशत् | द्वा–द्विपञ्चाश—पञ्चाशत्तम |
| ५३ | त्रयः–त्रिपञ्चाशत् | त्रयः–त्रिपञ्चाश— ,, |
| ५८ | अष्टा-अष्टपञ्चाशत् | अष्टा–अष्टपञ्चाश—,, |
| ५९ | नवपञ्चाशत् | नवपञ्चाश— ,, |
| | एकोन–ऊन–एकान्न षष्टि | एकोन-ऊन-एकान्न षष्ट–षष्टितम |
| ६० | षष्टि | षष्टितम |
| ६२ | द्वा—द्विषष्टि | द्वा–द्विषष्ट—द्वा–द्विषष्टितम |
| ६३ | त्रयः–त्रिषष्टि | त्रयः–त्रिषष्ट—त्रयः–त्रि ,, |

| | | |
|---|---|---|
| ૬૮ | अष्टा-अष्टषष्टि | अष्टा-अष्टषष्ट अष्टा-अष्टषष्टितम |
| ૬૯ | नवषष्टि | नवषष्ट — नवषष्टितम |
| | एकोन-ऊन-एकान्नसप्तति | एकोन-ऊन-एकान्नसप्तति-सप्ततितम |
| ૭૦ | सप्तति | सप्ततितम |

[ षष्टि, सप्तति, अशीति, नवतिनां संख्यापूरક રૂપો કરવાને તેને तम લગાડવો. બાકીની બીજી સંખ્યા જેને અન્તે આ શબ્દો આવે તેનાં રૂપોમાં तम લગાડવાથી થાય છે, તેમજ છેલ્લી इ ઉડાડીને તેને બદલે अ મૂકીને કરવાં. ]

| | | |
|---|---|---|
| ૭૧ | एकसप्तति | एकसप्तत—एकसप्ततितम |
| ૭૨ | द्वा-द्विसप्तति | द्वा-द्विसप्तत—द्वा-द्विसप्ततितम |
| ૭૩ | त्रयः-त्रिसप्तति | त्रयः-त्रिसप्तत—त्रयः-त्रिसप्ततितम |
| ૭૮ | अष्टा-अष्टसप्तति | अष्टा-अष्टसप्तत—सप्ततितम |
| ૮૦ | अशीति | अशीतितम |
| ૮૨ | द्व्यशीति | द्व्यशीत-द्व्यशीतितम |
| ૮૩ | त्र्यशीति | त्र्यशीत-त्र्यशीतितम |
| ૮૮ | अष्टाशीति | अष्टाशीत-अष्टाशीतितम |
| ૯૦ | नवति | नवतितम |
| ૯૨ | द्वा-द्विनवति | द्वा-द्विनवत-नवतितम |
| ૯૩ | त्रयो-त्रि-नवति | त्रयो-त्रिनवत-नवतितम |
| ૯૮ | अष्टा-अष्ट-नवति | अष्टा-अष्टनवत- ,, |
| ૯૯ | नवनवति | नवनवत- नवतितम |
| | एकोन-ऊन-एकान्नशत | एकोन-ऊन-एकान्नशततम |

| | | |
|---|---|---|
| १०० | शत (न०) | शततम (पु०, न०) शततमी (स्त्री) |
| २०० | द्विशत (न०) | द्वे शते |
| ३०० | त्रिशत | त्रीणि शतानि |
| १००० | सहस्र (न०) | सहस्रतम |
| १०००० | अयुत (न०) | |
| १००००० | लक्ष—लक्षा | |
| १०००००० | प्रयुत | |
| १००००००० | कोटि (स्त्री०) | |
| १०००००००० | अर्बुद (न०) | |
| १००००००००० | अब्ज (न०) | |
| १०००००००००० | खर्व (पु०, न०) | |
| १००००००००००० | निखर्व (पु०, न०) | |

આ પછી महापद्म, शंकु (पु०) जलधि (पु०) अन्त्य, मध्य અને परार्ध સંખ્યા આવે છે.

## સંખ્યાક્રમવાચકનાં રૂપો

૧૫૪ ઉપર આપેલી સંખ્યાનાં સંખ્યાક્રમવાચક રૂપો નીચે પ્રમાણે કરવાં.

(૧) एक સંખ્યાવાચક હોય ત્યારે એકવચનમાં રૂપ થાય છે, પણ જ્યારે એ સિવાયના એટલે 'કેટલાક'ના અર્થમાં આવે છે ત્યારે દ્વિવ. અને બ.વ.માં પણ તેનાં રૂપો થાય છે. એનાં રૂપો सर्व સર્વનામ પ્રમાણે કરવાં.

(૨) द्वि નાં રૂપ દ્વિવ.માં જ થાય છે. તેને પ્રત્યય લગાડતા પહેલાં द्वि નું द्व રૂપ થાય છે. તેનાં રૂપો પણ ત્રણે લિંગોમાં सर्व પ્રમાણે થાય છે.

(૩) त्रि અને चतुर નાં રૂપો બ.વ.માં જ થાય છે.

(૪) पञ्चन्‌થી नवदशन् સુધીનાં રૂપો બ.વ.માં જ થાય છે, અને ત્રણે લિંગમાં તેમનાં રૂપ સરખાં છે.

(૫) ऊनविंशति, विंशति, त्रिंशत्, चत्वारिंशत्, पञ्चाशत्, षष्टि, सप्तति, अशीति, नवति એ બધાં સ્ત્રી૦લિંગમાં છે, અને તેમનાં રૂપ બ.વ.માં જ થાય છે.

(૬) शत, सहस्र, लक्ष, अर्बुद, अब्ज, अन्त्य, मध्य અને परार्धनां રૂપ ન૦લિંગમાં અને એ.વ.માં થાય છે.

(૭) अयुत, प्रयुत, खर्वનાં રૂપ પુ૦ અને ન૦લિંગના એ.વ.માં થાય છે.

(૮) कोटिનાં રૂપ સ્ત્રીલિંગમાં થાય છે.

(૯) महापद्म, शंकु અને जलधिનાં રૂપો પુલ્લિંગમાં થાય છે.

+एक (એકવચન)

| વિ. | પુ૦ | સ્ત્રી | ન૦ |
|---|---|---|---|
| પ્ર. | एकः | एका | एकम् |
| દ્વિ. | एकम् | एकाम् | एकम् |
| તૃ. | एकेन | एकया | બાકીનાં |
| ચ. | एकस्मै | एकस्यै | પુ૦ પ્રમાણે |
| પં. | एकस्मात् | एकस्याः | |
| ષ. | एकस्य | ,, | |
| સ. | एकस्मिन् | एकस्याम् | |
| સં. | एक | एके | |

+एकનો અર્થ 'એક' ન હોય ત્યારે તે દ્વિવ. અને બ.વ.માં પણ રૂપો લે છે. એવે વખતે તેના અલ્પ, પ્રધાન, પ્રથમ, કેવલ, સાધારણ, સમાન અને સંખ્યા એવા અર્થો થાય છે.

एकोल्पार्थे प्रधाने च प्रथमे केवले तथा ।
साधारणे समानेऽपि संख्यायां च प्रयुज्यते ॥

## द्वि (દ્વિવચન)

| વિ. | પુંલિં. | સ્ત્રીલિં. | નંલિં. |
| --- | --- | --- | --- |
| પ્ર. | द्वौ | द्वे | સ્ત્રીલિંગની |
| દ્વિ. | ,, | ,, | માફક |
| તૃ. | द्वाभ्याम् | द्वाभ्याम् | |
| ચ. | ,, | ,, | |
| પં. | ,, | ,, | |
| ષ. | द्वयोः | द्वयोः | |
| સ. | ,, | ,, | |
| સં. | द्वौ | द्वे | |

## त्रि

| વિ. | પુંલિં. | સ્ત્રીલિં. | નંલિં. |
| --- | --- | --- | --- |
| પ્ર. | त्रयः | तिस्रः | त्रीणि |
| દ્વિ. | त्रीन् | ,, | ,, |
| તૃ. | त्रिभिः | तिसृभिः | બાકીનાં |
| ચ. | त्रिभ्यः | तिसृभ्यः | પું૦ પ્રમાણે |
| પં. | ,, | ,, | |
| ષ. | त्रयाणाम् | तिसृणाम् | |
| સ. | त्रिषु | तिसृषु | |
| સં. | त्रयः | तिस्रः | त्रीणि |

સ્ત્રીલિંગમાં त्रिનું तिसृ થાય છે, અને પછી તેને પ્રત્યયો લગાડવામાં આવે છે.

## चतुर्

| વિ. | પુ૦લિં. | સ્ત્રીલિં. | ન૦લિં. |
|---|---|---|---|
| પ્ર. | चत्वारः | चतस्रः | चत्वारि |
| દ્વિ. | चतुरः | ,, | ,, |
| તૃ. | चतुर्भिः | चतसृभिः | બાકીનાં |
| ચ. | चतुर्भ्यः | चतसृभ्यः | પુ૦ પ્રમાણે |
| પં. | ,, | ,, | |
| ષ. | चतुर्णाम् | चतसृणाम् | |
| સ. | चतुर्षु | चतसृषु | |
| સં. | चत्वारः | चतस्रः | चत्वारि |

## पञ्चन्

चतुर्નું પુ૦ પ્ર. બ.વ.માં चत्वर् થાય છે, અને સ્ત્રીલિંગમાં चतसृ થાય છે. પછી તેમને પ્રત્યયો લગાડવામાં આવે છે.

| | પ્ર૦સં૦દ્વિ૦ | તૃ૦બ.વ. |
|---|---|---|
| पञ्चन् | पञ्च | पञ्चभिः |
| सप्तन् | सप्त | सप्तभिः |
| ચ૦ અને પં૦બ.વ. | ષ૦બ.વ. | સ૦બ.વ. |
| पञ्चभ्यः | पञ्चानाम् | पञ्चसु |
| सप्तभ्यः | सप्तानाम् | सप्तसु |

( नवदशन् સુધી બધાંનાં રૂપો આ પ્રમાણે થાય છે, પણ अष्टन्‌નાં અને षष्‌નાં રૂપ વિકલ્પે નીચે પ્રમાણે થાય છે.

| | પ્ર૦સં૦દ્વિ૦ | તૃ૦બ.વ. |
|---|---|---|
| अष्टन् | अष्ट—अष्टौ | अष्टभिः—अष्टाभिः |
| षष् | षट्—ड् | षड्भिः |
| ચ૦ અને પં૦બ.વ. | ષ૦બ.વ. | સ.બ.વ. |
| अष्टभ्यः—अष्टाभ्यः | अष्टानाम् | अष्टसु—अष्टासु |
| षड्भ्यः | षण्णाम् | षट्सु |

विंशतिथी नवति सुधीनां રૂપો એ.વ.માં અને સ્ત્રીલિંગમાં થાય છે. જેમકે विंशति (मति પ્રમાણે)

विंशति ( मति પ્રમાણે )

| | | |
|---|---|---|
| પ્ર. | विंशतिः | |
| દ્વિ. | विंशतिम् | षष्ठि, सप्तति, अशीति અને नवतिनां |
| તૃ. | विंशत्या | રૂપો આ પ્રમાણે કરવાં. |
| ચ. | विंशतये–त्यै | |
| પં.ષ. | विंशतेः–विंशत्याः | |
| સ. | विंशतौ–विंशत्याम् | |
| સં. | विंशते | |

**त्रिंशत्** ( मरुत् પ્રમાણે )

| પ્ર૦સં૦ | દ્વિ૦ | તૃ૦ | ચ૦ | પં૦ષ૦ | સ૦ |
|---|---|---|---|---|---|
| त्रिंशत्–द् | त्रिंशतम् | त्रिंशता | त्रिंशते | त्रिंशतः | त्रिंशति |

( चत्वारिंशत् અને पञ्चाशत्‌નાં રૂપો ઉપર પ્રમાણે કરવાં. )

૧૫૫ સો ઉપરની કોઈ પણ સંખ્યા સંસ્કૃત ભાષામાં શબ્દોમાં લખવી હોય, તો પ્રત્યેક દશકની રકમ સાથે अधिकं અગર उत्तर શબ્દ જોડીને લખવામાં આવે છે. અહીંઆં નીચે આપેલા દાખલા યાદ રાખવાથી તેની સમજણ પડશે.

૧૫૯ नवपञ्चाशदधिकं शतं અથવા नवपञ्चाशदधिक शतं ।

૨૭૭૪ चतुस्सप्तत्यधिकसप्तशताधिकद्विसहस्रम् ।

૨૩૬૮૨૫ पञ्चविंशत्यधिकाष्टशताधिकषट्त्रिंशत्सहस्राधिकद्विलक्षम् ।

આમ દરેક દશકની, સોની, અને હજારની સંખ્યા પછી अधिक જોડતા જવું. વળી अधिकनी પેઠે उत्तर પણ જોડાય છે. જેમકે ૬૮૨૨ એટલે द्वाविंशत्युत्तराष्टशतोत्तरषट्सहस्रम् । અગર च મૂકીને પણ તે લખાય છે. अष्टषष्टिः च शतानि द्वाविंशतिश्च ।

૧૫૬ दशन्, विंशति અને शत्, જેને અન્તે હોય એવી સંખ્યાક્રમવાચક સંખ્યાના ૧૦૦ ઉપરની સંખ્યા બનાવવાને अ પણ લગાડવામાં આવે છે. આની પહેલાં अन्, अति અને अत्‌નો લોપ થાય છે.

૧૧૫ એટલે पञ्चदशं शतम्, ૧૨૫ એટલે पञ्चविंशं शतम्, ૧૫૭ એટલે सप्तपञ्चाशं शतम्, ૨૨૯ એટલે एकोनत्रिंशं द्विशतम्, ऊन–एकान्नत्रिंशं द्विशतम्, नवविंशं द्विशतम् ।

૧૫૭ એક વખત, બે વખત વગેરે સંખ્યાવાચક ક્રિયાવિશેષણો છે. એમનાં રૂપો બનાવવા માટે નીચેની બાબતો યાદ રાખવી.

(૧) एकनुं सकृत् ( એક વખત ) થાય છે.

(૨) द्वि અને त्रिनां द्विः અને त्रिः થાય છે, અને चतुर्‌नुं चतुः થાય છે.

(૩) पञ्चन्‌થી આગળ કોઈ પણ સંખ્યાની સાથે कृत्वः લગાડવામાં આવે છે. જેમકે પાંચ વખત એટલે पञ्चकृत्वः । ૭ વખત એટલે षट्कृत्वः । સાત વખત એટલે सप्तकृत्वः । વીસ વખત એટલે विंशतिकृत्वः । ૯૯ વખત એટલે नवनवति–एकोनशतकृत्वः ।

૧૫૮ એક રીતે, બે રીતે વગેરે પણ સંખ્યાવાચક ક્રિયાવિશેષણો છે. તેને માટે મૂળ સંખ્યાને સાધારણ રીતે धा પ્રત્યય લગાડવો.

| | |
|---|---|
| एक | एकधा–ऐकध्यम् |
| द्वि | द्विधा–द्वेधा–द्वैधम् |
| त्रि | त्रिधा–त्रेधा–त्रैधम् |
| चतुर् | चतुर्धा |
| पञ्चन् | पञ्चधा |
| षष् | षोढा-षड्धा |
| सप्तन् | सप्तधा |
| अष्टन् | अष्टधा |
| विंशति | विंशतिधा |
| शत | शतधा |

૧૫૯ એકેક, બબ્બે વગેરેનો અર્થ લાવવાને મૂળ સંખ્યાને शः લગાડવામાં આવે છે. જેમકે एकशः । द्विशः । त्रिशः । पञ्चशः । विंशतिशः । त्रिंशत्शः । शतशः ।

૧૬૦ એકવડું, બેવડું, ત્રેવડું વગેરે સંખ્યાની આવૃત્તિ દેખાડે છે. તેને માટે સંખ્યાની સાથે तय જોડવો. જેમકે चतुष्टय, पञ्चतय, नवतय । આ तयનો द्वि અને त्रि પછી વિકલ્પે अय થઈ જાય છે. अय લગાડતી વખતે इ ઊડી જાય છે. द्वय–द्वितय । त्रय–त्रितय ।

સંખ્યાનો જથો દેખાડવાને क અને अत् પ્રત્યયો લગાડવામાં આવે છે. જેમકે नवत् એટલે નવનો સમૂહ, दशत् એટલે દશનો સમૂહ, અને षट्क એટલે છનો સમૂહ.

# પ્રકરણ ૭ મું

## ક્રિયાપદો

૧૬૧ સંસ્કૃત ધાતુઓના દશ વર્ગો કરવામાં આવ્યા છે. તે દરેક વર્ગનું નામ 'ગણ' કહેવાય છે. જે ગણનો જે ધાતુ હોય તેને જુદા જુદા કાળ અને અર્થના પ્રત્યયો લગાડતા પહેલાં તે તે ગણની નિશાની લગાડવી પડે છે.

ગણોની નિશાનીઓ નીચે પ્રમાણે છે.

| **ગણ** | **નિશાની** |
|---|---|
| પહેલો | अ |
| બીજો | કંઈ નહિ. |
| ત્રીજો | કંઈ નહિ; પણ ધાતુનો આદિ અક્ષર બેવડાય છે. |
| ચોથો | य |
| પાંચમો | नु |
| છઠ્ઠો | अ |
| સાતમો | न અગર न् વચ્ચે ઉમેરાય છે. |
| આઠમો | उ |
| નવમો | ना, नी અગર न् |
| દશમો | अय |

૧૬૨ ધાતુઓના **પરસ્મૈપદ** અને **આત્મનેપદ** એવા બે મુખ્ય વિભાગો છે: કયો ધાતુ કયા પદમાં છે તે સ્મૃતિથી યાદ રાખવું જોઈએ. તેને માટે ખાસ નિયમ નથી. કેટલાક ધાતુઓ **ઉભયપદી** પણ છે. આ દરેક પદ માટેના જુદા જુદા કાળના પ્રત્યયો જુદા છે. જો કોઈ ધાતુ ઉભયપદી હોય અને ધાતુમાં સમાએલી ક્રિયાનો

અર્થ અને પરિણામ જો કર્તાને પોતાને મેળવવું હોય તો આત્મનેપદ વાપરવું, અને જો બીજાને મેળવવાનું હોય તો પરસ્મૈપદ વાપરવું. જેમકે यज्ञदत्तः पचति ( પરસ્મૈપદ ) અહીં 'યજ્ઞદત્ત બીજાને માટે રાંધે છે;' પણ यज्ञदत्तः पचते (આત્મનેપદ) એમ હોય તો 'યજ્ઞદત્ત પોતાને માટે રાંધે છે' એવો અર્થ થાય છે. વળી ધાતુના મૂળ ધાતુ અને સાધિત ધાતુ એવા બે ભેદો છે.

૧૬૩ સંસ્કૃતમાં ૬ કાળ અને ૪ અર્થો છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે.

| | કાળ | | Tense |
|---|---|---|---|
| ૧ | વર્તમાન | लट् | Present |
| ૨ | ભૂત | लुङ् | Aorist |
| ૩ | અનદ્યતન ભૂત | लङ् | Imperfect |
| ૪ | પરોક્ષ ભૂત | लिट् | Perfect |
| ૫ | ભવિષ્યન્ | लुट् | First Future |
| ૬ | અનદ્યતન ભવિષ્યન્ | लृट् | Second Future |
| | **અર્થ** | | Mood |
| ૧ | આજ્ઞા | लोट् | Imperative |
| ૨ | વિધિ | विधिलिङ् | Potential |
| ૩ | આશીઃ | आशीर्लिङ् | Bendictive |
| ૪ | સંકેત | लृङ् | Conditional |

આ ૬ કાળ અને ૪ અર્થો મળીને ૧૦ लकार પણ કહેવાય છે.

૧૬૪ આ ઉપરાંત ધાતુઓ અમુક પ્રયોગોમાં પણ વપરાય છે. એકંદરે ત્રણ પ્રયોગો છે: કર્તરિ પ્રયોગ (Active Voice), કર્મણિ-પ્રયોગ ( Passive Voice ), અને ભાવેપ્રયોગ ( Impersonal Voice ). સકર્મક ક્રિયાપદો કર્તરિપ્રયોગ અને કર્મણિ-પ્રયોગમાં વપરાય છે; પણ અકર્મક ક્રિયાપદો કર્તરિ તેમજ ભાવેપ્રયોગમાં આવે છે.

૧૬૫ દરેક ધાતુ ઉપર જણાવેલા ૬ કાળ અને ૪ અર્થમાં રૂપો લે છે. પ્રત્યેકનાં ત્રણ વચનો હોય છેઃ એકવચન, દ્વિવચન અને બહુવચન. વળી દરેકના ત્રણ પુરુષો હોય છેઃ પ્રથમ પુરુષ, દ્વિતીય પુરુષ અને તૃતીય પુરુષ. આ ધાતુઓને પ્રત્યય લગાડતા પહેલાં (વર્તમાન, અનદ્યતન, આજ્ઞાર્થ અને વિધ્યર્થના પ્રત્યયો લગાડતા પહેલાં) ધાતુઓમાં કેટલાક ફેરફારો થાય છે, માટે એ ધાતુઓ સાર્વધાતુક ( Conjugational ) કહેવાય છે. બાકીના આર્ધધાતુક ( non-Conjugational ) કહેવાય છે.

૧૬૬ ધાતુને વર્તમાન, અનદ્યતન, આજ્ઞાર્થ અને વિધ્યર્થમાં લગાડવાના પરસ્મૈપદ અને આત્મનેપદના પ્રત્યયો નીચે પ્રમાણે છે.

**વર્તમાન**

| પરસ્મૈપદ | | | | આત્મનેપદ | | | |
|---|---|---|---|---|---|---|---|
| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| ૧લો | मि | वस् | मस् | ૧લો | इ | वहे | महे |
| ૨જો | सि | थस् | थ | ૨જો | से | इथे | ध्वे |
| ૩જો | ति | तस् | अन्ति | ૩જો | ते | इते | अन्ते |

**અનદ્યતન ભૂતકાળ**

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧લો | म् | व | म | ૧લો | इ | वहि | महि |
| ૨જો | स् | तम् | त | ૨જો | थाः | इथाम् | ध्वम् |
| ૩જો | त् | ताम् | अन् | ૩જો | त | इताम् | अन्त |

**આજ્ઞાર્થ**

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧લો | आनि | आव | आम | ૧લો | ऐ | आवहै | आमहै |
| ૨જો | ० | तम् | त | ૨જો | स्व | इथाम् | ध्वम् |
| ૩જો | तु | ताम् | अन्तु | ૩જો | ताम् | इताम् | अन्ताम् |

## વિધ્યર્થ

| પરસ્મૈપદ | | | | આત્મનેપદ | | | |
|---|---|---|---|---|---|---|---|
| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| ૧લો | इयम् | इव | इम | ૧લો | ईय | ईवहि | ईमहि |
| ૨જો | इस् | इतम् | इत | ૨જો | ईथाः | ईयाथाम् | ईध्वम् |
| ૩જો | इत् | इताम् | इयुः | ૩જો | ईत | ईयाताम् | ईरन् |

આ પ્રત્યયો ૧, ૪, ૬, અને ૧૦મા ગણુના ધાતુઓને જ લગાડવામાં આવે છે. म અને वથી શરૂ થતા પ્રત્યયો પહેલાં અન્ત્ય अનો आ થાય છે. अन्ति લગાડતા પહેલાં ગણુની નિશાનીનો અન્ત્ય अ ઊડી જાય છે. अन्, अन्तु, अन्ते અને अन्तने પણ આ નિયમ લાગુ પડે છે. ‘ અનદ્યતન ’ કાળમાં જો ધાતુ વ્યંજનથી શરૂ થતો હોય તો તેની આગળ अ મુકાય છે, અને જો ધાતુનો આદિ અક્ષર સ્વર હોય તો आ મુકાય છે. ધાતુની સાથે ઉપસર્ગ હોય તો ઉપસર્ગ પછી अ કે आ આવે છે.

## પ્રથમ ગણુ

### ( भ्वादि ધાતુઓ )

૧૬૭ પ્રથમ ગણુની નિશાની अ છે. પ્રત્યયો લગાડતા પહેલાં ધાતુને આ अ નિશાની લગાડવામાં આવે છે. अની પહેલાં ઉપાન્ત્ય હ્રસ્વ અને અન્ત્ય સ્વરનો ગુણ થાય છે. ( ગુણ એટલે ‘इ’નો ए અને उનો ओ કરવો તે. )

પ્રથમ ગણુના ધાતુઓનાં થોડાંક નામ નીચે પ્રમાણે છે.

**પરસ્મૈપદ**

अंच જવું.

अज् જવું.

अट् ભટકવું.

अण् અવાજ કરવો.

अभ्र ભટકવું, જવું.

अर्घ् કિંમત બેસવી.

अर्च् પૂજા કરવી.

अर्ज् લેવું, પ્રાપ્ત કરવું, કમાવું.

अर्ह् લાયક હોવું, પૂજા કરવી.

अव् રક્ષણ કરવું.

ईर्ष्य् અદેખાઈ કરવી.

उक्ष् છાંટવું, ભીંજવું.

उर्व् સંહારવું.

उष् બાળવું.

उह् ઇજા કરવી.

कण् અવાજ કરવો.

कन् પ્રકાશવું.

कष् કસોટી કરવી.

कांक्ष् ઇચ્છા કરવી.

कुन्थ् મારવું.

क्लृप् શક્તિમાન થવું.

कृष् ખેંચવું, ખેડવું.

कन्द् અવાજ કરવો.

क्रम् ચાલવું.

क्रीड् ખેલવું, રમવું, ક્રીડા કરવી.

क्रुश् બૂમો પાડવી.

क्लिन्द् શોક કરવો.

क्वथ् પચાવવું.

क्षर् વહેવું.

क्षि ક્ષય પામવું.

क्षै ક્ષય પામવું.

क्ष्विड् ભીંજાવવું.

क्ष्विद् અસ્પષ્ટ અવાજ કરવો.

खंज् લંગડાતા ચાલવું.

खर्द् કરડવું.

खुज् ચોરવું.

खेल् આમતેમ ચાલવું.

खै મારવું.

गज् , गर्ज् ગર્જના કરવી.

गुंज् અવાજ કરવો.

गम् જવું.

गर्व् અહંકાર કરવો.

गल् નીચે પડવું.

गुप् રક્ષણ કરવું.

गुह् ઢાંકવું, છુપાવવું.

गै ગાવું.

ग्रस् ખાવું, કોળીઓ કરવો.

ग्लै થાકી જવું.

घस् ખાવું.

घुस् અવાજ કરવો.

घृष् ઘસવું, કચરવું.

घ्रा સૂંઘવું.

चट् બોલવું.

चद् પ્રકાશવું.

चम् પીવું, ખાવું.

चर् ચાલવું.

चल् હલાવવું, ચાલવું.

चष् નુકસાન કરવું.
चित् સમજવું.
चुत् ચૂવું.
चुष् ધીમે ધીમે જવું.
चुंब् ચુંબન કરવું.
चूष् ચૂસવું.
च्युत् નીચે પડવું, વહેવું.
छद् ઢાંકવું.
जप् જપ કરવા, બબડવું.
जम् ખાવું.
जल्प् બબડવું.
जि જીતવું.
जिष् છંટકાવ કરવો.
जीव् જીવવું.
ज्वर् તાવ આવવો.
ज्वल् બળવું.
झष् મારવું.
तञ्च् જવું.
तर्ज् ધમકી આપવી.
तर्द् મારવું.
तुंद् શોધવું.
तुस् અવાજ કરવો.
तॄ તરવું, ઓળંગવું.
तेज् રક્ષણ કરવું.
त्यज् તજવું.
दंश् કરડવું.
दह् બળવું.
दा આપવું.
दृश् ( पश्य् ) જોવું.
द्रु દોડવું, ઓગળવું.
द्रै ઊંઘવું.
धण् અવાજ કરવો.
धन्व् જવું.
धाव् વહેવું, દોડવું.
धृष् ભેગા થવું, નુકસાન કરવું.
धे ધાવવું.
ध्मा ફૂંકવું, ફેંકી દેવું.
ध्यै ધ્યાન કરવું.
ध्रज् જવું.
ध्वन् અવાજ કરવો.
नन्द् પ્રસન્ન થવું.
नम् નમસ્કાર કરવા.
नर्द् ગર્જના કરવી,
અવાજ કરવો.
नी દોરવું.
पच् રાંધવું.
पठ् વાંચવું.
पत् પડવું.
पा ( पिब् ) પીવું.
प्रेष् જવું.
फल् ફૂટવું, ફળવું.
भू હોવું, થવું.
भज् ભાગ લેવો.
भण् બોલવું.

भष् ભસવું.

भिद् ભેદવું.

भूष्, मंड् } શોભાવવું.

मथ् મથવું, વલોવવું.

मार्ग् શોધવું.

मृज् અવાજ કરવો.

यक्ष् ચાલવું, હાલવું.

युज् જોડવું.

रक्ष् રક્ષણ કરવું.

रट् બૂમ પાડવી, બોલાવવું.

रै અવાજ કરવો.

लग् લાગવું, જોડવું.

लप् લવારો કરવો, વિલાપ કરવો.

वम् ઊલટી થવી.

वस् રહેવું.

वह् વહેવું, લઈ જવું.

वे વણવું, ઢાંકવું.

वै સૂકવવું, થાકી જવું.

व्ये સીવવું, ઢાંકવું.

शंस् કહેવું, વખાણવું, સૂચવવું.

शस् કાપવું.

श्वि વધવું, ફૂલવું, જવું.

सञ्ज् ચોટવું, આસક્ત થવું.

सद् બેસવું.

सस्ज् તૈયાર થવું.

૧૬૮ ઉપર આપેલા ધાતુઓનાં રૂપો નીચે પ્રમાણે કરવાં. જ્યાં અનિયમિતતા આવે છે, ત્યાં શો ફેર છે તે જણાવવામાં આવેલો છે.

## વર્તમાન

| પુ૦ | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नमामि | नमावः | नमामः |
| ૨જો | नमसि | नमथः | नमथ |
| ૩જો | नमति | नमतः | नमन्ति |

### અનદ્યતન

| પુ૦ | એવ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अनमम् | अनमाव | अनमाम |
| ૨જો | अनमः | अनमतम् | अनमत |
| ૩જો | अनमत् | अनमताम् | अनमन् |

### આજ્ઞાર્થ

| પુ૦ | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नमानि | नमाव | नमाम |
| ૨જો | नम | नमतम् | नमत |
| ૩જો | नमतु | नमताम् | नमन्तु |

### વિધ્યર્થ

| પુ૦ | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नमेयम् | नमेव | नमेम |
| ૨જો | नमेः | नमेतम् | नमेत |
| ૩જો | नमेत् | नमेताम् | नमेयुः |

### ત્રીજો પુરુષ એકવચન

| | વર્તમાન | અનદ્યતન | આજ્ઞાર્થ | વિધ્યર્થ |
|---|---|---|---|---|
| भू | भवति | अभवत् | भवतु | भवेत् |
| नी | नयति | अनयत् | नयतु | नयेत् |
| बुध् | बोधति | अबोधत् | बोधतु | बोधेत् |

[ गम् નું गच्छ्, दृश् નું पश्य्, અને सद् નું सीद् થાય છે. ]

૧૬૯ मुर्च्छ्, स्फुर्ज्, उर्व्, तुर्व्, दुर्प् વગેરે પહેલા ગણના ધાતુને પ્રત્યય લગાડતા પહેલાં તેમના ઉપાન્ત્ય 'उ'નો ऊ કરવો પડે છે. જેમકે मूर्च्छति, स्फूर्जति, तूर्वति વગેરે.

૧૭૦ નીચે આપેલા ધાતુ અનિયમિત છે. તેમની સામે તેમનાં વર્તમાનકાળ ત્રી. પુ. એકવચનનાં રૂપ આપ્યાં છે.

| | | |
|---|---|---|
| गुप् | गोपायति | આ ધાતુઓ ૧લા ગણના હોવા છતાં તેમને आय નિશાની લાગે છે. |
| धूप् | धूपायति | |
| विच्छ् | विच्छायति | |
| पण् | पणायति | |
| पन् | पनायति | |
| ष्ठिव् | ष्ठीवति | ( આમાં ઉપાન્ત્ય સ્વર લંબાય છે, એટલે इનો ई થાય છે. ) |
| आ + चम् | आचामति | ( ઉપાન્ત્ય अનો आ થાય છે. ) |
| भ्रम् | भ्रमति–भ्रम्यति–भ्राम्यति | વિકલ્પે ચોથા ગણનાં રૂપ લે છે, અને ઉપાન્ત્ય अ લંબાય છે. |
| क्रम् | क्रमति–क्रम्यति–क्राम्यति | |
| धिन्व् | धिनोति | वનો સંપ્રસારણ પ્રમાણે उ થાય છે. |
| कृण्व् | कृणोति | |

( આ ધાતુઓ ઘણા જ અનિયમિત છે. )

| | |
|---|---|
| पा | पिबति |
| यम् | यच्छति |
| घ्रा | जिघ्रति |
| ध्मा | धमति |
| स्था | तिष्ठति |
| म्ना | मनति |
| दृश् | पश्यति |
| गम् | गच्छति |
| सद् | सीदति |
| सृ | धावति |
| दंश् | दशति |
| सञ्ज् | सजति |
| मृज् | मार्जति |

## આત્મનેપદ

૧૭૧ પ્રથમ ગણના આત્મનેપદમાં નીચેના ધાતુ મુખ્ય છે.

अघ् જવું.
अङ्क् આંક આપવો.
अय् જવું.
ईज જવું, નિંદા કરવી.
ईह् ધારણા કરવી, ઇચ્છા કરવી.
उर्द् માપવું, રળવું.
ऊह् અનુમાન કરવું.
एज् હલાવવું.
एध् વૃદ્ધિ પામવું, વધવું.
कच બાંધવું.
कत्थ् વખાણવું, બડાઈ મારવી.
कंप् હાલવું.
कल् ગણવું, અવાજ કરવો.
कव् પ્રશંસા કરવી.
कास् ઉધરસ ખાવી.
काश् પ્રકાશવું.
कु અવાજ કરવો.
क्लृप् લાયક થવું.
क्लिन्द् શોક કરવો.
क्षम् રજા આપવી, સહન કરવું.
क्ष्विद् ઓગળવું.
गाघ શોધવું, ઉભા રહેવું.
गाह् ડુબકી મારવી, નહાવું.
गु અસ્પષ્ટ રીતે અવાજ કરવો.
गुप् ગુપ્ત રાખવું, છુપાવવું, નિંદા કરવી.
ग्रस ગળી જવું.
ग्लस् ખાવું.
घुट् પાછું આપવું, અદલોબદલો કરવો.
चंड् ગુસ્સે થવું.
चय् જવું.
चेष्ट् ચેષ્ટા કરવી.
जृम्भ् બગાસાં ખાવાં.
तिक्–टीक्–टिक् જવું, ચાલવું.
डी ઊડવું.
तिज् સહન કરવું.
त्रै રક્ષણ કરવું.
त्वर् ઉતાવળ કરવી.
दद् આપવું.

दय् દયા દેખાડવી.
द्युत् પ્રકાશવું.
ध्वंस् નાશ કરવો.
पन् વખાણ કરવાં.
प्याय् વૃદ્ધિ પામવું.
प्लु જવું, કૂદવું.
प्लु વહેવું, ઊડવું.
बाध् બાધિત કરવું, પીડા આપવી.
भंड् ભાંડવું.
भिक्ष् ભીખ માગવી.
भाष् બોલવું.
भृज् સેકવું.
भ्राश्–भ्रास्–भ्राज् પ્રકાશવું.
मुष् લુંટવું.
मुद् આનંદ કરવો.
मे સાટું કરવું, અદલો-બદલો કરવો.
म्रद् ભુકો કરવો.
यत યત્ન કરવો.
याच् ભીખ માગવી.

रभ् શરૂ કરવું.
रम्भ् અવાજ કરવો.
रम् આરામ લેવો, આનંદ કરવો.
रेष् ખુંખારો કરવો, ગર્જના કરવી.
लक्ष् જોવું, તપાસવું.
लंब् લટકવું.
लुट् લોટવું.
लभ् મેળવવું.
वन्द् નમસ્કાર કરવા.
वेप् ધ્રૂજવું.
वृध् વૃદ્ધિ પામવું.
वृत् હોવું.
व्यथ् વ્યથા અનુભવવી.
शंक् શંકા કરવી.
शाल् કહેવું, વખાણવું, પ્રકાશવું.
श्यै સુકાવું.
सह् સહન કરવું.

કર્તરિ પ્રયોગમાં ૧લા ગણના આત્મનેપદનાં વર્તમાન, અનદ્યતન, આજ્ઞાર્થ અને વિધ્યર્થનાં રૂપો **वन्द्** પ્રમાણે કરવાં.

## વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | वन्दे | वन्दावहे | वन्दामहे |
| ૨જો | वन्दसे | वन्देथे | वन्दध्वे |
| ૩જો | वन्दते | वन्देते | वन्दन्ते |

## અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अवन्दि | अवन्दावहि | अवन्दामहि |
| ૨જો | अवन्दथाः | अवन्देथाम् | अवन्दध्वम् |
| ૩જો | अवन्दत | अवन्देताम् | अवन्दन्त |

## આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | वन्दै | वन्दावहै | वन्दामहै |
| ૨જો | वन्दस्व | वन्देथाम् | वन्दध्वम् |
| ૩જો | वन्दताम् | वन्देताम् | वन्दन्ताम् |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | वन्देय | वन्देवहि | वन्देमहि |
| ૨જો | वन्देथाः | वन्देयाथाम् | वन्देध्वम् |
| ૩જો | वन्देत | वन्देयाताम् | वन्देरन् |

૧૭૨ स्वञ्ज् અને रञ्ज् નો અનુનાસિક ઊડી જાય છે. વર્તમાન કાળ ત્રી.પુ. એ.વ.માં स्वजते અને रजते એમ થાય છે.

૧૭૩ जभ् ( બગાસાં ખાવાં ) માં અન્ત્ય भ્ની પૂર્વે म् ઉમેરાય છે. વર્તમાનકાળ ત્રી.પુ. એ.વ.માં जम्भते થાય છે.

૧૭૪ शद् ( નાશ પામવો ) નું शीय् થઈ જાય છે. વર્તમાનકાળ ત્રી.પુ. એ.વ.માં शीयते થાય છે.

૧૭૫ लष् વિકલ્પે ચોથા ગણની નિશાની લે છે. लषते–लष्यते। भ्राश् અને भ्लाशने પણ આ નિયમ લાગુ પડે છે.

भ्राशते—भ्राश्यते । भ्लाशते–भ्लाश्यते ।

૧૭૬ कम्ने अय નિશાની લાગે છે, અને તેના ઉપાન્ત્ય अनो आ થાય છે. कामयते ।

## ચોથો ગણ

૧૭૭ ચોથા ગણના ધાતુઓનાં રૂપ પરસ્મૈપદમાં नृत प्रमाणे કરવાં. આ ગણની નિશાની य છે.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नृत्यामि | नृत्यावः | नृत्यामः |
| ૨જો | नृत्यसि | नृत्यथः | नृत्यथ |
| ૩જો | नृत्यति | नृत्यतः | नृत्यन्ति |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ |
|---|---|---|---|
| ૧લો | अनृत्यम् | अनृत्याव | अनृत्याम |
| ૨જો | अनृत्यः | अनृत्यतम् | अनृत्यत |
| ૩જો | अनृत्यत् | अनृत्यताम् | अनृत्यन्त |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नृत्यानि | नृत्याव | नृत्याम |
| ૨જો | नृत्य | नृत्यतम् | नृत्यत |
| ૩જો | नृत्यतु | नृत्यताम् | नृत्यन्तु |

### વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नृत्येयम् | नृत्येव | नृत्येम |
| ૨જો | नृत्येः | नृत्येतम् | नृत्येत |
| ૩જો | नृत्येत् | नृत्येताम् | नृत्येयुः |

આત્મનેપદનાં રૂપ मन् પ્રમાણે કરવાં.

## વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | मन्ये | मन्यावहे | मन्यामहे |
| ૨જો | मन्यसे | मन्येथे | मन्यध्वे |
| ૩જો | मन्यते | मन्येते | मन्यन्ते |

## અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अमन्ये | अमन्यावहि | अमन्यामहि |
| ૨જો | अमन्यथाः | अमन्येथाम् | अमन्यध्वम् |
| ૩જો | अमन्यत | अमन्येताम् | अमन्यन्त |

## આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | मन्यै | मन्यावहै | मन्यामहै |
| ૨જો | मन्यस्व | मन्येथाम् | मन्यध्वम् |
| ૩જો | मन्यताम् | मन्येताम् | मन्यन्ताम् |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | मन्येय | मन्येवहि | मन्येमहि |
| ૨જો | मन्येथाः | मन्येयाथाम् | मन्येध्वम् |
| ૩જો | मन्येत | मन्येयाताम् | मन्येरन् |

૧૭૮ નીચેના ધાતુઓનાં રૂપો અનિયમિત છે, માટે તે વિદ્યાર્થીઓએ યાદ રાખવાં જોઈએ.

## પરસ્મૈપદ

| | | |
|---|---|---|
| क्रम् જવું. | क्राम्यति | |
| क्लम् થાકવું. | क्लामति<br>क्लाम्यति | |
| शम् શાન્ત કરવું. | शाम्यति | |
| तम् ઇચ્છા કરવી. | ताम्यति | ઉપાન્ત્ય अ લંબાય છે. |
| दम् શાંત કરવું. | दाम्यति | |
| श्रम् થાકી જવું. | श्राम्यति | |
| क्षम् સહન કરવું. | क्षाम्यति | |
| मद् મત્ત થવું. | माद्यति | |
| शो તીવ્ર કરવું. | श्यति | |
| छो કાપવું. | छ्यति | અન્ત્ય ओ નો લોપ થાય છે |
| सो અંત લાવવો. | स्यति | (विभाषा, घ्राधेट्शाच्छासः) |
| दो કાપવું. | द्यति | |

भ्रंश्–स् પડવું. भ्रश्यति—भ्रस्यति (અનુનાસિક ઊડી જાય છે.)

व्यध् વીંધવું. विध्यति (य्નો સંપ્રસારણ પ્રમાણે इ થાય છે.)

## આત્મનેપદ

जन् જન્મવું. जायते (जन्નો આદેશ जा છે.)

दिव् પ્રકાશવું. दीव्यति (હ્રસ્વ इ दीर्घ બને છે.)

૧૭૯ ઉપર આપેલા સિવાય આ ગણના બીજા ધાતુ નીચે મુજબ છે.

अण् (આ.) શ્વાસ લેવો.
अस् (પ.) ફેંકવું.
इष् (પ.) જવું, ફેલાવવું.
उच् (પ.) એકઠા થવું.
ऋध् (પ.) પ્રસન્ન થવું, વિજય પામવું.
काश् (આ.) પ્રકાશવું.
कुप् (પ.) ગુસ્સે થવું.
कुस् (પ.) ભેટવું.
कृश् (પ.) પાતળા થવું.
क्रुध् (પ.) ગુસ્સે થવું.
क्षिप् (પ.) ફેંકવું.

क्षुभ् (પ.) ધ્રૂજવું, ક્ષોભ પામવું.

गुध् (પ.) ઢાંકવું.

गृध् (પ.) લોભ કરવો, ઇચ્છા કરવી.

जस् (પ.) મુક્ત કરવું.

जॄ (પ.) વૃદ્ધ થવું, જીર્ણ થવું.

तम् (પ.) ગુંગળાઈ જવું, થાકી જવું.

तुष् (પ.) સંતોષ પામવો.

तूर् (આ.) ઉતાવળથી ચાલવું.

तृप् (પ.) તૃપ્ત થવું.

दम् (પ.) દમન કરવું, જીતવું.

दस् (પ.) નાશ પામવું.

दीप् (આ.) પ્રકાશવું.

दृप् (આ.) નાશ પામવું.

दू (આ.) દુઃખ પામવું.

दृप् (પ.) પ્રસન્ન થવું, ગર્વ કરવો.

द्रुह् (પ.) દ્રોહ કરવો.

नश् (પ.) નાશ કરવો, ખોવું.

नह् (ઉ.) બાંધવું.

नृत् (પ.) નાચવું.

पद् (આ.) પ્રાપ્ત કરવું.

पुष् (પ.) પોષણ કરવું.

पू (આ.) પવિત્ર કરવું. (पुयते)

प्री (આ.) સ્નેહ કરવો, સંતોષ પામવો.

भ्रम् (પ.) ભટકવું.

मी (આ.) મરવું, નાશ પામવું.

मृष् (ઉ.) ક્ષમા આપવી, સહન કરવું.

मृग् (પ.) શોધવું.

रध् (પ.) ઇજા કરવી, નાશ કરવું, તાબે કરવું.

राध् (પ.) ને અનુકૂળ હોવું, પ્રસન્ન કરવું.

री (પ.) ટપકવું, વહેવું.

लुप् (પ.) લોપ કરવો.

सिध् (પ.) સિદ્ધ કરવું.

सिव् (પ.) સીવવું, લખવું, જોડવું.

सू (આ.) જન્મ આપવો.

આ ધાતુઓનાં રૂપો પરસ્મૈપદમાં नृत् જેવાં કરવાં, અને આત્મનેપદમાં मन् જેવાં કરવાં. જ્યાં (ઉ.) કરેલું છે તે ઉભયપદના સમજવા. ઉભય એટલે બે: પરસ્મૈપદ અને આત્મનેપદ બંનેમાં જે ધાતુનાં રૂપો થતાં હોય, તેને ઉભયપદમાં ગણવામાં આવે છે.

## છઠ્ઠો ગણ

૧૮૦ છઠ્ઠા ગણની નિશાની અ છે. તેમાંના મુખ્ય ધાતુ નીચે પ્રમાણે છે.

उज्झ् (૫.) ત્યજવું.

उंछ् (૫.) વીણવું, એકઠું કરવું.

उछ् (૫.) બાંધવું, પૂર્ણ કરવું.

ऋच् (૫.) પ્રકાશવું, પ્રશંસા કરવી.

किल् (૫.) ક્રીડા કરવી, કેલી કરવી.

कू–कु (આ.) શ્વેત થવું, અવાજ કરવો.

कृष् (૫.) ખેતી કરવી, હળ ખેંચવું.

क्षुर् (૫.) ખાવું.

गुड् (૫.) રક્ષણ કરવું.

गुर् (આ.) પ્રયત્ન કરવો.

चर्च् (૫.) ચર્ચા કરવી.

चिल् (૫.) કપડાં પહેરવાં.

चुट् (૫.) કાપવું.

छुर् (૫.) છારવું, ઢાંકવું.

छुट् (૫.) કાપવું.

तृप् (૫.) તૃપ્ત થવું.

तृह् (૫.) મારવું, ઈજા કરવી.

नू (૫.) પ્રશંસા કરવી.

मिल् (૫.) મળવું, મેળાપ થવો.

मिष् (૫.) જોવું, આંખો ખોલવી.

मुच् (ઉ.) વચન આપવું.

मृ (આ.) મરવું.

मृड् (૫.) ક્ષમા આપવી.

रुश् (૫.) ઇજા કરવી, નાશ કરવો.

विच्छ् (૫.) જવું.

ઉપર આપેલા ધાતુનાં રૂપો क्षिप् પ્રમાણે કરવાં.

### વર્તમાન

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्षिपामि | क्षिपावः | क्षिपामः |
| ૨જો | क्षिपसि | क्षिपथः | क्षिपथ |
| ૩જો | क्षिपति | क्षिपतः | क्षिपन्ति |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्षिपे | क्षिपावहे | क्षिपामहे |
| ૨જો | क्षिपसे | क्षिपेथे | क्षिपध्वे |
| ૩જો | क्षिपते | क्षिपेते | क्षिपन्ते |

### અનદ્યતન

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अक्षिपम् | अक्षिपाव | अक्षिपाम |
| ૨જો | अक्षिपः | अक्षिपतम् | अक्षिपत |
| ૩જો | अक्षिपत् | अक्षिपताम् | अक्षिपन् |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अक्षिपे | अक्षिपावहि | अक्षिपामहि |
| ૨જો | अक्षिपथाः | अक्षिपेथाम् | अक्षिपध्वम् |
| ૩જો | अक्षिपत | अक्षिपेताम् | अक्षिपन्त |

## આજ્ઞાર્થ

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्षिपाणि | क्षिपाव | क्षिपाम |
| ૨જો | क्षिप | क्षिपतम् | क्षिपत |
| ૩જો | क्षिपतु | क्षिपताम् | क्षिपन्तु |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्षिपै | क्षिपावहै | क्षिपामहै |
| ૨જો | क्षिपस्व | क्षिपेथाम् | क्षिपध्वम् |
| ૩જો | क्षिपताम् | क्षिपेताम् | क्षिपन्ताम् |

## વિધ્યર્થ

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्षिपेयम् | क्षिपेव | क्षिपेम |
| ૨જો | क्षिपेः | क्षिपेतम् | क्षिपेत |
| ૩જો | क्षिपेत् | क्षिपेताम् | क्षिपेयुः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्षिपेय | क्षिपेवहि | क्षिपेमहि |
| ૨જો | क्षिपेथाः | क्षिपेयाथाम् | क्षिपेध्वम् |
| ૩જો | क्षिपेत | क्षिपेयाताम् | क्षिपेरन् |

૧૮૧ નીચેના ધાતુનાં રૂપો અનિયમિત રીતે થાય છે; તેમનાં વર્તમાનકાળ ત્રી.પુ. એ.વ.નાં રૂપો અહીંઆં આપ્યાં છે.

इष् ઇચ્છવું. इच्छति — व्यच् છેતરવું. विचति

कृत् કાપવું. कृन्तति
सिच् સીંચવું. सिञ्चति–ते
विद् મેળવવું. विन्दति–ते
मुच् મુક્ત કરવું. मुञ्चति–ते

खिद् ખેદ કરવો. खिन्दति

આમાં અનુનાસિક ઉમેરાય છે.

विच्छ् જવું. विच्छायति

गॄ ગળી જવું. गिरति, गिलति (અન્ત્ય ऋનો इ થાય છે, અને र्નો ल् વિકલ્પે થાય છે.)

| | | |
|---|---|---|
| मस्ज् (પ.) નહાવું, શુદ્ધ કરવું. | मज्जति | स्નો ज्ज થાય છે. |
| भ्रस्ज् (ઉ.) શેકવું. | भृज्जति–ते | ,, ,, ,, |
| सस्ज् જવું. | सज्जति | ,, ,, ,, |
| लुप् (ઉ.) ભાગવું, હરી લેવું. | लुंपति–ते (અનુનાસિક ઉમેરાય છે.) | |
| प्रच्छ् (પ.) પૂછવું. | पृच्छति | |
| त्रुट् (પ.) તોડવું. | त्रुटयति–त्रुटति | |
| व्रश्च् (પ.) કાપવું, છેદવું. | वृश्चति ( र्નો ऋ થાય છે. ) | |

## દશમો ગણ

૧૮૨ દશમા ગણુની નિશાની अय છે. નીચેના ધાતુઓને अय લગાડતા પહેલાં તેમના સ્વરમાં કોઈ પણ ફેરફાર કરવામાં આવતો નથી.

| | |
|---|---|
| अघ् પાપ કરવું. | स्वर् સ્વર કાઢવો. |
| कथ् કહેવું. | पद् (આ.) જવું. |
| गण् ગણવું. | अस् વિભાગ કરવા. |
| वर् પસંદ કરવું. | वट् છૂટું કરવું. |
| ध्वन् અવાજ કરવો. | लज् પ્રકાશવું. |
| मह् માન આપવું. | छद् ઢાંકવું. |
| रच् રચવું. | श्लथ् દુર્બળ થવું, ઢીલું કરવું. |
| रट् રટણ કરવું. | व्यय् ખર્ચવું. |
| रस् સ્વાદ લેવો. | स्पृह् ઇચ્છા કરવી. |
| रह् ત્યજવું. | मृष् સહન કરવું. |
| शठ् છેતરવું, ભુંડું કરવું. | ग्रह् (આ.) લેવું. |
| पट् વણવું. | कुह् (આ.) આશ્ચર્ય પામવું, છેતરવું. |
| स्तन् ગર્જના કરવી. | |
| गद् અવાજ કરવો. | पुट् બાંધવું, સાથે જોડવું. |
| पत् જવું. | स्फुट् પ્રકટ થવું. |
| फल् ગણવું. | सुख् સુખી કરવું. |

આમાં જ્યાં (આ.) લખ્યા છે તે આત્મનેપદ સમજવા, અને જ્યાં કંઈ લખ્યું નથી તે પરસ્મપદ સમજવા. તેમનાં રૂપ कथ् પ્રમાણે કરવાં.

૧૮૩ નીચેના ૧૦મા ગણના ધાતુઓ આત્મનેપદ છે.

चित् ચિંતન કરવું.
दंश् દંશ દેવો.
मन्त्र् ગુપ્ત સલાહ લેવી.
विष्क् (हिष्क्) મારવું.
निष्क् માપવું.
लल् ઇચ્છા કરવી.
तुण् ભરવું.
भ्रूण् આશા રાખવી,ડરવું.
यक्ष् પૂજા કરવી.
कुत्स् ઠપકો આપવો.
त्रुट તોડવું.
गल् ગબડી જવું.
वञ्च् છેતરવું.
दिव् શોક કરવો.
गृ જાણવું.
विद् જાણવું.
मन् ગર્વ કરવો.
यु ખાતરી કરવી.

कथ् ( પરસ્મૈપદ )

૧૮૪

## વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | कथयामि | कथयावः | कथयामः |
| ૨જો | कथयसि | कथयथः | कथयथ |
| ૩જો | कथयति | कथयतः | कथयन्ति |

## અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अकथयम् | अकथयाव | अकथयाम |
| ૨જો | अकथयः | अकथयतम् | अकथयत |
| ૩જો | अकथयत् | अकथयताम् | अकथयन् |

## આજ્ઞાર્થે

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | कथयानि | कथयाव | कथयाम |
| ૨જો | कथय | कथयतम् | कथयत |
| ૩જો | कथयतु | कथयताम् | कथयन्तु |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | कथयेयम् | कथयेव | कथयेम |
| ૨જો | कथये: | कथयेतम् | कथयेत |
| ૩જો | कथयेत् | कथयेताम् | कथयेयुः |

## मन्त्र् ( આત્મનેપદ )

## વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | मन्त्रये | मन्त्रयावहे | मन्त्रयामहे |
| ૨જો | मन्त्रयसे | मन्त्रयेथे | मन्त्रयध्वे |
| ૩જો | मन्त्रयते | मन्त्रयेते | मन्त्रयन्ते |

## અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अमन्त्रये | अमन्त्रयावहि | अमन्त्रयामहि |
| ૨જો | अमन्त्रयथाः | अमन्त्रयेथाम् | अमन्त्रयध्वम् |
| ૩જો | अमन्त्रयत | अमन्त्रयेताम् | अमन्त्रयन्त |

## આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | मन्त्रयै | मन्त्रयावहै | मन्त्रयामहै |
| ૨જો | मन्त्रयस्व | मन्त्रयेथाम् | मन्त्रयध्वम् |
| ૩જો | मन्त्रयताम् | मन्त्रयेताम् | मन्त्रयन्ताम् |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | मन्त्रयेय | मन्त्रयेवहि | मन्त्रयेमहि |
| ૨જો | मन्त्रयेथाः | मन्त्रयेयाथाम् | मन्त्रयेध्वम् |
| ૩જો | मन्त्रयेत | मन्त्रयेयाताम् | मन्त्रयेरन् |

ઉપર આપેલા ધાતુઓમાંથી પરસ્મૈપદનાં રૂપ कथ् પ્રમાણે કરવાં, અને આત્મનેપદનાં રૂપ मन्त्र् પ્રમાણે કરવાં.

૧૮૫ નીચેના ધાતુઓનાં રૂપ અનિયમિત છે.

धू (પ.) હલાવવું. धूनयति ( પ્રત્યય પૂર્વે न् ઉમેરાય છે. )

प्री (પ.) પ્રસન્ન કરવું. प्रीणयति ( ,, ,, ,, ,, ,, )

अर्थ् (પ.) अर्थयति–अर्थापयति ( વિકલ્પે अप् ઉમેરાય છે. )

लज्ज् (પ.) लज्जयति–लज्जापयति × ( × આ ચિહ્નવાળાં રૂપો શાકટાયનના મત પ્રમાણે છે. )

गण् (પ.) गणयति–गणापयति×

पिड् (પ.) पीडयति ( હ્રસ્વ इनी દીર્ઘ ई બને છે. )

આ ધાતુઓ સિવાય બીજા ધાતુઓમાં अय લગાડતા પૂર્વે ઉપાન્ત્ય अનો आ થાય છે, અને હ્રસ્વ उનો ओ થાય છે.

જેમકે तड्નું ત્રી.પુ.એ.વ.માં ताडयति ।

चुरનું ત્રી.પુ.એ.વ.માં चोरयति ।

૧૮૬ નીચેના ધાતુઓ ૧લા ગણમાં તેમજ ૧૦મા ગણમાં છે.

युज्, पृज्, अर्च्, ईर्, ली, वृज्, वृ, जृ, स्वि, शिष्, तप्, तृप्, छृद्, दृप्, दृभ्, श्रथ्, भी, ग्रन्थ्, अर्द्, हिंस्, अर्ह्, ( પૂજા કરવી. ) शुन्ध्, ( શુદ્ધ કરવું. ) छद्, ઢાંકવું. जुष्,

( સંતોષવું. ) आप्, ( મેળવવું. ) तन्, ( ફેલાવવું. ) मान्, गर्ह्, ( નિન્દવું. ) मार्ग्, ( શોધવું. ) कण्ठ्, मृज्, मृष्, धृष्, दिव्, घुष् ।

૧૮૭ **બીજા, ત્રીજા, પાંચમા, સાતમા, આઠમા અને નવમા ગણના ધાતુઓ માટેના નિયમો.**

પરસ્મૈપદમાં વર્તમાન, અનદ્યતન, અને આજ્ઞાર્થના પ્રત્યયો ઉપર પ્રમાણે છે; આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનમાં हि છે. વિધ્યર્થના પ્રત્યયો નીચે પ્રમાણે જુદા છે.

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | याम् | याव | याम |
| ૨જો | यास् | यातम् | यात |
| ૩જો | यात् | याताम् | युस् |

આત્મનેપદમાં નીચેના જુદા જુદા પ્રત્યયો છે.

**વર્તમાન**

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ए | वहे | महे |
| ૨જો | से | आथे | ध्वे |
| ૩જો | ते | आते | अते |

**અનદ્યતન**

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | इ | वहि | महि |
| ૨જો | थास् | आथाम् | ध्वम् |
| ૩જો | त | आताम् | अत |

## આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ऐ | आवहै | आमहै |
| ૨જો | स्व | आथाम् | ध्वम् |
| ૩જો | ताम् | आताम् | अताम् |

વિધ્યર્થના પ્રત્યયો પહેલા, ચોથા, છઠ્ઠા અને દશમા ગણના ધાતુઓની માફક છે.

ઉપરના પ્રત્યયોના બે વિભાગો કરવામાં આવે છે: (૧) વિકારી પ્રત્યયો (Strong Terminations), અને (૨) અવિકારી (Weak Terminations).વિકાર એટલે ફેરફાર: અર્થાત્ જે પ્રત્યય પહેલાં ધાતુમાં ગુણ અગર વૃદ્ધિનો ફેરફાર થાય, તે વિકારી પ્રત્યયો કહેવાય છે; અને જેની પહેલાં એવો કોઈ પણ ફેરફાર થતો નથી, તે અવિકારી પ્રત્યયો કહેવાય છે.

### વિકારી પ્રત્યયો ( પરસ્મૈપદ )

(૧) વર્તમાન અને અનદ્યતનના તમામ પુરુષોનાં એકવચન.

(૨) આજ્ઞાર્થ ત્રીજો પુરુષ એકવચન, અને પહેલો પુરુષ બધાં વચનો.

### વિકારી પ્રત્યયો ( આત્મનેપદ )

(૩) આત્મનેપદમાં આજ્ઞાર્થ પહેલા પુરુષનાં બધાં વચનો વિકારી છે.

આ સિવાયના બાકીના બધા અવિકારી પ્રત્યયો છે: અર્થાત્ પરસ્મૈપદના વર્તમાન અને અનદ્યતન બીજા અને ત્રીજા પુરુષનાં દ્વિવ. અને બ.વ., આજ્ઞાર્થ બીજા અને ત્રીજા પુરુષનાં દ્વિવ. અને બ.વ., વિધ્યર્થનાં તમામ વચનો, આત્મનેપદમાં વર્તમાન, અનદ્યતન, અને વિધ્યર્થનાં તમામ વચનો, અને આજ્ઞાર્થ બીજા અને ત્રીજા પુરુષના તમામ વચનના પ્રત્યયોને અવિકારી ગણવા.

૧૮૮ વિકારી પ્રત્યયો પૂર્વે ધાતુના અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ કરવો.

## પાંચમો ગણ

૧૮૯ પાંચમા ગણુની નિશાની नु છે. જો તેની પૂર્વે સંયુક્ત વ્યંજન ન આવ્યો હોય, તો व् અને म् પહેલાં અન્ત્ય उ વિકલ્પે લોપાય છે. જો તેની પૂર્વે સંયુક્ત વ્યંજન આવ્યો હોય, તો સ્વરથી શરૂ થતા અવિકારી પ્રત્યય પૂર્વે उનો उव् થાય છે. તે સિવાયની બાબતોમાં व् થાય છે.

જો उની પૂર્વે સંયુક્ત વ્યંજન ન આવ્યો હોય, તો આજ્ઞાર્થે બીજા પુરુષ એકવચનમાં हि લોપાય છે.

૧૯૦ પાંચમા ગણુના મુખ્ય ધાતુઓ નીચે પ્રમાણે છે.

अक्ष् (પ.) વ્યાપવું, એકઠું કરવું, પહોંચવું.
अश् (આ.) વ્યાપવું.
आप (પ.) મેળવવું.
क्षि (પ.) નાશ કરવું.
तक्ष् (પ.) કાપવું.
दम्भ् (પ.) ઇજા કરવી, છેતરવું.
दु (પ.) બાળવું, દુઃખ આપવું.
धू (ઉ.) ધ્રૂજવું, હાલવું.
धृष् (પ.) હિંમત કરવી, ગર્વ કરવો.
शक् (પ.) શક્તિવાળા થવું, શકવું.
सु (ઉ.) રસ કાઢવો, છાંટવું.
साध् (પ.) સાધવું, મેળવવું, પૂર્ણ કરવું.
स्तृ (ઉ.) ફેલાવવું, પાથરવું.
स्तंभ् ટેકવવું.

૧૯૧ આ ગણુના ધાતુનાં રૂપો નીચે આપેલા सुનાં ૫૦ અને આ૦ પદની પેઠે આંક ૧૮૯નો નિયમ ધ્યાનમાં રાખીને કરવાં.

## વર્તમાન ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सुनोमि | सुनुवः–सुन्वः | सुनुमः–सुन्मः |
| ૨જો | सुनोषि | सुनुथः | सुनुथ |
| ૩જો | सुनोति | सुनुतः | सुन्वन्ति |

## વર્તમાન ( આત્મનેપદ )

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सुन्वे | सुनुवहे-सुन्वहे | सुनुमहे-सुन्महे |
| ૨જો | सुनुषे | सुन्वाथे | सुनुध्वे |
| ૩જો | सुनुते | सुन्वाते | सुन्वते |

## અનદ્યતન (પરસ્મૈપદ)

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | असुनवम् | असुनुव–असुन्व | असुनुम–असुन्म |
| ૨જો | असुनोः | असुनुतम् | असुनुत |
| ૩જો | असुनोत् | असुनुताम् | असुन्वन् |

## અનદ્યતન (આત્મનેપદ)

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | असुन्वि | असुनुवहि-असुन्वहि | असुनुमहि–असुन्महि |
| ૨જો | असुनुथाः | असुन्वाथाम् | असुनुध्वम् |
| ૩જો | असुनुत | असुन्वाताम् | असुन्वत |

## આજ્ઞાર્થ (પરસ્મૈપદ)

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सुनवानि | सुनवाव | सुनवाम |
| ૨જો | सुनु | सुनुतम् | सुनुत |
| ૩જો | सुनोतु | सुनुताम् | सुन्वन्तु |

## આજ્ઞાર્થ (આત્મનેપદ)

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सुनवै | सुनवावहै | सुनवामहै |
| ૨જો | सुनुष्व | सुन्वाथाम् | सुनुध्वम् |
| ૩જો | सुनुताम् | सुन्वाताम् | सुन्वताम् |

## વિધ્યર્થ (પરસ્મૈપદ)

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सुनुयाम् | सुनुयाव | सुनुयाम |
| ૨જો | सुनुयाः | सुनुयातम् | सुनुयात |
| ૩જો | सुनुयात् | सुनुयाताम् | सुनुयुः |

## વિધ્યર્થ (આત્મનેપદ)

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सुन्वीय | सुन्वीवहि | सुन्वीमहि |
| ૨જો | सुन्वीथाः | सुन्वीयाथाम् | सुन्वीध्वम् |
| ૩જો | सुन्वीत | सुन्वीयाताम् | सुन्वीरन् |

आप् ધાતુને नु લગાડીએ તો आप्नु થાય છે, એટલે 'उ' પહેલાં 'प्न्' સંયુક્ત વ્યંજન આવે છે, તેથી व् અને म પહેલાં उનો લોપ થતો નથી, તેમજ આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનમાં हि લાગે છે, અને ત્રીજા પુરુષ બ.વ.માં उનો उव् થાય છે.

### વર્તમાન ૧લો પુરુષ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| आप् | आप्नोमि | आप्नुवः | आप्नुमः |
| साध् | साध्नोमि | साध्नुवः | साध्नुमः |
| अश् (આ.) | अश्नुवे | अश्नुवहे | अश्नुमहे |
| शक् | शक्नोमि | शक्नुवः | शक्नुमः |
| क्षि | क्षिणोमि | क्षिणुवः-क्षिण्वः | क्षिणुमः-क्षिण्मः |

| વર્તમાન | અન૦ ૧લો પુ. | | | આજ્ઞાર્થ |
|---|---|---|---|---|
| ૩જો પુ.બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | બીજો પુ.એ.વ. |
| आप्नुवन्ति | आप्नवम् | आप्नुव | आप्नुम | आप्नुहि |
| साध्नुवन्ति | असाध्नवम् | असाध्नुव | असाध्नुम | साध्नुहि |
| अश्नुवते | आश्नुवि | आश्नुवहि | आश्नुमहि | अश्नुष्व |
| शक्नुवन्ति | अशक्नवम् | अशक्नुव | अशक्नुम | शक्नुहि |
| क्षिण्वन्ति | अक्षिणवम् | अक्षिणुव / अक्षिण्व | अक्षिणुम / अक्षिण्म | क्षिणु |

## આઠમો ગણ

૧૯૨ આઠમા ગણની નિશાની उ છે. તેની પછી પ્રત્યય લગાડતા પહેલાં કયા કયા ફેરફારો થાય છે, તે જાણવા સારૂ આંક ૧૮૮નો નિયમ લક્ષમાં રાખવો.

૧૯૩ આ ગણના મુખ્ય ધાતુઓ નીચે પ્રમાણે છે.

कृ (ઉ.) કરવું.
क्षिण् (ઉ.) સંહારવું.
क्षण् (ઉ.) ઇજા કરવી, ભાગવું, સંહારવું.
तन् (ઉ.) ફેલાવવું, વિસ્તાર કરવો.
मन् (આ.) વિચારવું, મૂલ્ય આંકવું.

૧૯૪ तन્નાં प० અને आ० પદનાં રૂપો.

### વર્તમાન

**प०**

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | तनोमि | तनुवः-तन्वः | तनुमः-तन्मः |
| ૨જો | तनोषि | तनुथः | तनुथ |
| ૩જો | तनोति | तनुतः | तन्वन्ति |

आ०

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | तन्वे | तनुवहे-तन्वहे | तनुमहे-तन्महे |
| ૨જો | तनुषे | तन्वाथे | तनुध्वे |
| ૩જો | तनुते | तन्वाते | तन्वते |

## અનદ્યતન

प०

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अतनवम् | अतनुव-अतन्व | अतनुम-अतन्म |
| ૨જો | अतनोः | अतनुतम् | अतनुत |
| ૩જો | अतनोत् | अतनुताम् | अतन्वन् |

आ०

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अतन्वि | अतनुवहि / अतन्वहि | अतनुमहि / अतन्महि |
| ૨જો | अतनुथाः | अतन्वाथाम् | अतनुध्वम् |
| ૩જો | अतनुत | अतन्वाताम् | अतन्वत |

## આજ્ઞાર્થ

प०

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | तनवानि | तनवाव | तनवाम |
| ૨જો | तनु | तनुतम् | तनुत |
| ૩જો | तनोतु | तनुताम् | तन्वन्तु |

आ०

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | तन्वै | तनवावहै | तनवामहै |
| ૨જો | तनुष्व | तन्वाथाम् | तनुध्वम् |
| ૩જો | तनुताम् | तन्वाताम् | तन्वताम् |

### વિધ્યર્થ

प०

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | तनुयाम् | तनुयाव | तनुयाम |
| ૨જો | तनुयाः | तनुयातम् | तनुयात |
| ૩જો | तनुयात् | तनुयाताम् | तनुयुः |

आ०

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | तन्वीय | तन्वीवहि | तन्वीमहि |
| ૨જો | तन्वीथाः | तन्वीयाथाम् | तन्वीध्वम् |
| ૩જો | तन्वीत | तन्वीयाताम् | तन्वीरन् |

૧૯૫ कृ ધાતુનાં રૂપો અનિયમિત છેઃ વિકારી પ્રત્યયો પહેલાં कृनो कर् થઈ જાય છે, અને અવિકારી પ્રત્યયો પહેલાં कुर् થાય છે. व् અને म् પહેલાં उ અવશ્ય ઊડી જાય છે.

### વર્તમાન

प०

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | करोमि | कुर्वः | कुर्मः |
| ૨જો | करोषि | कुरुथः | कुरुथ |
| ૩જો | करोति | कुरुतः | कुर्वन्ति |

### आ०

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | कुर्वे | कुर्वहे | कुर्महे |
| ૨જો | कुरुषे | कुर्वाथे | कुरुध्वे |
| ૩જો | कुरुते | कुर्वाते | कुर्वते |

## અનદ્યતન

### प०

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अकरवम् | अकुर्व | अकुर्म |
| ૨જો | अकरोः | अकुरुतम् | अकुरुत |
| ૩જો | अकरोत् | अकुरुताम् | अकुर्वन् |

### आ०

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अकुर्वि | अकुर्वहि | अकुर्महि |
| ૨જો | अकुरुथाः | अकुर्वाथाम् | अकुरुध्वम् |
| ૩જો | अकुरुत | अकुर्वाताम् | अकुर्वत |

## આજ્ઞાર્થ

### प०

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | करवाणि | करवाव | करवाम |
| ૨જો | कुरु | कुरुतम् | कुरुत |
| ૩જો | करोतु | कुरुताम् | कुर्वन्तु |

### आ०

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | करवै | करवावहै | करवामहै |
| ૨જો | कुरुष्व | कुर्वाथाम् | कुरुध्वम् |
| ૩જો | कुरुताम् | कुर्वाताम् | कुर्वताम् |

## વિધ્યર્થ

**प०**

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | कुर्याम् | कुर्याव | कुर्याम |
| ૨જો | कुर्याः | कुर्यातम् | कुर्यात |
| ૩જો | कुर्यात् | कुर्याताम् | कुर्युः |

**आ०**

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | कुर्वीय | कुर्वीवहि | कुर्वीमहि |
| ૨જો | कुर्वीथाः | कुर्वीयाथाम् | कुर्वीध्वम् |
| ૩જો | कुर्वीत | कुर्वीयाताम् | कुर्वीरन् |

## નવમો ગણ

૧૯૬ આ ગણના વિકારી પ્રત્યયો પૂર્વે ना લગાડવામાં આવે છે, પણ અવિકારી વ્યંજન પ્રત્યયો પૂર્વે नी, અને અવિકારી સ્વર પ્રત્યયો પૂર્વે न् લગાડવામાં આવે છે.

૧૯૭ આ ગણના મુખ્ય ધાતુઓ નીચે પ્રમાણે છે.

अश् (પ.) ખાવું.
ऋ (પ.) જવું, ખસવું.
कॄ (ઉ.) ઇજા કરવી, સંહારવું.
क्नू (ઉ.) અવાજ કરવો.
क्री (ઉ.) ખરીદવું.
गॄ (પ.) બોલાવવું.
ग्रंथ् (પ.) ગૂંથવું, રચવું.

ग्रह् (ઉ.) લેવું, ગ્રહણ કરવું.
ज्ञा (ઉ.) જાણવું.
ज्या (પ.) વૃદ્ધ થવું, જુનું થવું.
दॄ (પ.) ચીરવું, વિભાગ કરાવવા.
द्रू (ઉ.) મારવું, સંહારવું.
धू (ઉ.) હલાવવું.
पॄ (પ.) ભરવું.
प्री (ઉ.) પ્રસન્ન કરવું.
प्लुष् (પ.) ભીનું થવું, સીંચવું.
बन्ध (પ.) બાંધવું.
मन्थ् (પ.) મંથન કરવું.
मुष् (પ.) ચોરવું.
मृड (પ.) ક્ષમા આપવી, પ્રસન્ન કરવું.
मृद (પ.) મર્દન કરવું, ઘસવું.
यु (ઉ.) જોડવું.
रि (ઉ.) હાંકવું, છુટા કરવું.
ली (પ.) ઓગળવું, લય પામવું.
लू (ઉ.) કાપવું.
वॄ (ઉ.) પસંદ કરવું.
व्री (પ.) પસંદ કરવું.
शॄ (પ.) કકડા કરવા, ઇજા કરવી, સંહારવું.
श्री (ઉ.) રાંધવું, ઉકાળવું.
श्रथ् (પ.) શિથિલ કરવું.
स्तम्भ આનંદિત કરવું, અડચણ નાખવી, અટકાવવું.

૧૯૮ ઉપરના ધાતુઓનાં રૂપો નીચે પ્રમાણે કરવાં.

## क्री

### વર્તમાન (પરસ્મૈપદ)

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्रीणामि | क्रीणीवः | क्रीणीमः |
| ૨જો | क्रीणासि | क्रीणीथः | क्रीणीथ |
| ૩જો | क्रीणाति | क्रीणीतः | क्रीणन्ति |

## વર્તમાન (આત્મનેપદ)

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्रीणे | क्रीणीवहे | क्रीणीमहे |
| ૨જો | क्रीणीषे | क्रीणाथे | क्रीणीध्वे |
| ૩જો | क्रीणीते | क्रीणाते | क्रीणते |

## અનદ્યતન (પરસ્મૈપદ)

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अक्रीणाम् | अक्रीणीव | अक्रीणीम |
| ૨જો | अक्रीणाः | अक्रीणीतम् | अक्रीणीत |
| ૩જો | अक्रीणात् | अक्रीणीताम् | अक्रीणन् |

## અનદ્યતન (આત્મનેપદ)

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अक्रीणि | अक्रीणीवहि | अक्रीणीमहि |
| ૨જો | अक्रीणीथाः | अक्रीणाथाम् | अक्रीणीध्वम् |
| ૩જો | अक्रीणीत | अक्रीणाताम् | अक्रीणत |

## આજ્ઞાર્થ (પરસ્મૈપદ)

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्रीणानि | क्रीणाव | क्रीणाम |
| ૨જો | क्रीणीहि | क्रीणीतम् | क्रीणीत |
| ૩જો | क्रीणातु | क्रीणीताम् | क्रीणन्तु |

## (આજ્ઞાર્થ આત્મનેપદ)

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्रीणै | क्रीणावहै | क्रीणामहै |
| ૨જો | क्रीणीष्व | क्रीणाथाम् | क्रीणीध्वम् |
| ૩જો | क्रीणीताम् | क्रीणाताम् | क्रीणताम् |

## વિધ્યર્થ

### પ૦

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्रीणीयाम् | क्रीणीयाव | क्रीणीयाम |
| ૨જો | क्रीणीयाः | क्रीणीयातम् | क्रीणीयात |
| ૩જો | क्रीणीयात् | क्रीणीयाताम् | क्रीणीयुः |

### આ૦

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्रीणीय | क्रीणीवहि | क्रीणीमहि |
| ૨જો | क्रीणीथाः | क्रीणीयाथाम् | क्रीणीध्वम् |
| ૩જો | क्रीणीत | क्रीणीयाताम् | क्रीणीरन् |

૧૯૯ ना પૂર્વે ધાતુનો ઉપાન્ત્ય અનુનાસિક લોપાય છે. જેમકે

| ધાતુ | પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|
| स्तम्भ् | ૩જો | स्तभ्नाति | स्तभ्नीतः | स्तभ्नन्ति |
| ग्रन्थ् | ૩જો | ग्रथ्नाति | ग्रथ्नीतः | ग्रथ्नन्ति |

૨૦૦ આ ગણુના વ્યંજનાન્ત ધાતુના આજ્ઞાર્થ પરસ્મૈપદના બીજા પુરુષના એકવચનમાં हि ને બદલે आन પ્રત્યય લાગે છે.

| | | |
|---|---|---|
| ग्रन्थ्‌નું | ग्रथान | પરસ્મૈપદ આજ્ઞાર્થ |
| बन्ध्‌નું | बधान | બીજા પુરુષ |
| स्तम्भ्‌નું | स्तभान | એકવચનનાં રૂપો |

૨૦૧ ग्रह्‌ના र्‌નો ऋ થાય છે; અર્થાત્ રૂપો કરતી વખતે ग्रह्‌નો गृह् થાય છે. ત્રીજા પુરુષમાં गृह्णाति, गृह्णीतः गृह्णन्ति ।

૨૦૨ ज्ञाનો जा કરવો પડે છે, અને ज्याનું जी એવું રૂપ થાય છે.

| | | | |
|---|---|---|---|
| ज्ञा | जानाति–जानीते | जानीतः–जानाते | जानन्ति–जानते |
| ज्या | जीनाति | जीनीतः | जीनन्ति |

૨૦૩ क्षुभ्‌ને ना અગર नी લગાડવામાં આવે છે, પણ તેના न्‌નો ण् થતો નથી. ( ज्ञाजनोर्जा ) એ.વ. દ્વિ.વ. બ.વ.

क्षुभ्‌નું ત્રીજા પુરુષમાં क्षुभ्नाति क्षुभ्नीतः क्षुभ्नन्ति

૨૦૪ री, ली, धू, पू, लू, कॄ, गॄ, जॄ, दॄ, पॄ, भॄ, शॄ અને स्तॄના અન્ત્ય સ્વર હ્રસ્વ બને છે; પણ क्षी, श्री, અને व्रीમાં વિકલ્પે અન્ત્ય સ્વર હ્રસ્વ થાય છે.

| | |
|---|---|
| रीनुं रिणाति | पूनुं पुनाति–पुनीते |
| लीनुं लिनाति | लूनुं लुनाति |
| धूनुं धुनाति–धुनीते | क्षीनुं क्षीणाति |

## બીજા, ત્રીજા, અને સાતમા ગણના ધાતુઓના સામાન્ય નિયમો

૨૦૫ (૧) જો આ ગણના કોઈ પણ ધાતુને છેડે उ આવે, અને તેની પછી વ્યંજનથી શરૂ થતો વિકારી પ્રત્યય લગાડવાનો હોય, તો उની વૃદ્ધિ કરવી પડે છે.

(૨) અવિકારી સ્વર પ્રત્યય પહેલાં ધાતુના હ્રસ્વ અગર દીર્ઘ इ અગર उનો અનુક્રમે इय् અગર उव् થાય છે.

(૩) જો ધાતુને છેડે ह् આવ્યો હોય, અને તેની પછી અનુનાસિક અગર અન્તઃસ્થ સિવાયનો કોઈ પણ વ્યંજન આવે અગર કંઈ પણ ન આવે, તો ह्नो ढ् થઈ જાય છે. તેજ રીતે दથી શરૂ થતા ધાતુઓ જેમકે दुह्ના ह्नो આજ સંજોગો પ્રમાણે घ् થાય છે.

(૪) त् અને थ्થી શરૂ થતા પ્રત્યયોના આદિ વ્યંજનનો ध् થઈ જાય છે.

(૫) ढ् અગર ष्ની પછી स् આવે, તો તેનો क् થાય છે.

(૬) અનદ્યતન ભૂતકાળમાં બીજા અને ત્રીજા પુરુષના એકવચનમાં स् અને त्नो લોપ થાય છે.

(૭) અનુનાસિક અને અન્તઃસ્થ સિવાયનો કોઈ પણ વ્યંજન ધાતુના પ્રકૃતિ પ્રત્યયાન્ત રૂપમાં આવે, તો પરસ્મૈપદ આજ્ઞાર્થમાં બીજા પુરુષના એકવચનમાં धि પ્રત્યય લાગે છે.

(૮) અનદ્યતન ભૂતકાળમાં બીજા અને ત્રીજા પુરુષના એક-વચનમાં ધાતુના અન્તિમ द्નો વિકલ્પે र् અગર વિસર્ગ થાય છે. त् પ્રત્યય પહેલાં અન્તિમ स्નો त् અથવા द् થાય છે, અને स् પહેલાં તે વિકલ્પે થાય છે.

(૯) જો પ્રકૃતિ પ્રત્યયાન્ત રૂપ (Base)માં એક કરતાં વધારે સ્વર હોય તો, અને ધાતુના અન્તિમ इ ( હ્રસ્વ અથવા દીર્ઘ ) પહેલાં સંયુક્ત વ્યંજન આવ્યો ન હોય તો, વિકારી સ્વર પ્રત્યયો પહેલાં इनो य् થાય છે.

(૧૦) न् અને म्ની પછી જે કોઈ વ્યંજન આવે તેના વર્ગનો અનુનાસિક થાય છે; પણ श्, ष्, स्, કે ह् આવ્યો હોય, તો તેનો અનુસ્વાર થાય છે.

## બીજો ગણ

૨૦૬ આ ગણના તમામ ધાતુઓને પ્રત્યયો એકદમ લગાડવામાં આવે છે. આ ગણની કોઈ પણ નિશાની નથી.

૨૦૭ आ સ્વરાન્ત ધાતુઓના અનદ્યતન ભૂતકાળના ત્રીજા પુરુષ બહુવચનમાં उस् લાગતાં પહેલાં છેલ્લો आ ઊડી જાય છે.

૨૦૮ आ સ્વરાન્ત મુખ્ય ધાતુઓ નીચે પ્રમાણે છે.

ख्या કહેવું.

पा રક્ષણ કરવું.

प्रा (૫.) ભરવું.

प्सा (૫.) ખાવું.

भा (૫.) પ્રકાશવું.

मा (૫.) માપવું, દર્શાવવું, ની સાથે સરખામણી કરવી.

या (૫.) જવું.

रा (૫.) આપવું.

ला (૫.) લેવું, મેળવવું.

वा (૫.) વાવું, જવું, પ્રહાર કરવો, મારવું.

श्रा (૫.) પસીનો થવો, રાંધવું, પોષાક પહેરવો.

स्ना (૫.) નહાવું.

૨૦૯ ઉપરના ધાતુઓનાં રૂપ स्ना પ્રમાણે થાય છે.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | स्नामि | स्नावः | स्नामः |
| ૨જો | स्नासि | स्नाथः | स्नाथ |
| ૩જો | स्नाति | स्नातः | स्नान्ति |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | स्नानि | स्नाव | स्नाम |
| ૨જો | स्नाहि | स्नातम् | स्नात |
| ૩જો | स्नातु | स्नाताम् | स्नान्तु |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अस्नाम् | अस्नाव | अस्नाम |
| ૨જો | अस्नाः | अस्नातम् | अस्नात |
| ૩જો | अस्नात् | अस्नाताम् | अस्नान्–अस्नुः |

### વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | स्नायाम् | स्नायाव | स्नायाम |
| ૨જો | स्नायाः | स्नायातम् | स्नायात |
| ૩જો | स्नायात् | स्नायाताम् | स्नायुः |

૨૧૦ अस् (હોવું) આ ધાતુનો अ અવિકારી પ્રત્યયો પહેલાં ઊડી જાય છે, અને स् તેમજ ध्थी શરૂ થતા પ્રત્યયો પૂર્વે અન્ત્ય स् ઊડી જાય છે. આ ધાતુ ઘણો અનિયમિત છે, એટલે તેનાં રૂપો મોઢે યાદ રાખવાં જોઈએ.

## વર્તમાનકાળ

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अस्मि | स्वः | स्मः |
| ૨જો | असि | स्थः | स्थ |
| ૩જો | अस्ति | स्तः | सन्ति |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | हे | स्वहे | स्महे |
| ૨જો | से | साथे | ध्वे |
| ૩જો | स्ते | साते | सते |

( વર્તમાનકાળના આત્મનેપદ પ્રથમ પુરુષમાં अस् ધાતુનું ह् રૂપ લેવાય છે, અને તેને પ્રત્યય લાગે છે એટલે हे થાય છે. )

## અનદ્યતન

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आसम् | आस्व | आस्म |
| ૨જો | आसीः | आस्तम् | आस्त |
| ૩જો | आसीत् | आस्ताम् | आसन् |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आसि | आस्वहि | आस्महि |
| ૨જો | आस्थाः | आसाथाम् | आध्वम् |
| ૩જો | आस्त | आसाताम् | आसत |

( અનદ્યતન ભૂતકાળમાં પરસ્મૈપદના બીજા અને ત્રીજા પુરુષના પ્રત્યયો પહેલાં ई જોડવામાં આવે છે. )

## આજ્ઞાર્થ

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | असानि | असाव | असाम |
| ૨જો | एधि | स्तम् | स्त |
| ૩જો | अस्तु | स्ताम् | सन्तु |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | असै | असावहै | असामहै |
| ૨જો | स्व | साथाम् | ध्वम् |
| ૩જો | स्ताम् | साताम् | सताम् |

(પરસ્મૈપદના બીજા પુરુષ એકવચનનું રૂપ एधि અનિયમિત રીતે થાય છે.)

## વિધ્યર્થ

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | स्याम् | स्याव | स्याम |
| ૨જો | स्याः | स्यातम् | स्यात |
| ૩જો | स्यात् | स्याताम् | स्युः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सीय | सीवहि | सीमहि |
| ૨જો | सीथाः | सीयाथाम् | सीध्वम् |
| ૩જો | सीत | सीयाताम् | सीरन् |

૨૧૧ आस (આ.) નો स्, ध्व પહેલાં ઊડી જાય છે.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आसे | आस्वहे | आस्महे |
| ૨જો | आस्से | आसाथे | आध्वे |
| ૩જો | आस्ते | आसाते | आसते |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आसि | आस्वहि | आस्महि |
| ૨જો | आस्थाः | आसाथाम् | आध्वम् |
| ૩જો | आस्त | आसाताम् | आसत |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आसै | आस्वहै | आस्महै |
| ૨જો | आस्स्व | आसाथाम् | आध्वम् |
| ૩જો | आस्ताम् | आसाताम् | आसताम |

### વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आसीय | आसीवहि | आसीमहि |
| ૨જો | आसीथाः | आसीयाथाम् | आसीध्वम् |
| ૩જો | आसीत | आसीयाताम् | आसीरन् |

૨૧૨ अद् (૫.) ખાવું.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अद्मि | अद्वः | अद्मः |
| ૨જો | अत्सि | अत्थः | अत्थ |
| ૩જો | अत्ति | अत्तः | अदन्ति |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आदम् | आद्व | आद्म |
| ૨જો | आदः | आत्तम् | आत्त |
| ૩જો | आदत् | आत्ताम् | आदन् |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अदानि | अदाव | अदाम |
| ૨જો | अद्धि | अत्तम् | अत्त |
| ૩જો | अत्तु | अत्ताम् | अदन्तु |

### વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ |
|---|---|---|---|
| ૧લો | अद्याम् | अद्याव | अद्याम |
| ૨જો | अद्याः | अद्यातम् | अद्यात |
| ૩જો | अद्यात् | अद्याताम् | अद्युः |

૨૧૭ इ (પ.) (જવું.)નો અવિકારી સ્વર પ્રત્યય પૂર્વે य् થઈ જાય છે.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | एमि | इवः | इमः |
| ૨જો | एषि | इथः | इथ |
| ૩જો | एति | इतः | यन्ति |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आयम् | ऐव | ऐम |
| ૨જો | ऐः | ऐतम् | ऐत |
| ૩જો | ऐत् | ऐताम् | आयन् |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अयानि | अयाव | अयाम |
| ૨જો | इहि | इतम् | इत |
| ૩જો | एतु | इताम् | यन्तु |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| ૧લો | इयाम् | इयाव | इयाम |
| ૨જો | इयाः | इयातम् | इयात |
| ૩જો | इयात् | इयाताम् | इयुः |

૨૧૪ अधि + इ ( આ. ) ( અભ્યાસ કરવો. ) આ ધાતુનાં રૂપ અનિયમિત થાય છે.

## વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| ૧લો | अधीये | अधीवहे | अधीमहे |
| ૨જો | अधीषे | अधीयाथे | अधीध्वे |
| ૩જો | अधीते | अधीयाते | अधीयते |

## અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| ૧લો | अध्यैयि | अध्यैवहि | अध्यैमहि |
| ૨જો | अध्यैथाः | अध्यैयाथाम् | अध्यैध्वम् |
| ૩જો | अध्यैत | अध्यैयाताम् | अध्यैयत |

## આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| ૧લો | अध्ययै | अध्ययावहै | अध्ययामहै |
| ૨જો | अधीष्व | अधीयाथाम् | अधीध्वम् |
| ૩જો | अधीताम् | अधीयाताम् | अधीयताम् |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अधीयीय | अधीयीवहि | अधीयीमहि |
| ૨જો | अधीयीथाः | अधीयीयाथाम् | अधीयीध्वम् |
| ૩જો | अधीयीत | अधीयीयाताम् | अधीयीरन् |

૨૧૫ ईड् અને ईश् ધાતુઓને स् અથવા ध्वથી શરૂ થતા ભૂત-કાળના પ્રત્યયો પહેલાં इ લગાડવામાં આવે છે, પણ અનદ્યતન બીજા પુરુષ બહુવચનમાં इ લાગતી નથી.

ईड (આ.) પ્રશંસા કરવી.

## વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ईडे | ईड्वहे | ईड्महे |
| ૨જો | ईडिषे | ईडाथे | ईडिध्वे |
| ૩જો | ईट्टे | ईडाते | ईडते |

## અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ऐडि | ऐड्वहि | ऐडमहि |
| ૨જો | ऐड्ढाः | ऐडाथाम् | ऐड्ढ्वम् |
| ૩જો | ऐट्ट | ऐडाताम् | ऐडत |

## આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ईडै | ईडावहै | ईडामहै |
| ૨જો | ईडिष्व | ईडाथाम् | ईडिध्वम् |
| ૩જો | ईट्टाम् | ईडाताम् | ईडताम् |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ईडीय | ईडीवहि | ईडीमहि |
| ૨જો | ईडीथाः | ईडीयाथाम् | ईडीध्वम् |
| ૩જો | ईडीत | ईडीयाताम् | ईडीरन् |

ईश्નાં રૂપો ईड પ્રમાણે કરવાં.

૨૧૬ अन् (પ.), जक्ष् (પ.), सद् (પ.), श्वस् (પ.) અને स्वप् ધાતુઓની પછી અને यથી શરૂ થતા વ્યંજન પ્રત્યયો પહેલાં इ લગાડવામાં આવે છે. અનદ્યતન ભૂતકાળના બીજા અને ત્રીજા પુરુષ એકવચનમાં ई અથવા अ લાગે છે.

## अन्

### વર્તમાન

| પુ | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अनिमि | अनिवः | अनिमः |
| ૨જો | अनिषि | अनिथः | अनिथ |
| ૩જો | अनिति | अनितः | अनन्ति |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आनम् | आनिव | आनिम |
| ૨જો | आनीः—आनः | आनितम् | आनित |
| ૩જો | आनीत्—आनत् | आनिताम् | आनन् |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अनानि | अनाव | अनाम |
| ૨જો | अनिहि | अनितम् | अनित |
| ૩જો | अनितु | अनिताम् | अनन्तु |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अन्याम् | अन्याव | अन्याम |
| ૨જો | अन्याः | अन्यातम् | अन्यात |
| ૩જો | अन्यात् | अन्याताम् | अन्युः |

તેજ પ્રમાણે जक्ष्, रुद्, श्वस् અને स्वप्‌નાં રૂપ કરવાં.

| ધાતુ | વર્તમાનકાળ ૩જો પુ.એ.વ. | અનદ્યત ૨જો પુ.એ.વ. | ભૂતકાળ ૩જો પુ.એ.વ. | આજ્ઞાર્થ ૧લો પુ.એ.વ. |
|---|---|---|---|---|
| जक्ष् | जक्षिति | अजक्षीः-अजक्षः | अजक्षीत्-अजक्षत् | जक्षानि |
| रुद् | रोदिति | अरोदीः-अरोदः | अरोदीत्-अरोदत् | रोदानि |
| श्वस् | श्वसिति | अश्वसीः-अश्वसः | अश्वसीत्-अश्वसत् | श्वसानि |
| स्वप् | स्वपिति | अस्वपीः-अस्वपः | अस्वपीत्-अस्वपत् | स्वपानि |

૨૧૭ વી (૫.) જવું.

## વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | वेमि | वीवः | वीमः |
| ૨જો | वेषि | वीथः | वीथ |
| ૩જો | वेति | वीतः | वियन्ति |

## અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अवयम् | अवीव | अवीम |
| ૨જો | अवेः | अवीतम् | अवीत |
| ૩જો | अवेत् | अवीताम् | अवियन्-अव्यन् |

## આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | वयानि | वयाव | वयाम |
| ૨જો | वीहि | वीतम् | वीत |
| ૩જો | वेतु | वीताम् | वियन्तु |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | वीयाम् | वीयाव | वीयाम |
| ૨જો | वीयाः | वीयातम् | वीयात |
| ૩જો | वीयात् | वीयाताम् | वीयुः |

૨૧૮ नु (પ.) વખાણવું.

## વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नौमि | नुवः | नुमः |
| ૨જો | नौषि | नुथः | नुथ |
| ૩જો | नौति | नुतः | नुवन्ति |

## અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अनवम् | अनुव | अनुम |
| ૨જો | अनौः | अनुतम् | अनुत |
| ૩જો | अनौत् | अनुताम् | अनुवन् |

## આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नवानि | नवाव | नवाम |
| ૨જો | नुहि | नुतम् | नुत |
| ૩જો | नौतु | नुताम् | नुवन्तु |

### વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नुयाम् | नुयाव | नुयाम |
| ૨જો | नुयाः | नुयातम् | नुयात |
| ૩જો | नुयात् | नुयाताम् | नुयुः |

તે જ પ્રમાણે कु (પ.) અવાજ કરવો, क्षु (પ.) પકડવું, क्ष्णु (પ.) તીવ્ર કરવું, द्यु (પ.) હુમલો કરવો, यु (પ.) જોડવું, सु (પ.) સર્વોપરિ સત્તા હોવી, આ ધાતુઓનાં રૂપ કરવાં.

૨૧૯ जागृ (પ.) જાગવું.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जागर्मि | जागृवः | जागृमः |
| ૨જો | जागर्षि | जागृथः | जागृथ |
| ૩જો | जागर्ति | जागृतः | जाग्रति |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अजागरम् | अजागृव | अजागृम |
| ૨જો | अजागः | अजागृतम् | अजागृत |
| ૩જો | अजागः | अजागृताम् | अजागरुः |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जागराणि | जागराव | जागराम |
| ૨જો | जागृहि | जागृतम् | जागृत |
| ૩જો | जागर्तु | जागृताम् | जाग्रतु |

### વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जागृयाम् | जागृयाव | जागृयाम |
| ૨જો | जागृयाः | जागृयातम् | जागृयात |
| ૩જો | जागृयात् | जागृयाताम् | जागृयुः |

૨૨૦ ईर् (આ.) બોલવું.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ईरे | ईर्वहे | ईर्महे |
| ૨જો | ईर्षे | ईराथे | ईर्ध्वे |
| ૩જો | ईर्ते | ईराते | ईरते |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ऐरि | ऐर्वहि | ऐर्महि |
| ૨જો | ऐर्थाः | ऐराथाम् | ऐर्ध्वम् |
| ૩જો | ऐर्त | ऐराताम् | ऐरत |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ईरै | ईरावहै | ईरामहै |
| ૨જો | ईर्ष्व | ईराथाम् | ईर्ध्वम् |
| ૩જો | ईर्ताम् | ईराताम् | ईरताम् |

### વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ईरीय | ईरीवहि | ईरीमहि |
| ૨જો | ईरीथाः | ईरीयाथाम् | ईरीध्वम् |
| ૩જો | ईरीत | ईरीयाताम् | ईरीरन् |

૨૨૧ चक्ष् (આ.) કહેવું.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | चक्षे | चक्ष्वहे | चक्ष्महे |
| ૨જો | चक्षसे | चक्षाथे | चड्ढ्वे |
| ૩જો | चष्टे | चक्षाते | चक्षते |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अचक्षि | अचक्ष्वहि | अचक्ष्महि |
| ૨જો | अचष्ठाः | अचक्षाथाम् | अचड्ढ्वम् |
| ૩જો | अचष्ट | अचक्षाताम् | अचक्षत |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | चक्षै | चक्षावहै | चक्षामहै |
| ૨જો | चक्ष्व | चक्षाथाम् | चड्ढ्वम् |
| ૩જો | चष्टाम् | चक्षाताम् | चक्षताम् |

### વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | चक्षीय | चक्षीवहि | चक्षीमहि |
| ૨જો | चक्षीथाः | चक्षीयाथाम् | चक्षीध्वम् |
| ૩જો | चक्षीत | चक्षीयाताम् | चक्षीरन् |

૨૨૨ लिह् (ઉ.) ચાટવું.

### વર્તમાન

#### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | लेह्मि | लिह्वः | लिह्मः |
| ૨જો | लेक्षि | लीढः | लीढ |
| ૩જો | लेढि | लीढः | लिहन्ति |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | लिहे | लिह्वहे | लिह्महे |
| ૨જો | लिक्षे | लिहाथे | लीढ्वे |
| ૩જો | लीढे | लिहाते | लिहते |

## અનદ્યતન

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अलेहम् | अलिह्व | अलिह्म |
| ૨જો | अलेट्–ड् | अलीढम् | अलीढ |
| ૩જો | अलेट्–ड् | अलीढाम् | अलिहन् |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अलिहि | अलिह्वहि | अलिह्महि |
| ૨જો | अलीढाः | अलिहाथाम् | अलीढ्वम् |
| ૩જો | अलीढ | अलिहाताम् | अलिहत |

## આજ્ઞાર્થ

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | लेहानि | लेहाव | लेहाम |
| ૨જો | लेढि | लीढम् | लीढ |
| ૩જો | लेढु | लीढाम् | लिहन्तु |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | लेहै | लेहावहै | लेहामहै |
| ૨જો | लिक्ष्व | लिहाथाम् | लीढ्वम् |
| ૩જો | लीढाम् | लिहाताम् | लिहताम् |

## વિધ્યર્થ

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | लिह्याम् | लिह्याव | लिह्याम |
| ૨જો | लिह्याः | लिह्यातम् | लिह्यात |
| ૩જો | लिह्यात् | लिह्याताम् | लिह्युः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | लिहीय | लिहीवहि | लिहीमहि |
| ૨જો | लिहीथाः | लिहीयाथाम् | लिहीध्वम् |
| ૩જો | लिहीत | लिहीयाताम् | लिहीरन् |

૨૨૩ दुह् (ઉ.) દોહવું.

## વર્તમાન

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | दोह्मि | दुह्वः | दुह्मः |
| ૨જો | धोक्षि | दुग्धः | दुग्ध |
| ૩જો | दोग्धि | दुग्धः | दुहन्ति |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | दुहे | दुह्वहे | दुह्महे |
| ૨જો | धुक्षे | दुहाते | धुग्ध्वे |
| ૩જો | दुग्धे | दुहाते | दुहते |

### અનદ્યતન
### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अदोहम् | अदुह्व | अदुह्म |
| ૨જો | अधोक्-ग् | अदुग्धम् | अदुग्ध |
| ૩જો | अधोक्-ग् | अदुग्धाम् | अदुहन् |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अदुहि | अदुह्वहि | अदुह्महि |
| ૨જો | अदुग्धाः | अदुहाथाम् | अधुग्ध्वम् |
| ૩જો | अदुग्ध | अदुहाताम् | अदुहत |

### આજ્ઞાર્થ
### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | दोहानि | दोहाव | दोहाम |
| ૨જો | दुग्धि | दुग्धम् | दुग्ध |
| ૩જો | दोग्धु | दुग्धाम् | दुहन्तु |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | दोहै | दोहावहै | दोहामहै |
| ૨જો | धुक्ष्व | दुहाथाम् | धुग्ध्वम् |
| ૩જો | दुग्धाम् | दुहाताम् | दुहताम् |

### વિધ્યર્થ
### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | दुह्याम् | दुह्याव | दुह्याम |
| ૨જો | दुह्याः | दुह्यातम् | दुह्यात |
| ૩જો | दुह्यात् | दुह्याताम् | दुह्युः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | दुहीय | दुहीवहि | दुहीमहि |
| ૨જો | दुहीथाः | दुहीयाथाम् | दुहीध्वम् |
| ૩જો | दुहीत | दुहीयाताम् | दुहीरन् |

૨૨૪ **चकास्** (પ.) પ્રકાશવું, जक्ष्, जागृ, दरिद्रा અને शास्‌નાં ત્રીજા પુરુષ બહુવચનનાં રૂપ કરતી વખતે પ્રત્યયનો न् ઊડી જાય છે; અર્થાત् अन्तिને બદલે अति પ્રત્યય લાગે છે. અનદ્યતન ભૂતકાળના ત્રીજા પુ. બ.વ.માં उस् પ્રત્યય લગાડવામાં આવે છે.

### चकास्

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | चकास्मि | चकास्वः | चकास्मः |
| ૨જો | चकास्सि | चकास्थः | चकास्थ |
| ૩જો | चकास्ति | चकास्तः | चकासति |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अचकासम् | अचकास्व | अचकास्म |
| ૨જો | अचकाः / अचकात्-द् | अचकास्तम् | अचकास्त |
| ૩જો | अचकात्-द् | अचकास्ताम् | अचकासुः |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | चकासानि | चकासाव | चकासाम |
| ૨જો | चकाद्धि-धि | चकास्तम् | चकास्त |
| ૩જો | चकास्तु | चकास्ताम् | चकासतु |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | चकास्याम् | चकास्याव | चकास्याम |
| ૨જો | चकास्याः | चकास्यातम् | चकास्यात |
| ૩જો | चकास्यात् | चकास्याताम् | चकास्युः |

जक्ष् ધાતુની પછી વ્યંજન પ્રત્યયો પૂર્વે इ લગાડવામાં આવે છે.

## વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जक्षिमि | जक्षिवः | जक्षिमः |
| ૨જો | जक्षिषि | जक्षिथः | जक्षिथ |
| ૩જો | जक्षिति | जक्षितः | जक्षति |

## અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अजक्षम् | अजक्षिव | अजक्षिम |
| ૨જો | अजक्षीः<br>अजक्षः | अजक्षितम् | अजक्षित |
| ૩જો | अजक्षीत्<br>अजक्षत् | अजक्षिताम् | अजक्षुः |

## આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जक्षाणि | जक्षाव | जक्षाम |
| ૨જો | जक्षिहि | जक्षितम् | जक्षित |
| ૩જો | जक्षितु | जक्षिताम् | जक्षतु |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जक्ष्याम् | जक्ष्याव | जक्ष्याम |
| ૨જો | जक्ष्याः | जक्ष्यातम् | जक्ष्यात |
| ૩જો | जक्ष्यात् | जक्ष्याताम् | जक्ष्युः |

## जागृ

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૩જો | जागर्ति | जागृतः | जाग्रति |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૨જો | अजागः | अजागृतम् | अजागृत |

| અનદ્યતન | આજ્ઞાર્થ |
|---|---|
| ૩જો પુ. એ.વ. | ૨જો પુ. એ.વ. |
| अजागरुः | जागृहि |

**दरिद्रा** (દરિદ્ર થવું, ગરીબ બનવું.) ધાતુને અવિકારી સ્વરથી શરૂ થતા પ્રત્યયો લગાડતા પહેલાં તેનો છેલ્લો આ ઊડી જાય છે, અને વ્યંજનથી શરૂ થતા પ્રત્યય પહેલાં તેની इ થાય છે.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૩જો | दरिद्राति | दरिद्रितः | दरिद्रति |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૨જો | दरिद्रिहि | दरिद्रितम् | दरिद्रित |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૩જો | अदरिद्रात् | अदरिद्रिताम् | अदरिद्रुः |

૨૨૫ **शास्** (શાસન કરવું.)ને વ્યંજનથી શરૂ થતા અવિકારી પ્રત્યયો લગાડતા પહેલાં તેના ઉપાન્ત્ય आनो इ થાય છે, અર્થાત્ शास्‌ને બદલે शिष् લેવો.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | शास्मि | शिष्वः | शिष्मः |
| ૨જો | शास्सि | शिष्ठः | शिष्ठ |
| ૩જો | शास्ति | शिष्टः | शासति |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अशासम् | अशिष्व | अशिष्म |
| ૨જો | अशाः–अशात्-द् | अशिष्टम् | अशिष्ट |
| ૩જો | अशात्-द् | अशिष्टाम् | अशासुः |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | शासानि | शासाव | शासाम |
| ૨જો | शाधि | शिष्टम् | शिष्ट |
| ૩જો | शास्तु | शिष्टाम् | शासतु |

### વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | शिष्याम् | शिष्याव | शिष्याम |
| ૨જો | शिष्याः | शिष्यातम् | शिष्यात |
| ૩જો | शिष्यात् | शिष्याताम् | शिष्युः |

शास्‌ની પહેલાં आ ઉપસર્ગ આવે તો તેનો અર્થ ઇચ્છવું થાય છે, અને તેનાં રૂપ आस्‌ની માફક આત્મનેપદમાં થાય છે. વ. ત્રી. પુ. એ. વ. आशास्ते

૨૨૬ શી (આ.) શયન કરવું. આ ધાતુને પ્રત્યય લગાડતા પહેલાં તેની ઈનો ગુણ થાય છે, અને ત્રીજા પુરુષ બહુવચનના પ્રત્યય પહેલાં र् લગાડવામાં આવે છે; માત્ર વિધ્યર્થના ત્રીજા પુરુષ બહુવચનમાં र् મૂકવામાં આવતો નથી.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | शये | शेवहे | शेमहे |
| ૨જો | शेषे | शयाथे | शेध्वे |
| ૩જો | शेते | शयाते | शेरते |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अशयि | अशेवहि | अशेमहि |
| ૨જો | अशेथाः | अशयाथाम् | अशेध्वम् |
| ૩જો | अशेत | अशयाताम् | अशेरत |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | शयै | शयावहै | शयामहै |
| ૨જો | शेष्व | शयाथाम् | शेध्वम् |
| ૩જો | शेताम् | शयाताम् | शेरताम् |

### વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | शयीय | शयीवहि | शयीमहि |
| ૨જો | शयीथाः | शयीयाथाम् | शयीध्वम् |
| ૩જો | शयीत | शयीयाताम् | शयीरन् |

૨૨૭ સૂ (આ.) પ્રસવ થવો. આ ધાતુના ऊનો વિકારી પ્રત્યય પહેલાં ગુણ થતો નથી.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सुवे | सूवहे | सूमहे |
| ૨જો | सूषे | सुवाथे | सूध्वे |
| ૩જો | सूते | सुवाते | सुवते |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | असुवि | असूवहि | असूमहि |
| ૨જો | असूथाः | असुवाथाम् | असूध्वम् |
| ૩જો | असूत | असुवाताम् | असुवत |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सुवै | सुवावहै | सुवामहै |
| ૨જો | सूष्व | सुवाथाम् | सूध्वम् |
| ૩જો | सूताम् | सुवाताम | सुवताम् |

### વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सुवीय | सुवीवहि | सुवीमहि |
| ૨જો | सुवीथाः | सुवीयाथाम् | सुवीध्वम् |
| ૩જો | सुवीत | सुवीयाताम् | सुवीरन् |

૨૨૮ मृज् (પ.) સાફ કરવું. વિકારી પ્રત્યયો પૂર્વે તેના ઉપાન્ત્ય સ્વરની વૃદ્ધિ થાય છે, અર્થાત્ मृज्નો मार्ज् થાય છે. અવિકારી સ્વર પ્રત્યયો પહેલાં આ નિયમ વિકલ્પે લાગે છે.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | मार्ज्मि | मृज्वः | मृज्मः |
| ૨જો | मार्क्षि | मृष्ठः | मृष्ठ |
| ૩જો | मार्ष्टि | मृष्टः | मृजन्ति–मार्जन्ति |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अमार्जम् | अमृज्व | अमृज्म |
| ૨જો | अमार्ट्–ड् | अमृष्टम् | अमृष्ट |
| ૩જો | अमार्ट्–ड् | अमृष्टाम् | अमृजन् –अमार्जन् |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | मार्जानि | मार्जाव | मार्जाम |
| ૨જો | मृड्ढि | मष्टम् | मृष्ट |
| ૩જો | मार्ष्टु | मृष्टाम् | मृजन्तु–मार्जन्तु |

### વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | मज्याम् | मृज्याव | मृज्याम |
| ૨જો | मृज्याः | मृज्यातम् | मृज्यात |
| ૩જો | मज्यात् | मृज्याताम् | मृज्युः |

૨૨૯ वच् (પ.) બોલવું. એના ત્રીજા પુરુષ બહુવચન ( વર્ત૦ )માં રૂપ થતાં નથી.

| | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| વર્ત૦–ત્રીજો પુરુષ | वक्ति | वक्तः | × |
| અનદ્યતન ,, | अवक्–ग् | अवक्ताम् | अवचन् |

૨૩૦ वश् (પ.) ઇચ્છા કરવી. આ ધાતુના વ્નો અવિકારી પ્રત્યયો પહેલાં उ થાય છે.

| | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| વર્તમાન ત્રીજો પુરુષ | वष्टि | उष्टः | उशन्ति |
| અનદ્યતન ,, | अवट्-ड् | औष्टाम् | औशन् |
| આજ્ઞાર્થ ,, | वष्टु | उष्टाम् | उशन्तु |
| વિધ્યર્થ ,, | उश्यात् | उश्याताम् | उश्युः |

આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનનું રૂપ उड्ढि છે.

૨૩૧ ब्रू (ઉ.) વ્યંજનથી શરૂ થતા અવિકારી પ્રત્યયો પૂર્વે આ ધાતુને ઈ લાગે છે.

### વર્તમાન ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ब्रवीमि | ब्रूवः | ब्रूमः |
| ૨જો | ब्रवीषि-आत्थ | ब्रूथः-आहथुः | ब्रूथ |
| ૩જો | ब्रवीति-आह | ब्रूतः-आहतुः | ब्रुवन्ति-आहुः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ब्रुवे | ब्रूवहे | ब्रूमहे |
| ૨જો | ब्रूषे | ब्रुवाथे | ब्रूध्वे |
| ૩જો | ब्रूते | ब्रुवाते | ब्रुवते |

(પરસ્મૈપદ બીજા પુરુષ એ.વ. અને દ્વિ. તેમજ ત્રીજા પુરુષમાં આ ધાતુ વિકલ્પે રૂપ લે છે.)

### અનદ્યતન ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अब्रवम् | अब्रूव | अब्रूम |
| ૨જો | अब्रवीः | अब्रूतम् | अब्रूत |
| ૩જો | अब्रवीत् | अब्रूताम् | अब्रुवन् |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अब्रुवि | अब्रूवहि | अब्रूमहि |
| ૨જો | अब्रूथाः | अब्रुवाथाम् | अब्रूध्वम् |
| ૩જો | अब्रूत | अब्रुवाताम् | अब्रुवत |

### આજ્ઞાર્થ ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ब्रवाणि | ब्रवाव | ब्रवाम |
| ૨જો | ब्रहि | ब्रतम् | ब्रूत |
| ૩જો | ब्रवीतु | ब्रूताम् | ब्रुवन्तु |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ब्रवै | ब्रवावहै | ब्रवामहै |
| ૨જો | ब्रूष्व | ब्रुवाथाम् | ब्रूध्वम् |
| ૩જો | ब्रूताम् | ब्रुवाताम् | ब्रुवताम् |

### વિધ્યર્થ ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ब्रूयाम् | ब्रूयाव | ब्रूयाम |
| ૨જો | ब्रूयाः | ब्रूयातम् | ब्रयात |
| ૩જો | ब्रूयात् | ब्रूयाताम् | ब्रूयुः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ब्रुवीय | ब्रुवीवहि | ब्रुवीमहि |
| ૨જો | ब्रुवीथाः | ब्रुवीयाथाम् | ब्रुवीध्वम् |
| ૩જો | ब्रुवीत | ब्रुवीयाताम् | ब्रुवीरन् |

૨૩૨ विद् (પ.) જાણવું. આ ધાતુનાં નિયમિત અને અનિયમિત એમ બન્ને રૂપો થાય છેઃ તે નીચે પ્રમાણે છે.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | वेद्मि–वेद | विद्वः–विद्व | विद्मः–विद्म |
| ૨જો | वेत्सि–वेत्थ | वित्थः–विदथुः | वित्थ–विद |
| ૩જો | वेत्ति–वेद | वित्तः–विदतुः | विदन्ति–विदुः |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अवेदम् | अविद्व | अविद्म |
| ૨જો | अवेः–अवेत्-द् | अवित्तम् | अवित्त |
| ૩જો | अवेत्-द् | अवित्ताम् | अविदुः |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | वेदानि<br>विदाङ्करवाणि | वेदाव<br>विदाङ्करवाव | वेदाम<br>विदाङ्करवाम |
| ૨જો | विद्धि<br>विदाङ्कुरु | वित्तम्<br>विदाङ्कुरुतम् | वित्त<br>विदाङ्कुरुत |
| ૩જો | वेत्तु<br>विदाङ्करोतु | वित्ताम्<br>विदाङ्कुरुताम् | विदन्तु<br>विदाङ्कुर्वन्तु |

### વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | विद्याम् | विद्याव | विद्याम |
| ૨જો | विद्याः | विद्यातम् | विद्यात |
| ૩જો | विद्यात् | विद्याताम् | विद्युः |

૨૩૩ स्तु (ઉ.) આ ધાતુને વ્યંજન પ્રત્યયો પૂર્વે ई વિકલ્પે લગાડ-વામાં આવે છે.

### ત્રીજો પુરુષ

| | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| વર્તમાન | स्तौति–स्तवीति | स्तुतः–स्तुवीतः | स्तुवन्ति (પ.) |
| | स्तुते–स्तुवीते | स्तुवाते | स्तुवते (આ.) |
| અનદ્યતન | अस्तौत्, अस्तवीत् | अस्तुताम्, अस्तुवीताम् | अस्तुवन् (પ.) |
| | अस्तुत, अस्तुवीत | अस्तुवाताम् | अस्तुवत (આ.) |
| આજ્ઞાર્થ | स्तौतु, स्तवीतु | स्तुताम्, स्तुवीताम् | स्तुवन्तु (પ.) |
| | स्तुताम्, स्तुवीताम् | स्तुवाताम् | स्तुवताम् (આ.) |
| વિધ્યર્થ | स्तुयात्, स्तुवीयात् | स्तुयाताम्, स्तुवीयाताम् | स्तुयुः, स्तुवीयुः (પ.) |
| | स्तुवीत | स्तुवीयाताम् | स्तुवीरन् (આ.) |

તેજ પ્રમાણે नु (પ.) વખવું, અને रु અવાજ કરવો, રડવું–એમનાં રૂપો કરવાં.

૨૩૪ हन् (ઉ.) સંહારવું, જવું. આ ધાતુને અનુનાસિક તથા અન્તઃસ્થ સિવાયના કોઈ પણ વ્યંજનથી શરૂ થતા અવિકારી પ્રત્યય લગાડતા પહેલાં न् ઊડી જાય છે, અને સ્વર પ્રત્યય પહેલાં ઉપાન્ત્ય अ ઊડી જાય છે. આ રીતે જ્યારે अ ઊડી જાય ત્યારે ह્નો घ् થાય છે. આજ્ઞાર્થ બીજા પુરુષ એ.વ.નું રૂપ जहि થાય છે.

### વર્તમાન ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | हन्मि | हन्वः | हन्मः |
| ૨જો | हंसि | हथः | हथ |
| ૩જો | हन्ति | हतः | घ्नन्ति |

## આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| ૧લો | घ्ने | हन्वहे | हन्महे |
| ૨જો | हसे | घ्नाथे | हध्वे |
| ૩જો | हते | घ्नाते | घ्नते |

## અનદ્યતન ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| ૧લો | अहनम् | अहन्व | अहन्म |
| ૨જો | अहन् | अहतम् | अहत |
| ૩જો | अहन् | अहताम् | अघ्नन् |

## આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| ૧લો | अघ्नि | अहन्वहि | अहन्महि |
| ૨જો | अहथाः | अघ्नथाम् | अहध्वम् |
| ૩જો | अहत | अघ्नाताम् | अघ्नत |

## આજ્ઞાર્થ ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| ૧લો | हनानि | हनाव | हनाम |
| ૨જો | जहि | हतम् | हत |
| ૩જો | हन्तु | हताम् | घ्नन्तु |

## આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| ૧લો | हनै | हनावहै | हनामहै |
| ૨જો | हस्व | घ्नाथाम् | हध्वम् |
| ૩જો | हताम् | घ्नाताम् | घ्नताम् |

## વિધ્યર્થ ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | हन्याम् | हन्याव | हन्याम |
| ૨જો | हन्याः | हन्यातम् | हन्यात |
| ૩જો | हन्यात् | हन्याताम् | हन्युः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | घ्नीय | घ्नीवहि | घ्नीमहि |
| ૨જો | घ्नीथाः | घ्नीयाथाम् | घ्नीध्वम् |
| ૩જો | घ्नीत | घ्नीयाताम् | घ्नीरन् |

૨૩૫ ह्नु (આ.) ઢાંકવું.

### ત્રીજો પુરુષ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| વર્તમાન | ह्नुते | ह्नुवाते | ह्नुवते |
| અનદ્યતન | अह्नुत | अह्नुवाताम् | अह्नुवत |
| આજ્ઞાર્થ | ह्नुताम् | ह्नुवाताम् | ह्नुवताम् |
| વિધ્યર્થ | ह्नुवीत | ह्नुवीयाताम् | ह्नुवीरन् |

रुद्, स्वप् અને श्वस्‌ને વ્યંજન સિવાયના પ્રત્યયો પહેલાં इ જોડવામાં આવે છે. અનદ્યતન બી. પુ. અને ત્રી. પુ. એ.વ.માં તે વિકલ્પે લાગે છે. જેમકે रुद्‌નું વર્તમાન ત્રી. પુ. એ.વ. रोदिति, અને અનદ્યતન બી. પુ. એ.વ. अरोदिः-अरोदः થાય છે.

द्विष् ધાતુના આજ્ઞાર્થ ત્રી. પુ. એ.વ.નો આશીર્વાદાત્મક (Benedictive) અર્થ હોય, તો द्वेष्टु ઉપરાંત द्विष्टात् રૂપ થાય છે.

બીજા ગણમાં એક ऊर्णु (પ. અને આ.) ઢાંકવું એ ધાતુ છે. તેના પરસ્મૈપદ વર્તમાન કાળના વિકારી પ્રત્યયમાં અન્તિમ સ્વરની વિકલ્પે વૃદ્ધિ થાય છે. જેમકે ૧લો પુ. એ.વ. ऊर्णोमि-ऊर्णौमि

## સાતમો ગણ

૨૩૬ આ ગણના ધાતુઓમાં વિકારી પ્રત્યયો લગાડતા પહેલાં ધાતુના સ્વર અને અન્તિમ વ્યંજનની વચ્ચે न લગાડવામાં આવે છે, અને અવિકારી પ્રત્યયો પૂર્વે न् લગાડવામાં આવે છે.

(अ) ધાતુમાં જો અનુનાસિક હોય, તો તેનો લોપ થાય છે.

(ब) तृह् ધાતુમાં વ્યંજનાત્મક વિકારી પ્રત્યયો પૂર્વે નને બદલે ने લગાડવામાં આવે છે.

૨૩૭ क्षुद् ( ઉ. ) ભુકો કરવો.

### વર્તમાન

#### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्षुणद्मि | क्षुन्द्वः | क्षुन्द्मः |
| ૨જો | क्षुणत्सि | क्षुन्त्थः | क्षुन्त्थ |
| ૩જો | क्षुणत्ति | क्षुन्त्तः | क्षुन्दन्ति |

#### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्षुन्दे | क्षुन्द्वहे | क्षुन्द्महे |
| ૨જો | क्षुन्त्से | क्षुन्दाथे | क्षुन्द्ध्वे |
| ૩જો | क्षुन्त्ते | क्षुन्दाते | क्षुन्दते |

### અનદ્યતન ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अक्षुणदम् | अक्षुन्द्व | अक्षुन्द्म |
| ૨જો | अक्षुणः–त्–द् | अक्षुन्त्तम् | अक्षुन्त्त |
| ૩જો | अक्षुणत्–द् | अक्षुन्त्ताम् | अक्षुन्दन् |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अक्षुन्दि | अक्षुन्द्वहि | अक्षुन्द्महि |
| ૨જો | अक्षुन्त्थाः | अक्षुन्दाथाम् | अक्षुन्द्ध्वम् |
| ૩જો | अक्षुन्त | अक्षुन्दाताम् | अक्षुन्दत |

### આજ્ઞાર્થ ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्षुणदानि | क्षुणदाव | क्षुणदाम |
| ૨જો | क्षुन्द्धि | क्षुन्त्तम् | क्षुन्त्त |
| ૩જો | क्षुणत्तु | क्षुन्त्ताम् | क्षुन्दन्तु |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्षुणदै | क्षुणदावहै | क्षुणदामहै |
| ૨જો | क्षुन्त्स्व | क्षुन्दाथाम् | क्षुन्द्ध्वम् |
| ૩જો | क्षुन्त्ताम् | क्षुन्दाताम् | क्षुन्दताम् |

### વિધ્યર્થ ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्षुन्द्याम् | क्षुन्द्याव | क्षुन्द्याम |
| ૨જો | क्षुन्द्याः | क्षुन्द्यातम् | क्षुन्द्यात |
| ૩જો | क्षुन्द्यात् | क्षुन्द्याताम् | क्षुन्द्युः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्षुन्दीय | क्षुन्दीवहि | क्षुन्दीमहि |
| ૨જો | क्षुन्दीथाः | क्षुन्दीयाथाम् | क्षुन्दीध्वम् |
| ૩જો | क्षुन्दीत | क्षुन्दीयाताम् | क्षुन्दीरन् |

भिद् (ઉ.) उन्द् (પ.) खिद् (આ.) छिद् (ઉ.) छृद् (પ.) कृत् (પ.) तृद् (ઉ.) અને विद् (પ.) નાં રૂપો આ પ્રમાણે કરવાં.

૨૩૮ अञ्ज् (પ.) અંજન કરવું, લેપ કરવો.

## વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अनज्मि | अञ्ज्वः | अञ्ज्मः |
| ૨જો | अनक्षि | अङ्क्थः | अङ्क्थ |
| ૩જો | अनक्ति | अङ्क्तः | अञ्जन्ति |

## અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आनजम् | आञ्ज्व | आञ्ज्म |
| ૨જો | आनक्–ग् | आङ्क्तम् | आङ्क्त |
| ૩જો | आनक्–ग् | आङ्क्ताम् | आञ्जन् |

## આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अनजानि | अनजाव | अनजाम |
| ૨જો | अङ्ग्धि | अङ्क्तम् | अङ्क्त |
| ૩જો | अनक्तु | अङ्क्ताम् | अञ्जन्तु |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अञ्ज्याम् | अञ्ज्याव | अञ्ज्याम |
| ૨જો | अञ्ज्याः | अञ्ज्यातम् | अञ्ज्यात |
| ૩જો | अञ्ज्यात् | अञ्ज्याताम् | अञ्ज्युः |

૨૩૯ इन्ध् (આ.) સળગાવવું, પ્રદીપ્ત કરવું.

### ત્રીજો પુરુષ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| વર્તમાન | इन्द्धे | इन्धाते | इन्धते |
| અનદ્યતન | ऐन्द्ध | ऐन्धाताम् | ऐन्धत |
| આજ્ઞાર્થ | इन्द्धाम् | इन्धाताम् | इन्धताम् |
| વિધ્યર્થ | इन्धीत | इन्धीयाताम् | इन्धीरन् |

૨૪૦ पिष् (પ.) દળવું.

| | ૩ જો પુરુષ | | | ૨ જો પુરુષ |
|---|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એકવચન |
| વર્તમાન | पिनष्टि | पिंष्टः | पिंषन्ति | पिनक्षि |
| અનદ્યતન | अपिनट्-ड | अपिंष्टाम् | अपिंषन् | अपिनट्-ड् |
| આજ્ઞાર્થ | पिनष्टु | पिंष्टाम् | पिंषन्तु | पिण्ड्ढि |
| વિધ્યર્થ | पिंष्यात् — | पिंष्याताम् | पिंष्युः | पिंषीयाः |

આ પ્રમાણે શિષ્નાં રૂપ કરવાં.

૨૪૧ युज् (ઉ.) જોડવું.

### ત્રીજો પુરુષ ( પરસ્મૈપદ )

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| વર્તમાન | युनक्ति | युङ्क्तः | युञ्जन्ति |
| અનદ્યતન | अयुनक्-ग् | अयुङ्क्ताम् | अयुञ्जन् |
| આજ્ઞાર્થ | युनक्तु | युङ्क्ताम् | युञ्जन्तु |
| વિધ્યર્થ | युञ्ज्यात् | युञ्ज्याताम् | युञ्ज्युः |

### આત્મનેપદ

| | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| વર્તમાન | युङ्क्ते | युञ्जाते | युञ्जते |
| અનદ્યતન | अयुङ्क्त | अयुञ्जाताम् | अयुञ्जत |
| આજ્ઞાર્થ | युङ्क्ताम् | युञ्जाताम् | युञ्जताम् |
| વિધ્યર્થ | युञ्जीत | युञ्जीयाताम् | युञ्जीरन् |

આજ્ઞાર્થ ૨જા પુ. એ.વ. (પ.) युङ्ग्धि અને (આ.) युङ्क्ष्व । ઉપર પ્રમાણે भञ्ज् (પ.) भुंज् (પ.) विज् હલાવવું, અને वृज् (પ.) ત્યાગ કરવો, એમનાં રૂપ કરવાં.

૨૪૨ रिच् (ઉ.) ખાલી કરવું.

### ત્રીજો પુરુષ ( પરસ્મૈપદ )

| | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| વર્તમાન | रिणक्ति | रिंक्तः | रिंचन्ति |
| અનદ્યતન | अरिणक्-ग् | अरिंक्ताम् | अरिंचन् |
| આજ્ઞાર્થ | रिणग्धु | रिंक्ताम् | रिंचन्तु |
| વિધ્યર્થ | रिंच्यात् | रिंच्याताम् | रिंच्युः |

### આત્મનેપદ

| | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| વર્તમાન | रिंक्ते | रिंचाते | रिंचते |
| અનદ્યતન | अरिंक्त | अरिंचाताम् | अरिंचत |
| આજ્ઞાર્થ | रिंक्ताम् | रिंचाताम् | रिंचताम् |
| વિધ્યર્થ | रिंचीत | रिंचीयाताम् | रिंचीरन् |

આ જ પ્રમાણે विच् (ઉ.) વિવેક કરવો, છુટા પાડવું; तञ्च् અને पृच् સ્પર્શ કરવો એ ધાતુનાં રૂપો કરવાં.

૨૪૩ रुध् (ઉ.) રોધવું.

૩જો પુ. પરસ્મૈપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| વર્તમાન | रुणद्धि | रुन्द्धः | रुन्धन्ति |

૨જો પુ. પરસ્મૈપદ

| | | | |
|---|---|---|---|
| અનદ્યતન | अरुणत्–द्<br>अरुणः | अरुन्द्धाम् | अरुन्धन् |

૩જો પુ. પરસ્મૈપદ

| | | | |
|---|---|---|---|
| આજ્ઞાર્થ | रुणद्धु | रुन्द्धाम् | रुन्धन्तु |
| વિધ્યર્થ | रुन्ध्यात् | रुन्ध्याताम् | रुन्ध्युः |

૩જો પુ. આત્મનેપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| વર્તમાન | रुन्द्धे | रुन्धाते | रुन्धते |

આત્મનેપદ

| | | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|
| ૨જો પુ. | અનદ્યતન | अरुन्द्धाः | अरुन्धाथाम् | अरुन्द्ध्वम् |
| ૩જો પુ. | આજ્ઞાર્થ | रुन्द्धाम् | रुन्धाताम् | रुन्धताम् |
| ,, ,, | વિધ્યર્થ | रुन्धीत | रुन्धीयाताम् | रुन्धीरन् |

૨૪૪ हिंस् (૫.) હિંસા કરવી.

૩જો પુ. પરસ્મૈપદ

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| વર્તમાન | हिनस्ति | हिंस्तः | हिंसन्ति |

૨જો પુ.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| અનદ્યતન | अहिनत्-द् अहिनः | अहिंस्तम् | अहिंस्त |
| વિધ્યર્થ | हिंस्याः | हिंस्यातम् | हिंस्यात |
| આજ્ઞાર્થ | हिन्धि | हिंस्तम् | हिंस्त |

૨૪૫ तृह् (પ.) મારવું.

## વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | तृणेह्मि | तृंह्वः | तृंह्मः |
| ૨જો | तृणेक्षि | तृण्ढः | तृण्ढ |
| ૩જો | तृणेढि | तृण्ढः | तृंहन्ति |

## અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अतृणहम् | अतृंह्व | अतृंह्म |
| ૨જો | अतृणेट्-ड | अतृण्ढम् | अतृण्ढ |
| ૩જો | अतृणेट्-ड् | अतृण्ढाम् | अतृंहन् |

## આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | तृणहानि | तृणहाव | तृणहाम |
| ૨જો | तृण्ढि | तृण्ढम् | तृण्ढ |
| ૩જો | तृणेढु | तृण्ढाम् | तृंहन्तु |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | तृंह्याम् | तृंह्याव | तृंह्याम |
| ૨જો | तृंह्याः | तृंह्यातम् | तृंह्यात |
| ૩જો | तृंह्यात् | तृंह्याताम् | तृंह्युः |

# ત્રીજો ગણ

૨૪૬ આ ગણની નિશાની કંઈ પણ નથી. આ ધાતુનાં રૂપ કરતી વખતે તેનો આદિ અક્ષર બેવડાય છે. આને **અભ્યાસ** કહે છે. ત્રીજા પુરુષના બહુવચનના પ્રત્યયોમાંથી न् જતો રહે છે. અનદ્યતન ત્રીજા પુરુષ બહુવચનનો પ્રત્યય उस् છે. આ પ્રત્યય લગાડતા પહેલાં ધાતુનો અન્તિમ आ લોપાય છે. આ લોપ થતી વખતે ધાતુના અન્તિમ इ, उ, અને ऋ ( હ્રસ્વ અગર દીર્ઘ )નો ગુણ થાય છે.

**ધાતુને બેવડવા ( Reduplication ) વિષેના સામાન્ય નિયમો**

(क) ધાતુના આદિ વ્યંજનની સાથે જો સ્વર હોય, તો તે સ્વર સહિત બેવડાય છે. જેમકે नम्નું ननम् । इष्નું इइष् । चिનું चिचि ।

(ख) જો ધાતુનો સ્વર સંયુક્ત (Conjunct) વ્યંજન હોય, તો તેનો આદિ વ્યંજન અને તે સંયુક્ત વ્યંજન સાથે જોડાયલો સ્વર બેવડાય છે. જેમકે प्रच्छ्નું पप्रच्छ् । त्विष्નું तित्विष ।

(ग) જો સંયુક્ત વ્યંજનનો આદિ વ્યંજન श्, ष् કે स् હોય અને પછીનો વ્યંજન અઘોષ હોય, તો તે અઘોષ વ્યંજન બેવડાય છે; પણ જો પછીનો વ્યંજન ઘોષ હોય તો આદિ વ્યંજન બેવડાય છે. જેમકે स्पर्श्નું पस्पर्श् । स्तुનું तुष्टु । પણ स्मृનું सस्मृ ।

(घ) પ્રત્યેક વર્ગનો બીજો અગર ચોથો અક્ષર તે વર્ગના પ્રથમ અગર ત્રીજાના રૂપમાં ફેરવાઈ જાય છે. જેમકે भिद्નું बिभिद् । छद्નું चच्छद् । फल्નું पफल् ।

(ङ्) કંઠસ્થાનીય વ્યંજન પોતાના વર્ગનો જેટલામો હોય, તેટલામોજ તે તાલુસ્થાનીય બને છે. જેમકે क्रीनुं चिक्री। क्रम्नुं चक्रम् । खन्नुं (कखन्) चखन् । गम्नुं जगम्। घस्नुं (झघस्) जघस् ।

(च) દીર્ઘ સ્વરને બેવડતી વખતે હ્રસ્વ સ્વર કરવો, અને આદિ ऋनो अ કરવો. જેમકે कृनुं-(कृक्र)-(कक्र)-चक्र

गृनुं-(गृगृ)-(गगृ)-जगृ

क्रीनुं (किक्री) चिक्री

टीक्नुं टिटीक्

डीनुं डिडी। दीप्नुं दिदीप्। पूनुं पुपू । पानुं पपा।

(छ) ઉપાન્ત્ય ए અગર ऐ હોય તો તેને સ્થાને इ થાય છે, અને ओ અગર औ હોય તો उ થાય છે.

જેમકે सेव्नुं सिषेव् । म्लेच्छ्नुं मिम्लेच्छ् ।

लोक्नुं लुलोक् । लोच्नुं लुलोच् ।

(ज) એકાક્ષરી ધાતુને અન્તે અગર સંયુક્ત વ્યંજનવાળા ધાતુને અન્તે ए, ओ, અગર औ હોય, તો તેને બેવડતી વખતે સ્વરને સ્થાને अ મુકાય છે.

જેમકે गैनुं जगै । ग्लैनुं जग्लै ।

दोनुं ददो । ध्यैनुं दध्यै ।

ઉપર પ્રમાણેના સામાન્ય નિયમો લક્ષ્યમાં રાખીને ત્રીજા ગણના કોઈ પણ ધાતુને પ્રથમ બેવડવો જોઈએ, અને ત્યાર પછી તેને પ્રત્યયો લગાડવા. કેટલાક ધાતુઓને બેવડતી વખતે ઉપર કરતાં કંઈક જુદા નિયમો પણ લાગે છે, તે પણ અહીંઆં આપવામાં આવશે.

૨૪૭ कि (૫.) જાણવું.

## વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | चिकेमि | चिकिवः | चिकिमः |
| ૨જો | चिकेषि | चिकिथः | चिकिथ |
| ૩જો | चिकेति | चिकितः | चिक्यति |

( अन्तिને બદલે अति પ્રત્યય લાગે છે. આથી चिकी + अति = चिक्यति )

## અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अचिकयम् | अचिकिव | अचिकिम |
| ૨જો | अचिकेः | अचिकितम् | अचिकित |
| ૩જો | अचिकेत् | अचिकिताम् | अचिक्युः |

## આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | चिकयानि | चिकयाव | चिकयाम |
| ૨જો | चिकिहि | चिकितम् | चिकित |
| ૩જો | चिकेतु | चिकिताम् | चिक्यतु |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | चिकियाम् | चिकियाव | चिकियाम |
| ૨જો | चिकियाः | चिकियातम् | चिकियात |
| ૩જો | चिकियात् | चिकियाताम् | चिकियुः |

૨૪૮ हु ( યજ્ઞ કરવો. )

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| વર્તમાન (૩જો પુ.) | जुहोति | जुहुतः | जुह्वति |
| અનદ્યતન (૧લો પુ.) | अजुहवम् | अजुहु | अजुहुम |
| (૩જો પુ.) | अजुहोत् | अजुहुताम् | अजुहवुः |
| આજ્ઞાર્થ (૧લો પુ.) | जुहवानि | जुहवाव | जुहवाम |
| (૩જો પુ.) | जुहोतु | जुहुताम् | जुह्वतु |
| વિધ્યર્થ (૩જો પુ.) | जुहुयात् | जुहुयाताम् | जुहुयुः |

૨૪૯ ह्री ( લજવાવું, શરમાવું. )

**વર્તમાન**

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जिह्रेमि | जिह्रीवः | जिह्रीमः |
| ૨જો | जिह्रेषि | जिह्रीथः | जिह्रीथ |
| ૩જો | जिह्रेति | जिह्रीतः | जिह्रियति |

**અનદ્યતન**

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अजिह्रयम् | अजिह्रीव | अजिह्रीम |
| ૨જો | अजिह्रेः | अजिह्रीतम् | अजिह्रीत |
| ૩જો | अजिह्रेत् | अजिह्रीताम् | अजिह्रयुः |

**આજ્ઞાર્થ**

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जिह्रयाणि | जिह्रयाव | जिह्रयाम |
| ૨જો | जिह्रीहि | जिह्रीतम् | जिह्रीत |
| ૩જો | जिह्रेतु | जिह्रीताम् | जिह्रियतु |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जिह्रीयाम् | जिह्रीयाव | जिह्रीयाम |
| ૨જો | जिह्रीयाः | जिह्रीयातम् | जिह्रीयात |
| ૩જો | जिह्रीयात् | जिह्रीयाताम् | जिह्रीयुः |

૨૫૦ નીચેના ધાતુઓને બેવડતી વખતે તેમના આદિ વર્ણમાં સ્વરને સ્થાને इ આવે છે.

मा, हा જવું, भृ, पृ, અને पॄ; અર્થાત્ પ્રત્યય લગાડતા પહેલાં બેવડાઈને તેમનાં થએલાં રૂપ मिमा, जिहा, बिभृ, पिपृ, અને पिपॄ થાય છે.

मा (આ.) માપવું.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | मिमे | मिमीवहे | मिमीमहे |
| ૨જો | मिमीषे | मिमाथे | मिमीध्वे |
| ૩જો | मिमीते | मिमाते | मिमते |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अमिमि | अमिमीवहि | अमिमीमहि |
| ૨જો | अमिमीथाः | अमिमाथाम् | अमिमीध्वम् |
| ૩જો | अमिमीत | अमिमाताम् | अमिमत |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | मिमै | मिमावहै | मिमामहै |
| ૨જો | मिमीष्व | मिमाथाम् | मिमीध्वम् |
| ૩જો | मिमीताम् | मिमाताम् | मिमताम् |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | मिमीय | मिमीवहि | मिमीमहि |
| ૨જો | मिमीथाः | मिमीयाथाम् | मिमीध्वम् |
| ૩જો | मिमीत | मिमीयाताम् | मिमीरन् |

**ટીપ** : मा અને हा જવું એ ધાતુઓના અન્ત્ય સ્વરો, સ્વરથી શરૂ થતા પ્રત્યયો પૂર્વે ઊડી જાય છે. मिमा + अते = मिम् + अते मिमते. વળી વ્યંજનથી શરૂ થતા પ્રત્યય પહેલાં मिमी અને जिही થાય છે, અર્થાત્ અન્ત્ય આની ई થાય છે. मिमा + ते = मिमीते ।

हा ' જવું 'નાં રૂપ मा પ્રમાણે કરવાં. हा ધાતુ પરસ્મૈપદ અને આત્મનેપદ પણ છે. પ૦ પદમાં તેનો અર્થ ત્યજવું થાય છે, અને આ૦ પદમાં જવું થાય છે. આ૦ પદમાં हाનાં રૂપ मा પ્રમાણે કરવાં.

## ત્રીજો પુરુષ

| | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| વર્તમાન | जिहीते | जिहाते | जिहते |
| અનદ્યતન | अजिहीत | अजिहाताम् | अजिहत |
| આજ્ઞાર્થ | जिहीताम् | जिहाताम् | जिहताम् |
| વિધ્યર્થ | जिहीत | जिहीयाताम् | जिहीरन् |

भृ ( ઉ. ) ધારણ કરવું.

## વર્તમાન ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | बिभर्मि | बिभृवः | बिभृमः |
| ૨જો | बिभर्षि | बिभृथः | बिभृथ |
| ૩જો | बिभर्ति | बिभृतः | बिभ्रति |

## આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | बिभ्रे | बिभृवहे | बिभृमहे |
| ૨જો | बिभृषे | बिभ्राथे | बिभृध्वे |
| ૩જો | बिभृते | बिभ्राते | बिभ्रते |

## અનદ્યતન ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अबिभरम् | अबिभृव | अबिभृम |
| ૨જો | अबिभः | अबिभृतम् | अबिभृत |
| ૩જો | अबिभः | अबिभृताम् | अबिभरुः |

## આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अबिभ्रि | अबिभृवहि | अबिभृमहि |
| ૨જો | अबिभृथाः | अबिभ्राथाम् | अबिभृध्वम् |
| ૩જો | अबिभृत | अबिभ्राताम् | अबिभ्रत |

## આજ્ઞાર્થ ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | बिभराणि | बिभराव | बिभराम |
| ૨જો | बिभृहि | बिभृतम् | बिभृत |
| ૩જો | बिभर्तु | बिभृताम् | बिभ्रतु |

## આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | बिभरै | बिभरावहै | बिभरामहै |
| ૨જો | बिभृष्व | बिभ्राथाम् | बिभृध्वम् |
| ૩જો | बिभृताम् | बिभ्राताम् | बिभ्रताम् |

## વિધ્યર્થ ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | बिभृयाम् | बिभृयाव | बिभृयाम |
| ૨જો | बिभृयाः | बिभृयातम् | बिभृयात |
| ૩જો | बिभृयात् | बिभृयाताम् | बिभृयुः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | बिभ्रीय | बिभ्रीवहि | बिभ्रीमहि |
| ૨જો | बिभ्रीथाः | बिभ्रीयाथाम् | बिभ्रीध्वम् |
| ૩જો | बिभ्रीत | बिभ्रीयाताम् | बिभ्रीरन् |

पृ (પ.) ( ભરવું, રક્ષણ કરવું. )

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | पिपर्मि | पिपृवः | पिपृमः |
| ૨જો | पिपर्षि | पिपृथः | पिपृथ |
| ૩જો | पिपर्ति | पिपृतः | पिप्रति |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अपिपरम् | अपिपृव | अपिपृम |
| ૨જો | अपिपः | अपिपृतम् | अपिपृत |
| ૩જો | अपिपः | अपिपृताम् | अपिपरुः |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | पिपराणि | पिपराव | पिपराम |
| ૨જો | पिपृहि | पिपृतम् | पिपृत |
| ૩જો | पिपर्तु | पिपृताम् | पिप्रतु |

### વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | पिपृयाम् | पिपृयाव | पिपृयाम |
| ૨જો | पिपृयाः | पिपृयातम् | पिपृयात |
| ૩જો | पिपृयात् | पिपृयाताम् | पिपृयुः |

૬ (પ.) રક્ષણ કરવું, ભરવું.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | पिपर्मि | पिपूर्वः | पिपूर्मः |
| ૨જો | पिपर्षि | पिपूर्थः | पिपूर्थ |
| ૩જો | पिपर्ति | पिपूर्तः | पिपुरति |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अपिपरम् | अपिपूर्व | अपिपूर्म |
| ૨જો | अपिपः | अपिपूर्तम् | अपिपूर्त |
| ૩જો | अपिपः | अपिपूर्ताम् | अपिपरुः |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | पिपराणि | पिपराव | पिपराम |
| ૨જો | पिपूर्हि | पिपूर्तम् | पिपूर्त |
| ૩જો | पिपर्तु | पिपूर्ताम् | पिपुरतु |

### વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | पिपूर्याम् | पिपूर्याव | पिपूर्याम |
| ૨જો | पिपूर्याः | पिपूर्यातम् | पिपूर्यात |
| ૩જો | पिपूर्यात् | पिपूर्याताम् | पिपूर्युः |

૨૫૧ ऋ ( જવું. ) તેનું બેવડાઈને इयृ રૂપ થાય છે. અવિકારી સ્વર પ્રત્યય લગાડતી વખતે અન્તિમ ऋનો र् થાય છે.

### વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | इयर्मि | इयृवः | इयृमः |
| ૨જો | इयर्षि | इयृथः | इयृथ |
| ૩જો | इयर्ति | इयृतः | इयृति |

### અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ऐयरम् | ऐयृव | ऐयृम |
| ૨જો | ऐयः | ऐयृतम् | ऐयृत |
| ૩જો | ऐयः | ऐयृताम् | ऐयरुः |

### આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | इयराणि | इयराव | इयराम |
| ૨જો | इयृहि | इयृतम् | इयृत |
| ૩જો | इयर्तु | इयृताम् | इयृतु |

### વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | इयृयाम् | इयृयाव | इयृयाम |
| ૨જો | इयृयाः | इयृयातम् | इयृयात |
| ૩જો | इयृयात् | इयृयाताम् | इयृयुः |

૨૫૨ दा અને धा બેવડાયા પછી અવિકારી પ્રત્યય લગાડતા પહેલાં તેમના અન્તિમ आ લોપાય છે, અર્થાત્ ददा અને दधा ને બદલે दद् અને दध् રૂપ રહે છે; પણ જો दध्ની પછી स्, ध्व्, त्

કે થ્ થી શરૂ થતો પ્રત્યય આવે તો તેનું धत् થાય છે. તેમનાં આજ્ઞાર્થ પરસ્મૈપદ બીજા પુરુષ એ.વ.માં देहि અને धेहि એવાં રૂપો થાય છે.

## दा ( ઉ. )

### વર્તમાન ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ददामि | दद्वः | दद्मः |
| ૨જો | ददासि | दत्थः | दत्थ |
| ૩જો | ददाति | दत्तः | ददति |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ददे | दद्वहे | दद्महे |
| ૨જો | दत्से | ददाथे | दद्ध्वे |
| ૩જો | दत्ते | ददाते | ददते |

### અનદ્યતન ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अददाम् | अदद्व | अदद्म |
| ૨જો | अददाः | अदत्तम् | अदत्त |
| ૩જો | अददात् | अदत्ताम् | अददुः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अददि | अदद्वहि | अदद्महि |
| ૨જો | अदत्थाः | अददाथाम् | अदद्ध्वम् |
| ૩જો | अदत्त | अददाताम् | अददत |

## આજ્ઞાર્થ ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ददानि | ददाव | ददाम |
| ૨જો | देहि | दत्तम् | दत्त |
| ૩જો | ददातु | दत्ताम् | ददतु |

## આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ददै | ददावहै | ददामहै |
| ૨જો | दत्स्व | ददाथाम् | दद्ध्वम् |
| ૩જો | दत्ताम् | ददाताम् | ददताम् |

## વિધ્યર્થ ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | दद्याम् | दद्याव | दद्याम |
| ૨જો | दद्याः | दद्यातम | दद्यात |
| ૩જો | दद्यात् | दद्याताम् | दद्युः |

## આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ददीय | ददीवहि | ददीमहि |
| ૨જો | ददीथाः | ददीयाथाम् | ददीध्वम् |
| ૩જો | ददीत | ददीयाताम् | ददीरन् |

## धा ( ઉ. )

## વર્તમાન ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | दधामि | दध्वः | दध्मः |
| ૨જો | दधासि | धत्थः | धत्थ |
| ૩જો | दधाति | धत्तः | दधति |

## આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | दधे | दध्वहे | दध्महे |
| ૨જો | धत्से | दधाथे | धद्ध्वे |
| ૩જો | धत्ते | दधाते | दधते |

## અનદ્યતન ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अदधाम् | अदध्व | अदध्म |
| ૨જો | अदधाः | अधत्तम् | अधत्त |
| ૩જો | अदधात् | अधत्ताम् | अदधुः |

## આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अदधि | अदध्वहि | अदध्महि |
| ૨જો | अधत्थाः | अदधाथाम् | अधद्ध्वम् |
| ૩જો | अधत्त | अदधाताम् | अदधत |

## આજ્ઞાર્થ ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | दधानि | दधाव | दधाम |
| ૨જો | धेहि | धत्तम् | धत्त |
| ૩જો | दधातु | धत्ताम् | दधतु |

## આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | दधै | दधावहै | दधामहै |
| ૨જો | धत्स्व | दधाथाम् | धद्ध्वम् |
| ૩જો | धत्ताम् | दधाताम् | दधताम् |

## વિધ્યર્થ ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | दध्याम् | दध्याव | दध्याम |
| ૨જો | दध्याः | दध्यातम् | दध्यात |
| ૩જો | दध्यात् | दध्याताम् | दध्युः |

## આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | दधीय | दधीवहि | दधीमहि |
| ૨જો | दधीथाः | दधीयाथाम् | दधीध्वम् |
| ૩જો | दधीत | दधीयाताम् | दधीरन् |

૨૫૩ निज्, विज्, અને विष्નાં બેવડાયલાં રૂપો અનુક્રમે नेनिज्, वेविज् અને वेविष् થાય છે. વિકારી વ્યંજન પ્રત્યય લગાડતી વખતે મૂળ निज् ધાતુનો ગુણ થાય છે, અર્થાત્ नेनेज् રૂપ લેવું; પણ વિકારી સ્વર પ્રત્યય લગાડતા પૂર્વે ગુણ કરવો નહિ, અર્થાત્ नेनिज् રાખવો. અવિકારી સ્વર અને વ્યંજન પ્રત્યયો પૂર્વે પણ नेनिज् રહે છે. આ નિયમ विज् અને विष्ને પણ લાગુ પડે છે.

## निज्

## વર્તમાન ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नेनेज्मि | नेनिज्वः | नेनिज्मः |
| ૨જો | नेनेक्षि | नेनिक्थः | नेनिक्थ |
| ૩જો | नेनेक्ति | नेनिक्तः | नेनिजति |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नेनिजे | नेनिज्वहे | नेनिज्महे |
| ૨જો | नेनिक्षे | नेनिजाथे | नेनिग्ध्वे |
| ૩જો | नेनिक्ते | नेनिजाते | नेनिजते |

### અનદ્યતન ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अनेनिजम् | अनेनिज्व | अनेनिज्म |
| ૨જો | अनेनेक्–ग् | अनेनिक्तम् | अनेनिक्त |
| ૩જો | अनेनेक्–ग् | अनेनिक्ताम् | अनेनिजुः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अनेनिजि | अनेनिजावहि | अनेनिजामहि |
| ૨જો | अनेनिक्थाः | अनेनिजाथाम् | अनेनिग्ध्वम् |
| ૩જો | अनेनिक्त | अनेनिजाताम् | अनेनिजत |

### આજ્ઞાર્થ ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नेनिजानि | नेनिजाव | नेनिजाम |
| ૨જો | नेनिग्धि | नेनिक्तम् | नेनिक्त |
| ૩જો | नेनेक्तु | नेनिक्ताम् | नेनिजतु |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नेनिजै | नेनिजावहै | नेनिजामहै |
| ૨જો | नेनिक्ष्व | नेनिजाथाम् | नेनिग्ध्वम् |
| ૩જો | नेनिक्ताम् | नेनिजाताम् | नेनिजताम् |

## વિધ્યર્થ ( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नेनिज्याम् | नेनिज्याव | नेनिज्याम |
| ૨જો | नेनिज्याः | नेनिज्यातम् | नेनिज्यात |
| ૩જો | नेनिज्यात् | नेनिज्याताम् | नेनिज्युः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नेनिजीय | नेनिजीवहि | नेनिजीमहि |
| ૨જો | नेनिजीथाः | नेनिजीयाथाम् | नेनिजीध्वम् |
| ૩જો | नेनिजीत | नेनिजीयाताम् | नेनिजीरन् |

તે જ પ્રમાણે विज् અને विषનાં રૂપો કરવાં.

| ધાતુ | એ.વ. | દ્વિવ. | બ.વ. | ૩ જો પુ. |
|---|---|---|---|---|
| विज् | वेवेक्ति | वेविक्तः | वेविजति | વર્તમાન |
| विष् | वेवेष्टि | वेविष्टः | वेविषति | |
| विज् | अवेवेक्–ग् | अवेविक्ताम् | अवेविजुः | અનદ્યતન |
| विष् | अवेवेट्–ड् | अवेविष्टाम् | अवेविषुः | |
| विज् | वेवेक्तु | वेविक्ताम् | वेविजतु | આજ્ઞાર્થ |
| विष् | वेवेष्टु | वेविष्टाम् | वेविषतु | |
| विज | वेविज्यात् | वेविज्याताम् | वेविज्युः | વિધ્યર્થ |
| विष् | वेवेष्टु | वेविष्टाम् | वेविषतु | |

विज् અને विष्નાં આજ્ઞાર્થ ૨જો પુ. એ.વ. અનુક્રમે वेविग्धि અને वेविड्ढि થાય છે.

૨૫૪ भी (પ.) બીવું. આ ધાતુને વિકારી વ્યંજન પ્રત્યય લગાડતી વખતે છેલ્લી ई વિકલ્પે હ્રસ્વ થાય છે, અર્થાત् बिभी અને बिभि એમ બન્ને રીતે બેવડાયલાં રૂપો થાય છે.

## વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | बिभेमि | बिभीवः<br>बिभिवः | बिभीमः<br>बभिमः |
| ૨જો | बिभेषि | बिभीथः<br>बिभिथः | बिभीथ<br>बिभिथ |
| ૩જો | बिभेति | बिभीतः<br>बिभितः | बिभ्यति |

## અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अबिभयम् | अबिभीव<br>अबिभिव | अबिभीम<br>अबिभिम |
| ૨જો | अबिभेः | अबिभीतम<br>अबिभितम् | अबिभीत<br>अबिभित |
| ૩જો | अबिभेत् | अबिभीताम्<br>अबिभिताम् | अबिभयुः |

## આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | बिभयानि | बिभयाव | बिभयाम |
| ૨જો | बिभीहि<br>बिभिहि | बिभीतम्<br>बिभितम् | बिभीत<br>बिभित |
| ૩જો | बिभेतु | बिभीताम्<br>बिभिताम् | बिभ्यतु |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | बिभीयाम्<br>बिभियाम् | बिभीयाव<br>बिभियाव | बिभीयाम<br>बिभियाम |
| ૨જો | बिभीयाः<br>बिभियाः | बिभीयातम्<br>बिभियातम् | बिभीयात<br>बिभियात |
| ૩જો | बिभीयात्<br>बिभियात् | बिभीयाताम्<br>बिभियाताम् | बिभीयुः<br>बिभियुः |

૨૫૫ हा (પ.) તજવું. તેનું બેવડાયલું રૂપ સામાન્ય નિયમ પ્રમાણે जहा થાય છે. અવિકારી સ્વર પ્રત્યય લગાડતા પહેલાં અન્ત્ય આનો લોપ થાય છે; પણ અવિકારી વ્યંજન પ્રત્યય પૂર્વે આનો **इ** અને **ई** થાય છે, અર્થાત્ जही અને जहि થાય છે.

## વતમાન

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जहामि | जहीवः<br>जहिवः | जहीमः<br>जहिमः |
| ૨જો | जहासि | जहीथः<br>जहिथः | जहीथ<br>जहिथ |
| ૩જો | जहाति | जहीतः<br>जहितः | जहति |

## અનદ્યતન

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अजहाम् | अजहीव<br>अजहिव | अजहीम<br>अजहिम |
| ૨જો | अजहाः | अजहीतम्<br>अजहितम् | अजहीत<br>अजहित |
| ૩જો | अजहात् | अजहीताम्<br>अजहिताम् | अजहुः |

## આજ્ઞાર્થ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जहानि | जहाव | जहाम |
| ૨જો | जहाहि<br>जहीहि<br>जहिहि | जहीतम्<br>जहितम् | जहीत<br>जहित |
| ૩જો | जहातु | जहीताम्<br>जहिताम् | जहतु |

## વિધ્યર્થ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जह्याम् | जह्याव | जह्याम |
| ૨જો | जह्याः | जह्यातम् | जह्यात |
| ૩જો | जह्यात् | जह्याताम् | जह्युः |

# પ્રકરણ ૮ મું

## ગણકાર્યરહિત ભૂતકાળ

## ( Non-conjugational Past Tense )

### પરોક્ષ ભૂતકાળ ( लिट् )

### ( Perfect Tense )

૨૫૬ પાછલાં ધાતુવિષયક પ્રકરણોમાં ગણકાર્યવાળા ધાતુઓ જ આપણે લીધા હતા. તે ધાતુનાં વર્તમાન, અનદ્યતન, આજ્ઞાર્થ, અને વિધ્યર્થનાં રૂપો આપણે કર્યા હતાં. હવે પછી આપણે ગણકાર્યરહિત કાળનાં રૂપો લઈશું.

પરોક્ષ ભૂતકાળ એ એક જાતનો ભૂતકાળ છે, પણ તે બહુ પહેલાંના વખતમાં ક્રિયા બની હોય તો જ વપરાય છે, અગર તો તેનો ઉપયોગ કરનાર ( બોલનાર ) માણસે તે ક્રિયાને થતી જોઈ ન હોય તો વપરાય છે. ઘણું કરીને આ કાળ બહુ પહેલાંના વખતનાં વૃત્તાન્તો કહેવાને વપરાય છે. સામાન્ય રીતે તે ત્રીજા પુરુષમાં આવે છે. પ્રથમ પુરુષમાં પણ તે આવી શકે છે, પણ જો પ્રથમ પુરુષમાં તેનો ઉપયોગ થયો હોય તો જાણવું કે બોલનાર માણસ ગાંડો અગર બેભાન અવસ્થામાં છે, અગર તે અમુક વસ્તુનો નિષેધ કરવા અગર છુપાવવા માગે છે.

૨૫૭ આ કાળમાં ત્રીજા ગણની માફક ધાતુને બેવડવો પડે છે, અને પછી તેને પ્રત્યયો લગાડવામાં આવે છે. તેને બેવડવા માટે પાછળ જે સામાન્ય નિયમો આપ્યા છે (જુઓ ત્રીજા ગણમાં) તેને અનુસરવું. ખાસ નિયમો અહીંઆં તે તે ધાતુનાં રૂપો કરતી વખતે આપવામાં આવશે.

૨૫૮ આ ધાતુના પરસ્મૈપદ અને આત્મનેપદના પ્રત્યયો નીચે પ્રમાણે છે.

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अ | व | म |
| ૨જો | थ | अथुस् | अ |
| ૩જો | अ | अतुस् | उस् |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ए | वहे | महे |
| ૨જો | से | आथे | ध्वे |
| ૩જો | ए | आते | इरे |

૨૫૯ ઉપર આપેલા વ્યંજન પ્રત્યયો પહેલાં ધાતુઓને કેટલીક વખતે इ લગાડવો પડે છે, કેટલીક વખત इ લગાડવો પડતો નથી, અને કેટલીક વખત તે इ વિકલ્પે લાગે છે. જે ધાતુઓને इ લગાડવામાં આવે છે તે ધાતુઓ सेट् કહેવાય છે, જેને इ નથી લાગતી તે अनिट् કહેવાય છે, અને જેને તે વિકલ્પે લાગે છે તે वेट् કહેવાય છે. આમાં सेट्, अनिट् અને वेट् ધાતુઓ કયા કયા, તે ઓળખવા માટે વ્યાકરણશાસ્ત્રીઓએ નીચે પ્રમાણે તે તે ધાતુઓના ફોડ કરી આપ્યા છે.

### સ્વરાન્ત ધાતુઓ માટે નિયમ

નીચેના ધાતુ सेट् છે.

ऊदृदन्तैर्यौतिरुक्ष्णुशीस्नुनुक्षुश्विडीङ्श्रिभिः ।
वृङ्वृञ्भ्यां च विनैकाचोऽजन्तेषु निहताः स्मृताः ॥

આમાં નીચે પ્રમાણે ધાતુઓ છે.

(૧) દીર્ઘ ऊવાળા ધાતુ

(૨) દીર્ઘ ॠવાળા ધાતુ

(૩) यु, रु, क्ष्णु, शी, स्नु, नु, क्षु, श्वि, डी, श्रि, वृ ( ગણ ૯ આ. ) અને वृ ( ગણ ૫ ઉ. )

આટલા ધાતુઓ સેટ્

આ સિવાયના અનુદાત્ત **એકસ્વરી** ધાતુઓ અનિટ્ કહેવાય છે.

## વ્યગ્જનાન્ત ધાતુઓ માટે નિયમ

નીચેના ધાતુઓ અનિટ્ છે. ધાતુસંખ્યા

(૧) शक् (૧)

(૨) पच्, मुच्, रिच्, वच्, विच्, सिच् (૬)

(૩) प्रच्छ् (૧)

(૪) त्यज्, निज्, भज्, भुञ्ज्, भुज्, भ्रस्ज्, मस्ज्, यज्, युज्, रुज्, रञ्ज्, विज्, स्वञ्ज्, सञ्ज्, सृज् (૧૫)

(૫) अद्, क्षुद्, खिद्, छिद्, तुद्, नुद्, पद्, भिद् विद्, (ગણ ૪ અને ગણ ૭) शद्, सद्, स्विद्, स्कन्द्, हद् (૧૫)

(૬) क्रुध्, क्षुध्, बुध्, बन्ध्, युध्, रुध्, राध्, व्यध्, शुध्, साध्, सिध् (૧૧)

(૭) मन्, हन् (૨)

(૮) आप्, क्षिप्, छुप्, तप्, तिप्, तृप्, दृप्, लिप्, लुप्, वप्, शप्, स्वप्, सृप् (૧૩)

(९) यभ्, रभ्, लभ् (३)

(१०) गम्, नम्, यम्, रम् (४)

(११) क्रुश्, दंश्, दिश्, दृश्, मश्, रिश्, रुश्, लिश्
विंश्, स्पृश् (१०)

(१२) कृष्, त्विष्, तुष्, द्विष्, दष्, पुष्, पिष्, विष्
शिष्, शुष्, श्लिष् (११)

(१३) घस्, वस् (२)

(१४) दह, दिह्, दुह्, नह्, मिह्, रुह्, लिह्, वह् (८)

કુલ ૧૦૨ ધાતુઓ છે. આ ધાતુઓ अनिट् છે; તે સિવાયના જે ધાતુઓની ગણના वेट्માં કરેલી ન હોય તેને सेट् ગણવા.

---

अनिट् ધાતુની કારિકા

शक्लृ पच् मुचि रिच् वच् विच् । सिच् प्रच्छि त्यज् निजिर्भजः। भञ्ज् भुज भ्रस्ज् मस्जि यज् युज रुज् । रञ्ज् विजिरस्वञ्जि सञ्ज् सृजः ॥ अद् क्षुद् खिद् छिद् तुदिनुदः। पद्यभिद् विद्यति-र्विनद्। शद् सदी स्विद्यति स्कन्दि । हदी क्रुध् क्षुधि बुध्यति ॥ बन्धिर्युधि रुधीराधि । व्यध् शुधः साधि सिध्यति । मन्यहन्नाप् क्षिप् छुपि तप् । तिपस्तृप्यति दृप्यति । लिप् लुप् वप् शप् स्वप् सृपि । यभ् रभ् लभ् गम् नम् यमो रमिः । क्रुशिर्दंशि दिशि दृश् मृश् । रिश् रुश् लिश् विश् स्पृशः कृषिः॥ त्विष् तुष् द्विष् दूष् पुष्य पिष् विष् । शिष् शुष् श्लिष्यतयो घसिः वसतिर्दह् दिहि दुहो । नह् मिह् रुह् लिह् वहिस्तथा ॥ अनुदात्ता हलन्तेषु धातवो द्व्यधिकं शतम् ।

ઉપરના ધાતુઓના અન્ત્ય વ્યંજન અને તેમની સંખ્યા નીચેની કારિકામાં જણાવી છે.

कचछजा दधनपा श्वमशाः षसह्वाः क्रमात् ।
१ ६ १ १५१५ ११ २ १३ ३४ १०११२
क च का ण ण ढा ख डो ग थें आष्ट ख र्जा स्मृताः ॥

આ કારિકામાં જે વ્યંજનો આપ્યા છે તે વ્યંજનોવાળા ધાતુઓ સામાન્ય રીતે ઉપર ગણાવેલા ધાતુઓમાં હોય તો તેમને अनिट् ગણવા, અને જે અહીંઆં ન આપ્યા હોય તેમને सेट् ગણવા. અહીંઆં क्, च्, छ्, ज्, द्, ध्, न्, प्, भ्, म्, श्, ष्, स्, અને ह्, એટલા વ્યંજનો આપ્યા છે, પણ ट्, त्, વગેરે આપ્યા નથી; એટલે તે જેને અન્તે છે તે ધાતુઓ सेट् સમજવા. વળી क्‌વાળા કેટલા ધાતુ તો નીચેની લીટીમાં તે સંખ્યા क વર્ણથી જણાવી છે. क વર્ણ મૂળાક્ષરોમાં

---

वेट् ધાતુની કારિકા

स्वरतिः सूयते सूते पञ्चमे नवमे ऽ धुञ् ।
तनक्त्विर्वृश्वतिश्चान्ता वनक्तिश्च तनक्तिना ॥ १ ॥
मार्ष्टि मार्जति जान्तेषु दान्तौ क्लिद्यति स्यन्दते ।
रध्यतिः सेधतिर्धान्तौ पान्ताः पञ्चैव कल्पते ॥ २ ॥
गोपायतिस्तृप्यतिश्च त्रपते दृप्यतिस्तथा ।
मान्ता क्षाम्यति क्षमतेऽश्नुते क्लिश्नाति नश्यति ॥ ३ ॥
शान्तास्त्रयोथाक्षतिश्च निष्कुष्णातिश्च तक्षति ।
त्वक्षतिश्चषकारान्ता ह्यथ हान्ताश्च गाहते ॥ ४ ॥
पदद्वये गूहतिश्च ऋदकारोपान्त्यगर्हते ।
तृहति तृंहति द्रुह्यतयो बृहति मुह्यति ॥ ५ ॥
स्तृहति स्निह्यति स्नुह्यत्येते वेट्काहि धातवः ।
अजन्तानां तुथल्येव वेटस्यादन्यत्र सर्वथा ॥ ६ ॥

પહેલો છે એટલે क्‌વાળા ધાતુની સંખ્યા ૧ છે. चવાળાની સંખ્યા च જેટલી એટલે ૬ છે, તે પ્રમાણે ज्‌વાળા ધાતુની સંખ્યા ण् જેટલી એટલે ૧૫ની છે. એ રીતે આ કારિકા સમજવી.

નીચેના ધાતુઓ વેટ્ છેઃ—

गुप् (૧. ૫.) त्रप्, सिध्, क्षम्, मृज्, क्लिन्द्, अञ्ज्, स्यन्द्, क्लृप्, गुह्, गाह्, रध्, नश्, तृप्, दृप्, गृह्, द्रुह्, मुह्, स्निह्, स्नुह्, अश्, વ્યાપવું (આ ધાતુઓ દ્વિતીય ભવિષ્યમાં વેટ્ નહિ પણ સેટ્ છે)

૨૬૦ પરોક્ષ ભૂતકાળના ઉપર આંક ૨૫૮માં આપેલા પ્રત્યયોમાં પરસ્મૈપદના દ્વિવ. અને બ.વ. તેમજ આત્મનેપદના તમામ પ્રત્યયો અવિકારી છે; બાકીના એટલે પરસ્મૈપદ એકવચન વિકારી છે. જે પ્રત્યયો વિકારી છે તેમની પહેલાં ઉપાન્ત્ય अ હોય, તો પહેલા પુરુષ એકવચનમાં વિકલ્પે અને ત્રીજા પુરુષ એકવચનમાં અવશ્ય વૃદ્ધિ કરવી. બીજા પુરુષ એકવચનમાં અન્ત્યસ્વર હોય તો તેનો ગુણ કરવો, અને ઉપાન્ત્ય अ હોય તો તેને કાયમ રહેવા દેવો.

૨૬૧ પરોક્ષ ભૂતકાળ માટે સેટ્ અને अनिट्‌ના કેટલાક નિયમો જુદા છે. इ લગાડવા વિષે નીચેની હકીકત યાદ રાખવી. જે इ લગાડવાની છે તે પરસ્મૈપદના व्, म्, અને थ् પહેલાં લગાડવાની છે. આત્મનેપદમાં वहे, महे, से અને ध्वे પહેલાં લગાડવી.

## પરસ્મૈપદ પ્રત્યયો માટે ઉપનિયમો

(૧) कृ, सृ, भृ, वृ (૨) स्तु, द्रु, स्रु અને श्रु

આ ધાતુઓને પ્રત્યય પહેલાં इ લાગતી નથી.

( ૩ ) હ્રસ્વ ऋ જેને અન્તે હોય તેવા अनिट् ધાતુઓની બાબતમાં થની પહેલાં इ આવતી નથી. (૪) અન્તે સ્વર હોય તેવા अनिट् ધાતુઓમાં, અથવા ધાતુઓમાં જ अ હોય તેવા अनिट् ધાતુમાં વિકલ્પે इ આવે છે.

૨૬૨ આત્મનેપદ પ્રત્યય ध्वे પહેલાં ધાતુને છેડે अ કે आ સિવાયનો બીજો કોઈ પણ સ્વર હોય, તો તેનો ढ्वे થાય છે. જો તેની પહેલાં इ લાગેલી હોય અને તે इ પહેલાં य्, र्, ल् કે व् અગર ह् આવેલો હોય, તો ध्वेનો ढ्वे વિકલ્પે થાય છે.

## રૂપો

૨૬૩ कृ (ઉ.) બેવડાએલું રૂપ (कृकृ)-(ककृ)-चकृ

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | चकार-चकर | चकृव | चकृम |
| ૨જો | चकर्थ | चक्रथुः | चक्र |
| ૩જો | चकार | चक्रतुः | चक्रुः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | चक्रे | चकृवहे | चकृमहे |
| ૨જો | चकृषे | चक्राथे | चकृढ्वे |
| ૩જો | चक्रे | चक्राते | चक्रिरे |

તે જ પ્રમાણે सृ, भृ અને वृનાં રૂપો કરવાં.

| ધાતુ | ૩જો પુ. એ.વ. | ૩જો પુ. દ્વિ. | ૩જો પુ. બ.વ. |
|---|---|---|---|
| सृ | ससार | सस्रतुः | सस्रुः |
| भृ | बभार | बभ्रतुः | बभ्रुः |
| वृ | ववार | वव्रतुः | वव्रुः |

वृना બીજા પુરુષ એ.વ.માં इ લગાડવી પડે છેઃ આથી ववरिथ ( ववर्थ નહિ ) એવું રૂપ થાય છે.

૨૬૪ स्तु (ઉ.) બેવડાએલું રૂપ ( तुस्तु ) ( तुष्तु )-तुष्टु

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | तुष्टाव-तुष्टव | तुष्टुव | तुष्टुम |
| ૨જો | तुष्टोथ | तुष्टुवथुः | तुष्टुव |
| ૩જો | तुष्टाव | तुष्टुवतुः | तुष्टुवुः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | तुष्टुवे | तुष्टुवहे | तुष्टुमहे |
| ૨જો | तुष्टुषे | तुष्टुवाथे | तुष्टुढ्वे |
| ૩જો | तुष्टुवे | तुष्टुवाते | तुष्टुविरे |

તે જ પ્રમાણે द्रु, स्रु અને श्रुનાં રૂપો કરવાં.

| ધાતુ | ૩જો પુ. એ.વ. | ૩જો પુ. દ્વિ. | ૩જો પુ. બ.વ. |
|---|---|---|---|
| द्रु | दुद्राव | दुद्रुवतुः | दुद्रुवुः |
| स्रु | सुस्राव | सुस्रुवतुः | सुस्रुवुः |
| श्रु | शुश्राव | शुश्रुवतुः | शुश्रुवुः |

૨૬૫ स्मृ એ अनिट् છે, માટે નિયમ ૨૬૧—(૩) પ્રમાણે थની પૂર્વે इ લાગશે નહિ. તેનું બેવડાએલું રૂપ सस्मृ છે. આ ધાતુને અવિકારી પ્રત્યય લગાડતા પહેલાં ऋનો ગુણ થાય છે.

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सस्मार-सस्मर | सस्मरिव | सस्मरिम |
| ૨જો | सस्मर्थ | सस्मरथुः | सस्मर |
| ૩જો | सस्मार | सस्मरतुः | सस्मरुः |

આ નિયમ પ્રમાણે દીર્ઘ ॠ જેને અન્તે છે એવા ધાતુ તેમજ जागृ અને ऋ ધાતુના અન્ત્ય સ્વરને, અવિકારી પ્રત્યય પૂર્વે, ગુણ થાય છે.

वॄ (सेट्) 'પસંદ કરવું'નું બેવડાએલું રૂપ ववॄ છે; કારણ કે અન્તે દીર્ઘ ॠ છે, માટે थ પહેલાં इ લાગશે.

## પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ववार—ववर | ववरिव | ववरिम |
| ૨જો | ववरिथ | ववरथुः | ववर |
| ૩જો | ववार | ववरतुः | ववरुः |

## આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ववरे | ववरिवहे | ववरिमहे |
| ૨જો | ववरिषे | ववराथे | ववरिध्वे—ढ्वे |
| ૩જો | ववरे | ववराते | ववरिरे |

તે જ પ્રમાણે भॄ, गॄ અને स्तॄ વગેરેનાં રૂપ કરવાં.

जागृ **પરસ્મૈપદ (વર્તમાન)**

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जजागार—जजागर | जजागरिव | जजागरिम |
| ૨જો | जजागर्थ | जजागरथुः | जजागर |
| ૩જો | जजागार | जजागरतुः | जजागरुः |

૨૬૬ शॄ, दॄ અને पॄ ધાતુઓના અન્ત્ય ॠનો ગુણ અવિકારી પ્રત્યયો પૂર્વે વિકલ્પે થાય છે.

शॄ (પ.) 'ચીરવું', 'ફાડવું.'

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | शशार–शशर | शशरिव–शश्रिव | शशरिम–शश्रिम |
| ૨જો | शशरिथ | शशरथुः–शश्रथुः | शशर–शश्र |
| ૩જો | शशार | शशरतुः–शश्रतुः | शशरुः–शश्रुः |

તેજ પ્રમાણે दॄ અને पॄનાં રૂપો કરવાં.

| ધાતુ | ૩જો પુ. એ.વ. | ૩જો પુ. દ્વિ.વ. | ૩જો પુ. બ.વ. |
|---|---|---|---|
| दॄ | ददार | ददरतुः–दद्रतुः | ददरुः–दद्रुः |
| पॄ | पपार | पपरतुः–पप्रतुः | पपरुः–पप्रुः |

૨૬૭ इ (૨ગ.પ.) 'જવું'. તેનું બેવડાએલું રૂપ વિકારી પ્રત્યય પહેલાં इयि થાય છે; અને અવિકારી પહેલાં इइ થાય છે, પણ આમાં છેલ્લી इનો य् થાય છે અને પ્રથમની લંબાય છે, અર્થાત્ પ્રત્યય પૂર્વે અવિકારીમાં ईय् લેવું. તેનાં રૂપ નીચે પ્રમાણે છે.

## વર્તમાન

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | इयाय–इयय | ईयिव | ईयिम |
| ૨જો | इयिथ–इयेथ | ईयथुः | ईय |
| ૩જો | इयाय | ईयतुः | ईयुः |

૨૬૮ आ જેને અન્તે હોય એવા ધાતુઓના ૧લા અને ૩જા પુરુષ પરસ્મૈપદ એકવચનમાં औ પ્રત્યય લાગે છે. સ્વરવાળા અવિકારી પ્રત્યય પૂર્વે અન્ત્ય आ ઊડી જાય છે, અને તેને સ્થાને જ્યાં इ લાગે છે ત્યાં પણ आ ઊડી જાય છે.

दा ( ददा )

| પુ. | એ વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ददौ | ददिव | ददिम |
| ૨જો | ददाथ–ददिथ | ददथुः | दद |
| ૩જો | ददौ | ददतुः | ददुः |

બીજા પુરુષ એકવચનમાં इ વિકલ્પે જોડાય છે.

स्ना ( सस्ना )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सस्नौ | सस्निव | सस्निम |
| ૨જો | सस्नाथ–सस्निथ | सस्नथुः | सस्न |
| ૩જો | सस्नौ | सस्नतुः | सस्नुः |

તેજ પ્રમાણે

| | | | |
|---|---|---|---|
| स्था | तस्थौ | तस्थतुः | तस्थुः |

मा (આ.)

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ममे | ममिवहे | ममिमहे |
| ૨જો | ममिषे | ममाथे | ममिढ्वे |
| ૩જો | ममे | ममाते | ममिरे |

૨૬૯ ए, ऐ અને ओ જેને અન્તે હોય એવા ધાતુઓના અન્ત્ય સ્વરને બદલે आ મૂકવો; પછી ઉપરના નિયમ ૨૬૮ પ્રમાણે आ સ્વરાન્ત ધાતુની માફક તેમનાં પરોક્ષ ભૂતકાળનાં રૂપ કરવાં.

ध्यै (ध्या) दध्या

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | दध्यौ | दध्यिव | दध्यिम |
| ૨જો | दध्याथ–दध्यिथ | दध्यथुः | दध्य |
| ૩જો | दध्यौ | दध्यतुः | दध्युः |

मे (આ.)

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ममे | ममिवहे | ममिमहे |
| ૨જો | ममिषे | ममाथे | ममिढ्वे |
| ૩જો | ममे | ममाते | ममिरे |

તે જ પ્રમાણે म्लै, गै, घे (પ.) द्रै (ગ. ૧, પ.) ઊંઘવું, दो કાપવું, त्रै (ગ. ૧, આ.) વગેરેનાં રૂપ કરવાં.

| | | | |
|---|---|---|---|
| म्लै | मम्लौ | मम्लतुः | मम्लुः |
| गै | जगौ | जगतुः | जगुः |
| धे | दधौ | दधतुः | दधुः |
| द्रै | दद्रौ | दद्रतुः | दद्रुः |
| दो | ददौ | ददतुः | ददुः |
| त्रै | तत्रे | तत्राते | तत्रिरे |

૨૭૦ भू ધાતુને પરોક્ષ ભૂતકાળમાં ખેવડતી વખતે बभूव् રૂપ લેવું. અને તેને પ્રત્યયો લગાડવા.

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | बभूव | बभूविव | बभूविम |
| ૨જો | बभूविथ | बभूवथुः | बभूव |
| ૩જો | बभूव | बभूवतुः | बभूवुः |

૨૭૧ जि ધાતુનાં ખેવડવાનાં રૂપમાં जिजिને બદલે जिगि લેવું. અવિકારી સ્વર લાગતા પહેલાં છેલ્લા इનો य થાય છે.

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जिगाय–जिगय | जिग्यिव | जिग्यिम |
| ૨જો | जिगेथ–जिगयिथ | जिग्यथुः | जिग्य |
| ૩જો | जिगाय | जिग्यतुः | जिग्युः |

તેજ પ્રમાણે हि ' મોકલવું ' નું રૂપ जिहि કરીને પછી जिघि લેવું.

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૩જો પુ. | जिघाय | जिघ्यतुः | जिघ्युः |

૨૭૨ चि ધાતુનાં બે બેવડાએલાં રૂપો થાય છેઃ चिचि અને चिकि । પ્રત્યયો લાગતી વખતે ૨૭૧માં આપેલો નિયમ લાગુ પડે છે.

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | चिचाय–चिचय<br>चिकाय–चिकय | चिच्यिव<br>चिक्यिव | चिच्यिम<br>चिक्यिम |
| ૨જો | चिचयिथ–चिचेथ<br>चिकयिथ–चिकेथ | चिच्यथुः<br>चिक्यथुः | चिच्य<br>चिक्य |
| ૩જો | चिचाय<br>चिकाय | चिच्यतुः<br>चिक्यतुः | चिच्युः<br>चिक्युः |

૨૭૩ ऋ જવું. આ ધાતુનો ઉલ્લેખ નિયમ ૨૬૫માં કર્યો છે. આ ધાતુને व પહેલાં इ ખાસ લાગે છે.

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आर | आरिव | आरिम |
| ૨જો | आरिथ | आरथुः | आर |
| ૩જો | आर | आरतुः | आरुः |

૨૭૪ गम्, हन्, जन्, खन् અને घस् ધાતુઓના ઉપાન્ત્ય अનો સ્વરથી શરૂ થતા અવિકારી પ્રત્યય પૂર્વે લોપ થાય છે. हन् ધાતુના हનો સર્વત્ર घ કરવો પડે છે. जन् ધાતુના अનો લોપ થતાં ज् અને न् જોડાય છે, તેથી તેને બદલે ज्ञ् મૂકવાનો

હોય છે. घस्ंमांथी પણ अ લોપાતાં घ् અને स् રહે છે; પણ એ બન્નેને બદલે સંધિ પ્રમાણે क्ष् મૂકવો પડે છે.

गम्

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जगाम–जगम | जग्मिव | जग्मिम |
| ૨જો | जगमिथ–जगन्थ | जग्मथुः | जग्म |
| ૩જો | जगाम | जग्मतुः | जग्मुः |

जन् (આ.)

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जज्ञे | जज्ञिवहे | जज्ञिमहे |
| ૨જો | जज्ञिषे | जज्ञाथे | जज्ञिध्वे |
| ૩જો | जज्ञे | जज्ञाते | जज्ञिरे |

हन्

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जघान–जघन | जघ्निव | जघ्निम |
| ૨જો | जघनिथ–जघन्थ | जघ्नथुः | जघ्न |
| ૩જો | जघान | जघ्नतुः | जघ्नुः |

खन्

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | चखान | चख्निव | चख्निम |
| ૨જો | चखनिथ | चख्नथुः | चख्न |
| ૩જો | चखान | चख्नतुः | चख्नुः |

આનાં આત્મનેપદનાં રૂપો जन् પ્રમાણે કરવાં.

घस्

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जघास | जक्षिव | जक्षिम |
| ૨જો | जघसिथ | जक्षथुः | जक्ष |
| ૩જો | जघास | जक्षतुः | जक्षुः |

૨૭૫ अद् ધાતુનાં રૂપ કરતી વખતે घस्નાં રૂપ પણ વિકલ્પે લેવાં. જેમકે आद–जघास आदिव–जक्षिव आदिम–जक्षिम आदिथ–जघसिथ ઇત્યાદિ.

अधि + इ (આ.) અભ્યાસ કરવો. આ ધાતુનું બેવડવાનું રૂપ अधिजगा અનિયમિત રીતે થાય છે.

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अधिजगे | अधिजगिवहे | अधिजगिमहे |
| ૨જો | अधिजगिषे | अधिजगाथे | अधिजगिध्वे |
| ૩જો | अधिजगे | अधिजगाते | अधिजगिरे |

૨૭૬ सृज् અને दृश्ના ऋનો र् તેના પછી જો વ્યંજનથી શરૂ થતો વિકારી પ્રત્યય આવે તો થાય છે, અર્થાત् थ् પહેલાં. બાકી બીજે બધે એ ફેરફાર થતો નથી. વળી આ ધાતુઓમાં थ પહેલાં इ વિકલ્પે મુકાય છે.

सृज्—ससृज्

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ |
|---|---|---|---|
| ૧લો | ससर्ज | ससृजिव | ससृजिम |
| ૨જો | ससर्जिथ / सस्रष्ठ | ससृजथुः | ससृज |
| ૩જો | ससर्ज | ससृजतुः | ससृजुः |

તે જ પ્રમાણે दृश्

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૩જો પુ. | ददर्श | ददृशतुः | ददृशुः |

૨૭૭ જે ધાતુઓમાં ઉપાન્ત્ય ऋ હોય તે ધાતુઓની બાબતમાં ઘોષ વ્યંજનથી શરૂ થતા વિકારી પ્રત્યય પહેલાં ऋનો र् કરવામાં આવે છે. જેમકે दृप्, तृप् વગેરે.

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ददर्प | ददृप्व | ददृप्म |
| ૨જો | दद्रप्थ / ददर्प्थ / ददर्पिथ | ददृपथुः | ददृप |
| ૩જો | ददर्प | ददृपतुः | ददृपुः |

૨૭૮ अर्द्, ऋच्छ्, અને अर्च् વગેરેને બેવડતી વખતે વચ્ચે न् મૂકવો પડે છે. આ નિયમ (૧) अથી શરૂ થતા તમામ ધાતુઓ, (૨) જેને છેડે જોડાક્ષર હોય તેવા ધાતુઓ, અને (૩) ऋથી શરૂ થતા ધાતુઓને લાગુ પડે છે. अश् (વ્યાપવું) પણ આ નિયમમાં આવે છે; અર્થાત્ अर्द्–आनर्द्, ऋच्छ्–आनर्च्छ्, अर्च्–आनर्च्, अश्–आनश् એ પ્રમાણે લઈને તેમને પ્રત્યયો લગાડવા.

अर्द

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आनर्द | आनर्दिव | आनर्दिम |
| ૨જો | आनर्दिथ | आनर्दथुः | आनर्द |
| ૩જો | आनर्द | आनर्दतुः | आनर्दुः |

ऋच्छ् (ગ. ૬, પ.) જવું.

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आनर्च्छ | आनर्च्छिव | आनर्च्छिम |
| ૨જો | आनर्च्छिथ | आनर्च्छथुः | आनर्च्छ |
| ૩જો | आनर्च्छ | आनर्च्छतुः | आनर्च्छुः |

अश् (वेट् છે માટે વ્યંજન પ્રત્યય પહેલાં इ વિકલ્પે લાગશે.)

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आनशे | आनशिवहे / आनश्वहे | आनशिमहे / आनश्महे |
| ૨જો | आनशिषे / आनक्षे | आनशाथे | आनशिध्वे / आनड्ढ्वे |
| ૩જો | आनशे | आनशाते | आनशिरे |

अर्च्

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आनर्च | आनर्चिव | आनर्चिम |
| ૨જો | आनर्चिथ | आनर्चथुः | आनर्च |
| ૩જો | आनर्च | आनर्चतुः | आनर्चुः |

આ.૩ પુ.માં आनर्चे, आनर्चाते, आनर्चिरे એમ રૂપો કરવાં.

૨૭૯ છઠ્ઠા ગણના કેટલાક ધાતુઓ જેવા કે कुट्, स्फुट्, त्रुट, स्फुर्, नू અને धू ધાતુઓને બીજા પુરુષ એકવચનમાં इ સહિત વિકારી પ્રત્યય લગાડવામાં આવે, ત્યારે તેમનો ગુણ કે વૃદ્ધિ થતી નથી.

कुट्

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | चुकोट | चुकुटिव | चुकुटिम |
| ૨જો | चुकुटिथ | चुकुटथुः | चुकुट |
| ૩જો | चुकोट | चुकुटतुः | चुकुटुः |

धू ધાતુ वेट् છે, છતાં ફક્ત બીજા પુ. એકવચનમાં જ थ પહેલાં તેને इ વિકલ્પે લાગે છે.

| | | | |
|---|---|---|---|
| ૨જો પુ. | दुधविथ / दुधोथ | दुदुधवथुः | दुदुधव |

તે જ પ્રમાણે स्फुर् વગેરે.

૨જો પુ.

| | | | |
|---|---|---|---|
| स्फुर् | पुस्फुरिथ | पुस्फुरथुः | पुस्फुर |
| स्फुट् | पुस्फुटिथ | पुस्फुटथुः | पुस्फुट |
| त्रुट् | तुत्रुटिथ | तुत्रुटथुः | तुत्रुट |

૨૮૦ मस्ज् અને नश् ધાતુઓમાં थ પ્રત્યય પહેલાં અન્ત્ય વ્યંજનની પૂર્વે न् ઉમેરાય છે. मस्ज्ના स्નો ज् થાય છે, અર્થાત् मस्ज् ધાતુને બદલે मज्ज् સમજવો.

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ममज्ज | ममज्जिव | ममज्जिम |
| ૨જો | ममज्जिथ / ममङ्क्थ | ममज्जथुः | ममज्ज |
| ૩જો | ममज्ज | ममज्जतुः | ममज्जुः |

૨૮૧ चक्ष्ને બદલે ख्या અને क्शाનાં રૂપો વિકલ્પે મુકાય છે.

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आचख्यौ / आचक्शौ | आचख्यिव / आचक्शिव | आचख्यिम / आचक्शिम |
| ૨જો | आचख्याथ / आचख्यिथ / आचक्शाथ / आचक्शिथ | आचख्यथुः / आचक्शथुः | आचख्य / आचक्श |
| ૩જો | आचख्यौ / आचक्शौ | आचख्यतुः / आचक्शतुः | आचख्युः / आचक्शुः |

## આત્મનેપદ

| | | | |
|---|---|---|---|
| ૩જો પુ. | आचख्ये<br>आचक्शे<br>आचचक्षे | आचख्याते<br>आचक्शाते<br>आचचक्षाते | વગેરે |

૨૮૨ दी ( ગ. ૪, आ. ) ( ક્ષય થવો, )–આ ધાતુની પછી અવિકારી સ્વર પ્રત્યય પહેલાં य् મુકાય છે.

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | दिदीये | दिदीयिवहे | दिदीयिमहे |
| ૨જો | दिदीयिषे | दिदीयाथे | दिदीयिध्वे–ढ्वे |
| ૩જો | दिदीये | दिदीयाते | दिदीयिरे |

૨૮૩ दे ગ. ૧. આ. ( રક્ષણ કરવું–આ ધાતુનું બેવડાએલું રૂપ પરોક્ષ ભૂતકાળમાં दिगि થાય છે.)

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | दिग्ये | दिग्यिवहे | दिग्यिमहे |
| ૨જો | दिग्यिषे | दिग्याथे | दिग्यिध्वे–ढ्वे |
| ૩જો | दिग्ये | दिग्याते | दिग्यिरे |

૨૮૪ द्युत् (આ.) નું રૂપ दिद्युत् થાય છે.

| | | | |
|---|---|---|---|
| ૩જો પુ. | दिद्युते | दिद्युताते | दिद्युतिरे |

૨૮૫ प्यै આ. ( જાડા થવું )–આ ધાતુનું બેવડાએલું રૂપ पिपी થાય છે.

| | | | |
|---|---|---|---|
| ૩જો પુ. | पिप्ये | पिप्याते | पिप्यिरे |

૨૮૬ विज् ધાતુનો સ્વર બી. પુ. એકવચનની इ પહેલાં ગુણ લેતો નથી.

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | विवेज | विविजिव | विविजिम |
| ૨જો | विविजिथ | विविजथुः | विविज |
| ૩જો | विवेज | विविजतुः | विविजुः |

૨૮૭ मृज् ( वेट् ધાતુ છે. ) આ ધાતુ અવિકારી પ્રત્યયો પહેલાં ફક્ત इ લાગે ત્યારે વિકલ્પે વૃદ્ધિ લે છે.

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ममार्ज | ममार्जिव / ममृजिव / ममृज्व | ममार्जिम / ममृजिम / ममृज्म |
| ૨જો | ममार्जिथ / ममार्ष्ठ | ममृजथुः / ममार्जथुः | ममृज / ममार्ज |
| ૩જો | ममार्ज | ममृजतुः / ममार्जतुः | ममृजुः / ममार्जुः |

૨૮૮ अञ्ज् ધાતુ વેટ્ છે. તેનાં રૂપ નિયમ ૨૭૮ પ્રમાણે કરવાં; કારણ કે તેનો આદિ સ્વર अ છે, અને પછી સંયુક્ત વ્યંજન આવેલો છે.

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आनञ्ज | आनञ्जिव / आनञ्ज्व | आनञ्जिम / आनञ्ज्म |
| ૨જો | आनञ्जिथ / आनङ्क्थ | आनञ्जथुः | आनञ्ज |
| ૩જો | आनञ्ज | आनञ्जतुः | आनञ्जुः |

૨૮૯ क्लिद् ( ગ. ૪, પ. ) स्यन्द् (ગ. ૧, આ.) सिध् (ગ. ૧, પ.) कृद् ( ગ. ૧, પ. ) क्लिश्, અને तञ्च् ( ગ. ૧, ૭, પ. ) આ ધાતુઓ વેટ્ છે. તેમનાં બીજા પુરુષ એકવચનનાં રૂપો અહીં આપ્યાં છે.

| ધાતુ | ૨જો પુ. એ.વ. | ધાતુ | ૨ જો પુ. એ.વ. |
|---|---|---|---|
| क्लिद् | चिक्लेदिथ<br>चिक्लित्थ | क्लृप् | चक्लृपिषे<br>चक्लृप्से |
| स्यन्द् | सस्यन्दिषे<br>सस्यन्त्से | क्लिश् | चिकिलेशिथ<br>चिक्लेष्ठ |
| सिध् | सिषेधिथ<br>सिषेद्ध | तञ्च् | ततञ्चिथ<br>ततङ्क्थ |

૨૯૦ व्रश्च् ( ગ. ૬, પ. ) (કાપવું,) આ ધાતુ વેટ્ છે.

| | |
|---|---|
| બીજો પુરુષ એકવચન | वव्रश्चिथ<br>वव्रष्ठ |

૨૯૧ क्षम् ( ગ. ૪, પ. ) ક્ષમા આપવી. વેટ્ છે. व અને म પ્રત્યય લાગતી વખતે ( इ સિવાય ) म્નો ण् થાય છે, અને બી. પુ. એકવચનમાં म્નો સંધિના નિયમ પ્રમાણે न् થાય છે.

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | चक्षाम<br>चक्षम | चक्षमिव<br>चक्षण्व | चक्षमिम<br>चक्षण्म |
| ૨જો | चक्षमिथ<br>चक्षन्थ | चक्षमथुः | चक्षम |
| ૩જો | चक्षाम | चक्षमतुः | चक्षमुः |

૨૯૨ अक्ष् ( ગ. ૧, પ. ) વેટ્ છે. તેનાં રૂપ નિયમ ૨૭૮ અનુસાર કરવાં.

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | आनक्ष | आनक्षिव<br>आनक्ष्व | आनक्षिम<br>आनक्ष्म |
| ૨જો | आनक्षिथ<br>आनष्ठ | आनक्षथुः | आनक्ष |
| ૩જો | आनक्ष | आनक्षतुः | आनक्षुः |

૨૯૩ गाह् ( ગ. ૧, आ. ) એ વેટ્ છે.

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जगाहे | जगाहिवहे / जगाह्वहे | जगाहिमहे / जगाह्महे |
| ૨જો | जगाहिषे / जघाक्षे | जगाहाथे | जगाहिध्वे-ढ्वे / जघाढ्वे |
| ૩જો | जगाहे | जगाहाते | जगाहिरे |

૨૯૪ गृह् ( ગ. ૧, आ. ) વેટ્ છે.

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जगृहे | जगृहिवहे / जगृह्वहे | जगृहिमहे / जगृह्महे |
| ૨જો | जगृहिषे / जघृक्षे | जगृहाथे | जगृहिध्वे / जघृढ्वे |
| ૩જો | जगृहे | जगृहाते | जगृहिरे |

૨૯૫ गुह् ( ગ. ૧, પ. અને आ. ) વેટ્ છે; વિકારી સ્વર પ્રત્યય પહેલાં गुह्ને બદલે गूह् રૂપ થાય છે.

( પરસ્મૈપદ )

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जुगूह | जुगुहिव / जुगुह्व | जुगुहिम / जुगुह्म |
| ૨જો | जुगूहिथ / जुगोढ | जुगुहथुः | जुगूह |
| ૩જો | जुगूह | जुगुहतुः | जुगुहुः |

આત્મનેપદ ૨જો પુ.

| એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|
| जुगुहिषे / जुघुक्षे | जुगुहाथे | जुगुहिध्वे-ढ्वे / जुघूढ्वे |

૨૯૬ तृह्, तृंह् ૬.૫. द्रुह्, स्तृह्, मुह्, वृह् અને स्निह्–वेट् છે. તેમનાં બી. પુ. એકવચનનાં રૂપ અહીં આપ્યાં છે.

| | |
|---|---|
| तृह् | ततर्हिथ |
| | ततर्ढ |
| तृंह् | ततृंहिथ |
| | ततृंढ |
| द्रुह् | दुद्रोहिथ |
| | दुद्रोढ |
| | दुद्रोग्ध |
| मुह् | मुमोहिथ |
| | मुमोढ |
| | मुमोग्ध |
| वृह् | ववर्हिथ–ववर्ढ |
| स्तृह् | तस्तर्हिथ–तस्तर्ढ |
| स्निह् | सिष्णेहिथ—सिष्णेढ |
| | सिष्णेग्ध |

ટીપ—द्रुह्, मुह्, स्निह् અને स्नुह्ની પછી અનુનાસિક તથા અંતઃસ્વર આવેલા હોય અગર કંઈ પણ આવેલું ન હોય, તો ह्નો घ् અથવા ढ् થાય છે.

૨૯૭ અત્યાર સુધી ધાતુઓને બેવડીને પછી પ્રત્યય લગાડીને પરોક્ષ ભૂતનાં રૂપ આપણે કર્યાં, પણ કેટલાક ધાતુઓમાં તે ફક્ત વિકારી ધાતુઓમાં જ બેવડાય છે, અને બીજે સ્થાને તે બેવડાતા નથી. આમાં પણ મૂળ ધાતુના સ્વરના અનો ए કરવો પડે છે. ખાસ કરીને આ નિયમ નીચેની બાબતોમાં લાગુ પડે છે.

( अत एक हल् मध्येऽना देशादेर्लिटि कौ. ६ । ४ । १२० ).

(क) જ્યારે ધાતુમાં બે **સાદા વ્યંજનની** વચ્ચે अ હોય, અર્થાત્ બે વ્યંજનનો ધાતુ હોવો જોઈએ, અને તે બે વ્યંજનો સાદા હોવા જોઈએ; તેમાં કોઈ પણ સંયુક્ત વ્યંજન હોવો જોઈએ નહિ. વળી આ ધાતુનો પ્રથમ વ્યંજન એવો હોવો જોઈએ, કે તેને બેવડતી વખતે તે જ આવે. દા. पच् ધાતુમાં બે સાદા વ્યંજન છે તેનું બેવડતી વખતે पपच् કરવું પડે છે, અર્થાત્ આદિ વ્યંજન જ બેવડતી વખતે લેવાય છે. આથી આનાં રૂપ કરતી વખતે અવિકારી પ્રત્યય પહેલાં તેમજ इथ (इ યુક્ત थ) પ્રત્યય પહેલાં ઉપાન્ત્ય अ નો ए કરવો, એટલે અવિકારી પ્રત્યય પહેલાં पेच् રૂપ લેવું.

(ख) तॄ, फल्, भज्, त्रप्, અને अप + राध् (૫ મા ગણ) આ ધાતુઓને ઉપરનો નિયમ લાગે છે. આમાં જ્યાં आ હોય તેની જગાએ ઉપરના સ્થળે ए મૂકવો.

(ग) जॄ, भ्रम्, त्रस्, फण्, राज्, भ्राज्, भ्राश्, म्लाश्, स्यम् અને स्वन् આ ધાતુને વિકલ્પે ઉપરનો નિયમ લાગુ પડે છે.

**અપવાદ :—**

व्‌થી શરૂ થતા ધાતુઓ તથા शस् અને दद्‌માં આ ફેરફાર થતા નથી.

## पच् ( प. અને आ. )

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | पपाच–पपच | पेचिव | पेचिम |
| ૨જો | पेचिथ–पपक्थ | पेचथुः | पेच |
| ૩જો | पपाच | पेचतुः | पेचुः |

## આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | पेचे | पेचिवहे | पेचिमहे |
| ૨જો | पेचिषे | पेचाथे | पेचिध्वे |
| ૩જો | पेचे | पेचाते | पेचिरे |

તે જ પ્રમાણે शक्, तन् વગેરેનાં રૂપ કરવાં.

૨૯૮ **तृ** **પરસ્મૈપદ**

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ततार–ततर | तेरिव | तेरिम |
| ૨જો | तेरिथ | तेरथुः | तेर |
| ૩જો | ततार | तेरतुः | तेरुः |

**फल्**

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૩જો | पफाल | फेलतुः | फेलुः |

**भज्** (ઉ૦)

| | | |
|---|---|---|
| बभाज | भेजतुः | भेजुः |
| भेजे | भेजाते | भेजिरे |

**त्रप्** (ગ. ૧, આ.)

| | | | |
|---|---|---|---|
| ૩જો પુ. | त्रेपे | त्रेपाते | त्रेपिरे |

**अपराध्** (आ.)

| | | | |
|---|---|---|---|
| ૩જો પુ. | अपरराध | अपरेधतुः | अपरेधुः |

પણ એકલો राध् હોય તો

| | | |
|---|---|---|
| रराध | रराधतुः | रराधुः |

૨૯૯ जॄ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जजार–जजर | जजरिव | जजरिम |
| | | जेरिव | जेरिम |
| ૨જો | जजरिथ | जजरथुः | जजर |
| | जेरिथ | जेरथुः | जेर |
| ૩જો | जजार | जजरतुः | जजरुः |
| | | जेरतुः | जेरुः |

**भ्रम्**

| | | | |
|---|---|---|---|
| ૩જો પુ. | बभ्राम | बभ्रमतुः | बभ्रमुः |
| | | भ्रेमतुः | भ्रेमुः |

**भ्राज्** (ગ. ૧, आ.)

| | | |
|---|---|---|
| बभ्राजे–भ्रेजे | बभ्राजाते | बभ्राजिरे |
| | भ्रेजाते | भ्रेजिरे |

**स्यम्**

| | | |
|---|---|---|
| सस्याम | सस्यमतुः | सस्यमुः |
| | स्येमतुः | स्येमुः |

**भ्लाश्**

| | | |
|---|---|---|
| बभ्लाशे | बभ्लाशाते | बभ्लाशिरे |
| | भ्लेशाते | भ्लेशिरे |

**भ्राश्**

| | | |
|---|---|---|
| बभ्राशे | बभ्राशाते | बभ्राशिरे |
| | भ्रेशाते | भ्रेशिरे |

૩૦૦ वम् ઉપરના નિયમમાં અપવાદ રૂપ છે; કારણ કે એ व્થી શરૂ થતો ધાતુ છે. शश् અને दद् પણ તે જ નિયમને અનુસરે છે.

| | | | |
|---|---|---|---|
| **वम्** | **ववाम** | **ववमतुः** | **ववमुः** |
| **शश्** | **शशाश** | **शशातुः** | **शशाशुः** |
| **दद्** | **दददे** | **ददाते** | **ददिरे** |

૩૦૧ નીચે આપેલા ધાતુઓનાં પરોક્ષ ભૂતકાળનાં રૂપ કરવાનાં હોય, ત્યારે અવિકારી પ્રત્યયો પહેલાં તેમના આદિ વ્યંજનમાં સંપ્રસારણના નિયમ પ્રમાણે બેવડતી વખતે ફેરફાર થાય છે; અર્થાત્ य्नो इ, व्नो उ, અને र्नो ऋ થાય છે. આ ફેરફાર વિકારી પ્રત્યયો પૂર્વે બેવડાયલા આદિ અક્ષરમાં કરવો પડે છે: મૂળ ધાતુમાં નહિ; અને અવિકારી પ્રત્યય પહેલાં મૂળ ધાતુમાં પણ કરવો પડે છે. આ ધાતુઓ નીચે પ્રમાણે છે. **वच्**, **भज्**, **वप्**, **वह्**, **वस्**, તથા **वे**, **व्ये**, **ह्वे**, **श्वि**, **वद्**, **स्वप्**, **ज्या**, **वश्**, **व्यच्**, **ग्रह्** અને **व्यध्** ।

૩૦૨ **वच्**

વિકારી પહેલાં **उवच्** અને અવિકારી પહેલાં **ऊउच्** અર્થાત્ **ऊच्** લેવું.

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | **उवाच-उवच** | **ऊचिव** | **ऊचिम** |
| ૨જો | **उवचिथ** / **उवक्थ** | **ऊचथुः** | **ऊच** |
| ૩જો | **उवाच** | **ऊचतुः** | **ऊचुः** |

**यज्**

| | | | |
|---|---|---|---|
| ૩જો પુ.(પ.) | **इयाज** | **ईजतुः** | **ईजुः** |
| (આ.) | **ईजे** | **ईजाते** | **ईजिरे** |

**वप्**

| | | | |
|---|---|---|---|
| | **उवाप** | **ऊपतुः** | **ऊपुः** |

| | | | |
|---|---|---|---|
| **वह्** (પ.) | **उवाह** | **ऊहतुः** | **ऊहुः** |
| (આ.) | **ऊहे** | **ऊह्याते** | **ऊहिरे** |

| | | | |
|---|---|---|---|
| वस् | उवास | ऊषतुः | ऊषुः |

બી. પુ. એ.વ.

| | | |
|---|---|---|
| यज्(प०) | इयजिथ | इयष्ठ |
| (आ०) | ईजिषे | |
| वप् (प०) | उवपिथ | उवप्थ |
| (आ०) | ऊपिषे | |
| वह् (प०) | उवहिथ | उवोढ |
| (आ०) | ऊहिषे | |
| वस् | उवसिथ–उवस्थ | ऊहिषे |

૩૦૩ वे (વણવું) ધાતુનાં નિયમિત અને અનિયમિત બન્ને રૂપ છે. અનિયમિત રૂપમાં વિકારી પ્રત્યય પહેલાં उवय् અને અવિકારી પ્રમાણે ऊय् અને ऊव् લેવાં, અને પછી પ્રત્યયો લગાડવા.

### ( પરસ્મૈપદ ) અનિયમિત

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | उवाय–उवय | ऊयिव, ऊविव | ऊयिम, ऊविम |
| ૨જો | उवयिथ | ऊयथुः, ऊवथुः | ऊय, ऊव |
| ૩જો | उवाय | ऊयतुः, ऊवतुः | ऊयुः, ऊवुः |

### ( આત્મનેપદ ) અનિયમિત

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ऊये | ऊयिवहे | ऊयिमहे |
| | ऊवे | ऊविवहे | ऊविमहे |
| ૨જો | ऊयिषे | ऊयाथे | उयिध्वे–ढ्वे |
| | ऊविषे | ऊवाथे | ऊविध्वे–ढ्वे |
| ૩જો | ऊये | ऊयाते | ऊयिरे |
| | ऊवे | ऊवाते | ऊविरे |

(પરસ્મૈપદ) નિયમિત

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ववौ | ववив | वविम |
| ૨જો | ववाथ—वविथ | ववथुः | वव |
| ૩જો | ववौ | ववतुः | ववुः |

(આત્મનેપદ) નિયમિત

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ववे | वविवहे | वविमहे |
| ૨જો | वविषे | ववाथे | वविध्वे—ढ्वे |
| ૩જો | ववे | ववाते | वविरे |

૩૦૪ व्ये (प. અને आ.) આ ધાતુના વિકારી પ્રત્યય પહેલાં विव्यय् અને અવિકારી પહેલાં विवि થાય છે.

પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | विव्याय—विव्यय | विव्यिव | विव्यिम |
| ૨જો | विव्ययिथ | विव्यथुः | विव्य |
| ૩જો | विव्याय | विव्यतुः | विव्युः |

આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | विव्ये | विव्यिवहे | विव्यिमहे |
| ૨જો | विव्यिषे | विव्याथे | विव्यिध्वे—ढ्वे |
| ૩જો | विव्ये | विव्याते | विव्यिरे |

૩૦૫ ह्वे ગણ ૧ (प. અને आ.)

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जुहाव–जुहव | जुहुविव | जुहुविम |
| ૨જો | जुहोथ<br>जुहविथ | जुहुवथुः | जुहुव |
| ૩જો | जुहाव | जुहुवतुः | जुहुवुः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ વ. |
|---|---|---|---|
| ૧લો | जुहुवे | जुहुविवहे | जुहुविमहे |
| ૨જો | जुहुविषे | जुहुवाथे | जुहुविध्वे–ढ्वे |
| ૩જો | जुहुवे | जुहुवाते | जुहुविरे |

૩૦૬ व्यच् છેતરવું, આજુબાજુ ફરી વળવું.

### પરસ્મપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | विव्याच<br>विव्यच | विविचिव | विविचिम |
| ૨જો | विव्यचिथ | विविचथुः | विविच |
| ૩જો | विव्याच | विविचतुः | विविचुः |

૩૦૭ वश् (૨. પ.) ઇચ્છા કરવી.

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | उवाश–उवश | ऊशिव | ऊशिम |
| ૨જો | उवशिथ | ऊशथुः | ऊश |
| ૩જો | उवाश | ऊशतुः | ऊशुः |

૩૦૮ स्वप् નિદ્રા લેવી, સૂવું. **પરસ્મૈપદ**

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सुष्वाप–सुष्वप | सुषुपिव | सुषुपिम |
| ૨જો | सुष्वपिथ<br>सुष्वप्थ | सुषुपथुः | सुषुप |
| ૩જો | सुष्वाप | सुषुपतुः | सुषुपुः |

૩૦૯ ज्या ૨ પ. ઘરડા થવું. **પરસ્મૈપદ**

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | जिज्यौ | जिज्यिव | जिज्यिम |
| ૨જો | जिज्याथ<br>जिज्यिथ | जिज्यथुः | जिज्य |
| ૩જો | जिज्यौ | जिज्यतुः | जिज्युः |

૩૧૦ श्वि ધાતુનાં शु તરીકે વિકલ્પે રૂપ થાય છે.

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | शिश्वाय–शिश्वय | शिश्वियिव | शिश्वियिम |
| | शुशाव–शुशव | शुशुविव | शुशुविम |
| ૨જો | शिश्वयिथ | शिश्वियथुः | शिश्विय |
| | शुशविथ | शुशुवथुः | शुशुव |
| ૩જો | शिश्वाय | शिश्वियतुः | शिश्वियुः |
| | शुशाव | शुशुवतुः | शुशुवुः |

૩૧૧ वद् ૩જો પુ.

| | | | |
|---|---|---|---|
| (પ.) | उवाद | ऊदतुः | ऊदुः |
| (આ.) | ऊदे | ऊदाते | ऊदिरे |

૨જો. પુ. એ.વ. उवदिथ (પ.) ऊदिषे (આ.)

૩૧૨ व्यथ्‌ની દ્વિરુક્તિ વખતે દ્વિરુક્ત સ્થાનમાં वि મૂકવો પડે છે.

| | | | |
|---|---|---|---|
| ૩જો પુ. | विव्याथ | विव्यथतुः | विव्यथुः |

૩૧૩ ग्रह् ૩જો પુ.

| | | | |
|---|---|---|---|
| (પ.) | जग्राह | जगृहतुः | जगृहुः |
| (આ.) | जगृहे | जगृहाते | जगृहिरे |

૩૧૪ व्यध्

| | | |
|---|---|---|
| विव्याध | विविधतुः | विविधुः |

## आम् યુક્ત પરોક્ષ ભૂતકાળ

૩૧૫ પરોક્ષ ભૂતકાળમાં કેટલાક ધાતુઓને બેવડયા વગર आम् નિશાની લગાડીને પછીથી कृ, भू અગર अस्‌નાં પરોક્ષ ભૂતકાળનાં રૂપો લગાડવામાં આવે છે. આવા પ્રકારનો પરોક્ષ ભૂતકાળ आम् યુક્ત પરોક્ષ ભૂતકાળ કહેવાય છે. તે નીચેના ધાતુઓમાં જ હોય છે.

(क) अ અગર आ સિવાયના કોઈ પણ દીર્ઘ સ્વરથી શરૂ થતા ધાતુઓ.

(ख) अ અગર आ સિવાયના હ્રસ્વ સ્વરથી શરૂ થતા પણ પછીથી જોડાક્ષરવાળા ધાતુઓ.

(ग) ૧૦મા ગણના ધાતુઓ.

(घ) दय्, अय्, कास् અને आस् ધાતુઓ.

(ङ) उष्, विद्, जागृ (વિકલ્પે)

(च) भी, ह्री, भृ અને हु (વિકલ્પે પણ બેવડાઈને)

૩૧૬ ધાતુ પરસ્મૈપદ હોય તો कृના પરોક્ષ ભૂતકાળનું જે રૂપ લગાડવાનું છે તે પરસ્મૈપદનું લેવું. અને ધાતુ આત્મનેપદ હોય તો આત્મનેપદનું લેવું.

इश् ધાતુ अ અગર आ સિવાયના દીર્ઘ સ્વરથી શરૂ થાય છે, તેથી એનાં પરોક્ષ ભૂતકાળનાં રૂપ કરતી વખતે તેને બેવડવો નહિ, પણ તેને आम् પ્રત્યય લગાડવો. ईश् + आम् = ईशाम्. આ ધાતુ આત્મનેપદ હોવાથી તેને कृનાં આત્મનેપદ પરોક્ષ ભૂતકાળનાં રૂપ જોડવાં. જેમકે

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| ૧લો | ईशांचक्रे | ईशांचकृवहे | ईशांचकृमहे |
| ૨જો | ईशांचकृषे | ईशांचक्राथे | ईशांचकृढ्वे |
| ૩જો | ईशांचक्रे | ईशांचक्राते | ईशांचक्रिरे |

એ જ પ્રમાણે ईड्, ईक्ष्, ऊह् વગેરેનાં રૂપ કરવાં; પણ इष् ધાતુનો આદિ સ્વર હ્રસ્વ इ છે તેથી તેને आम् લગાડવો નહિ, પણ સામાન્ય રીતે બેવડીને જ તેનાં રૂપ કરવાં. इयेष, ईषतुः, ईषुः ઇત્યાદિ.

૩૧૭ कथ् એ દશમા ગણનો ધાતુ છે. તેનાં રૂપો आम् લગાડીને કરવાં, પણ તે પૂર્વે દશમા ગણની નિશાની अय લગાડવી. कथ् + अय + आम् = कथयाम्. આને कृ અગર अस्નાં પરોક્ષ ભૂતકાળનાં રૂપ જોડવાં.

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| --- | --- | --- | --- |
| ૧લો | कथयांचकार–चकर | कथयांचकृव | कथयांचकृम |
| ૨જો | कथयांचकर्थ | कथयांचक्रथुः | कथयांचक्र |
| ૩જો | कथयांचकार | कथयांचक्रतुः | कथयांचक्रुः |

## આત્મનેપદ

कथयांचक्रे ઇત્યાદિ

અગર अस्નાં પરોક્ષ ભૂતકાળનાં રૂપ લગાડીને.

| | | |
| --- | --- | --- |
| ૩જો પુ. कथयामास | कथयामासतुः | कथयामासुः |

તે જ પ્રમાણે गण्, तड्, चुर् વગેરેનાં રૂપ કરવાં. આમાં મૂળ ધાતુમાં જો ગુણ થતો હોય તો તે ગુણ અહીં લેવો.

| | | | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|---|
| | ૩જો પુ. | गण् | गणयामास | गणयामासतुः | गणयामासुः |
| | | तड् | ताडयामास | ताडयामासतुः | ताडयामासुः |
| | | चुर् | चोरयामास | चोरयामासतुः | चोरयामासुः |

**એકવચન**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧૮ | दय् | ૩જો પુ. | दयांचक्रे | दयामास | दयांबभूव |
| | कास् | ,, | कासांचक्रे | कासामास | कासांबभूव |
| | आस् | ,, | आसांचक्रे | आसामास | आसांबभूव |

૩૧૯ उष्નાં રૂપ વિકલ્પે થાય છે.

| | | | |
|---|---|---|---|
| ૩જો પુ. | उवोष | ऊषतुः | ऊषुः |
| | ओषांचकार | ओषांचक्रतुः | ओषांचक्रुः |

विद् અને जागृ ઉપરના નિયમને અનુસરે છે.

| | | | |
|---|---|---|---|
| विद् | विवेद | विविदतुः | विविदुः |
| | विदामास | विदामासतुः | विदामासुः |
| | विदाञ्चकार | विदांचक्रतुः | विदांचक्रुः |
| | ઇત્યાદિ | | |
| जागृ | जजागार | जजागरतुः | जजागरुः |
| | जागरामास | जागरामासतुः | जागरामासुः |
| | ઇત્યાદિ | | |

૩૨૦ भी, ह्री, भृ અને हु ને आम् વિકલ્પે લાગે છે. आम् લાગે છે ત્યારે તેમને બેવડવા પડે છે.

**भी**

| | | | |
|---|---|---|---|
| ૧ | बिभाय–बिभय | बिभ्यिव | बिभ्यिम |
| | बिभयांचकार–चकर ૪૦ | बिभयांचकृव | बिभयांचकृम |
| ૨ | बिभयिथ–बिभेथ | बिभ्यथुः | बिभ्य |
| | बिभयांचकर्थ | बिभयांचक्रथुः | बिभयांचक्र |
| ૩ | बिभाय | बिभ्यतुः | बिभ्युः |
| | बिभयांचकार | बिभयांचक्रतुः | बिभयांचक्रुः |

ह्री

| | | | |
|---|---|---|---|
| ૩જો પુ. | जिह्राय | जिह्रियतुः | जिह्रियुः |
| | जिह्रयांचकार | जिह्रयांचक्रतुः | जिह्रयांचक्रुः |

भृ

| | | | |
|---|---|---|---|
| | बभार | बभ्रतुः | बभ्रुः |
| | बिभरांचकार | बिभरांचक्रतुः | बिभरांचक्रुः |

( જ્યારે आम् લાગે છે ત્યારે भृનો દ્વિરુક્ત बि થાય છે. )

| | | | |
|---|---|---|---|
| हु | जुहाव | जुहुवतुः | जुहुवुः |
| | जुहवांचकार | जुहवांचक्रतुः | जुहवांचक्रुः |

**आम्** વિકારી પ્રત્યય હોવાથી ધાતુના અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો એ પ્રત્યય પહેલાં ગુણ થાય છે. **विद्**ને આ નિયમ લાગુ પડતો નથી.

૩૨૧ मृ ધાતુ આ૦પદ છે, પણ પરોક્ષ ભૂતકાળમાં તે પરસ્મૈપદના પ્રત્યયો લે છે.

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ममार–ममर | मम्रिव | मम्रिम |
| ૨જો | ममर्थ | मम्रथुः | मम्र |
| ૩જો | ममार | मम्रतुः | मम्रुः |

અહીંઆં પરોક્ષ ભૂતકાળના મુખ્ય મુખ્ય ધાતુઓનાં રૂપો આપ્યાં છે. જે ખાસ અનિયમિત રૂપો છે તેટલાં અહીં આપ્યાં છે; પણ જે ધાતુઓનાં નિયમિત રીતે રૂપો થાય છે, તેમાંનાં કેટલાંક અહીં આપ્યાં નથી; કારણ કે તે સામાન્ય નિયમ પ્રમાણે કરવાનાં છે.

# પ્રકરણ ૯ મું

## ભવિષ્યકાળ

## ( Future Tense )

૩૨૨ સંસ્કૃત ભાષામાં ભવિષ્યકાળના બે પ્રકાર છે: શ્વસ્તન ભવિષ્યકાળ અને સામાન્ય ભવિષ્યકાળ. શ્વસ્તન ભવિષ્યકાળને પહેલો ભવિષ્યકાળ કહે છે, અને સામાન્ય ભવિષ્યકાળને બીજો ભવિષ્યકાળ કહે છે. સામાન્ય ભવિષ્યકાળ સાધારણ રીતે હવે પછી બનનારી ક્રિયાઓ માટે વપરાય છે; શ્વસ્તન ભવિષ્યકાળ ખાસ કરીને જે બનાવો બનવાના છે એવું તે જણાવે છે. તે બનાવો આજના નહિ એમ સૂચવે છે. શ્વસ્તન એટલે આવતી કાલનો અર્થાત્ આજનો નહિ, તે ઉપરથી શ્વસ્તન ભવિષ્યકાળ એવી સંજ્ઞા આપવામાં આવી છે. વ્યાકરણમાં શ્વ૰ ભ૰ને લુટ્ કહે છે; અને બીજાને લૃટ્ કહે છે.

૩૨૩ શ્વસ્તન ભવિષ્યકાળના પ્રત્યયો.

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | तास्मि | तास्वः | तास्मः |
| ૨જો | तासि | तास्थः | तास्थ |
| ૩જો | ता | तारौ | तारः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | ताहे | तास्वहे | तास्महे |
| ૨જો | तासे | तासाथे | ताध्वे |
| ૩જો | ता | तारौ | तारः |

અહીં તૃની સાથે અસ્‌નાં વર્તમાનકાળનાં ૧લા પુ. અને ૨જા પુ.નાં રૂપો જોડવામાં આવ્યાં છે, અને તે રીતે પ્રત્યયો નિર્ણીત કર્યા છે.

૩૨૪ સામાન્ય ભવિષ્યકાળના પ્રત્યયો.

**પરસ્મૈપદ**

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | स्यामि | स्यावः | स्यामः |
| ૨જો | स्यसि | स्यथः | स्यथ |
| ૩જો | स्यति | स्यतः | स्यन्ति |

**આત્મનેપદ**

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | स्ये | स्यावहे | स्यामहे |
| ૨જો | स्यसे | स्येथे | स्यध्वे |
| ૩જો | स्यते | स्येते | स्यन्ते |

૩૨૫ આ પ્રત્યય લગાડતા પહેલાં सेट् ધાતુઓ પહેલાં इ લગાડવી, अनिट् પહેલાં નહિ લગાડવી, અને वेट् પહેલાં વિકલ્પે લગાડવી. ક્યા ધાતુઓ सेट्, अनिट् કે वेट् છે તે માટે પરોક્ષ ભૂતકાળનું પ્રકરણ ૮મું જુઓ. ( પૃષ્ઠ ૨૦૪થી ૨૦૮ )

૩૨૬ શ્વસ્તન ભવિષ્યકાળમાં ધાતુના અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ કરવો પડે છે.

જેમકે नी

**પરસ્મૈપદ**

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नेतास्मि | नेतास्वः | नेतास्मः |
| ૨જો | नेतासि | नेतास्थः | नेतास्थ |
| ૩જો | नेता | नेतारौ | नेतारः |

**આત્મનેપદ**

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | नेताहे | नेतास्वहे | नेतास्महे |
| ૨જો | नेतासे | नेतासाथे | नेताध्वे |
| ૩જો | नेता | नेतारौ | नेतारः |

नी ધાતુ अनिट् છે; કારણ કે તે ऊदृदन्तैःવાળી કારિકામાં આપેલો નથી, માટે તેને इ લાગતી નથી. તેને પ્રત્યયો લગાડતા પહેલાં તેની અન્ત્ય इનો ગુણ થાય છે; અર્થાત્ इને બદલે ए મુકાય છે. આત્મનેપદમાં પણ આ ફેરફાર થાય છે.

૩૨૭ भूને અન્તે દીર્ઘ ऊ છે; ऊવાળા ધાતુની ગણના ऊदृदन्तैः કારિકામાં–सेट् કારિકામાં કરેલી છે, માટે તેને इ લાગશે. આથી પ્રત્યય પહેલાં તેને इ લગાડી છે, અને इ પૂર્વે તેના અન્ત્ય ऊનો ગુણ કર્યો છે.

**भू**

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | भवितास्मि | भवितास्वः | भवितास्मः |
| ૨જો | भवितासि | भवितास्थः | भवितास्थ |
| ૩જો | भविता | भवितारौ | भवितारः |

शी ( આ. ) આ ધાતુ આત્મનેપદનો છે, અને તે सेट् છે; કારણ કે ऊदृदन्तैः કારિકામાં આપેલો છે, માટે તેને इ લાગશે.

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | शयिताहे | शयितास्वहे | शयितास्महे |
| ૨જો | शयितासे | शयितासाथे | शयिताध्वे |
| ૩જો | शयिता | शयितारौ | शयितारः |

૩૨૮ શ્વસ્તન ભવિષ્યકાળમાં इष्, सह्, लुभ्, रुष् અને रिष् ધાતુમાં इ વિકલ્પે લાગે છે.

| | | | |
|---|---|---|---|
| इष् (૧લો પુ૦) | एषितास्मि | एषितास्वः | एषितास्मः |
| ,, | एष्टास्मि | एष्टास्वः | एष्टास्मः |
| सह् (આ.) ,, | सहिताहे | सहितास्वहे | सहितास्महे |
| | सोढाहे | सोढास्वहे | सोढास्महे |

( सह् + ताहे = सढ् + ताहे = सढ् + धाहे + सढ् + ढाहे પછીથી બે ढ् સાથે આવેલા હોવાથી પૂર્વનો ढ् લોપાય છે, અને તેની પહેલાંના સ્વર अनो ओ થાય છે માટે सोढाहे )

| | | | |
|---|---|---|---|
| लुभ् (પ.) | लोभितास्मि | लोभितास्वः | लोभितास्मः |
| | लोब्धास्मि | लोब्धास्वः | लोब्धास्मः |
| रुष् | रोषितास्मि | रोषितास्वः | रोषितास्मः |
| | रोष्टास्मि | रोष्टास्वः | रोष्टास्मः |
| रिष् | रेषितास्मि | रेषितास्वः | रेषितास्मः |
| | रेष्टास्मि | रेष्टास्वः | रेष्टास्मः |

૩૨૯ क्लृप् ધાતુ સાધારણ રીતે આત્મનેપદ છે, પણ તે શ્વસ્તન ભવિષ્યકાળમાં પરસ્મૈપદનાં રૂપ વિકલ્પે લે છે. આ રૂપ કરતી વખતે તેને इ લાગતી નથી. તે वेट् હોવાથી આ૦પ૦ પ્રત્યય વખતે બે રૂપો થશેઃ એક इ સહિત અને બીજું इ વગરનું. ૧લો પુ. (આ.)

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| क्लृप्+इ+ताहे | कल्पिताहे | कल्पितावहे | कल्पितामहे |
| क्लृप् + ताहे | कल्प्ताहे | कल्प्तावहे | कल्प्तामहे |
| (પ૦) क्लृप्+तास्मि | कल्प्तास्मि | कल्प्तास्वः | कल्प्तास्मः |

૩૩૦ ग्रह् ધાતુને જે इ લગાડવામાં આવે છે, તેની ભવિષ્યકાળમાં ई કરવી.

| | | | |
|---|---|---|---|
| ग्रहीतास्मि | ग्रहीतास्वः | ग्रहीतास्मः | ४० |

( ग्रहितास्मि એ ખોટું છે. )

૩૩૧ वृ ધાતુને જે इ લગાડવાની છે, તે વિકલ્પે દીર્ઘ બને છે.

| | | |
|---|---|---|
| वरितास्मि | वरितास्वः | वरितास्मः |
| वरीतास्मि | वरीतास्वः | वरीतास्मः |

वृ ધાતુ સેટ્ છે માટે તેને इ લગાડવી પડે છે; પણ અહીં એમ કહેવામાં આવ્યું છે, કે તે इ દીર્ઘ પણ થાય છે.

૩૩૨ દીર્ઘ ॠવાળા તમામ ધાતુઓને પણ ઉપરનો નિયમ લાગુ પડે છે. દીર્ઘ ॠવાળા એકાક્ષરી ધાતુઓ તમામ સેટ્ છે, એટલે તેમની સાથે इ જોડવી પડે છે; પણ તે इ વિકલ્પે દીર્ઘ થાય છે. જેમકે जॄ

| | | |
|---|---|---|
| जरितास्मि | जरितास्वः | जरितास्मः |
| जरीतास्मि | जरीतास्वः | जरीतास्मः |

## સામાન્ય ભવિષ્યકાળ

૩૩૩ આ કાળમાં પણ પ્રથમ ભવિષ્યકાળની માફક સેટ્ પહેલાં इ લગાડવી, अनिट् પહેલાં इ ન લગાડવી, અને वेट् પહેલાં इ વિકલ્પે લગાડવી. પ્રત્યય પહેલાં અન્ત્ય સ્વર અગર ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે. જેમકે

### भू

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | भविष्यामि | भविष्यावः | भविष्यामः |
| ૨જો | भविष्यसि | भविष्यथः | भविष्यथ |
| ૩જો | भविंष्यति | भविष्यतः | भविष्यन्ति |

### नी

| | | | |
|---|---|---|---|
| ૩જો પુ. | नेष्यति | नेष्यतः | नेष्यन्ति |
| शक् (૫૦) ૩જો પુ. | शक्ष्यति | शक्ष्यतः | शक्ष्यन्ति |

( शक् अनिट् છે માટે इ લાગતી નથી. )

डी (આ.) सेट् છે માટે इ લાગશે, અને इ પહેલાં તેના અન્ત્ય સ્વરનો ગુણ થશે.

| | | | |
|---|---|---|---|
| ૩જો પુ. | डयिष्यते | डयिष्येते | डयिष्यन्ते |

૩૩૪ જે ધાતુને છેડે स् હોય તેનાં સાધારણ ભવિષ્યકાળનાં રૂપ કરતી વખતે स्નો त् કરવો.

( वस अनिट् છે માટે इ લાગશે નહિ. )

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | वत्स्यामि | वत्स्यावः | वत्स्यामः |
| ૨જો | वत्स्यसि | वत्स्यथः | वत्स्यथ |
| ૩જો | वत्स्यति | वत्स्यतः | वत्स्यन्ति |

૩૩૫ गम् અને हन् ધાતુઓ अनिट् હોવા છતાં સાધારણ ભવિષ્ય કાળમાં इ લે છે.

| | | | |
|---|---|---|---|
| ૩જો પુ. | गमिष्यति | गमिष्यतः | गमिष्यन्ति |
| | हनिष्यति | हनिष्यतः | हनिष्यन्ति |

૩૩૬ હ્રસ્વ ऋવાળા ધાતુઓ अनिट् છે, છતાં ઉપરના નિયમ પ્રમાણે સાધારણ ભવિષ્યકાળમાં इ લે છે.

| | | | |
|---|---|---|---|
| कृ ૩જો પુ.(પ.) | करिष्यति | करिष्यतः | करिष्यन्ति |
| (આ.) | करिष्यते | करिष्येते | करिष्यन्ते |
| स्मृ | स्मरिष्यति | स्मरिष्यतः | स्मरिष्यन्ति |
| हृ | हरिष्यति | हरिष्यतः | हरिष्यन्ति |
| | ઇત્યાદિ | | |

૩૩૭ मृ ધાતુ આત્મનેપદ છે, છતાં તેને પરસ્મૈપદના પ્રત્યયો લાગે છે, અને अनिट् હોવા છતાં ઉપરના નિયમ પ્રમાણે इ લાગે છે.

| | | | |
|---|---|---|---|
| मृ | मरिष्यति | मरिष्यतः | मरिष्यन्ति |

૩૩૮ कृत् અને नृत् ધાતુઓ સેટ્ છે. તેમને इ વિકલ્પે લાગે છે.

ત્રીજો પુ. એકવચન

| | | |
|---|---|---|
| कृत् | कर्तिष्यति | कर्त्स्यति |
| नृत् | नर्तिष्यति | नर्त्स्यति |

૩૩૯ क्लृप्, वृत्, वृध्, शृध् અને स्यन्द् આત્મનેપદ છે, છતાં પરસ્મૈપદના પ્રત્યયો લે છે; જ્યારે તેમને પરસ્મૈપદના પ્રત્યયો લાગે છે ત્યારે इ લેતા નથી.

क्लृप् વેટ્ છે આથી इ વિકલ્પે લે છે. જ્યારે તેને इ લાગે ત્યારે इ સહિત આત્મનેપદ અને इ વગરનાં આત્મનેપદનાં રૂપ થશે, અને પરસ્મૈપદ તરીકે इ વગરનું રૂપ થશે.

| | | |
|---|---|---|
| ત્રીજો પુ. એ.વ. | कल्पिष्ये | ( इ સહિત આ૦ પ. ) |
| | कल्प्स्ये | ( इ વગરનું ,, ,, ) |
| | कल्प्स्यामि | ( પરસ્મૈપદ इ નહિ. ) |

वृत्-સેટ્ છે માટે इ લેશે, પણ પરસ્મૈપદમાં इ લાગશે નહિ.

| | | |
|---|---|---|
| | वर्तिष्यते | वर्त्स्यति |
| वृध्-(वृत्‌ની માફક) | वर्धिष्यते | वर्त्स्यति |
| शृध् | शर्धिष्यते | शर्त्स्यति |
| स्यन्द् (વેટ્ છે.) | स्यन्दिष्यते<br>स्यन्त्स्यते | स्यन्त्स्यति |

## ક્રિયાતિપત્ત્યર્થ ( Conditional )

૩૪૦ જ્યારે વાક્યમાં સંકેત અગર શરત મૂકેલી હોય, અને તે શરત પૂર્ણ થએલી ન હોય એ રીતે સાંકેતિક રચના હોય, તેને માટે ક્રિયાતિપત્ત્યર્થનાં રૂપો વપરાય છે. અહીં અતિપત્તિ

એટલે અસિદ્ધિ, નિષ્ફળ થવું એમ અર્થ છે: સંસ્કૃત વ્યાકરણમાં તેને लृङ् કહે છે. 'જો તે આવ્યો હોત તો મેં આ કાર્ય કર્યું હોત,' આ વાક્ય સાંકેતિક છે; કારણ કે તેના બીજા ભાગમાં કાર્યની પૂર્તિ થઈ નથી, તેનો આધાર પ્રથમ ભાગમાં મૂકેલા સંકેત ઉપર છે. 'તેના આવવાના' સંકેતની સાથે કાર્યની પૂર્તિ જોડાયલી છે; પણ તે સંકેત પૂર્ણ થયો નથી, આથી ક્રિયા પણ પૂર્ણ થઈ નથી. આવા પ્રકારની સાંકેતિક વાક્યરચનામાં આ કાળ આવશે.

૩૪૧ ક્રિયાતિપત્ત્યર્થના પ્રત્યયો

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | स्यम् | स्याव | स्याम |
| ૨જો | स्यः | स्यतम् | स्यत |
| ૩જો | स्यत् | स्यताम् | स्यन् |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ |
|---|---|---|---|
| ૧લો | स्ये | स्यावहि | स्यामहि |
| ૨જો | स्यथाः | स्येथाम् | स्यध्वम् |
| ૩જો | स्यत | स्येताम् | स्यन्त |

આ પ્રત્યયો લગાડતા પહેલાં ધાતુઓની પૂર્વે જેમ અનદ્યતન કાળમાં अ મૂકતા હતા તેમ અહીં પણ મૂકવો, અને પછી सेट् પછી इ જોડવી, अनिट्માં તેને નહિ જોડવી, અને वेट्માં તે વિકલ્પે જોડવી.

સામાન્ય રીતે સાધારણ ભવિષ્યકાળના ધાતુમાં જેવા ફેરફાર થાય છે, તેવા જ અહીં થાય છે.

## પરસ્મૈપદ

### भू

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अभविष्यम् | अभविष्याव | अभविष्याम |
| ૨જો | अभविष्यः | अभविष्यतम् | अभविष्यत |
| ૩જો | अभविष्यत् | अभविष्यताम् | अभविष्यन् |

## આત્મનેપદ

### शी

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अशयिष्ये | अशयिष्यावहि | अशयिष्यामहि |
| ૨જો | अशयिष्यथाः | अशयिष्येथाम् | अशयिष्यध्वम् |
| ૩જો | अशयिष्यत | अशयिष्येताम् | अशयिष्यन्त |

| | | | |
|---|---|---|---|
| गम् | ૩જો પુ. એ.વ. | अगमिष्यत् | આ ધાતુઓને इ લાગશે. નિયમ ૩૩૫ અને ૩૩૬ આને લાગે છે. |
| हन् | | अहनिष्यत् | |
| कृ | | अकरिष्यत् | |

| | | | |
|---|---|---|---|
| क्लृप् | (આ.) | अकल्पिष्यत | જુઓ ઉપર નિયમ ૩૩૯ |
| ट्) | | अकल्प्स्यत | |
| | (પ.) | अकल्प्स्यत् | |
| वृत् | (આ.) | अवर्तिष्यत | |
| | (પ.) | अवर्त्स्यत् | |
| वृध् | (આ.) | अवर्धिष्यत | |
| | (પ.) | अवर्त्स्यत् | |

| | | |
|---|---|---|
| शृध् | (આ.) | अशर्धिष्यत |
| | (પ.) | अशर्त्स्यत् |
| स्यन्द् | (આ.) | अस्यन्दिष्यत |
| (वेट्) | | अस्यन्त्स्यत |
| | (પ.) | अस्यन्त्स्यत् |

૩૪૨ इ ધાતુની પહેલાં अधि ઉપસર્ગ આવે, તો इने બદલે ક્રિયાતિપત્ત્યર્થમાં गा મૂકવો, અને પછીથી અન્ત્ય आने સ્થાને ई મુકાય છે.

अधि + इ = अधि + गा = अ નિશાની ધાતુની પૂર્વે મૂકવી. अधि + अ + गा. આ નિયમ પ્રમાણે છેલ્લા आनी ई થાય છે, તેથી अधि + अ + गी = अध्यगी આને પ્રત્યયો લગાડતાં નીચે પ્રમાણે રૂપ થાય છે.

| પુ. | એ.વ. | | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अध्यगीष्ये | अध्यगीष्यावहि | अध्यगीष्यामहि |
| ૨જો | अध्यगीष्यथाः | अध्यगीष्येथाम् | अध्यगीष्यध्वम् |
| ૩જો | अध्यगीष्यत | अध्यगीष्येताम् | अध्यगीष्यन्त |

૩૪૩ કેટલાક અગત્યના ધાતુનાં રૂપો નીચે આપ્યાં છે.

| | | શ્વસ્તનભવિષ્ય | સાધારણ ભવિષ્યકાળ | ક્રિયાતિપત્ત્યર્થ |
|---|---|---|---|---|
| स्तृ | ૧લો પુ. | स्तरितास्मि- | स्तरिष्यामि- | अस्तरिष्यम्- |
| | એ.વ. | स्तरिताहे | स्तरिष्ये | अस्तरिष्ये |
| | | स्तरीतास्मि- | स्तरीष्यामि- | अस्तरीष्यम्- |
| | | स्तरीताहे | स्तरीष्ये | अस्तरीष्ये |
| श्वि | | श्वयितास्मि | श्वयिष्यामि | अश्वयिष्यम् |
| श्रि | | श्रयितास्मि-हे | श्रयिष्यामि-ष्ये | अश्रयिष्यम्-ष्ये |

| | | | |
|---|---|---|---|
| मुच् | मोक्तास्मि | मोक्ष्यामि | अमोक्ष्यम् |
| भ्रस्ज् | भ्रष्टास्मि | भ्रक्ष्यामि | अभ्रक्ष्यम् |
| | भर्ष्टास्मि | भर्क्ष्यामि | अभर्क्ष्यम् |
| सृज् | स्रष्टास्मि | स्रक्ष्यामि | अस्रक्ष्यम् |
| पद् | पत्ताहे | पत्स्ये | अपत्स्ये |
| बन्ध् | बन्द्धास्मि | भन्त्स्यामि | अभन्त्स्यम् |
| मन् | मन्ताहे | मंस्ये | अमंस्ये |
| तृप् | तर्पितास्मि | तर्पिष्यामि | अतर्पिष्यम् |
| | तर्प्तास्मि | तर्प्स्यामि | अतर्प्स्यम् |
| | त्रप्तास्मि | त्रप्स्यामि | अत्रप्स्यम् |

(આ જ પ્રમાણે दृप्, सृप्, मृश्, स्पृश् અને कृश्નાં રૂપ કરવાં.)

| | | | |
|---|---|---|---|
| दृश् (सृज्‌ની માફક) | द्रष्टास्मि | द्रक्ष्यामि | अद्रक्ष्यम् |
| घस् (वस्‌ની માફક) | घस्तामि | घत्स्यामि | अघत्स्यम् |
| दह् | दग्धास्मि | धक्ष्यामि | अधक्ष्यम् |
| नह् | नद्धास्मि | नत्स्यामि | अनत्स्यम् |
| वह् | वोढास्मि | वक्ष्यामि | अवक्ष्यम् |
| अश् (वेट्) | अशिताहे | अशिष्ये | आशिष्ये |
| | अष्टाहे | अक्ष्ये | आक्ष्ये |
| क्लिद् ,, | क्लेदितास्मि | क्लेदिष्यामि | अक्लेदिष्यम् |
| | क्लेत्तास्मि | क्लेत्स्यामि | अक्लेत्स्यम् |
| गाह् ,, | गाहिताहे | गाहिष्ये | अगाहिष्यम् |
| | गाढाहे | घाक्ष्ये | अघाक्ष्यम् |
| गुप् | गोपितास्मि | गोपिष्यामि | अगोपिष्यम् |
| | गोप्तास्मि | गोप्स्यामि | अगोप्स्यम् |
| | गोपायितास्मि | गोपायिष्यामि | अगोपायिष्यम् |
| गुह् | गूहितास्मि | गूहिष्यामि | अगूहिष्यम् |
| | गोढास्मि | घोक्ष्यामि | अघोक्ष्यम् |

| | | | |
|---|---|---|---|
| धू | धवितास्मि | धविष्यामि | अधविष्यम् |
| | धोतास्मि | धोष्यामि | अधोष्यम् |
| तृह् | तर्हितास्मि | तर्हिष्यामि | अतर्हिष्यम् |
| | तर्ढास्मि | तर्क्ष्यामि | अतर्क्ष्यम् |
| मुह् | मोहितास्मि | मोहिष्यामि | अमोहिष्यम् |
| | मोढामि | मोक्ष्यामि | अमोक्ष्यम् |
| रध् | रधितास्मि | रधिष्यामि | अरधिष्यम् |
| | रद्धास्मि | रत्स्यामि | अरत्स्यम् |
| स्निह् | स्नेहितास्मि | स्नेहिष्यामि | अस्नेहिष्यम् |
| | स्नेढास्मि | स्नेक्ष्यामि | अस्नेक्ष्यम् |
| | स्नेग्धास्मि | | |
| मृज् | मार्जितास्मि | मार्जिष्यामि | अमार्जिष्यम् |
| | मार्ष्टास्मि | मार्क्ष्यामि | अमार्क्ष्यम् |
| धूप् | धूपितास्मि | धूपिष्यामि | अधूपिष्यम् |
| | धूपायितास्मि | धूपायिष्यामि | अधूपायिष्यम् |
| दरिद्रा | दरिद्रितास्मि | दरिद्रिष्यामि | अदरिद्रिष्यम् |

# પ્રકરણ ૧૦ મું

## અદ્યતન ભૂતકાળ ( Aorist )

### लुङ्

૩૪૪ કોઈ પણ ભૂતમાં બનેલી ક્રિયા વિષે આપણે કહેવું હોય, અગર હમણાંના કાર્યને કહી બતલાવવું હોય, અથવા તો કોઈ પણ બીજા કાળનો સંબંધ બતાવ્યા સિવાય ક્રિયા દર્શાવવી હોય, તો અદ્યતન ભૂતકાળનો પ્રયોગ કરવામાં આવે છે. જેમકે યજ્ઞ-સ્થંભને માટે અમે પલાશની શાખાને કાપી નાખી છે, અગર કલિંગના રાજાએ પાટલીપુત્રને ઘેર્યું છે વગેરે દાખલાઓમાં અદ્યતન ભૂતકાળ જ આવે.

૩૪૫ આ ભૂતકાળના ૭ પ્રકાર છે, અને કયા પ્રકારમાં કયા ધાતુઓ આવે છે, તથા તેના પ્રત્યયો કયા હોય છે તે વૈયાકરણીઓએ નક્કી કરેલું છે. આ કાળના ધાતુની પૂર્વે અનદ્યતન કાળની માફક વ્યંજન પહેલાં अ અને સ્વર પહેલાં आ નિશાની મૂકવાની હોય છે.

૩૪૬ જ્યારે નકારનો અર્થ લાવવો હોય ત્યારે માની સાથે અદ્યતન ભૂતકાળ વપરાય છે, પણ તે સમયે તેનો અર્થ **આજ્ઞાર્થ** જેવો થાય છે. ખાસ કરીને મા, બી. પુ.ના રૂપ સાથે આવે છે. માની સાથે જો અદ્યતન ભૂતકાળનું રૂપ આવ્યું હોય, તો તે રૂપની શરૂઆતમાં ધાતુની પૂર્વે જે अ લગાડવામાં આવે છે તે ઊડી જાય છે.

## પ્રથમ પ્રકાર

૩૪૭ આ પ્રકારમાં ફક્ત પરસ્મૈપદ જ છે, આત્મનેપદ નથી. પરસ્મૈ-પદના પ્રત્યયો તે અનદ્યતનના જ લેવાના હોય છે: ફક્ત ત્રી. પુ. બહુવચનમાં अन्‌ને બદલે उस् લેવો. આ उस् પહેલાં ધાતુનો અન્ત્ય आ ઊડી જાય છે: ફક્ત भू ધાતુમાં अन् પ્રત્યય લાગે છે.

પ્રત્યયો

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अम् | व | म |
| ૨જો | स् | तम् | त |
| ૩જો | त् | ताम् | उस् |

૩૪૮ નીચેના ધાતુઓ આ પ્રકારના છે: (૧) पा (પીવું), स्था, दा, धा, તથા दो, दै જે दा થઈ જાય છે તેમજ જે धा થાય છે તે ધાતુઓ. (૨) इ જવું–પણ આ इનો गा વપરાય ત્યારે. (૩) भू આ ધાતુની પછી સ્વરથી શરૂ થતા પ્રત્યયો પૂર્વે व ઉમેરવો. (૪) घ्रा, धे, शो, सो, અને छो વિકલ્પે હોય છે.

૩૪૯ **पा**નાં રૂપ નીચે પ્રમાણે આપ્યાં છે.

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अपाम् | अपाव | अपाम |
| ૨જો | अपाः | अपातम् | अपात |
| ૩જો | अपात् | अपाताम् | अपुः |

તે જ પ્રમાણે **स्था**, **दा** વગેરેનાં રૂપ કરવાં.

| | | | | |
|---|---|---|---|---|
| ૩જો પુ. | **स्था** | अस्थात् | अस्थाताम् | अस्थुः |
| ,, | दा | अदात् | अदाताम् | अदुः |
| ,, | धा | अधात् | आधाताम् | अधुः |
| ,, | **दो** | अदात् | अदाताम् | अदुः |

૩૫૦ इ 'જવું' ને બદલે गा લેવું. અને પછી તેને પ્રત્યય લગાડવા. अधि + इ આત્મનેપદ છતાં અનદ્યતન ભૂતકાળના પ્રથમ પ્રકારમાં પરસ્મૈપદના પ્રત્યયો લે છે.

| પુ. | એ.વ. | દ્વિ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अगाम् | अगाव | अगाम |
| ૨જો | अगाः | अगातम् | अगात |
| ૩જો | अगात् | अगाताम् | अगुः |

अधि + इ = अधि + गा

૩જો પુ. अध्यगात्  अध्यगाताम्  अध्यगुः

૩૫૧ ભૂનાં રૂપ કરતી વખતે ત્રીજા પુરુષ એ.વ.માં अन् પ્રત્યય લેવો, અને સ્વરથી શરૂ થતા પ્રત્યય પહેલાં વચ્ચે व् ઉમેરવો.

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अभूवम् | अभूव | अभूम |
| ૨જો | अभूः | अभूतम् | अभूत |
| ૩જો | अभूत् | अभूताम् | अभूवन् |

૩૫૨ घ्रा, धे, शो, सो, અને छो વિકલ્પે આ પ્રકારમાં છે. આમાંથી धे ત્રીજા પ્રકાર પ્રમાણે, અને બાકીના છઠ્ઠા પ્રકાર પ્રમાણે વધારાનાં રૂપો લે છે.

| | | | |
|---|---|---|---|
| घ्रा | ત્રી. પુ. એ.વ. | अघ्रात् | ( બીજું રૂપ છઠ્ઠા પ્રકાર પ્રમાણે ) |
| धे | ,, | अधात् | ( ,, ત્રીજા ,, ) |
| शो | ,, | अशात् | ( ,, છઠ્ઠા ,, ) |
| सो | ,, | असात् | ( ,, ,, ,, ) |
| छो | ,, | अछात् | ( ,, ,, ,, ) |

૩૫૩ ઉપર આપેલા ધાતુઓમાં दा, धा, અને स्था ચોથા પ્રકારમાં આત્મનેપદમાં પણ આવે છે. भू આત્મનેપદમાં પાંચમા પ્રકારમાં આવે છે, અને अधि + इ આત્મનેપદ ચોથા પ્રકારમાં આવે છે.

## બીજો પ્રકાર

૩૫૪ આમાં **પરસ્મૈપદ** તથા **આત્મનેપદ** ઉભય છે, અને પ્રત્યયો અનદ્યતન કાળના જ લેવાય છે. પરસ્મૈપદના ત્રી. પુ. બ.વ.માં उस् નહિ પણ अन् લેવો, તથા ધાતુઓમાં પહેલાં अ અગર अन् ઉમેરવો, અને अम् તથા अन् પહેલાં તેનો લોપ કરવો, તથા म અને व પહેલાં તેને લંબાવવો. આત્મનેપદમાં પણ अन्त પ્રત્યય પહેલાં अનો લોપ કરવો, અને वहि તથા महि

પહેલાં તેને લંબાવવો. આના ઘણાખરા ધાતુઓ પરસ્મૈપદ છે, અમુક જ ધાતુઓ આત્મનેપદમાં છે.

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अम् | व | म |
| ૨જો | स् | तम् | त |
| ૩જો | त् | ताम् | अन् |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | इ | वहि | महि |
| ૨જો | थास् | इथाम् | ध्वम् |
| ૩જો | त | इताम् | अन्त |

૩૫૫ આ પ્રકારના મુખ્ય ધાતુઓ નીચે આપ્યા છે.

लिप्, सिच्, ह्वे, अस्, आप्, कुध्, क्लम्, क्षम्, ख्या, गम्, गृध्, घस्, तम्, तुष्, तृष्, दम्, दुष्, दुह्, नश्, पत्, पिष्, पुष्, भ्रम्, मद्, मुच्, मुह्, लुप्, लुभ्, वच्, शक्, शद्, शम्, शास्, शिष्, शुध्, श्रम्, श्लिष्, सद्, सिध्, सृप्, स्निह्, स्विद्, हृष्

આ ફરજીઆત ધાતુઓ છે.

૩૫૬ તેનાં રૂપ કેમ કરવાં તેનાં ઉદાહરણ નીચે આપીશું.

लिप् (૫.)

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अलिपम् | अलिपाव | अलिपाम |
| ૨જો | अलिपः | अलिपतम् | अलिपत |
| ૩જો | अलिपत् | अलिपताम् | अलिपन् |

## આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अलिपे | अलिपावहि | अलिपामहि |
| ૨જો | अलिपथाः | अलिपेथाम् | अलिपध्वम् |
| ૩જો | अलिपत | अलिपेताम् | अलिपन्त |

૩૫૭ ઉપરના ધાતુઓમાં सम् + ऋ, स्था, वच् અને परि + अस् (ફેંકવું) સિવાયના ધાતુઓ પરસ્મૈપદ છે. लिप्, सिच् અને ह्वे પરસ્મૈપદ હોય ત્યારે બીજા પ્રકારમાં ગણાય છે, અને જો તે આત્મનેપદ હોય તો ચોથા પ્રકારમાં હોય છે.

૩૫૮ अस, ख्या, पत्, वच्, शास्, श्वि, અને ह्वे ધાતુઓને બદલે स्थ्, ख्य्, पप्त्, वोच्, शिष्, श्व् અને ह्व् રૂપો અનુક્રમે લેવાં.

૩જો પુ. એ.વ.

| | | | |
|---|---|---|---|
| अस् | आस्थत् | ख्या | आख्यत् |
| पत् | अपप्तत् | ऋ | आरत् |
| | | सम+ऋ (આ.) | समारत |

वच् (પ.) अवोचत्

(આ.) अवोचत

शास् अशिसत्

श्वि अश्वत्

श्वि ધાતુ ત્રીજા તથા પાંચમા પ્રકારમાં પણ છે.

ह्वे (પ.) अह्वत्

(આ.) अह्वत

૩૫૯ ધાતુમાં જો ઉપાન્ત્ય અનુનાસિક હોય, તો તેનો લોપ થાય છે.

भ्रंश् अभ्रशत्

स्कन्द् अस्कदत्

૩૬૦ નીચેના ધાતુઓ વિકલ્પે બીજો પ્રકાર લે છે. તેઓ अनिट् કે सेट હોય તે પ્રમાણે ચોથો પ્રકાર અગર પાંચમો પ્રકાર લે છે.

| | ૩જો પુ. એ.વ. વિકલ્પનું રૂપ | | |
|---|---|---|---|
| श्वि | अश्वत् | अशिश्वियत् | अश्वयीत् |
| जॄ | अजरत् | अजारीत् | |
| रिच् | अरिचत् | अरैक्षीत् | अरिक्त |
| विच् | अविचत् | अवैक्षीत् | अविक्त |
| शुच् | अशुचत् | अशोचीत् | अशोचिष्ट |
| निज् | अनिजत् | अनैक्षित् | अनिक्त |
| युज् | अयुजत् | अयौक्षीत् | अयुक्त |
| विज् | अविजत् | अवैक्षीत् | अविक्त |
| स्फुट् | अस्फुटत् | अस्फोटीत् | |
| क्षुद् | अक्षुदत् | अक्षौत्सीत् | अक्षुत |
| तृद् | अतृदत् | अतर्दीत् | अतर्दिष्ट |
| भिद् | अभिदत् | अभैत्सीत् | अभित्त |
| रुद् | अरुदत् | अरोदित् | |
| छिद् | अच्छिदत् | अच्छैत्सीत् | अच्छित्त |
| स्कन्द् | अस्कदत् | अस्कान्त्सीत् | |
| बुध् | अबुधत् | अबोधीत् | अबोधिष्ट |
| रुध् | अरुधत् | अरौत्सीत् | अरुद्ध |
| तृप् | अतृपत् | अतार्प्सीत् | अतर्पीत्-अत्राप्सीत् |
| दृप् | अदृपत् | अदार्प्सीत् | अद्राप्सीत्–अदर्पीत् |
| स्तम्भ् | अस्तभत् | अस्तम्भीत् | |
| दुह् | अदुहत् | अदोहीत् | |

ઇત્યાદિ

૩૬૧ નીચે આપેલા ધાતુઓ આત્મનેપદ છે, તોપણ આ પ્રકારમાં પરસ્મૈપદના પ્રત્યયો લે છે. આ ધાતુઓ વિકલ્પે ચોથા પ્રકારના અગર પાંચમા પ્રકારના પ્રત્યયો લે છે. अनिट् હોય ત્યારે ચોથા અને सेट् હોય ત્યારે પાંચમાના લે છે. આ રીતે જ્યારે વિકલ્પના ચોથા પ્રકાર અગર પાંચમા પ્રકારના પ્રત્યયો લે. ત્યારે તેને આત્મનેપદના પ્રત્યયો લાગે છે.

| | બીજા પ્રકારનું રૂપ | વિકલ્પનાં રૂપ |
|---|---|---|
| रुच् | अरुचत् | अरोचिष्ट |
| घुट् | अघुटत् | अघोटिष्ट |
| रुट् | अरुटत् | अरोटिष्ट |
| लुठ् | अलुठत् | अलोटिष्ट |
| लुट् | अलुटत् | अलोठिष्ट |
| द्युत् | अद्युतत् | अद्योतिष्ट |
| वृत् | अवृतत् | अवर्तिष्ट |
| श्वित् | अश्वितत् | अश्वेतिष्ट |
| क्ष्विद् | अक्ष्विदत् | अक्ष्वेदिष्ट |
| स्यन्द् | अस्यदत् | अस्यन्दिष्ट |
| | | अस्यंत्त |
| स्विद् | अस्विदत् | अस्वेदिष्ट |
| वृध् | अवृधत् | अवर्धिष्ट |
| शृध् | अशृधत् | अशर्धिष्ट |
| क्लृप् | अक्लृपत् | अकल्पिष्ट |
| | | अक्लृप्त |
| क्षुभ् | अक्षुभत् | अक्षोभिष्ट |
| शुभ् | अशुभत् | अशोभिष्ट |
| भ्रंश् | अभ्रंशत् | अभ्रंशिष्ट |

| | | |
|---|---|---|
| भ्रश् | अभ्रशत् | अभ्रशिष्ट |
| भ्रंश् | अभ्रशत् | अभ्रंशिष्ट |
| ध्वंस् | अध्वसत् | अध्वंसिष्ट |
| भ्रस् | अभ्रसत् | अभ्रंसिष्ट |
| स्रंस् | अस्रसत् | अस्रंसिष्ट |

## છટ્ઠો પ્રકાર

આ પ્રકારના ધાતુઓ **પરસ્મૈપદમાં** છે.

૩૬૨ છઠ્ઠા પ્રકારના પ્રત્યયો.

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सिषम् | सिष्व | सिष्म |
| ૨જો | सीः | सिष्टम् | सिष्ट |
| ૩જો | सीत् | सिष्टाम् | सिषुः |

૩૬૩ નીચેના ધાતુઓ આ પ્રકારના છે.

(क) आ જેને અન્તે છે એવા ધાતુઓ, અને જે સ્વરો आना રૂપમાં પલટાય છે તે.

(ख) यम्, रम् (પ.) અને नम्

૩૬૪ પહેલા, બીજા અને ત્રીજા પ્રકારમાં જે ધાતુઓને છેડે आ છે, તે ધાતુઓને ઉપરના પ્રત્યયો લાગતા નથી.

### नम्

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अनंसिषम् | अनंसिष्व | अनंसिष्म |
| ૨જો | अनंसीः | अनंसिष्टम् | अनंसिष्ट |
| ૩જો | अनंसीत् | अनंसिष्टाम् | अनंसिषुः |

| | |
|---|---|
| यम् | अयंसीत् |
| शो | अशासीत् |
| छो | अच्छासीत् |
| आरम्(૫૦) | आरंसीत् |

## સાતમો પ્રકાર

## ( પરસ્મૈપદ અને આત્મનેપદ )

૩૬૫ પ્રત્યયો

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सम् | साव | साम |
| ૨જો | सः | सतम् | सत |
| ૩જો | सत् | सताम् | सन् |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सि | सावहि | सामहि |
| ૨જો | सथाः | साथाम् | सध्वम् |
| ૩જો | सत | साताम् | सन्त |

૩૬૬ श्, ष्, स् અને ह् જેને છેડે હોય એવા, તથા જેના ઉપાન્ત્ય સ્વરો इ, उ, ऋ અથવા ऌ હોય તેવા अनिट् ધાતુઓ આ પ્રકારમાં આવે છે. दृश् આમાં અપવાદ તરીકે છે, તેથી તે ચોથા પ્રકારમાં આવે છે.

૩૬૭ कृष्, मृश् અને स्पृश् વિકલ્પે આ પ્રકારના છે.

૩૬૮ दुह्, दिह्, लिह् અને गुह् જ્યારે આ૦ હોય ત્યારે ૧લા પુ. દ્વિવચન, ૨જા પુ. અને ૩જા પુ. એ.વ. અને ૨જા પુ. બહુવચનમાં પ્રત્યયના શરૂઆતનો स અથવા सा વિકલ્પે લોપાય છે.

૩૬૯ दिश्

## પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अदिक्षम् | अदिक्षाव | अदिक्षाम |
| ૨જો | अदिक्षः | अदिक्षतम् | अदिक्षत |
| ૩જો | अदिक्षत् | अदिक्षताम् | अदिक्षन् |

## આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अदिक्षि | अदिक्षावहि | अदिक्षामहि |
| ૨જો | अदिक्षथाः | अदिक्षाथाम् | अदिक्षध्वम् |
| ૩જો | अदिक्षत | अदिक्षाताम् | अदिक्षन्त |

दिह् ૩જો પુ. એ.વ. अधिक्षत् (પ.) अधिक्षत–अदिग्ध (આ.)
दुह् अधुक्षत् (પ.) अधुक्षत –अदुग्ध (આ.)
लिह् अलिक्षत् (પ.) अलिक्षत–अलीढ (આ.)
गुह् अघुक्षत् (પ.) अघुक्षत–अगूढ (આ.)
विश् अविक्षत् (પ.)

તે જ પ્રમાણે रिश्, रुश्, लिश्નાં રૂપો કરવાં.

क्रुश् अक्रुक्षत्
रुह् अरुक्षत्
श्लिष् अश्लिक्षत्
मिह् अमिक्षत्
क्लिश् अक्लिक्षत्–अक्लेशिषत्

( આ પ્રકારના વેટ્ ધાતુઓ વિકલ્પે પાંચમા પ્રકારનાં રૂપો લે છે. )

| | | |
|---|---|---|
| गृह् | अघृक्षत | अगर्हिषत |
| मृश् | अमृक्षत् | अमार्क्षत्-अम्राक्षत् |
| स्पृश् | अस्पृक्षत् | अस्पार्क्षत्-अस्प्राक्षत् |

## ત્રીજો પ્રકાર

૩૭૦ આ પ્રકારના ધાતુઓને પ્રકાર બીજાના પ્રત્યયો લાગે છે.

૩૭૧ નીચેના ધાતુઓ આ પ્રકારમાં હોય છે.

દશમા ગણુના ધાતુઓ, પ્રેરક ભેદ, તથા સાધિત ધાતુઓ, **कम्**, श्रि, द्रु, स्रु આટલા ધાતુઓ અવશ્ય આ પ્રકારના છે. धे અને श्वि ધાતુઓ વિકલ્પે આ પ્રકારનાં રૂપો લે છે.

૩૭૨ આ પ્રકારમાં ધાતુઓના આદિ વર્ણને પ્રથમ બેવડવામાં આવે છે, તે પછી તેને अ લગાડવામાં આવે છે, અને બીજા પ્રકારના પ્રત્યયો જોડવામાં આવે છે. अ પહેલાં અન્તિમ इ તથા उ બદલાઈ જાય છે, અને તેમનાં इय् અને उव् રૂપ થાય છે, અને અન્તિમ आનો લોપ થાય છે.

द्रु (પ.)

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अदुद्रुवम् | अदुद्रुवाव | अदुद्रुवाम |
| ૨જો | अदुद्रुवः | अदुद्रुवतम् | अदुद्रुवत |
| ૩જો | अदुद्रुवत् | अदुद्रुवताम् | अदुद्रुवन् |

श्रि (આ.)

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अशिश्रिये | अशिश्रियावहि | अशिश्रियामहि |
| ૨જો | अशिश्रियथाः | अशिश्रियेथाम् | अशिश्रियध्वम् |
| ૩જો | अशिश्रियत | अशिश्रियेताम् | अशिश्रियन्त |

कम् ૩જો પુ. એ.વ. अचकमत् (अचीकमत् પણ થાય છે.)

श्वि अशिश्वियत्

धे अदधत् ( જુઓ પ્રકાર બીજો )

૩૭૩ દશમા ગણના ધાતુઓ અને પ્રેરક ભેદ માટે નિયમ—

अय्નો લોપ થાય છે, પણ સ્વરના ફેરફારો તથા બીજા ધાતુમાં થએલા ફેરફારો કાયમ રહે છે. ઉપાન્ત્ય સ્વરને હ્રસ્વ કરવા પડે છે. ધાતુઓને સામાન્ય નિયમ પ્રમાણે બેવડવા જોઈએ. इ બેવડતી વખતે દ્વિરુક્ત અક્ષરમાં अ હોય, તો તેને સ્થાને इ મૂકવો જોઈએ. જો તેની પછી હ્રસ્વ સ્વર હોય, તો તેને સ્થાને इ મૂકવો જોઈએ. જો તેની પછી હ્રસ્વ સ્વર હોય અને તેની પછી સંયુક્ત વ્યંજન ન આવ્યો હોય, તો દ્વિરુક્તનો इ લંબાય છે. ઉપાન્ત્ય હ્રસ્વ અગર દીર્ઘ ॠવાળા ધાતુઓનો સ્વર વિકલ્પે કાયમ રહે છે. તેના દીર્ઘ ॠનો હ્રસ્વ સ્વર થાય છે.

वृत्નું પ્રેરક ભેદનું રૂપ वर्तय्-अय्નો લોપ થતાં અને આ નિયમ પ્રમાણે वृत् થાય છે, તેને બેવડતાં ववृत्

विवृत् અને છેવટે वीवृत् પછી

તેજ પ્રમાણે कृत् कीर्तय्-कीर्त् અને कृत् પછી चिकीर्त् અને

कृतनुं चीकृत्

આ પ્રમાણે ફેરફાર થયા પછી તેને પ્રથમ अ જોડવામાં આવે છે, અને બીજા પ્રકારની માફક પ્રત્યયો ઉમેરવામાં આવે છે.

भू अबीभवत्

वृत् अववर्तत्—अवीवृतत्

पृथ् अपपर्थत्—अपीपृथत्

૩૭૪ જો ધાતુની શરૂઆતમાં સ્વર હોય અને તેને અન્તે અસંયુક્ત વ્યંજન હોય, તો બેવડતી વખતે તે વ્યંજન બેવડવો પડે છે.

अट्-अटट्-अटिट्-आटिटत् ૩જો પુ. જો તેને અન્તે અનુનાસિક-વાળો સંયુક્ત વ્યંજન હોય, અને द् અથવા र् તેનો પ્રથમ અવયવ હોય, તો સંયુક્ત વ્યંજનનો બીજો અક્ષર બેવડાય છે. જેમકે उन्द्-उन्दद्-उन्दिद् અને છેવટે औन्दिदत्-त अर्ह्-आर्जिहत् તેજ પ્રમાણે अर्ज्-अर्जिजत.

૩૭૫ अङ्क्, अंस्, अर्थ् (આ.) વગેરે ધાતુઓમાં પછીનો વ્યંજન બેવડાય છે, અને इ મુકાતી નથી.

| | |
|---|---|
| अङ्क् | आञ्चकत् |
| अंस् | आंससत् |
| अर्थ् | आर्तथत् |

૩૭૬ હ્રસ્વ અગર દીર્ઘ उવાળા ધાતુઓના દ્વિરુક્તમાં इને બદલે उ મૂકવામાં આવે છે, પણ જો તેની પછી ઓષ્ઠસ્થાનીય વ્યંજન, અન્તઃસ્થ અગર ज्, अ અથવા आવાળો આવે નહિ તો જ.

नु – अनूनवत् – त

क्नू – अचूकवत् પણ पू – अपीपवत्-त

भू – अबीभवत्-त, लू – अलीलवत्

૩૭૭ स्रु, श्रु, द्रु, प्रु, प्लु અને च्यु ધાતુઓ વિકલ્પે इ લે છે.

| | | |
|---|---|---|
| स्रु | असिस्रवत् – | असुस्रवत् |
| श्रु | अशिश्रवत् – | अशुश्रवत् |
| द्रु | अदिद्रवत् – | अदुद्रवत् |
| प्रु | अपिप्रवत् – | अपुप्रवत् |
| प्लु | अपिप्लवत् – | अपुप्लवत् |
| च्यु | अचिच्यवत् – | अचुच्यवत् |

૩૭૮ ह्वे અને स्वप्‌ને સંપ્રસારણનો નિયમ લાગે છે. श्वि વિકલ્પે સંપ્રસારણ લે છે.

| | |
|---|---|
| स्वप् | असूषुपत् |
| श्वि | अशूशवत् – अशिश्वयत् |

૩૭૯ शास्, काश्, क्रीड्, खेल्, नाथ्, बाध्, याच्, राध्, राज्, लोच्, वेप्, श्लाघ्, सेव्, सेक् વગેરે; તેમના ઉપાન્ત્યને હ્રસ્વ બનાવતા નથી.

| | | |
|---|---|---|
| જેમકે | शास् | अशशासत् |
| | क्रीड | अचिक्रीडत् |
| | खेल् | अचिखेलत् |

૩૮૦ भ्राज्, भास्, भाष्, दीप्, जीव्, पीड्, कण्, भण्, ह्वे અને लुट् વગેરે ધાતુઓ તેમના ઉપાન્ત્યને વિકલ્પે હ્રસ્વ બનાવે છે.

| | | | |
|---|---|---|---|
| भ्राज् | अबिभ्रजत् | – | अबभ्राजत् |
| भास् | अबीभसत् | – | अबभासत् |
| भाष् | अबीभषत् | – | अबभाषत् |
| दीप् | अदीदिपत् | – | अदिदीपत् |
| जीव् | अजीजिवत् | – | अजिजीवत् |
| पीड् | अपीपिडत् | – | अपिपीडत् |
| कण् | अचीकणत् | – | अचकाणत् |
| ह्वे | अजूहवत् | – | अजुहावत् |

૩૮૧ स्मृ, दृ, त्वर्, स्तृ, स्पश्, प्रथ् અને म्रद् ધાતુઓના દ્વિરુક્તના अनी इ થતી નથી. वेष्ट् અને चेष्ट्‌ના इનો अ વિકલ્પે થાય છે.

| | | | |
|---|---|---|---|
| स्मृ | असस्मरत् | वेष्ट् | अविवेष्टत्–अववेष्टत् |
| दृ | अददरत् | चेष्ट् | अचिचेष्टत्–अचचेष्टत् |

| | | | |
|---|---|---|---|
| त्वर् | अतत्वरत् | स्पश् | अपस्पशत् |
| प्रथ् | अपप्रथत् | स्तृ | अतस्तरत् |

૩૮૨ कथ्, वर्, शठ्, रह्, स्पृह्, सूच्, मृग्, ध्वन् અને पार् ધાતુ-ઓમાં ઉપાન્ત્યનો ફેરફાર થતો નથી, એટલે अને બદલે इ મૂકવી પડતી નથી, અને અભ્યસિત વ્યંજનના સ્વરને લંબાવવો પડતો નથી.

| | |
|---|---|
| कथ् | अचकथत् |
| वर् | अववरत् |
| शठ् | अशशठत् |
| स्पृह् | अपस्पृहत् |
| सूच् | असुसूचत् |

## ચોથો પ્રકાર

૩૮૩ પ્રત્યયો

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सम् | स्व | स्म |
| ૨જો | सीः | स्तम् | स्त |
| ૩જો | सीत् | स्ताम् | सुः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિવ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सि | स्वहि | स्महि |
| ૨જો | स्थाः | साथाम् | ध्वम् |
| ૩જો | स्त | साताम् | सत |

૩૮૪ પાછલા પ્રકારોમાં જે अनिट् ધાતુઓ જણાવેલા છે, તે સિવાયના अनिट् ધાતુઓ આ ચોથા પ્રકારમાં હોય છે. જે अनिट् ધાતુઓ વિકલ્પે પાછલા પ્રકારમાં ગણાવેલા છે તે, અને वेट् ધાતુઓ વિકલ્પે આ પ્રકારમાં હોય છે. આમાં નીચેના ધાતુઓના અપવાદ છે.

स्तु અને सु ધાતુઓ પરસ્મૈપદ હોય, તો પાંચમા પ્રકારમાં આવે છે. જે ધાતુઓને છેડે ऋ હોય અને તેમની પૂર્વે સંયુક્ત વ્યંજન આવેલો હોય, તેમના આત્મનેપદમાં ચોથો અગર પાંચમો પ્રકાર બને છે. अञ्ज् અને धू ( प ) ધાતુઓ પાંચમા પ્રકારમાં જ હોય છે. धू (આ.) ચોથા અગર પાંચમામાં હોય છે. सेट् ધાતુઓમાં वृ અને ॠ જેને અન્તે છે તેવા ધાતુઓ જ્યારે આ૦ પદ હોય, ત્યારે ચોથા અગર પાંચમા પ્રકારમાં હોય છે. स्तु અને क्रम् આ૦પદ હોય, ત્યારે ચોથા પ્રકારમાં છે.

૩૮૫ પ૦પદમાં ધાતુના સ્વરની વૃદ્ધિ થાય છે.

જેમકે क्रु – अकार्षीत्

नी – अनैषीत्

આત્મનેપદમાં અન્ત્ય इ અથવા उ હ્રસ્વ અગર દીર્ઘને બદલે ગુણ થાય છે. અન્તિમ ऋ અને ઉપાન્ત્ય સ્વરમાં બીલકુલ ફેરફાર થતા નથી. અન્તિમ ॠનો ईर् અથવા उर् થાય છે.

| | | | |
|---|---|---|---|
| चि | अचेष्ट | स्तॄ | अस्तीर्ष्ट |
| सू | असोष्ट | वॄ | अवूर्ष्ट |
| भिद् | अभित्त | | |

૩૮૬ अनिट् ધાતુઓનો ઉપાન્ત્ય ऋ વિકલ્પે र् થાય છે.
कृष् – अकार्क्षीत् – अक्राक्षीत्

૩૮૭ હ્રસ્વ સ્વર અને અનુનાસિક વ્યંજનો, અને र् પછી, स्त અને स्थમાં આવેલો स ઊડી જાય છે.

हृ ૩જો પુ. (આ.) अहृत

कृ (આ.) अकृत વગેરે

૩૮૮ અહીંઆં कृનાં રૂપો નીચે પ્રમાણે છે.

પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अकार्षम् | अकार्ष्व | अकार्ष्म |
| ૨જો | अकार्षीः | अकार्ष्टम् | अकार्ष्ट |
| ૩જો | अकार्षीत् | अकार्ष्टाम् | अकार्षुः |

આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | अकृषि | अकृष्वहि | अकृष्महि |
| ૨જો | अकृथाः | अकृषाथाम् | अकृध्वम् |
| ૩જો | अकृत | अकृषाताम् | अकृषत |

તે જ પ્રમાણે બીજા ધાતુઓનાં રૂપ કરવાં.

૩જો પુ. એ.વ.

पच् (પ.) अपाक्षैत् (આ.) अपक्त

क्षिप् अक्षैप्सत् (આ.) अक्षिप्त

धू अधोष्ट

वृ अवूर्ष्ट

स्तृ अस्तीर्ष्ट

मृज् अमार्क्षीत्

स्पृश् अस्पार्क्षीत्

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| | अस्प्राक्षीत् | | |
| वस् | अवात्सीत | अवात्ताम् | अवात्सुः |
| वह् (પ.) | अवाक्षीत | अवोढाम् | अवाक्षुः |
| (આ.) | अवोढ | अवाक्षाताम् | अवाक्षत |
| गाह् | अगाढ | अघाक्षाताम् | अघाक्षत |
| क्षम् (આ.) | अक्षंस्त | अक्षंसाताम् | अक्षंसत |

૩૮૯ गम् અને उप+यम् 'પરણવું' ના અનુનાસિક જ્યારે આત્મનેપદના પ્રત્યયો લાગે ત્યારે વિકલ્પે લોપાય છે. यम्‌નો અર્થ 'આપવું' થાય છે, ત્યારે અવશ્ય કરીને તેના અનુનાસિકનો લોપ થાય છે.

सम्+गम्=संगम् આ.પ. છે, માટે તેનો ૩જો પુ. એ.વ. समगंस्त અને समगत રૂપ થશે. उप+यम्=उपयंस्त–उपयत

૩૯૦ આત્મનેપદના પ્રત્યય પહેલાં हन्‌નો અનુનાસિક ઊડી જાય છે. આ. હોય છે ત્યારે તેનો ચોથો પ્રકાર વિકલ્પે થાય છે, પણ પ. તથા આ. પદમાં પાંચમા પ્રકારનો હોય છે, તે વખતે તેને બદલે वध् લેવામાં આવે છે. જુઓ પ્રકાર પાંચમો, આંક ૩૯૫

| | | | |
|---|---|---|---|
| आ+हन् (આ.) | आहत | आहसाताम् | आहसत |

૩૯૧ दा, धा, અને दा તથા धाના રૂપવાળા ધાતુઓ, તથા स्थाના અન્તિમ સ્વરને બદલે આત્મનેપદમાં इ મુકાય છે. આ इનો ગુણ થતો નથી. પરસ્મૈપદમાં આ ધાતુઓ પ્રથમ પ્રકારના હોય છે.

| | | |
|---|---|---|
| सम्+स्था (આ.) | समस्थिषि | ૧લો પુ. એ.વ. |
| धा | अधिषि | |
| दा | अदिषि | |

૩૯૨ पद् ધાતુના ૩જા પુ. એ.વ.નું રૂપ अपादि છે. बुध् ૪ આ. ૩જા પુ. એ.વ.માં इ વિકલ્પે લે છે, અને તેની પહેલાં ઉપાન્ત્ય उનો ગુણ થાય છે.

| | પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|---|
| बुध् | ૧લો | अभुत्सि | अभुत्स्वहि | अभुत्स्महि |
| | ૨જો | अबुद्धाः | अभुत्साथाम् | अभुद्ध्वम् |
| | ૩જો | अबुद्ध–अबोधि | अभुत्साताम् | अभुत्सत |

## પાંચમો પ્રકાર

૩૯૩ પ્રત્યયો—ચોથા પ્રકારના પ્રત્યયો પૂર્વે इ લગાડવી. ૨જા અને ૩જા પુ. એ.વ.માં स्નો લય કરવો.

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | इषम् | इष्व | इष्म |
| ૨જો | ईः | इष्टम् | इष्ट |
| ૩જો | ईत् | इष्टाम् | इषुः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | इषि | इष्वहि | इष्महि |
| ૨જો | इष्टाः | इषाथाम् | इध्वम् |
| ૩જો | इष्ट | इषाताम् | इषत |

જે ધાતુઓ પહેલાં જણાવેલા પ્રકારોમાં ગણાવેલા ન હોય, તે આ પ્રકારના પ્રત્યયો લે છે. ખાસ કરીને સેટ્ ધાતુઓની ગણના આમાં થઈ છે.

૩૯૪ પરસ્મૈપદમાં અન્તિમ સ્વર અને र् અથવા ल् જેને અન્તે છે એવા ધાતુઓના ઉપાન્ત્ય अ અને वद् તથા व्रज्‌ના ઉપાન્ત્ય ખાસ કરીને વૃદ્ધિ લે છે.

| | |
|---|---|
| फल् | अफालीत् |
| वद् | अवादीत् |
| व्रज् | अव्राजीत् |

૩૯૫ ધાતુના ઉપાન્ત્ય સ્વરનો ગુણ થાય છે.

बुध्  अबोधीत्

ह्, म्, य् જેને છેડે છે એવા ધાતુઓનો સ્વર, તથા क्षण्, जागृ, श्वि, चद्, पथ, मथ् અને हस् વગેરે ધાતુઓમાં ગુણ લે છે. આત્મનેપદમાં ધાતુનો સ્વર ગુણ લે છે.

## કેટલાંક રૂપો

| | | |
|---|---|---|
| धू | अधावीत् (પ.) | अधविष्ट (આ.) |
| सु | असावीत् | |
| वृ | अवारीत् | |
| क्रम् | अक्रमीत् | |
| हन् | अवधीत् | अवधिष्ट |
| भण् | अभाणीत् | अभणीत् |
| श्वस् | अश्वसीत् | |
| गुप् | अगोपायीत् | अगोपिष्ट |
| ग्रह् | अग्रहीत् | अग्रहिष्ट |

૩૯૬ दीप्, जन्, पूर्, અને प्याय् ધાતુઓ આ. ૩જા પુ. એ.વ.ના त ને બદલે इ લે છે.

जन्  अजनि

पूर्  अपूरि

दीप्  अदीपि

# પ્રકરણ ૧૧ મું

## આશીર્વાદાર્થ

## ( Benedictive )

૩૯૭ આશીર્વાદાર્થના પ્રત્યયો નીચે પ્રમાણે છે.

### પરસ્મૈપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | यासम् | यास्व | यास्म |
| ૨જો | याः | यास्तम् | यास्त |
| ૩જો | यात् | यास्ताम् | यासुः |

### આત્મનેપદ

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | सीय | सीवहि | सीमहि |
| ૨જો | सीष्टाः | सीयास्थाम् | सीध्वम् |
| ૩જો | सीष्ट | सीयास्ताम् | सीरन् |

### પરસ્મૈપદ

૩૯૮ પરસ્મૈપદ પ્રત્યયો અવિકારી છે, તેથી તેમની પહેલાં ગુણ થતો નથી, તેમ વૃદ્ધિ થતી નથી. તમામ ધાતુઓ इનો નિષેધ કરે છે.

૩૯૯ અન્ત્ય इ અથવા उ લંબાય છે. અન્તિમ ऋ હ્રસ્વની रि થાય છે, અગર व અને દીર્ઘ ॠનો ईर् થાય છે અને તેની પહેલાં ઓષ્ઠસ્થાનીય વ્યંજન હોય તો ऊर् થાય છે.

| | | |
|---|---|---|
| જેમકે | कृ | क्रियात् |
| | जॄ | जीर्यात् |
| | जि | जीयात् |
| | हृ | ह्रियात् |
| | पॄ | पूर्यात् |

સંયુક્ત વ્યંજનને અન્તે ऋ આવે તો ગુણ થાય છે. ऋ ધાતુને પણ આ નિયમ લાગુ પડે છે.

स्मृ – स्मर्यात्

ऋ – अर्यात्

જે ધાતુઓને સંપ્રસારણનો નિયમ લાગતો હોય, તે સંપ્રસારણ લે છે. शास्‌ના સ્વરને બદલે इ લાગે છે.

૪૦૦ ધાતુનો ઉપાન્ત્ય અનુનાસિક ઊડી જાય છે. આમાં નીચેના ધાતુઓ મુખ્ય છે. अञ्ज्, भञ्ज्, रञ्ज्, स्वञ्ज्, ग्रन्थ्, मन्थ्, स्कन्द्, स्यन्द्, इन्ध, बन्ध्, दम्भ, दंश, भ्रंश्, ध्वंस्, शंस् અને स्रंस्

૪૦૧ दा, धा અને તેના જેવાં રૂપ લેનાર ધાતુઓ मा, स्था, गै, पा 'પીવું', हा 'ત્યજવું' અને सोના અન્તિમ સ્વરનો ए થાય છે. અન્તિમ આની પૂર્વે જો સંયુક્ત વ્યંજન હોય, તો તે વિકલ્પે ए થાય છે. જેમકે धा धेयात् पा–पेयात्; પણ ग्लैનું પ્રથમ ग्ला થયું. આ ग्लाના આની પહેલાં સંયુક્ત વ્યંજન છે, માટે વિકલ્પે ग्लेयात् અથવા ग्लायात् એમ રૂપ થશે. पा પીવું હોય, ત્યારે જ पेयात् થાય; નહિ તો पा રક્ષણ કરવું હોય ત્યારે पायात् થાય.

## આત્મનેપદ

૪૦૨ सेट् ધાતુઓ પછી પ્રત્યયોને इ જોડવામાં આવે છે, અને वेट् ધાતુઓ પછી વિકલ્પે આવે છે. ऋ જેને છેડે છે એવા ધાતુઓની પહેલાં સંયુક્ત વ્યંજન આવેલો હોય તો તે, वृ ધાતુ અને દીર્ઘ ॠ અન્તે હોય તેવા ધાતુઓને इ વિકલ્પે લાગે છે.

૪૦૩ આત્મનેપદના ધાતુઓ વિકારી હોય છે, તેથી તેમની પહેલાં ગુણ થાય છે; પણ જો વચ્ચે પ્રત્યયો પહેલાં इ ન મૂકી હોય, તો અન્તિમ ॠમાં કોઈ પણ ફેરફાર થતો નથી, અને ॠનો ईर् અગર તો ऊर् થાય છે; પણ જો તેની પહેલાં ઓષ્ઠ-સ્થાનીય હોય તો.

૪૦૪ **कृ પરસ્મૈપદ**

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | क्रियासम् | क्रियास्व | क्रियास्म |
| ૨જો | क्रियाः | क्रियास्तम् | क्रियास्त |
| ૩જો | क्रियात् | क्रियास्ताम् | क्रियासुः |

**આત્મનેપદ**

| પુ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧લો | कृषीय | कृषीवहि | कृषीमहि |
| ૨જો | कृषीष्ठाः | कृषीयास्थाम् | कृषीढ्वम् |
| ૩જો | कृषीष्ट | कृषीयास्ताम् | कृषीरन् |

ઉપરના નિયમોને અનુસરીને આશીર્વાદાર્થના કેટલાક ધાતુઓનાં રૂપ અહીંઆં આપ્યાં છે.

| | | | |
|---|---|---|---|
| अज्ज् | अज्यात् | दा (આ.) | दासीष्ट |
| ईश् (આ.) | ईशिषीष्ट | गाह् (આ.) | घाक्षीष्ट–गाहिषीष्ट |
| ऋ१ (પ.) | अर्यात् | घ्रा | घ्रेयात्-घ्रायात् |
| ॠ (પ.) | ईर्यात् | तॄ (પ.) | तीर्यात् |
| गु१ (આ.) | गूषीष्ट | पॄ | पूर्यात् |
| दिश् (પ.) | दिश्यात् | वह् | उह्यात् |
| (આ.) | दिक्षीष्ट | मुद् (આ.) | मोदिषीष्ट |
| रुध् (પ.) | रुध्यात् | गुह् | घुक्षीष्ट |
| | रुत्सीष्ट | वप् | उप्यात् |
| वच् | उच्यात् | यज् | इज्यात् |
| स्मृ | स्मर्यात् | शास् | शिष्यात् |
| स्तृ | स्तर्यात् | शी | शयिषीष्ट |
| नी (પ.) | नीयात् | ह्वे | हूयात्–ह्वासीष्ट |
| (આ.) | नेषीष्ट | वे | ऊयात्–वासीष्ट |
| दा (પ.) | देयात् | | |

# પ્રકરણ ૧૨ મું

## પ્રેરકભેદ ( Causal )

૪૦૫ જ્યારે કોઈ પણ ક્રિયા બીજાની પાસે કરાવવાની હોય, ત્યારે પ્રેરકભેદ વપરાય છે. જેમકે ' મેં ખાધું ' આ વાક્યમાં બોલનાર માણસ જાતે ખાનાર છે, તેથી તે પ્રેરકભેદ નથી; પણ ' મેં ખવડાવ્યું ' આમાં ખાનાર બીજો છે, તેને ખાવાની ક્રિયા કરાવવામાં બીજા તરફથી પ્રેરણા મળે છે: માટે ત્યાં પ્રેરકભેદનો પ્રયોગ થશે. કોઈ પણ ધાતુમાંથી પ્રેરકનું રૂપ થાય છે. આ ભેદ ઉભયપદી છે. તે ધાતુને अय પ્રત્યય લગાડવો, અને પછીથી જે કાળમાં આપણે તેનાં રૂપ કરવાં હોય, તે કાળના **પ૦** અગર **આ૦**ના પ્રત્યયો તેને લગાડવા. **अय** નિશાની મૂળ ધાતુઓને જ લગાડવી, અને જ્યાં ગુણ તથા વૃદ્ધિ કરવાની હોય ત્યાં કરવી.

| વર્ત. ૩જો પુ. એ.વ. | | વર્ત. ૩જો પુ. એ.વ. | |
|---|---|---|---|
| गम् | गमयति | स्मृ | स्मारयति |
| बुध् | बोधयति | हृ | हारयति |
| रम् | रमयते | भू | भावयति |
| कृ | कारयति | तड् | ताडयति |

૪૦૬ अम् જેને છેડે છે એવા ધાતુઓ, जन्, जॄ, दल्, वल्, त्रप्, वम् અને ज्वल्માં સ્વરની વૃદ્ધિ થતી નથી. આ નિયમને **कम्**, शम् અને चम्નો અપવાદ છે.

| | | | |
|---|---|---|---|
| गम् | गमयति | कम् | कामयति |
| जन् | जनयति | चम् | चामयति |
| वल् | वलयति | शम् | शामयति |
| ज्वल् | ज्वलयति | यम् | यामयति પણ यम् ખાવું यमयति |

૪૦૭ वम्, नम्, वन्, ज्वल् એ ધાતુઓની પહેલાં ઉપસર્ગ ન હોય, તો તેમના ઉપાન્ત્ય સ્વર વિકલ્પે લંબાય છે.

| | | |
|---|---|---|
| नम् | नमयति— | नामयति |
| પણ | प्रणम्— | प्रणमयति |
| ज्वल् | ज्वलयति— | ज्वालयति |
| પણ | उज्ज्वलयति | |

૪૦૮ અન્તે आ સ્વરવાળા ધાતુઓ તથા ए, ऐ અથવા ओ આવવાથી જે आ થઈ જાય છે તે, ऋ જવું, ह्री, री, क्ली એ ધાતુઓમાં अय પૂર્વે प् મુકાય છે. તે પહેલાં સ્વરનો ગુણ થાય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| स्था | स्थापयति | गै | गापयति | ह्री | ह्रेपयति |
| दो | दापयति | ऋ | अर्पयति | री | रेपयति |

૪૦૯ क्षै, श्रा અથવા श्रै રાંધવું અને ज्ञाનો સ્વર અવશ્ય હ્રસ્વ બને છે. क्षपयति, श्रपयति.

ग्लै અને स्ना વિકલ્પે હ્રસ્વ બને છે.

| | |
|---|---|
| ग्लापयति | ग्लपयति |
| स्ना | स्नपयति—स्नापयति |
| ज्ञा | ज्ञपयति |

૪૧૦ मि ફેંકવું, मी નાશ કરવો, दी, जि અને क्लीમાં પણ प् ઉમેરાય છે, પણ પ્રથમ તેના અન્તિમ સ્વરનો आ કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| मि—मा | मापयति | जि | जापयति |
| दी | दापयति | क्ली | क्लापयति |

૪૧૧ शो, छो, सो, ह्वे, व्ये, वे, सै અને पा પીવું તેમાં प्ने બદલે य् ઉમેરાય છે.

| | | | |
|---|---|---|---|
| शो | शाययति | ह्वे | ह्वाययति |
| छो | छाययति | पा | पाययति |

૪૧૨ पा રક્ષણ કરવું એમાં ल्, अय् પહેલાં મુકાય છે.

पा पालयति

૪૧૩ वे 'કંપવું'માં ज् ઉમેરાય છે. वेजयति

૪૧૪ जभ्, रध्, रध् અને लभ्માં વચ્ચે અનુનાસિક મૂકવો પડે છે.

जम्भयति–ते लभ्–लम्भयते

૪૧૫ गुप्, विच्छ्, धूप्, पण्, पन् અને ऋत्નાં પ્રેરકમાં બબ્બે રૂપો થાય છે.

गोपायति–ते }
गोपाययति–ते }
पणायति–ते
पणाययति–ते

૪૧૬ दरिद्राનું दरिद्रयति રૂપ થાય છે, અર્થાત્ ધાતુને आ ઊડી જાય છે.

૪૧૭ નીચે જણાવેલા ધાતુઓનાં રૂપો અનિયમિત રીતે થાય છે. વિદ્યાર્થીઓએ તે યાદ રાખવાં.

| | | | |
|---|---|---|---|
| चि | चापयति | चाययति–ते | |
| | चपयति | चययति–ते | |
| इ | गमयति | પણ अधिगमयति 'સંભારાવે છે,' અને 'अध्यापयति' અભ્યાસ કરાવડાવે છે. | |
| गुह् | गूहयति | ला } | लालयति–लापयति |
| हन् | घातयति | ली } | लीनयति–लापयति |
| स्मि | विस्माययति | मृज् | मार्जयति |
| | विस्मापयति | भ्रस्ज् | भर्जयति–ते |
| गुह् | गूहयति | | भ्रज्जयति–ते |
| जागृ | जागरयति | वा | वापयति– वाजयति |
| धू | धूनयति | वी | वापयति– वाययति |

| | | | |
|---|---|---|---|
| प्री | प्रीणयति | शद् | शातयति |
| भी | भाययति–ते | | शादयति |
| | भापयते–भीषयते | सिध् | साधयति–सेधयति |
| भ्रस्ज् | भर्जयति–ते | स्फुर् | स्फोरयति– स्फारयति |
| | भ्रज्जयति–ते | | |

૪૧૮ પ્રેરકભેદનાં ધાતુનાં રૂપો બીજા સાદા ધાતુઓની માફક તમામ કાળમાં તથા અર્થમાં થાય છે. જેમકે

| | | | | |
|---|---|---|---|---|
| पत् | વર્ત. ૩જો પુ. એ.વ. | पातयति | આશીર્વાદાર્થ | पात्यात् |
| | અનદ્યતન | अपातयत् | વિધ્યર્થ | पातयेत् |
| | આજ્ઞાર્થ | पातयतु | | |

પરોક્ષ ભૂતકાળ पातयांचकार ( પ્રેરકનાં પરોક્ષ ભૂતકાળ आम् લગાડીને કરવામાં આવે છે. )

| | |
|---|---|
| પહેલો ભવિષ્યકાળ | पातयिता |
| બીજો ,, | पातयिष्यति |
| સાંકેતિક અર્થ | अपातयिष्यत् |

# પ્રકરણ ૧૩ મું

## ઇચ્છાદર્શક રૂપ ( Desiderative )

૪૧૯ જ્યારે કોઈ પણ ધાતુની સાથે ઇચ્છાનો અર્થ જોડાએલો હોય, ત્યારે ઇચ્છાદર્શક રૂપ વપરાય છે. જેમકે તેની ગામ જવાની ઇચ્છા છે. અહીંઆં જવાની ક્રિયાની સાથે 'ઇચ્છા'નો અર્થ જોડાયલો છે. એને માટે નીચેના નિયમો છે.

૪૨૦ પ્રત્યેક ધાતુ જેનું ઇચ્છાદર્શક રૂપ કરવાનું હોય તેને स् પ્રત્યય લગાડવો, અને પછી ત્રીજા ગણમાં ધાતુઓના અભ્યાસ ( બેવડવા ) વિષે જે સામાન્ય નિયમો આપ્યા છે તેને અનુલક્ષીને ધાતુઓના આદિ અક્ષરને બેવડવા, અર્થાત્ તેમનો અભ્યાસ ( repetition ) કરવો. પછી તેમનાં વર્તમાન, અનદ્યતન ભૂતકાળ, આજ્ઞાર્થ, વિધ્યર્થ વગેરે ગણકાર્યવાળાં રૂપો તેમજ ગણકાર્યરહિત ભવિષ્ય, પરોક્ષભૂત વગેરે કરવાં. ગણકાર્યવાળા કાળનાં રૂપ કરતી વખતે ધાતુ સાથે લગાડવાના स्માં अ ઉમેરાય છે, અને અભ્યસિત અક્ષરમાં अનો इ કરવો પડે છે.

૪૨૧ सेट् ધાતુઓમાં स्ની સાથે इ મૂકવી, अनिट् સાથે इ નહિ મૂકવી, પણ તેને નીચેના અપવાદો છે.

૪૨૨ ग्रह्, गुह् અને જે ધાતુને છેડે ( હ્રસ્વ કે દીર્ઘ ) उ હોય તેને इ લાગતી નથી. (सनिग्रहगुहोश्च । सि० कौ० ७-२-१२ )

| | | | |
|---|---|---|---|
| ग्रह् | जिघृक्षति | नु | नुनूषति |
| गुह् | जिघुक्षति–ते | द्रु | दुद्रूषति |
| भू | बुभूषति | दु | दुदूषति |
| दू (આ.) | दुदूषते | | |

૪૨૩ दृ (આ.) स्मि, पू, अञ्ज्, प्रच्छ्, ऋ, अश्, कॄ, गॄ અને धृ એટલા ધાતુઓને इ લાગે છે. दृ–दिदरिषते, स्मि–सिस्मयिषते, अञ्ज्–अञ्जिजिषति, पू–(૧ આ.) पिपविषते (૯ ઉ.) पुपूषति–ते, प्रच्छ्–पिपृच्छिषति, ऋ–अरिरिषति–ते, अश्–अशिशिषते, कॄ (૬ ૫.) चिकरिषति (૯ ઉ.) चिकरि–री–षति–ते–चिकीर्षति। गॄ (૬ ૫.) जिगरिषति, जिगलिषति, धृ (૧–ઉ., ૬–આ.) दीधीर्षति–ते.

૪૨૪ ऋ અથવા इव् જેને અન્તે છે એવા ધાતુઓ, वृ, दम्भ्, श्रि, यु, भृ અને ज्ञप् એટલા ધાતુઓને इ વિકલ્પે લાગે છે; તથા तन्, पत्, कृत्, चृत्, छृद्, नृत्ने પણ આ નિયમ લાગુ પડે છે.

| | |
|---|---|
| श्रि | शिश्रीषति—शिश्रयिषति |
| दिव् | दुद्यूषति—दिदविषति |
| यु | युयूषति—यियविषति |
| भृ | बुभूर्षति–ते, बिभरिषति–ते |
| तन् | तितांसति–ते |
| | तितंसति–ते |
| | तितनिषति–ते |
| पत् | पित्सति |
| | पिपतिषति |
| कृत् | चिकर्तिषति–चिकृत्सति |
| चत् | चिचर्तिषति–चिचृत्सति |
| छृद् | चिच्छर्दिषति–ते |
| | चिच्छृत्सति–ते |
| नृत् | निनर्तिषति–निनृत्सति |

૪૨૫ ધાતુઓના ગુણ કરવા વિષેના સામાન્ય નિયમને નીચેના અપવાદ છે.

इ, उ, ऋ, (હ્રસ્વ અગર દીર્ઘ) અન્તે હોય એવા ધાતુઓ અગર ઉપાન્ત્ય હોય એવા ધાતુઓમાં જ્યારે स् તેને લગાડવામાં આવે છે, અને જ્યારે આ स्‌ની પૂર્વે इ આવતી નથી, ત્યારે ગુણ થતો નથી. જેમકે

बुभूषति, निनीषति

रुद्, विद् અને मुष् ધાતુઓના ગુણ થતા નથી.

જેમકે रुरुदिषति विविदिषति मुमुषति

જો स्‌ની પહેલાં इ આવે તો જે ધાતુને ઉપાન્ત્યમાં હ્રસ્વ इ અગર उ હોય, અને તેની પહેલાં કોઈ પણ વ્યંજન હોય, અને અન્તે य् અગર व् સિવાયનો વ્યંજન હોય, તે ધાતુ વિકલ્પે ગુણ પામે છે.

જેમકે मुद् मुमुदिषते–मुमोदिषते

૪૨૬ સની પહેલાં જો इ ન આવે, તો અન્ત્ય સ્વર લંબાય છે.

जि – जिगीषति

૪૨૭ ग्रह्, स्वप् અને प्रच्छ् ધાતુઓમાં સંપ્રસારણનો નિયમ લાગુ પડે છે.

ग्रह्–जिघृक्षति, स्वप्–सुषुप्सति, प्रच्छ्–पिपृच्छति

૪૨૮ आप्‌नुं इप्सति રૂપ થાય છે. दम्भ्‌નાં ત્રણ રૂપો दिदम्भिषति, धिप्सति, धीप्सति અને ज्ञप्‌नुं ज्ञप्सति તથા जिज्ञपयिषति એમ બે રૂપો થાય છે.

૪૨૯ નીચે કેટલાંક અનિયમિત રૂપોના દાખલા આપવામાં આવ્યા છે.

| | | | |
|---|---|---|---|
| अद् | जिघत्सति | अधि + इ | अधिजिगांसते |
| इ | जिगमिषति | प्रति + इ | प्रतीषिषति |

| | |
|---|---|
| ऋध् | ईर्त्सति |
| | अर्दिधिषति |
| गम् | जिगमिषति |
| सम् + गम् | संजिगांसते |
| चि | चिचीषति—चिकीषति |
| दा, दे, दो | दित्सति (પ.) दित्सते (આ.) |
| धा, धे | धित्सति |
| मा, मि, मी, मे — | मित्सति (પ.) मित्सते (આ.) |
| मुच् | मुमुक्षते–मोक्षते, मुमुक्षति |
| मृज् | मिमृक्षति–मिमार्जिषति |
| हन् | जिघांसति |
| हि | जिघीषति |
| ह्वे | जुहावयिषति |
| सह् | सिसाहयिषति |

૪૩૦ જુદા જુદા કાળમાં ઇચ્છાપૂરકનાં રૂપ જુદી જુદી રીતે થાય છે. અહીંઆં ઉદાહરણ તરીકે गम् ધાતુનાં રૂપો આપણે લઇશું.

વર્ત૦ जिगमिषति, અનદ્ય૦ अजिगमिषत्, આજ્ઞાર્થ जिगमिषतु, વિધ્ય૦ जिगमिषेत्, પરોક્ષ ભૂતકાળ जिगमिषांचकार–जिगमिषामास, પહેલો ભવિષ્ય जिगमिषिता, બીજો ભવિ. जिगमिष्यति, સાંકેતિક अजिगमिष्यत्, અદ્યતનભૂત अजिगमिषीत्, આશી. जिगमिष्यात्.

૪૩૧ ઇચ્છાદર્શક રૂપને उ લગાડવાથી "ઇચ્છનાર" એવો અર્થ પ્રકટ કરે છે, અને आ લગાડવાથી 'ઇચ્છા' દર્શાવે છે.

| | | | |
|---|---|---|---|
| જેમકે | गम् | जिगमिषति | જવાની ઇચ્છા કરે છે. |
| | | जिगमिषुः | જવાની ઇચ્છા કરનાર |
| | | जिगमिषा | જવાની ઇચ્છા |

# પ્રકરણ ૧૪ મું

## કર્મણિ પ્રયોગ

૪૩૨ જ્યારે 'ખવાય છે', 'પીવાય છે, 'બોલાય છે' એવા પ્રકારના પ્રયોગો વાક્યમાં આવ્યા હોય, ત્યારે કર્મણિ પ્રયોગ વાપરવામાં આવે છે. કોઈ પણ ધાતુનો કર્મણિ પ્રયોગ થઈ શકે છે. આ પ્રયોગ કરવાને માટે ધાતુને ચોથા ગણના ધાતુ જેવો ધારીને તેને य નિશાની લગાડીને આત્મનેપદના પ્રત્યય જોડવા. કર્મણિ પ્રયોગ હમેશાં આત્મનેપદમાં હોય છે. તે દરેક કાળમાં આવી શકે છે. य પ્રત્યય લગાડતા પૂર્વે નીચેના નિયમો યાદ રાખવા.

( ૧ ) य લગાડતા પહેલાં ધાતુના સ્વરમાં ગુણ કે વૃદ્ધિ કરવી નહિ.

( ૨ ) અન્તિમ इ અગર उ લંબાય છે.

जि — जीयते   नु — नूयते

( ૩ ) અન્તિમ હ્રસ્વ ऋનો रि થાય છે.

कृ – क्रियते,   हृ – ह्रियते

( ૪ ) અન્ત્ય દીર્ઘ ॠનો ईर्, પણ જો તેની પહેલાં ઓષ્ઠ-સ્થાનીય વ્યંજન અગર व् આવ્યો હોય તો તેનો ऊर् થાય છે.

कॄ–कीर्यते,   जॄ–जीर्यते,   स्तॄ–स्तीर्यते

पॄ–पूर्यते,   वॄ–वूर्यते

( ૫ ) હ્રસ્વ ऋની પહેલાં સંયુક્ત વ્યંજન હોય તો ऋનો अर् થાય છે. ऋ ધાતુને પણ આ નિયમ લાગુ પડે છે.

स्मृ–स्मर्यते,   स्तृ–स्तर्यते,   ऋ–अर्यते

( ૬ ) दा, धा અને તેના જેવા ધાતુઓ જેમનાં રૂપો दा, धा હોય તે (दै, दो, धे.) स्था, मा, गै, पा પીવું, सो, हा ત્યજવું આ બધાના आનો ई થાય છે.

दा—दीयते, धा—धीयते, धे—धीयते, दो—दीयते,
स्था—स्थीयते, मा—मीयते, हा–हीयते, પણ हा જવું हायते,
पा—पीयते, પણ पा રક્ષણ કરવું पायते, सो–सीयते.

( ૭ ) मन्थ्, अञ्ज्, शंस्, दंश्, सञ्ज्, रञ्ज्, अञ्ज्, भञ्ज्, स्कन्द्, ग्रन्थ्, स्तम्भ्, बन्ध् અને भ्रंश् ના અનુનાસિકનો લોપ થાય છે. मथ्यते, अज्यते, शस्यते, दश्यते, सज्यते, रज्यते, भज्यते, स्कद्यते, ग्रथ्यते, बध्यते, भ्रश्यते.

( ૮ ) वच्, यज्, वप, वह्, वस्, वे, व्ये, ह्वे, श्वि, वद्, स्वप्, ज्या, वश्, व्यच्, प्रच्छ, व्रश्च, भ्रस्ज्, ग्रह् અને व्यध् આ ધાતુઓનાં કર્મણિ પ્રયોગનાં રૂપ કરતી વખતે સંપ્રસારણનો નિયમ લાગુ પડે છે, અર્થાત્ ધાતુના व्नो उ કરાય છે, य्नो इ અને र्नो ऋ.

| | | | |
|---|---|---|---|
| वच् | उच्यते | | |
| वप् | उप्यते | यज् | इज्यते |
| वह् | उह्यते | वद् | उद्यते |
| वस् | उष्यते | व्रश्च | वृश्च्यते |
| ह्वे | हूयते | ग्रह् | गृह्यते |
| व्यच् | विच्यते | व्यध् | विध्यते |
| वे | ऊयते | श्वि | शूयते |
| व्ये | वीयते | भ्रस्ज् | भृज्ज्यते |
| प्रच्छ् | पृच्छयते | (भ्रस्ज्ना स्नो ज् કરવો પડે છે.) | |

શીનું કર્મણિ પ્રયોગમાં शय्यते થાય છે. ब्रूને બદલે वच्नुं અને अस्ने બદલે भूનું રૂપ લેવું પડે છે, તેમજ घस्ने બદલે अद्नुं રૂપ લેવું પડે છે.

(૯) खन्, जन्, तन् એ ધાતુઓના न् વિકલ્પે ઊડી જાય છે. જ્યારે न् ઊડી જાય છે, ત્યારે તેની પૂર્વના अनो आ થાય છે.

| | | |
|---|---|---|
| खन् | खन्यते | खायते |
| जन् | जन्यते | जायते |
| तन् | तन्यते | तायते |

૪૩૩ ગણકાર્યરહિત કાળમાં પરોક્ષભૂત, અદ્યતનભૂત, ભવિષ્ય વગેરેના કર્મણિ પ્રયોગ કરતી વખતે ધાતુનાં આત્મનેપદનાં રૂપ લેવાં.

પરોક્ષ ભૂતકાળ

જેમકે कृ चक्र, नी निन्ये, तड् ताडयांचक्रे, स्था तस्थे, हन् जघ्ने, तन् तेने, ईक्ष् ईक्षांचक्रे, अश् आनशे

પહેલો ભવિષ્યકાળ, બીજો ભવિષ્યકાળ, ક્રિયાતિપત્ત્યર્થ, આશીર્વાદ

बुध् बोधिता, बोधिष्यते, अबोधिष्यत, बोधिषीत

આ ઉપરાંત ભવિષ્યકાળ, ક્રિયાતિપત્ત્યર્થ ( Conditional Tense ) અને આશીર્વાદના કર્મણિ પ્રયોગ માટે નીચેનો નિયમ યાદ રાખવો.

(૧) જે ધાતુઓને છેડે સ્વર હોય, અને (૨) हन्, ग्रह् અને दृश्–આ ધાતુઓનાં કર્મણિ પ્રયોગનાં રૂપો વિકલ્પે થાય છે. इ લગાડીને અને इ લગાડયા સિવાય. इ લગાડતી વખતે સ્વરની વૃદ્ધિ કરવામાં આવે છે. જો ધાતુને છેડે आ હોય તો इ પહેલાં य् મુકાય છે. ધાતુને અન્તે ए, ऐ અને ओ હોય તો તેમનો પ્રથમ आ કરવો જોઈએ, અને પછી તેમને इ પહેલાં य् લગાડવો.

| | ૧લો ભવિષ્ય | ૨જો ભવિષ્ય | ક્રિયાતિપત્ત્યર્થ | આશીર્વાદ |
|---|---|---|---|---|
| स्था | स्थापिता | स्थायिष्यते | अस्थायिष्यत | स्थायिषीष्ठ |
| | स्थाता | स्थास्यते | अस्थास्यत | स्थाषीष्ठ |
| ह्वे | ह्वयिता | ह्वायिष्यते | अह्वायिष्यत | ह्वायिषीष्ठ |
| | ह्वाता | ह्वास्यते | अह्वास्यत | ह्वाषीष्ठ |
| हन् | घानिता | घानिष्यते | अघानिष्यत | घानिषीष्ठ |
| | हन्ता | हनिष्यते | अहनिष्यत | वधिषीष्ठ |
| ग्रह् | ग्राहिता | ग्रहिष्यते | अग्राहिष्यत | ग्राहिषीष्ठ |
| | ग्रहीता | ग्रहीष्यते | अग्रहीष्यत | ग्रहीषीष्ठ |
| दृश् | दर्शिता | दर्शिष्यते | अदर्शिष्यत | दर्शिषीष्ठ |
| | द्रष्टा | द्रक्ष्यते | अद्रक्ष्यत | दृक्षीष्ठ |

## અદ્યતન ભૂતકાળ ( Aorist )

૪૩૪ અદ્યતન ભૂતકાળના ચોથા, પાંચમા અને સાતમા પ્રકારના કર્મણિ પ્રયોગનાં રૂપ આત્મનેપદના પ્રત્યયો લગાડીને કરવામાં આવે છે. પહેલા, બીજા, ત્રીજા અને છઠ્ઠા પ્રકારના ધાતુઓ સામાન્ય નિયમો પ્રમાણે ચોથા, પાંચમા તથા સાતમા પ્રકારના પ્રત્યયો લે છે.

અદ્યતન કર્મણિના ત્રીજા પુરુષ એકવચનનું રૂપ इ લગાડીને કરવામાં આવે છે. આ इ પહેલાં ઉપાન્ત્ય હ્રસ્વનો (છંદમાં) ગુણ થાય છે, અને ઉપાન્ત્ય अ અને અન્ત્ય સ્વર વૃદ્ધિ લે છે. जन्, आ + चम्, कम् અને यम् સિવાયના સેટ્ ધાતુઓના अમાં ફેરફાર થતો નથી.

छिद् अच्छिदि, वद् अवादि, जन् अजनि, कृ अकारि

तुद् अतोदि, पठ् अपाठि, गम् अगामि, भू अभावि

नी—अनायि स्तु—अस्तावि लू—अलावि

જે ધાતુઓને છેડે आ હોય તે इ પહેલાં य् લે છે. ए, ऐ અને ओ જેને છેડે છે એવા ધાતુઓના સ્વરનો પ્રથમ आ કરવામાં આવે છે, અને પછી य् લગાડાય છે.

| | | | |
|---|---|---|---|
| धा | अधायि | पा | अपायि |
| गै | अगायि | म्ना | अम्नायि |

रध् અને रभ् ના અન્ત્ય વ્યંજન પૂર્વે અનુનાસિક મુકાય છે. આ રીતે જ્યારે અનુનાસિક મુકાય ત્યારે ઉપાન્ત્ય अनो ગુણ કે વૃદ્ધિ કરવામાં આવતી નથી.

| | | | |
|---|---|---|---|
| रध् | अरन्धि | रभ् | अरम्भि |

लभ् ની પૂર્વે ઉપસર્ગ ન હોય તો વિકલ્પે અનુનાસિક લે છે, અને જો ઉપસર્ગ હોય તો અવશ્ય લે છે. અનુનાસિક જ્યારે ન હોય ત્યારે ઉપાન્ત્યની વૃદ્ધિ થાય છે.

अलम्भि अलाभि પણ उपालम्भि

भञ्ज्नो અનુનાસિક વિકલ્પે ઊડી જાય છે; જ્યારે તે ઊડી જાય છે ત્યારે ઉપાન્ત્યની વૃદ્ધિ થાય છે.

अभञ्जि अभाजि

शम्ना ઉપાન્ત્યની વૃદ્ધિ વિકલ્પે થાય છે.

शम् अशमि अशामि

मृज् વૃદ્ધિ લે છે. अमार्जि

गुह्नो ઉપાન્ત્ય સ્વર દીર્ઘ બને છે. अगूहि

इ ' જવું 'નું अगायि, अधि પહેલાં હોય તો अध्यायि અથવા अध्यगायि એમ બન્ને રૂપો થાય છે.

गुप्, धूप्, विच्छ्, पण्, पन् ધાતુઓનાં બે રીતે રૂપો થાય છે. अगोपि अगोपायि

દશમા ગણના ધાતુઓની अय નિશાની લોપાય છે.

चुर् अचोरि, पीड् अपीडि

# પ્રકરણ ૧૫ મું

## કૃદન્ત ( Participles )

૪૩૫ ગુજરાતી ભાષામાં 'જતાં', 'ખાતાં', 'પીતાં', 'ખાધેલો','પીધેલો', ખાઈને, પીને વગેરે રૂપો કૃદન્તનાં કહેવાય છે. કૃદન્તના જુદા જુદા પ્રકાર છે. જેમકે વર્તમાન કૃદન્ત, ભૂત કૃદન્ત, પરોક્ષભૂત કૃદન્ત વગેરે.

### વર્તમાન કૃદન્ત

૪૩૬ પરસ્મૈપદ ધાતુઓના વર્તમાન કૃદન્તનો પ્રત્યય अत् છે. આ अत् લગાડવાનો પ્રકાર નીચે પ્રમાણે છેઃ–જે ધાતુનું વર્તમાન કૃદન્તનું રૂપ આપણે કરવું હોય, તે ધાતુના વર્તમાન કાળના ત્રીજા પુરુષ બહુવચનનું રૂપ પ્રથમ લેવું, અને પછી તેમાંથી अन्ति અગર अति પ્રત્યય કાઢી નાખવો. આ પ્રત્યય કાઢયા પછી તેને अत् લગાડવો. જો अत् લગાડતા પહેલાં अ હોય તો તેનો લોપ કરવો.

| | | ૩જો પુ. બ.વ. | अन्ति અગર अति કાઢી લેતાં | अत् પ્રત્યય લગાડતાં |
|---|---|---|---|---|
| गम् | (૧ ગણ) | गच्छन्ति | गच्छ् | गच्छत् |
| या | (૨ ગણ) | यान्ति | या | यात् |
| इ | (૨ ગણ) | यन्ति | य् | यत् |
| ब्रू | (૨ ગણ) | ब्रुवन्ति | ब्रुव् | ब्रुवत् |
| धा | (૩ ગણ) | दधति | दध् | दधत् |
| ऋ | ,, | इय्रति | इय्र् | इय्रत् |
| नृत् | (૪ ગણ) | नृत्यन्ति | नृत्य् | नृत्यत् |
| चि | (૫ ગણ) | चिन्वन्ति | चिन्व् | चिन्वत् |

| | | | | |
|---|---|---|---|---|
| विश् | (૬ ગણ) | विशन्ति | विश् | विशत् |
| युज् | (૭ ગણ) | युञ्जन्ति | युञ्ज् | युञ्जत |
| कृ | (૮ ગણ) | कुर्वन्ति | कुर्व् | कुर्वत् |
| ग्रह् | (૯ ગણ) | गृह्णन्ति | गृह्ण् | गृह्णत् |
| तड् | (૧૦ ગણ) | ताडयन्ति | ताडय् | ताडयत् |

ઇચ્છાપૂરક અને પ્રેરકમાં પણ अत् લગાડાય છે. गम्નું ઇ. પૂ. કૃદન્ત जिगमिषत्, પ્રે. गमयत् થાય છે. આત્મનેપદના ધાતુઓના બે વર્ગ કરવામાં આવ્યા છે.—(क) ૧, ૪, ૬, ૧૦ ગણના ધાતુઓનો વર્ગ, અને (ख) બાકીના ગણના એટલે ૨, ૩, ૫, ૭, ૮, ૯ ગણના ધાતુઓનો વર્ગ.

(क) વર્ગના ધાતુઓને मान પ્રત્યય લગાડવાનો હોય છે, અને (ख) વર્ગનાને आन. આ પ્રત્યયો લગાડતાં પૂર્વે પ્રથમની માફક ત્રીજા પુ. બહુવચનનું રૂપ લઈને તેમાંથી અન્તે અગર अते કાઢી લેવો, અને પછી પ્રત્યય લગાડવો.

| (क) વર્ગ | | ૩જો પુ. બ.વ. | अन्ते અગર अते પ્રત્યય વગરનું રૂપ | मान લગાડેલું રૂપ |
|---|---|---|---|---|
| ૧ | वन्द् | वन्दन्ते | वन्द | वन्दमान |
| ૪ | मन् | मन्यन्ते | मन्य | मन्यमान |
| ૬ | लुप् | लुम्पन्ते | लुम्प | लुम्पमान |
| ૧૦ | चुर् | चोरयन्ते | चोरय | चोरयमाण |
| (ख) વર્ગ | | | | |
| | हन् | घ्नन्ते | घ्न | घ्नान |
| ૨ | शी | शेरते | शे | शयान |
| ૩ | ब्रू | ब्रुवते | ब्रुव् | ब्रुवाण |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | विधा | विदधते | विदध् | विदधान |
| ૫ | अश् | अश्नुवते | अश्नुव् | अश्नुवान |
| ૭ | इन्ध् | इन्धते | इन्ध् | इन्धान |
| ૮ | तन् | तन्वते | तन्व् | तन्वान |
| ૯ | क्री | क्रीणते | क्रीण् | क्रीणान |

आस् ધાતુના વર્તમાન કૃદન્તમાં आन ને બદલે ई લાગે છે. आसीन

૪૩૭ विद् ધાતુના પરસ્મૈપદનું વર્તમાન કૃદન્ત કરતી વખતે अत् તથા वस् બન્ને પ્રત્યયો વિકલ્પે વગાડવામાં આવે છે. विदत् તથા विद्वस्. કૃદન્તનું કર્મણિનું રૂપ કરવાને તમામ ગણના ધાતુઓને ચોથા ગણના ધાતુ જેવા ધારીને તેને ત્રીજા પુરુષ બહુવચનનો આત્મનેપદનો પ્રત્યય લગાડવો. પછી તે પ્રત્યય કાઢી લેવો અને તેને मान લગાડવું. અર્થાત્ પ્રથમ સાદી રીતે કર્મણિ પ્રયોગનું ત્રી. પુ. બહુવચનનું રૂપ લેવું, અને તેનો બ.વ.નો પ્રત્યય કાઢી લઈને मान લગાડવો.

કo પo કર્મણિકૃદન્ત

| | | | |
|---|---|---|---|
| हन् | हन्यन्ते | हन्य | हन्यमान |
| जन् | जायन्ते | जाय | जायमान |
| धा | धीयन्ते | धीय | धीयमान |
| कृ | क्रीयन्ते | क्रीय | क्रीयमाण |

अत्‌વાળા વર્તમાન કૃદન્તનાં રૂપો કેમ કરવાં તે નામનાં રૂપાખ્યાનવાળા પ્રકરણમાં त् વ્યંજનાન્ત શબ્દોના વિભાગમાં દર્શાવ્યું છે. આ કૃદન્તો વિશેષણ તરીકે વપરાતાં હોવાથી તેમનાં રૂપો ત્રણે જાતિમાં થાય છે.

## પરોક્ષ ભૂતકાળનાં કૃદન્ત

૪૩૮ પરોક્ષ ભૂતકાળનાં કૃદન્ત કરવાને ધાતુના પરોક્ષ ભૂતના ૩જા પુ. બહુવચનનું રૂપ લેવું, અને પછી તેમાંનો પ્રત્યય કાઢી લેવો. પ્રત્યય કાઢયા પછી પરસ્મૈપદમાં **वस्** અગર **इवस्** પ્રત્યય અને આત્મનેપદમાં **आन** પ્રત્યય લગાડવો.

### પરસ્મૈપદ

| | ૩જો પુ. બ.વ. | ૩જો પુ. બ.વ.ના પ્રત્યય રહિત | **इवस्–वस्** લગાડતાં |
|---|---|---|---|
| **ऋ** જવું | आरुः | आर् | आरिवस् |
| **हन्** | जघ्नुः | जघ्न् | जघ्निवस्, जघन्वस् } બે રૂપ થાય છે. |
| **वच्** | ऊचुः | ऊच् | ऊचिवस् |
| **घस्** | जक्षुः | जक्ष् | जक्षिवस् |
| **कृ** | चक्रुः | चक्र् | चकृवस् |
| **विद्** | विविदुः | विविद् | विविदिवस्, विविद्वस् } |

### આત્મનેપદ

| | | | |
|---|---|---|---|
| **जन्** | जज्ञिरे | जज्ञ् | जज्ञान |
| **श्रु** | शुश्रुविरे | शुश्रुव् | शुश्रुवाण |
| **तन्** | तेनिरे | तेन् | तेनान |
| **डी** | डिड्यिरे | डिड्य् | डिड्यान |

ॠ અન્તે હોય તેવા ધાતુઓનાં રૂપો વિલક્ષણ રીતે થાય છે. નીચે કેટલાકનાં રૂપ આપ્યાં છે.

| | | |
|---|---|---|
| कॄ | चिकीर्वस् (પ.) | चकिराण (આ.) |
| तॄ | तितीर्वस् (પ.) | ततिराण (આ.) |

| | | |
|---|---|---|
| पॄ | पुपूर्वस् (પ.) | पुपुराण (આ.) |
| शॄ | शिशीर्वस् (પ.) | शशिराण (આ.) |

પરોક્ષ ભૂતકૃદન્તનાં રૂપ બહુ વપરાતાં નથી. ફક્ત सद्, वस्, स्था અને श्रुનાં જ રૂપ વપરાય છે. सद्–सेदिवस्, स्था–तस्थिवस्, श्रु–शुश्रुवस्, अधि+वस्–अध्युषिवस्. आम् પ્રત્યયાન્ત પરોક્ષ ભૂતકાળનાં કૃદન્ત કરવાને ધાતુને आम् લગાડીને कृ, અગર भू અગર अस्નાં પરોક્ષ ભૂતકૃદન્તનાં રૂપ જોડવાં.

| | | |
|---|---|---|
| दय् – दयाम् + आसिवस् | ( अस्નું પ. ભૂ. કૃ.) | दयामासिवस् |
| कास् — | | कासामासिवस् |
| कथ् | कथयाम् + चकृवस् | कथयांचकृवस् |
| गण् | गणयाम् + बभूवस् | गणयांबभूवस् |

## ભૂતકૃદન્ત

૪૩૯ ભૂતકૃદન્તના બે ભેદો છે: કર્તરિ ભૂતકૃદન્ત અને કર્મણિ ભૂતકૃદન્ત. કર્તરિ ભૂતકૃદન્ત કર્મણિ ભૂતકૃદન્ત ઉપરથી બનાવવામાં આવે છે. કર્મણિ ભૂતકૃદન્તના રૂપને वत् લગાડવાથી કર્તરિ ભૂતકૃદન્ત બને છે. કર્મણિ ભૂતકૃદન્ત સામાન્ય રીતે ધાતુને त પ્રત્યય લગાડવાથી થાય છે. જેમકે दृश्નું કર્મણિ ભૂતકૃદન્ત दृश् + त = दृष्ट. આને वत् લગાડીએ એટલે કર્તરિ ભૂતકૃદન્ત થાય. दृष्टवत्

૪૪૦ કર્મણિ ભૂતકૃદન્ત બનાવવાના વિશેષ નિયમો.

(૧) સામાન્ય રીતે ધાતુને त લગાડવાથી ભૂતકૃદન્ત બને છે. બે વ્યંજનો સાથે આવે, તો સંધિના નિયમ મુજબ વ્યંજનમાં ફેરફાર કરવા.

मुच्–मुक्त शक्–शक्त त्यज–त्यक्त

स्ना–स्नात रिच्–रिक्त प्रच्छ्–पृष्ट सह्–सोढ

दह्–दग्ध नह्–नद्ध मुह्–मुग्ध–मूढ लिह्–लीढ भ्रस्ज्–भ्रष्ट

(૨) જે ધાતુઓને સંપ્રસારણનો નિયમ લાગે છે, તેમને તે નિયમ પ્રમાણે ધાતુઓમાં ફેરફાર કરીને त લગાડવો. त લગાડતી વખતે બે વ્યંજનો સાથે આવે, તો સંધિના નિયમ પ્રમાણે તેમાં ફેરફાર કરવા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| वह् | ऊढ | यज् | इष्ट | स्वप् | सुप्त |
| व्यध् | विद्ध | वच् | उक्त | ह्वे | हूत |
| वे | उत | व्ये | वीत | | |

( ૩ ) तनी પહેલાં ધાતુમાં ગુણ થતો નથી, પણ शी, धृष् અને मृष् પછી જો इ સહિત त પ્રત્યય લાગે તો ગુણ થાય છે.

शी शयित, मृष् मर्षित, धृ धर्षित

(૪) ધાતુનો ઉપાન્ત્ય અનુનાસિક ઊડી જાય છે.

अञ्ज् अक्त, बन्ध् बद्ध, ध्वंस् ध्वस्त

स्रंस् स्रस्त, दंश् दस्त

(૫) સ્વરાન્ત ધાતુઓ અને વિકલ્પે इ લેનાર ધાતુ તથા વ્યંજનાન્ત अनिट् ધાતુઓ त પૂર્વે इ લેતા નથી.

(૬) शी, जागृ, स्था અને दरिद्रा इ લે છે. पत्, वस् અને क्षुध् પણ इ લે છે.

शी– शयित, जागृ– जागरित (ગુણ લે છે.) स्था–स्थित, दरिद्रा– दरिद्रित, पत्–पतित, वस्–उषित, क्षुध्–क्षुधित

(૭) त પહેલાં सेट् ધાતુઓને इ લાગે છે.

वद्–उदित, ग्रह्–गृहीत (इ દીર્ઘ થાય છે.) પણ
क्षुष्, त्रस्, दीप्, मद् અને यत्‌ની બાબતમાં અપવાદ છે.
क्षुब्ध, त्रस्त, दीप्त, मत्त, यत्त

૪૪૧ નીચેના ધાતુઓમાં इ વિકલ્પે લાગે છે.

दम् – दान्त, दमित. पुर् – पूरित, पूर्ण.
शम् – शान्त, शमित. त्वर् – त्वरित, तूर्ण.
रुष् – रुष्ट–रुषित
सम् + घुष् – सङ्घुष्ट, सङ्घुषित

૪૪૨ अञ्च् 'પૂજા કરવી' इ લે છે, પણ 'જવું' એ અર્થમાં નથી લેતો. अञ्चित, પણ 'જવું' એ અર્થમાં अक्त

૪૪૩ જો ધાતુના અન્ત્ય द् અગર ऋ પછી त આવે, તો तनो न થઈ જાય છે.

छिद्–छिन्न दृ–दीर्ण
खिद्–खिन्न पृ–पूर्ण

૪૪૪ री, ली, धू, पू, लू, ॠ, कॄ, जॄ, गॄ, दॄ, नॄ, पॄ, भॄ, मॄ તથા ज्या ધાતુઓ तने બદલે न લે છે.

धू धून ॠ ईर्ण री रीण ज्या जीन
लू लून वॄ वूर्ण ली लीन

૪૪૫ दु ધાતુને तने બદલે न લાગે છે, અને उ લંબાય છે.

दु – दून

૪૪૬ નીચેના ધાતુઓમાં પણ तने બદલે न લાગે છે.

डी डीन, हा જવું हान, व्रश्च् वृक्ण, रुज् रुग्ण,
श्वि शून, हा ત્યજવું हीन, भञ्ज् भग्न, युज् युग्न,
दी दीन, विज् विग्न,

૪૪૭ ऋ ધાતુનો 'દેવું કરવું' અર્થ હોય ત્યારે ऋण, અને 'જવું' અર્થ હોય તો ऋत રૂપ થાય છે.

૪૪૮ दिव्‌નો અર્થ 'જુગટું રમવું' થાય ત્યારે द्यूत, નહિ તો द्यून થાય છે.

૪૪૯ नुद्‌, त्रै, विद्‌, घ्रा, ह्रीને त તથા न બન્ને લાગે છે.

| | |
|---|---|
| त्रै | त्रात–त्राण |
| घ्रा | घ्रात–घ्राण |
| ह्री | ह्रीत–ह्रीण |

૪૫૦ प्याय्‌નું ભૂતકૃદન્ત पीन થાય છે.

૪૫૧ ધાતુને છેડે જો અનુનાસિક હોય, તો તે ઊડી જાય છે.
मन्‌ मत, रम्‌ रत, यम्‌ यत, क्षण्‌ क्षत

૪૫૨ खन्‌, जन्‌ અને सन्‌ ધાતુને त લાગે છે, અને તેમના અનુનાસિક ઊડી જાય છે. અનુનાસિકનો લોપ થતાં પૂર્વે ઉપાન્ત્ય અનો आ થાય છે.

खन्‌ खात, जन्‌ जात, सन्‌ सात

૪૫૩ दा તથા देનું ભૂતકૃદન્ત दत्त થાય છે. સ્વરવાળો ઉપસર્ગ જો दा પહેલાં આવે તો द ઊડી જાય છે. प्र+दा (प्रदत्त) प्रत्त. આ વખતે જો પહેલાંની इ તથા उ હ્રસ્વ હોય તો તે દીર્ઘ થાય છે. नि+दा–नीत्त. प्रदत्त રૂપ પણ થાય છે.

૪૫૪ કેટલાંક અનિયમિત ભૂતકૃદન્ત નીચે આપ્યાં છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| अव्‌ | अवित | क्षै | क्षाम | शो | शात – शित |
| अद्‌ | जग्ध | गै | गीत | क्ष | क्षाम |
| पच्‌ | पक्व | | | फल्‌ | फुल्ल |
| धा | हित | दो | दित | पा | पीत |
| | | | | श्रा | ~~श्रात~~, श्राण રાંધેલું |
| कृश्‌ | कृश | | | | शृत ઉકાળેલું |

૪૫૫ ભૂતકૃદન્ત કેટલીક વખતે નામ તરીકે પણ વપરાય છે; પણ शी–शयित, નિદ્રા તે વખતે તેઓ નાન્યતર જાતિમાં હોય છે. क्रीड् क्रीडित રમત, स्मि – स्मितं હાસ્ય

## ભવિષ્ય કૃદન્ત ( Future Participle )

બીજા ભવિષ્યકાળનાં કર્તરિ તથા કર્મણિનાં રૂપો કરવાને ત્રીજા પુરુષ એકવચનનું રૂપ લઈને તેમાંથી अन्ति તથા अन्ते ના પ્રત્યયો કાઢી નાખીને પરસ્મૈપદમાં अत् અને આત્મનેપદમાં मान પ્રત્યય લગાડવા.

| | કર્તરિ | | કર્મણિ |
|---|---|---|---|
| | પ૦ | આ૦ | |
| कृ | करिष्यत् | करिष्यमाण | करिष्यमाण |
| | | | कारिष्यमाण |
| भू | भविष्यत् | भविष्यमाण | भविष्यमाण |
| | | | भाविष्यमाण |

## વિધ્યર્થ કૃદન્ત (Potential Passive Participle)

૪૫૬ 'કરાવું જોઈએ', 'ખવડાવવું જોઈએ' એવા પ્રકારના પ્રયોગોમાં વિધ્યર્થ કૃદન્ત આવે છે. આ કૃદન્તને तव्य, अनीय, અને य એ ત્રણ પ્રત્યયો લગાડવામાં આવે છે.

तव्य અને अनीय પહેલાં અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય સ્વરનો ગુણ થાય છે. तव्य પહેલાં सेट् ધાતુને इ લાગે છે, अनिट्ने નથી લાગતી, અને वेट्ने વિકલ્પે લાગે છે. ધાતુના ઉપાન્ત્ય ऋનો अनीय પહેલાં अर् કરવો જોઈએ.

| | | |
|---|---|---|
| कृ | कर्तव्य | करणीय |
| स्मृ | स्मर्तव्य | स्मरणीय |
| भू | भवितव्य | भवनीय |

| | | |
|---|---|---|
| दृश् | द्रष्टव्य | दर्शनीय |
| सृज् | स्रष्टव्य | सर्जनीय |
| भृस्ज् | भ्रष्टव्य | भ्रज्जनीय |
| | भर्ष्टव्य | भर्जनीय |

मृज् ( ऋ નો आर् થાય છે. ) मार्ष्टव्य, मार्जनीय

गुह् ( वेट् ) गोढव्य, गूहनीय
गूहितव्य

अनीय પહેલાં દશમા ગણને તથા પ્રેરકભેદમાં લગાડવામાં આવનાર अय ઉડાડી દેવામાં આવે છે.

| | |
|---|---|
| तड् | ताडनीय |
| गण् | गणनीय |

૪૫૭ य લગાડતા પહેલાં ધાતુના સ્વરનો ગુણ થાય છે, અને અન્તિમ आनो ए થાય છે; તથા ए, ऐ અને ओने બદલે ए મુકાય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| धा | धेय | गै | गेय | जि | जेय |
| कृ | कार्य | सो | सेय | | |
| हृ | हार्य | नी | नेय | | |

૪૫૮ भुज्नां भोज्य અને भोग्य એમ બે રૂપ થાય છે. भोज्य ( ખોરાક ) નામ તરીકે વપરાય છે. भोग्य એટલે ભોગ ભોગવવાને યોગ્ય.

૪૫૯ अ પ્રત્યયવાળાં કેટલાંક રૂપો નીચે આપ્યાં છે.

| | | | |
|---|---|---|---|
| यज् | याज्य | खन् | खेय |
| रुच् | रोच्य | युज् | युग्य |
| अर्च् | अर्च्य | | योज्य |
| त्यज् | त्याज्य | | |
| पच | पाच्य | | |

| | | | |
|---|---|---|---|
| वच् | वाच्य – वाक्य (નામ) | | |
| धृ | धार्य | | |
| ग्रह् | ग्राह्य | | |
| दभ् | दाभ्य | | |
| मृज् | मार्ग्य | | |
| शंस् | शस्य | – | शंस्य |
| दुह् | दुह्य | – | दोह्य |
| गुह् | गुह्य | – | गोह्य |
| वृ | वृष्य | – | वर्य |

જો ધાતુને છેડે હ્રસ્વ સ્વર હોય, તો यની પહેલાં त् ઉમેરાય છે.

| | | | |
|---|---|---|---|
| इ | इत्य | चृत् | चर्त्य |
| स्तु | स्तुत्य | भृ | भृत्य |
| वृ | वृत्य | कृ | कृत्य – कार्य |
| आ + दृ | आदृत्य | | |

## અવ્યય કૃદન્ત (Indeclinables)

૪૬૦ 'જઈને', 'ખાઈ ને', 'પીને', વગેરે અવ્યય કૃદન્તના પ્રયોગો છે. સંસ્કૃતમાં त्वा પ્રત્યય લગાડવાથી તે રૂપ થાય છે; પણ જો ધાતુની પહેલાં ઉપસર્ગ હોય, તો य પ્રત્યય લગાડવામાં આવે છે; પણ જો ધાતુને છેડે હ્રસ્વ સ્વર હોય અને તેની પહેલાં ઉપસર્ગ હોય, તો त्य લગાડવામાં આવે છે. આ त्वा, य અગર त्य લગાડતાં પહેલાં ભૂતકૃદન્તના त પહેલાં ધાતુમાં જે ફેરફાર થાય છે તેવા ફેરફાર કરવા પડે છે. તેમજ सेट् પહેલાં इ લગાડવી, अनिट पહેલાં નહિ લગાડવી, અને वेट् પહેલાં વિકલ્પે લગાડવી.

| | |
|---|---|
| त्यज् | त्यक्त्वा |
| स्था | स्थित्वा |
| धा ( ભૂ. કૃદન્તમાં हित થાય છે. ) | हित्वा |
| वच् | उक्त्वा |
| यज् | इष्ट्वा |
| वस् | उषित्वा |
| वह् | ऊढ्वा |
| बन्ध् | बद्ध्वा |
| शास् | शिष्ट्वा |
| हा જવું | हात्वा |
| हा ત્યજવું | हित्वा |
| शी | शयित्वा ( इ લગાડતા પહેલાં પ્રથમના સ્વરનો ગુણ કરવો પડે છે. ) |
| कु | कवित्वा |
| तृष् | तृषित्वा – तर्षित्वा  આ ધાતુઓમાં इ લગાડતા પહેલાં ગુણ વિકલ્પે થાય છે. |
| मृष् | मृषित्वा – मर्षित्वा  ,, |
| कृष् | कृषित्वा – कर्षित्वा  ,, |
| मृद् | मृदित्वा  આ ધાતુઓમાં ગુણ થતો નથી. |
| कुष् | कुषित्वा  ,, |
| मुष् | मुषित्वा  ,, |
| क्लिश् | क्लिशित्वा  ,, |
| | क्लिष्ट्वा  ,, |
| मृज् | मार्जित्वा – मृष्ट्वा  वेट् ધાતુઓ છે, માટે इ વિકલ્પે લાગે છે. |
| गाह् | गाहित्वा – गाढ्वा  ,, |
| गुह् | गूहित्वा – गुहित्वा – गूढ्वा  ,, |
| सह् | सहित्वा – सोढ्वा  ,, |

| | | |
|---|---|---|
| व्रश्च् | व्रश्चित्वा | આ ધાતુઓને त्वा લગાડતી વખતે इ જોડવી નહિ. |
| स्तृ | स्तृत्वा | |
| सू | सूत्वा | ,, |
| धू | धूत्वा | ,, |
| क्षण् | क्षत्वा–क्षणित्वा | ,, |
| खन् (तन्, दम् તે જ પ્રમાણે) | खात्वा-खनित्वा | આ ધાતુઓ वेट् નથી, તોપણ वेट् જેવા ગણીને તેમને इ વિકલ્પે લગાડવી. |
| क्रम् | क्रमित्वा–क्रन्त्वा-क्रान्त्वा | |
| वृत् | वर्तित्वा–वृत्त्वा | ,, |
| डी | डयित्वा | सेट् ધાતુઓ છે, માટે इ લાગે છે. |
| श्वि | श्वयित्वा | ,, |
| शी | शयित्वा | ,, |
| कॄ | करित्वा–करीत्वा | ,, |
| कथ् | कथयित्वा | દશમા ગણના ધાતુઓને इ લાગે છે, પણ તેમની નિશાની अय् કાયમ રાખવામાં આવે છે. |
| तड् | ताडयित्वा | |
| स्यन्द् | स्यन्त्वा–स्यन्दित्वा | આ ધાતુઓનો અનુનાસિક ઊડી જતો નથી. |
| स्कन्द् | स्कन्त्वा | |
| ग्रन्थ् | ग्रन्थित्वा, ग्रथित्वा | थ् અગર फ् જેને છેડે છે એવા અનુનાસિકવાળા ધાતુઓને त्वा લગાડતા પહેલાં અનુનાસિક વિકલ્પે ઊડી જાય છે. |
| गुम्फ् | गुम्फित्वा, गुफित्वा | |
| भञ्ज् | भंक्त्वा, भक्त्वा | ज् જેને છેડે છે એવા અનુનાસિકવાળા ધાતુઓના અનુનાસિક ઊડી જાય છે. |

( તે જ પ્રમાણે रञ्ज्, अञ्ज् )

| | | |
|---|---|---|
| मस्ज् | मंक्त्वा, मक्त्वा | આ બે ધાતુઓમાં વિકલ્પે અનુનાસિક મુકાય છે. |
| नश् | नशित्वा, नंष्ट्वा, नष्ट्वा | |

| | | |
|---|---|---|
| लुभ् | लुभित्वा–लोभित्वा | કોઈ પણ વ્યંજનથી શરૂ થતા અને છેવટે व् સિવાયના વ્યંજનવાળા ધાતુમાં ઉપાન્ત્ય इ અગર उનો ગુણ વિકલ્પે થાય છે. |
| लिख् | लिखित्वा–लेखित्वा | |

૪૬૧ ધાતુની પહેલાં ઉપસર્ગ હોય તો त्वाने બદલે य મૂકવો, પણ જો હ્રસ્વ સ્વર હોય તો त्य જોડવો.

वि + धा विधाय, પણ अनुकृत्य, संप्लुत्य

वि + च्छिद् विच्छिद्य प्र + इ प्रेत्य, अधीत्य

वि + नी विनीय

य લગાડતા પહેલાં ધાતુના વ્યંજનમાં ફેરફાર કરવા.

आ + ह्वे आहूय, परि + त्रै परित्राय, उप + गै उपगीय

आ + पॄ आपूर्य, उप + वस् उपोष्य

मन्, वन् અને हन् તથા ૮ મા ગણના ધાતુઓનો અનુનાસિક ઊડી જાય છે અને त्य લાગે છે.

वि + तन् वितत्य, वि + मन् विमत्य, आ + हन् आहत्य

खन्, जन् અને सन् નો न् વિકલ્પે ઊડી જાય છે; અને જ્યારે તે ઊડી જાય છે, ત્યારે ઉપાન્ત્ય अ લંબાય છે.

अनुजन्   अनुजन्य   अनुजाय
निखन्   निखन्य   निखाय

वे, ज्या અને ज्ये ને સંપ્રસારણનો નિયમ લાગુ પડતો નથી.

प्रवाय,   प्रज्याय,   उपव्याय

य પહેલાં क्षिनी इ લંબાય છે. उपक्षीय. जागृना અન્તિમ સ્વરનો ગુણ થાય છે. प्रजागर्य

દશમા ગણના ધાતુની अय् નિશાની કાયમ રહે છે. प्रचोर्य, आगणय्य–પ્રેરક ભેદમાં પણ अय કાયમ રહે છે. प्रणमय्य. आप्नो अय વિકલ્પે કાયમ રહે છે. अवाप्य – अवापय्य

## અવ્યય કૃદન્ત

અવ્યય કૃદન્ત अम् પ્રત્યય લગાડીને પણ કરવામાં આવે છે. આ अम् લગાડતા પહેલાં અદ્યતનના કર્મણિ પ્રયોગમાં ત્રીજા પુરુષ એકવચન પૂર્વે જે इ લગાડવામાં આવે છે તે પહેલાં જેવા ધાતુમાં ફેરફારો થાય છે એવા જ અહીંઆં પણ કરવા.

| | અદ્યતન કર્મણિ | અવ્યય કૃદન્ત |
|---|---|---|
| | ત્રજો પુ. એ.વ. | |
| दा | अदायि | दायम् |
| स्मृ | अस्मारि | स्मारम् |
| नी | अनायि | नायम् |
| भू | अभावि | भावम् |

પુનરુક્તિનો અર્થ જણાવવાને માટે બે વખત આ કૃદન્ત વપરાય છે.

श्रु – श्रावम्   श्रावम्   વારંવાર સાંભળીને
भुज्– भोजं   भोजं   વારંવાર ખાઈને

## હેત્વર્થ

अम् પ્રત્યય લગાડીને જે કૃદન્ત થાય છે તે णमूल् નામથી પણ ઓળખાય છે. આને માટે નીચેના થોડાક નિયમો યાદ રાખવાના છે.

( क ) अग्रे, प्रथमं અને पूर्वं શબ્દો સાથે અગર अम् પ્રત્યય લગાડીને અવ્યય કૃદન્ત બને છે. अग्रे–प्रथमं पूर्वं वा भोजं भुक्त्वा वा व्रजति ।

( પા. ૩–૪–૨૪ विभाषाग्रेप्रथम पूर्वेषु )

( ख ) स्वादु અને लवण વગેરે શબ્દો સાથે कृनुं णमूल् વપરાય છે.

( स्वादुंकारं–लवणंकारं સ્વાદિષ્ટ બનાવીને )

( स्वादुमिणमूलं ૩–૪–૨૫ )

( ग ) दृश् તથા विद् 'જાણવું' ધાતુઓનાં णमूल् રૂપ કર્મવાચક શબ્દ સાથે આવે છે, ત્યારે તે કર્મનો અર્થ 'જથો' 'તમામ', 'નવું', 'જેટલાં' થાય છે.

कन्यादर्शं वरयति જેટલી કન્યાઓને જુએ છે તેટલી–બધીને પસંદ કરે છે.

ब्राह्मणवेदं भोजयति જેટલાને જાણે છે તેટલા અર્થાત્ બધા બ્રાહ્મણોને ખવડાવે છે.

(પા. ૩–૪–૨૯ कर्मणि दृशिविदोः साकल्ये)

એ જ અર્થમાં विद् મેળવવું અને जीव પણ यावत् સાથે णमूल् રૂપમાં આવે છે. यावज्जीवं कर्म करोति જ્યાં સુધી જીવે ત્યાં સુધી ( આખી જિંદગી સુધી ) કામ કરે છે.

यावद्वेदं दानेन यच्छति જેટલું મેળવે છે તે (બધું) દાનમાં આપે છે.

(यावतिविन्द जीवयोः ૩–૪–૩૦)

( घ ) ઔપમ્ય–સરખામણી દેખાડવાને પણ णमूल् રૂપ વપરાય છે. अजनाशं नष्टः બકરાની માફક તે નાશ પામ્યો. पार्थसंचारं चरति પાર્થની માફક ફરે છે.

( उपमाने कर्मणि च ૩–૪–૪૫ )

( ङ ) समूल, अकृत અને जीवની સાથે हन्, कृ અને ग्रह्નાં णमूल् વપરાય છે. समूलघातं हन्ति મૂળને ઉખેડી નાખે તેવી રીતે, પૂરેપૂરી રીતે મારે છે. तं जीवग्राहं गृह्णाति તેની જિંદગી રહે તેમ, (જીવતો) પકડે છે. अकृतकारं करोति પહેલાં ન કરેલું હોય તે રીતે કામ કરે છે.

(समूलाकृतजीवेषु हन्कृञ्ग्रहः ૩–૪–૩૬)

'કરણ'ના અર્થમાં हन् અને पिष्નાં णमूल् વપરાય છે. लोष्टघातं हन्ति लोष्टेन हन्ति ઢેફાથી હણે છે. उदपेषं पिनष्टि પાણીથી પીસે છે. તે જ પ્રમાણે पाणिग्राहं गृह्णाति હાથથી પકડે છે.

( च ) चर्मन् અને उदरની સાથે પણ पुर्નું णमूल् રૂપ વપરાય છે. चर्मपुरं स्तृणाति ચામડાને ઢાંકે તેવી રીતે પાથરે છે. उदरपुरं भुंक्ते પેટને ભરે તે રીતે ખાય છે. આમાં चर्म તથા उदर કર્મ તરીકે વપરાય છે.

( चर्मोदययोः पूरेः ૩–૪–૩૧ )

( छ ) हस्त અને केश સાથે ग्रह्નું णमूल् રૂપ આવે છે, અને તે 'નજીક', 'દઢ', 'મજબુત'નો અર્થ જણાવે છે. केशग्राहं युध्यन्ते કેશને નજીક (મજબુત) પકડીને લઢે છે. हस्तग्राहं હાથથી મજબુત પકડીને.

## હેત્વર્થ કૃદન્ત ( Infinitive )

હેતુ દેખાડવાને જે કૃદન્તનું રૂપ વપરાય છે તે હેત્વર્થ કૃદન્ત કહેવાય છે. 'ખાવાને', 'જવાને' વગેરે. આને માટે સંસ્કૃતમાં 'तुम्' પ્રત્યય લાગે છે.

तुम् લગાડતા પહેલાં ગુણ અગર બીજા થતા ફેરફારો પણ કરવા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| नी | नेतुम् | इ | एतुम् | कृ | कर्तुम् |
| गै | गातुम् | भू | भवितुम् | पा(પીવું) | पातुम् |
| | | | | —રક્ષણ કરવું | पालयितुम् |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪૬૨ | (ख)बुध् | बोध्धुम् | सह् | सहितुम्<br>सोढुम् | रम् | रन्तुम् |
| | वह् | वोढुम् | डी | डयितुम् | | |
| | | | शी | शयितुम् | | |

# પ્રકરણ ૧૬ મું

## નામધાતુ

૪૬૩ કેટલીક વખતે નામને પ્રત્યયો લાગવાથી ક્રિયાપદ બને છે. આવાં ક્રિયાપદો વર્તમાન કાળમાં જ વપરાય છે. તેઓ જુદા જુદા અર્થમાં આવે છે.

(क) य પ્રત્યય લગાડીને થતા ધાતુઓ.

य પ્રત્યય क्यच् સંજ્ઞાથી ઓળખાય છે. આ પ્રત્યયથી બનેલા નામધાતુઓ પરસ્મૈપદમાં જ આવે છે. તે 'ઇચ્છા'નો અર્થ દર્શાવે છે. નામને य લગાડવો, પણ य લગાડતી વખતે નીચેના ફેરફાર ધ્યાનમાં રાખવા.

(૧) જો નામને છેડે अ કે आ હોય તો તેનો ई કરવો.

पुत्र — पुत्रीयति તે પુત્ર માટે ઇચ્છા કરે છે.

(૨) અન્ત્ય इ અગર उ લંબાય છે.

गुरु — गुरूयति
कवि — कवीयति

(૩) અન્ત્ય ऋ નો री થાય છે. धातृ — धात्रीयति

(૪) અન્ત્ય ओ અને औ ના अव् અને आव् થાય છે.

नौ — नाव्यति
गो — गव्यति

(૫) નામને છેડે न् હોય તો તે ઉડી જાય છે.

आत्मन् — आत्मीयति

૪૬૪ अशननां अशनायति 'તે ખાવાને ઇચ્છે છે' અને अशनीयति તે ખોરાક મેળવવાને ઇચ્છે છે—એમ બે રૂપ થાય છે. તે જ પ્રમાણે उदकनां उदन्यति અને उदकीयति, અને धननां धनायति અને धनीयति થાય છે.

૪૬૫ કેટલીક વખતે ગણવું, માનવું, એ અર્થમાં પણ य વપરાય છે. જેમકે प्रासादीयति कुटयां भिक्षुः ભિખારી ઝુંપડીને મહેલ માને છે.

૪૬૬ नमस् અને चित्र શબ્દને 'પૂજા કરવી,' તથા 'આશ્ચર્ય પામવું' એ અર્થમાં य લગાડવામાં આવે છે.

नमस्यति विष्णुम् વિષ્ણુને પૂજે છે.

चित्रीयते श्रोतॄन् શ્રોતાઓને આશ્ચર્યચકિત કરે છે.

આ સિવાય નીચે જણાવેલી બીજી રીતે નામ ધાતુ બને છે.

(૧) काम्य શબ્દથી પણ નામ ધાતુ બનાવાય છે.

જેમકે यशस्काम्यति

(૨) નામને કોઈ પણ પ્રત્યય લગાડયા સિવાય એમને એમ નામ ધાતુ બને છે. મૂળ શબ્દને ધાતુ જેવો ગણવો, પણ તે પ્રત્યય લગાડતા પહેલાં અન્તિમ સ્વરનો ગુણ કરવો; અગર જો અન્ત્ય અનુનાસિક હોય, તો ઉપાન્ત્ય अ અગર इने દીર્ઘ કરવાં.

| | | |
|---|---|---|
| कृष्ण | कृष्णाति | કૃષ્ણની માફક વર્તે છે. |
| मातृ | मातरति | માની માફક વર્તે છે. |
| पथिन् | पथीनति | મુસાફરની માફક વર્તે છે. |
| राजन् | राजानति | રાજાની માફક વર્તે છે. |

આ રીતે જે રૂપ થાય છે તે क्विप् પ્રત્યય લગાડીને થયાં એમ કહેવાય છે.

(૩) य **પ્રત્યય લગાડીને રૂપ આત્મનેપદમાં** આવે છે. આ પ્રકારના પ્રત્યય क्यङ् કહેવાય છે.

| | | |
|---|---|---|
| જેમકે | नट | नटायते |
| | राम | रामायते |
| | विद्वस् | विद्वायते, विद्वस्यते |
| | कुमारी | कुमारायते |
| | सपत्नी | सपत्नायते, सपत्नीयते, सपतीयते |

| | |
|---|---|
| युवति | युवायते |
| सुमनस् | सुमनायते |
| रोमन्थ | रोमन्थायते |
| बाष्प | बाष्पायते |
| फेन | फेनायते |
| उष्मन् | उष्मायते |
| सुख | सुखायते |
| शब्द | शब्दायते |
| कलह | कलहायते |
| सुदिन | सुदिनायते |

(૪) इ પ્રત્યય ( णिङ् અને णिच् ) લગાડીને–પરસ્મૈપદ અને આત્મનેપદમાં.

लवण लवणयति જેમકે लवणयति अन्नम् અન્નમાં મીઠું ભેગું કરે છે.

वस्त्र वस्त्रयति

તે જ પ્રમાણે उपवीणयति उपश्लोकयति

# પ્રકરણ ૧૭ મું

## શબ્દસિદ્ધિ ( તદ્ધિત અને કૃત્ પ્રત્યયો )

૪૬૭ સંસ્કૃત ભાષાના કેટલાક શબ્દો ધાતુઓને પ્રત્યય લગાડવાથી બન્યા છે, અને કેટલાક નામને પ્રત્યય લગાડીને બનાવવામાં આવ્યા છે. આથી તે બે પ્રકારના શબ્દો બનાવવાને બે પ્રકારના પ્રત્યયો છેઃ—

**તદ્ધિત** અને **કૃત્ પ્રત્યયો**: કૃત્ પ્રત્યયો ધાતુઓને લગાડાય છે, અને તદ્ધિત પ્રત્યયો નામિક વિભકત્યન્ત પદને લાગે છે.

તદ્ધિત પ્રત્યય જુદી જુદી જાતના છે. જ્યારે તે શબ્દોને લગાડવામાં આવે છે, ત્યારે તે શબ્દોમાં કેટલાક ફેરફારો ઉત્પન્ન કરે છે.

### તદ્ધિત પ્રત્યયો

अ–(૧) અપત્યના અર્થમાં વપરાય છે. **रवण + अ = रावण**; રવણનો પુત્ર. **वसुदेव + अ = वासुदेव**; વસુદેવનો પુત્ર.

**दुहितृ + अ = दौहित्र**

**पुत्र + अ = पौत्र**

(૨) વંશજના અર્થમાં

| | | | |
|---|---|---|---|
| कुरु + अ | = | कौरव | કુરુનો વંશજ |
| पाण्डु + अ | = | पाण्डव | પાણ્ડુનો વંશજ |
| यदु + अ | = | यादव | યદુનો વંશજ |
| पुरु + अ | = | पौरव | પુરુનો વંશજ |

(૩) ‘ નું બનેલું. ’ ‘ ના અર્થમાં. ’

**देवदारु + अ = देवदारव** દેવદારુનું બનેલું.

(૪) 'ને લગતું-સંબંધી.'

निशा + अ = नैश રાત્રિને લગતું-સંબંધી.

शरद् + अ = शारद શરદ્ઋતુને લગતું-સંબંધી.

अक (૧) 'માં ઉત્પન્ન થએલું'. ग्रीष्म + अक = ग्रैष्मक ગ્રીષ્મમાં ઉત્પન્ન થએલું.

(૨) 'ને લગતું, સંબંધી'. अरण्य + अक = आरण्यक અરણ્યના સંબંધી.

**आमह**—पितृ અને **मातृ**ને લગાડાય છે, અને 'નો બાપ' એવો અર્થ જણાવે છે. **आमह** લગાડતા પહેલાં અન્ત્ય ऋ ઊડી જાય છે. पितृ + **आमह** = **पितामह** પિતાનો બાપ, **मातृ** + **आमह** = **मातामह** માતાનો બાપ.

उल—'નો ભાઈ' એ અર્થમાં **मातृ**ને લગાડાય છે. **मातृ** + उल = **मातुल** માનો ભાઈ, મામો. (उल પહેલાં **मातृ**નો ऋ લોપાય છે.)

**व्य**—જ્યારે पितृને લાગે છે, ત્યારે 'નો ભાઈ' એવો અર્થ જણાવે છે. पितृव्य બાપનો ભાઈ, કાકો; પણ જ્યારે भ्रातृને લાગે ત્યારે ભાઈનો છોકરો, ભત્રીજો એ અર્થ હોય છે. **भ्रातृव्य.**

आयन અને आयनि—તદ્ધિત પ્રત્યયથી બનેલા કુળના નામને 'નો પુત્ર' એ અર્થમાં આવે છે. દા. **दाक्षायण-दाक्षायणि**, **गार्ग्यायण-गार्ग्यायणि.**

इ—'નો પુત્ર'ના અર્થમાં આવે છે. **दशरथ** + **इ** = **दाशरथि**; દશરથનો પુત્ર. **दुष्यन्त** + **इ** = **दौष्यन्ति**; દુષ્યન્તનો પુત્ર. **कृष्ण** + **इ** = **कार्ष्णि**. **रावण** + **इ** = **रावणि**. (આ **इ** લગાડતા પહેલાં આદિ વ્યઞ્જન સાથે આવેલા સ્વરની વૃદ્ધિ કરવી પડે છે.)

**इक** (૧) નો પુત્ર. **रैवतिक** રેવતીનો પુત્ર. (૨) ભેગું કરેલું, મિશ્રિત કરો, **दाधिकं** (**दधि + इक**) દહીં સાથે મેળવેલું. (૩) હથિયાર વાપનાર **असि + इक = असीक** તરવાર વાપરનાર. તેજ પ્રમાણે **धानुष्क** નીચેના શબ્દો ઉપરથી **इक**નો અર્થ સમજી લેવો. **धार्मिक** ધર્મનું આચરણ કરનાર, **औडुपिक** હોડી ( **उडुप** ) વાળો, **हास्तिक** હસ્તી ( હાથી ) ઉપર બેસનાર, **शाकटिक** શકટ ( ગાડા )માં જનાર, **वैतनिक** ( પગાર ) ઉપર જીવનાર, **आस्तिक** ઈશ્વર છે ( **अस्ति** ) એમ માનનાર, **सौखशायनिक** જે બીજાને પૂછે છે કે તમને સુખે ઊંઘ આવી કે નહિ તે.

**लाक्षा, रोचना, शकल** અને **कर्दम** સાથે ને 'રંગાએલું, ખરડાએલું' એ અર્થમાં આવે છે. **लाक्षिक, कार्दमिक** ( કાદવથી ખરડાએલું. )

**वेद, न्याय, वृत्ति, लोकायत** અને **कल्पसूत्र** શબ્દ સિવાયના જેને છેડે **सूत्र** શબ્દ છે તેને જો **इक** લગાડ-વામાં આવે, તો 'ને અભ્યાસ કરનાર' એવો અર્થ થાય છે. **वैदिक** વેદનો અભ્યાસ કરનાર, **नैयायिक, वृत्ति + इक वार्तिक** વૃત્તિ (ટીકા) કરનાર અગર તેનો અભ્યાસ કરનાર. **सांग्रहसूत्रिक**, પણ **कालपसूत्र**.

**हस्तिन्, धेनु, केदार,** અને **कवच**ને જો લગાડવામાં આવે તો 'સમૂહ'નો અર્થ જણાવે છે. **हास्तिकं** હાથીઓનું ટોળું, **धैनुकं** ગાયોનું ટોળું, **कैदारिकं** કેદાર ( ખેતરો )નો સમૂહ, **कावाचिकं** કવચ ( બખ્તર )નો જથો.

**अध्यात्मन्, अधिदेव, अधिभूत, इहलोक,** અને **परलोक**ને જ્યારે લાગે છે, ત્યારે ' ને લગતું-સંબંધી ' એવો અર્થ

થાય છે. आध्यात्मिक, आधिदैविक, आधिभौतिक, ऐहलौकिक, पारलौकिक.

સંગીતનાં વાદ્યોને જ્યારે इक લગાડવામાં આવે છે, ત્યારે 'વગાડનાર' એવો અર્થ થાય છે. मार्दंगिक મૃદંગ વગાડનાર, वैणिक વીણા વગાડનાર. 'ની મદદથી ચાલવું' એ અર્થમાં अश्व, अश्वत्थ, रथ, जाल, व्याल, न्यास અને पादने લગાડાય છે. आश्विक અશ્વ (ઘોડા)ની મદદથી ચાલનાર, रथिक. વ્યાજે આપવાના અર્થમાં कुसीद અને दशैकादशन्ने લગાડવામાં આવે છે. कुसीदिक, दशैकादशिक જે બીજાને ૧૧ રૂપીઆ લેવાને માટે રૂ. ૧૦ ઉછીના આપે છે તે.

इन्--खल, कुटुम्ब વગેરે શબ્દોને જ્યારે એ લગાડવામાં આવે ત્યારે સમૂહનો અર્થ જણાવે છે, અને આખો શબ્દ સ્ત્રીલિંગમાં આવે છે. खलिनी ખલોનો સમૂહ (ટોળી); कुटुम्बिनी, डाकिनी ભૂતોનું ટોળું, शाकिनी વગેરે.

इय --क्षत्रने 'ની જાતિમાં જન્મેલો' એ અર્થમાં આવે છે. क्षत्रिय, राष्ट्रने 'ને લગતું-સંબંધી'ના અર્થમાં राष्ट्रिय આવે છે.

ईक—'ની વતી મારવું' એ અર્થમાં शक्ति અને यष्टिની સાથે જોડાય છે.

शाक्तीक ભાલાથી મારનાર. यष्टीक લાકડીથી મારનાર.

ईन—(૧) માં જન્મેલો એ અર્થમાં कुलની સાથે લગાડાય છે. कुलीन (૨) ગામડીઆના અર્થમાં ग्राम શબ્દ સાથે. ग्रामीण (૩) 'ના હિતનું' ના અર્થમાં आत्मन्, विश्वजन અને भोग સાથે. आत्मनीन, विश्वजनीन. (૪) 'મુસાફરી

કરનાર 'ના અર્થમાં अध्वन् સાથે. अध्वनीन. (૫) 'નું ખેતર' એ અર્થમાં माष અને तिल સાથે. माषीण, तैलीन. આ ઉપરાંત पारीण, अवारीण, पारावारीण વગેરેમાં પણ આ પ્રત્યય આવે છે.

ईय—(૧) ને લગતું, ને વિષે शालीय શાળાને લગતું તથા શાળાનું સંબંધી.

(૨) स्वसृ, पितृस्वसृ અને भ्रातृની સાથે 'નો પુત્ર 'ના અર્થમાં આવે છે. स्वस्रीय બેનનો છોકરો, ભાણેજ भ्रात्रीय ભાઈ સંબંધી.

(૩) 'નું સંબંધી; સંખ્યા '—आश्वीय ઘોડા વિષેનું, ઘોડાની સંખ્યા. નીચેના શબ્દમાં ईय પહેલાં क ઉમેરાય છે, એટલે कीय પ્રત્યય બને છે.–स्व, जन, पर, देव, राजन् , वेणु, वेत्र. દા. स्वकीय

एय—(૧) નો બાળક, આ અર્થમાં સ્ત્રીવાચક પ્રત્યયવાળા શબ્દોને લાગે છે. वैनतेय, (વિનતાનો પુત્ર) भागिनेय બેનનો પુત્ર, ભાણેજ.

(૨) शुभ्रादि વર્ગના શબ્દો शुभ्र, पुर, ब्रह्मकृत, रोहिणी, रुक्मिणी, धर्मिणी, विमातृ, विधवा, शुक्र, शुक, बन्धकी, अतिथि તથા मण्डूक તેમજ બે સ્વરોવાળો શબ્દ જેને છેડે इ હોય તેને લગાડતી વખતે 'નો પુત્ર' એવો અર્થ જણાવે છે. माण्डूकेय (મણ્ડૂકનો પુત્ર), शौभ्रेय શુભ્રનો પુત્ર, आत्रेय અત્રિનો પુત્ર, मैत्रेय મિત્રનો પુત્ર. નીચેના શબ્દોમાં તેના જુદા અર્થો થાય છે.

नादेयं નદીમાંથી થએલો ખડક. माहेय પૃથ્વીમાંથી

ઉત્પન્ન થએલું. व्रैहेय ડાંગરનું ખેતર. તે પ્રમાણે शालेय, पाथेय રસ્તામાં ઉપયોગમાં આવે તે, ભાથું. आतिथेय, वासतेय (वसति ઉપરથી) कौशेय (कुश ઉપરથી) નીચેના શબ્દોમાં एय સાથે क પણ ઉમેરાય છે. कौलेयक કુતરો, कौक्षेयक તરવાર, ग्रैवेयक ગળાનું ઘરેણું.

कट—(૧) સમૂહના અર્થમાં अविकट ઘેટાંનું ટોળું. सं, प्र, वि, नि અને उत् ઉપસર્ગ સાથે જુદા જુદા અર્થમાં આવે છે. संकट, प्रकट, विकट, निकट, उत्कट. कठ्या સંખ્યાનો અર્થ દેખાડે છે. रथकठ्या રથની સંખ્યા. चण–'માં પ્રસિદ્ધ'ના અર્થમાં विद्याचण વિદ્યામાં પ્રસિદ્ધ.

क—નીચેના શબ્દો ઉપરથી कના અર્થો સમજી શકાશે.
(૧) पञ्चक પાંચ રૂપીઆથી ખરીદેલું. (૨) मद्रक મદ્ર દેશમાં જન્મેલો. (૩) त्वत्क તારૂં, તને લગતું. (૪) पीतक પીળા રંગથી રંગેલું. (૫) उष्णक કામ કરવામાં ગરમ, જલદ. (૬) पुत्रक ગરીબડો છોકરો. देवदत्तक દુર્ભાગી દેવદત્ત. (૭) अश्वक દુષ્ટ ઘોડો. शूद्रक દુષ્ટ શૂદ્ર. (૮) अविक, मणिक, बालक વગેરેમાં कનો કશો અર્થ થતો નથી.

इमन्—पृथु, मृदु, लघु, महत् तनु, अणु વગેરે શબ્દોને લગાડવાથી ભાવવાચક નામ બને છે.
प्रथिमन् (प्रथिमा), म्रदिमा, लघिमा, महिमा, तनिमा, अणिमा.

एण्य—'ને લગતામાં ઉત્પન્ન થએલું' અર્થમાં આવે છે. प्रावृष् + एण्य = प्रावृषेण्य વર્ષાઋતુને લગતું, વર્ષાઋતુમાં ઉત્પન્ન થએલું.

कल्प, देश्य, देशीय પ્રત્યયો ' લગભગ 'નો અર્થ જણાવે છે.

विद्वत्कल्पः-देश्यः देशीयः લગભગ વિદ્વાન્

राजकल्पः લગભગ રાજા—રાજા જેવો

तन—' ને લગતું ' એ અર્થમાં કાલદર્શક ક્રિયાવિશેષણ અવ્યયને લાગે છે.

सनातन, अद्यतन, श्वस्तन, दिवातन, सायंतन.

मय—(૧) નું બનેલું काष्टमय, सुवर्णमय, मृन्मय.

(૨) નાથી ભરેલું घृतमय, अन्नमय.

पाश—તિરસ્કાર દેખાડવાના અર્થમાં भिषक्पाशः હલકો વૈદ્ય; પણ केशपाशः વાળનો સમૂહ.

य—(૧) ભાવવાચક નામના અર્થમાં

राजन् + य = राज्य તે જ પ્રમાણે सेनापत्य, दाम्पत्य, सारल्य.

(૨) ના કુલમાં જન્મેલો राजन्य ક્ષત્રિય કુલમાં જન્મેલો.

(૩) નું કર્મવાચક स्तेन + य = स्तेय ચોરી.

તે જ પ્રમાણે रथ्य, गव्य વગેરે.

ता—ભાવવાચક નામ બનાવે છે. महत्ता, लघुता; પણ ग्राम, जन, बन्धु, सहाय અને गज ની સાથે સમૂહનો અર્થ લે છે. बन्धुता સગાંવહાલાંઓનો સમૂહ; गजता હાથીઓનો સમૂહ.

आट—आल આ પ્રત્યય वाच्‌ને લગાડાય છે.

वाचाट-ल વાતોડીઓ

इत—જેમકે कुसुम+इत=कुसुमित ફૂલવાળું

फलित ફલવાળું. पुष्पित, स्तबकित, मुद्रित, पुलकित, रोमाञ्चित, मूर्च्छित, प्रतिबिंबित.

इन्–इक 'વાળા'ના અર્થમાં

दण्डिन्, शशिन्, धनिन्, मायिन्

उर्—दन्तुर

इल—उदर, पङ्क, सिकता, शर्करा, फेनने લગાડાય છે.

उदरिल, पङ्किल, सिकतिल, शर्करिल, फेनिल.

ऊल-बल અને वातने લગાડાય છે. वातूल.

ग्मिन्––वाच्ने લગાડાય છે. वाग्मिन् વક્તા.

मत्—वत् 'વાળો' એ અર્થમાં આવે છે.

बुद्धिमत्, धनवत् વગેરે. જે શબ્દને છેડે म् અથવા अ (હ્રસ્વ અગર દીર્ઘ) આવે, અગર બન્નેમાંથી એક ઉપાન્ત્ય તરીકે હોય, તો वत् લગાડવો; નહિ તો मत् લગાડવો; અગર તો જો અન્તે પ્રથમની ચાર હારનો કોઈ પણ વ્યંજન હોય (જુઓ પૃષ્ઠ ૬) તોપણ वत् લાગે છે. જેમકે यशस्वत्, विद्युत्वत्.

र—मधु, पाण्डु, सुषि, उष, पांसु, नग, ख, मुख અને कुञ्जने લગાડાય છે. 'વાળા'ના અર્થમાં

मधुर, पाण्डुर, सुषिर, उषर, पांसुर, नगर, खर, मुखर, कुञ्जर.

विन्—माया, मेधा અને स्रज्ने 'વાળા' અર્થમાં લગાડાય છે. मायाविन्, मेधाविन्, स्रग्विन्. તેમજ જે નામને અન્તે स् હોય તેને પણ લાગે છે. દા. यशस्विन्

નીચેના પ્રત્યયો પણ 'વાળું' ના અર્થમાં આવે છે.

ल—अंसल મજબુત ખભાવાળો, મજબુત. वत्सल, फेनल ફીણવાળો.

श—लोमश, रोमश વાળવાળો.

व—केशव, अर्णव.

वल—दन्तावल હાથી (દંતુશૂળવાળો) शिखावल, कृषीवल.

य—रूप्य રૂપવાળો, સુંદર. हिम्य હિમવાળું.

૪૬૮ નીચેના પ્રત્યયો લગાડવાથી ક્રિયાવિશેષણ અવ્યય બને છે.

तस्—આ પ્રત્યય પાંચમી વિભક્તિનો અર્થ પ્રકટ કરે છે. वनतः વનમાંથી. सर्वतः, मध्यतः, परितः

शस्—રીતભાત દેખાડવાને આ પ્રત્યય વપરાય છે. बहु ઘણું; बहुशः ઘણી રીતે. તેજ પ્રમાણે अल्पशः, भुरिशः

वत्—'ની માફક'ના અર્થમાં વપરાય છે. पुत्रवत् પુત્રની માફક; ब्राह्मणवत् બ્રાહ્મણની માફક.

सात्—સંપૂર્ણતાનો અર્થ લાવવાને લગાડાય છે. अग्निसात् अभवत् સંપૂર્ણ અગ્નિરૂપ થયો છે. બળીને ખાખ થઈ ગયો. भस्मसात्, राजसात्.

च्वि—જ્યારે એક વસ્તુ બીજા જેવી નથી છતાં તે બીજા જેવી છે એમ જણાવવું હોય ત્યાં च्वि પ્રત્યય લગાડાય છે. આ લગાડતાં પહેલાં, શબ્દના અન્તિમ अ અથવા आनो इ લંબાય છે અને ऋनो री થાય છે. અન્ત્ય म् અને अहस्, मनस्, चक्षुस्, चेतस्, रहस् અને रजस्ना અન્ત્ય स्નો લોપ થાય છે. પછી તેને कृ भू અગર अस्નાં રૂપ લગાડવામાં આવે છે.

पुत्र અહીંઆં पुत्रમાં અન્ત્ય अ ઊડી જાય છે, અને પછી पुत्री શબ્દ બને છે. આને भू અગર कृ ધાતુનાં રૂપ જોડવાં.

*पुत्रीभवति-पुत्रीकरोति*

गङ्गा+ई = गङ्गीभवति

पितृ+ई = पित्रीभवति

गुरु+ ई = गुरूभवति  તે જ પ્રમાણે उन्मनी स्यात्, अतिचेती करोति, विरजी करोति

च्वि પ્રત્યય નામ અને અવ્યયને લગાડવામાં આવે છે.

## કૃત્ પ્રત્યયો

૪૬૯ ધાતુઓને જે પ્રત્યય લગાડવાથી નામ અગર વિશેષણ બને છે, તે કૃત્ પ્રત્યય કહેવાય છે. નીચે કેટલાક કૃત્ પ્રત્યયો અને ધાતુમાંથી બનેલા શબ્દો આપવામાં આવ્યા છે.

अ આ પ્રત્યય જુદી જુદી રીતે આવે છે. તેને अच्, अप्, अण्, क, कञ्, खच्, खश्, खल्, घ, घञ्, ट, टक्, ड्, ण् અને श् કહે છે.

अच् (अ) કર્તાનો અર્થ જણાવે છે. पच् + अ = पच રાંધનાર; नद्–नद (नदी), चुर्–चोर. નીચેનાં નામ પણ કૃત્પ્રત્યયથી બને છે. कवलहर (कवल + हृ + अ) कवचहर, पुष्पहर, शक्तिग्रह (शक्ति + गृह् + अ), सूत्रग्रह (જનોઈ પહેરનાર), પણ सूत्रग्राह જનોઈ હાથમાં ઝાલનાર. स्तम्बेरम (स्तम्ब સ. એ. + रम्+अ) હાથી. कर्णेजप જાસુસ. खेशय, हृच्छय.
अण् કર્મવાચક શબ્દની સાથે ધાતુને अ લગાડવામાં આવે છે. (कर्मण्यम्)

अ–कुम्भकारः (ઘડો બનાવનાર; અહીંઆં कुम्भ કર્મ છે તેને कृ ધાતુ જોડયો છે.) તે જ પ્રમાણે ह्वा, वा અને मा ધાતુ કર્મ સાથે આવે ત્યારે (ह्वाकमश्च) स्वर्गह्वाय, तन्तुवाय, धान्यमाय.
अप् હ્રસ્વ અગર દીર્ઘ इ તથા उ જેને છેડે છે એવા ધાતુઓને अ પ્રત્યય લગાડાય છે.

(अ) અને તે રીતે જે શબ્દો બને છે તે ભાવવાચક અગર સ્થાન અગર ક્રિયા દર્શાવે છે भू–भवः, स्तु–स्तवः, वृ–वरः, सम्+हन् संघः, जप्–जपः

क—ઉપાન્ત્ય इ, उ, ऋ તથા ऌ સ્વરો જેમાં હોય તેવા ધાતુઓને લાગે છે, તથા प्री અને कृ ધાતુને લાગે છે, અને 'કર્તા'નો અર્થ જણાવે છે.

लिख्+अ=लिख લખનાર, प्री+अ=प्रियः પ્રશંસા કરનાર. कृ+अ–करः ઉપસર્ગવાળા અગર ઉપસર્ગ વગર ધાતુને છેડે आ હોય તો– પણ તે લગાડાય છે. તે વખતે અન્ત્ય आ ઊડી જાય છે. ज्ञा+अ–ज्ञः, प्र+ज्ञा+अ=प्रज्ञः, ह्वे+अ–ह्वः, आ+ह्वे+अ=आह्वः

कञ् (अ) दृश्નો અર્થ 'જોવું' એવો થતો હોય ત્યારે, સર્વનામની સાથે તે આવે છે. एतद्+दृश्+अ=एतादृश તેના જેવું. खच् અને खश् (अ) કર્મવાચક શબ્દની સાથે ધાતુ આવે છે અને તેને अ પ્રત્યય લાગે છે અને વચ્ચે म् મુકાય છે. (૧) प्रिय અને वश् પછી वद् ધાતુને खच् (अ) પ્રત્યય લાગે છે. प्रियंवदः वशंवदः क्षेमं–प्रियं –मद्रं–करः भयंकर. (૨) સુબન્ત પછી गम् ધાતુને પણ લાગે છે. विहङ्गम (૩) તે જ પ્રમાણે भृ, तृ, वृ, जि, धृ, सह् , तप् અને दम्ની સાથે લાગે છે, અને આખો શબ્દ નામ બને છે. विश्वंभर, रथंतर, शत्रुंजय, युगंधर, परंतप, अरिंदम (૪) वाच् પછી यम्ने પણ अ લાગે છે. वाचंयम (૫) सर्व અને पुर् શબ્દની સાથે सह् અને दृ ધાતુઓ અનુક્રમે આવે, ત્યારે પણ सर्वंसहा, पुरंदरः (૬) सर्व, कूल, अभ्र અને करीष પછી कष् ધાતુને सर्वंकषः, कूलंकषः, अभ्रंकषः ( ૭ ) वात પછી अज्, शुनी પછી धे, तिल પછી तुद् આવે તો वातमजः પવનની સામે જતું એક જાતનું હરણ, शुनिंधयः બિલાડીનું બચ્ચું,

तिलंतुद તેલી, ઘાંચી. (૮) स्तन સાથે धे અને नाडी સાથે ध्मा આવે ત્યારે स्तनंधयः, नाडिं (डी) धमः (૯) विधु અને अरुष् પછી तुद् આવે ત્યારે, विधुंतुदः ચંદ્રને પીડનાર, રાહુ, अरुंतुदः (૧૦) असूर्य પછી दृश् અને ललाट પછી तप् આવે ત્યારે असूर्यपश्यः ललाटंतपः (૧૧) उग्र સાથે दृश्, इरस् સાથે मद् અને पाणि સાથે ध्मा આવે ત્યારે उग्रंपश्यः इरंमदः વીજળી पाणिंधमः અંધકારથી ઘેરાએલો રસ્તો, કે જેમાં થઈને ચાલતી વખતે માણસને હાથથી લોકને ખસેડવા પડે.

खल्—(अ) ईषत्, दुर् અથવા सु ની સાથે 'સરળતા' અથવા 'મુશ્કેલી'નો અર્થ જણાવનાર ધાતુ આવે ત્યારે આ પ્રત્યય લાગે છે. ईषत्कर, दुष्कर, सुकर

घ—સ્થાન, અથવા હથિયારના અર્થમાં અગર ભાવવાચક નામના અર્થમાં આવે છે. આની પહેલાં ધાતુનો च् અથવા ज्नो क् અથવા ग् થાય છે. आ+पण्+अ=आपण દુકાન. आ+खन्+अ=आखन કોદાળી. निकषः, गोचरः, संचरः, निगमः વગેરે.

घञ्—આ લગાડતી વખતે અન્તિમ च्नो क् અને ज्नो ग् થાય છે. पच्+अ=पाकः ખોરાક. कम्+अ=कामः विस्तृ+अ=विस्तारः हृ+अ=हारः वेशः (विश्+अ) ઘર. एधः (इन्ध्+अ) બળતણ. रोगः (रुज्+अ) कायः (चि+अ) न्याय (नि+इ+अ)

ट—कृ (दिवा પહેલાં હોય ત્યારે) भास्, यत्, तत्, किं, અને સંખ્યાવાચક શબ્દને ट (अ) લાગે છે. दिवाकरः भास्करः. सृ ની પહેલાં पुरः, अग्रतः अग्रे અને पूर्व આવે ત્યારે પણ એ લાગે છે. पुरःसरः अग्रतः सरः अग्रेसरः તેમજ चर् ધાતુની પહેલાં भिक्षा, सेना અને दाय હોય ત્યારે भिक्षाचरः, सेनाचरः

टक्—નીચેની બાબતમાં આ પ્રત્યય આવે છે. (૧) हन् પહેલાં जाया અથવા पति હોય ત્યારે; આ વખતે हनो घ થાય છે. जायाघ्नः, पतिघ्नः (૨) हन् પહેલાં हस्ति અને कपाट આવ્યો હોય ત્યારે; हस्तिघ्न, कपाटघ्न. (૩) पाणि, આવ્યા હોય ત્યારે पाणिघः (૪) पा 'પીવું' અને गै પહેલાં ઉપસર્ગ ન હોય ત્યારે सामगः सोमपः (સોમ પીનાર)

ड—આ પ્રત્યય નીચેના ધાતુઓ પછી આવે છે. (૧) गम्‌ની પહેલાં अन्त, अत्यन्त, अध्व, दूर, पार, सर्व, अनंत, सर्वत्र, पन्न, उरस् અને विहायस् આવ્યા હોય ત્યારે અને કર્તાનો અર્થ નીકળતો હોય તો. अन्तगः, अध्वगः, पन्नगः, उरोगः, विहगः (विहायस+गम्) (૨) गम्‌ની પહેલાં दुर् અને सु હોય ત્યારે. दुर्गः (૩) क्लेश અને तमस् પછી अप+हन् આવ્યો હોય ત્યારે; क्लेशापह, तमोपह. (૪) સપ્તમી અગર પંચમી વિભક્તિના પ્રત્યયવાળા શબ્દની સાથે जन् આવ્યો હોય ત્યારે, અગર તેની પહેલાં કોઈ ઉપસર્ગ આવ્યો હોય અને આખો શબ્દ નામ બને ત્યારે सरसिज, प्रजाः अनुजः

ण—(૧) જે ધાતુને છેડે आ સ્વર હોય તેને ण (अ) લગાડાય છે. આ વખતે વચ્ચે य મૂકવો પડે છે. દા. दा–दायः (૨) श्यैની પહેલાં अव અગર प्रति હોય ત્યારે अवश्याय ધુમસ, प्रतिश्याय (૩) इ, स्रु, सो અને हृની પહેલાં ઉપસર્ગ હોય ત્યારે अत्यायः अस्रावः (૪) लिह्, श्लिष्, ग्रह्, व्यध्, श्वस् અને भू ધાતુને लेहः, श्लेषः, ग्राहः, व्याधः, श्वासः, भावः (૫) नी અને दुनी પહેલાં ઉપસર્ગ ન હોય ત્યારે नायः (નેતા) दावः (અરણ્યનો અગ્નિ)

(૬) ज्वल्, चल्, जल् વગેરે શબ્દોને अच् પણ લાગે છે. ज्वाल અથવા ज्वल, जाल અથવા जल (૭) કર્મની સાથે शील्, कम् અને भक्ष् ધાતુ આવે ત્યારે मांसशीलः, मांसभक्षः, मांसकामः (૮) ईक्ष्, क्षम् અને आचम् ધાતુને सुखप्रतीक्षः, बहुक्षमः, कल्याणाचरः (૯) ह्वे, वे અને मा ધાતુઓ કર્મવાચક શબ્દ પછી આવે ત્યારે तंतुवायः વણકર धान्यमायः (૧૦) निः ઉપસર્ગવાળા अद् ધાતુને न्यदः ખોરાક

इन् – કર્તૃત્વના અર્થમાં આવે છે. अनुजीविन्, निवासिन्, अपराधिन्, भाविन्.

क्विप् – ધાતુને કોઈ પણ પ્રત્યય લગાડયા સિવાય તેનો તે શબ્દ નામ તરીકે વપરાય ત્યારે આ પ્રત્યય લગાડયો કહેવાય છે.

| | | નામ |
|---|---|---|
| राज् | પ્રકાશે છે. | राज् રાજા |
| द्विष् | દ્વેષ કરવો. | द्विष् દ્વેષ કરનાર, શત્રુ. |

ति – આનાથી ભાવવાવાચક નામ બને છે. ભૂતકૃદન્તના त પહેલાં જેવા ફેરફાર થાય છે, તેવા જ આ પ્રત્યય પહેલાં ધાતુમાં ફેરફાર થાય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| कृ + ति | कृति | स्था | स्थिति | मन् | मति |
| यज् | इष्टि | शक् | शक्ति | हन् | हति |
| गम् | गति | गै | गीति | दो | दीति |
| नम् | नति | वच् | उक्ति | | |
| रम् | रति | श्रु | श्रुति | | |

કેટલીક વખત तिने બદલે न પ્રત્યય લાગે છે.

| | |
|---|---|
| ग्लै | ग्लानि |
| म्लै | म्लानि |

तृ   કર્તૃત્વના અર્થમાં આવે છે.

भृ भर्तृ, सृज् स्रष्टृ, सू सवितृ, मा मातृ.
गम् गन्तृ, दृश् द्रष्टृ, नी नेतृ, कृ कर्तृ.

त्र   આ પ્રત્યય અમુક ધાતુઓને લાગવાથી 'કર્મના સાધન નો અર્થ પ્રકટ કરે છે. તે નપુંસકલિંગમાં હોય છે. वस् + त्र=वस्त्र પહેરવું, પહેરવાનું સાધન, લુગડું. वच् + त्र=वक्त्र બોલવાનું સાધન, મોઢું. शंस्+त्र=शस्त्र મારવાનું સાધન, હથિયાર. स्तु + त्र = स्तोत्र સ્તુતિ કરવાનું સાધન. पा+त्र पात्र=પીવાનું સાધન, વાસણ. अस्+त्र=अस्त्र ફેંકવાનું સાધન. તેજ પ્રમાણે पत्र, नेत्र, क्षेत्र, छत्र ( छद् ઢાંકવું ઉપરથી ) मन्त्र, पतत्र પાંખ ( पत् પડવું ઉપરથી) यन्त्र, तन्त्र.

न – લગાડવાથી ક્રિયાવાચક નામ બને છે. તે यज्, याच् અને यत् તથા प्रच्छ्ની સાથે આવે છે.

यज्ञ, याच् याच्ञा, यत्न, प्रश्न.

र – લગાડવાથી વિશેષણ થાય છે. તે नम्, कम्प्, स्मि, हिंस् વગેરેને લગાડાય છે नम्र, कम्प्र કમ્પનાર स्मेर (वदन) હસતું મુખ, हिंस्र.

वर – जि અને नश्ने લગાડાય છે. जित्वर, नश्वर.

श—पा, घ्रा, ध्मा, दा, धे, दृश्, लिप्, विद्ने લાગે છે. पिबः जिघ्रः धयः ददः विन्दः (गोविन्दः अरविन्दः)

आ—ધાતુને લાગવાથી ભાવવાચક નામ બને છે. ईक्ष+आ=ईक्षा वाञ्छ्+आ=वांछा. चित् चिन्ता. कृप् कृपा, दय्–दया, जॄ–जरा.

अक—(क्वुन्, ण्वुल्, वुञ्, वुत्, ष्वुन्) क्वुन् (अक) रञ्ज्ने લાગે છે. रजक ધોબી ण्वुल् (अक) તમામ ધાતુઓને લાગે છે, અને ક્રિયાના કર્તાનો અર્થ જણાવે છે. पच्+अ= पाचक, गै+अक=गायक ગાનાર, नी+अक=नायक દોરનાર, हन्+अक=घातक, धा+अक=धायक. शम् વર્ગના ધાતુઓને લગાડતી વખતે ઉપાન્ત્ય સ્વર લંબાતો નથી. शमक, दमक, जनक, કેટલાક ધાતુઓ લગાડવાથી રોગનાં નામ જણાવે છે. छृद् प्रच्छर्दिका ઉલટી થવી. प्रवाहिका મરડો. चर्च्-विचर्चिका ખસ. કેટલીક વખત ધાતુનો જ અર્થ જણાવે છે. आस्-आसिका બેસવું તે. शी-शयिका સૂવું તે.

वुञ्—(अक) निन्द्, हिंस् क्लिश्, खाद्, विनश्, परिक्षिप्, रह्, वद्, व्ये, माष् અને सृને 'ક્રિયાનો કર્તા' અગર 'ટેવવાળો'ના અર્થમાં લગાડાય છે. निंदक, हिंसक, क्लेशक, परिक्षेपक. दिव् અને कुश्ની પહેલાં आ આવે તો आदेवक જુગારી. आक्रोशक ગાળો દેનાર.

वुत्-प्रु, स्रु અને लुને 'ની અંદર પ્રવીણ' એ અર્થમાં લગાડાય છે. प्रु + अक = प्रवक, स्रु + अक=स्रवक, लु + अक = लवक કાપવામાં પ્રવીણ.

ष्वुन् - नृत्, खन् અને रञ्ज् ને 'કળાના જાણનાર'ના અર્થમાં લગાડાય છે. नृत् + अक=नर्तक, खनक, रजक રંગનાર.

अथु (अथुच्) वेप् + अथु=वेपथु કંપ, श्वयथु, दवथु દુઃખ.

आक (षाकन्) जल्प्, भिक्ष्, कुट्ट्, लुंठ् અને वृને લગાડાય છે. जल्पाक, भिक्षाक, कुट्टाक કાપનાર, लुंठाक લુંટારો.

आरु - वंद्-वंदारु

आलु - 'વાળા'ના અર્થમાં. स्पृह्, ग्रह्, पत्, दय्, ધાતુઓના પ્રેરક રૂપને તથા निद्रा, तन्द्रा અને श्रद्धाને લગાડવામાં આવે છે. स्पृहयालु, दयालु, निद्रालु, श्रद्धालु.

इ (इक्, इण्, इञ्, कि)

इक् – कृष् = कृषि, गॄ = गिरि

इञ् – वप् અને બીજા ધાતુઓને वापि, वासि રહેઠાણ.

इण् – अज्‌ने आजिः લડાઈ.

कि कि – दा અને धा ધાતુઓને उप + आ + धा + इ = उपाधि, आ + धा + इ = आधि, संधि, व्याधि, जलधि વગેરે.

इत्र (इत्रच्) ऋ, लू, धू, पू, खन्, सह् અને चर् ધાતુઓને લાગે છે. ऋ + इत्र + अरित्र હલેસું. लवित्र (लू + इत्र) દાતરડું, धवित्र, पवित्र, खनित्र, सहित्र, चरित्र.

इन् (इनि, घिनुण्, णिनि)

इनि प्रजू, जि, दृ, क्षि, विश्रि, वम्, आव्यथ्, अभि + अम्‌ने લાગે છે. जि+इन्=जयिन्, क्षयिन्.

घिनुण् – यज्, रञ्ज्, भज्, दुष्, द्विष्, द्रुह्, दुह्, युज्, आयम्, यस्, आक्रीड्, सृ, दिव्, क्षिप्, रट्, दह्, वद्, मुह्, सृज्, (परि ઉપસર્ગ હોય ત્યારે) पृच्, ज्वर् (सं ઉપસર્ગ હોય ત્યારે), चर् (वि હોય ત્યારે) लप्, सृ, मन्थ्, वद्, वस् (प्र હોય ત્યારે), चर् (अति અને अप હોય ત્યારે) हन् (अभि હોય ત્યારે) रुध् (अनु હોય ત્યારે) આમને કર્તાના અર્થમાં લાગે છે. यज् + इन्=यजिन्, त्यागिन्, रागिन्, दोषिन् વગેરે.

णिनि – ग्रह् વર્ગના ધાતુઓને 'કર્તા'ના અર્થમાં લાગે છે, તથા स्था, वि+सि, अप+राध्, परि + भू, कुमार અગર शीर्ष, हन् પહેલાં આવ્યા હોય ત્યારે. ग्राहिन्, विषयिन्, परि-भाविन्, कुमारघातिन्, शीर्षघातिन् તેમ નીચેના દાખલા-ઓમાં પણ આ પ્રત્યય લાગે છે. उष्णभोजिन् અહીંઆં

ટેવનો અર્થ છે. साधुकारिन्, ब्रह्मवादिन्, दर्शनीयमानिन् પોતાની જાતને સુંદર માનનાર, सोमयाजिन्, उष्ट्रक्रोशिन्

इष्णु (इष्णुच्, खिष्णुच्) अलं(निरा)+कृ, प्र+जन्, पच्, पत्, मद् (उत् ઉપસર્ગ આવે ત્યારે) रुच्, अप+त्रप्, वृध्, सह् અને चर्‌ને લાગે છે.

सहिष्णु, चरिष्णु, रोचिष्णु, वर्धिष्णु, उत्पतिष्णु.

इष्णु અને उक (खिष्णुच् અને खुकञ् પ્રત્યયો आढय, सुभग, स्थल, पलित, नग्न, अंध, અને प्रिय શબ્દો भूની પહેલાં આવે તો (अभूततद्भावेના અર્થમાં)

आढयंभविष्णु–भावुक શ્રીમંત ન હોય છતાં તેવો થતો.

उ – (उ, उण् અને डु)

उ – ઇચ્છાપૂરક ક્રિયાપદના રૂપને લગાડાય છે. चिकीर्षति + उ = चिकीर्षुः (अति પ્રત્યય લઈ લેવો.) आशंस्, भिक्ष्, विद् અને इष्‌ને પણ લાગે છે. भिक्षु, विदु, इच्छु.

(डु) – भूની પહેલાં वि, प्र અને सम् આવે ત્યારે विभु, प्रभु, संभु. द्रुને પણ લગાડમાં આવે છે शतद्रु.

उक (उकन्) लष्, पत्, पद्, स्था, भू, वृष्, हन्, कम्, गम् અને शृ ને લાગે છે.

भावुक, पातुक, घातुक, कामुक.

उर्–(कुरच्) विद्–भिद् અને छिद्‌ને લાગે છે. विदुर, भिदुर, छिदुर.

ऊक–(रूक) जागृને લાગે છે, તથા यज्, जप् અને दंश्‌ના આવૃત્તિસૂચક કાળની પ્રકૃતિને લાગે છે. जागरूक, जंजपूकः, ऋषिः, यायजूक, दंदशूक સાપ, રાક્ષસ.

क्विन्–क्विप् અને ण्वि આ પ્રત્યયો લાગે ત્યારે, ધાતુને પ્રત્યયો લગાડીને પછી લોપ કરવામાં આવે છે. આથી મૂળ ધાતુઓ જ નામ બને છે.

क्विन्–(૧) स्पृश्‌ની પહેલાં સુબન્ત આવે ત્યારે घृतस्पृश्, मंत्रस्पृश् પણ उदकस्पर्शः. यज्, ऋत्विज्, धृश्, धृप्, सृज्, स्रज्, उष्णिह्, स्निह् આ શબ્દો એજ નામના ધાતુ ઉપરથી क्विन् પ્રત્યયથી થયા છે.

क्विप्–ઉપસર્ગવાળા અગર ઉપસર્ગ વગરના ધાતુને આ લગાડવામાં આવે છે. सू–प्रसू, द्विष्–प्रद्विष्, राज्–विराज्

ण्वि–मज्‌ને લાગે છે. તેનો ઉપાન્ત્ય अ લંબાય છે. प्रभाज्

ति (क्तिन्) આ લગાડવાથી ભાવવાચક અને સ્ત્રીલિંગનાં નામ બને છે. गम्+ति=गति, रम्+ति=रति, कृ+ति=कृति, यज् +ति=इष्टि, वच्+ति=उक्ति, गै + ति = गीति. पद्‌ની પહેલાં सम् અથવા वि આવે તો क्तिन् અથવા क्विप् પ્રત્યય આવે છે. सम्पत्ति અથવા संपद्, विपत्ति અથવા विपद्. ધાતુને છેડે ऋ હોય તો तिને બદલે नि લાગે છે. कॄ=कीर्णि વેરવું તે.

तृ (तच्, तृन्)

तृच् તમામ ધાતુઓને લગાડાય છે, અને કર્તાનો અર્થ દર્શાવે છે. गम् + तृ=गन्तृ, कृ+तृ=कर्तृ, क्रम्+तृ=क्रन्तृ, क्रान्तृ અથવા क्रमितृ.

त्र (ष्ट्रन्) दा, दो, नी, शास्, यु, युज्, स्तु, तुद्, सिच्, मिह् पत्, पद्, नह् અને दंश्‌ને લગાડાય છે, અને ક્રિયાના કરણનો અર્થ દેખાડે છે. नी + त्र = नेत्रं, दो + त्र=दात्रं કાપવાનું હથિયાર, દાતરડું. તેજ પ્રમાણ શસ્ત્ર, शास्त्र, स्तोत्र, पत्र, तोत्र ચાબુક મારવાનું હથિયાર, सेक्त्र ઘડો સીંચવાનું હથિયાર.

त्रिम (क्त्रिम्) કેટલાક ધાતુઓને લગાડાય છે कृ + त्रिम= कृत्रिम, दात्रिम.

थक – गै + थक = गाथक ગાનાર.

न – ( नङ्, नन् )

नङ् – यज्, याच्, यत्, विच्छ् અને प्रच्छ्ने લગાડાય છે. यज्ञ, याच्ञा, यत्न, विश्न, प्रश्न (प्रच्छ् + न)

वन् – स्वप्न

नज् – स्वप्, तृष् અને धृष्ने ' ની ટેવવાળો 'ના અર્થમાં લગાડાય છે. स्वप्नज्, ઊંઘણસી, ઊંઘવાની ટેવવાળો. तृष्णज् તરસ્યો धृष्णज् બહાદુર.

नु (क्नु) त्रस्, गृध्, धृष् અને क्षिप्ને ' ની ટેવવાળો 'ના અર્થમાં લગાડાય છે. त्रस्नु, गृध्नु, धृष्णु, क्षिप्नु.

मर (क्मरच्)–सृ + मर=सृमर જનાર, હરણ. अद् + मर = अद्मर ખાનારો, ખાઉધરો.

य (क्यप्)–व्रज्, यज् અને कृने લાગે છે ત્યારે સ્ત્રીલિંગનું ભાવવાચક નામ બને છે. (या) व्रज्या, इज्या; તેમ सम् + अज्, नि + सद्, नि + पत्, मन्, विद्, शी, भृ, मृग्, परि + चर् અને इने સ્થાન તથા કરણના અર્થમાં લાગે છે. समज्या સભા, निषद्या બજાર, મોટો ઓરડો. निपत्या લપસી પડાય એવી જમીન. विद्या, शय्या, भृत्या રોજી, मृग्या, परिचर्या.

र – नम्, कम्प्, स्मि, कम्, हिंस् અને दीप्ने લાગે છે. नम्र, कम्प्र, स्मेर, कम्र, हिंस्र, दीप्र.

रु – दा, धे, सि, सद् અને शद्ने લાગે છે. दारु આપનાર અથવા ખાનાર. धे + रु = धारु પીનાર.

सेरु, शद्रु નાશ કરનાર, सद्रु.

वन् (क्वनिप्)–पारदृश्वन्, राजयुध्वन्, सहयुध्वन्, राजकृत्वन् વગેરે દાખલાઓમાં હોય છે.

वर (क्वरप्) इ, जि, नश् અને सृने લાગે છે. इत्वर, जित्वर, नश्वर, सृत्वर.

# પ્રકરણ ૧૮ મું

## અવ્યય (નિપાત) (Indeclinables)

૪૭૧ અવ્યયને માટે યાસ્કાચાર્યે નિપાત શબ્દ વાપરે છે. નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ એ 'વ્યયી' પદો છે; કારણ કે વચન, વિભક્તિ તથા લિંગ પ્રમાણે જ્યારે વાક્યમાં વાપરીએ ત્યારે તેમના રૂપમાં ફેરફાર થાય છે, પણ જે પદોમાં એવી રીતના કોઈ પણ ફેરફાર વાક્યમાં વાપરતી વખતે થાય નહિ, ત્યારે તે અવ્યય અગર નિપાત કહેવાય છે. મુખ્ય અવ્યયો નામયોગી (ઉપસર્ગ), ઉભયાન્વયી, ક્રિયાવિશેષણ અને કેવળપ્રયોગી.

## ઉપસર્ગ (Prepositions)

'ઉપસર્ગ' ધાતુને અગર નામને લગાડવાથી તેના અર્થમાં ફેરફાર થાય છે. અહીંઆં કેટલાક થોડા ઉપસર્ગો દૃષ્ટાન્ત તરીકે આપ્યા છે.

अति – गच्छति જાય છે, પણ अतिगच्छति હદ ઓળંગી જાય છે. सर्जति સર્જે છે, પણ अतिसर्जति ધન આપે છે.

अधि – गच्छति જાય છે, अधिगच्छति મેળવે છે. एति જાય છે, अध्येति અભ્યાસ કરે છે. करोति કરે છે, अधिकरोति અધિકાર ભોગવે છે. क्षिपति ફેંકે છે. अधिक्षिपति તિરસ્કાર કરે છે, નિંદે છે.

अनु – गृह्णाति લે છે, अनुगृह्णाति મહેરબાની કરે છે. करोति કરે છે, अनुकरोति અનુકરણ કરે છે. गच्छति જાય છે, अनुगच्छति ની પછવાડે જાય છે.

अप – करोति કરે છે, अपकरोति અપકાર કરે છે.

हरति લઈ જાય છે, अपहरति લૂંટી લે છે, છીનવી લે છે.

अभि – ( તરફનો અર્થ દેખાડે છે. )

गच्छति જાય છે, अभिगच्छति ની તરફ જાય છે.

अव – तरति તરે છે, अवतरति નીચે ઉતરે છે, અવતાર ધારણ કરે છે.

गाहते નહાય છે, अवगाहते ડૂબકી મારે છે.

मन्यते માને છે, વિચારે છે; अवमन्यते તિરસ્કાર કરે છે.

नमति નમસ્કાર કરે છે, अवनमति નીચો નમે છે.

उप – वसति રહે છે, उपवसति ઉપવાસ કરે છે.

एति જાય છે, उपैति પાસે આવે છે.

करोति કરે છે, उपकरोति ઉપકાર કરે છે.

निस् – गच्छति જાય છે, निर्गच्छति બહાર જાય છે.

परा – जयति જય પામે છે, पराजयते હારે છે.

क्रमति ઓળંગે છે, पराक्रमते પરાક્રમ કરે છે.

परि – दधति મૂકે છે, परिदधति પહેરે છે.

वि -- युनक्ति જોડે છે, वियुनक्ति છુટા કરે છે.

क्रीणाति ખરીદે છે, विक्रीणाति વેચે છે.

सम्– गच्छति જાય છે, संगच्छति એકઠા થાય છે.

दधाति મૂકે છે, संदधाति સંધિ કરે છે.

हरति લઈ જાય છે, संहरति સંહાર કરે છે.

ઉપર પ્રમાણે ધાતુ સાથે ઉપસર્ગ આવવાથી ધાતુના અર્થમાં

ફેરફાર થઈ જાય છે. તે જ પ્રમાણે નામની સાથે આવવાથી પણ ફેરફાર થાય છે. મુખ્ય ઉપસર્ગો નીચે પ્રમાણે છે.

अति, अधि, अनु, अप, अभि, अव, आ, उत्, उप, दु, निर्, निस्, परा, परि, प्रति, वि, सम्, सु.

કેટલીક વખત બે અગર ત્રણ ઉપસર્ગો પણ સાથે ધાતુ પહેલાં આવે છે. જેમકે

अभिनिविश्, समुपगम्

આ સિવાય કેટલાક શબ્દો જેને સંસ્કૃતમાં ગતિ કહે છે, તે પણ ઉપસર્ગ તરીકે આવે છે. જેમકે

अन्तर्, अस्तम्, आविः, प्रादुः, पुरः, वशे.
अन्तर्दधाति. अन्तर्भवति. अन्तर्गच्छति (अन्तर्-धा, भू અને જવું અર્થવાળા ધાતુ સાથે જોડાય છે.)
अस्तंगच्छति सूर्यः आविर्भूतः प्रादुर्भूतः पुरोधावति. वशेकुर्वन्ति

## ઉભયાન્વયી અવ્યય (Conjunctions)

બે શબ્દોને અગર વાક્યોને જોડનાર શબ્દો ઉભયાન્વયી અવ્યય કહેવાય છે.

(૧) સંયોજક અવ્યય अथ, अथो, उत, च, किंच.
(૨) વિયોજક ,, वा, वा...वा.
(૩) વિકલ્પવાચક ,, अथवा, तु, किन्तु, किंवा.
(૪) સાંકેતિક ,, चेत्, यदि, यद्यपि, नोचेत् વગેરે.
(૫) પ્રશ્નાર્થ ,, आहो, आहोस्वित्, उत, उताहो, किं, किन्तु, किमुत, किंस्वित्, ननु, नवा.
(૬) વિધ્યર્થ અને આજ્ઞાર્થ अङ्ग, अथकिम्, आम्, अद्धा.

(૭) કારણવાચક અવ્યય तत्, तेन, हि.

(૮) કાલવાચક ,, यदा, तदा, यावत्-तावत्.

(૯) રીત દર્શાવનાર ,, यथा-तथा.

## કેવલપ્રયોગી અવ્યય (Interjections)

આ અવ્યય ઉદ્‌ગારવાચક છે. વાક્યમાં તેનો અન્વય નથી, માત્ર પ્રયોગ જ છે. તેના પણ જુદા જુદા પ્રકાર છે.

(૧) હર્ષવાચક हन्त, अहो

(૨) તિરસ્કારવાચક धिक्, अङ्ग, अरे, रे, रेरे, अरेरे

(૩) શોકવાચક हा, बत, हाहा, हन्त

(૪) ક્રોધવાચક आ, हुम्, हम्

(૫) સંબોધનવાચક अङ्ग, अये, अहो, भो, हंहो, हे, हो વગેરે.

ઉપર આપેલાં અવ્યયોમાંનાં કેટલાંકના ઉપયોગ આ પુસ્તકના બીજા ભાગમાં આપ્યા છે.

## ક્રિયાવિશેષણ

જે અવ્યય ક્રિયાપદના વિશેષણ તરીકે હોય તે ક્રિયાવિશેષણ અવ્યય કહેવાય છે. તે કાળ, સ્થળ, રીતિ કે કારણ દર્શાવે છે. નીચે મુખ્ય મુખ્ય ક્રિયાવિશેષણના દાખલાઓ આપ્યા છે.

अग्रतः આગળ

अग्रे પહેલાં, અગાઉ

अत्र અહીંઆં

अथ પછી, ત્યારે

अथकिम् હા

अद्य આજે

इदानीम् હમણાં

तदानीम् ત્યારે

उच्चैः ઉંચે

नीचैः નીચે

अधः હેઠળ

उपरि ઉપર

अन्येद्युः બીજે દિવસે

उत्तरेद्युः આવતા દિવસે. તે જ પ્રમાણે अपरेद्युः, इतरेद्युः

उभयेद्युः બન્ને દિવસે

सद्यः તરત જ

श्वः આવતી કાલે

ह्यः ગઈ કાલે

सुष्ठु-समीचीन સારી રીતે

ईषत्-मनाक् થોડું

बहु, भूरि, भृशं ઘણું

ऋतं સાચી રીતે

अचिरं-रेण-रात्-राय થોડા વખતમાં

अजस्रं હમેશાં, ચાલુ

अधुना હમણાં

अन्यथा નહિ તો

यत्र જ્યાં

तत्र ત્યાં

क्व ક્યાં ?

अतः તેટલા માટે

यतः જેથી, જેમાંથી

कुतः શાથી ?

किम् કેમ ?

यदा જ્યારે

कदा ક્યારે

तदा ત્યારે

यथा જેમ

तथा તેમ

यावत् જેવું

तावत् તેવું

संप्रति હમણાં

सह, साकं, समं સાથે

हि કારણ કે

एकधा એક રીતે

अनेकधा બહુ રીતે

प्रसह्य પરાણે

प्राक् પહેલાં

मुहुः વારંવાર

सकृत् એક વખતે

युगपद् એકી સાથે

अकस्मात् એકાએક

अन्तर् અંદર

बहिः બહાર

प्रायः ઘણું કરીને

प्रातः સવારે

सायं સાંજે

प्राह्णे બપોરે

नक्तं રાત્રે

शनैः ધીમે ધીમે

सहसा એકાએક

सततं સદા, હમેશાં

समया; समीपं–पे પાસે

तिर्यक् વાંકું

तूष्णीम् ચુપકીથી

ज्योक्, झटिति, झगिति, आशुः — તરત જ, જલદી

खलु ખરેખર

क्वचित् કોક વખત, કોઈક સ્થળે

किमुत કેટલું વધારે

पर्याप्तम् પૂરતું

पश्चात्–अनु પાછળ

पुरा પહેલાં

किन्तु, परन्तु, तु — પણ

निकामं ઘણું જ

तस्मात् તેટલા માટે

सामि અડધું

वृथा નકામું

मिथ्या ફોગટ

# પ્રકરણ ૧૯ મું

## સમાસ

૧ બે કે વધારે પદોનું એકીભવન તેનું નામ સમાસ. સમાસને વ્યાકરણમાં એક પ્રકારની વૃત્તિ કહી છે. વૃત્તિમાં કૃદન્ત અને તદ્ધિત પણ આવે છે. સમાસથી ભાષાની કરકસર સારી થઈ શકે છે, તેમજ લખવામાં સરળતા તથા સુંદરતા પણ આવે છે. આથી સંસ્કૃત સાહિત્યમાં સમાસનો છૂટથી ઉપયોગ થયો છે. કાદમ્બરી જેવા પુસ્તકમાં તો છ છ પાનાં જેવડો એક એક સમાસ વપરાયો હોય છે, માટે સમાસના જ્ઞાનની જરૂર છે. વાકયોમાં વપરાયલા સામાસિક શબ્દોના યથાર્થ જ્ઞાન માટે તેમજ વિદ્યાર્થીઓને પોતાને સંસ્કૃતમાં લખવાનું હોય ત્યારે બે કરતાં વધારે શબ્દોને કેવી રીતે એક પદમાં ભેગા કરવા એ સરળતાથી સમજાય માટે અહીંઆં તેનો વિચાર કરવામાં આવ્યો છે.

૨ **પ્રકાર**—મુખ્ય સમાસ પાંચ પ્રકારના છેઃ ૧ દ્વન્દ્વ, ૨ તત્પુરુષ, ૩ બહુવ્રીહિ, ૪ **અવ્યયીભાવ**, ૫ **સુપ્સુપ્સમાસ**, (કેવલસમાસ). આ સમાસના અર્થને શબ્દો છુટા કરીને દેખાડીએ તેને સમાસનો વિગ્રહ કહે છે, અને સમાસના પ્રત્યેક શબ્દને 'અવયવ' કહે છે.

૩ **द्वन्द्व समास**—જ્યારે સામાસિક શબ્દના અવયવો 'અને'થી જોડાય, ત્યારે તેને દ્વન્દ્વ **સમાસ** કહે છે. આથી વિગ્રહ કરતી વખતે તે અવયવોની વચ્ચે 'च' મૂકવો પડે છે. (चार्थे द्वन्द्वम्) આ દ્વન્દ્વના ત્રણ પેટા વિભાગો છેઃ (૧) ઇતરેતર દ્વન્દ્વ, (૨) સમાહાર દ્વન્દ્વ અને (૩) એકશેષી દ્વન્દ્વ.

૪ **इतरेतर द्वन्द्व**—જ્યારે સમાસના પ્રત્યેક અવયવનો જુદો જુદો અર્થ દર્શાવવાનો હોય, ત્યારે **ઇતરેતર દ્વન્દ્વ** કહેવાય છે. તેમાં

બધા અવયવો સમાન કક્ષાના હોય છે, અને તે પ્રત્યેક પોતાનું વ્યક્તિત્વ સાચવી શકે છે. જો બે પદો સમાસમાં એકત્ર થયાં હોય તો ઇતરેતર દ્વન્દ્વમાં આખો સામાસિક શબ્દ દ્વિવચનમાં આવે છે, અને જો બે કરતાં વધારે હોય તો તે બહુવચનમાં આવે છે. સમસ્ત સમાસનું લિંગ છેલ્લા પદના લિંગ પ્રમાણે હોય છે. **रामश्च लक्ष्मणश्च रामलक्ष्मणौ, सीता च रामश्च सीतारामौ, कर्दमश्च देवहूती च कर्दमदेवहूत्यौ, कायश्च वाङ् च मनश्च काय-वाङ्मनांसि.**

૫ **समाहार द्वन्द्व**—જ્યારે આખા સમાસમાંથી પ્રત્યેક પદનો છુટો અર્થ દેખાડવાનો ન હોય પણ તમામનો ભેગો–સમાહારનો અર્થ દેખાડવાનો હોય ત્યારે આ સમાસ વપરાય છે. આમાં સમસ્ત પદ એકવચનમાં અને નપુંસકલિંગમાં આવે છે. આમાં પ્રત્યેક પદનો અર્થ ગૌણ બને છે, અને તે સમસ્ત પદના અર્થને અધીન રહે છે. આ સમાહાર દ્વન્દ્વ નીચેની બાબતોમાં જ આવે છે.

+(क) પ્રાણીઓના અવયવો એક શબ્દમાં ભેગા આવે ત્યારે.

हस्तौ च पादौ च हस्तपादम् હાથપગ

नेत्रे च कर्णौ च नेत्रकर्णम् આંખકાન

(ख) સેનાના વિભાગો ય ત્યારે.

रथिकाश्च अश्वारोहाश्च रथिकाश्वरोहम्

(ग) જડ પદાર્થો–દ્રવ્યો, ગુણ નહિ હોય ત્યારે.

शाकश्चापूपं च शाकापूपम् શાકરોટલો.

પણ शब्दश्च स्पर्शश्च शब्दस्पर्शौ, रूपं च रसश्च रूपरसौ

---

+ द्वन्द्वश्च प्राणितूर्य सेनाङ्गानाम् २–४–२

×(घ) નદીઓનાં નામ હોય ત્યારે–પણ તે જુદા જુદા લિંગમાં હોવાં જોઈએ. गंगा च शोणश्च गंगाशोणम् પણ
गंगा च यमुना च गंगायमुने

(ङ) દેશનાં નામ જુદા જુદા લિંગમાં હોય ત્યારે.

कोसलाश्च कुरुक्षेत्रश्च कोसलकुरुक्षेत्रम्
પણ गांधाराश्च केकयाश्च गांधारकेकयाः
ગામોનાં નામ માટે ઇતરેતર દ્વન્દ્વ આવે છે. अयोध्या च मथुरा च अयोध्यामथुरे, गोकुलश्च मथुरा च गोकुलमथुरे

(च) જંતુઓનાં નામ હોય ત્યારે.

यूका च लिक्षा च यूकालिक्षम् જૂ અને લીખ.
मत्कुणाश्च यूकाश्च मत्कुणयूकम् માંકડો અને જૂઓ.
(क्षुद्रजन्तवः પા. ૨–૪–૮)

(छ) જે પ્રાણીઓની વચ્ચે નૈસર્ગિક વિરોધ હોય તેમનાં નામ માટે—(येषां च विरोधः शाश्वतिकः ૨–૪–૯)
सर्पश्च नकुलश्च सर्पनकुलम्, सिंहश्च मृगश्च सिंहमृगम्, मयूरश्च सर्पश्च मयूरसर्पम्

૬ નીચેની બાબતમાં સમાહાર દ્વન્દ્વ ઐચ્છિક રીતે આવે છે.

વૃક્ષો, મૃગ, તૃણ, ધાન્ય, મસાલા, પશુઓ, તથા अश्व–वडव, पूर्व અને अपर, उत्तर અને अधर એ શબ્દોનાં જોડકાં હોય ત્યારે

प्लक्षाश्च न्यग्रोधाश्च प्लक्षन्यग्रोधम्–धाः
चूतप्रियालपनसाशनकोविदारजम्ब्वर्क बिम्बबकुलाम्रकदम्बनीपाः–

× विशिष्ठलिङ्गोनदीदेशोग्रामाः २–४–७

नीपम् આંબો, રાયણ, પનસ, આસન, કોવિદાર, જાંબુ, આકડા, બીલી, બોલસરી, આંબલાં, કદંબ અને નીપો.

તે જ પ્રમાણે कुरबकाशोकनागपुन्नागचंपकाः–पकम् रुरु कृष्णसाराः–रम् कुशकाशम्–शाः यवगोधूमाः–धमम् ( જવ અને ઘઉં ) दधिघृते–घृतम् , अजमेषाः अजमेषम् , शुककपोताः–तम् , अश्ववडवं–वौ, पूर्वापरं–परे, अधरोत्तरं–रे.

( પાણિની ૨–૪–૧૨–૧૩ विभाषा वृक्षमृगतृणधान्यव्यञ्जन पशु शकुन्यश्व वडवा पूर्वापराधरोत्तराणाम् । विप्रतिसिद्धं चानधिकरणवाचि )

૭ ઉપર સમાહાર દ્વન્દ્વને માટે જે નિયમ આપ્યો છે તે પ્રમાણે ફળનાં નામ, સેનાનાં અંગો, વનસ્પતિ, મૃગ, પક્ષી, ક્ષુદ્ર જન્તુ, ધાન્ય, અને તૃણ સમાહાર દ્વન્દ્વમાં ત્યારે જ આવે કે જ્યારે તે શબ્દો બહુવચનમાં હોય. જેમકે आम्राणि च जम्बूनि च आम्रजम्बु, પણ आम्रं च जम्बु च आम्रजम्बुनी; रथिकाश्वाश्वारोहाश्च रथिकाश्वारोहम् પણ रथिकश्चाश्वारोहश्च रथिकाश्वारोहम् ( फलसेवावनस्पतिमृगशकुनिक्षुद्रजन्तुधान्य तृणानां बहुप्रकृतिरेव द्वंद्व एकविदितवाच्यम् વાર્તિક )

૮ एकशेष द्वन्द्व—જ્યારે એક જ શબ્દને વારંવાર સમાસમાં વાપરવાનો હોય ત્યારે ફક્ત એક જ શબ્દ રાખીને સમાસ બનાવવામાં આવે છે. આનું નાન એકશેષ દ્વન્દ્વ છે. જ્યારે એક જ શબ્દ રાખવામાં આવે તો મૂળ શબ્દનું લિંગ અને કેટલા વખત સમાસમાં તેની આવૃત્તિ થએલી છે તે પ્રમાણે તેનું વચન લેવું. જેમકે रामश्च रामश्च रामश्च रामश्च रामाः ક્વચિત્ પુલ્લિંગ તથા સ્ત્રીલિંગ ઉભય રૂપો માટે એક જ શબ્દ

વપરાય છે. જેમકે अजश्वाजा च अजौ, ब्राह्मणश्च ब्राह्मणी च ब्राह्मणौ, हंसश्च हंसी च हंसौ. આ સિદ્ધાન્તને અનુસરીને વિજાતીય શબ્દોને પણ એકશેષ દ્વન્દ્વમાં લેવામાં આવે છે. જેમકે भ्राता च स्वसा च भ्रातरौ, पुत्रश्च दुहिता च पुत्रौ, माता च पिता च पितरौ, श्वश्रूश्च श्वशुरश्च श्वशुरौ, स च देवदत्तश्च तौ. ( પાણિનિ ૧–૨–૬૪, ૧–૨–૭૦, ૭૧, ૧–૨–૭૨. भ्रातृपुत्रौ स्वसृदुहितृभ्याम् । पिता मात्रा, श्वशुरः श्वश्वा । त्यदादीनि सर्वैर्नित्यम् ) એકશેષ દ્વન્દ્વમાં જ્યારે પુ૦ અને સ્ત્રી૦ લિં. નાં પદો હોય, ત્યારે પુ૦ લિંગનું જ લિંગ કાયમ રહે છે; પણ જો પુ૦ લિં. સાથે ન૦ લિંગ હોય, તો ન૦ લિં.નો પ્રયોગ કરવો જોઈએ.

૯ દ્વન્દ્વ સમાસના નીચેના કેટલાક સમાસો અનિયમિત છે. द्यौश्च पृथिवी च दिवस्पृथिव्यौ ( તે જ પ્રમાણે द्यावाभूमी, द्यावाक्षमे, उषासासूर्यौ ), जाया च पतिश्च जायापती, जम्पती, दम्पती, रात्रौ च दिवा च रात्रिंदिवम् ( તે જ પ્રમાણે अहर्दिवम् नक्तंदिवम् ) अक्षिणी च भ्रुवौ च अक्षिभ्रुवम् , ऊरू च अष्ठीवन्तौ च ऊर्वष्ठीवम् ( જાંઘ અને ઘુંટણ ) दाराश्च गावश्च दारगवम्, धेनुश्चानड्वांश्च धेन्वनडुहौ, स्त्री च पुमांश्च स्त्रीपुंसौ.

૧૦ નીચેના સમાસો હમેશાં ઇતરેતર દ્વન્દ્વ છે. वाङ्मनसे, मधुसर्पिषी (મધ અને ઘી), शुक्लकृष्णौ, दधिपयसी દહીં અને દૂધ, अध्ययनतपसी, उलूखलमुसले ( ખાંડણીઓ અને સાંબેલું ), ऋक्साम. નીચેના સમાસો હમેશાં સમાહાર દ્વન્દ્વમાં હોય છે. गवाश्वम् , मांसशोणितम् માંસ અને લોહી, उष्ट्रखरम् ઊંટો અને ગધેડાં, तृणोपलम् ઘાસ અને પત્થરો.

૧૧ જ્યારે સગપણનો અર્થ દેખાડનાર તથા પુરોહિતનો ધંધો દર્શાવનાર ऋ સ્વરાન્ત શબ્દો દ્વન્દ્વ સમાસમાં એકત્ર થાય

ત્યારે તેના છેલ્લા પદની પહેલાંના પદમાં ऋનો आ થઈ જાય છે. माता च पिता च मातापितरौ. અહીંઆં છેલ્લું પદ पितृ છે, અને તેની પહેલાંનું मातृ છે; માટે मातृના ऋનો आ થઈ ગયો. होता च पोता च होतापोतरौ. होतृ અને पोतृ એ બન્ને યજ્ઞના પુરોહિતો છે. છેલ્લું પદ पोतृ છે, માટે તેની પહેલાંના होतृના ऋનો आ થાય છે. होता च पोता च नेष्टा च उद्गाता च होतृपोतृनेष्टोद्गातारः । અહીંઆં છેલ્લા શબ્દ उद्गातृ પૂર્વે नेष्टृ છે, માટે नेष्टृના ऋનો आ થશે.

જો पुत्र શબ્દ સગપણ દેખાડનાર ऋ સ્વરાન્ત શબ્દની પછી આવે તોપણ આ નિયમ લાગુ પડે છે.

पिता च पुत्रश्च पितापुत्रौ (પાણિનિ ૬–૩–૨૫ आनङ ऋतो द्वंद्वे)

૧૨ જ્યારે દેવતાઓનાં નામને દ્વન્દ્વમાં ભેગાં કરવામાં આવે, ત્યારે તેને દેવતા દ્વન્દ્વ કહે છે. ( देवता द्वन्द्वे च ६–३–२६ ) દેવતા દ્વન્દ્વના શબ્દોને એકત્ર કરતી વખતે ખાસ નિયમ એ યાદ રાખવાનો છે, કે જ્યારે હમેશાં એક બીજા સાથે રહેતા દેવતાઓના શબ્દો હોય તો પૂર્વે આવેલા શબ્દના અન્તિમ સ્વરને સ્થાને आ મુકાય છે. આ નિયમ वायुને લાગતો નથી. सूर्यश्च चन्द्रमाश्च सूर्याचन्द्रमसौ, मित्रावरुणौ, अग्नामरुतौ ( अग्निना इनो નિયમ પ્રમાણે आ થયો માટે अग्ना ) પણ अग्निवायू
अग्नि શબ્દ માટે એવો નિયમ છે કે જો તેના પછી सोम અગર वरुण શબ્દ આવે, તો તેની इ દીર્ઘ બને છે. अग्नीषोमौ, अग्नीवरुणौ ( ईदग्नेः सोमवरुणयोः ६–३–२७ )

૧૩ જો સમાસને અન્તે च વર્ગનો કોઈ પણ અક્ષર અગર द्, ष् અથવા તો ह् છેડે આવ્યો હોય, તો તેને अ લગાડવામાં આવે છે. वाक् च त्वक् च वाक्त्वचम्. તે જ પ્રમાણે छत्रोपानहम् છત્રી

અને જોડા, वृक्षदृषदम् ઝાડ અને પથરા. ( द्वन्द्वाच्चुदषहान्तात्समाहारे ૫–૪–૧૦૬ )

૧૪ દ્વન્દ્વ સમાસમાં જુદા જુદા અવયવોને ગમે તેવી રીતે મૂકવાના નથી, પણ અમુક ક્રમમાં તે મૂકવા જોઈએ; તેને માટે નીચેના નિયમ નક્કી કરવામાં આવેલા છે.

(क) इ અગર उ સ્વરાન્ત શબ્દને પ્રથમ મૂકવો. જો આવા શબ્દો એક કરતાં વધારે હોય, તો તેમાંના એકને પ્રથમ મૂકવો જ, બાકીનાને લેખકની ઇચ્છાનુસાર મૂકવા. शकुनिश्च भीमश्च शकुनिभीमौ ( भीमशकुनी ખોટું છે. ) पृथिव्यब्वायुतेजःआकाशानि અગર पृथिवीवाय्वप्तेजः आकाशानि અગર पृथिवीवायुतेजोऽबाकाशानि એમ ગમે તે ક્રમે આવી શકે; પણ इ અગર उ સ્વરાન્તવાળો શબ્દ પ્રથમ આવવો જ જોઈએ. ( પા. ૨–૨–૩૨ द्वन्द्वे घि. )

(ख) સ્વરાદિ પણ अ સ્વરાન્ત શબ્દોને બીજા બધા કરતાં પ્રથમ મૂકવા જોઈએ. अश्वाश्च बलीवर्दाश्च अश्वबलीवर्दाः –र्दम्. અહીંઆં बलीवर्द પહેલાં ન મૂકવો. अजमेषौ પણ मेषाजौ નહિ. (પા. ૨–૨–૩૩ अजाद्यदन्तम् )

(ग) જે શબ્દમાં થોડા સ્વરો હોય તે પહેલાં મૂકવો, અને વધારે સ્વરવાળાને પછી મૂકવો. આમાં વળી હ્રસ્વ સ્વરવાળાને પ્રથમ સ્થાન આપવું. हरिधनंजयौ, ( धनंजयहरी નહિ; કારણ કે धनंजयમાં વધારે સ્વરો છે, અને हरिમાં થોડા છે. ) તે જ પ્રમાણે हरिनारदौ, सूतशौनकौ, शुकपरीक्षितौ. ( પા. ૨–૨–૩૪ अल्पाच्तरम् लघ्वक्षरं पूर्वम् । कुशकाशौ આમાં कुशમાં લઘુવર્ણ છે, માટે તે પદ પ્રથમ મૂક્યું છે.)

(ઘ) ઋતુઓનાં તથા નક્ષત્રોનાં નામ તેમના ક્રમ પ્રમાણે મૂકવાં. ग्रीष्मवसन्तौ, हेमन्तशिशिरौ (ऋतुनक्षत्राणां समाक्षराणामनुपूर्व्येण પા. ૨–૨–૩૪ )

(ङ) વર્ણોનાં નામ, તેમના ક્રમ પ્રમાણે, એટલે પ્રથમ બ્રાહ્મણ, પછી ક્ષત્રિય, પછી વૈશ્ય અને પછી શૂદ્ર એ પ્રમાણે મૂકવાં. તેજ પ્રમાણે આશ્રમનાં નામ, વેદનાં નામ તેમના ક્રમ પ્રમાણે મૂકવાં. પ્રથમ ભાઈઓનાં નામમાં ઉમરે જે સૌથી મોટો તે પ્રથમ, પછી બીજો, પછી ત્રીજો એ રીતે ગોઠવવાં; ब्राह्मणक्षत्रियविट्शूद्राः, रामलक्ष्मणौ, भीमार्जुनौ, ब्रह्मचर्यगार्हस्थ्ये, ऋक्सामयजूंषि ( वर्णानामानुपूर्व्येण । भ्रातुर्ज्यायसः )

(च) અભ્યર્હિત —એટલે પૂજ્યના નામનો પ્રથમ પ્રયોગ કરવો. मातापितरौ, पार्वतीपरमेश्वरौ અહીંઆં પિતા કરતાં માતા તથા પરમેશ્વર કરતાં પાર્વતી વધારે પૂજ્ય માનેલાં છે.

### તત્પુરુષ

૧૫ જ્યારે સમાસમાં આવેલાં પદો એકબીજાની સાથે વિભક્તિથી જોડાયલાં હોય, ત્યારે તેને તત્પુરુષ સમાસ કહે છે. તત્પુરુષમાં સામાન્ય રીતે બે પદો હોય છે, અને પ્રથમનું પદ પછીના પદના અર્થનો નિર્ણય કરે છે. આ શબ્દ तत् અને पुरुष એ શબ્દનો બનેલો છે; અર્થાત્ ‘ તેનો પુરુષ ’ એવો એ શબ્દનો અર્થ થાય છે. આ અર્થ સમાસના લક્ષણ ઉપર પ્રકાશ નાખે છે. આ સમાસના લક્ષણમાં એમ કહ્યું કે તેનું પ્રથમ પદ પછીના પદના અર્થનો નિર્ણય કરે છે, તે પ્રમાણે તત્પુરુષમાં એકલા પુરુષના અર્થ ઉપર પ્રકાશ થતો નથી, માટે પ્રથમ પદ ‘तत्’ અહીંઆં આપ્યું છે, અને તે ‘ કયો પુરુષ ? ’ એમ શંકા થાય તો તે સૂચવે છે કે ‘ તેનો પુરુષ ’; અર્થાત્ પ્રથમ શબ્દ પછીના શબ્દના અર્થનો પ્રકાશ આપે છે, તેમજ આ શબ્દો વચ્ચે

વિભક્તિનો સંબંધ છે એ જણાવવાને 'તત્પુરુષ' નામ આપ્યું છે. અહીંઆં तत् પદ છટ્ઠી વિભક્તિનો અર્થ સૂચવે છે. તત્પુરુષની વ્યાખ્યા પ્રમાણે તેમાં બે પદો આવે: એક પદ એટલે પૂર્વપદ ગૌણ હોય છે, અને બીજું પદ એટલે ઉત્તરપદ પ્રધાન હોય છે. તત્પુરુષના મુખ્ય વિભાગ નીચે પ્રમાણે છે: (૧) તત્પુરુષ (૨) કર્મધારય-દ્વિગુ (૩) નઞ-તત્પુરુષ (૪) પ્રાદિ (૫) ગતિ અને ઉપપદ–તેમાં જ્યારે પૂર્વપદ અને ઉત્તરપદની વચ્ચે પ્રથમા સિવાયની બીજી કોઈ પણ વિભક્તિથી અન્વય હોય તો **તત્પુરુષ** કહેવાય છે, અને પ્રથમા વિભક્તિમાં અન્વય હોય તો **કર્મધારય** કહેવાય છે; અર્થાત્ તત્પુરુષ દ્વિતીયાથી સપ્તમી સુધીની વિભક્તિઓમાં આવે છે, આથી તે વિભક્તિ પ્રમાણે પણ તેના ઉપભેદો પડે છે.

(क) **દ્વિતીયા તત્પુરુષ**—જ્યારે પૂર્વપદ ઉત્તરપદ સાથે દ્વિતીયા વિભક્તિના સંબન્ધથી જોડાયું હોય, ત્યારે તેને દ્વિતીયા તત્પુરુષ કહે છે.

(૧) કોઈ પણ કાર્ય અગર સ્થિતિની સાથે તેના કાલની મર્યાદાવાચક શબ્દ જોડવામાં આવે, ત્યારે બીજી વિભક્તિ વપરાય છે.

मुहूर्तं सुखम् मुहूर्तसुखम् , वर्षं दुःखम् वर्षदुःखम् , क्षणं क्लेशः क्षणक्लेशः, दिनसंतापः (दिनं संतापः) संवत्सरवासः (संवत्सरं वासः) ( પા. ૨–૧–૨૯૪ अत्यन्तसंयोगे च )

(૨) श्रित, अतीत, पतित, गत, अयस्त, प्राप्त, आपन्न એ શબ્દો પણ બીજી વિભક્તિમાં તત્પુરુષ સમાસમાં આવે છે.

रामं श्रितः रामश्रितः, संसारमतीतः संसारातीतः, क्लेशं गतः क्लेशगतः, वैरापन्ना वैरमापन्ना, कष्टप्राप्तः

कष्टं प्राप्तः ( પા. ૨–૧–૩૪, द्वितीयाश्रितातीतपतित गतात्यस्तप्राप्तापन्नैः )

प्राप्त અને आपन्न સાધારણુ રીતે દ્વિ૦ ત૦માં છેલ્લા આવે છે, પણુ તે ક્વચિત્ પ્રથમ પણુ આવી શકે. प्राप्तसलिला प्राप्ता सलिलं, आपन्नसत्वः आपन्नसत्वं.

(૩) खट्वा શબ્દની સાથે જ્યારે કર્મણિ ભૂતકૃદન્ત વપરાય, ત્યારે खट्वाની બીજી વિભક્તિ હોય છે. खट्वामारूढः खट्वारूढः 'ખાટલામાં આરૂઢ. આ સમાસ નિન્દાવાચક છે. જે શિષ્ય જમીન ઉપર સૂઈ જવાને બદલે ખાટલામાં સૂએ છે, એવો એનો અર્થ છે. સંસ્કૃત ભાષામાં આ સમાસ નિન્દાના અર્થમાં છે, પણ તેનો વિગ્રહ નિન્દાનો અર્થ જણાવતો નથી. ( પા. ૨–૧–૨૬ खट्वाक्षेपे )

(ख) **તૃતીયા તત્પુરુષ** — પૂર્વપદ ઉત્તરપદ સાથે ત્રીજી વિભક્તિના સંબંધથી જોડાયું હોય, ત્યારે આ સમાસ આવે છે. (૧) જ્યારે એક નામ બીજું નામ જે પ્રથમના કાર્ય અગર પરિણામ રૂપ છે તેની સાથે જોડાય છે, ત્યારે પ્રથમનું નામ ત્રીજી વિભક્તિનો અર્થ જણાવે છે. असिना छेदः असिच्छेदः, कुठारेण आघातः कुठाराघातः (૨) अर्थ શબ્દ ત્રીજી વિભક્તિના અર્થમાં આવે છે. धान्येन अर्थः धान्यार्थः ( પા. ૨–૧–૩૦ ) तृतीया तत्कृतार्थेन गुणवचनेन (૩) ધાતુ સાધિત રૂપોની સાથે જ્યારે કોઈ પણ કર્તા કે કરણ અગર સાધનવાચક શબ્દો આવે, ત્યારે તૃતીયા તત્પુરુષમાં તે હોય છે. हस्ताभ्यां कृतं हस्तकृतम्, ईश्वरनिर्मितम् ( ईश्वरेण निर्मितं ) चित्र-

कारालेखितं, कुंभकारघटितः, नखभिन्नम्, हस्तविदीर्णम्, सूचिविद्धम् ( सूच्या विद्धम् ), मातृरक्षितः मात्रा रक्षितः ( પા. ૨–૧–૩૨ कर्तृकरणे कृताबहुलम् )

(૪) पूर्व, सदृश, सम, ऊन, कलह, मिश्र, श्लक्ष्ण અને अवर શબ્દો પણ તૃતીયાના યોગે આવે છે. वर्षेण पूर्वः वर्षपूर्वः, भ्रात्रा सदृशः भ्रातृसदृशः, चन्द्रेण समः चन्द्रसमः, माषेण ऊनं माषोनं, वाचाकलहः वाक्कलहः, शर्करया मिश्रा शर्करामिश्रा વગેરે. ( પા. ૨–૧–૩૧ पूर्वसदृशसमोनार्थ कलहनिपुणमिश्रश्लक्ष्णैः ) (૫) એક ખાદ્ય પદાર્થવાચક શબ્દની સાથે બીજો ખાદ્ય પદાર્થ અગર કોઈ મસાલાની ચીજનો વાચક શબ્દ આવે ત્યારે તૃ૦ ત૦ હોય છે. गुडेन धानाः गुडधानाः, दध्ना ओदनः दध्योदनः (પા. ૨–૧–૩૪, ૩૫. अन्नेन व्यञ्जनं, भक्ष्येण मिश्रीकरणम् )

(ब) પૂર્વપદ ચતુર્થીમાં હોય તે સમાસ **ચતુર્થી તત્પુરુષ** કહેવાય છે. (૧) अर्थ, बलि, हित, सुख અને रक्षित શબ્દો ચ૦ ત૦માં આવે છે. अर्थथी જે સમાસ બને છે, તે વિશેષણ રૂપે હોય છે. वणिजे अयं वणिगर्थः, वणिजे इयं वणिगर्था, वणिजे इदं वणिगर्थं, देवेभ्यो बलिः देवबलिः, राज्ञे हितम् राजहितम्, गवे सुखम् गोसुखम् (પા. ૨–૧–૩૬ चतुर्थी तदर्थार्थबलिहितसुखरक्षितैः) (૨) કોઈ પણ પદાર્થ અને તે પદાર્થમાંથી બનતી ચીજ, એમ ઉભયતાવાચક શબ્દો હોય ત્યારે, અર્થાત પ્રકૃતિવાચક શબ્દો અને વિકૃતિવાચક શબ્દો હોય ત્યારે. घटमृत्तिका घटाय मृत्तिका, अलंकाराय सुवर्णम् अलंकारसुवर्णम्, प्रतिमायै धातुः प्रतिमाधातुः, घृताय क्षीरं घृतक्षीरम्.

(घ) પૂર્વપદ અને ઉત્તરપદની વચ્ચે પંચમીનો સંબંધ હોય, તે **પંચમી તત્પુરુષ** કહેવાય છે. (૧) ભીતિવાચક શબ્દો પં૦ ત૦ પુ૦માં આવે છે. व्याघ्राद्भयम् व्याघ्रभयम् ( પા. ૨–૧–૩૭ पंचमीभयेन ) (૨) अपोत, अपोढ, मुक्त, पतित અને अपत्रस्त શબ્દો પં. ત૦ પુ૦માં આવે છે. दुःखादपेतं दुःखापेतम्, कल्पनाया अपोढः कल्पनापोढः કલ્પનાને પણ દૂર કરતો, મૂર્ખ. वृक्षपतितः वृक्षात्पतितः, व्याधिमुक्तः व्याधेर्मुक्तः

(ङ) પૂર્વપદનો ઉત્તરપદ સાથે છઠ્ઠી વિભક્તિમાં અન્વય હોય, ત્યારે **ષષ્ઠી તત્પુરુષ** કહેવાય છે. જેમકે ब्राह्मणस्य पुत्रः ब्राह्मणपुत्रः (૧) અંશ અગર વિભાગ દેખાડનાર શબ્દો સાથે ષષ્ઠી વિભક્તિમાં નામ આવે છે, અને ષ૦ ત૦ પુ૦ બને છે; પણ જો અંશ અગર વિભાગ દર્શાવનાર શબ્દ હોય તો તે સમાસમાં પ્રથમ આવે છે. આ સમાસનું નામ एकदेशी અગર अवयवी समास પણ છે. पूर्वं कायस्य पूर्वकायः, मध्यमह्नः मध्याह्नः તે જ પ્રમાણે अपरकायः, अर्धफलम्, द्वितीयं भिक्षायाः द्वितीयभिक्षा, मध्यंरात्र्याः मध्यरात्रः તે જ પ્રમાણે सायाह्नः

( પા. ૨–૨–૧૮, ૨–૩ पूर्वापराधरोत्तरमेकदेशिनैकाधिकरणे। अर्धं नपुंसकं द्वितीयतृतीयचतुर्थतुर्याण्यन्यतरस्याम् ) (૨) અમુક બનાવ બન્યાને અમુક સમય પસાર થયો છે એવો અર્થ પ્રકટ કરવાને તે સમયવાચક અને બનેલી ક્રિયાવાચક શબ્દો સમાસમાં આવે છે, અને આખો સમાસ ષ૦ ત૦ પુ૦ થાય છે. वर्षोढा वर्षः ऊढाया यस्य । संवत्सर मृतः संवत्सरो मृतस्यास्य, ( પા. ૨–૨–૫ कालाः परिमाणिना )

નીચેના દાખલાઓમાં ષષ્ઠી તત્પુરુષ સમાસ બનાવવો નહિ. (૧) જે નામશબ્દો ધાતુઓને तृ પ્રત્યય લાગીને બનાવ્યા હોય તે, અગર अक લગાડીને બનાવ્યા હોય તે. घटस्य कर्ता घटकर्ता નહિ, ओदनस्य पाचकः ओदनपाचकः નહિ. (પા. ૨–૨–૧૪ तृजकाभ्यां कर्तरि ).
આ નિયમને નીચેના શબ્દોમાં અપવાદ છે. याजक, पूजक, परिचारक, परिवेषक, स्नापक, अध्यापक, उत्सादक, होतृ, भर्तृ. જેમકે ब्राह्मणयाजकः गुरुपूजकः વગેરે. (પા. ૨–૨–૯ याजकादिभिश्च )

(૨) સંખ્યાપૂરક વિશેષણ સાથે તે આવતો નથી. આમાં द्वितीय, तृतीय, चतुर्थ અને तुर्य અપવાદમાં છે. स्तेनाना मष्टमः જોઈએ, अष्टमस्तेनः નહિ; પણ भिक्षाद्वितीयं ખરૂં.
(૩) ગુણવાચક શબ્દો સાથે ષ૦ ત૦ પુ૦નો સમાસ ન થાય. हंसस्य धवलता, हंसधवलता નહિ. (૪) तव्यथी બનેલાં રૂપો અગર त, त्वा, त्य પ્રત્યય લાગીને બનેલાં રૂપો. राज्ञः कर्तव्यम्, राजकर्तव्यम् નહિ.

(च) પૂર્વપદ ઉત્તરપદ સાથે સપ્તમી વિભક્તિના સંબંધથી જોડાયું હોય, એવો તત્પુરુષ **સપ્તમી તત્પુરુષ** કહેવાય છે. (૧) शौण्ड, धूर्त, कितव, प्रवीण, संवीत, अन्तर, अधीन, पटु, पण्डित, कुशल, चपल, निपुण, सिद्ध, शुष्क, पक्व. (પા. ૨–૧–૪૦, ૪૧ सप्तमी शौण्डैः । सिद्धशुष्क पक्व बन्धैश्च ) कर्मणि कुशलः कर्मकुशलः, चौर्ये प्रवीणः चौरप्रवीणः. वीणायां निपुणः वीणानिपुणः, कलायां पटुः कलापटुः, दैवे अधीनं दैवाधीनं. (૨) કર્મણિ ભૂતકૃદન્ત જ્યારે સમાસમાં હોય અને તેના પ્રથમ અવયવ તરીકે દિવસ અગર રાત્રિનું વિભાગસૂચક પદ હોય ત્યારે.

पूर्वाह्णे कृतम् पूर्वाह्णकृतम् । તે જ પ્રમાણે मध्यरात्रभुक्तम् ( પા. ૨-૨-૪૫ क्तेनाहोरात्रावयवाः )

૧૬ **अलुक्**—જ્યારે તત્પુરુષ સમાસમાં વિભક્તિના પ્રત્યયો કાયમ રહે, ત્યારે તે अलुक् समास કહેવાય છે.

જેમકે ओजसाकृतम् ओजसा कृतम् , अञ्जसाकृतम् , जनुषान्धः, आत्मनापञ्चमः । આમાં ત્રીજી વિભક્તિનો પ્રત્યય સમાસમાં કાયમ રહે છે.

परस्मै पदम् परस्मैपदम् , आत्मने पदम् आत्मनेपदम् । આમાં ચતુર્થીના પ્રત્યયો કાયમ રહે છે. अन्तिकादागतः, कृच्छ्रादागतः । આમાં પાંચમી વિભક્તિનો લોપ થયો નથી. वाचोयुक्ति, पश्यतोहरः સોની, देवानांप्रियः મૂર્ખ, दिशोदण्डः, दिवोदासः, दिवस्पतिः, शुनःशेपः, वाचस्पतिः, शुनोलङ्गुलः, दास्याः पुत्रः, मातुष्वसा, होतुःपुत्रः, अरण्येतिलकाः જંગલમાંથી થતા તલ જેમાંથી તેલ નીકળતું નથી; આથી જેમાંથી કોઈ પણ લાભ થાય નહિ તે. त्वचिसारः વાંસ, युधिष्ठिरः, स्तम्बेरमः, कुशेशयं, खेचरः, गेहेशूरः, पंकेरुहं, कर्णेजपः, सरसिज વગેરે. કાગડાના અર્થના શબ્દોમાં તથા मण्डूक, मशक, कच्छप, વગેરે શબ્દોમાં વિકલ્પે अलुक् આવે છે. જેમકે तीर्थेकाकः અગર तीर्थकाकः, कूपेमण्डूकः અગર कूपमण्डूकः વગેરે.

૧૭ **ઉપપદ સમાસ**—નામ અને ધાતુસાધિત શબ્દનો સમાસ, તે ઉપપદ સમાસ કહેવાય છે. જેમકે चित्रंकरोति इति चित्रकारः, कुंभं करोतीति कुंभकारः । તેજ પ્રમાણે सुवर्णकारः, गृहस्थ, ( गृहे तिष्ठतीति ) अंबुजं ( अंबुनि जायते इति ), पङ्कजं, सरोरुहं ( सरसि रोहतीति ), पयोदः ( पयोयच्छतीति ) पादपः ( पादेन पिबतीति ), उद्भिज्जं, भाष्यकारः, सूत्रकारः, वृत्तिकारः, नीचगा,

नीम्नगा, अंडजं, नर्मदा, शेषशायी વગેરે. पयोधरः એ ઉપપદ સમાસ નથી, પણ ષષ્ઠી તત્પુરુષ છે. धरतीति धरः पयसां धरः पयोधरः

કેટલીક વખતે ઉપપદ સમાસમાં બીજું પદ णमुल् રૂપ પણ હોય છે, અર્થાત્ अम् પ્રત્યયસાધિત અવ્યયી કૃદન્ત હોય છે. જેમકે स्वादुंकारं भुंक्ते 'ખોરાકને મીઠું બનાવીને ખાય છે.' તે જ પ્રમાણે अग्रेभोजं. કેટલીક વખત उच्चैः, नीचैः, तिर्यक, मुखतः વગેરેની સાથે त्वा પ્રત્યયસાધિત અવ્યયી કૃદન્ત ઉપપદ સમાસમાં આવે છે. उच्चैःकृत्य (उच्चैः कृत्वा) तिर्यक्कृत्य, नानाकृत्य, मुखतोभूय.

૧૮ **प्रादि**—જે તત્પુરુષ સમાસનો પ્રથમ અવયવ ઉપસર્ગ હોય, તે प्रादि કહેવાય છે. (પા. ૨–૨–૧૮ कुगतिप्रादयः, अतिरथः अतिक्रान्तो रथं, अतिमात्रः अतिक्रान्तोमात्राम्, निर्लंकः निष्क्रान्तो लंकायाः, प्राध्वः प्रगतोऽध्वानं प्राध्वः તે જ પ્રમાણે उपवनं.

૧૯ **गति**—ऊरी, उररी, वौषट्, वषट्, स्वाहा, स्वधा, प्रायः, श्रद्, हस्ते, पाणौ, प्राध्वं, पुरः, अदः, अंतः, कणे, मनः, अस्तं, अच्छ, तिरः, अलं, उपाजे, अन्वाजे, साक्षात्, मिथ्या, अमा, प्रादुः, आवि એ શબ્દોને त्वा પ્રત્યયવાળું कृ અગર બીજા ધાતુનું અવ્યય કૃદન્તનું રૂપ લગાડવામાં આવે અને જે સમાસ બને, તે ગતિસમાસ કહેવાય છે. જેમકે ऊरीकृत्य, उररीकृत्य, वषट्-कृत्य, प्रादुर्भूय, कणेहत्य, पाणौकृत्य, उपाजेकृत्य વગેરે. (પાણિનિ ૧–૪–૬૧ ऊर्यादिच्विडाचश्च। વળી જુઓ પા. ૧–૪–૬૨, ૬૩–૭૧, ૭૭–૭૮ )

૨૦ **कर्मधारय**—तत्पुरुष શબ્દનો 'તેનો પુરુષ' એવો અર્થ જેમ થાય છે તેમ તેનો બીજો અર્થ 'તે પુરુષ' પણ થાય છે. તે વખતે પૂર્વપદ '**तत्**' વિશેષણ તરીકે, અને ઉત્તરપદ વિશેષ્ય તરીકે લેવું પડે છે; માટે જ્યારે કોઈ પણ સમાસમાં પૂર્વપદ વિશેષણ હોય અને ઉત્તરપદ વિશેષ્ય હોય, ત્યારે તે સમાસ

कर्मधारय કહેવાય છે. ઉપર જે तत्पुरुषના દાખલા આપ્યા તેમાં પૂર્વપદનો ઉત્તરપદ સાથે પ્રથમા સિવાયની વિભક્તિથી સંબંધ હતો, પણ કર્મધારયમાં તે બે પદોનો સંબંધ પ્રથમા વિભક્તિથી જણાવાય છે. कर्मधारय બે રીતે બને છે.

(૧) જ્યારે એક પદ વિશેષણ અને બીજું પદ વિશેષ્ય હોય ત્યારે; (૨) જ્યારે પૂર્વપદ અને ઉત્તરપદને એક બીજાની સાથે સરખાવવામાં આવે ત્યારે. कर्मधारय શબ્દનો અર્થ આ પ્રમાણે છે. कर्म એટલે ક્રિયા. ક્રિયાને ધારણ કરનારાં પદોનો અર્થાત્ ક્રિયાની સાથે સરખો સંબંધ રાખનાર પદોનો એ સમાસ છે. આવાં પદો હમેશાં સમાનાધિકરણમાં અર્થાત્ એક જ વિભક્તિ–પ્રથમા વિભક્તિમાં આવે છે. દા. कृष्णसर्पः कृष्णश्चासौ सर्पश्च, धवलहंसः धवलश्चासौ हंसश्च, रक्तवस्त्रम् रक्तञ्चेदं वस्त्रञ्च, पीतांबरम् पीतंचांबरं च. આ દાખલાઓમાં વિશેષ્ય વિશેષણ ભાવ છે. એક પદ વિશેષણ છે અને બીજું વિશેષ્ય છે. આનું નામ विशेषणपूर्वपदकर्मधारयसमास કહેવાય છે; કારણ કે આમાં પ્રથમપદ વિશેષણ છે.

જ્યારે વિશેષણ સમાસ ઉત્તરપદ તરીકે હોય ત્યારે તે विशेषणोत्तरपदसमास કહેવાય છે. જેમકે वैयाकरणखसूचिः ખરાબ વ્યાકરણ જાણનાર, मीमांसकदुर्दुरूढः શંકાશીલ મીમાંસક, नृपवृन्दारकः પ્રસિદ્ધ રાજા, कुमारमृदुः કોમળ કુંવર વગેરે. इभंयुवतिः, अग्निस्तोकः થોડો અગ્નિ, गोवशा વાંઝણી ગાય. પરંતુ જો ઉભય પદો વિશેષણો હોય ત્યારે विशेषणोभयपद कर्मधारय કહેવાય છે. આમાં કાં તો બન્ને વિશેષણો હોય, અગર બન્ને કર્મણિ ભૂતકૃદન્તો હોય. शुक्लकृष्णः, कृष्णसारंग, पीतरक्तं, नीलपीतं આમાં બન્ને પદો વિશેષણો છે, પણ स्नातानुलिप्तः

आदौ स्नातः पश्चादनुलिप्तः, गृहितोज्झितं आदौगृहितं पश्चादुज्झितं पीतोद्गीर्णम् आदौपीतं पश्चादुद्गीर्णं આ દાખલાઓમાં બન્ને પદો કર્મણિ ભૂતકૃદન્તનાં છેઃ કેટલીક વખતે આવા સમાસમાં બન્ને પદો કર્મણિ ભૂતકૃદન્ત હોય ત્યારે પ્રથમનું પદ તે જ પદોના અર્થી બનેલા નકારાત્મક પદની સાથે જોડાય છે. જેમકે कृताकृतम् कृतश्चाकृतश्च

વિશેષણ કર્મધારયના વધુ દાખલાઓ ईषत्पिङ्गलः, ईषद्रक्तम्, तुल्यश्वेत, सदृशश्वेत પણ છે; પ્રથમ પદમાં कु હોય તો તેનું का થાય છે. જેમકે ( कापथम् कुत्सितः पन्थाः ) कापुरुषः कुत्सितः पुरुषः કેટલીક વખતે ईषत्‌ના અર્થમાં का થાય છે. कापयाः થોડુંક દૂધ, ईषत् पयः काम्लं તેની પછી उष्ण શબ્દ હોય તો कवोष्णं, कोष्णं અને कदुष्णम् થાય છે. ( ईषदर्थे, कवं चोष्णे ( પા. ૬-૩-૧-૫-૧૦૭ )

राजन् અને सखिन् શબ્દો સાથે कु આવે, તો તેનો किं થાય છે. જેમકે किंराजा (कुत्सितो राजा) किंसखा ( कुत्सितः सखा ) જ્યારે પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચે સાદશ્યનો સંબંધ હોય, ત્યારે પણ આ સમાસ બને છે. તે નીચે પ્રમાણે

(૧) પ્રથમપદ ઉપમાન અને ઉત્તરપદ સાધારણ ધર્મવાચક અગર ઉપમેય હોય. જેમકે घनश्यामः घनः इव श्यामः, चंद्रमुखं चन्द्रः एव मुखं. આ उपमानपूर्वपदकर्मधारय કહેવાય છે. (૨) પૂર્વપદ ઉપમેય અને ઉત્તરપદ ઉપમાન હોય. જેમકે मुखचन्द्रः मुखं चन्द्र इव, वदनकमलं वदनं कमलमिव, पुरुषशार्दुलः पुरुषः शार्दुलः इव. આનું નામ उपमानोत्तरपदकर्मधारय કહેવાય છે. સામાન્ય રીતે ઉત્તરપદમાં व्याघ्र, सिंह, ऋक्ष, ऋषभ, चन्दन, वृक, वृष, वराह, हस्तिन् , रुरु, पृषत् , नाग, कुञ्जर पुण्डरीक, चन्द्र,

पद्म, कमल, किसलय વગેરે શબ્દો આવે છે. દા. पुरुषर्षभः, राज-कुञ्जरः, पुरुषसिंहः, हस्तकमलं, वदनकमलंના બે રીતે વિગ્રહ થઈ શકે: (૧) वदनंकमलमिव (૨) वदनमेव कमलं બન્ને વિગ્રહો ખરા છે; પણ એકમાં ઉપમેય પ્રધાન છે અને ઉપમાન ગૌણ બને છે, અને બીજામાં ઉપમેય પ્રધાન છે અને ઉપમાન ગૌણ છે. બીજી રીતનો સમાસનો વિગ્રહ થાય, ત્યારે **अवधारण पूर्वपदकर्मधारय** કહેવાય છે.

૨૧ નીચેના સમાસો અનિયમિત છેઃ તેમાંનો પહેલો દાખલો मयूरव्यंसक હોવાથી તેનું નામ मयूरव्यंसकादि समास કહેવાય છે. मयूरश्चासौ व्यंसकश्च मयूरव्यंसकः લુચ્ચો ચોર, उदक् च अवाक् च उच्चावचम् ઉંચું નીચું, निश्चितं च प्रचितं च निष्प्रचं, नास्ति किंचन यस्य अकिंचनः, नास्तिकुतोभयं यस्य स अकुतोभयः, अन्यो राजा राजान्तरम्, चिदेव चिन्मात्रम्, अहमहमिति यस्यां क्रियायामभिधीयते सा अहमहमिका, अहं पूर्वम् अहपूर्वमहं पूर्वमिति यस्यां क्रियायामभिधीयते सा अहंपूर्विका. જ્યારે કોઈ સમાસનો વિગ્રહ કરતી વખતે મૂળ પદને બદલે બીજું પદ મૂકવામાં આવે, ત્યારે તેને नित्यसमास કહેવામાં આવે છે. જેમકે ग्रामान्तरम् अन्यः ग्रामः અહીંઆં મૂળમાં ग्राम અને अन्तर છે, પણ વિગ્રહમાં अन्तरને બદલે अन्य મૂકવામાં આવે છે. તે જ પ્રમાણે चिन्मात्रम् चिदेव, આગળ જણાવવામાં આવનાર અવ્યયીભાવ સમાસ તથા ब्राह्मणाय इदं ब्राह्मणार्थं જેવા ચતુર્થી તત્પુરુષના દાખલાઓની ગણના આમાં થાય છે.

૨૨ કેટલાક કર્મધારયમાં મધ્યમ પદનો લોપ થાય છે, માટે તે मध्यमपदलोपी समास કહેવાય છે. छायातरवः छायाप्रधाना तरवः આમાં प्रधान શબ્દ મૂળ સમાસમાંથી લોપાય છેઃ शाकपार्थिवः

शाकप्रियः पार्थिवः, देवब्राह्मणः देवपूजको ब्राह्मणः, कल्पवृक्षः कल्पपूरको वृक्षः, गन्धगजः गन्धप्रधानो गजः, गूडधानाः गूडमिश्रिता धानाः

૨૩ **द्विगु** એ કર્મધારયનો પેટા વિભાગ છે. જ્યારે પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય તો સમાસ દ્વિગુ કહેવાય છે. द्विगु શબ્દમાં તે સમાસનું લક્ષણ જણાય છે; કારણ કે તેનું પહેલું પદ द्वि એ સંખ્યાવાચક વિશેષણ છે. (પા. ૨–૧–૫૨૮ संख्या पूर्वोद्विगु ) દ્વિગુ સમાસ નીચેની બાબતોમાં આવે છે.

(૧) જથો દેખાડવાને; આ અર્થમાં તે એકવચનમાં હોય છે. ( द्विगुरेकवचनम् પા. ૨–૪–૧ ) त्रिभुवनं त्रयाणां भुवनानां समाहारः, पञ्चपात्रं पञ्चानां पात्राणां समाहारः, द्विरात्रं, नवरात्रं.
(૨) જ્યારે સમાસને તદ્ધિત પ્રત્યય લગાડવામાં આવે ત્યારે. જેમકે षण्णां मातॄणामपत्यम् છ માનો પુત્ર, કાર્તિકેય सप्तर्षयः, पञ्चजनाः એ કર્મધારય સમાસ છે.

જથાવાચક દ્વિગુ સમાસ નપુંસકલિંગમાં હોય છે, અને જો છેલ્લું પદ अ સ્વરાન્ત હોય તો તેને બદલે ત્યાં ई થાય છે. त्रिलोकी, अष्टाध्यायी, पञ्चवटी, પણ पञ्चपात्रं, चतुर्युगं અપવાદ તરીકે છે. અન્તે आ હોય અગર तक्ष હોય તો ई વિકલ્પે થાય છે. पञ्चखट्वी–ट्वम्, पञ्चतक्षी–क्षम्

૨૪ જે કર્મધારયના પૂર્વપદમાં न કે નિષેધક अ અગર अन् હોય તે नञ्तत्पुरुष કહેવાય છે. अपुत्रः न पुत्रः, नकुलः नकुलमस्य, नपुंसक. न स्त्री पुमान्, नाकः ( સ્વર્ગ ) न कं ( સુખ ) अकं न, अकं (સુખનો અભાવ, દુઃખ) अस्मिन्तीति, नगः न गच्छतीति, अनश्वः न अश्वः, अनुष्ट्रः न उष्ट्रः, अनृतम् न ऋतम्

આ સમાસ બનાવતી વખતે વ્યઞ્જન પહેલાં अ મૂકવો અને સ્વર પહેલાં अन् મૂકવો.

૨૫ बहुव्रीहि—જે સમાસનું પૂર્વપદ વિશેષણ હોય અને ઉત્તરપદ વિશેષ્ય હોય, અને આખું પદ બીજા પદનું વિશેષણ થાય તો તે સમાસ बहुव्रीहिं કહેવાય છે. बहुव्रीहिः શબ્દનો વિગ્રહ बहवो व्रीहयो यस्य सः, पीतांबरः कृष्णः पीताम्बरं यस्य सः, महाबाहुः, महान्तौ बाहू यस्य सः, चतुर्मुखः चत्वारि मुखानि यस्य सः, दशाननः दश आननानि यस्य सः, चतुष्पाद् चत्वारः पादाः यस्य सः, त्रिनेत्रः त्रीणि नेत्राणि यस्य सः, चंद्रानना चंद्र इवाननं यस्याः सा

बहुव्रीहि સમાસમાં જ્યારે તમામ પદોનું અધિકરણ સરખું હોય અર્થાત્ તેમની વિભક્તિ એક જ હોય, તો તે समानाधिकरण बहुव्रीहिं કહેવાય છે. ઉપર આપેલાં દૃષ્ટાંતો समानाधिकरणનાં છે, પણ જો તે પદો જુદી જુદી વિભક્તિમાં હોય, તો તે व्यधिकरण बहुव्रीहि કહેવાય છે. चक्रपाणि: चक्रं पाणौ यस्य सः આમાં चक्र એ પ્રથમા વિભક્તિમાં છે અને पाणौ સપ્તમીમાં છે, અને બન્નેનું અધિકરણ કહ્યું છે. पद्मगन्धिः पद्मस्यगन्धइवगन्धो यस्य सः, हरिणाक्षी हरिणस्याक्षिणीवाक्षिणी यस्याः सा, चन्द्रशेखरः चन्द्रः शेखरे यस्य. इभलीलः इभस्य लीलेव लीला यस्य सः, मणिप्रभः मणेः प्रभाइव प्रभा यस्य सः

बहुव्रीहिનો બીજા પણ બે ભેદો છે: (१) तद् गुणसंविज्ञान અને (२) अतद् गुणसंविज्ञान. लंबकर्णमानय આ વાક્યમાં लंबकर्णને લાવવાનું કહે છે, પણ लंबकर्ण એટલે જેના લાંબા કર્ણ છે તે, ગધેડો. અહીંઆં ‘ લંબકર્ણ ’ શબ્દમાં તેના ગુણોનું પણ સંવિજ્ઞાન છે, અર્થાત્ ગધેડાની સાથે તેના લાંબા કર્ણ આવે છે, માટે આવો સમાસ तद् गुणसंविज्ञान કહેવાય છે. તે જ રીતે पीतांबरः આ સમાસનો દાખલો છે; પણ જો આપણે चित्रगुं गोपमानय એમ કહીએ તો તેનાથી गोपनुं જ સંવિજ્ઞાન થાય છે, તેની ચિત્રવિચિત્ર ગાયોનું નહિ, માટે તે अतद् गुणसंविज्ञान बहुव्रीहि સમાસનો દાખલો છે.

૨૬ નીચેની બાબતોમાં પણ बहुव्रीहि સમાસ બને છે.

(क) પૂર્વપદ स હોય ત્યારે. सपुत्रः पुत्रेण सह विद्यमानः यः। सकलत्रः कलत्रेण सह विद्यमानः यः। તે જ પ્રમાણે सकर्मक, सकुटुम्ब, सचेलं (स्नान) કેટલીક વખત सह પણ આવે છે. દા. सहपरिवारः, सहामात्यः, सहपुत्रः। 'समान' શબ્દના અર્થમાં પણ स આવે છે. જેમકે सपत्नीकः, सोदरः समानमुदरं यस्य सः (પા. ૨-૨-૨૮ तेन सहेति तुल्ययोगे.)

(ख) कर्मव्यतिहार અર્થાત્ ક્રિયાની આવૃત્તિ વારંવાર થાય છે એવું દેખાડવાનું હોય ત્યારે, એવા સમાસ નપુંસકલિંગમાં હોય છે.दण्डादण्डि दण्डैश्च दण्डैश्च प्रहृत्येदं युद्धं प्रवृत्तं, केशाकेशि केशेषु केशेषु गृहीत्वेदं युद्धं प्रवृत्तं। તે જ પ્રમાણે लगूडालगूडि, मुष्टीमुष्टि, हस्ताहस्ति, बाहूबाहवि, मुसलामुसलि. આવા સમાસમાં એક જ પદ જે સાધન તરીકે વપરાય છે તેની આવૃત્તિ થાય છે. જુદાં જુદાં સાધનો હોય તો નહિ; તેટલા માટે हलामुसलि એ ખોટું છે.

(ग) प्रादिबहुव्रीहिः પ્રથમ પદ જ્યારે ઉપસર્ગ હોય, અને આખું પદ વિશેષણ હોય. **निर्घृणः**(पुरुषः)निर्गता घृणा यस्य सः। **निस्त्रपा** (नारी) निर्गता त्रपा यस्याः सा। **विधवा** (नारी) विगतो धवो यस्याः सा। તે જ પ્રમાણે निर्भयः। निर्मर्यादः। प्रपतितानि पर्णानि यस्य सः प्रपर्णी। उद्गाता कन्धरा यस्य सः उत्कंधरः। उद्गाता ग्रीवा यस्य सः उद्ग्रीवः।

(ग) नञ्बहुव्रीहि નઞ્તત્પુરુષ જ્યારે વિશેષણ તરીકે વપરાય ત્યારે. **अपुत्रः** (राजा) न पुत्रो यस्य सः

(घ) બે દિશાઓનાં નામ ભેગાં થવાથી બહુવ્રીહિ સમાસ બને

છે, અને તે એ બે દિશા વચ્ચેના દિશા-ખુણાનો અર્થ જણાવે છે.

**पूर्वोत्तरा पूर्वस्या उत्तरस्याश्च दिशोऽन्तरालं, दक्षिणपश्चिमा,** તેજ પ્રમાણે **उत्तरपूर्वा, दक्षिणपूर्वा.**

(ङ) સંખ્યાવાચક શબ્દની સાથે કોઈ ઉપસર્ગ, સંખ્યાવાચક શબ્દ અગર आसन्न, अदूर અથવા **अधिक** આવે અને આવી રીતે જ્યારે સમાસ બને, ત્યારે અન્તિમ સ્વર અગર અન્તિમ વ્યંજન પછીના સંખ્યાવાચક શબ્દના ઉપાન્ત્ય સ્વર સાથે લોપાય છે, અને विंशतिनो **अति** લોપાય છે. જ્યારે આવી રીતે अति લોપાય ત્યારે તેને સ્થાને अ મુકાય છે.

**उपद्वादशाः द्वादशानां समीपे ये सन्ति, द्वौ वा त्रयो वा द्वित्राः, त्रिचतुराणि त्रीणि चत्वारि वा, पञ्चषाः पञ्च षड् वा, त्रिदशाः त्रिभिरावृत्तः दश, आसन्नविंशाः विंशतेरासन्ना, चत्वारिंशतः अदूराः अदूरचत्वारिंशाः**

(च) કેટલાક **बहुव्रीहि** સમાસમાં છેવટે क ઉમેરવામાં આવે છે. ખાસ કરીને ई અગર ऊ સ્વરાન્ત સ્ત્રીલિંગમાં અને ऋકારાન્ત શબ્દોને હમેશાં તે ઉમેરવામાં આવે છે, અને બીજે વિકલ્પે આવે છે.

**द्विप्रकारकं, ब्रह्मविषयकं, सपत्नीक, सस्त्रीक, सवधूक, निःश्रीक, अकर्मक, सकर्मक.**

(छ) સંખ્યાવાચક પદ પહેલું હોય ત્યારે **द्विगुबहुव्रीहि** બને છે. જેમકે चतुश्शालंगृहं चतस्रः शालयाः यस्य तत् । જે बहुव्रीहिમાં ત્રણ પદ હોય તે त्रिपदी बहुव्रीहि કહેવાય છે. જેમકે

**उत्तरपदप्रधान, अन्यपदप्रधान.**

૨૭ **अव्ययीभाव** જે સમાસનું પૂર્વપદ અવ્યય હોય અને આખો સમાસ પણ અવ્યય હોય, તે અવ્યયીભાવ કહેવાય છે. આમાં પૂર્વપદ પ્રધાન હોય છે. **अव्ययीभाव** એટલે જે અવ્યય નથી તે અવ્યયરૂપ થાય; તે સમાસના શબ્દો વસ્તુતઃ અવ્યય નથી પણ તે આખો સમાસ અવ્યય તરીકે વપરાય છે, માટે **अव्ययीभाव** કહેવાય છે. એ રીતે **अव्ययीभाव** શબ્દ તેના અર્થ ઉપર પ્રકાશ ફેંકે છે. **अव्ययीभाव** શબ્દ **च्वि** પ્રત્યય લાગીને થયો છે. સામાન્ય રીતે પ્રથમ પદ ' અવ્યય ' અને પછીનું પદ ' નામ ' હોય છે, આખો સમાસ એકવચનમાં અને ન૦ લિંગમાં આવે છે. અને તે અવ્યય તરીકે વપરાય છે.

**अव्ययीभाव** સમાસમાં આવતાં અવ્યયો જુદા જુદા અર્થો દેખાડે છે. કેટલાંક માત્ર (૧) વિભક્તિનો અર્થ જણાવે છે. દા. अधि જેમકે अधिहरि हराविति (૨) उप સામીપ્યનો અર્થ उपनदं नद्याः समीपं (૩) सु–સમૃદ્ધિનો અર્થ सुमद्रं मद्राणां समृद्धि (૪) ખરાબ સ્થિતિનો અર્થ दुःથી દેખાડાય છે. दुर्यवनं यवनानां व्यृद्धिः (૫) निर्‌થી અભાવનો અર્થ થાય છે. निर्वृक्षम् वृक्षाणामभावः (૬) अति અતિશય અગર અત્યય દેખાડે છે. अतियौवनं यौवनस्यात्ययः, अतिमात्रं मात्रायाः अत्ययः (૭) अति ક્વચિત્ અસંપ્રતિ કાલની અનુચિતતા દેખાડે છે. अति-निद्रम् निद्रा संप्रति न युज्यते इति (૮) इति પ્રાદુર્ભાવનો અર્થ દેખાડે છે. विष्णुशब्दस्य प्रकाशः इतिविष्णु (૯) अनु પછીનો અર્થ જણાવે છે. अनुगोविन्द गोविंदस्य पश्चात् (૧૦) अनु યોગ્યતાના અર્થમાં પણ આવે છે. अनुगुणं गुणानां योग्यम्। अनु અનુક્રમ પણ દેખાડે છે. अनुक्रमम् क्रमस्यानुपूर्व्येण (૧૧) प्रति વીપ્સા, પુનરાવૃત્તિ જણાવે છે. प्रतिवर्षं वर्षे-वर्षे इति, अर्थमर्थं प्रति प्रत्यर्थं (૧૨) અભંગ દર્શાવવાને **यथा** આવે

છે. यथामति मतिमनतिक्रम्य यथास्यात्तथा (૧૩) સાદૃશ્યનો અર્થ દેખાડવાને स વપરાય છે. सहरि हरेः सादृश्यम् (૧૪) યૌગપદ્ય 'એકી વખતે'ના અર્થમાં પણ स આવે છે. सचक्रं चक्रेण युगपत् (૧૫) 'સાકલ્ય' તમામ, અર્થમાં सનો ઉપયોગ થાય છે. सकुटुम्बं कुटुम्बपप्यपरित्यज्य यथास्यात्तथा, सभयं भयमप्यपरित्यज्य यथास्यात्तथा (૧૬) સથી ક્વચિત્ અન્તનો અર્થ પણ જણાવાય છે. साग्नि अग्निशब्दपर्यन्तमधीते, सभाष्यं भाष्यपर्यन्तमधीते (૧૭) સંપત્તિના અર્થમાં स આવે છે. सक्षत्रम् क्षत्राणां संपत्तिः भावात्यया सम्प्रत्तिशब्द प्रादुर्भाव पश्चाद्यथानु पूर्व्ययौग्यपद्य (પા. ૨–૧–૬ अव्ययं विभक्तिसमीपसमृद्धिव्यृद्ध्यर्था भावात्ययासम्प्रति शब्दप्रादुर्भाव पश्चाध्यथानुपूर्व्य यौगपद्य सादृश्य सम्पत्तिसाकल्यान्तवचनेषु આ દાખલાઓ ખાસ યાદ રાખવા. ઉપર જણાવેલા અવ્યયવાળો અવ્યયીભાવ સમાસનો દાખલો આવ્યો હોય અને તેનો વિગ્રહ કરવો હોય, તો પ્રથમ પદ તરીકે આવેલા 'અવ્યય'નો અર્થ શો છે તે નિશ્ચિત કરવું જોઈએ, અને પછી ઉપર આપેલી રીતિથી તેનો વિગ્રહ કરવો.

ઉપરના દાખલાઓથી જણાશે કે કેટલીક વખત એક અવ્યયના અનેક અર્થો થાય છે. જેમકે अनु એ પછી યોગ્યતા તથા ક્રમનો, અર્થ દેખાડે છે. स 'સાદૃશ્ય,' 'એકીસાથે' 'સંપત્તિ', 'આખું', 'છેવટ સુધી' એવા અર્થોમાં આવે છે.

ક્વચિત્ ઉપરના અર્થોમાં યોગ્યતા, પુનરાવૃત્તિ, અનતિવૃત્તિ, અને સાદૃશ્યના અર્થો यथा જણાવે છે. ( योग्यतावीप्सा पदार्थानतिवृत्ति सादृश्यानियथार्थाः સિદ્ધાન્ત કૌમુદી ) આ દાખલા ઉપરથી બીજા દાખલાઓના વિગ્રહ કરવા. જે અવ્યય હોય અને તેને અનુકૂળ જે અર્થ હોય તેથી વિગ્રહ કરવો. પ્રકાર દેખાડવાને આ સમાસના વિગ્રહમાં यथास्यात्तथा એમ મૂકવામાં આવે છે.

આ સમાસ બનાવતી વખતે નીચેનો નિયમ લક્ષ્યમાં રાખવાનો છે. જો છેલ્લા પદનો અન્તિમ સ્વર દીર્ઘ હોય તો તેનો હ્રસ્વ કરવો, અને અન્તિમ ए અથવા ऐ ની इ કરવી, ओ અથવા औનું उ કરવું, અન્તિમ अ ( મૂળ અગર आनुं રૂપ ) અગર अन्नो ( પા ૫–૪–૧–૮ अनश्च ) अम् કરવો.

अधिविष्णु, अधिशालम् , उपगु, अध्यात्मम् , उपब्रह्म.
નપુંસકલિંગના નામનો अन् વિકલ્પે अ થાય છે. ( પા. ૫–૪–૧૦૯ नपुंसकादन्यतरस्याम् ) उपकर्म–र्मं, उपचर्म –र्मं, अधिसद्म–द्मं.

नदी, पौर्णमासी, आग्रहायणी, અને गिरिने अम् વિકલ્પે લાગે છે. नद्याः समीपमुपनदं–दि, गिरेः समीपमुपगिरि–रं । તે જ પ્રમાણે उपपौर्णमासं–सि, उपाग्रहायणं–णि ( પા. ૫–૪–૧૧૦ नदी पौर्णमास्याग्रहायणीभ्यः પા. ૫–૪–૧૧૩ गिरेश्च सेनकस्य )
કોઈ પણ कादि વર્ગના પ્રથમ ચાર અક્ષરો જેને અન્તે છે તેવા તમામ નામને अन् લગાડવો પડે છે. दृशदि इति अधि–दृशदं, उपसमिधं–मित्, अधिजगतं–त् ( પા. ૫–૪–૧૧૨ झयः )
નીચેના શબ્દોને પણ अम् પ્રત્યય લગાડવો. शरद्, विपाश् , अनस् , मनस् , उपानह्, अनडुह् , दिव्, हिमवत् , दिश्, दृश्, विश्, चेतस्, चतुर् , यद्, तद्, कियत् , जरस्. उपशरदम् शरदः समीपम् , प्रतिविपाशम् , अध्यात्मं.

अक्षिनी પહેલાં प्रति, पर, सं અને अनु આવે તો अक्षिना इनो લોપ થાય છે, અને તેને अम् લગાડવો પડે છે. परनुं परो કરવું પડે છે, અને તેની પછી अक्षिना अनो લોપ થાય છે. प्रत्यक्षं अक्ष्णोः प्रति, परोक्षं अक्ष्णः पर, समक्षं अक्ष्णोः संमुखं, अन्वक्षम् अक्ष्णोः पश्चात् ( પા. ૫–૪–૧૦૭ अव्ययीभावे शरत्प्रभृतिभ्यः )

અવ્યયીભાવ સમાસના નીચેના ખાસ દાખલાઓ યાદ રાખવા જેવા છે.

शाकस्य लेशः शाकप्रति, गङ्गाया अन्वायतं अनुगङ्गं, मुक्ति मर्यादीकृत्य आमुक्तेः, आमुक्ति. गंगायाः पारं–मध्यं वा पारेगंगं, मध्येगंगं અગર पारे–मध्ये गंगात, गंगायाः पारात्-मध्यात, यावन्तः श्लोकास्तावन्तोऽच्युतप्रणामाः यावच्छलोकम् ( अच्युतप्रणामाः ) तिष्ठन्ति गावो यस्मिन्काले स तिष्ठद्गु, તે જ પ્રમાણે आयत्यो गावोऽस्मिन्काले आयतीगवम्. તેવી જ રીતે खलेयवं, लूनयवं संहृतयवं, प्रक्रान्ताः मृगा अस्मिन्काले प्रमृगं, विगताः मृगा अस्मिन्काले विमृगम्.

૨૮ सुप्सुप्समास–જે સમાસ ઉપર જણાવેલા દ્વન્દ્વ, તત્પુરુષ, બહુવ્રીહિ અને અવ્યયીભાવમાં આવી શકતા નથી તે સુપ્સુપ્સમાસ કહેવાય છે. सुप् એ સંસ્કૃતમાં નામિકી વિભક્તિના સર્વ પ્રત્યયોનું નામ છે, અર્થાત્ એક વિભક્ત્યન્ત પદ બીજા એવા વિભક્ત્યન્ત પદ સાથે સમાસમાં આવે, તો તે સમાસ સુપ્સુપ્સમાસ કહેવાય છે. આગળનાં પાનાંમાં સમાસના જે જે વિભાગો કર્યા તેમાંના એકમાં જે ન આવતો હોય તેની ગણના આમાં કરી છે. દા. श्रुतपूर्वं पूर्वं श्रुतः તેજ પ્રમાણે दृष्टपूर्वं, भूतपूर्वम् ।

૨૯ કેટલાક નિયમિત સમાસો पृषोदरादि ના નામથી ઓળખાય છે; કારણ કે તેમાંનો આદિ સમાસ पृषोदरं છે. તે નીચે પ્રમાણે છે. पृषोदरं पृषतः उदरं પવન, हंसः हन्ति गच्छतीति, हसतीतिवा, सिंहः हिनस्तीति गूढोत्मा गूढश्वासौ आत्मा, बलाहकाः वारीणां वाहकाः વાદળાં, जीमूतः जीपनं मूतं (બદ્ધ) येन, વાદળું, श्मशानं श्मानः(શબ) शेरतेऽत्र, उलूखलं ખાયણીઓ. ऊर्ध्वश्च तत्खञ्च, ऊर्ध्वंखं तल्लातीति, पिशाचः

पिशितमाचामतीति, बृसी ब्रुवन्तोऽस्यां सीदन्तीति તાત્ત્વિક ચર્ચા માટે મુનિઓની બેઠક. मयूरः मह्यांरौतीति ( પા. ૬–૩–૧૦૯ पृषोदरादीनि यथोपदिष्टम् ).

૩૦ કેટલાક સમાસમાં પૂર્વપદને સ્ આગળ મૂકવો પડે છે, તેવા સમાસને पुरस्कारादि કહે છે.

अवकीर्यते इति अवस्करः, विष्करः, प्रतिष्करः, पारस्करः, तारस्करः, बृहस्पतिः, वनस्पतिः, पारस्करः ।

---

## સામાસિક શબ્દો માટે લક્ષ્યમાં રાખવાના કેટલાક નિયમો.

### તત્પુરુષ માટે

(क) सक्थि શબ્દ પહેલાં જો उत्तर, मृग અથવા पूर्व અગર જે શબ્દ સાથે તે આવે છે તે જડ પદાર્થવાચક હોય તો તેનો इ લોપાય છે, અર્થાત્ सक्थं થાય છે. उत्तरसक्थ જાંઘનો ઉપરનો ભાગ, मृगसक्थं મૃગની જાંઘ, पूर्वसक्थं, फलकसक्थं (પા. ૫–૪–૯૪ उत्तरमृगपूर्वाच्च सक्थ्नः )

(ख) रात्रि શબ્દ પહેલાં સંખ્યાવાચક વિશેષણ, અવ્યય, વિભાગ-સૂચક શબ્દ જેમકે पूर्व, अपर વગેરે આવે તો તેનો रात्र થઈ જાય છે; અગર सर्व, संख्यात અને पुण्य શબ્દો આવે ત્યારે પણ रात्र થાય છે.

नवरात्रं नवानां रात्रीणां समाहारः, अतिरात्रः रात्रिमतिक्रान्तः, पूर्वरात्रः पूर्वं रात्रेः, सर्वरात्रः सर्वं रात्रेः, संख्याता रात्रः संख्याता रात्रिः, पुण्यरात्रः पुण्या रात्रिः ।

દ્વન્દ્વ સમાસમાં જો रात्रि પહેલાં अहन् આવે ત્યારે પણ रात्र થાય છે. अहोरात्रः अहश्च रात्रिश्च.

( પા. ૫–૪–૮૭ अहःसर्वैकदेशसंख्यातपुण्याच्चरात्रिः )

(ग) राजन् શબ્દનું राज થાય છે. मगधानां राजा मगधराजः, अयोध्यायाः राजा अयोध्याराजः

(घ) सखिनुं सख થાય છે. अर्जुनस्य सखा, अर्जुनसखः

(ङ) अहन्नुं अह्नः થાય છે. ( द्वयोरह्नोः समाहारः द्वयहः, एकाहः, सप्ताहः, पुण्यमहः पुण्याहः ( પા. ૫–૪–૯૧, राजाहः सखिभ्यष्टच् )

પણ જો अहन् પૂવ અવ્યય, વિભાગ દેખાડનાર શબ્દ, सर्व અગર સમાસને અન્તે તદ્ધિત પ્રત્યય લગાડેલો હોય અને તેનું પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય તો તેનો अह्न થાય છે. જેમકે अतिक्रान्तमहः अत्यह्नः, पूर्वमह्नः पूर्वाह्णः, मध्यमह्नः मध्याह्नः, अपरमह्नः अपराह्णः, सर्वमह्नः, सर्वाह्णः, द्वयोरह्नोः भव द्वयह्नः

संख्यात શબ્દ હોય ત્યારે આ ફેરફાર વિકલ્પે થાય છે. संख्यातमह्नः संख्याताह्नः–ह्नः (પા. ૮–૪–૭ अह्नोदन्तात् )

(च) अंगुलिनी પહેલાં સંખ્યાવાચક શબ્દ અગર અવ્યય આવે તો अंगुल થાય છે. चतस्रोऽङ्गुलयः प्रमाणमस्य चतुरङ्गुलं दण्डं, प्रतिगतमंगुलिभ्यः प्रत्यङ्गुलं (પા. ૫–૪–૮૬ तत्पुरुषास्यांङ्गुलः संख्याव्ययादेः )

(छ) तक्षन् 'સુથાર'ની પહેલાં ग्राम અને कौट શબ્દ આવે તો तक्ष થાય છે. ग्रामस्य तक्षा ग्रामतक्षः, कौटश्चासौ तक्षा च कौटतक्षः

(ज) श्वन्‌ની પહેલાં अति અગર જડ પદાર્થવાચક શબ્દ આવે તો श्व થાય છે. अतिश्वः आकर्षश्वः (आकर्षः પાસાનો દાવ ફેંકવો તે श्वा इव ) કુતરા જેવો કમનસીબ દાવ પણ मनुष्यश्वाનું मनुष्यश्वः (મનુષ્ય જેવો કુતરો) નહિ થાય; કારણ કે श्वाની પૂર્વે જડ પદાર્થવાચક શબ્દ નથી.

( પા. ૫–૪–૯૫, ग्रामकौटाभ्यांचतक्ष्णः । अतेः शुनः । उपमानादप्राणित )

(झ ) गोને અન્તે अ લગાડવામાં આવે છે, અર્થાત્ गव થાય છે. परगमवः, उत्तमगवः ।

(ञ) उरस्, अनस्, अश्मन्, अयस्, सरस्‌ને अ લાગે છે. वृषोरसं वृषानामुर इव બળદોમાં મુખ્ય. સારો બળદ. महानसः, अमृताश्मः, कालायसं, कमलसरसं. છેલ્લાં ચાર અમુક વર્ગ અગર નામનો અર્થ દેખાડે છે. જેમકે महानसः એટલે 'રસોડું' અને कमलसरसं એટલે એ નામનું એક સરોવર. अश्मन्‌નો અન્તિમ अन् ઊડી જાય છે. ( પા. ૫–૪–૯૪ अनोश्मायःसरसांजातिसंज्ञयोः )

(ट ) ब्रह्मन् શબ્દની પૂર્વે कु અગર महत् આવે તો न् વિકલ્પે ઊડી જાય છે. कुब्रह्मा–ह्मः, महाब्रह्मा–ह्मः, પણ જો બ્રહ્મા જે સ્થાનમાં રહે છે તે દેશ એવો અર્થ હોય ત્યારે ब्रह्म શબ્દ બને છે. सुराष्ट्रब्रह्मः ( પા. ૫–૪–૧૦૪, ૧૫૫ ब्रह्मणो जानपदाख्यायाम् । कुमहद्भ्यामन्यतरस्याम् । )

(ठ ) अष्टन् પછી कपाल બલિના અર્થમાં અગર गो 'ધુંસરીએ જોડેલું' એ અર્થમાં આવે તો अष्टा થાય છે. જેમકે अष्टा कपालः ( पुरोडाशः ) चतुर्गवम्–ચાર બળદ જેને જોડેલા છે. ( अष्टनः कपाले हविषि, गवि च युक्ते )

(ड) **महत्** શબ્દ જો કર્મધારયના પૂર્વપદ તરીકે આવે, અગર બહુવ્રીહિમાં આવે, અગર તેની પછી જો **जातीय** શબ્દ આવે તો **महा** થઈ જાય છે.

**महापुरुषः**, **महानदी**, **महाभुजः**, **महाजातीयः** પણ **महतः भयं महद्भयं** એ ષ. ત. પુ. હોવાથી **महत्** કાયમ રહે છે; પણ ષ. ત. પુ.માં **महत्** પછી **घास** અને **कर** શબ્દો આવે તો **महा** થાય છે. **महतः करः महाकरः**, **महतो घासः महाघासः** ।

(ढ) દ્વિગુ સમાસને અન્તે **नौ**નું **नाव** થાય છે, પણ જો તદ્ધિત પ્રત્યયનો લોપ થયો હોય તો નહિ. જેમકે **त्रिनावं** પણ **दशभि-र्नौभिः क्रीतः दशनौः** । **नौ** પહેલાં **अर्ध** આવે તોપણ આ નિયમ લાગુ પડે છે. **नावोऽर्धं अर्धनावम्**. ઉપરના સંજોગોમાં **खारि**નું **खार** તથા **खारि** બને છે.

**द्विखारि–रं; अर्धखारि–खारं** ( પા. ૫–૪–૯૯–૧૦૧ **नावो द्विगोः, अर्धाच्च खार्या प्राचां** )

(ण) **अञ्जलि** પહેલાં જો **द्वि**, અગર **त्रि** દ્વિગુ સમાસમાં આવે તો **अञ्जल** તથા **अञ्जलि** થાય છે. **त्र्यञ्जलं त्र्यञ्जलि** પણ જો તદ્ધિત પ્રત્યયનો લોપ થતો હોય તો **अञ्जलः** થાય છે. **तिसृभि-रञ्जलिभिः क्रीतः त्र्यञ्जलः** (પા. ૫–૪–૧૦૨ **द्वित्रिभ्यामञ्जलेः**)

(त) **पथिन्** શબ્દ પહેલાં સંખ્યાવાચક શબ્દ અગર અવ્યય આવે, તો તેને બદલે **पथ** મુકાય છે. **त्रिपथ**, **विरूपः पन्थाः विपथं**, **पथोऽन्वायतं अनुपथम् प्रतिपथम्**

(थ) જો તત્પુરુષનો છેલ્લો અવયવ **छाया** હોય તો તેનું **छाय** થાય છે, અને તે નપુંસકલિંગમાં આવે છે. **वृक्षाणां छाया वृक्षच्छायं** ( પા. ૨–૪–૨૨ **छायाबाहुल्ये** )

(द) જો **सभा** શબ્દની પૂર્વે **राजन्**નો પર્યાય, **रक्षस्** અગર **पिशाच** હોય તો તેને બદલે સમાસમાં **सभ** આવે છે, અને તે નપુંસકલિંગમાં હોય છે. ( પા. ૨–૪–૨૩ **सभाराजाऽमनुष्यपूर्वा** अशाला च પા. ૨–૪–૨૪ ) ईश्वर-सभा ईश्वरस्य सभा, रक्षःसभं, पिशाचसभं પણ राज-सभा. જો **सभा** શબ્દ 'સમૂહ'ના અર્થમાં હોય તોપણ આ નિયમ તેને લાગુ પડે છે. **युवसभं** યુવકોનો સમૂહ પણ धर्मसभा.

(ध) सेना, सुरा અગર शाला અને निशा જો છેલ્લાં પદ હોય તો વિકલ્પે सेनं, सुरं, शालं, અગર निशं થાય છે.

ब्राह्मणसेना–नं, गोशाला–लं, श्वनिशा–शं

[ પા. ૨–૪–૨૫, विभाषासेनासुराछायाशालानिशानाम् ]

## બહુવ્રીહિ સમાસમાં અન્તે આવતા કેટલાક શબ્દો માટેના ખાસ નિયમો.

(क) जानुની પહેલાં प्र, અથવા सम् આવે તો ખાસ કરીને તેનો ज्ञु થાય છે, અને જો ऊर्ध्व આવે તો વિકલ્પે થાય છે. **प्रज्ञुः** प्रगते जानुनी यस्य सः, **संज्ञुः** संगते **जानुनी** यस्य सः પણ ऊर्ध्वं गते जानुनी यस्य सः **उर्ध्वजानु**, **उर्ध्वज्ञुः** ( પા. ૫–૪–૧૨૯ प्रसंभ्यां जानुनोर्ज्ञुः, ૫–૪–૧૩૦ ऊर्ध्वाद्विभाषा )

(ख) पादની પહેલાં જો સંખ્યાવાચક શબ્દ, सु, અગર કોઈની સાથે સરખામણી કરી હોય, અને તે વખતે તેની પહેલાં

हस्तिन्, अज, कुसूल, अश्व, कपोत, गण्ड, दासी અને गणिका વગેરે શબ્દો આવ્યા ન હોય તો તેનો पात् થઈ જાય છે. જેમકે चतुष्पात् ( चत्वारः पादाः यस्य ) शोभनौ पादौ यस्य सः सुपात्, व्याघ्रस्य पादाः इव पादौ यस्य सः व्याघ्रपात्; પણ हस्तिपादः, अश्वपादः, कपोतपादः, ( પા. ૫–૪–૧૩૮ पादस्यलोपोऽहस्त्यादिभ्यः ૫–૪–૧૪૦ संख्यासुपूर्वस्य )

(ग) जायाનું जानि થાય છે. कमला जाया यस्य सः कमलाजानिः, सीता जाया यस्य सः सीताजानिः, युवती जाया यस्य सः युवजानिः ( પા. ૫–૪–૧૩૪ जायायानिङ. )

(घ) दन्तनी પહેલાં જો વય દર્શાવનાર સંખ્યાવાચક શબ્દ તથા सु આવે અગર આખો સમાસ સ્ત્રીના નામના અર્થમાં હોય તો ખાસ કરીને, અને જો તેની પહેલાં श्याम, अरोक, अग्र જેને છેડે છે એવો શબ્દ, शुद्ध, शुभ्र, वृष અથવા वराह હોય તો વિકલ્પે दन् થાય છે. द्वौ दन्तौ यस्य सः द्विदन्, તે જ પ્રમાણે षोडन् सुदन्, ( સુંદર દાંતવાળી વયવાળો ) પણ द्विदन्तः करी એટલે બે દાંતવાળો હાથી. द्वात्रिंशद्दन्तः पुरुषः બત્રીસ દાંતવાળો માણસ, सुदन्तः સુંદર દાંતવાળો, फलानीव दन्ता यस्याः सा फलदंती સ્ત્રીનું નામ છે. श्यावाः दन्ता यस्याः सा श्यावदन्ती–न्ता કાળા દાંતવાળી. कुड्मलानामग्राणि तानी वदन्ताः यस्य सः कुड्मलाग्रदन्–न्तः, वृषदन्–न्तः, शुभ्रदन् –दन्तः, वाराहदन्–न्तः ( પા. ૫–૪–૧૪૧, ૧૪૩–૧૪૫ वयसि दन्तरस्यदत् । स्त्रियां संज्ञायाम् । विभाषा श्यावारोकाभ्याम् । अग्रान्तशुद्धशुभ्रवृषवराहेभ्यश्च ।

(ङ) प्रजा અને मेघा પહેલાં अ, दुस् અગર सु આવે તો प्रजस् અને मेघस् અનુક્રમે થાય છે. अविद्यमाना प्रजा यस्य सः अप्रजाः, दुष्टा प्रजा यस्य सः दुष्प्रजाः, शोभना प्रजा यस्य सः सुप्रजाः, अविद्यमाना मेधा यस्य सः अमेधाः, दुष्टा मेधा यस्य सः दुर्मेधाः, शोभना मेधा यस्य सः सुमेधाः ।

( नित्यमसिच प्रजामेधयोः પા. ૫–૪–૧૨૨ )

(च) हलि અને शक्तिनुं ઉપરના સંજોગોમાં हल અને शक्त અનુક્રમે વિકલ્પે થાય છે. अहलः–लि, सुशक्तः–क्ति ( પા. ૫–૪–૧૨૧ नञ दुःसुभ्यो हलिशक्त्योरन्यतरस्याम् )

(छ) अक्षिनुं अक्ष થાય છે. पद्मे इव अक्षिणी यस्य सः पद्माक्षः, दीर्घे अक्षिणी यस्याः सा दीर्घाक्षी, हरिणाक्ष, कुरङ्गाक्षी. જો આખો સમાસ જડ પદાર્થનું વિશેષણ હોય, તો સ્ત્રીલિંગનું રૂપ अक्षा થાય છે. स्थूलाक्षा वेणुयष्टिः

(ज) सक्थिनुं सक्थ થાય છે, પણ જો તેની પહેલાં अ, दुस् અથવા सु આવે, તો વિકલ્પે ફેરફાર થાય છે. दीर्घे सक्थिनी यस्य सः दीर्घसक्थः પણ असक्थाः–क्थि, :सक्थः-क्थि, सुसक्थः–क्थि ( પા. ૫–૪–૧૧૩ बहुव्रीहौ सक्थ्यक्ष्णो स्वाङ्गात्षच् )

(झ) हृदयनी પહેલાં सु કે दुः આવે અને તે ‘ મિત્ર ’, ‘શત્રુ’ના અર્થમાં હોય તો हृत् થાય છે. शोभनं हृदयं यस्य सः सुहृत् મિત્ર, दुष्टं हृदयं यस्य सः दुर्हृत् શત્રુ; પણ सहृदयः એટલે જેનું હૃદય સારૂં છે અર્થાત્ જે બીજાઓના ગુણની કદર કરે છે. તે જ રીતે दुर्हृदयः ( પા. ૫–૪–૧૫ सुहृद् दुर्हृदौ मित्रामित्रयोः )

(ञ) गन्धनी પહેલાં उत्, पूति અથવા सु આવે અગર જો સમાસમાં સરખામણી હોય તો તેનું गन्धि થાય છે. उद्गतो गन्धो यस्य सः उद्गन्धि । તે જ પ્રમાણે पूतिगन्धिः, सुगन्धिः, मधुगन्धिः मधुनो गन्धः इव गन्धः यस्य सः મધના ગંધ જેવી જેની ગંધ છે તે. कुसुमगन्धिः, गूढगन्धिः આ પ્રમાણે गन्धनुं गन्धि થાય છે તે ત્યારે જ થઈ શકે કે જ્યારે જે પદની સાથે गन्ध શબ્દ આવેલો હોય તે પદવાચક પદાર્થનો નિત્ય ગુણ હોય. सुगन्धः आपणिकःમાં સુગન્ધી પદાર્થ વેચનારનો ગુણ ગન્ધ દેખાડતો નથી, માટે सुगन्धः રૂપ રહેશે, सुगन्धिः નહિ. 'થોડુંક'ના અર્થમાં પણ गन्धनुं गन्धि થાય છે. घृतगन्धि, (પા. ૫–૪–૧૩૫ गन्धस्येदुत्पूति सुसुरभिभ्यः । अल्पाख्यायाम् । उपमानाच्च )

(ट) अङ्गुलि શબ્દ જો દારુના ગુણ તરીકે હોય ત્યારે अङ्गुल થાય છે. पञ्च अङ्गुलयो यस्य तत्पञ्चाङ्गुलं दारु, પણ पञ्चाङ्गुलिर्हस्तः (પા. ૫–૪–૧૧૪ अङ्गुलेर्दारुणि )

(ठ) नासिकानी પહેલાં ઉપસર્ગ આવે અગર આખો સમાસ કોઈ પ્રસિદ્ધ નામના અર્થમાં આવે, અને જો તેની પહેલાં स्थूल સિવાયનો બીજો કોઈ શબ્દ આવે તો તેનું नस થાય છે. उद्गता नासिका यस्य स उन्नसः । જો नसनी પહેલાં खुर અથવા खरः આવ્યો હોય તો नस અથવા नस् થાય છે. खुरणसः અથવા खुरणाः ઘોડાની ખરી જેવું જેનું નાક છે તે અર્થાત્ ચપટું खरणसः–णाः । नासिकानी પહેલાં જો वि આવે તો તેનું ग्र અથવા ख्य થઈ જાય છે. विगता नासिका यस्य स विग्रः–विख्यः ( પા. ૫–૪–૧૧૮, ૧૧૯. अञ् नासिकायाः संज्ञायां नसं चास्थूलात्, उपसर्गाच्च वेर्ग्रोवक्तव्यः । ख्यश्च )

(ड) સમાસમાં धनुष् તથા धर्म પહેલાં એક પદ આવેલું હોય તો धन्वन् તથા धर्मन् અનુક્રમે થાય છે. गाण्डिवं धनुः यस्य सः गाण्डिवधन्वा, आत्मा धर्मो यस्य सः आत्मधर्मा ( પા. ૫–૪–૧૨૪ धर्मादनिच्केवलात्, धनुषश्च । वा संज्ञायाम् પા. ૫–૪–૧૩૨–૧૩૩ ) જ્યારે આખો સમાસ નામ તરીકે હોય તો धन्वा અને धनुः ઉભયરૂપ રહે છે. शतधन्वा–धनुः

(ढ) मूर्धन्ની પહેલાં द्वि અગર त्रि આવે તો मूर्ध થાય છે, द्वे मूर्धानौ यस्य सः द्विमूर्धः તે જ પ્રમાણે त्रिमूर्धः પણ चतुर्मूर्धा, दशमूर्धा (પા. ૫–૪–૧૧૫ द्वित्रिभ्यां षमूर्ध्नः )

(ण) लोमन्ની પહેલાં अन्तर् અને बहिः આવે તો लोम થાય છે. अन्तर्लोमः, बहिर्लोमः ( પા. ૫–૪–૧૧૭ अन्तर्बहिर्भ्यां च लोम्नः )

(त) બહુવ્રીહિ સમાસમાં નીચેની બાબતમાં क ઉમેરાય છે.
(૧) उरस्, सर्पिस्, उपानह्, दधि, मधु, शालि–ली:, पुंस्, अनडुह्, पयस्, नौ અને लक्ष्मी. જેમકે व्यूढोरस्काः प्रियसर्पिष्कः, एकपुंस्कः (પા. ૫–૪–૧૫૧ उरः प्रभृतिभ्यः कप्
(૨) अर्थની પહેલાં अन् આવે ત્યારે ફરજીઆત क લે છે, નહિ તો વિકલ્પે લે છે. अनर्थकः व्यर्थकं–र्थे (अर्थान्नञः)
(૩) બહુવ્રીહિ સમાસને અન્તે इन्વાળું નામ હોય, અને આખો સમાસ સ્ત્રીલિંગમાં હોય. ત્યારે निर्दण्डिका नगरी ( इनः स्त्रियाम् પા. ૫–૪–૧૫૨ )
(૪) સમાસનું છેલ્લું પદ ई અગર ऊ સ્વરાન્ત સ્ત્રી લિંગમાં હોય, અને સ્વર પ્રત્યયો પૂર્વે જેનું इय् અથવા उव् થઈ શકતું ન હોય, અગર જો ऋ સ્વર છેડે હોય તો क લાગે છે. अल्पनदीको देशः, श्यामवधूकः, निःश्रीकं वनं, ब्रह्मकर्तृकं ।

(૫) જો બહુવ્રીહિ સમાસનો અન્તિમ સ્વર आ, ई અથવા ऊ હોય, અગર છેડે गो આવે, અને क न લાગે તો છેલ્લા સ્વરનો હ્રસ્વ થાય છે. निःशालः, चित्रगुः, रूपवद्भार्यः, द्विभार्यः

## સમાસમાં આવતા કેટલાક શબ્દોમાં થતા ફેરફારો વિષે નિયમો

(क) નીચેની બાબતમાં સમાસના છેલ્લા શબ્દને अ લગાડવામાં આવે છે.

(१) तमस्‌ની પહેલાં अव, सम् અને अन्ध આવે તો તેને अ લગાડવામાં આવે છે. अवतमसं, संतमसं, अन्धतमसं (૨) उरस् સપ્તમી વિભક્તિના અર્થમાં હોય અને તેની પહેલાં જો प्रति આવે તો उरसि प्रति प्रत्युरसम्। गोની પહેલાં अनु આવે અને જો લંબાઈનો અર્થ જણાવે તો अनुगवं वाहनं એક ગાયના જેટલી લંબાઈનું વાહન. (૪) वर्चस्‌ની પહેલાં ब्रह्मन् અગર हस्तिन् આવે તો हस्तिवर्चसं, ब्रह्मवर्चसं (૫) रहस्‌ની પહેલાં अनु, अव અગર तप्त આવે તો अनुरहसं એકાંત (अनुगतं रहः) अवरहसं ઉજ્જડ (अवततं रहः) तप्तरहसं ગરમ એકાન્ત સ્થાન (પા. ૫-૪-૭૮-૮૩ ब्रह्महस्तिभ्यां वर्चसः। अवसमन्धेभ्य स्तमसः अन्ववतप्ताद्रहसः। प्रतेरुरसःसप्तमीस्यात्। अनुगपमायामे

(ख) નીચેના સમાસમાં પણ अ આવે છે. अचतुरः ( अविद्यमानानि चत्वारि अस्य જે ચારથી રહિત છે તે. विचतुरः विगताश्चत्वारः विगतानि चत्वारि विगताश्चतस्रोवा अस्य ) તેમજ બીજા દાખલાઓ જેમકે सरजसं, पुरुषायुषं, निश्रेयसं, ऋग्यजुषं, जातोक्षः ( जातश्चासावुक्षा च જુવાન બળદ ) महोक्षः, वृद्धोक्षः, उपशुनं કુતરાની પાસે ( शुनः समीपं ) गोष्ठश्व. ગમાણનો કુતરો, અર્થાત આળસુ માણસ गोष्ठे श्वा ) ( જુઓ પા. ૫-૪-૭૭ )

(ग) भूमि પહેલાં कृष्ण, उदच्, पाण्डु અથવા સંખ્યાવાચક શબ્દ આવે, ત્યારે તેનું भूम થાય છે. कृष्णभूमः ( कृष्णा भूमिर्यस्य सः ), उदग्भूमः ( उदीची भूमिर्यस्य सः ), पाण्डुभूमः, चतुर्भूमः ( चतस्रो भूमयो यस्य सः ). ( પાણિનિ कृष्णोदकपाण्डुसंख्यापूर्वाया भूमेरजिष्यते )

(घ) नदी અને गोदावरी પહેલાં સંખ્યાવાચક શબ્દ આવે, તો नद અને गोदावर થાય છે. सप्तनदं, सप्तगोदावरं. ( संख्याया नदीगोदावरीभ्यां च )

(ङ) सामन् અને लोमन्‌ની પૂર્વે प्रति, अनु અથવા अव આવે, તો साम અને लोम થાય છે. अव–प्रति–अनु–सामं–लोमं ( પા. ૫–૪–૭૫ अच् प्रत्यन्वव पूर्वात्सामलोम्नः )

(च) अध्वन्‌ની પહેલાં ઉપસર્ગ આવે, તો अध्व થાય છે. प्राध्वः ગાડી (प्रगतोऽध्वानं), अन्वध्वः (अनुगतोऽध्वना ), अत्यध्वः ( अतिक्रान्तोऽध्वानं ). ( પા. ૫–૪–૮૫ उपसर्गादध्वनः )

(छ) જ્યારે अक्षि શબ્દ રૂપક તરીકે વપરાયો હોય, ત્યારે તેનો अक्ष થાય છે. गवाक्षः (गवामक्षीव બળદની આંખ જેવું, ગોળ બારી) ( પા. ૫–૪–૭૬ अक्ष्णोऽदर्शनात् )

(ज) ऋच्, पुर्, अप् અને धुर् ( જ્યારે તે ગાડીની ધુંસરીના અર્થમાં ન હોય ત્યારે ) અને पथ् ( पथिन्‌નું રૂપ ) સમાસના અન્તે હોય, તો તેમને अ લગાડવામાં આવે છે. अर्धर्च, त्रिपुरं, निर्मलाप (तडागः). विपथं, राज्यधुरा (રાજ્યની ધુંસરી, જવાબદારી). (પા. ૫–૪–૧૪ ऋक्पूरब्धूः पथामानक्षे ). પણ જો ऋच्‌ની પહેલાં अनु અથવા बहु આવે તો 'ઋગ્વેદના અભ્યાસી'ના અર્થમાં अ ઉમેરાય છે. જેમકે अनृचः 'ઋગ્વેદનો અભ્યાસ નહિ કરનાર'; પણ अनृक् साम જે સામવેદમાં ઋગ્વેદના મંત્રો નથી તે.

बह्वृक् सूक्तम् જે સૂક્તમાં ઘણા ऋग्ना મંત્રો છે તે. ( સિ૦ કૌ૦ अनृच बह्वृचावध्येतर्य्येव ). તે જ પ્રમાણે જો अप्‌ની પહેલાં द्वि, अन्तर् અગર કોઈ ઉપસર્ગ આવે તો તેનો ईप् થાય છે. જેમકે द्वीपं (द्विर्गता आपो यस्मिन् ), अन्तरीपं, प्रतीपं, समीपं; પણ જો તેની પહેલાં अनु આવ્યો હોય અને આખો સમાસ કોઈ દેશનું નામ બનતો હોય તો अप्‌નું ईप् વિકલ્પે થાય છે. परागताः आपः अस्मिन् परापं–परेपं તળાવ. તે જ પ્રમાણે प्रकृष्ट आपः यस्मिन् प्रेपं–प्रापं ( પા. ૬–૩–૯૭–૯૮ द्व्यन्त-रुपसर्गेभ्योऽप ईत् ऊदनोर्देशे )

(झ) उदक શબ્દ સાથેનો સમાસ જો વિશેષ નામના અર્થમાં હોય, અગર તેની પછી જો पेषं, वास, वाहन તથા धि શબ્દો આવે, ત્યારે તેનો उद ફરજિઆત થાય છે, પણ જો તેની પછી मन्थ, ओदन, सक्तु, बिन्दु, वज्र, भार, हार, અને गाह આવે, અગર એક અસંયુક્ત વ્યંજનથી શરૂ થતો શબ્દ ' પાણી ભરવાના પાત્રના ' અર્થમાં હોય ત્યારે વિકલ્પે उद થાય છે. उदधिः, क्षीरोदः, उदवाहनः, પણ उदककुम्भः उदकुम्भः ( પણ उदकस्थाली કારણ કે स्थ સંયુક્ત વ્યંજન છે, સાદો નહિ. ) उदकमन्थः उदमन्थः, उदौदनः उदकौदनः, उदगाहः उदकगाहः, उदकसक्तुः उद-सक्तुः, उदकबिन्दुः उदबिन्दुः ( પા. ૬–૩, ૫૭–૬૦ ) उदकस्योदः संज्ञायां । पेषं वासवाहनधिषु च । एकहलादेः पूरयितव्यन्यतरस्यां । मन्थौदनसक्तुबिन्दुवज्रभारहार वीवधगाहेषु )

(ञ) रात्रिની પછી કૃત્પ્રત્યય આવે તો વિકલ્પે અનુનાસિક લે છે. रात्रिंचरः रात्रिचरः

(ट) જો સમાસના પ્રથમ પદમાં **सह** આવે, તો તેનો નીચેની બાબતમાં **स** થાય છે. (૧) જ્યારે આખો સમાસ નામ બને ત્યારે. **सपलाशं** (૨) ' વધારામાં, ' ' ઉપરાંત, ' 'સુદ્ધાં' એવો અર્થ હોય ત્યારે. **समुहूर्तं ज्योतिषमधीते** મુહૂર્ત સુદ્ધાં પણ જ્યોતિઃશાસ્ત્રનો તે અભ્યાસ કરે છે. **सव्याकरणं काव्यं पठति** વ્યાકરણ સુદ્ધાં કાવ્ય ભણે છે. **सद्रोणा खारी** ખારી (એક જાતનું માપ) ઉપરાંત દ્રોણ પણ છે. ( ૩ ) જ્યારે સમાસ પછીના પદથી સૂચવાતો પદાર્થ નજરે દેખાય નહિ, પણ અનુમાનથી સમજાય ત્યારે. **सराक्षसीका निशा** (પા.૬–૩–૭૮–૮૦) **सहस्य सः संज्ञायां, ग्रन्थान्ताधिके द्वितीये चानुपाख्ये** )

(ठ) **समान** શબ્દ પછી **ज्योतिस्, जनपद, रात्रि, नाभि, नामन्, गोत्र, रूप, स्थान, वर्ण, वयस्, वचन, बन्धु, ब्रह्मचारिन्, तीर्थ,** ( **य** કૃત્પ્રત્યય સહિત ) **दृक्, दृश,** અને **दक्ष** શબ્દો આવે તો **स** થાય છે. **उदर** આવે તો વિકલ્પે થાય છે. **सज्योतिः** સવાર, **सजनपदः, सरात्रिः, सनाभिः, सनाम, सगोत्रं, सरूपं, सस्थानं, सवर्णः, सब्रह्मचारी** ( **समानो ब्रह्मचारी** ), **सतीर्थ्यः** (**समानतीर्थेवासी** ) **सदृक् सदृशः सदृक्षः** પણ **सोदर्यः** અથવા **समानोदर्यः** ( **समाने उदरे शयितः** જ્યારે **उदर**ને કૃત્પ્રત્યય લાગે ત્યારે, નહિ તો **समानमुदरं अस्यः सोदरः** ) (પા. ૬–૩–૮૫–૮૯ **ज्योतिर्जनपदरात्रिनाभिनामगोत्र रूपस्थानवर्णवयोवचनबन्धुषु । चरणे ब्रह्मचारिणी। तीर्थे ये । विभाषोदरे । दृग्दशवतुषु ।...दक्षेचेति वक्तव्यम्** વા૦ )

(ड) **इष्टका, इषीका** અને **माला**ની પછી **चित, तूल** અને **भारिन्** અનુક્રમે આવે તો તેમનો છેલ્લો સ્વર હ્રસ્વ થાય છે. દા. **इष्टकचितं, इषीकतूलं, मालभारी.**

( પા. ૬–૩–૬૫ इष्टकेषीका मालानां चिततूलभारिषु )

(ढ) જો સમાસમાં पुरग, मिश्रक, सिध्रक, सारिक અને कोटर શબ્દોમાંથી કોઈ શબ્દની પછી वन આવે તો पुरग વગેરેનો છેલ્લો સ્વર લંબાય છે, અને वनના नનો ण થાય છે. पुरगावणं, मिश्रकावणं, सिध्रकावणं, सारिकावणं, कोटरावणं. वनની પહેલાં प्र હોય તો नનો ण ફરજિઆત થાય છે, પણ જો તેની પહેલાં ઔષધિ અગર વનસ્પતિવાચક બે અથવા ત્રણ સ્વરોવાળા શબ્દો હોય તો વિકલ્પે ण થાય છે. દા. प्रवणं, दूर्वावणं–नं, शिरीषवणं–नं. આને નીચેના અપવાદ છે. इरिकावनं, मिरिकावनं, तिमिरावनं (પા. ૮–૪–૪ वनं पुरगामिश्रका सिध्रकासारिकाकोटराग्रेभ्यः)

## પ્રશ્નો

(૧) મુખ્ય મુખ્ય સમાસો કયા છે તેનાં નામ આપો.

(૨) तत्पुरुष અને कर्मधारयનો ભેદ જણાવો. તેમજ 'तत्पुरुष' શબ્દ તે સમાસના લક્ષણ ઉપર કેવી રીતે પ્રકાશ નાખે છે તે જણાવો.

(૩) इतरेतर द्वन्द्व અને समाहार द्वन्द्वમાં કયો ફેર છે, તે દાખલા આપી જણાવો.

(૪) देवता द्वन्द्व કોને કહે છે? કયા નિયમ પ્રમાણે તે સમાસમાં આવે છે?

(૫) 'एकदेशी समास'ના દાખલા આપો.

(૬) अलुक् સમાસ એટલે શું?

(૭) च्विप्रत्ययान्त સમાસની ગણના શેમાં કરશો? તેના દાખલા આપો.

(૮) मध्यमपदलोपी અને नित्यसमासના દાખલા આપો. ' नित्यसमास ' કોને કહે છે ?

(૯) ક્યારે ક્યારે कर्मधारय સમાસ આવે છે તે કહો.

(૧૦) द्विगु અને સામાન્ય कर्मधारय વચ્ચે શો ફેર છે ? द्विगु સમાસ ક્યારે બને છે અને તેને માટે કયો નિયમ છે ?

(૧૧) मयूरव्यंसकादि સમાસના થોડા દાખલા આપો.

(૧૨) तद्‌गुणसंविज्ञान बहुव्रीहि અને अतद्‌गुणसंविज्ञान बहुव्रीहि વચ્ચેનો ફેર આપો.

(૧૩) समानाधिकरण बहुव्रीहि અને व्यधिकरण बहुव्रीहि એટલે શું ?

(૧૪) बहुव्रीहि શબ્દ તે સમાસના લક્ષણ ઉપર કેવી રીતે પ્રકાશ નાખે છે ?

(૧૫) ' अव्ययीभाव 'નું લક્ષણ તે પદ શી રીતે જણાવે છે ?

(૧૬) सुप्सुप् સમાસ કોને કહે છે ? તેના દાખલા આપો.

(૧૭) નીચેના શબ્દોના અર્થમાં ભેદ જણાવો.

सुदन्–सुदन्तः, सुहृत्–सुहृदयः, सुगन्धः–सुगन्धिः, पञ्चाङ्गुलं–पञ्चाङ्गुलिः, अनृचः–अनृक्, पञ्चनौ–पञ्चनावम्, महाभयं–महद्भयं ।

(૧૮) નીચેના શબ્દોના સમાસ કરો.

मध्य+अहन्, पार+गोदा, दीर्घ+जानु, शार्ङ्ग+धनुष्, सु+मेधा, नृप+सभा ।

(૧૯) નીચેના શબ્દો સમાસમાં આવે ત્યારે શા ફેરફાર થાય છે તે કહો.

रात्रि, अष्टन्, गो, राजन्, अक्षि, प्रज्ञा, गन्ध, दन्त.

(૨૦) કર્મવ્યતિહાર દર્શાવનાર बहुव्रीहिना દાખલા આપો.

# વિભાગ ૨ જો

## પ્રકરણ ૧ લું

## સંસ્કૃત લેખનવિચાર

૧ હવે આપણે સંસ્કૃત ભાષાને કેમ લખવી, તેનો વિચાર કરીશું. અત્યારે બીજી પ્રાકૃત પ્રચલિત ભાષાઓની માફક સંસ્કૃતનો વપરાશ બહુ થતો નથી, પણ તે ભાષાનું સાહિત્ય ઘણું જ છે, અને તેના ખાસ અભ્યાસીઓ તો બીજી ભાષાની માફક તે ભાષાદ્વારા પણ પોતાના વિચારો જણાવે છે. આથી તે ભાષા લખતી વખતે કયી કયી મુદ્દાની બાબતો યાદ રાખવાની જરૂર છે, તે અહીંઆં જણાવવું આવશ્યક છે. ભાષાનો મૂળ પાયો વ્યાકરણ છે, એટલે પ્રથમ તો તેનું વ્યાકરણ જાણવું જોઈએ; માટે પાછલાં પ્રકરણોમાં તે ભાષાનું વ્યાકરણ આપ્યું છે. હવે તેના લેખન વિષે થોડાક નિયમો તપાસીએ.

૨ સંસ્કૃત ભાષાનાં વાકયો લખવામાં શબ્દનો ખાસ ક્રમ જાળવવાની જરૂર નથી, અર્થાત્ કર્તા, ક્રિયાપદ અને કર્મ એ ત્રણ ગમે તે રીતે વાકયમાં મૂકવાથી વાકયના અર્થમાં ફેર પડતો નથી, તેમ વ્યાકરણશાસ્ત્રમાં કોઈ નિયમનો ભંગ થતો નથી. मार्गं पृच्छति पथिकं विप्रः એ વાકયને બદલે पृच्छति मार्गं पथिकं विप्रः । विप्रो मार्गं पृच्छति पथिकम् । पथिकं पृच्छति मार्गं विप्रः એ પ્રમાણે લખીએ તોપણ દરેક વાકય ખરૂં છે. ગુજરાતી ભાષામાં તો નામ પહેલું અને પછી ક્રિયાપદ, અગર કર્તા પહેલો, કર્મ પછી અને પછી ક્રિયાપદ એવો જે અનુક્રમ છે તે સંસ્કૃતમાં નથી. આમ છતાં પણ કેટલીક વખત ક્રમને વળગી રહેવાની જરૂર છે, અને તે માટે નીચેના નિયમો યાદ રાખવાની જરૂર છે.

આ ક્રમ વિચારની દૃષ્ટિએ છે. વાક્યમાં વિચારની એક્તા જાળવવાને શબ્દોનો ક્રમ બરાબર હોવો જોઈએ. એ માટે સાધારણ નિયમ એ છે કે પ્રથમ કર્તા અને તેનો વધારો દર્શાવનાર શબ્દો, પછી કર્મ અને તેનો વધારો દેખાડનાર શબ્દો, અને છેલ્લે ક્રિયાપદો આવવાં જોઈ એ.

કર્તાનાં વિશેષણો કર્તાની પહેલાં આવે, અને કર્મનાં વિશેષણ કર્મની પહેલાં આવે. ક્રિયાવિશેષણો છેલ્લા સિવાય બીજે કોઈ પણ સ્થળે મૂકી શકાય.

૩ એક વાક્યમાં ગુણવાચક વિશેષણ અને વિશેષણ તરીકે વપરાયલું સર્વનામ એમ બન્ને હોય, તો વિશેષણ તરીકે વપરાયલું સર્વ-નામ પહેલું વાપરવું, અને ગુણવાચક વિશેષણ પછી વાપરવું.

तस्मिन्नतिनीविडे वने

છટ્ઠી વિભક્તિમાં વપરાયલા શબ્દો સામાન્ય રીતે જે શબ્દોની સાથે તેમનો સંબંધ હોય તેની પહેલાં મૂકવા.

प्राणानां कृते પ્રાણને માટે. प्रजानाम् हिताय । शत्रोर्वैराय । गुरोरर्चनाम् ।

ક્રિયાવાચક શબ્દ હમેશાં વાક્યમાં છેલ્લો મૂકવો, કારણ કે તે વાક્યનો અર્થ સમાપ્ત કરનાર છે; પણ વર્ણન કરતી વખતે વાર્તાઓમાં તથા કથાઓમાં अस् અને भू ધાતુ પહેલાં વપરાય છે. જેમકે

आसीद् राजा शूद्रको नाम अस्ति पाटलीपुत्रं नाम नगरम् । अभूत् पुरा राजा जितसेनो नाम ।

જ્યારે ભારપૂર્વક કથન કરવું હોય, ત્યારે વિધેય પ્રથમ વપરાય છે. विरलाः हि राज्ञामुपदेष्टारः । कृतं त्वया रामसदृशं कर्म ।

ઉપસર્ગો સંસ્કૃત ભાષામાં સ્વતંત્ર વપરાતા નથી, પણ ધાતુઓ સાથે જ વપરાય છે. જેમકે अनुगच्छन्ति । निरीक्षन्ते ।

પરંતુ જ્યારે કર્મ પ્રવચનીય તરીકે હોય, ત્યારે તે સ્વતંત્ર રીતે આવે છે. તેવે પ્રસંગે જે શબ્દો સાથે તેમનો સંબંધ હોય તેની પછવાડે તે આવે છે.

अयोध्यां अनु जलानि वहति ।

સમય, સ્થાન, રીતિ, કરણ અને પરિણામવાચક ક્રિયાવિશેષણ અવ્યયો જે શબ્દની સાથે સંબંધમાં હોય તેની સમીપ મુકાય છે, અર્થાત્ તે શબ્દો અને ક્રિયાવિશેષણ વચ્ચે અંતર હોવું ન જોઈએ.

शिलायामुपविष्टां पुरुषाकृतिं ददर्श ।

અહીંઆં शिला નો उपविष्ट ની સાથે સંબંધ છે, માટે તે બન્ને સાથે આવવાં જોઈએ. આને બદલે જો शिला બીજે સ્થળે વાક્યમાં વાપરીએ તો વાક્ય ખોટું બને.

ऋते, सह, अलं, विना, सम, तुल्यम् વગેરે શબ્દો જેની સાથે સંબંધમાં હોય તેની નજીક વાપરવા. તે શબ્દોથી તેમને છુટાં પાડી દેવાં નહિ.

सीतया सह रामो वनं प्रविवेश એને બદલે सीतया रामो वनं सह प्रविवेश લખીએ તો તે વાક્ય ખોટું કહેવાય.

'સતિ સપ્તમી'ની વાક્યરચના હોય તો વાક્યમાં તેના શબ્દો પહેલાં મૂકવા.

अस्तंगते सूर्ये सेनानगरमियाय અહીંઆં अस्तंगते सूर्ये નો ક્રમ પ્રથમ જ આવવો જોઈએ બીજે નહિ. તે જ પ્રમાણે 'सतः ષષ્ઠી'ના પ્રયોગમાં સમજવું.

गुरोः पश्यतः नारायणेनाविनयः कृतः

च, वा, तु, हि, चेत् એ વાક્યની શરૂઆતમાં કદી પણ વાપરવાં

નહિ. अथवा, अथ, अपिच किंच એ પ્રથમ આવે છે, અને यथा-तथा, यावत्-तावत्, यद्-तद् વગેરેમાંનાં यथा, यावत्, यद् વાક્યની શરૂઆતમાં આવે છે.

પ્રશ્નાર્થ વાક્યમાં નિપાત પ્રથમ આવે છે.

किमेतत्त्वया कृतं। अपि कुशली ते तातः। कथं न ज्ञायते एतत्त्वया।

જો પ્રશ્નાર્થ વાક્યમાં નિપાત ન હોય, તો ક્રિયાપદ પ્રથમ વપરાય છે.

जानासि त्वम् यद्यज्ञदत्तस्य पित्रा यज्ञः कृतः।

इव, एव, नु, अपि આ શબ્દો જેની સાથે યોગ ધરાવતા હોય તેની પછી આવે છે.

समुद्रः इव गांभीर्ये सः। त्वमेवागतः। सोऽपि कथं मे तादृशो भवति।

કોઈ પણ શ્લોકની લીટી ગદ્યમાં લખવી હોય તો નીચેનો ક્રમ જાળવવો. ઉદ્દેશ્યવર્ધક (વિશેષણ વગેરે), ઉદ્દેશ્ય, વિધેય (કર્મનો વધારો-કર્મનાં વિશેષણ, કર્મ, ક્રિયાવિશેષણ, ક્રિયાપદ) એ પ્રમાણે ક્રમ રાખવો. જેમકે

(१) निवार्यतामालि किमप्ययं बटुः पुनर्विवक्षुः स्फुरितोत्तराधरः

= स्फुरितोत्तराधरः किमपि पुनर्विवक्षुः अयं बटुः आलि निवार्यताम्

(२) परिहासविजल्पितं सखे परमार्थेन न गृह्यतां वचः

= सखे परिहासविजल्पितं वचः परमार्थेन न गृह्यताम्

(३) रघुमेव निवृत्तयौवनं तममन्यन्त नवेश्वरं प्रजाः

= प्रजाः निवृत्तयौवनं नवेश्वरं तं रघुमेव अमन्यन्त

(४) मेघालोके भवति सुखिनोप्यन्यथावृत्ति चेतः।
कंठाश्लेषप्रणयिनि जने किं पुनर्दूरसंस्थे।

= मेघालोके सुखिनः अपि चेतः अन्यथावृत्ति भवति किं पुनः दूरसंस्थे कंठाश्लेषप्रणयिनि जने ( चेतः अन्यथावृत्ति न भवति।

૪ વાકયમાં શબ્દોનો ક્રમ કેવી રીતે જાળવવો એ ઉપર જણાવ્યું. બીજી ધ્યાનમાં રાખવાની બાબત એ છે કે સંસ્કૃતમાં વચનો ત્રણ છે, માટે જે વચનમાં કર્તા હોય તે જ વચનમાં ક્રિયાપદ મૂકવું જોઈએ, અને પુરુષ પ્રમાણે ક્રિયાપદનો પ્રયોગ થવો જોઈએ. સંસ્કૃત ભાષામાં લિંગનો પ્રશ્ન બહુ જ ગુંચવણ ભરેલો છે. અમુક શબ્દ અમુક લિંગમાં શાથી હશે તે નક્કી કરવું કઠિન છે. ગુજરાતી ભાષામાં સામાન્ય રીતે જેને છેડે 'ઓ' હોય તે પુલ્લિંગ, 'ઇ' હોય તે સ્ત્રીલિંગ અને 'ઉ' હોય તે નપુંસકલિંગ કહેવાય છે. જેમકે છોકરો–છોકરી અને છોકરૂં. પરંતુ સંસ્કૃત ભાષામાં એવો નિયમ નથી. અભ્યાસીઓએ માત્ર કોષ ઉપરથી લિંગનો વિચાર કરવો જોઈએ. સંસ્કૃત લિંગવિચારમાં કેટલીક વિચિત્રતા પણ આપણને જોવામાં આવે છે. જેમકે અમુક શબ્દ પ્રસિદ્ધ રીતે સ્ત્રીલિંગમાં હોય તો પણ તેને માટેના શબ્દો પુ.લિં.માં પણ હોય છે. ઉદાહરણ તરીકે 'સ્ત્રી' આને માટે **नारी**, **भार्या** વગેરે સ્ત્રીલિં.ના શબ્દો છે, પણ **दार** (પુ.) અને **कलत्र** (ન.) શબ્દો પણ છે. એવી જ રીતે 'શરીર' માટે **तनु** (પુ.) **काया** (સ્ત્રી), **वपुस्** (ન.) એમ ત્રણ શબ્દો છે. આમ છતાં પુ.લિં. શબ્દનાં સ્ત્રીલિં. બનાવવાં હોય તો (નામ તથા વિશેષણનાં) તેને માટે કેટલાક નિયમો છે, તે ધ્યાનમાં રાખવાની જરૂર છે.

કેટલાક શબ્દોના સ્ત્રીલિંગ બનાવવા પડે છે. જેમકે **अज** ઉપરથી **अजा**, **चटक** ઉપરથી **चटका**. સાધારણ રીતે પુ.લિં. નામ કે વિશેષણનાં સ્ત્રીલિં.નાં રૂપ કરવાં હોય, તો **आ**, **ई**, **ऊ** અને **ति** પ્રત્યયો પુ.લિં.ને લગાડવા પડે છે. સ્ત્રીલિંગ બનાવવાના કેટલાક નિયમો નીચે આપીશું.

(૧) **अ** જેને છેડે છે એવા શબ્દોનું સ્ત્રીલિં. બનાવતી વખતે

તેનું आ કરી નાખવું. प्रिय–प्रिया, एडक–एडका, अज–अजा વગેરે. પણ આ નિયમને એક અપવાદ છે તે એ કે જો શબ્દને છેડે क હોય તો, તેના अને आ કરતાં પહેલાં ઉપાન્ત્ય વ્યઞ્જનના अની इ કરવી. गोपक–गोपिका, घटक–घटिका, कारक–कारिका, मामक–मामिका. તેજ પ્રમાણે दाक्षिणात्यिका, इहत्यिका. આ નિયમના અપવાદના અપવાદ તરીકે अधित्यका, उपत्यका વગેરે શબ્દો છે.

(૨) જેને છેડે कर છે એવા શબ્દોનું સ્ત્રીલિં. છેલ્લા अનો ई કરવાથી થાય છે. किंकर–किंकरी, भोगकर–भोगकरी, कुंभकार–कुंभकारी.

(૩) જે શબ્દો જીવનની વય જણાવે છે (છેલ્લી વય સિવાય), તેમ તદ્ધિત પ્રત્યય न અને स्न જેને છેડે છે એવા શબ્દો. गौर શબ્દને માટે ई લગાડવામાં આવે છે. तरुण–तरुणी, कुमार–कुमारी. પણ वृद्ध–वृद्धा, स्थवीर–स्थवीरा, गौर–गौरी, हरिण–हरिणी. વ્યઞ્જનાન્ત નામને ई લગાડવી પડે છે; પણ તૃતીયા વિભક્તિના પ્રત્યય પહેલાં તે નામનું જે રૂપ થાય તેને ई લગાડવી. विद्वस्–विदुषा ( ત્રી. એ. વ. ) विदुष् + ई = विदुषी, તેજ પ્રમાણે सेदिवस्–सेदुषी, तस्थिवस्–तस्थुषी, राजन् –राज्ञी, मघवन्–मघोनी, श्वन्–शुनी; પણ युवन्–युवती, अर्वन्––अर्वणी.

(૪) सूर्य અને मत्स्य શબ્દોને પણ ई લાગે છે, પણ તે વખતે અન્તિમ य લોપાય છે. सूरी, मत्सी.

(૫) કોઈ પણ પુ.લિં. વાચક શબ્દનો 'સ્ત્રી'નો અર્થ લાવવો હોય તો મૂળ પુ.લિં. શબ્દને ई લગાડવી. गोप–गोपी, शूद्र–शूद्री. જે નામને છેડે पालक હોય તેનું સ્ત્રી.લિં. કરવાને आ લગાડવો. अश्वपालक–अश्वपालिका.

(૬) इन्द्र, ब्रह्मण, भव, शर्व, रुद्र, आचार्य, हिम, अरण्य અને यवन એ શબ્દોને आनी પ્રત્યય લાગે છે. इन्द्राणी, ब्रह्मणानी, भवानी વગેરે. છેલ્લા ત્રણને आनी પ્રત્યય લાગે ત્યારે તે 'અમુકની સ્ત્રી' એવો અર્થ સૂચવતા નથી, પણ ખાસ જુદા જ અર્થમાં આવે છે. हिम–हिमानी બરફનો સમૂહ. अरण्यानी વિશાળ જંગલ, यवनानी યવનોની લિપિ.

(૭) मातुल અને उपाध्यायને ई પણ લાગે છે, તેમ आनी પણ લગાડાય છે. मातुली–मातुलानी, उपाध्यायी–उपाध्यायानी. તે જ પ્રમાણે क्षत्रिया–क्षत्रियाणी. ક્ષત્રિય જ્ઞાતિની સ્ત્રી; પણ क्षत्रियी એટલે ક્ષત્રિયની પત્ની. તેજ પ્રમાણે अर्य ( વૈશ્ય )ને आ, ई તથા आनी લગાડાય છે, अर्या, अर्यी, अर्याणी.

(૮) રંગવાચક પ્રાતિપદિક હોય ત્યારે અને તેમના ઉપાન્ત્ય વ્યંજન त હોય ત્યારે તેમનું સ્ત્રીલિં. કરવાને आ લગાડવો અગર ई લગાડવી; પણ ई લગાડતાં પહેલાં અન્તિમ વ્યંજનનો न થઈ જાય છે. रोहित–रोहिता, रोहिणी. पिशङ्गને પણ આ નિયમ લાગુ પડે છે. पिशङ्गा–पिशङ्गी. આ નિયમના અપવાદમાં असित, श्वेत, रक्त વગેરે છે. असिता, श्वेता, रक्ता. પણ જો આ પ્રાતિપદિકના ઉપાન્ત્ય તરીકે त ન હોય તો ફક્ત તેને ई લગાડવી.

सारङ्ग–सारङ्गी. પણ कृष्ण–कृष्णा, श्याम–श्यामा.

(૯) કેટલાક શબ્દોનાં સ્ત્રીલિં. અનિયમિત રીતે થાય છે. पिता–माता; भ्राता–भगिनी, श्वशुर–श्वश्रू.

(૧૦) હ્રસ્વ અગર દીર્ઘ इવાળાં વિશેષણનું સ્ત્રીલિં. મૂળ પ્રમાણે થાય છે. शुचिનું સ્ત્રીલિં.માં शुचि, અને सुधीનું सुधी રહે છે. પછીથી તેનાં રૂપો इ અગર ई સ્વરાન્ત સ્ત્રીલિં. નામના જેવાં કરવાં; પણ જે उ સ્વરાન્ત વિશેષણો હોય, અને તેમની

પૂર્વે સંયુક્ત વ્યંજન ન હોય તો તેમને ई વિકલ્પે લાગે છે. मृदु માટે मृदुः–मृद्वी, चारु चारुः–चार्वी. પરંતુ જો તેમની પહેલાં સંયુક્ત વ્યંજન હોય તો તે કાયમ રહે છે. पाण्डु–पाण्डु (સ્ત્રીલિં.) ધેનુ પ્રમાણે રૂપ કરવાં. ऋ સ્વરાન્ત અને न् વ્યંજનાન્ત પ્રાતિપદિકોને ई લગાડવી. हर्तृ–हर्त्री, हन्तृ–हन्त्री, मन्थिन्–मन्थिनी. પરંતુ स्वसृ, ननान्द, दुहितृ વગેરે શબ્દો જાતે જ સ્ત્રીલિં.માં છે, માટે તેમને આ પ્રત્યય લાગતો નથી.

(૧૧) જે સામાસિક શબ્દને અન્તે उ, ऊ હોય અને તેનો પ્રથમ અવયવ તુલનાત્મક હોય, તો તેનું સ્ત્રીલિં. કરવાને છેલ્લા उનો દીર્ઘ કરવો. रम्भोरु–रम्भोरू ( रम्भा એટલે કેળ–કેળના જેવી જાંઘો છે તે સ્ત્રી. ) તે જ પ્રમાણે करभोरू.

(૧૨) જો પ્રાતિપદિકને અન્તે वन् હોય તો તેને इ લગાડવી, પણ તે પહેલાં તેના न् નો र् કરી નાખવો. જેમકે અહીંઆ ति પ્રત્યય લાગ્યો છે. शर्वन्–शर्वरी, पीवन्–पीवरी; પણ युवन्नुं युवति અપવાદથી થાય છે.

(૧૩) જો બહુવ્રીહિ સમાસને અન્તે अन् હોય અને તેનું સ્ત્રીલિં. કરવું હોય તો न् ઉડાડી મૂકીને તેની પૂર્વેના अनो आ કરવો. આમ વિકલ્પે થાય છે. बहुयज्वन्–बहुयज्वन्, बहुयज्वा.

(૧૪) જો કોઈ સમાસનો છેલ્લો શબ્દ પ્રાણીના શરીરનો કોઈ પણ અવયવ હોય અને તેના છેલ્લા સ્વરસંયુક્ત વ્યંજન ન હોય તો તેનું સ્ત્રીલિં. आ તથા ई થી કરાય છે.

જેમકે:—

चन्द्रमुख–चन्द्रमुखा–चन्द्रमुखी, सुकेशा–सुकेशी પણ पद्मनेत्री

(૧૫) પણ જો અવયવવાચક શબ્દોના બે કરતાં વધારે અક્ષરો હોય, તો સ્ત્રીલિં. કરવાને आ પ્રત્યય લગાડવો પડે છે.

कमलनयन—कमलनयना, पृथुजघना.

(૧૬) બહુવ્રીહિ સમાસના છેલ્લા અવયવ તરીકે જો नासिका, उदर, ओष्ठ, जंघा, दन्त, कर्ण, शृङ्ग, अङ्ग, गात्र, कण्ठ અને पुच्छ શબ્દો હોય, તો તેમનું સ્ત્રીલિં. કરવાને માટે આ અગર ई બન્ને લગાડવાં.

बिम्बोष्ठ–बिम्बोष्ठा–ष्ठी, कृशोदरा–री, स्थूलोदरा–री, लम्बजङ्घा–ङ्घी, चार्वङ्गा–चार्वङ्गी.

કૃદન્તનાં સ્ત્રીલિં. રૂપો કેમ કરવાં, તે વિષે ‘ કૃદન્ત ’ પ્રકરણમાં કહ્યું છે.

અહીંઆં કેટલાંક અગત્યનાં સ્ત્રીલિંગનાં ઉદાહરણો આપ્યાં છે, તે વિદ્યાર્થીઓએ યાદ રાખવાં. ઘણાંખરાં ઉદાહરણો ઉપરના નિયમમાં આવી જાય છે.

| પુંલ્લિંગ | સ્ત્રીલિંગ | પુંલ્લિંગ | સ્ત્રીલિંગ |
| --- | --- | --- | --- |
| कुमार | कुमारी | सूर्य | सूर्या સૂર્યની સ્ત્રી |
| | | | सूरी કુન્તી |
| पति | पत्नी | अगस्त्य | अगस्ती |
| बाल | बाला | अज | अजा |
| पितामह | पितामही | मातामह | मातामही |
| अश्व | अश्वा | गोप | गोपी |
| भव | भवानी | सारङ्ग | सारङ्गी |
| श्वशुर | श्वश्रू | पितृ | मातृ |
| इन्द्र | इन्द्राणी | अन्तर्वत् | अन्तर्वत्नी |
| शूद्र | शूद्रा–શૂદ્રજાતની સ્ત્રી | नाग | नागा |
| | शूद्री શૂદ્રની સ્ત્રી | | नागी |

| | | | |
|---|---|---|---|
| गोण | गोणा ખાલી કોથળી | नील | ~~नीली~~ |
| | गोणी ભરેલી કોથળી | | नीला |
| कुश | कुशा લાકડાનું પાટીઉં | | |
| | कुशी હળની કોશ | भ्रातृ | भगिनी |
| स्थल | स्थला કૃત્રિમ જગા | | |
| | स्थली કુદરતી જગા | | |
| श्वन् | शुनी | | |
| आचार्य | आचार्या ધર્મોપદેશકનું કામ કરનારી સ્ત્રી | | |
| | आचार्याणी આચાર્યની પત્ની | | |
| मनु | मनावी–मनायी–मनुः | | |
| वरुण | वरुणानी | | |
| अग्नि | अग्नायी | | |
| उपाध्याय | उपाध्याया–उपाध्यायी | | |
| क्षत्रिय | क्षत्रियी ક્ષત્રિયની સ્ત્રી | | |
| | क्षत्रियाणी–क्षत्रिया ક્ષત્રિયજાતની સ્ત્રી | | |
| मूषक | मूषिका | | |
| आर्यक | आर्यका–आर्यिका | | |
| नर्तक | नर्तकी | | |
| कामुक | कामुका | | |
| अर्य | अर्या–अर्याणी–अर्यी | | |
| हय | हयी | | |
| अश्वपालक | अश्वपालिका | | |
| मातुल | मातुला–मातुलानी–ली | | |
| मनुष्य | मनुषी | | |
| यवन | यवनी યવનની સ્ત્રી, યવન વર્ગની સ્ત્રી. | | |
| | यवनानी યવનોની લિપિ | | |
| मघवन् | मघोनी | | |

| | |
|---|---|
| मत्स्य | मत्स्यी |
| मुनि | मुनि |
| नृ | नरी–नारी |
| हरित् | हरिता–हरिणी |
| युवन् | युवती–युवतिः–यूनी |
| बक | बकी |
| गांगेय | गांगेयी |
| कपि | कपिः–कपी |
| पुत्रक | पुत्रिका |
| वैयाकरण | वैयाकरणी |

નીચેનાં કેટલાંક વિશેષણો તથા કૃદન્તનાં સ્ત્રીલિંગનાં રૂપ આપ્યાં છે.

| | | | |
|---|---|---|---|
| दिशत् | दिशती–दिशन्ती | इतर–इतरा | |
| रोहत् | रोहन्ती | अन्यतम–अन्यतमा | |
| बिभ्रत् | बिभ्रती | प्रेयस् | प्रेयसी |
| | | कमलाक्ष | कमलाक्षी |
| भात् | भाती–भान्ती | धीमत् | धीमती |
| प्रतियिवस् | प्रतीयुषी | चरम | चरमा |
| गच्छत् | गच्छन्ती | श्रेयस | श्रेयसी |
| अदत् | अदती | त्रिंशत्तम | त्रिंशत्तमी |
| यात् | याती–यान्ती | यशस्कर | यशस्करी |
| दधत् | दधती | वार्षिक | वार्षिकी |
| नश्यत् | नश्यन्ती | भयंकर | भयंकरी |

| | | | |
|---|---|---|---|
| चिन्वत् (प.) | चिन्वती | स्थापक | स्थापिका |
| चिन्वाना (आ.) | | | |
| विशत् | विशती– | सुकेश | सुकेशी |
| | विशन्ती | जगन्वस् | जग्मुषी |
| रुन्धत् (प). | रुन्धती | प्राङ्मुख | प्राङ्मुखी |
| रुन्धाना (आ.) | | | |
| तन्वत् (प.) | तन्वती | पङ्गु | पङ्गू |
| तन्वाना (आ.) | | | |
| मुष्णत् | मुष्णती | पाण्डु | पाण्डुः |
| कथयत् | कथयन्ती | चन्द्रमुख | चन्द्रमुखा–खी |
| पपिवस् | पपुषी | सुगुल्फ | सुगुल्फा |
| दातृ | दात्री | कतिपय | कतिपयी |
| नुदत् | नुदती–न्ती | गौर | गौरी |
| ईयिवस् | ईयुषी | पीवन् | पीवरी |
| इत्वन् | इत्वरी | शर्वन् | शर्वरी |
| | | अतिकेश | अतिकेशा–केशी |

ઉપર નામ તથા વિશેષણનાં તેમજ કૃદન્તનાં સ્ત્રીલિં.માં કેમ કરવું તે જણાવ્યું છે. સર્વનામમાં **अस्मद्** તથા **युष्मद्** એ પુ.લિં., સ્ત્રીલિં. તથા ન.લિં.માં છે. બાકીનાં સર્વનામમાં જુદા જુદા લિંગોનાં રૂપો સર્વનામના પ્રકરણમાં આપ્યાં છે. વાકયમાં જ્યારે શબ્દોને વાપરીએ (નામ, વિશેષણ, સર્વનામ કે કૃદન્તને) ત્યારે જે જે લિં.માં તે હોય તે લિંગમાં જ ઉપરના નિયમ પ્રમાણે તે તે વિભક્તિમાં વાપરવાં.

૪ **લિંગ**ના વિચાર સાથે **વચન**નો વિચાર વાકયમાં કરવાનો હોય છે. સંસ્કૃત ભાષામાં ત્રણ વચનો છે: એકવચન, દ્વિવચન અને બહુવચન. વાકયમાં શબ્દને જે વચનમાં વાપરવાની જરૂર હોય તે જ પ્રમાણે વાપરવાં. કર્તા એકવચનમાં હોય તો ક્રિયાપદ તે જ

વચનમાં જોઈએ; અર્થાત્ કર્તા અને ક્રિયાપદનો વચનથી અન્વય જાળવવાની ખાસ જરૂર છે. સાથે સાથે કર્તાની સાથે જોડાયલાં વિશેષણો તથા કૃદન્તો પણ તે જ વચનમાં આવવાં જોઈએ.

**नृपो गच्छति** અહીંઆં કર્તા એકવચનમાં હોવાથી ક્રિયાપદ પણ એકવચનમાં છે. તેમજ **कृष्णकायो नृपो गच्छति** આ વાકયમાં **कृष्णकाय:** વિશેષણને પણ એકવચનમાં વાપર્યું છે.

( Concord of the verb with the Subject )

કર્તા અને ક્રિયાપદની વચ્ચે નીચેની બાબતમાં અભેદાન્વય હોવો જોઈએ.

(૧) **પુરુષાભેદતા**—કર્તા જે પુરુષમાં હોય તે જ પુરુષમાં ક્રિયાપદ હોવું તે.

(૨) **વચનાભેદતા**—કર્તા જે વચનમાં હોય તે જ વચનમાં ક્રિયાપદ હોવું તે.

કર્તાની સાથે સંબંધ ધરાવનાર વિશેષણ, કૃદન્ત વગેરેનો અન્વય નીચેની બાબતોમાં હોવો જોઈએ. (૧) લિંગાભેદતા, (૨) વચનાભેદતા, (૩) વિભક્ત્યભેદતા. આ નિયમ જો જાળવવામાં ન આવે તો વાકયમાં અનેક દોષો આવે છે, અને તેનો અર્થ બદલાઈ પણ જાય છે; માટે આ અગત્યનો નિયમ ખાસ યાદ રાખવો જોઈએ.

(अ) પરન્તુ કેટલાક શબ્દો એવા છે કે તે હમેશાં બહુવચનમાં જ આવે છે. તે નીચે પ્રમાણે છે: अप् ( જળ ), **वर्षा, सिकता, अक्षता, लाजा** (ધાણી), **असु, प्राण, दार** ( સ્ત્રી ). આ શબ્દોને વાકયમાં વાપરતી વખતે બહુવચનમાં જ વાપરવા, તેમજ તેમની સાથે જોડાયલાં ક્રિયાપદો પણ બહુવચનમાં જ વાપરવાં જોઈએ. **केनाप्युपायेनासवो ( प्राणा: ) रक्षयितव्या: । लभेत सिकतासु तैलमपि यत्नत: पीडयन् । सीता रामस्य दारा: आसीत् ।** અહીંઆં

आसीत्‌નો કર્તા सीता છે, दाराः નહિ માટે ક્રિયાપદ એકવચનમાં છે. પણ दाराः केषां न प्रियाः सन्ति સ્ત્રી કોને પ્રિય હોતી નથી. કોઈ વ્યક્તિને–આચાર્ય, ગુરુ–વગેરેને માન આપવાને બહુવચન વપરાય છે. श्रीवल्लभाचार्या एतत्स्वग्रन्थे कथयन्ति । તેમજ જો વક્તા પોતે બહુ જ ઉંચો દરજ્જો ધરાવતો હોય; જેમકે રાજા, ગુરુ વગેરે તો તે પોતાને માટે બહુવચનમાં જ પ્રયોગ કરે છે. श्रीशङ्कराचार्या णामेतन्मतं । वयमपि भवत्यौ सखीगतं किमपि पृच्छामः હું પણ આપને સખી વિષે પૂછું છું.

(आ) દેશોનાં નામ બહુવચનમાં આવે છે, પણ તેમની સાથે જો विषय કે देश એવા શબ્દો જોડાયલા હોય તો એકવચનમાં આવે છે.

बंगेष्वधुना बहवो विद्वांसः आङ्गलसाहित्यविशारदा विद्यन्ते । પણ मगधदेशे पाटलिपुत्रं नाम नगरम् ।

(इ) કેટલીક વખત વિશેષ નામ પણ બહુવચનમાં વપરાય છે, પણ તે વખતે ગોત્ર તથા કુલનો અર્થ જણાવે છે. જેમકે जनकानां रघूणां च संबन्धः कस्य न प्रियः । कुरूणा पाण्डूनां महद्वैरमासीत् કુરુ અને પાણ્ડુનાં કુટુંબોમાં મોટું વૈર હતું.

(ई) કેટલીક વખત કોઈ પણ પ્રાણીનો આખો વર્ગ દેખાડવો હોય ત્યારે બહુવચન વપરાય છે. मृगाः संगीतप्रियाः सन्ति । बकाश्च मत्स्यप्रियाः । મૃગલાંને સંગીત પ્રિય છે, અને બગલાંઓને માછલાં પ્રિય હોય છે.

આ સિવાય બે કરતાં વધારેનો અર્થ જણાવવાને જ બહુવચન વપરાય છે.

**દ્વિવચન** હમેશાં બે વસ્તુને માટે જ વપરાય છે. ' दंपती ' શબ્દ એ દ્વિવચનમાં છે. કેટલીક વખતે 'બે' નો અર્થ

દર્શાવવાને युगल, युग, द्वन्द्व, द्वय, વગેરે શબ્દો આવે છે, પણ આ શબ્દો એકવચનમાં હોય છે. बालकद्वयं, अजद्वन्द्वं, चरण-युगलं વગેરે.

એકશેષ દ્વન્દ્વ સમાસમાં पितरौ જેવો શબ્દ દ્વિવચનમાં આવે છે, ત્યારે પુ.લિં. અને સ્ત્રીલિં. ઉભયનો અર્થ જણાવે છે; અર્થાત્ पितरौ પિતા અને માતા. पुत्रौ પુત્ર અને પુત્રી. કેટલાક શબ્દો જેવા કે नेत्र, हस्त, અને पाद હમેશાં દ્વિવચનમાં જ વાપરવા.

એક વસ્તુનો નિર્દેશ કરવાને એકવચન વાપરવું, પણ કેટલીક વખતે તે વસ્તુનો આખો વર્ગ અગર જાતિ જણાવવાને પણ એકવચન વપરાય છે. જેમકે सिंहः सर्वश्वापदेषु श्रेष्ठः સિંહ સર્વ પશુઓમાં શ્રેષ્ઠ છે; અર્થાત્ તમામ સિંહો સર્વ પશુઓમાં શ્રેષ્ઠ છે.

૫ પ્રત્યેક વાક્યમાં ઉપર જણાવ્યા પ્રમાણે કર્તા અને ક્રિયાપદ તેમજ વિશેષ્ય અને વિશેષણ અગર નામ અને સર્વનામનો અભેદ અન્વય હોવો જોઈએ; પણ મિશ્ર વાક્યમાં સંબંધી સર્વનામ અને **પરામૃષ્ટ** શબ્દની સાથેનો અભેદ અન્વય પણ જાળવવો જોઈએ. કર્તા અને ક્રિયાપદના અન્વય માટે ઉપર જણાવ્યું છે, પણ તેમાં નીચેની બાબત ખાસ યાદ રાખવી.

**જે વચનમાં અને પુરુષમાં કર્તા હોય, તે જ વચન અને પુરુષમાં ક્રિયાપદ જોઈએ.** વાક્યના મુખ્ય બે ભાગ હોય છેઃ ઉદ્દેશ્ય અને વિધેય. ઉદ્દેશ્ય એટલે જેના વિષે કંઈ પણ કહેવામાં આવે છે તે, અને વિધેય એટલે ઉદ્દેશ્યના વિષે જે કાંઈ કહેવામાં આવ્યું હોય તે. વિધેય ક્રિયાપદ, અગર નામ, અગર अस् ધાતુની સાથે વપરાયલું વિશેષણ પણ હોઈ શકે.

વિધેયમાં ક્રિયાપદ સિવાય જો નામ अस् ધાતુ સાથે વપરાય, ત્યારે તે નામને તેના મૂળ લિંગમાં વાપરવું; તે સમયે કર્તા તરીકે વપરાયલા નામનું લિંગ તેનું ન લેવું.

જેમકેઃ—**उर्वशी महेन्द्रस्य सुकुमारं प्रहरणमस्ति, रूपगर्विताया: श्रियः प्रत्यादेशः स्वर्गस्य चालंकारः** ( अस् ધાતુ કેટલીક વખત અધ્યાહાર પણ રહે છે. ) અહીંઆં **अस्ति** ક્રિયાપદના કર્તા તરીકે 'ઉર્વશી' છે, પણ વિધેયમાં **प्रहरण**, **प्रत्यादेश** અને **अलंकार** શબ્દો જે આપેલા છે તે તેમના મૂળ લિંગોમાં વાપર્યા છે, તેમને **उर्वशी**ના સ્ત્રીલિંગમાં વાપરવા નહિ. અર્થાત્ વાક્યમાં વિધેયપક્ષમાં જે **નામ આવે તેને તેના મૂળ લિંગમાં વાપરવાં.** ઉદાહરણ **त्वं जीवितं त्वमसि मे हृदयं द्वितीयं त्वं कौमुदी नयनयोरमृतं त्वमङ्गे ।**

કેટલાક શબ્દો જેવા કે **पात्र**, **स्थान**, **भाजन**, **आस्पद**, **पद** અને **प्रमाण** જ્યારે વિધેયપક્ષમાં આવે છે, ત્યારે હમેશાં **એકવચનમાં અને ન૦લિંગમાં** આવે છે. પછી વાક્યનો કર્તા ભલે બહુવચનમાં અગર બીજા કોઈ પણ લિંગમાં હોય. જેમકે **सीता रामस्य स्नेहपात्रमासीत्** અહીંઆં **सीता** સ્ત્રીલિં. છે, પણ **पात्र** ન.લિં.માં આવ્યું છે. **गुणिषु गुणाः पूजास्थानं सन्ति** અહીંઆં કર્તા **गुणाः** બહુવચનમાં અને પુલ્લિંગમાં છે, ક્રિયાપદ બહુવચનમાં આવ્યું છે, અને **पूजास्थानं** એ એકવચન અને નપુંસકલિંગમાં વપરાયું છે.

ઉદાહરણોઃ – '**ममापि दुर्योधनस्य शंकास्थानं पाण्डवाः**'

'**बलवानपि निस्तेजाः कस्य नाभिभवास्पदम्**'

અકર્મક ક્રિયાપદવાળા વાક્યના અર્થને પૂર્ણ કરવાને માટે જે નામ અગર વિશેષણ મૂકવામાં આવે છે, તે વાક્યમાં જો

ક્રિયાપદ अस्, भू, आलक्ष्, भा, जन् વગેરે ધાતુમાંથી કોઈ હોય તો તે નામ અગર વિશેષણ પ્રથમા વિભક્તિમાં મૂકવું. જેમકે मम पिताधुना वृद्धो जातः અહીંઆં ક્રિયાપદ जन् ધાતુ છે, અને वृद्ध વિશેષણ વાક્યના અર્થને પૂર્ણ કરવાને મૂકેલું છે. આથી वृद्धને પ્રથમામાં વાપર્યું છે. अयं मम पुत्रोस्ति, त्वं मम मित्रं भासि, सा कृशाङ्गी लक्ष्यते

**વાક્યમાં એક કરતાં જો કર્તાને સ્થાને વધારે શબ્દો હોય** અને તે 'અને'થી જોડાયલા હોય તો તે તમામ શબ્દોનું ભેગું 'વચન' ક્રિયાપદનું લેવું. मम पिता जननी चागच्छतः અહીંઆં કર્તા 'પિતા' અને 'જનની' બે એક-વચનના શબ્દો છે, એટલે ક્રિયાપદ દ્વિવચનમાં આવ્યું છે. गोपालस्तस्य द्वे भार्ये चाऽत्र वसन्ति 'ગોપાલ અને તેની બે ભાર્યાઓ અહીંઆં રહે છે.' અહીં 'ગોપાલ' અને તેની બે ભાર્યાઓ કર્તા છે, ગોપાલ એ.વ.માં અને 'ભાર્યા' દ્વિ.વ.માં છે. એકંદરે ત્રણ જણ હોવાથી वसन्ति બ.વ.માં વપરાયું છે.

ઉદાહરણો:–तीर्थोदकं च वह्निश्च नान्यतः शुद्धिमर्हतः

आयुः कर्म च वित्तं च विद्या निधनमेव च

पञ्चैतान्यपि सृज्यन्ते गर्भस्थस्यैव देहिनः ।

પણ જો વાક્યમાં અનેક શબ્દો કર્તા તરીકે આવેલા હોય, અને તે પ્રત્યેક પોતાનું **વ્યક્તિત્વ** ક્રિયાપદની સાથે અન્વયથી જાળવતા હોય, તો પછી ક્રિયાપદને બહુવચનમાં વાપરવું નહિ, પણ એકવચનમાં વાપરવું.

જેમકે:—रहस्यभेदो याञ्चा च नैष्ठुर्यं चलचित्तता ।

क्रोधो निःसत्यता द्यूतमेतन्मित्रस्य दूषणम् ॥

અહીંઆં रहस्यभेदःથી द्यूत સુધી સાત શબ્દોને કર્તાને સ્થાને મૂક્યા છે, પણ તે તમામ ભેગાં મળીને દૂષણો છે એવો

કહેવાનો અર્થ નથી, પરન્તુ તે પ્રત્યેક દૂષણ રૂપ છે એમ જણાવવાનો હેતુ હોવાથી दूषणमूनो એકવચનમાં પ્રયોગ કર્યો છે. તે જ પ્રમાણે न मां त्रातुं तातः प्रभवति न चांबा न भवती તથા यौवनं धनसंपत्तिः प्रभुत्वमविवेकिता । एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयंમાં પણ ક્રિયાપદ એકવચનમાં છે.

કેટલીક વખત ‘ અને ’થી જોડાયલાં અનેક નામ કર્તા તરીકે આવવા છતાં ક્રિયાપદ ફક્ત નજીકના નામની સાથે અન્વય ધરાવે છે. જેમકેઃ—अहश्च रात्रिश्च उभे च संध्ये धर्मोऽपि जानाति नरस्य वृत्तम् અહીંઆં जानातिનો સંબંધ ફક્ત धर्म જે નજીકનું નામ છે તેની સાથે છે. તે જ પ્રમાણે न तत्रार्यो हेतुर्भवति किरीटी न च युवाम् ।

જુદાં જુદાં પુરુષ વાચક નામો ‘ અને ’થી જોડાઈને વાક્યમાં આવ્યાં હોય, ત્યારે ક્રિયાપદને નીચે જણાવ્યા પ્રમાણે ‘પુરુષ’માં વાપરવું.

| | | |
|---|---|---|
| ૧લો પુ. + ૨જો પુ. + ૩જો પુ. = | ક્રિયાપદ | પહેલા પુરુષમાં |
| ૧લો પુ. + ૨જો પુ. | ,, | ,, |
| ૧લો પુ. + ૩જો પુ. | ,, | ,, |
| ૨જો પુ. + ૩જો પુ. | ,, | બીજા પુરુષમાં |

ते बालास्त्वमहञ्च तडागं द्रष्टुं गमिष्यामः । त्वं चाहं च वृत्रहन्नुभौ संप्रयुज्यावहै । तव पिता त्वञ्च मम गृहमद्यागच्छेतम् ।

જો વાકયમાં કર્તાવાચક અનેક નામશબ્દો અથવા, वाथी જોડાયા હોય તો, ક્રિયાપદ નજીકના નામ પ્રમાણે પુરુષ તથા વચનમાં વપરાય છે. सा वा मम दुहितारो वावश्यमिदं करिष्यन्ति અહીંઆં છેલ્લું નામ दुहितारः તે બ.વ.માં છે, માટે ક્રિયાપદ પણ બ.વ. માં વાપર્યું છે. ते बाला वाहं वेदं कार्यं कर्तुं न

शक्नोमि। અહીંઆં છેલ્લો કર્તાવાચક શબ્દ अहम् છે. તે પહેલા પુરુષમાં તથા એ.વ.માં છે, માટે ક્રિયાપદ પણ પહેલા પુરુષ અને એ.વ.માં વાપર્યું છે.

(Concord of the adjective with the Substantive)

વિશેષ્ય અને વિશેષણના અભેદનો અન્વય જાળવવો એ પણ જરૂરી છે. વિશેષ્યના વચન અને લિંગ પ્રમાણે વિશેષણનાં પણ વચન અને લિંગ જોઈએ; પણ જો વાકયમાં એક કરતાં વધારે વિશેષ્ય શબ્દો હોય, અને તે જુદા જુદા લિંગમાં હોય અને તેમને માટે પ્રયોજાએલું વિશેષણ એક હોય તો વિશેષણના વચન તથા લિંગ માટે નીચેનો નિયમ કરવામાં આવ્યો છે.

બે અગર બેથી વધારે વિશેષ્ય હોય તો તેમને માટે વપરાતું વિશેષણ તે બધાના એકત્ર 'વચન'માં આવે છે. અર્થાત્ વિશેષ્યો દ્વિવચનમાં હોય તો વિશેષણ દ્વિવચનમાં વાપરવું, અને જો તે બહુવચનમાં હોય તો વિશેષણ બહુવચનમાં વાપરવું. જો તે વિશેષ્યોમાં પુલ્લિંગ તથા સ્ત્રીલિંગ હોય તો વિશેષણનું લિંગ પુલ્લિંગ હોવું જોઈએ; પણ જો તેમાંનો એક વિશેષ્ય ન૦ લિંગમાં હોય, તો વિશેષણ ન૦ લિંગમાં જોઈએ.

| વિશેષ્ય | | વિશેષણ |
|---|---|---|
| પુ૦ લિં૦ + સ્ત્રી લિં૦ | = | પુ૦ લિં૦ |
| પુ૦ લિં૦ + ન૦ લિં૦ | = | ન૦ લિં૦ |
| સ્ત્રી૦ લિં૦ + ન૦ લિં૦ | = | ,, |
| પુ૦ લિં૦ + સ્ત્રી૦ લિં૦ + ન૦ લિં૦ | = | ,, |

ઉ૦ धर्मः कामश्च दर्पश्च हर्षः क्रोधः सुखं वयः

अर्थादेतानि सर्वाणि प्रवर्तन्ते न संशयः ।

અહીંઆં ધર્મ, કામ, દર્પ, હર્ષ અને ક્રોધ પુલ્લિંગમાં છે, અને સુખ અને વય ન૦લિં૦માં છે. આથી વિશેષણના શબ્દો **एतानि सर्वाणि** ન૦લિં૦માં વપરાય છે. વળી વિશેષ્યો એ કરતાં વધારે હોવાથી બહુવચનમાં છે. તે જ પ્રમાણે

**उमावृषाङ्कौ शरजन्मना यथा, यथा जयन्तेन शचीपुरन्दरौ ।**

**तथा नृपः सा च सुतेन मागधी ननन्दतुस्तत्सदृशेन तत्समौ ।**

અહીંઆં પ્રધાન વાક્યમાં વિશેષ્યમાં **सा** અને **नृपः** છે, ગૌણ વાક્યમાં **उमा** અને **वृषाङ्क** તથા **शची** અને **पुरन्दर** છે. આમાંનું એક વિશેષ્ય સ્ત્રીલિંગમાં અને બીજું પુ.લિંગમાં છે. માટે વિશેષણ પુ.લિં.માં આવશે. કર્તા તરીકે એ એકવચનનાં નામો છે, અને તેમનું વિશેષણ સાધારણ હોવાથી તે દ્વિવચનમાં આવશે, માટે **तत्समौ** એમ દ્વિવચનમાં અને પુ.લિંગમાં મુકાયું છે.

( Concord of Relative with antecedent )

૭ ગૌણવાક્યમાં જ્યારે સંબંધી સર્વનામની સૂચના હોય ત્યારે સંબંધી સર્વનામ પરામૃષ્ટ શબ્દ સાથે લિંગ, વચન, અને પુરુષની બાબતોમાં અભેદ અન્વય ધરાવે છે. વિભક્તિની બાબતમાં અન્વય હોતો નથી. બીજાં સર્વનામની માફક સંબંધી સર્વનામ સ્વતંત્ર રીતે (Relative) આવે છે, અગર વિશેષણ તરીકે પણ આવે છે. સાપેક્ષ વાક્યમાં સંબંધી સર્વનામ સામાન્ય રીતે જે નામની સાથે તે સંબંધ ધરાવે છે તેની પૂર્વે આવે છે, અગર તો સંબંધી સર્વનામ નિરાળું આવે છે, અને પરામૃષ્ટ શબ્દ દર્શક સર્વનામની સાથે વપરાય છે. કેટલીક વખત પરામૃષ્ટ નામ બીલકુલ આપવામાં આવતું જ નથી. **ससुहृद् व्यसने यः स्यात्** જે સંકટમાં હોય છે તે જ મિત્ર છે. અહીંઆં એ સંબંધી સર્વનામ છે, અને પરામૃષ્ટ નામ **सुहृद** છે; એટલે

ય ની અને सुहृद्‌ની વચ્ચે લિંગવચન અને પુરુષની અભેદતા છે. બન્નેનાં લિંગ, વચનાદિ સરખાં છે. इदं वनं तदेव यस्मिन्पाण्डवा द्वादशवर्षाणि न्यवसन्‌ અહીંઆં यस्मिन्‌ એ यद्‌ની સપ્તમી વિભક્તિ છે. તે સંબંધી સર્વનામનું રૂપ છે. પરામૃષ્ટ નામ તરીકે वनं છે. वन એ નં૦લિંગમાં અને એકવચનમાં છે, માટે यद्‌ પણ નં૦લિંગ અને એકવચનમાં વપરાયું છે; પણ વિભક્તિની બાબતમાં આ અભેદતા નથી, માટે वनની વિભક્તિથી यद्‌ની વિભક્તિ અહીંઆં જુદી છે, અર્થાત આ વાકયમાં वनની પ્રથમા વિભક્તિ છે અને यद्‌ની સપ્તમી વિભક્તિ છે. સંબંધી સર્વનામ અને પરામૃષ્ટ નામની વચ્ચે જે અભેદતા હોય છે તે વચન, લિંગ અને પુરુષની બાબતમાં. પુરુષનો યોગ ક્રિયાપદમાં હોય છે, વિભક્તિની બાબતમાં નહિ. સંબંધી સર્વનામ પોતાની જુદી વિભક્તિ લે છે.

વાકયરચનામાં ઉપર જણાવેલા ખાસ નિયમો લક્ષ્યમાં રાખવા જોઈએ, અર્થાત્‌ કર્તા અને ક્રિયાપદ અગર ઉદ્દેશ્ય અને વિધેયનો અભેદાન્વય, વિશેષ્ય અને વિશેષણનો અભેદાન્વય તથા સંબંધી સર્વનામ અને પરામૃષ્ટ નામનો અભેદાન્વય ખાસ હોવો જોઈએ. એ અન્વયના નિયમનું ઉલ્લંઘન કરવાથી વાકયો અશુદ્ધ લખાય છે, અને કવચિત્‌ અર્થશૂન્ય બને છે; માટે વાકયરચનામાં આ બાબત ખાસ લક્ષ્યમાં લેવી જોઈએ. આ પછી હવે આપણે વિભક્તિ વિષે થોડો વિચાર કરીએ.

## પ્રકરણ ૨ જું

### વિભક્તિવિચાર (Government)

૮ પાણિનિ સુપ્ અને તિઙ્ બંનેને વિભક્તિ કહે છે. સુપ્ એટલે નામને જે પ્રત્યયો લાગે તે, અને તિઙ્ એટલે ધાતુને કાળ અને અર્થના પ્રત્યયો લાગે છે તે. સુપ્ નામિકી અને તિઙ્. આખ્યાતિકી વિભક્તિ કહેવાય છે.

વિભક્તિઓ બે જાતની છેઃ (૧) કારક વિભક્તિ અને (૨) વિશેષણ વિભક્તિ. દરેક વાકયમાં નામ અને ક્રિયાપદનો પરસ્પર અન્વય હોય છે. જ્યાં નામ અને ક્રિયાપદનો અન્વય હોય, ત્યાં કારક સંબંધ કહેવાય છે. જે જે વિભક્તિઓ નામ અને ક્રિયાપદના અન્વયમાં સહાયભૂત થાય છે, તે બધી કારક **વિભક્તિ** કહેવાય છે. સામાન્ય રીતે છઠ્ઠી વિભક્તિ સિવાયની તમામ વિભક્તિઓ કારક કહેવાય છે. કારકનો મૂળ અર્થ 'કરનાર' એમ થાય છે, પણ આ ઉપરથી એમ સમજવું નહિ કે દરેક વાકયમાં કારક વિભક્તિ એ ક્રિયાને ઉત્પન્ન જ કરે છે. કારક વિભક્તિ ક્રિયાને ઉત્પન્ન કરતી નથી, પણ ક્રિયાની સાથે અન્વય કરે છે.

જે જે વિભક્તિથી નામનો સંબંધ વાકયના ક્રિયાપદ સાથે હોય, તે તમામ કારક વિભક્તિ છે: એટલે પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી અને સાતમી એ કારક વિભક્તિઓ છે. છઠ્ઠી વિભક્તિ નામ અને ક્રિયાપદનો અન્વય જણાવતી નથી, પણ તે માત્ર એક નામને બીજા નામ સાથે જોડે છે; જેમકે 'વનનું પશુ', 'રાજાનો પુત્ર.' આ વિભક્તિથી જણાવેલા શબ્દનો વિશેષણ તરીકે પ્રયોગ કરીને પણ જણાવાય છે, માટે

છઠ્ઠી વિભક્તિ વિશેષણ વિભક્તિ કહેવાય છે. જેમકે 'વનનું પશુ' એ वनस्य पशुः ને બદલે वन्यः पशुः તરીકે પણ અર્થ જણાવી શકે. વાકયમાં ક્રિયાનો અર્થ મુખ્ય હોય છે, અને નામનો અર્થ ગૌણ છે. કારક વિભક્તિના ૭ પ્રકાર અગર અર્થ છે: ( ૧ ) કર્તા, (૨) કર્મ, (૩) કરણ, ( ૪ ) સંપ્રદાન, ( ૫ ) અપાદાન અને (૬) અધિકરણ.

પ્રથમા વિભક્તિ કર્તાના અર્થમાં હોય છે. બીજી કર્મનો અર્થ જણાવે છે. ત્રીજી કરણના અર્થમાં છે. કરણ એટલે ક્રિયા કરવામાં ઉપયોગી સાધન. તેનો વ્યાપાર થતાં જ ક્રિયા થવા માંડે છે. ચોથી વિભક્તિ સંપ્રદાનનો અર્થ જણાવે છે. કર્મથી અગર કર્મરૂપ કરણથી કર્તા જેની સાથે જોડાય છે અગર જેને પ્રાપ્ત કરવાને ઇચ્છે છે, તે સંપ્રદાન કહેવાય છે. સંપ્રદાનમાં દાન, 'दा આપવું' એ અર્થ છે; પણ અહીંઆં વાસ્તવિક દાનનો અર્થ નહિ સમજતાં ગૌણ દાનનો અર્થ સમજવો. પાંચમી વિભક્તિ અપાદાનનો અર્થ જણાવે છે. એક વસ્તુ બીજીથી છુટી થાય ત્યારે વિયોગમાં જેનાથી તે છુટી પડે છે તે અપાદાન કહેવાય છે. સાતમી વિભક્તિ અધિકરણનો અર્થ જણાવે છે. કર્તૃદ્વારા કે કર્મદ્વારા તેમાં રહેલી ક્રિયાનું જે આધારભૂત કારક છે તે અધિકરણ કહેવાય છે.

## પ્રથમા વિભક્તિ

૯ આ વિભક્તિ વાકયમાં કર્તાનો અર્થે આવે છે. વાકયમાં ક્રિયાનો કર્તા પ્રથમા વિભક્તિમાં હોય છે. આ વિભક્તિ **પ્રાતિપદિકના** અર્થમાં પણ આવે છે. પ્રાતિપદિક એટલે નામનું મૂળ સ્વરૂપ. એનો અર્થ એટલે નામનો અર્થ અર્થાત્ પ્રથમા વિભક્તિ નામના

મૂળ અર્થને જણાવે છે, એટલે પ્રથમા વિભક્તિ નામના મૂળ અર્થને જણાવે છે, એટલે પ્રથમા વિભક્તિ નામના મૂળ અર્થમાં કંઈ વધારો દેખાડતી નથી. જે અર્થ છે. તે જ જણાવે છે. ક્વચિત્ પ્રથમા વિભક્તિ નામાર્થે, નિર્દેશાર્થે પણ પ્રયોજાઈ એમ કહેવાય છે. વાક્યમાં કર્તાનો અર્થ તથા કર્મનો અર્થ ક્રિયાપદ જ જણાવે છે, એટલે પ્રથમા વિભક્તિ કર્તાનો અર્થ ખાસ જણાવવાને માટે નથી; નહિ તો ત્યાં પુનરુક્તિનો દોષ થાય, માટે પ્રથમા વિભક્તિ પ્રાતિપદિક અર્થમાં જ પ્રયોજાય છે એમ કહ્યું છે, એટલે નામના મૂળ અર્થને જ તે જણાવે છે. આથી કર્તાર્થે કહેવા કરતાં પ્રાતિપદિકાર્થે પ્રથમા વિભક્તિ આવે છે, એમ કહેવું તે વ્યાકરણશાસ્ત્ર પ્રમાણે વધારે બંધબેસતું છે.

પ્રથમા વિભક્તિના વ્યાકરણશાસ્ત્ર પ્રમાણે નીચેના અર્થો હોય છે: પ્રાતિપદિક ( મૂળ શબ્દનો જ અર્થ ), લિંગ ( જાતિ જણાવવી. ) પરિમાણ ( માપનો અર્થ ), વચન. ( **प्रातिपदिकार्थलिङ्ग परिमाणवच मात्रे प्रथमा** પા. ૨–૩–૪૬ )

| | | |
|---|---|---|
| પ્રાતિપદિક અર્થમાં | | **उच्चैः नीचैः, कृष्णः, श्रीः, ज्ञानं** ઇત્યાદિ |
| લિંગ | ,, | **तटः, तटी, तटम्** |
| પરિમાણ | ,, | **द्रोणो व्रीहिः** (દ્રોણ–એક જાતનું માપ–જેટલી ડાંગર ) |
| વચન | ,, | **एकः०, द्वौ, बहवः** ઇત્યાદિ |

## બીજી વિભક્તિ

૧૦ બીજી વિભક્તિનું નામ **કર્મવિભક્તિ** છે. વાક્યની અંદર જે જે કર્મવાચક શબ્દો હોય, તે બધા બીજી વિભક્તિમાં આવે છે; પણ અમુક ક્રિયાપદો આ વિભક્તિ પણ લે છે. તે માટે નીચેના નિયમો છે.

(૧) વાક્યમાં ગતિવાચક ક્રિયાપદ આવ્યું હોય, તો જે તરફ જવાનું હોય, તેને માટે બીજી વિભક્તિ વપરાય છે. चन्द्रापीडः सेनया सहाच्छोदसरस्तटं गतः । ચન્દ્રાપીડ સેનાની સાથે અચ્છોદ સરોવરના કિનારા તરફ ગયો. आत्मनः प्रभुं मृगमानः सः अखिलामटवीमटत् । 'પોતાના શેઠને શોધતો તે તમામ જંગલમાં ફર્યો.' કેટલીક વખત રૂઢ પ્રયોગોમાં પણ જો ખરેખરી શારીરિક ગતિનો અર્થ ન હોય, ત્યાં પણ બીજી વિભક્તિ વપરાય છે. જેમકે भगवत्कथा श्रवणेन भक्तः न तृप्तिं याति । ભગવાનની કથાના શ્રવણથી ભક્તને તૃપ્તિ થતી નથી. नरपतिहितकर्ता द्वेष्यतां याति लोके । રાજાનું હિત કરનાર લોકમાં ધિક્કારાય છે. आत्मजमरणवृत्तान्तं श्रुत्वा सः परमं शोकमगच्छत् । પુત્રના મરણનું વૃત્તાન્ત સાંભળીને તેને ઘણો જ શોક થયો.

(૨) शी, स्था, અને आस् ધાતુની પૂર્વે જો अधि આવે તો જે સ્થળે આ ધાતુથી જણાવેલી ક્રિયાઓ બને છે, તેને માટે બીજી વિભક્તિ વપરાય છે. (સરખાવો—अधिशीङ्स्थासां कर्म १–४–४६)

एषा मे प्रियतमा, सुकुसुमास्तरणं शिलापट्टमधिशयाना सखीभ्यामन्वास्यते । અહીંઆં 'શિલાપટ્ટ પર સૂતેલી' એવી રીતે સપ્તમી વિભક્તિનો અર્થ છે, છતાં शी ની સાથે अधि ધાતુ આવેલો હોવાથી शिलापट्टम् એમ દ્વિતીયા વિભક્તિનો પ્રયોગ થયો છે. पर्णकुटीमध्यासीनस्य तस्य बहवः वासराः व्यतीताः । પર્ણકુટીમાં રહેતાં તેના ઘણા દિવસો પસાર થઈ ગયા.

(૩) विश् ધાતુ પૂર્વે अभिनि આવે ત્યારે " આશ્રય—સ્વીકાર

કરવો ' એવો અર્થ થાય છે, અને તે અર્થમાં જેનો આશ્રય કરવામાં આવે તેની બીજી વિભક્તિ લે છે.

सन्तो न कदाप्यसन्मार्गमभिनिविशन्ते સારા પુરુષો કોઈ પણ વખતે ખોટા માર્ગનો સ્વીકાર (આશ્રય) કરતા નથી. ( अभिनिविशश्च )

(૪) वस् ધાતુની પહેલાં उप, अनु, अधि અથવા आ આવે તો સ્થાનવાચક જેની સાથે તે સંબંધમાં છે તેની બીજી વિભક્તિ આવે છે.

तातेनावमानितो राजपुत्रो द्वादश वर्षान्वनमध्युवास ।
रम्यां रघुप्रतिनिधिः स नवोपकार्यां
बाल्यात्परामिव दशां मदनोऽध्युवास ।

(૫) સિવાય તથા 'ના વિષે' ના અર્થમાં अन्तरेण આવે, તો તે જે નામની સાથે આવે તેની બીજી વિભક્તિ લે છે. मार्मिकः को मरन्दानामन्तरेणमधुव्रतम् ભમરા સિવાય ફૂલના રસનો મર્મ કોણ જાણે. ( मधुव्रत ભમરો–' ભમરા સિવાય ' એમ હોવાથી मधुव्रत બીજી વિભક્તિમાં આવ્યો છે. ) भवतीमन्तरेण कीदृशोऽस्य प्रणयः આપના વિષે તેનો પ્રણય કેવો છે.

अस्यां वेलायां किं नु खलु मामन्तरेण चिन्तयति वैशंपायन इति चिन्तयन्नेव स निद्रां ययौ આ વખતે ખરેખર તે વૈશંપાયન મારે વિષે કેવો વિચાર કરે છે એમ ચિન્તન કરતો જ તે ઊંઘી ગયો.

તે જ પ્રમાણે अंतरा ' વચ્ચે ' પણ બીજી વિભક્તિ લે છે. शत्रुसेनां मम सेनां चान्तरा नदी શત્રુની સેના અને મારી સેના વચ્ચે નદી છે.

(૬) अभितः परितः (આજુબાજુએ) समया, निकषा, (નજીક), प्रति અને हा—જે નામની સાથે આવે છે તે નામ બીજી વિભક્તિમાં હોય છે.

ग्राममभितः (परितः) बहवो वृक्षाः सन्ति

ગામની આજુબાજુ ઘણાં ઝાડ છે. निकषा सौधभित्तिं काचिन्नारी ददृशे મહેલની પાસે કોઈ સ્ત્રી દેખાઈ. हा कुलांगारं त्वाम् येन मत्पूर्वजकीर्तिर्विनाशिता અરેરે, કુલાંગાર, તને ધિક્કાર છે કે જેનાથી મારા પૂર્વજોની કીર્તિનો નાશ કરાયો.

(૭) उभयतः, सर्वतः, धिक्, उपर्युपरि, अधोध, अध्यधि વગેરે શબ્દો હોય, ત્યારે પણ તેમની સાથે સંબન્ધ ધરાવનાર શબ્દો બીજી વિભક્તિમાં આવે છે.

राजानमुभयतः (सर्वतः) सैनिकाः अतिष्ठन् રાજાની બન્ને બાજુએ ( બધી બાજુએ ) સૈનિકો ઉભા.
धिक्त्वाम् कृष्णमभजन्तम्

ધિક્કાર છે તને કૃષ્ણને નહિ ભજનારને. धिक् કેટલીક વખતે પ્રથમા વિભક્તિ તેમજ સંબોધનમાં પણ આવે છે. धिगिदं परापमानसहनम् , धिङ् मूर्ख

(૮) સમય દર્શાવનાર શબ્દ બીજી વિભકિતમાં વપરાય છે. विंशतिं वासरान्सः मोहमय्यामवसत् તે વીસ દિવસો સુધી મુંબઈમાં રહ્યો. તેમજ અંતર કે છેટું દેખાડવાને માટે પણ બીજી વિભક્તિ આવે છે. नगरान्मुनेराश्रमपदं क्रोशं । મુનિનો આશ્રમ નગરથી એક કોશ ( બે માઈલ ) છે. सभा वैश्रवणी राजन् शतयोजनमायता । હે રાજા, ઇંદ્રની સભા એક સો યોજન લાંબી છે.

(૯) નીચેની કારિકામાં જણાવેલા ધાતુઓ બે કર્મવાળા છે, તેથી તે જ્યારે વાકયમાં વપરાયા હોય ત્યારે બે કર્મ લે છે, એટલે કર્મવાચક નામ બીજી વિભક્તિમાં આવવાં જોઈએ.

दुह्याच्पच्दण्डरुधिप्रच्छिचिब्रूशासुजिमन्थ् मुषाम् ।
कर्मयुक् स्यादकथितं तथा स्यान्नीहृकृष्वहाम् ।

दुह्, याच्, पच्, दण्ड्, रुध्, प्रच्छ्, चि, ब्रू, शास्, जि, मन्थ्, मुष् અને नी, हृ, कृष्, અને वह् આટલા ધાતુઓ વાકયમાં બે કર્મ લે છે. આમાંના चि, मुष्, पच्, मन्थ्, रुध्, जि, कृष्, हृ અને वह् સાહિત્યમાં જવલ્લેજ બે કર્મ સાથે આવે છે.

दुह्—सर्वशैला हिमालयं वत्सं परिकल्प्य धरित्रीम् रत्नानि महौषधीश्च दुदुहुः તમામ પર્વતોએ હિમાલયને વાછરડો બનાવીને પૃથ્વીમાંથી રત્નો તથા મહૌષધિનું દોહન કર્યું.

અહીંઆં धरित्री અને रत्नानि તથા महौषधीः એમ બે કર્મ છે. એક પ્રધાન–મુખ્ય કર્મ છે, અને બીજું ગૌણ કર્મ છે. रत्न તથા महौषधीः એ પ્રધાન–મુખ્ય કર્મ છે, અને धरित्री ગૌણ કર્મ છે; કારણ કે ગૌણ કર્મને બીજી વિભક્તિમાં જો વક્તા મૂકવા માગે તો મૂકી શકે છે. શું પૂછવાથી જે ઉત્તર આવે તે પ્રધાન કર્મ, અને 'કોને' પૂછવાથી જે મળે તે ગૌણ કર્મ સમજવું. જેમકે અહીંઆં શું દોહ્યું? ઉત્તર–રત્ન તથા મહૌષધિ, માટે તે પ્રધાન કર્મ. કોને દોહ્યું? ધરિત્રીને, માટે તે ગૌણ કર્મ છે. ગુજરાતી ભાષામાં 'પૃથ્વીમાંથી' એમ પંચમી વિભક્તિ છે, છતાં ઉપરના નિયમ પ્રમાણે તેને માટે સંસ્કૃત ભાષામાં બીજી વિભક્તિ વપરાઈ છે.

અહીંઆં આપેલા બાર ધાતુઓ જે બે કર્મ લે છે, તેમાંનું એક પ્રધાન કર્મ અને બીજું ગૌણ કર્મ સમજવું.

**याच्**—श्रेष्ठिनमन्नं याचते भिक्षुकः શેઠની પાસેથી ભિખારી અન્ન યાચે છે. અહીંઆં 'શેઠની પાસેથી' પાંચમી વિભક્તિમાં હોવા છતાં श्रेष्ठिन् શબ્દ બીજી વિભક્તિમાં વપરાયો છે. શું યાચ્યું? અન્ન, માટે તે પ્રધાન કર્મ. કોને યાચ્યું? શેઠને, માટે તે ગૌણ કર્મ.

**पच्**—तण्डुलानोदनं पचति सूदः રસોઈઓ તણ્ડુલનો ભાત રાંધે છે. ગુજરાતીમાં 'તણ્ડુલનો' એમ હોવા છતાં સંસ્કૃતમાં બીજી વિભક્તિ વપરાઈ છે. શું રાંધે છે? ભાત. માટે ओदनं પ્રધાન કર્મ. કોને રાંધે છે? તણ્ડુલને, માટે તે ગૌણ કર્મ.

આ રીતે બાકીના દાખલા સમજવા.

**दण्ड्**—न्यायाधीशोऽपराधिनं सहस्रं रूपकान्दण्डयति ન્યાયાધીશ અપરાધીનો હજાર રૂપીઆ દંડ કરે છે.

**रुध्**—मेषपालो मेषान्व्रजमवरुणद्धि ભરવાડ ઘેટાંઓને વાડામાં પૂરે છે.

**प्रच्छ्**—महाश्वेता कादंबरीमनामयं पप्रच्छ મહાશ્વેતાએ કાદંબરીને કુશળ સમાચાર પૂછ્યા.

**चि**—कुमार्यो लतां पुष्पाण्यवचिनोति કુમારીઓ લતામાંથી ફૂલો ચૂંટે છે.

**ब्रू-शास्**—गुरुः शिष्यान्धर्मं ब्रूते-शास्ति ગુરુ શિષ્યોને ધર્મ કહે છે.

**जि**—चन्द्रकान्तो रमणलालं द्यूत एकं रूपकं जयति ચન્દ્રકાન્ત રમણલાલની પાસેથી દ્યૂતમાં એક રૂપીઓ જીતે છે.

**मन्थ्**—सुधां क्षीरनिधिं मथ्नन्ति देवाः દેવો ક્ષીરસમુદ્રમાંથી અમૃતનું મંથન કરે છે.

**मुष्**—ચોરી કરવી. अयं स्तेनः विप्रं द्विशतकं रूपकानलंकाराणि चामुष्णात् આ ચોરે બ્રાહ્મણના બસો રૂપીઆ અને ઘરેણાં ચોર્યાં.

ની, हृ, कृष् અને वह् ધાતુઓમાં ક્રિયાને 'કોને અગર શું' પ્રશ્ન પૂછતાં જે જવાબ આવે તે પ્રધાન કર્મ, અને ક્યાં પ્રશ્ન પૂછતાં જે જવાબ મળે તે ગૌણ કર્મ સમજવું.

**कृषीवलः वृषं क्षेत्रं नयति–हरति–कर्षति–वहति वा**

ખેડુત બળદને ખેતરમાં લઈ જાય છે–દોરી જાય છે–વગેરે.+

## ત્રીજી વિભક્તિ

૧૧ ત્રીજી વિભક્તિ કરણના ઉપકારક અર્થમાં આવે છે. ક્રિયા કરવામાં જે ઉપકારક તે કરણ, અર્થાત્ જેનાથી ક્રિયા સુલભ બને છે તે કરણ. ગુજરાતીમાં જો નામની સાથે તૃતીયાનો "થી, થકી" પ્રત્યય આવ્યા હોય, તો તેને માટે ત્રીજી વિભક્તિ વાપરવી. જેમકે, માણસથી, **मनुष्येन** તેમજ નીચેની બાબતોમાં પણ ત્રીજી વિભક્તિ વપરાય છે.

(૧) કોઈ પણ કાર્યની પદ્ધતિ દર્શાવવામાં ત્રીજી વિભક્તિ આવે છે.

**शास्त्रविधिना स उपयेमे । संगीतशास्त्रानुसारेण सः गीतं जगौ ।**

શાસ્ત્રની વિધિ પ્રમાણે તેણે લગ્ન કર્યું. સંગીતશાસ્ત્ર પ્રમાણે તેણે ગીત ગાયું.

---

+ ભટ્ટિ કાવ્યના છઠ્ઠા સર્ગમાં દ્વિકર્મક દુહાદિ ધાતુઓના ઉદાહરણ તરીકે નીચેના શ્લોકો આપ્યા છે.

**सोऽपृच्छल्लक्ष्मणं सीतां याचमानः शिवं सुरान् ।**
**रामं यथास्थितं सर्वं भ्राता ब्रूते स्म विह्वलः ॥**
**संदृश्य शरणं शून्यं भिक्षमाणो वनं प्रियाम् ।**
**प्राणान्दुहन्निवाऽऽत्मानं शोकं चित्तमवारुधत् ॥**
**गतास्यादवचिन्वाना कुसुमान्याश्रमद्रुमान् ।**
**आ यत्र तापसान् धर्मं सुतीक्ष्णः शास्ति तत्र सा ॥**

(૨) કોઈ પણ વસ્તુને અમુક કિંમત આપીને ખરીદવામાં આવી હોય, તો તે કિંમત માટેનો શબ્દ ત્રીજી વિભક્તિમાં વપરાય છે. **इमानि पुष्पाणि एकरूपकेन मया क्रीतानि** આ ફૂલો એક રૂપીઆથી(માં) મેં ખરીદ્યાં છે. અહીંઆં रूपक એ કિંમત દેખાડે છે, માટે તે તૃતીયા વિભક્તિ-માં વાપરવો.

(૩) ગતિવાચક ક્રિયાપદો સાથે 'વાહન' માટેનો શબ્દ તૃતીયા વિભક્તિમાં આવે છે.

**रथेन ग्रामं गच्छति । विमानेन विगाहमानो रामोऽयोध्यां निवर्तते ।**

(૩) નયન, તથા વહનના અર્થનાં ક્રિયાપદો વાક્યમાં હોય, ત્યારે જે વાહનથી વસ્તુ લઈ જવામાં આવે અગર જેમાં કોઈ વસ્તુ મૂકવામાં આવે, તે તૃતીયા વિભક્તિમાં મુકાય છે. **सा मूर्ध्ना मञ्जूषामुवाह** તે માથાથી પેટીને લઈ ગઈ.

(૪) સોગન ખાવાના હોય ત્યારે જેના નામથી સોગન ખાવાના હોય, તેને માટે ત્રીજી વિભક્તિ વાપરવી.

**जगदम्बया भगवत्याहं शपामि यद्यहं मासेनेदं कार्यं न कुर्यां तर्ह्यहं नूनमन्नं न गृह्णीयाम्**

(૫) ગતિવાચક ક્રિયાપદોવાળાં વાક્યોમાં જે દિશામાં ગતિ કરવામાં આવે, તે દિશાને માટેનો શબ્દ તૃતીયા વિભક્તિમાં મુકાય છે. **उत्तरया दिशा स जाल्मः पलायितः** ઉત્તર દિશામાં તે લુચ્ચો નાસી ગયો.

(૬) 'ના કરતાં ચઢિઆતા હોવું' તથા 'ને મળતા હોવું' એવા અર્થનાં ક્રિયાપદોવાળાં વાક્યોમાં જે બાબતમાં ચઢિઆતા હોય અગર જે બાબતમાં મળતા હોય, તેને માટે તૃતીયા વિભક્તિ વપરાય છે.

'चित्रकलया सावित्री शारदामधिशेते' ચિત્રકલામાં સાવિત્રી શારદા કરતાં ચઢી જાય છે. रमेशो गौरीशंकरं स्वरेणानुहरति રમેશ ગૌરીશંકરને સ્વરમાં મળતો આવે છે.

(૭) सममू, सह, साक, तुल्य, सम, निम વગેરે ('સરખામણી') ના શબ્દો આવે, ત્યારે જેની સાથે સરખમાણી અગર તુલના દેખાડવાની હોય, અગર જેની 'સાથે'ની સાહચર્યની ક્રિયા દેખાડવાની હોય, તેને માટે ત્રીજી વિભક્તિ આવે છે.

पुण्डरिकेन तुल्यं तस्य मुखं । संपत्तौ कुबेरेण समः स नृपतिः अस्ति । सत्यवादने हरिश्चन्द्रेण तुल्यः वर्तते । सेनया सह –समं सेनापती रणभूमिमवतीर्णः ।

(૮) જ્યારે કોઈ પણ વાક્યમાં અમુક કાર્ય અમુક વખતમાં થયું એવો અર્થ જણાવવાનો હોય, તો જેટલા સમયમાં તે કાર્ય થયું હોય તે માટેનો શબ્દ ત્રીજી વિભક્તિમાં વપરાય છે.

पञ्चवर्षैः सर्वाणि काव्यानि तेनाधीतानि । सप्ताहेनाखिलं भागवतं तेन वाचितम् । પાંચ વર્ષોમાં સર્વ કાવ્યો તે ભણ્યો. એક અઠવાડીઆમાં આખું ભાગવત તેણે વાંચ્યું.

(૯) શરીરના અવયવોની ખોડખાંપણ દેખાડવી હોય ત્યારે જે અવયવમાં ખોડ દેખાડવાની હોય, તે ત્રીજી વિભક્તિમાં આવે છે.

मम भ्राताक्ष्णा काणः — મારો ભાઈ આંખે કાણો છે.
सा बाला पादेन खञ्जा — તે છોકરી પગથી લંગડી છે.

(૧૦) અમુક ચિહ્ન અગર લક્ષણ ઉપરથી વ્યક્તિની સ્થિતિ અગર ધંધાનું ઓળખાણ કરાવવું હોય, ત્યારે તે ચિહ્ન અગર લક્ષણનો શબ્દ ત્રીજી વિભક્તિમાં આવે છે.

श्वेतैः केशैरयं पुरुषो वृद्धो लक्ष्यते ધોળા વાળથી આ પુરુષ ઘરડો જણાય છે. कृष्णवस्त्रेनेयं शोकाकुलो दृश्यते કાળાં કપડાં ઉપરથી આ શોકાતુર દેખાય છે.

(૧૧) अलं અને कृतं 'બસ'ના અર્થમાં હોય, તો ત્રીજી વિભક્તિવાળા શબ્દની સાથે આવે છે.

अलं रुदितेन રુદનથી બસ. कृतमनेन पुरुषेण આ માણસથી બસ છે. अलमनया तव भक्त्या આ તારી ભક્તિથી બસ છે.

(૧૨) किं, कार्यं, अर्थः, प्रयोजनं, गुणः વગેરે શબ્દો 'પ્રયોજન, લાભ, જરૂર'નો અર્થ પ્રકટ કરે છે. આમાંનો કોઈ શબ્દ વાક્યમાં આવ્યો હોય, તો **જેની જરૂર** હોય– જેનું પ્રયોજન અગર જેનાથી લાભ હોય તેની ત્રીજી વિભક્તિ, અને **જેને જરૂર** છે તેની છટ્ઠી વિભક્તિ વપરાય છે. कृ ધાતુની સાથે किं આ અર્થમાં આવે, ત્યારે પણ આ નિયમ લાગુ પડે છે.

मादृशस्य सेवया भवतो न किमपि प्रयोजनम् મારા જેવાની સેવાથી આપનું કંઈ પણ પ્રયોજન નથી.

अनेन प्रजल्पेन तव को गुणः આ બડબડાટથી તને શો લાભ?

तवार्थेन मम न किमपि कार्यम् તમારા દ્રવ્યની મને કંઈ પણ જરૂર નથી.

महापुरुषाणां कीर्त्या न कोऽप्यर्थः મહાપુરુષોને કીર્તિથી કોઈ પણ અર્થ નથી; અર્થાત્ મહાપુરુષો કીર્તિની દરકાર કરતા નથી.

## ચોથી વિભક્તિ

૧૨ આ વિભક્તિને સંપ્રદાન વિભક્તિ કહેવામાં આવે છે, 'ને, મારે, માટે, સારૂ' વગેરે શબ્દો નામની સાથે આવ્યા હોય તો તે નામ ચોથી વિભક્તિમાં વપરાય છે. તેને માટે નીચેના નિયમો છે.

(૧) જો વાક્યમાં **दा** અગર તેના અર્થનો બીજો કોઈ પણ ધાતુ વપરાયો હોય, તો જેને કંઈ વસ્તુ આપવાની હોય તેને માટે ચોથી વિભક્તિ વપરાય છે. **पात्राय विद्या देया। अपात्राय दत्ताविद्यानर्थाय ।** પાત્રને વિદ્યા આપવી જોઈએ; અપાત્રને આપેલી વિદ્યા અનર્થ ઉત્પન્ન કરે છે. **अन्नं देहि ब्राह्मणेभ्यः** બ્રાહ્મણોને અન્ન આપો.

(૨) **रुच्** 'પસંદ પડવું' ધાતુ જો વાક્યમાં વપરાય, તો જે પુરુષને પસંદ પડે તેને માટે ચોથી વિભક્તિ વાપરવી, અને જે વસ્તુ પસંદ પડે છે, તે પ્રથમા વિભક્તિમાં મૂકવી. **फलं रोचते बालाय** બાળકને ફલ પસંદ પડે છે.
**यदि रोचते त इदं तर्हि क्रियताम्** જો તને આ ગમતું હોય તો તે કર.

**मम पत्न्यै दुग्धं रोचते किन्तु मे तन्नरोचते** મારી પત્નીને દૂધ પસંદ પડે છે, પણ મને તે પસંદ પડતું નથી.
**स्वद्** ધાતુને પણ આ નિયમ લાગુ પડે છે. જેમકે **यज्ञदत्ताय स्वदतेऽपूपः** યજ્ઞદત્તને અપૂપ પસંદ પડે છે.

(૩) **स्पृह्** 'ઇચ્છા કરવી' એ ધાતુ જ્યારે હોય ત્યારે જે વસ્તુની ઇચ્છા કરવામાં આવે છે, તેને માટે ચોથી વિભક્તિ વાપરવી. **स युवा कीर्त्यै स्पृहयति न भोगाय** તે યુવક કીર્તિની ઇચ્છા કરે છે, ભોગની નહિ.

(૪) **धृ** 'ના દેવાદાર હોવું' એ અર્થમાં આવે ત્યારે જેના દેવાદાર હોય તેને માટેનો શબ્દ ચોથી વિભક્તિમાં વાપરવો. **यज्ञदत्तो माणवकाय शतं रूपकान्धारयति** યજ્ઞદત્તનું માણવક તરફ સો રૂપીઆનું દેવું છે. **वृक्षसेचने द्वे धारयसि मे** વૃક્ષોના છંટકાવ કરવામાં તારું બે છંટકાવ જેટલું મારા તરફ દેવું છે.

(૫) क्रुध्, द्रुह्, ईर्ष्य्, असूय् એ ધાતુઓ જેના તરફ ક્રોધ, દ્રોહ, ઈર્ષા તથા અસૂયા દેખાડવાની હોય તેની ચતુર્થી વિભક્તિની અપેક્ષા રાખે છે.

कुध्यति नृपतिः सचिवाय । द्रुह्यति-ईर्ष्यति असूयति वा कान्तायै सरस्वती સરસ્વતી કાન્તાને દ્રોહ-ઈર્ષા-અસૂયા કરે છે.

(૬) नमः स्वस्ति, स्वाहा, स्वधा અને वषट् શબ્દો ચોથી વિભક્તિ સાથે આવે છે. તેમજ स्वागतं, कुशलं, भद्रं શબ્દો પણ ચોથી વિભક્તિ સાથે આવે છે.

नमोगुरवे, स्वस्ति तुभ्यम्, स्वाहा अग्नये, पितृभ्यः स्वधा, स्वागतं-कुशलं देवायं इन्द्राय वषट् (સિ. કૌ.)

नमस्त्रिमूर्तये तुभ्यं प्राक्सृष्टेः केवलात्मने । नमः ની સાથે कृ હોય તો કર્મવાચક શબ્દ બીજી વિભક્તિમાં અગર ચોથીમાં આવે છે. नमस्करोमि भगवन्तं भगवते वा । प्रणिपत् તથા प्रणम्‌ને પણ એ જ નિયમ લાગુ પડે છે. कृष्णं कृष्णाय वा प्रणमामि

(૭) क्लृप् 'ને યોગ્ય હોવું, લાયક થવું, સમર્થ નીવડવું' એ અર્થમાં જેને માટે યોગ્ય-લાયક કે સમર્થ થવાનું હોય, તે માટેનો શબ્દ ચોથી વિભક્તિ લે છે.

गणदत्तः आचार्योऽध्यापनाय कल्पते

(૮) अलं, प्रभु, शक्त વગેરે શબ્દો 'સમર્થ થવું' ના અર્થમાં ચોથી વિભક્તિ સાથે આવે છે. रमेशो लक्ष्मणाय गणितविषये अलं । अयं वैद्यस्तस्य प्रतिस्पर्धिने वैद्याय अलं (प्रभुः शक्तः)

(૯) કોઈ પણ હેતુ માટે કોઈ પણ કાર્ય કરવામાં આવે, તો તે હેતુ માટેનો શબ્દ ચોથી વિભક્તિમાં મૂકવો જોઈએ. જેમકે काव्यं यशसे, प्रतिमायै हिरण्यं, घटाय मृद् .

(૧૦) 'મોકલવું' એ અર્થનો ધાતુ વાક્યમાં હોય તો જે પુરુષને કંઈ પણ મોકલવામાં આવે તે ચોથી વિભક્તિમાં, અને જે સ્થળે મોકલવામાં આવે તે બીજી વિભક્તિમાં આવે છે. जनको दशरथभूपाय दूतं प्रजिघाय જનકે દશરથ રાજાને દૂત મોકલ્યો. हनुमन्तं लंकां प्राहिणोत्सुग्रीवः સુગ્રીવે હનુમાનને લંકા મોકલ્યો.

(૧૧) कथ्, ख्या, शंस्, અને चक्ष् 'કહેવું' એ ધાતુઓ વાક્યમાં હોય, ત્યારે જેને કંઈ પણ કહેવામાં આવે છે તે ચોથી વિભક્તિમાં મુકાય છે.

चपलोऽयं बटुः कदाचिदस्मत्प्रार्थनामन्तःपुरेभ्यः कथयेत् । આ બાળક ચપળ છે, કદાચ આપણી (મારી) પ્રાર્થનાને અન્તઃપુરમાં કહી દેશે.

ताभ्यां यथागतमुपेत्य तमेकपुत्र
मज्ञानतः स्वचरितं नृपतिः शशंस ।

(૧૨) प्रति+श्रु 'વચન આપવું' એ ધાતુ વાક્યમાં હોય ત્યારે જેને વચન આપવામાં આવે છે તેને માટે ચોથી વિભક્તિ આવે છે. प्रतिश्रुतं तेन तस्मै स्वसुरन्तिसुंदर्याः प्रदानम् પોતાની બેન અવન્તિ સુંદરીના લગ્નનું તેણે તેને વચન આપ્યું.

## પાંચમી વિભક્તિ

૧૩ પાંચમી વિભક્તિ અપાદાનના અર્થમાં આવે છે. સાધારણ રીતે ગુજરાતી ભાષામાં આ વિભક્તિનો પ્રત્યય 'થી, માંથી' એવો હોય છે, તેથી નામની સાથે એ પ્રત્યય લાગ્યા હોય ત્યારે પાંચમી વિભક્તિ વાપરવી.

કેટલીક વખતે 'ને લીધે,' 'ના થકી' એવા શબ્દો હોય ત્યારે, તેમજ જ્યારે કારણ દેખાડવાનું હોય ત્યારે પણ પાંચમી વિભક્તિ

આવે છે. ખાસ કરીને ન્યાયના તથા તત્ત્વજ્ઞાનના ગ્રન્થોમાં જ્યાં કારણો આપીને દલીલો કરવાની હોય છે ત્યાં પાંચમી વિભક્તિનો બહુ જ છૂટથી પ્રયોગ થાય છે.
**नेश्वरो जगतः कारणमुपपद्यते । कुतः वैषम्यनैर्घृण्यप्रसंगात्** ઈશ્વર જગતનું કારણ નથી; કારણ કે વૈષમ્ય અને નૈર્ઘૃણ્યનો પ્રસંગ આવે માટે.

> ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते
> संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ।
> क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।

વિષયોનું ધ્યાન કરનાર પુરુષની તેમાં આસક્તિ થાય છે, આસક્તિથી કામ ઉત્પન્ન થાય છે, અને કામથી ક્રોધ થાય છે, ક્રોધથી સંમોહ થાય છે, અને સંમોહથી સ્મૃતિનો વિભ્રમ થાય છે.

(૧) કોઈ વસ્તુને બીજાની સાથે સરખામણી કરીને તેના કરતાં આ ચઢિઆતી અગર ઉતરતી એમ જણાવવું હોય, તો જેનાથી ચઢિઆતી અગર ઉતરતી છે એમ કહેવું હોય તેને માટે પાંચમી વિભક્તિ વાપરવી; અર્થાત્ અધિકતાવાચક વિશેષણોવાળાં વાક્યોમાં જેની સાથે સરખામણી કરવાની હોય, તેને માટે પાંચમી વિભક્તિ વાપરવી. **गंगा यमुनायाः द्राघीयसी नदी** યમુના કરતાં ગંગા વધારે લાંબી નદી છે. **शकुन्तला प्राणेभ्योऽपि कण्वस्य प्रेयसी आसीत्** શકુન્તલા કણ્વને પ્રાણ કરતાં પણ વધારે પ્રિય હતી. **स्वर्गादपि रमणीयतरे वृन्दावने गोपबालैःसह कृष्णः विविधक्रीडाः चकार** સ્વર્ગ કરતાં પણ વધારે સુંદર વૃન્દાવનમાં કૃષ્ણે ગોપ બાલકો સાથે વિવિધ ક્રીડાઓ કરી. **यद्यस्मत्तो**

**वरीयान्राक्षसोऽवगम्यते तदिदं शस्त्रं तस्मै दीयताम्** જો અમારા કરતાં રાક્ષસ વધારે સારો એમ સમજાતું હોય તો આ હથિયાર તેને આપો.

(૨) જુગુપ્સા, વિરામ અને પ્રમાદ દર્શાવનારા શબ્દો પાંચમી વિભક્તિ સાથે સંબંધ ધરાવે છે. **धीराः निश्चितार्थान्न विरमन्ति ।**

**अस्मात्पापाद्विरम** આ પાપમાંથી અટક. **आत्मनोऽधिकारात्प्राज्ञो न कदापि प्रमत्तो भवेत्** ડાહ્યા માણસે પોતાના અધિકારથી કદાપિ દૂર થવું ન જોઈએ.

(૩) ભીતિ દેખાડનાર ક્રિયાપદ હોય ત્યારે જેનાથી ભય હોય છે, તેને માટે પાંચમી વિભક્તિ વાપરવી.

**रावणाद्बिभ्यतीं सीतामशोकवाटिकायां वृक्षस्याधस्तादासीनां पवनात्मजोऽपश्यत् ।**

રાવણથી ભય પામતી સીતાને અશોકવાડીમાં વૃક્ષની નીચે બેઠેલી હનુમાને જોઈ.

**शौर्यविहीनः पुरुष शुनोऽपि बिभेति** શૌર્ય વગરનો માણસ કુતરાથી પણ બીએ છે.

(૪) કોઈ પણ કામ કરતાં માણસને અટકાવવામાં આવે, અગર તેમાંથી દૂર કરવામાં આવે, તો જેમાંથી તેને અટકાવવામાં અગર દૂર રાખવામાં આવે છે તેને માટે પાંચમી વિભક્તિ વાપરવી.

**किममुंबालं जलप्रवेशान्न निवारयसि ।**

આ બાળકને જલપ્રવેશમાંથી કેમ અટકાવતા નથી ?

(૫) अन्य, पर, इतरः, आरात् દૂર અથવા નજીક, ऋते, प्रभृति, आरभ्य, बहिः, ऊर्ध्वं, परं, अनंतरं વગેરે શબ્દો, જે શબ્દોની સાથે આવે, તે પાંચમી વિભક્તિમાં વપરાય છે. कृष्णादन्यं देवं नाहं जानीमि કૃષ્ણથી બીજા દેવને હું જાણતો નથી. कृष्णात्परं नास्ति दैवतम् । त्वत्तो नेतरन्मम मित्रम् તારાથી બીજો કોઈ મારો મિત્ર નથી. उद्यानादारात् नदी दृश्यते બગીચાની પાસે નદી દેખાય છે. त्वदृते मम न कोपि सहायः તારા સિવાય મારો કોઈ પણ સહાયક નથી.

शैशवात्प्रभृतीयं कन्या मम गृहे संवर्धिता ।

બચપણથી આ કન્યા મારે ઘેર ઉછરીને મોટી થઈ હતી.

त्वद्दर्शनादरभ्य सा त्वय्येवासक्तचित्ता संजाता ।

તને જોઈ ત્યારથી તેનું ચિત્ત તારામાં આસક્ત થએલું છે.

ग्रामाद्बहिरनेके वृक्षाः सन्ति । ગામની બહાર અનેક વૃક્ષો છે.

(૬) पृथक्, विना અને नाना બીજી, ત્રીજી અને પાંચમી વિભક્તિવાળા શબ્દની સાથે આવે છે.

हरिं हरिणा, हरेः वा विना ( पृथग् नाना वा ) न मम कोपि रक्षकः હરિ વિના મારૂં કોઈ પણ રક્ષક નથી.

(૭) 'સુધી','થી'ના અર્થમાં आ ઉપસર્ગ આવે ત્યારે જેની સાથે તે સંબંધ ધરાવે છે, તે પાંચમી વિભક્તિમાં આવવો જોઈએ. आपरितोषाद्विदुषां વિદ્વાનોને સંતોષ થાય ત્યાં સુધી. आमूलात्तव कथां श्रोतुकामोऽहमस्मि મૂળથી તારી વાર્તા સાંભળવાની મારી ઇચ્છા છે.

(૮) प्रतिदा 'બદલો કરવો' એ જ્યારે વાક્યમાં હોય ત્યારે જેની સાથે બદલો કરવાનો હોય, તે શબ્દ પાંચમી વિભક્તિમાં આવે છે.

तिलेभ्यः प्रतियच्छति माषान् તલની જગાએ માષનો બદલો કરે છે; सत्यात्प्रतियच्छति प्राणान् સત્યને બદલે પ્રાણ આપે છે. સત્યની સાથે પ્રાણનો બદલો કરે છે.

## છટ્ઠી વિભક્તિ

૧૪ છટ્ઠી વિભક્તિ શેષાર્થે આવે છે, અર્થાત્ સંબંધનો અર્થ જણાવે છે. સંબંધ બહુ પ્રકારનો હોય છે. સ્વસ્વામિભાવ, સેવ્યસેવક-ભાવ, અવયવાયવિભાવ, આધારાધેય ભાવ, ગુણગુણિભાવ. એ બધા પ્રકારનો સંબંધ દર્શાવવાને છટ્ઠી વિભક્તિનો ઉપયોગ થાય છે. ગુજરાતી ભાષામાં છટ્ઠી વિભક્તિના પ્રત્યયો ' નો, કેરો, તણો ' વગેરે છે.

बालस्य पुस्तकम्, राज्ञः सेवकः, वृक्षस्य शाखाः, जलधेरुदकम्. જ્યારે અમુક બનાવ બન્યાને અમુક સમય પસાર થયો હોય, તો વાક્યમાં બનેલો બનાવ જેને માટે સમય પસાર થએલો છે, તેની છટ્ઠી વિભક્તિ વપરાય છે.

तवात्रागतस्याद्य पञ्चमो मासः તને અહીંઆં આવ્યા પછી આજે પાંચમો મહીનો થયો છે. बहूनि वर्षाणि व्यतीतानि तपस्तप्यमानस्य तस्य તપ તપતાં તને બહુ વર્ષો પસાર થયાં.

' પ્રિય ' તથા 'વહાલા 'ના અર્થવાચક શબ્દો, તથા તેનાથી વિરુદ્ધ અર્થના શબ્દો છટ્ઠી વિભક્તિમાં આવે છે.

मम कनीयसी स्वसा पितुः प्रकृत्यैव प्रेयसी, सर्वेषां कीर्तिः प्रिया।
विशेषः તથા अन्तरं શબ્દો " તફાવત, ફેર "ના અર્થમાં હોય, ત્યારે પણ છટ્ઠી વિભક્તિ આવે છે.

गणदत्तस्य माणवकस्य च महदंतरम्—महान्विशेषः
ગણદત્ત અને માણવકની વચ્ચે ઘણો ફેર છે.

વિધ્યર્થ કૃદન્તના શબ્દો છટ્ઠી વિભક્તિના યોગે આવે છે.

सर्वेषामिदं कर्तव्यमस्ति, नकिंचनासाध्यं कृतनिश्चयानां पुरुषाणाम् સર્વનું આ કર્તવ્ય છે, નિશ્ચયવાળા પુરુષને માટે કાંઈ પણ અસાધ્ય નથી.

હેતુ અગર કારણ જ્યારે દેખાડવાનું હોય, ત્યારે હેતુવાચક શબ્દ છઠ્ઠી વિભક્તિમાં આવે છે.

अल्पस्य हेतोर्बहु हातुमिच्छन्विचारमूढः प्रतिभासि मे त्वम् । અલ્પ કારણને માટે બહુનો ત્યાગ કરવાનું ઇચ્છનાર તું વિચારમાં મૂઢ મને જણાય છે. कस्य हेतोस्त्वया विस्मृतो मम संदेशः કયા હેતુથી તું મારો સંદેશો ભૂલી ગયો ?

કેટલીક વખત કારણ અને હેતુ દેખાડનાર શબ્દો ત્રીજી તથા તથા પાંચમી વિભક્તિમાં પણ આવે છે. केन निमित्तेन–कारणेन –हेतुना, कस्मान्निमित्तात्–कारणात्–हेतोरिदं कार्यं त्वया न कृतम् । आयुष्यं, भद्रं, कुशलं, सुखं, हितं જેવા આશીર્વાદાત્મક શબ્દો ચોથી વિભક્તિમાં વપરાય છે.
प्रजानां–प्रजाभ्यः कुशलं, हितं, भद्रं भूयात
પ્રજાનું કુશલ કલ્યાણ થાઓ.

દિશાવાચક तः જેને અન્તે છે તેવા શબ્દો તથા उपरि, अधः, पुरः, पश्चात् , अग्रे, पुरस्तात् વગેરે શબ્દો છઠ્ઠીના યોગે આવે છે.
नगरस्योत्तरतो वाटिका वर्तते

अस्य गृहस्य पश्चादेको वटवृक्षो विद्यते આ ઘરની પાછળ એક વડનું ઝાડ છે. तडागस्याग्रे पुरस्ताद्वा पादपङ्क्तिर्दृश्यते પણ एनવાળા દિશાવાચક શબ્દો છઠ્ઠી અગર બીજી વિભક્તિના યોગે આવે છે. જેમકે गिरेर्गिरिंवोत्तरेणोटजम् પર્વતની ઉત્તરે ઝુંપડું છે.
दूर અને अंतिकं 'નજીક' શબ્દો છઠ્ઠી તથા પંચમીના યોગે આવે છે. तपोवनाद् दूरं अंतिकं वा नदी वहति તપોવનથી દૂર–નજીક નદી વહે છે.

વાક્યમાં ईश्, प्रभू અને दय् ધાતુઓ તેમજ अधि+इ, स्मृ (શોક સહિત સંભારવું, નો અર્થ હોય ત્યારે) હોય, ત્યારે કર્મવાચક શબ્દને છઠ્ઠી વિભક્તિમાં વાપરવા.

ज्ञानशून्यो जन इन्द्रियाणां नेष्टे, प्रभवति निजस्य कन्यकाजनस्य महाराजः જ્ઞાન વગરનો માણસ ઇંદ્રિયોને વશ રાખતો નથી. મહારાજ પોતાની કન્યાના સત્તાધીશ છે.

श्वापदानुसारणैर्मम गात्राणामनीशोस्मि संवृत्तः પશુઓ પાછળ ફરી ફરીને મારાં ગાત્રો થાકી ગયાં છે.

न खलु स उपरतः यस्य वल्लभो जनः स्मरति જેને પ્રિય માણુસ સંભારે છે, તે પુરુષ ખરેખર મરી ગયો નથી.

रामस्य दयमानो सावघ्येति तव लक्ष्मणः રામની દયા ખાતો લક્ષ્મણ તમારૂં સ્મરણ કરે છે, તમને સંભારે છે.

જો स्मृ ધાતુનો અર્થ સાધારણ 'સંભારવું' એમ જ હોય, તો બીજી વિભક્તિના યોગમાં આવે છે.

आत्मवृत्तान्तं स्मर, स्मरसि मां न वा 'બે વખત' 'પાંચ વખત' 'પચીસ વખત' એવા અર્થવાળા શબ્દો તેની સાથે સંબંધ ધરાવનાર સમય દેખાડનાર શબ્દને છઠ્ઠી વિભક્તિમાં અપેક્ષા રાખે છે.

मासस्य सप्तकृत्वस्तवगृहमहमागच्छामि મહીનામાં સાત વખત હું તમારે ત્યાં આવું છું. वर्षस्य द्वादशकृत्वः सभा निमन्त्रणीया વર્ષમાં બાર વખત સભાને બોલાવવી જોઈએ.

'त' જેને અન્તે છે એવાં ભૂત કૃદન્તો જો 'વર્તમાનકાળ' ના અર્થમાં વપરાય, તો તે છઠ્ઠી વિભક્તિના યોગે આવે છે.

विदितमेतन्मे यत्त्वया सह मम मैत्री न समुचीना હું જાણું છું કે તારી સાથે મારી મૈત્રી યોગ્ય નથી.

कृते અને समक्षम् પણ છઠ્ઠીના યોગે આવે છે.

प्रजानां कृते तेन राज्ञा बहु कृतम् પ્રજાની ખાતર તે રાજાએ બહુ કર્યું.

**स्त्रीणां समक्षमेतद्भाषणं नोचितम्** સ્ત્રીઓની સમક્ષ આ ભાષણ યોગ્ય નથી.

**तुल्य, सदृश, सम, संकाश, निभ,** તુલનાના અર્થમાં છઠ્ઠી તથા ત્રીજી વિભક્તિની અપેક્ષા રાખે છે. જેની સાથે તુલના કરવામાં આવે, તેની છઠ્ઠી અગર ત્રીજી વિભક્તિ વપરાય છે.

**सत्याचरणे हरिश्चन्द्रस्य हरिश्चन्द्रेण वा न कोपि समानः–तुल्यः–सदृशः–समः**

'અનુકરણ'નો અર્થ વાક્યમાં હોય, ત્યારે અનુકરણના વિષયનો શબ્દ છઠ્ઠી અગર બીજી વિભક્તિમાં આવે છે.

**महतां गुणान्गुणानां वानुकुर्याम**

**व्यवहृ** (વ્યવહાર કરવો) અને **पण्** (જુગટું રમવું) એ ધાતુઓ વાક્યમાં આવે ત્યારે જેનો વ્યવહાર કરવાનો હોય, અગર જે વસ્તુની જુગટામાં શરત કરવાની હોય, તે છઠ્ઠી વિભક્તિમાં આવે છે.

**तस्याः कृते सः प्राणानामपणत** તેની ખાતર તેના પ્રાણને પણ તેણે શરતમાં મૂકયો. અહીંઆં પ્રાણની શરત કરી છે, માટે તે શબ્દ છઠ્ઠી વિભક્તિમાં યોજયો છે.

## સાતમી વિભક્તિ

૧૫ આ વિભક્તિ અધિકરણ વિભક્તિ કહેવાય છે. ગુજરાતીમાં આ વિભક્તિનો પ્રત્યય 'માં' છે. શબ્દની સાથે 'ઉપર' ઉપસર્ગ હોય, ત્યારે સાતમી વિભક્તિ વપરાય છે. **वने वसति, शय्यायां शयते, शाखायामुपविशन्ति शकुन्ताः** ડાળી ઉપર પક્ષીઓ બેસે છે. **नद्यास्तटे बकपङ्क्तिर्दृश्यते** નદીના કિનારા ઉપર બગની હાર દેખાય છે. જે સ્થાનમાં કોઈ કાર્ય બને છે, તે માટે સપ્તમી વપરાય છે; તેથી જે કાળમાં કાર્ય બને છે ત્યારે પણ સપ્તમી આવે છે. **चन्द्रोरात्रावाकाशे उद्गच्छति** ચન્દ્ર રાત્રે આકાશમાં ઉગે છે.

નીચેની બાબતોમાં સપ્તમી વિભક્તિ વપરાય છે.

**હેત્વર્થે**—જ્યારે કોઈ હેતુ અગર ઉદ્દેશ માટે કોઈ ઇષ્ટ કાર્ય કરવામાં આવે, ત્યારે જે હેતુથી તે કાર્ય કરવામાં આવે તેને માટે સાતમી વિભક્તિ વાપરવી.

**चर्मणि द्वीपिनं हन्ति** ચામડા માટે તે વાઘને મારે છે. **मांसे हरिणं विध्यति ।** માંસ માટે હરિણને વીંધે છે.

**स्वामिन्, ईश्वर, अधिपति, दायाद, साक्षिन्, प्रतिभू, आयुक्त, कुशल** શબ્દો સપ્તમીના યોગે આવે છે, તેમજ ષષ્ઠીમાં આવે છે. **प्रजानां प्रजासु ईश्वरः–स्वामी–अधिपतिः**

**નિર્ધારણાર્થે** સપ્તમીનો પ્રયોગ કરવો. **सर्वेषु छात्रेषु गोपालः श्रेष्ठः** સર્વ છાત્રોમાં ગોપાલ શ્રેષ્ઠ છે. નિર્ધારણાર્થે ષષ્ઠીનો પણ પ્રયોગ કરી શકાય છે. **सर्वेषां छात्राणां गोपालः श्रेष्ठः ।** વાક્યમાં **स्निह्, अनुरंज्, अभिलष्, रम्** વગેરે ધાતુઓ જ્યારે હોય ત્યારે જેના તરફ સ્નેહ, અનુરાગ વગેરે દર્શાવવાનો હોય, તેને માટેના શબ્દો સપ્તમી વિભક્તિમાં આવે છે.

**मातरि स्निह्यतीयं बाला** માતા તરફ આ છોકરી સ્નેહ રાખે છે. **स्वधर्मे रताः पुरुषाः परमार्थं लभन्ते** પોતાના ધર્મમાં આસક્ત થએલા પુરુષો પરમાર્થને મેળવે છે.

**न जानामि किमर्थमस्यां कन्यायां मम मनः स्निह्यति** હું જાણતો નથી, કે શા માટે આ કન્યાને મારૂં મન ચાહે છે.

**सांसारिकसुखेऽभिलाषो न हितावहः** સાંસારિક સુખનો અભિલાષ હિતકર્તા નથી. **तस्मिन्राज्ञिः सर्वाः प्रजा दृढमनुरक्ताः शकुन्तलायाः पादपेषु सोदरस्नेहः आसीत् ।**

**क्षिप्, मुच्, અને अस्** 'ફેંકવું' એ ધાતુઓ જ્યારે વાક્યમાં હોય ત્યારે જેના ઉપર કંઈ ફેંકવામાં આવે, તેને માટે સાતમી વિભક્તિ વાપરવી.

अर्जुनः कौरवसेनायां बाणान्वर्षं मुमोच । बालास्तडागे भेकेषु शिला-खण्डानि क्षिपन्ति, मृगे शरानमुञ्चत् (आस्यत्) पारधिः

व्यापृत, आसक्त, व्यग्र, तत्पर, कुशल, निपुण, शौण्ड, पटु, प्रवीण, पण्डित, धूर्त, कितव વગેરે શબ્દો સપ્તમીના યોગે આવે છે.

अभ्यासे व्यापृतः (आसक्तः), कर्मणि व्यग्रः, (तत्परः—कुशलः निपुणः) पुरुषः, विद्यायां पटुः, ज्योतिषि प्रवीणः, आगमे पण्डितः

अपराध् ધાતુ વાક્યમાં હોય ત્યારે જેના તરફ અપરાધ કરવામાં આવે, તેને માટે સપ્તમી વિભક્તિ વપરાય છે.

अनेन छात्रेण गुरावपराद्धम् । આ વિદ્યાર્થીએ ગુરુ તરફ અપરાધ કર્યો છે. सत्यवादिने न्यायप्रिये च युधिष्ठिरे दुर्योधनोऽपराद्धः સત્યવાદી અને ન્યાયપ્રિય યુધિષ્ઠિર તરફ દુર્યોધને અપરાધ કર્યો છે.

'શ્રદ્ધા રાખવી, વિશ્વાસ મૂકવો' એ અર્થવાળા ધાતુઓ વાક્યમાં હોય, ત્યારે જેનામાં આપણે વિશ્વાસ મૂકતા હોઈએ, તેને માટે સપ્તમી વિભક્તિ વપરાય છે. असत्यवादिनि जने न विश्वासः कार्यः અસત્ય બોલનાર માણસમાં વિશ્વાસ મૂકવો નહિ.

પણ श्रद्धा ધાતુ હોય તો શ્રદ્ધાનું પાત્ર બીજી વિભક્તિમાં આવે છે. कः श्रद्धास्यति भूतार्थम् ખરી વસ્તુ કોણ માનશે?

## પ્રકરણ ૩ જું

# સર્વનામનો ઉપયોગ

૧૬ સર્વનામ નામને બદલે વપરાતાં હોવાથી, વાક્યમાં ક્રિયાપદ જે વચનમાં તથા વિભક્તિમાં હોય, તે વચન અને વિભક્તિમાં સર્વનામ વપરાય છે; પણ अस्मद् અને त्वद् પુરુષવાચક સર્વનામના मा, मे, नौ, नः, त्वा, ते, वां અને वः એમ જે ટુંકાં ઐચ્છિક રૂપો થાય છે, તેમના ઉપયોગ માટે નીચે પ્રમાણે વિશેષ નિયમ છે.

(૧) વાક્યના આરંભમાં તે વાપરવાં નહિ. मे मित्रं गोपालः નહિ, પણ मम मित्रं गोपालः

(૨) જો સર્વનામનાં રૂપો च, वा, हा, एव, अह અથવા ह ની પહેલાં તરત જ વપરાય, તો ટુંકાં રૂપો વાપરવાં નહિ.

तस्याः मे च परमं वैरम् અહીંઆં મેને બદલે मम વાપરવું. तव मे वा गृहम् (અહીંઆં પણ मम જોઈએ.) इदं छत्रं ते एव નહિ, પણ तव एव (तवैव) જોઈએ.

પણ જો च, वा, વગેરે નિપાતો પુરુષવાચક સર્વનામોને જોડતા ન હોય, તો ટુંકાં રૂપો આવી શકે છે.

गोपालः कृष्णश्च मे मित्रे। पिता जननी वा ते मोदकं दास्यति એ બરાબર છે.

(૩) સંબોધન વિભક્તિવાળાં રૂપની પછી તરત જ સર્વનામમાં આ ટુંકાં રૂપો વપરાતાં નથી; તેમને બદલે બીજાં ઐચ્છિક વપરાય છે.

हे प्रभो मे पापानि क्षमस्व ને બદલે हे प्रभो मम पापानि क्षमस्व

જોઈએ; પણ જો સંબોધન વિભક્તિવાળા નામની સાથે તેનું વિશેષણ આવતું હોય, તો ટુંકાં રૂપ વાપરી શકાય છે. **हे जगन्नायक परमात्मन् नः शरणं त्वमेव** ( આ તમામ આદેશો નીચેના વાક્યમાં આવી જાય છે. )

श्रीशस्त्वाऽवतु मापीह दत्तात्ते मेऽपिशर्म सः ।
स्वामी ते मेऽपि स हरिः पातु वामपि नौ विभुः ॥ १ ॥

सुखं वां, नौ ददात्वीशः पतिर्वामपि नौ हरिः ।
सोऽव्याद्वोनः शिवं वो नो दद्यात्सेव्योऽत्रवः स नः ॥ २ ॥

'**भवत्** એ ત્રીજા પુરુષનું સર્વનામ છે, પણ કોઈને સંબોધન કરવું હોય ત્યારે સભ્યતાવાચક તરીકે વપરાય છે. ગુજરાતીમાં 'આપ' શબ્દનો અર્થ **भवत्**થી બરાબર રજુ કરી શકાય છે. તેનો પ્રયોગ કરતી વખતે તેની સાથેનું ક્રિયાપદ ત્રીજા પુરુષમાં આવવું જોઈએ. अलंकरोतु भवान् **मम गृहं** મારા ઘરને આપ શોભાવો. **यद्यनुग्रहीष्यति** भवान् **मां कृपाकटाक्षेण तर्ह्यात्मानं बहु मन्ये** 'જો આપ મારા ઉપર કૃપાકટાક્ષથી મહેરબાની કરશો, તો હું મારી જાતને બહુ ભાગ્યશાળી માનીશ.' **भवन्तमेकं प्रश्नं प्रष्टुकामोस्मि** 'આપને એક પ્રશ્ન પૂછવાની ઇચ્છાવાળો હું છું.'

માનના અર્થમાં તો **भवत्**ની પૂર્વે **अत्र** તથા **तत्र** મૂકવા. ' **किमाह तत्रभवती कमलाक्षी मनोरमा** ' । **एवमत्रभवन्तो विदां कुर्वन्तु अस्ति तत्रभवान्काश्यपः श्रीकण्ठपदलाञ्छनो भवभूतिर्नाम जातुकर्णीपुत्रः** ' આપસાહેબ આ પ્રમાણે જાણો કે કાશ્યપ નામના શ્રીકણ્ઠપદવાળા જાતુકર્ણીના પુત્ર ભવભૂતિ નામે છે.'

## દર્શક સર્વનામો

૧૭ **इदम्** અથવા **एतद्** ' આ ' **तद्** ' તે ' અને **अदस्** ' આ ' અથવા ' તે '—એટલાં ત્રણ દર્શક સર્વનામો છે. તે નામની સાથે વપરાય છે, અગર સ્વતંત્ર વપરાય છે.

अयं मम पुत्रः । असौ मृगशावः । एतन्नो गृहं

કેટલીક વખત इदम् અને एतद्नां રૂપો 'અહીંઆં' ના અર્થમાં વપરાય છે. આ રીતે જ્યારે તે વપરાય છે, ત્યારે તે પ્રથમ અગર ત્રીજા પુરુષમાં આવે છે.

एषोहमागतोस्मि

'આ હું અહીંઆં આવ્યો છું.'

इयं सा बहिर्गच्छति

'આ તે (જે અહીંઆં છે તે) બહાર જાય છે.'

अयमसौ मम ज्यायानार्यः कुशो नाम भरताश्रमात्प्रतिनिवृत्तः
'અહીંઆં આ મારા વડીલ આર્ય કુશ ભરતાશ્રમમાંથી પાછા ફર્યા છે.'

तद् પ્રસિદ્ધિના અર્થમાં આવે છે. सा रम्या नगरी તે પ્રસિદ્ધ નગરી! ઘણી વખતે एव સાથે 'એજ' ના અર્થમાં પણ તે આવે છે.

तदेव पंचवटीवनम् । सैव प्रियसखी वासन्ती । त एव जातनिर्विशेषाः पादपाः 'તે જ આ પંચવટીનું વન.' 'તે જ પ્રિયસખી વાસન્તી.' 'તે જ પુત્ર જેવાં વૃક્ષો.'

**સાપેક્ષ સર્વનામ** ( Relative Pronoun )

૧૮ यद् એ સાપેક્ષ સર્વનામ છે. વાક્યમાં જો તેની પુનરાવૃત્તિ કરેલી હોય, તો 'જે જે' અગર 'તમામ' નો અર્થ પ્રકટ કરે છે.

यद्यदहं त्वत्तोऽधुना श्रुणोमि तत्तत्सर्वं तस्यै कथयिष्यामि ।
જે જે હું હમણાં તારી પાસેથી સાંભળું છું, તે તે બધું તેને હું કહીશ.

किम्‌ની સાથે अपि, चित् અથવા चन જોડવાથી કોઈ 'ગમે તે' 'કેટલાક' 'ગમે તે કોઈ' એવા અર્થ થાય છે. यथा रूपवती

कन्या यस्मै कस्मैचिन्न दातव्या तथा वैदिकी विद्या यस्मै कस्मैचिन्न दातव्या જેમ રૂપવતી કન્યા ગમે તેને ન આપવી, તેમ વૈદિકી વિદ્યા ગમે તેને ન આપવી જોઈએ.

केचित्पुरुषाः संपद्भिः प्रलोभ्यमाना रागावशेन बाध्यमाना विह्वलतामुपयान्ति કેટલાક પુરુષો સંપત્તિથી લોભાતા રાગના આવેશથી પીડા પામતા વ્યાકુળ થયા.

## પ્રશ્નાર્થ સર્વનામ

૧૯ "પ્રશ્નાર્થ સર્વનામ પ્રશ્ન પૂછવાના કાર્યમાં વપરાય છે.

किं तवाभिधानम्? તમારૂં નામ શું છે? कस्ते पिता? તારો પિતા કોણ? कतमया दिशा स्तेनः पलायितः? કયી દિશામાં થઈને ચોર નાસી ગયો? न जानामि कोऽनर्थो मे भविष्यति મને સમજણ પડતી નથી કે મારૂં શું ભુંડું થશે.

चित्—क्वचित्, कदाचित्—कदाचित्

એક જગાએ—બીજી જગાએ, એક વખત—બીજી વખત એવા અર્થમાં આવે છે.

क्वचिद्वीणावाद्यं क्वचिदपि च हाहेतिरुदितं એક જગાએ વીણાનો અવાજ થતો હતો, અને બીજી જગાએ હા હા' એવું રુદન થતું હતું.

स राजपुत्रः कदाचित्पर्वतप्रान्तभूमौ पत्न्यासह विचचार
कदाचिन्नगरादारादुद्याने विहरन्दिवसान्तंनीनाय

તે રાજપુત્ર કોઈ વખત પર્વતની પાસેની ભૂમિમાં સ્ત્રી સાથે ફરતો હતો, કોઈ વખત નગરની નજીક બાગમાં વિહાર કરતો સાંજનો સમય ગાળતો. एक નું બહુવચન एके અને केचित् 'કેટલાક'ના અર્થમાં વપરાય છે.

विधवानां पुनरुद्वाहः शास्त्रविहितः इत्येके कथयन्ति । शास्त्र

प्रतिषिद्धः इत्यपरे વિધવાઓનું પુનર્લગ્ન શાસ્ત્ર પ્રમાણે છે એવું કેટલાક કહે છે, અને તે શાસ્ત્રથી વિરુદ્ધ છે એવું બીજાઓ કહે છે.

૨૦ 'જાતે' અર્થ માટે स्वयं વપરાય છે. सः स्वयमेवात्मनः वृत्तान्तमृषये कथयामास તેણે જાતે પોતાનો વૃત્તાન્ત ઋષિને કહ્યો.

आत्मन् પણ 'જાતે' ના અર્થમાં વપરાય છે. તે હમેશાં પુલ્લિંગમાં અને એકવચનમાં વપરાય છે. જે નામની સાથે તે વપરાય છે તે નામ ગમે તે લિંગમાં અને ગમે તે વચનમાં હોય, તોપણ તે પુલ્લિંગ અને એકવચનમાં જ વપરાય છે.

त एव सज्जनाः ये आत्मनो दोषान्पश्यन्ति

या स्त्री परपुरुषसमक्षमात्मानं विकत्थते सा प्राज्ञेभ्यो न मानं लभते ।

જે સ્ત્રી પરપુરુષની સમક્ષ પોતાની જાતની બહુ બડાઈ મારે છે, તે ડાહ્યાઓ પાસેથી માન મેળવતી નથી.

अमुना व्यतिकरेण कृतापराधमिव त्वय्यात्मानमवगच्छति कादम्बरी આ બનાવથી તારા તરફ પોતાની જાતે અપરાધ કર્યો હોય, એમ કાદમ્બરી જાણે છે.

स्व શબ્દ 'જાતે, પોતે' એ અર્થમાં હોય ત્યારે જ સર્વનામ હોય છે. તેના બીજા પણ અર્થો હોય છે. જેમકે જ્ઞાતિ, ધન વગેરે, પણ તે અર્થોમાં સર્વનામ નથી.

## નિપાતોનો ઉપયોગ

૨૧ હવે આપણે નિપાત તરફ દૃષ્ટિ નાખીશું, અને તેનો ઉપયોગ ભાષામાં કેવી રીતે કરવો તે સમજીશું.

સંસ્કૃત ભાષામાં કેટલાક નિપાતોને પાણિનિના અમરકોષ અને વર્ધમાનના જ્ઞાનરત્ન મહોદધિમાં અવ્યય તરીકે આપેલા છે. કેટલાક અમુક જ અર્થમાં આવે છે, અને તેથી તેમના અર્થો

શ્પષ્ટ છે, પણ બાકીના અમુક અર્થોમાં આવે છે, માટે તે વિષેનો વિચાર કરવાની જરૂર છે. મિ. આપ્ટેએ 'A Guide to Sanskrit Composition નામના પુસ્તકમાં તે વિષે વિસ્તૃત નોંધ લખી છે. અહીંઆં આપણે ખાસ જરૂરના નિપાતો લઈશું. તે નિપાતો નીચે પ્રમાણે છે.

**अंग** આ નિપાત **સંબોધન અર્થે** અને **પૂજા અર્થે** આવે છે. કેટલીક વખત વાકયમાં માત્ર તેનાથી સંબોધનનો જ અર્થ પ્રકટ થાય છે.

**तन्मन्ये क्वचिदंग भृंगतरुणेनास्वादिता मालती** હું માનુ છું કે હે મહેરબાન, જુવાન ભમરાએ માલતીનો આસ્વાદ કોઈ વખત લીધો, તેમ માન આપવાને માટે પણ તે આવે છે. **अंग विद्वन्माणवकमध्यापय**

કેટલીક વખતે **किं**ની સાથે પણ **अंग** વપરાય છે, ત્યારે **किमुत** અગર **किंपुनः** ના અર્થમાં તે આવે છે; અર્થાત્ 'વિશેષ શું કહેવું' 'એથી વિશેષ શું' એવા અર્થમાં આવે છે. **तृणेन कार्यं भवतीश्वराणां किमंग वाग्घस्तवता नरेण** શ્રીમન્ત માણસોને ઘાસનો ખપ પડે છે તો પછી, અરે સાહેબ, વાણી અને હાથવાળા માણસને તો જરૂર પડે એમાં વિશેષ શું કહેવું?

**अथ** નીચેના અર્થમાં આવે છે.

(૧) માંગલ્યના અર્થમાં, વેદાન્તમાં, અગર શાસ્ત્રના ગ્રન્થના આરંભમાં **अथ** માંગલ્યના અર્થમાં આવે છે. જેમકે **अथातो धर्मजिज्ञासा** (૨) કોઈ પણ કથનની શરૂઆતમાં તેનો આરંભ સૂચવવાને **अथः चतुर्थो विभागो लिख्यते** હવે ચોથો વિભાગ લખાય છે, ચોથાના લખાણનો આરંભ થાય છે. (૩) આનન્તર્ય, પછીના અર્થમાં.

अथ किंवृत्तं तद्वेति सर्वं श्रोतुकामोऽस्मि પછીથી શે। બનાવ બન્યો તે સઘળું સાંભળવાને હું ઇચ્છાવાળો છું. (૪) પ્રશ્ન પૂછવાના અર્થમાં પણ આવે છે. अथ गतस्ते तातः તમારો બાપ ગયો. अथागमिष्यति तव जननी मद्गृहमद्य આજે મારે ઘેર તારી મા આવશે. ( ૫ ) ' અને વળી 'ના અર્થમાં, चित्रकलायामथ संगीते तस्यातीव नैपुण्यम् ચિત્રકલામાં અને સંગીતમાં તેની હોશિયારી બહુ છે. ( ૬ ) ' જો ' ના અર્થમાં. अथ तु वेत्सि शुचिव्रतमात्मनः पतिकुले तव दास्यमपि क्षमम् જો તું તારી જાતને પવિત્ર વ્રતવાળી જાણુતી હોય તો પતિના કુલમાં તારૂં દાસ્ય પણ યોગ્ય છે. ( ૭ ) સંશય અગર અનિશ્ચિતતા દેખાડવાને शब्दो नित्योऽथानित्यः ( ग. म. ) શબ્દ નિત્ય હશે કે અનિત્ય ( ૮ ) ' સમસ્ત, આખું, બધું, કાત્સ્ન્ર્ય'ના અર્થમાં પણ આવે છે. अथ धर्मं व्याख्यास्यामः અમે તમામ ધર્મની વ્યાખ્યા કરીશું.

अथની સાથે किं આવે તો ' બીજું શું ? ' ' હા ' ' બરાબર ' એવો અર્થ થાય છે.

चारुदत्तः–भद्राउपवर्णयेदानीं कुसुमपुरवृत्तांतम् , अपि वृषलमनुरक्ताः प्रकृतयः । चरः–अथकिम्

' ચારુદત્તઃ–ભાઈ, કુસુમપુરનું વર્ણન હવે કર, શું પ્રજા વૃષલની તરફ પ્રેમ રાખે છે ? ચર—હા. '

अथની સાથે वा પણ જોડાય છે, અને ત્યારે 'અગર ના' એ અર્થમાં આવે છે. हा कथं सीतादेव्या ईदृशं जनापवादं देवस्य कथयिष्यामि अथवा नियोगः खल्वीदृशो मंदभाग्यस्यमे અરે, હું

સીતા દેવી માટેની આવી લોકની નિન્દા દેવને (રામને) શી રીતે કહીશ, અગર તો મારા દુર્ભાગીઆની નોકરી જ એવી છે.

अथ रजनीकरमुदितं विलोक्यान्तर्जनितमदनानलाप्यन्धकारित हृदया तत्क्षणमचिन्तयम्

आः પછીના અર્થમાં आः અરે!—'દુઃખ' અગર 'ક્રોધ' દર્શાવવાને આવે છે. आः शीतं અરે કેવી ઠંડી છે.

आः पापे दुष्कृतकारिणि दुर्विनीते महाश्वेते किमनेन तेपकृतं અરે, પાપી દુષ્કર્મ કરનારી દુર્વિનીત મહાશ્વેતા, આણે તારૂં શું બગાડયું છે?

**अधिकृत्य** 'ના વિષે' ના અર્થમાં આવે છે.

वसन्तमधिकृत्य कानि गीतानि सागायत् વસન્ત ઋતુને વિષે (તેને લગતાં) કેટલાંક ગીતો તેણે ગાયાં. આ જ અર્થમાં उद्दिश्य પણ આવે છે. तामुद्दिश्याहं पृच्छामि તેને ઉદ્દેશીને જ હું કહું છું. तदर्थमुद्दिश्येदं वाक्यमित्थं तेनात्रविहितं તે અર્થને ઉદ્દેશીને આ વાકય આ પ્રમાણે તેણે અહીંઆં મૂકયું. 'તરફ' 'ભણી'ના અર્થમાં उद्दिश्य આવે છે. જેમકે पुष्पपुरमुद्दिश्य संग्रामात्प्रतस्थे પુષ્પપુર ભણી તે ગામથી નીકળ્યો.

**अहह** શોક દેખાડે છે, તથા આનંદ, આશ્ચર્ય અગર વિસ્મય દેખાડે છે. अहह किमेतज्जातं, अहह दारुणो वज्रनिर्घातः આમાં ખેદ–શોક દેખાડે છે.

अहह महांस्ते विजयः અરે, આમાં આનંદ દેખાડે છે.

अहह एतावान्पुरुषः न कदापि दृष्टो मया આમાં આશ્ચર્ય દેખાડે છે.

**अपि**ના ઘણા અર્થો છે: (૧) જો કે, છતાં. पुत्रमरणजातशोकोऽपि सभासमक्षं गानं स चकार પુત્રમરણના શોકવાળો છતાં પણ સભાની સમક્ષ તેણે ગાન કર્યું. (૨) પણ इयमधिकमनोज्ञा

**वल्कलेनापि** વલ્કલ વસ્ત્રને લીધે પણ આ વધારે સુંદર દેખાય છે. **अत्र तिर्यञ्चोऽपि तपोवनसुखमनुभवन्ति** અહીંઆં હલકાં પ્રાણીઓ પણ તપોવનના સુખનો અનુભવ કરે છે: ( ૩ ) પ્રશ્ન પૂછવાના અર્થમાં. **अपि ज्ञायते कतमेन दिग्भागेन गतः स जाल्मः** તમને ખબર છે કે કયી દિશામાં તે લુચ્ચો ગયો ? **अपि वृषलमनुरक्ताः प्रकृतयः** શું પ્રજા વૃષલને ચાહે છે ? ( ૪ ) 'શંકા'ના અર્થમાં **अपि सा रमेशस्य भार्या** શું તે રમેશની ભાર્યા છે ? હું જાણતો નથી કે તે રમેશની ભાર્યા છે. (૫) આશા દર્શાવવા માટે **अपि भवानलंकरिष्यति मम गृहमागमनेन** હું આશા રાખું છું કે આપ આગમનથી મારૂં મકાન શોભાવશો. આ અર્થમાં **नाम** સાથે **अपि** આવે છે. **अपिनाम रामभद्रस्य कुशलम्** હું આશા રાખુ છું કે રામભદ્રનું કુશલ હશે. **अपिनाम विधिरनिच्छतोऽपि मे मरणमचैवोपपादयेत्** સંખ્યાવાચક વિશેષણ સાથે **अपि** આવે છે 'તે તમામ'નો અર્થ દેખાડે છે. **त्रयोऽपि पुरुषा एतत्कर्तृमशक्ताः**

તે બધા ત્રણે પણ આ કરવાને અશક્ત છે.

**अहो** સંબોધન, આનંદ, આશ્ચર્ય અને શોક દર્શાવે છે.

**अहो प्रभावो महात्मनाम्** આશ્ચર્ય દેખાડે છે **अहो मे मूर्खतायाः प्रकारः** શોક દર્શાવે છે. **अहो राक्षसस्य नंदवंशे निरतिशयो भक्तिगुणः । अहो मधुरमासां कन्यकानां दर्शनम्** આનંદ દેખાડે છે. **अहो बटवो नेदं क्रियताम्** 'અરે બાળકો, આ ન કરવું જોઈએ.' સંબોધનના અર્થમાં આવ્યો છે. **इति** નીચેના અર્થમાં આવે છે.

(૧) કોઈ માણસના બોલેલા શબ્દો કાયમ રાખવા હોય ત્યારે **इति** વપરાય છે.

**राज्ञापृष्टोऽमात्यो दूतः श्वः आगमिष्यतीत्युवाच**

રાજાથી પૂછાયલા પ્રધાને કહ્યું 'દૂત આવતી કાલે આવશે.'

(૨) કારણ દર્શાવે છે. उत्खातिनी भूमिरिति मया रश्मिसंयमनाद्रथस्य मंदीकृतो वेगः જમીન ખાડાવાળી છે એમ માનીને લગામને ખેંચીને રથના વેગને ધીમો કર્યો.

(૩) હેતુ દર્શાવે છે. तयोर्वैरं न जायेतेति मया समाधानं कारितं તેમની વચ્ચે વૈર ન થાય એ હેતુથી મેં સમાધાન કરાવ્યું.

(૪) 'આ પ્રમાણે' ઉપસંહારના અર્થમાં આવે છે. इति वेणीसंहारं नाम नाटकं समाप्तम्

(૫) 'નીચે પ્રમાણે' रामाभिधानो हरिरित्युवाच રામ નામના હરિએ નીચે પ્રમાણે કહ્યું.

(૬) 'તરીકે' જેમકે भ्रातेति न कलहः कार्यः ભાઈ માનીને, ભાઈ સમજીને કજીઓ ન કરવો. तेऽपि नो देशबान्धवा इति तेषु वैरं न घटते।

(૭) સ્વીકૃત મતના અર્થમાં यज्ञ एव वेदानां तात्पर्यमिति जैमिनिः વેદનું તાત્પર્ય યજ્ઞમાં છે, એવો જૈમિનિનો મત છે.

(૮) વેદાન્તમાં બ્રહ્મસૂત્રમાં चेत् ની સાથે इति પૂર્વપક્ષ નિદાન રજુ કરે છે. विरोधः कर्मणीति चेन्नानेकप्रतिपत्तेर्दर्शनात्

કર્મમાં વિરોધ છે એમ જો કહેતા હો તો ના ત્યાં અનેક પ્રતિપત્તિઓ છે તેથી

(૯) किम्‌ની સાથે इति પ્રશ્ન પૂછવાના અર્થમાં આવે છે. તે વખતે તેનો અર્થ "શા માટે" કરવો.

किमित्यपास्याभरणानि यौवने धृतं त्वया वार्धकशोभि वल्कलम्

શા માટે ઘરેણાં દૂર કરીને જુવાનીમાં તમે ઘડપણને શોભે તેવાં વલ્કલવસ્ત્ર પહેર્યાં છે?

**इव**—(૧) સામાન્ય રીતે તુલના દેખાડે છે. **सागर इव गंभीरः सः** તે સાગરના જેવો ગંભીર છે. આ ઉપરાંત બીજા પણ અર્થો છે. (૨) જાણે કે **लिम्पतीव तमोंगानि वर्षतीवाञ्जनं नभः । असत्पुरुषसेवेव दृष्टिर्विफलतां गता** આ શ્લોકમાં **लिम्पति** તથા **वर्षति** સાથે '**इव**' જે આવેલો છે તેનો અર્થ 'જાણે કે' થાય છે; અને **असत्पुरुषसेवा**ની સાથેનો **इव** તુલનાનો અર્થ દેખાડે છે. (૩) કંઈક, **कडार इवायं** તે કંઈક ભૂખરો છે. (૪) ખરેખર, **किमिव दुष्करमकरुणानां** ખરેખર, નિર્દય માણસોને શું દુષ્કર છે?

**उत, उताहो, आहो, आहोस्वित्** 'કે, અથવા ના' અર્થમાં આવે છે. **सखे पुण्डरीकेदं पृच्छामि त्वां यदेतदारब्धं भवता किमिदं गुरुभिरुपदिष्टमुत धर्मशास्त्रेषु पठितमुत मोक्षप्राप्ति युक्तिरियमाहोस्विदन्यो नियमप्रकारः** મિત્ર પુણ્ડરીક, હું તને આ પૂછું છું કે તે જે આ આરંભ્યું છે તે શું તારા ગુરુનો ઉપદેશ છે, કે ધર્મશાસ્ત્રમાં ભણ્યો છે, કે મોક્ષ મેળવવાની યુક્તિ છે, કે અન્ય કોઈ નિયમ છે?

**उत** સ્વતંત્ર રીતે શંકા દેખાડવામાં તથા પ્રશ્ન પૂછવામાં આવે છે. **स्थाणुरयमुत पुरुषः** આ થાંભલો હશે કે પુરુષ? **उत दंडः पतिष्यति** પહેલા વાક્યમાં શંકા દેખાડી છે, અને બીજામાં પ્રશ્ન પૂછાયો છે.

**क्वचित्** 'એ પ્રશ્નાર્થના રૂપમાં વાક્યમાં આવે છે, તેથી તેનો અપેક્ષિત ઉત્તર હકારાત્મક અગર નિષેધાત્મક હોય છે. તે જ્યારે વાક્યમાં હોય, ત્યારે તેનો અર્થ 'હું આશા રાખું છું કે' કરવો.

**कच्छिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा**

**कच्चिदज्ञानसंमोहः प्रनष्टस्ते धनंजय**

'હું આશા રાખું છું, કે હે અર્જુન, તેં એકાગ્ર ચિત્તથી આ સાંભળ્યું છે. હે ધનંજય, તારો અજ્ઞાનનો સંમોહ નષ્ટ થયો હશે. **कच्चिन्मृगीणा मनघा प्रसूतिः** હું આશા રાખું છું કે મૃગલીઓના પ્રસવો નિર્વિઘ્ને થતા હશે.

**कच्चिन्नवाय्वादिरुपप्लवो वः श्रमच्छिदामाश्रमपादपानाम्** હું આશા રાખું છું કે શ્રમ હરનાર આશ્રમનાં વૃક્ષોને વાયુ વગેરે તોફાન નડતું હશે નહિ.

**कच्चिच्छिवानि वस्तीर्थजलानि** હું આશા રાખું છું કે તમારા તીર્થનાં જળ કલ્યાણરૂપ હશે.

**कामं** 'ધારો કે,' 'ભલેને' એ અર્થમાં આવે છે.

**कामं नृपाः सन्तु सहस्रशोन्ये राजन्वतीमाहुरनेनैव भूमिम् ।** ભલે બીજા હજારો રાજાઓ હોય, પણ આ રાજાથી ભૂમિ સારા રાજાવાળી કહેવાય છે.

**कामं प्रिया न सुलभा मनस्तु तद्भावदर्शनाश्वासि** ભલે પ્રિયા સુલભ ન હોય, પણ મન તો તેના ભાવના દર્શનના આશ્વાસનવાળું છે. અતિશયતા દેખાડવાના અર્થમાં પણ **कामं** વપરાય છે. **कामं सुन्दरः**

**किल**–'ખરેખર', 'નક્કી' એ અર્થમાં સામાન્ય રીતે આવે છે, તેમજ 'એમ કહેવાય છે' તે અર્થમાં તથા 'આશા'ના અર્થમાં આવે છે.

**द्वावपि किलागमिनौ प्रयोगनिपुणौ च** એમ કહેવાય છે કે બન્ને જણ શાસ્ત્રનું જ્ઞાન ધરાવે છે, અને પ્રયોગમાં હોશિયાર છે.

**पार्थः किल विजयते कुरून्** પાર્થ ખરેખર કુરુઓને જીતશે. **प्रत्यूहः सर्वसिद्धिनामुत्तापः प्रथमः किल** સર્વ સિદ્ધિઓનો પ્રથમ ઉત્તાપ ખરેખર વિઘ્નરૂપ છે.

**खलु**–(૧) ' ખરેખર 'ના અર્થમાં

नास्ति खल्वसाध्यं मनोभुवः ખરેખર કામદેવને કંઈ પણ અસાધ્ય નથી.

(૨) આજીજીના અર્થમાં—

न खलु बाणः सन्निपात्योयमस्मिन् મહેરબાની કરીને આના ઉપર બાણ નાખવું નહિ.

(૩) કારણ દેખાડવાને न कठिनाः खलु स्त्रियः કારણ કે સ્ત્રીઓ કઠણ હોય છે.

प्रकृतिः खलु सा महीयसः सहते नान्यसमुन्नतिं यथा વાક્યમાં ભાર દેખાડે છે.

**जातु**–' કદાચ, ઘણું કરીને ' न जातु कामः कामानामुपभोगेन शाम्यति કામીઓનો કામ ખરેખર ઉપભોગથી શાન્ત થતો નથી.

**दिष्टया**–' સુભાગ્યે હું ખુશી થાઉં છું એ અર્થમાં આનંદ દર્શાવે છે. ઘણી વખતે તે वृध् ધાતુની સાથે આવે છે, ત્યારે ' અભિનન્દ પામવા 'ના અર્થમાં આવે છે. જેમકે दिष्ट्या भवान्परीक्षायां विजयेन वर्धते પરીક્ષામાં તમને વિજય મળ્યો, માટે હું તમને અભિનંદન આપું છું.

दिष्ट्या धर्मपत्नीसमागमेन पुत्रमुखदर्शनेन चायुष्मान्वर्धते ધર્મપત્નીનો સમાગમ આપને થયો તથા પુત્રનું મુખ આપે જોયું, તે માટે આપને અભિનંદન આપું છું.

सखि लवंगिके दिष्ट्या वर्धसे

दिष्ट्या प्रतिहतं दुर्जातं સુભાગ્યે અનિષ્ટ દૂર થયાં. હું ખુશી થાઉં છું કે અનિષ્ટ દૂર થયું.

'ઈશ્વરને આભાર માનો' એ અર્થમાં પણ આવે છે.
ઈશ્વરનો આભાર માનો કે આ દુઃખમાંથી તમે બચ્યા.
**दिष्टया दुःखादस्मा–त्रातस्त्वम्**

**नाम**—(૧) ઘણી વખત 'નામે'ના અર્થમાં આવે છે.
राजनगरं **नाम** नगरं રાજનગર નામનું શહેર.

(૨) ખરેખર નક્કી. विनीतवेषेण प्रवेष्टव्यानि तपोवनानि **नाम** તપોવનમાં ખરેખર વિનીત વેષથી (સભ્યતાથી) પ્રવેશ કરવો જોઈએ.

(૩) 'ભલે, જેવી આપની મરજી.' एवमस्तु नाम ભલે એમ થાઓ. જેવી આપની મરજી.

(૪) આશ્ચર્ય દેખાડવાને–अन्धो **नाम** पर्वतमारोहति આંધળો પર્વત ઉપર ચઢે છે, એ આશ્ચર્યની વાત છે.

(૫) ક્રોધ અને ક્વચિત્ નિન્દા દેખાડવાને.

ममापि **नाम** दशाननस्य परैः परिभवः

(૬) ઢોંગ દેખાડવાને अहं च भीतो नामावप्लुत्य विषं क्षणादस्तम्भयम् અને હું ભય પામ્યો છું એવો ઢોંગ કરીને કૂદ્યો, અને પિતાનું વિષ ક્ષણમાં અટકાવ્યું.

**ननु** (૧) પ્રશ્ન પૂછવામાં ननु प्राप्तवांछितफलस्ते तातः કેમ તમારા બાપને વાંછિત ફલ મળ્યું ?

(૨) સંબોધનાર્થે—ननु कुमार भवान्किमर्थमत्र वसति હે કુમાર, તમે શા માટે અહીંઆં રહો છો ?

(૩) વિનતિ કરવાને–વિજ્ઞાપનાર્થે ननु प्रापय मां पत्युरन्तिकं મને પતિની નજીક મહેરબાની કરીને લઈ જાઓ.

(૪) 'ખરેખર' नन्वार्यमिश्रैः प्रथममेवाज्ञप्तमभिज्ञानशाकुन्तलं नामापूर्वं नाटकं प्रयोगेणाधिक्रियतामिति ખરેખર, આપે પ્રથમથી જ હુકમ કર્યો હતો, કે 'અભિજ્ઞાન શાકુન્તલ' નામના અપૂર્વ નાટકનો પ્રયોગ કરો. ननु भवतीभ्यामेव स्थिरीकर्तव्या शकुन्तला ખરેખર, તમારે શકુન્તલાને સ્થિર કરવી જોઈએ.

(૫) 'શંકા દેખાડવાને' नन्वेतेऽन्धादयो शास्त्रप्रतिपादितं कर्म कर्तुं न शक्ष्यन्तीति कथमधिकार एषाम् શંકા–જો તે આંધળા વગેરે શાસ્ત્રમાં કહેલું કર્મ કરવાને શક્તિમાન્ ન હોય, તો પછી તેમને અધિકાર શી રીતે હોય ?

**प्रायः**—प्रायेण 'સામાન્ય રીતે'ના અર્થમાં આવે છે. કોઈ સામાન્ય બાબત કહેવી હોય, તો તે વાપરવામાં આવે છે.

प्रायः स्वं महिमानं क्रोधात्प्रतिपद्यते जंतुः । સામાન્ય રીતે જંતુ ક્રોધથી પોતાના મહિમાને પ્રાપ્ત થાય છે.

प्रायः समानविद्याः परस्परयशःपुरोभागाः ॥

प्रायोगच्छति यत्र भाग्यरहितस्तत्रैव यान्त्यापदः સામાન્ય રીતે જ્યાં કમનસીબ માણસ જાય છે, ત્યાં વિપત્તિઓ પણ જાય છે.

**बत** (૧) ખેદ દેખાડવાને, 'અરેરે'ના અર્થમાં

अयि कठोर यशः किल ते प्रियं किमयशो ननु घोरमतः परम्
किमभवद्विपिने हरिणीदृशः, कथय नाथ कथं बत मन्यसे

હે કઠોર, જો તને કીર્તિ ખરેખરી વહાલી હોય, તો આનાથી બીજો ભયાનક અપયશ કયો હતો ?

હે તે હરિણીના જેવી નયનવાળી સ્ત્રીનું જંગલમાં શું થયું, તે કહો. હે નાથ ! અરેરે, તમે શું માનો છો ?

(૨) આનંદ દેખાડવાને અગર આશ્ચર્ય દેખાડવાને

अहो बतासि श्लाघ्यचरित्रः । अहो बत महच्चित्रमेतत्

(૩) अंभोधिनार्थे बत वितरत तोयं तोयवाहा नितान्तं
હે મેઘ, પુષ્કળ જળ આપો.

**बलवत्** અતિશયતા દેખાડે છે.

प्रियायाः अवस्थां दृष्ट्वा बलवदशरणोजातोऽहम्
પ્રિયાની અવસ્થા જોઈને હું અતિશય ( ઘણો ) અશરણ થઈ ગયો.

आपरितोषाद्विदुषां न साधु मन्ये प्रयोगविज्ञानम् ।
बलवदपि शिक्षितानामात्मन्यप्रत्ययं चेतः ॥

જ્યાં સુધી વિદ્વાનોને સંતોષ મળે નહિ, ત્યાં સુધી મારા પ્રયોગનું જ્ઞાન બરાબર હું માનતો નથી;(કારણ કે) સારી રીતે શીખેલાઓનું ચિત્ત પણ પોતામાં વિશ્વાસ રાખતું નથી.

**यथा-तथा**-यथा એકલું પણ આવે છે, અને तथाના યોગે પણ આવે છે. જ્યારે તે વાક્યમાં એકલું હોય, ત્યારે નીચેના અર્થો દર્શાવે છે.

(૧) 'જેમ, જેવી રીતે.' यथाभवानाज्ञापयति જેમ આપની આજ્ઞા (૨) 'નીચે પ્રમાણે' मयि वनं विचरति किंवृत्तं तद्यथानुज्ञायताम् હું જ્યારે વનમાં ફરતો હતો, ત્યારે શું બન્યું તે નીચે પ્રમાણે જાણો.

भवति च पुनर्भूयान्भेदः फलं प्रति तद्यथा
प्रभवति शुचिर्बिम्बोद्ग्राहे मणिर्न मृदां चयः

વળી ફળની બાબતમાં તેમની વચ્ચે મોટો ભેદ રહે છે. જેમકે શુદ્ધ મણિનું પ્રતિબિંબ પડી શકે છે, પણ માટીના ઢગલાનું પડતું નથી.

(૩) તુલનાત્મક વાક્યમાં સરખામણી કરવાને. આવે વખતે ક્વચિત્ તેની સાથે तद्वत पણ આવે છે.

यथा काल कृतोद्योगात्कृषिः फलवती भवेत् ।
तद्वन्नीतिरियं देव चिरात्फलति न क्षणात् ।
अर्थेन तु विहीनस्य पुरुषस्याल्पमेधसः ।

क्रियाः सर्वा विनश्यन्ति ग्रीष्मे कुसरितो यथा ।
ताभिर्विधूतशोकाभिर्भगवानच्युतो वृतः ।
व्यरोचताधिकं तात पुरुषः शक्तिभिर्यथा ।
तत्रातिशुशुभे ताभिर्भगवान्देवकीसुतः ।
मध्ये मणीनां हैमानां महामरकतो यथा ।

(૪) 'દાખલા તરીકે'ના અર્થમાં તર્કશાસ્ત્રનાં પુસ્તકોમાં ઘણી વખતે આવે છે. જેમકે

यत्र यत्र धूमस्तत्र तत्र वह्निः यथा महानसे

જ્યાં જ્યાં ધુમાડો છે, ત્યાં ત્યાં દેવતા છે. દાખલા તરીકે રસોડામાં.

(૫) 'જેથી કરીને' कथ्यतां यज्जानास्यस्मिन्वस्तुनि यथाहं तत्सर्वं लिखेयम् આ બાબતમાં જે જાણતા હો તે કહો, જેથી કરીને તે બધું હું લખું.

(૬) 'કે'ના અર્થમાં अकथितोपि ज्ञायत एव यथायमाभोगस्तपोवनस्येति જો કે કહેવામાં આવ્યું નથી, તોપણ જાણ્યું છે કે આ તપોવનનો સીમાડો છે. આવી વાક્યરચનામાં છેલ્લે इति મૂકવો જોઈએ. મૂળ વક્તાના શબ્દો કાયમ રાખવા માટે यथा વાક્યમાં મુકાય છે. કેટલીક વખતે इति નથી પણ મુકાતો. જેમકે

उक्तं पुरस्तादेतत्ते चैद्यः सिद्धिं यथा गतः ।
द्विषन्नपि हृषिकेशं किमुताधोक्षजप्रियाः ॥

'મેં તમને અગાઉ કહેલું છે કે શિશુપાલ ભગવાનનો દ્વેષ કરતો હતો, તોપણ તે સિદ્ધિ પામ્યો હતો; ત્યારે ભગવાનના પ્રિયજનો સિદ્ધિને પામે તેમાં આશ્ચર્ય શું ?

પણ यथा–तथा સાથે ઘણી વખત વાક્યમાં આવે છે. તે વખતે તેના નીચેના અર્થો થાય છે. 'જેમ–તેમ', 'જેવી રીતે–તેવી રીતે', 'જો–તો', 'જેટલું–તેટલું.'

**तथा प्रहर्यताममुं स्तेनं यथा सः न जीवेत्** તેવી રીતે આ માણસને મારો, કે ફરીથી તે જીવતો રહે નહિ.

**यथा मत्सुखं भवेत्तथोपायः क्रियताम्** જેમ મને સુખ થાય તેમ ઉપાય કરો.

**यथा मनसापि मया तेऽहितं नाचरितं तथा मयि विश्वासः त्वया कर्तव्यः** જેવી રીતે (જો) મેં મનથી તમારૂં અહિત ન કર્યું હોય, તેવી રીતે (તો) તમારે મારામાં વિશ્વાસ રાખવો જોઈએ. અહીંઆં 'જો–તો' ને બદલે 'જેવી રીતે–તેવી રીતે' નો અર્થ કરી શકાય.

**न तथा बाधते शीतं यथा बाधति बाधते** જેટલું बाधति રૂપ મને પીડા આપે છે, તેટલું શીત પીડા આપતું નથી.

**यथा** અને **तथा** કેટલીક વખત બેવડાય છે, અને તેમનું બેવડું રૂપ 'જેમ જેમ – તેમ તેમ' ના અર્થમાં આવે છે.

**यथायथा मुञ्चति वाक्यबाणं तथातथा जातिकुलप्रमाणम्** જેમ જેમ વાકયબાણ છોડે છે, તેમ તેમ જાતિ અને કુલનું પ્રમાણ દેખાય છે.

**यथायथेयं चपला दीप्यते तथा तथा दीपशिखेव कज्जलमलिनमेव कर्म केवलमुद्वमति**

જેમ જેમ આ ચપલા પ્રકાશે છે, તેમ તેમ દીપશિખાની માફક કાજળ જેવાં મલિન કર્મોને જ ફક્ત પ્રકટ કરે છે.

**यावत्–तावत्**–यथाની માફક यावत् પણ એકલું વાકયમાં આવે છે, તેમ **तावत्**ની સાથે આવે છે. જ્યારે તે એકલું હોય ત્યારે નીચેના અર્થો દેખાડે છે–' જ્યાં સુધી, ' ' હમણાં. '

**इयन्तं कालं यावदुत्तरोत्तरस्नेहेन प्रसादेन चाहं दृष्टः**

આટલા કાળ સુધી એક પછી એક સ્નેહ અને મહેરબાનીથી આપે મારા તરફ જોયું.

**स्थीयतामत्र यावदहं प्रत्यागच्छामि** હું જ્યાં સુધી પાછો આવું, ત્યાં સુધી અહીંઆં ઉભા રહો. **यावद् शिष्यानाहूय संगीतकं गास्यामि** હમણાં શિષ્યોને બોલાવીને ગીત ગાઈશ.

यावत्–तावत् પણ ' જ્યાં સુધી–ત્યાં સુધી ', ' સર્વ ', ' જેટલું–તેટલું ', ' જેવો–તેવો 'ના અર્થમાં આવે છે.

> **यावतः कुरुते जन्तुः संबन्धान्मनसः प्रियान्**
> **तावन्तोपि विलिख्यन्ते हृदये शोकशंकवः ।**

**જેટલા** મનને ગમતા સંબંધો પ્રાણી કરે છે, **તેટલા** જ હૃદયમાં પણ શોકશંકુ અંકાય છે.

**ततो यावदसौ पान्थस्तद्वचसि प्रतीतो लोभात्सरसि स्नातुं प्रविशति तावन्महापंके निमग्नः पलायितुमक्षमः**

પછીથી **જેવો** આ મુસાફર તેના વચનમાં વિશ્વાસવાળો થઈને લોભથી સરોવરમાં નહાવાને દાખલ થાય છે (થયો), **તેવો** અતિશય કાદવમાં ગરકી ગયો, અને દોડવાને અશક્ત થયો.

**यावद्दत्तं तावद्भुक्तं** **જેટલું** મને આપવામાં આવ્યું હતું તેટલું મેં ખાધું છે, અર્થાત્ મને આપવામાં આવેલું **બધું** મેં ખાધું છે.

> **यावत्स्वस्थमिदं कलेवरगृहं यावच्चदूरे जरा**
> **यावच्चेन्द्रियशक्तिरप्रतिहता यावत्क्षयो नायुषः ।**
> **आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्**
> **प्रोद्दीप्ते भवने तु कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥**

**જ્યાં સુધી** આ દેહરૂપી ઘર સાજું છે, **જ્યાં સુધી** ઘડપણ આઘું છે, **જ્યાં સુધી** ઇન્દ્રિયોની શક્તિ સાજી છે, અને **જ્યાં સુધી** જિંદગીનો ક્ષય થયો નથી, **ત્યાં સુધી** જ વિદ્વાને પોતાના કલ્યાણ માટે મોટો પ્રયત્ન કરવો જોઈએ; કારણ કે ઘર બળે ત્યારે કૂવો ખોદાવવો એ ઉદ્યમ કેવા પ્રકારનો ?

**वरं—न**

वरं હમેશાં नની સાથે આવે છે, અને તેની પછી વાકયમાં च, तु અગર पुनः જેવા નિપાતો આવે છે. वरं 'ના કરતાં વધારે સારૂં ' ના **અર્થ**માં આવે છે. જેમકે

**वरमेको गुणीपुत्रो न तु मूर्खशतान्यपि**

એક ગુણવાન પુત્ર વધારે **સારો**, પણ સો મૂર્ખા સારા નહિ.

**वरं प्राणत्यागो न च पिशुनवाक्येष्वभिरुचिः**

પ્રાણનો ત્યાગ **વધારે સારો**, પણ લુચ્ચાના વાકયમાં પ્રેમ નહિ. કેટલીક વખત नની પછી च, तु, पुनः છોડી દેવામાં આવે છે.

જેમકે **याच्ञा मोघा वरमधिगुणे नाधमे लब्धकामा** યોગ્ય માણસને કરેલી પ્રાર્થના નિષ્ફળ જાય તે વધારે સારી, પણ હલકા માણસ પાસેથી સફળ થાય તે નહિ.

**स्थाने—**' યોગ્ય ' ના અર્થમાં આવે છે.

**स्थाने खलु प्रत्यादेशविमानिताप्यस्य कृते शकुन्तला क्लाम्यति**
અસ્વીકારથી અપમાન પામેલી પણ શકુન્તલા આને માટે કલેશ ભોગવે છે તે **યોગ્ય** છે.

**स्थाने हृषीकेश तव प्रकीर्त्या जगत्प्रहृष्यत्यनुरज्यते च ।**
**रक्षांसि भीतानि दिशो द्रवन्ति सर्वे नमस्यन्ति च सिद्धसंघाः ॥**

હે ઇન્દ્રિયોના ઈશ, તમારી કીર્તિથી જગત્ હસે છે તથા તમારા તરફ પ્રીતિ ધરાવે છે, તથા રાક્ષસો ડરે છે, અને

દિશાઓમાં દોડી જાય છે, તથા સઘળાં સિદ્ધનાં ટોળાં નમસ્કાર કરે છે તે યોગ્ય છે.

**हंत**—' દયા, ' ' આનંદ ', ' આશ્ચર્ય ' અને ' ખેદ ' દર્શાવે છે.

हंत भो शकुन्तलां पतिकुलं **विसृज्य लब्धमिदानीं स्वास्थ्यम्** અહા, અરે શકુન્તલાને પતિના કુલમાં મોકલીને હવે મને સુખ મળ્યું. અહીંઆં ' આનંદ ' દેખાડે છે.

**न भविष्यति हन्त साधनं किमिवान्यत्प्रहरिष्यतो विधेः** અહીંઆં **हन्त** ખેદ દેખાડે છે. અરેરે, પ્રહાર કરતા વિધિની સામે કોઈ પણ સાધન બનશે નહિ.

**पुत्रक हंत ते धानाकाः** વહાલા પુત્ર, એ દયાની વાત છે, કે તારી પાસે ફક્ત ધાણા છે.

## Genitive Absolute & Locative Absolute
## સત્ષષ્ઠી અને સતીસપ્તમી

૨૨ કેટલાંક વાક્યોમાં સત્ષષ્ઠી અને સત્સપ્તમીનો ઉપયોગ કરવો પડે છે. જ્યારે વાક્યમાં કૃદન્ત મૂળ વાક્યના કર્તા સિવાયના બીજા કોઈ કર્તાની સાથે સંબંધ ધરાવે, ત્યારે તે ઉપવાક્યને સત્ષષ્ઠી અગર સત્સપ્તમીમાં લખવું જોઈએ. સત્ષષ્ઠીમાં લખવાને માટે કૃદન્ત તથા તેની સાથે સંબંધ ધરાવનાર કર્તાને છઠ્ઠી વિભક્તિમાં લખવાં, અને સત્સપ્તમી એટલે કૃદન્ત તથા તેની સાથે સંબંધ ધરાવનાર કર્તાને સાતમી વિભક્તિમાં લખવાં. આ રીતે છઠ્ઠી વિભક્તિમાં અગર સાતમી વિભક્તિમાં લખાયલું સત્ષષ્ઠીવાળું અગર સત્સપ્તમીવાળું વાક્ય, આખા વાક્યમાં સ્વતંત્ર રીતે રહે છે, અને તેનો મૂળ વાક્ય સાથે ખાસ સંબંધ નથી. તેમાંથી તેને જુદું પણ પાડી શકાય, અર્થાત્ તેને ન વાપર્યું હોય તો તેથી વાક્યની મૂળ ક્રિયા ઉપર કોઈ પણ અસર થતી નથી.

સામાન્ય રીતે જ્યારે કોઈ વાક્યમાં અમુક ક્રિયાથી સમય દર્શાવવાનો હોય, ત્યારે સતીસપ્તમી આવે છે. જેમકે સૂર્ય ઉગતાં રાજાનું સૈન્ય દેખાયું. **सूर्ये उदयति राज्ञः सेनादृश्यत** 'રાજાનું સૈન્ય દેખાયું' એટલું જ મુખ્ય વાક્ય છે, પણ તે વાક્યના પ્રથમ ભાગમાં 'સૂર્ય ઉગતાં' એવા કૃદન્તવાળો ભાગ છે, અને તે ક્રિયાનો સમય દેખાડે છે માટે અહીંઆં 'સૂર્ય ઉગતાં' ને સતીસપ્તમીમાં આપણે વાપરીશું. સૂર્યની સપ્તમી વિભક્તિ **सूर्ये** અને **उदयन्** 'ઉગતાં,' ની સાતમી વિભક્તિ એકવચન **उदयति** છે.

પણ જો તિરસ્કાર અગર અવગણનાનો અર્થ 'છતાં' થી સૂચિત કરવાનો હોય તો સત્ષષ્ઠી વાપરવી. જેમકે ગુરુના દેખતાં છતાં, શિષ્યે અવિનય કર્યો.

**गुरोः पश्यतः शिष्येणाविनयः कृतः**

અહીંઆં ગુરુની તરફ અવગણનાનો અર્થ છેઃ

**युष्माकं प्रेक्षमाणानामेनं कुमारवृषसेनं स्मर्तव्यशेषं नयामि**

તમારા બધાના દેખતાં છતાં આ કુમાર વૃષસેનને હું સ્મરણમાં જ બાકી રાખીશ. (અર્થાત્ મારી નાખીશ.)

કેટલાક વખત આ અર્થમાં સત્ષષ્ઠી તેમજ સતીસપ્તમી પણ વપરાય છે. જેમકે

**रुदति पुत्रे रुदतो वा पुत्रस्य पिता प्राव्राजीत्**

પુત્રના રડવા છતાં પિતા સંન્યાસી થઈ ગયો.

'જ્યારે' નો અર્થ દેખાડવાનો હોય તો સત્સપ્તમી વાપરવી. સંસ્કૃત ભાષામાં સત્સપ્તમી જ વધારે જોવામાં આવે છે.

**सूर्येतपत्यावरणाय दृष्टेः कल्पेत लोकस्य कथं तमिस्रा ।**

સૂર્ય જ્યારે લોકની દૃષ્ટિને ઢાંકવાને તપતો હોય, ત્યારે અંધકાર શી રીતે સમર્થ બને?

अभिव्यक्तायां चन्द्रिकायां किं दीपिकापौनरुक्त्येन
જ્યારે ચંદ્રિકા પ્રકટ દેખાતી હોય, ત્યારે દીવાની પુનરુક્તિનું શું પ્રયોજન છે?

'જેવું–જેવો,' 'જેવું બન્યું કે તરત જ', 'ભાગ્યે જ', 'જે ક્ષણે' એવા અર્થમાં एव સાથે સત્સપ્તમીનો પ્રયોગ થાય છે. કવચિત્ આવા વાક્યનાં ભૂતકૃદન્ત સાથે 'मात्र' પણ લખાય છે, અને પછી તે સાતમી વિભક્તિમાં મુકાય છે. જેમકે જેવા તે આવ્યા કે તરત જ અમારાં કાર્ય વિઘ્નરહિત બન્યાં. प्रविष्ट एव तत्र भवति (प्रविष्टमात्र एव तत्रभवति) निरुपप्लवानि नः कर्माणि संवृत्तानि આ અર્થમાં एव ખાસ વાપરવો જોઈએ.
मात्रની રચના વિકલ્પે હોય છે. 'જે ક્ષણે કામ પુરૂં થાય, તે વખતે મને બોલાવજો.' अवसीतमात्रएव (अवसीते वा) कार्ये मामाह्वय

કેટલીક વખતે કૃદંત સાથે સંબંધ ધરાવનાર :एवं, इत्थं, तथा, इति વગેરે પણ વપરાય છે.

सा सीतामाङ्कमारोप्य भर्तृप्रणिहितेक्षणाम् ।
मामेति व्याहरत्येव तस्मिन्पातालमभ्यगात् ॥

આમાં इतिનો સત્સપ્તમી व्याहरति સાથે સંબંધ છે.
एवंगते–इत्थंभूते मदने सा किं कुर्यात्

સત્ષષ્ઠી અને સત્સપ્તમીવાળાં વાક્યોની બાબતમાં એ ખાસ યાદ રાખવું જોઈએ, કે સત્ષષ્ઠી અગર સત્સપ્તમીવાળા ભાગમાં જે કર્તા અગર ક્રિયાપદ છે તે મુખ્ય વાક્યમાં આવવાં જોઈએ નહિ. જો કર્તાની અગર ક્રિયાપદની પુનરાવૃત્તિ થાય તો સત્ષષ્ઠી અગર સત્સપ્તમીનો પ્રયોગ કરવો નહિ. आगतेषु ब्राह्मणेषु तेभ्यो धनमयच्छम् આ વાક્ય અશુદ્ધ છે; કારણ કે तेभ्यः તે સત્સપ્તમી-

વાળા 'ब्राह्मण' શબ્દને બદલે આવ્યો છે, અર્થાત્ ब्राह्मण જે સત્સપ્તમી વિભાગમાં કર્તા છે તેની અહીંઆં પુનરાવૃત્તિ થાય છે. કોઈ પણ રીતે તે શબ્દ અગર તેનો સૂચક પ્રતિનિધિ કોઈ પણ ફરીથી આવવો ન જોઈએ, માટે ઉપરના વાક્યને બદલે आगतेभ्यो ब्राह्मणेभ्यो धनमयच्छम्

૨૩ વાક્યો કેટલીક વખતે કર્તરિ પ્રયોગમાં લખવામાં આવે છે, અને કેટલીક વખત કર્મણિ પ્રયોગમા હોય છે: સામાન્ય રીતે અકર્મક ક્રિયાપદ વાક્યમાં હોય ત્યારે કર્તરિ પ્રયોગ જ આવે છે, અને સકર્મક ક્રિયાપદ હોય તો કર્તરિ પ્રયોગમાં લખાય અગર કર્મણિ પ્રયોગમાં લખાય છે. અકર્મક ક્રિયાપદોને ભાવે પ્રયોગમાં મૂકી શકાય. કર્મણિ પ્રયોગની રચનામાં ક્રિયાપદને કર્મણિ પ્રયોગમાં મૂકવું, અને કર્તરિ પ્રયોગવાળા વાક્યનો જે કર્તા હોય તેને કર્મણિ પ્રયોગવાળા વાક્યમાં તૃતીયા વિભક્તિમાં મૂકવો, અને જે કર્મ હોય તેને કર્તા તરીકે વાપરવું.

## કર્તરિ પ્રયોગ

(૧) હું ફળ ખાઉં છું. अहं फलान्यद्मि

(૨) તુ ઝાડને જુએ છે. त्वं वृक्षं पश्यसि

## કર્મણિ પ્રયોગ

मया फलान्यद्यन्ते મારાથી ફળ ખવાય છે.

वृक्षस्त्वया दृश्यते તારાથી ઝાડ દેખાય છે.

વાક્ય ૧માં કર્તરિ પ્રયોગમાં કર્તા अहं છે અને કર્મ फल છે. કર્મણિ પ્રયોગમાં अहंનું मया થાય છે, અને फल કર્તા તરીકે આવે છે. કર્તા બહુવચનમાં હોવાથી अद्‌નું ક૦ પ્ર૦ પણ બહુવચનમાં વપરાય છે. अद्यन्ते । તે જ પ્રમાણે વાક્ય '૨'જામાં સમજવું.

જો કર્તરિ પ્રયોગવાળા વાક્યમાં દ્વિકર્મક ધાતુઓ આવ્યા હોય, તો કર્મણિ પ્રયોગ બનાવતી વખતે નીચેનો નિયમ યાદ રાખવો. દ્વિકર્મક ધાતુઓ दुह्, याच्, पच्, दण्ड्, रुध्, प्रच्छ्, चि, ब्रू, शास्, जि, मन्थ्, અને मुष् હોય તો તેમનું ગૌણ કર્મ, કર્મણિ પ્રયોગની રચનામાં કર્તાને સ્થાને આવે છે, અને જો नी, हृ, कृष् અને वह् આ ધાતુઓ વાક્યમાં વપરાયા હોય તો કર્મણિ પ્રયોગમાં કર્તાને સ્થાને વાપરવું. દ્વિકર્મક ધાતુઓ ૧૬ છે. दुह्‌થી मुष् સુધીના ૧૨ અને नी‌થી वह् સુધીના ૪. પ્રથમ ૧૨ માંનો કોઈ પણ ધાતુ કર્તરિ પ્રયોગમાં હોય, તો તે વાક્યના ગૌણ કર્મને કર્મણિ પ્રયોગમાં કર્તા તરીકે મૂકવું. ક્રિયાપદને શું પૂછવાથી જે જવાબ આવે તે પ્રધાન કર્મ, અને કોને પૂછવાથી જે જવાબ આવે તે ગૌણ કર્મ. જેમકે गां पयः दोहति અહીંઆં दुह् ધાતુ બે કર્મ લે છે. गां અને पयः શું દોહે છે? દૂધ, માટે તે પ્રધાન કર્મ. કોને દોહે છે? ગાયને, માટે તે ગૌણ કર્મ. અહીંઆં दुह् ધાતુ હોવાથી કર્મણિ પ્રયોગમાં ગૌણ કર્મ જે गो છે તેને કર્તા બનાવવો જોઈએ. गौः पयो दुह्यते તે જ પ્રમાણે धनिकान्धनं मुष्णात्ययं स्तेनः આ ચોર શ્રીમન્તનો પૈસો ચોરે છે. કર્મણિ પ્રયોગમાં આ વાક્યને મૂકવું હોય, તો પ્રથમ પ્રધાન કર્મ કયું અને ગૌણ કર્મ કયું તે નક્કી કરવું. ક્રિયાપદ 'ચોરવું' છે. શું ચોરે છે? ધન, માટે તે પ્રધાન કર્મ. કોનું ચોરે છે? ધનિકોનું, માટે તે ગૌણ કર્મ. मुष् ધાતુ અહીંઆં વપરાયો છે, માટે ગૌણ કર્મ કર્તા બનશે; માટે धनिका मुष्यन्ते धनमनेन स्तेनेन જ્યારે ગૌણ કર્મ કર્મણિ પ્રયોગમાં કર્તા બને છે, ત્યારે પ્રધાન કર્મ કર્મ તરીકે કાયમ રહે છે.

नी, हृ, कृष् અને वह्‌માં પ્રધાન કર્મ કર્મણિ પ્રયોગમાં કર્તા બનશે, અને ગૌણ કર્મ કાયમ રહેશે.

**गां व्रजं नयति गोपालः** ગોવાળ ગાયને વાડામાં દોરે છે. શું દોરે છે? ગાય, માટે તે પ્રધાન કર્મ. ક્યાં દોરે છે? વાડામાં માટે તે ગૌણ કર્મ. ગૌણ કર્મનો અર્થ કોઈ પણ બીજી વિભક્તિમાં પ્રકટ કરી શકાય છે. અહીંઆં પ્રધાન કર્મ **गो** છે માટે તે કર્મણિ પ્રયોગમાં કર્તા થશે. **गौः व्रजं नीयते गोपालेन** ( વિશેષ દાખલાઓ માટે જુઓ પરિશિષ્ટ )

## સાધિત રચના ( Causal Construction )

૨૪ જ્યારે કર્તા જાતે ક્રિયા ન કરતો હોય પણ બીજાની પાસે કરાવતો હોય ત્યારે ક્રિયાપદ 'પ્રેરક' ભેદમાં હોય છે, અને વાક્યની રચના પ્રેરક અગર સાધિત રચના કહેવાય છે. **करोति** કરે છે, પણ **कारयति** કરાવે છે. એ **कारयति** પ્રેરક અગર સાધિત રૂપ છે.

જ્યારે મૂળ વાક્યને સાધિત રચનામાં લઈ જવું હોય ત્યારે ક્રિયાપદનું સાધિત રૂપ બનાવવું, મૂળ વાક્યના કર્તાને ત્રીજી વિભક્તિમાં વાપરવો, અને મૂળના કર્મને એમને એમ રહેવા દેવું. તેણે સંસાર ત્યજ્યો. **सः संसारमत्यजत्। तेन संसारमत्याजयत्** તેની પાસે સંસાર ત્યજાવ્યો.

પણ જો ગતિ, બુદ્ધિ, પ્રત્યવસાન, અગર ભોજનના અર્થનો ધાતુ વાક્યમાં હોય, તો મૂળ વાક્યનો કર્તા સાધિત રચનામાં બીજી વિભક્તિમાં મુકાય છે. (**गतिबुद्धिप्रत्यवसानार्थ शब्दकर्माकर्मकाणामणि कर्ता सणौ**) જેમકે

| મૂળ વાક્યો | સાધિત વાક્યો |
| --- | --- |
| मम मित्रमुद्यानमगच्छत् | मम मित्रमुद्यानमगमयत् |
| काव्यस्यार्थं वेत्तीयम् | इमां काव्यस्यार्थं वेदयति |

शिष्यः इदं नाटकमध्यैयत शिष्यमिदं नाटकमध्यापयत्

बालाः मोदकानाश्नन् बालान्मोदकानाशयत्

જો મૂળ વાક્યમાં नी અગર वह् ધાતુ હોય, તો મૂળના કર્તાને સાધિત રચનામાં ત્રીજી વિભક્તિમાં વાપરવો.

एषा नारी वत्सं नयति वहति वा । अनया नार्या वत्सं नाययति वाहयति वा ।

પણ જો वह् ધાતુનો કર્તા મૂળ વાક્યમાં 'હાંકનાર' એ અર્થમાં હોય, તો મૂળનો કર્તા સાધિત રચનામાં બીજી વિભક્તિમાં આવશે.

જેમકે वाहा रथं वहन्ति – सूतो वाहान्रथं वाहयति

अद् અને स्वद् ધાતુ હોય ત્યારે મૂળનો કર્તા સાધિત રચનામાં ત્રીજી વિભક્તિમાં આવે છે. भक्ष् પણ જો 'હિંસા'ના અર્થમાં ન હોય, તો કર્તાની ત્રીજી વિભક્તિમાં અપેક્ષા કરે છે. स्मृ અને घ्रा પણ ત્રીજીની અપેક્ષા રાખે છે.

अन्नं खादति – अत्ति=भिक्षुकः । अन्नं खादयति आदयति वा भिक्षुकेन भक्षयति पिंडीं देवदत्तः=भक्षयति पिंडीं देवदत्तेन પણ व्याघ्रो भक्षयति पुरुषम्નું व्याघ्रं भक्षयति पुरुषम् થશે; કારણ કે ત્યાં भक्ष् હિંસાના અર્થમાં છે.

स्मरति मातेदं स्मारयति मात्रेदं, પણ જો શોકપૂર્વક સ્મરણનો અર્થ હોય ત્યારે બીજી વિભક્તિ આવી શકે છે. જેમકે अथ चन्द्रगुप्तदोषा अतिक्रान्तपार्थिवगुणान्स्मारयन्ति प्रकृतीः

दृश् ધાતુ બીજી વિભક્તિની અપેક્ષા રાખે છે.

बालः पश्यति चित्रम् – बालं दर्शयति चित्रम् પણ જો दृश् આત્મનેપદમાં હોય તો બીજી અગર ત્રીજી વિભક્તિ આવે છે.

આ નિયમ अभिवद्, हृ. અને कृને લાગુ પડે છે. જેમકે अभिवाद्यते – दर्शयते देवं भक्तं भक्तेन वा। कुम्भकारं – कारेण वा घटं कारयति। सेवकेन सेवकं वा पत्रं हारयति।

સાધિત વાકયોને કર્મણિ પ્રયોગમાં મૂકવાં હોય, તો મૂળ કર્તરિ વાકયનો જે કર્તા છે તેને કર્મણિ સાધિતમાં કર્તા બનાવવો, અગર સાધિત રચનાનું મુખ્ય કર્મ અગર તૃતીયામાં આવેલું કર્મ તે મૂળ વાકયનો કર્તા છે, તેથી તે જ કર્મણિ પ્રયોગમાં કર્તા બનશે. બીજું ગૌણ કર્મ છે તે કાયમ રહેશે. જેમકે

| મૂળ વાકય | સાધિત કર્તરિ | સાધિત કર્મણિ |
|---|---|---|
| भृत्यो भारं नयति | भृत्येन भारं नाययति | भृत्यो भारं नाय्यते |
| कुम्भकारः घटं करोति | कुम्भकारं–कुम्भकारेण घटं कारयति | कुम्भकारो घटं कार्यते |
| शत्रवः स्वर्गमगच्छन् | शत्रून्स्वर्गमगमयत् | शत्रवः स्वर्गमगम्यन्त |

પણ બુદ્ધિ અને ભક્ષણના અર્થવાળા ધાતુઓ હોય ત્યારે, અગર કોઈ પણ ધાતુના કર્મ તરીકે સાહિત્યવિષયક ગ્રન્થ હોય ત્યારે, મુખ્ય કર્મ અગર ગૌણ કર્મ કર્તા તરીકે અને પ્રધાન કર્મ બીજી વિભક્તિમાં આવશે, અને ગૌણ કર્મ બીજી વિભક્તિમાં આવશે. અગર ગૌણ કર્મ કર્તા તરીકે અને પ્રધાન કર્મ બીજી વિભક્તિમાં આવશે.

| | | |
|---|---|---|
| माणवकं धर्मं बोध्यति | माणवको धर्मं बोध्यते | અગર माणवकं धर्मो बोध्यते |
| बटुमोदनं भोजयति | बटुरोदनं भोज्यते | અગર बटुमोदनो भोज्यते |

# પ્રકરણ ૪ થું

## પરસ્મૈપદ અને આત્મનેપદ

સંસ્કૃત ભાષામાં બે પદો છે: પરસ્મૈપદ અને આત્મનેપદ. જ્યારે ક્રિયાનું ફળ કર્તાને મળે ત્યારે આત્મનેપદ વપરાય છે, અને જ્યારે તે ફળ બીજાને મળે ત્યારે પરસ્મૈપદ વપરાય છે. कुरुते (પોતાને માટે) કરે છે. गच्छति (બીજાને માટે) જાય છે. પરંતુ આ ભેદ વ્યવહારમાં જળવાતો નથી, પણ બન્ને પદોના અર્થનો મૂળ ભેદ ઉપર આપ્યો તે પ્રમાણે છે. કેટલાક ધાતુઓ પરસ્મૈપદમાં જ રૂપો લે છે. અને કેટલાક આત્મનેપદમાં અને કેટલાક ઉભયપદી છે; પણ કેટલીક વખતે અમુક ધાતુ અમુક પદમાં હોય પણ જો તેને અમુક ઉપસર્ગો લાગે તો તેનું પદ એકદમ બદલાઈ જાય છે. એવા કેટલાક ધાતુઓની યાદી નીચે આપેલી છે. અહીંઆં प० એટલે પરસ્મૈપદી અને आ० એટલે આત્મનેપદી સમજવું, અને उ० એટલે ઉભયપદી સમજવું. કેટલાક ધાતુઓની પૂર્વે અમુક ઉપસર્ગ આવે અગર તે જો અમુક અર્થમાં આવે, તો તેનાં પદ બદલાઈ જાય છે. અહીંઆં એવા કેટલાક મુખ્ય ધાતુઓની યાદી ટૂંકામાં આપવામાં આવી છે.

### પ્રથમ ગણ

| ધાતુ | કયો ઉપસર્ગ આવે તો | કયો અર્થ | કયું પદ | દાખલા |
|---|---|---|---|---|
| क्रम् | आ | ચઢવું, ઉગવું. | आ० | आक्रमते सूर्यः સૂર્ય ઉગે છે. પણ आक्रमति धूमोहर्म्यतलात् |

ધુમાડો મહેલના તલભાગમાંથી આક્રમણ કરે છે.

| | | | | |
|---|---|---|---|---|
| | वि<br>उप, परा | ચાલવું, પગલાં મૂકવાં. | आ० | वाजी विक्रमते<br>ઘોડો ચાલે છે. |
| | प्र અને उप | આરંભવું, | आ० | |
| क्रीड् | | રમવું. | प० | |
| | अनु, सं, परि<br>અને आ | | आ० | अनु–परिक्रीडते<br>माणवकः |
| गम् | सं | જોડવું. | आ० | संगच्छते |
| नी | | ઉપદેશ આપવો,<br>શોધવું. | आ० | नयते शिष्यम् |
| | उद् | ઉંચું કરવું. | ,, | उन्नयते |
| | उप | દીક્ષા આપવી, | ,, | |
| | | ભાડે આપવું. | ,, | |
| | वि | પૈસા આપવા,<br>ખર્ચવું. | ,, | |
| यम् | उप | પરણવું. | आ० | |
| | सं | એકઠું કરવું. | आ० | |
| | उत् | ઊંચું કરવું. | ,, | |
| चर् | उद् | સકર્મક તરીકે<br>હોય ત્યારે | ,, | सः धर्ममुच्चरते<br>પણ बाष्पमुच्चरति |
| रम् | | રમવું. | ,, | |
| | वि, आ, परि | | प० | |
| | उप | અકર્મક ક્રિયાપદ<br>તરીકે | उ० | |
| जि | वि અને परा | | आ० | विजयतां देवः |

| | | | |
|---|---|---|---|
| वद् | (૧) પ્રવીણુતા દેખાડવી. | आ० | शास्त्रे वदते |
| | (૨) શાન્ત કરવું. | | |
| | (૩) જાણવું. | | |
| | (૪) પરિશ્રમ કરવો. | | क्षेत्रे वदते |
| वि | વિવાદ કરવો. | आ० | |
| उप | ખુશામત કરવી. | ,, | भृत्यानुपवदते |
| संप्र | તાણીને બોલવું. | ,, | संप्रवदन्ते ब्राह्मणाः |
| अनु | અકર્મક તરીકે હોય તો | ,, | |
| विप्र | કલહ કરવો, લઢવું. | उ० | |
| अप | નિન્દા કરવી, ઠપકો આપવો. | आ० | न्यायमपवदते |
| स्था | હેતુ પ્રકટ કરવો. | आ० | દા. गोपी कृष्णाय तिष्ठते |
| सं, अव, प्र અને કોઈ વખત | | आ० | |
| वि, आ | | आ० | जलं विषं वा तव कारणादास्थास्ये |
| उद् | ઉભા થવું. | प० | |
| उप | ઉપાસના કરવી. | आ० | |
| | એકઠું કરવું. | | गंगायमुनामुपतिष्ठते |
| | મૈત્રી કરવી. | | रथिकानुपतिष्ठते |
| | દોરવું, લઈ જવું. | | अयं पन्थाः साकेतमुपतिष्ठते |

| | | | |
|---|---|---|---|
| हृ | अनु | મળતા આવવું, મેળવવાની ઇચ્છાના અર્થમાં. | प० पितरमनुहरत्ययंबालः आ० पैतृकमश्वा अनुहरन्ते |

## બીજો ગણ

| | | | |
|---|---|---|---|
| विद् | सं | જાણવું, પીછાણવું. | आ० पितरावपि मां न प्रतिसंविदाते |
| शास् | आ | આશીર્વાદ આપવો. | आ० ऋक्छंदसाशास्ते |
| | प्र | પ્રાર્થના કરવી. | ,, इदं प्रशास्महे |
| हन् | आ | અકર્મક તરીકે | आ० |

## ત્રીજો, ચોથો અને પાંચમો ગણ.

| | | | |
|---|---|---|---|
| दा | आ | લેવું. | आ० नादत्ते भवतां स्नेहेन या पल्लवम् |
| | व्या | ઉઘાડવું. | प० मुखं व्याददाति |
| नह् | सं | સજ્જ થવું. | आ० युद्धाय संनह्यते |
| श्रु | सं | સકર્મક તરીકે | प० मद्वचनं न संशृणोति |
| | | અકર્મક તરીકે | आ० संशृणुष्व कपे |

## છઠ્ઠો ગણ

| | | | |
|---|---|---|---|
| कृ વેરવું | अप | ઉંચે ફેંકવું, | आ० |
| | | વેચવું. | प० अपकिरति कुसुमं |
| गृ ખાવું | अव | ગળવું. | आ० अवगिरते ग्रासं |
| | सं | વચન આપવું. | आ० संगिरते शब्दं, પણ संगिरति ग्रासं |
| प्रच्छ् | आ | રજા લેવી. | आ० आपृच्छस्व प्रियसखम् |

| | | | |
|---|---|---|---|
| विश् | नि | | आ० |
| | अभि | | ,, |

## સાતમો ગણ

| | | | |
|---|---|---|---|
| भुज् | | ખાવું, | आ० ओदनं भुंक्ते |
| | | રક્ષણ કરવું, | प० भुनक्ति स्वराज्यं |
| | | શાસન કરવું. | |
| युज् | प्र, उप | સ્વરથી શરૂ થતા અગર સ્વર છેડે આવે એવો કોઈ પણ ઉપસર્ગ હોય ત્યારે, પણ જો યજ્ઞીય વાસણોની સાથે ન વપરાય ત્યારે. | आ० |

## આઠમો ગણ

| | | | |
|---|---|---|---|
| कृ કરવું | | | उ० |
| | उत् | ઇજા કરવી. | आ० उत्कुरुते |
| | उत्+आ | નિન્દા કરવી, ઠપકો આપવો. | आ० श्येनो वर्तिकामुदाकुरुते |
| | उप | સેવા કરવી. | आ० हरिमुपकुरुते |
| | प्र | હેરાન કરવું, જુલમ કરવો. | आ० परदारान्प्रकुरुते |
| | उपस् | તૈયાર કરવું. | आ० एधोदकस्योपस्कुरुते |
| | प्र० | મોઢે બોલવું. | आ० गाथाः प्रकुरुते<br>વાર્તાઓ મોઢે કહે છે. |

उप ઉપકાર કરવો. ઉ૦

अनु અને परा પ૦

अधि સહન કરવું, આ૦ शत्रुमधिकुरुते

અધિકારી બનાવવું. પ૦ मनुष्याऽधिकरोति शास्त्रं

वि (અવાજ) કરવો, આ૦ स्वरान्विकुरुते

વિકાર ઉત્પન્ન કરવો. પ૦ चित्तं विकरोति कामः

અકર્મક તરીકે હોય ત્યારે આ૦

## નવમો ગણ

क्री पार, वि, अव આ૦

ज्ञा જાણવું ઉ૦

,, अप ગુપ્ત રાખવું, આ૦ शतमपजानीते

નન્નો ભણવો. સોની ના પાડે છે.

,, सं અને प्र આ૦

વિચારવું. પ૦ मातरं संजानाति

,, अनु ઉ૦ अनुजानीहि गमनायमां ततोनुजज्ञे गमनं सुतस्य

,, ઇચ્છાપૂરક આ૦

## દશમો ગણ

તમામ ધાતુઓ સામાન્ય રીતે ઉભયપદી હોય છે, પણ સાધિત રચનામાં बुध्, युध्, नश्, जन्, इ (अधि), प्रु, द्रु, स्रु પરસ્મૈપદ લે છે. 'ખાવું', 'ગળી જવું', 'હલાવવું' અર્થવાળા ધાતુઓ પણ પરસ્મૈપદ લે છે. पा, दम्, आयम्, आयस्, परिमुह्, रुच्, नृत्, अभिवद् જ્યારે ક્રિયાનું ફળ કર્તાને મળે છે, ત્યારે આત્મનેપદમાં હોય છે.

પરસ્મૈપદ અને આત્મનેપદના નિર્ણયમાં મુખ્ય ઉપરના ધાતુઓને યાદ રાખવા.

## લિંગવિચાર

+લિંગના નિર્ણયમાં વ્યાકરણમાં નીચે પ્રમાણે નિયમો આપ્યા છે, તે લક્ષ્યમાં રાખવા.

### પુંલ્લિંગ

(क) अ અને न, તથા दा અને धा ધાતુઓને इ લગાડીને કૃત્પ્રત્યયોથી બનતા શબ્દો, પુંલ્લિંગમાં હોય છે. त्याग, भोग, गरः, यज्ञः, अधि, निधि વગેરે. અપવાદ भय, लिङ्ग, भंग, (નં.)

(ख) उ સ્વરાન્ત અને क्, ट्, ण्, थ्, न्, भ्, म्, प्, र् અથવા स् ઉપાન્ત્ય વ્યઞ્જન હોય એવા શબ્દો वायु, भानु, इक्षु, इषु, स्तबक, घटः, फेनः, दीपः स्तम्भः, सोमः, वृषः, वायसः

આને નીચેના અપવાદ છે.

(૧) उ સ્વરાન્ત શબ્દો धेनु, रज्जु, सरयु, तनु, करेणु, प्रियंगु એ બધા સ્ત્રીલિં. છે. श्मश्रु, जानु, वसु, अश्रु, जतु લાખ, त्रपु કલાઈ, સીસું. तालु, दारु, मधु, स्वादु, वस्तु એ બધા નં૦લિં૦ છે.

(૨) क, ट, थ, न, प, भ, म, य, र, ष, અને स જેને છેડે હોય, એવા શબ્દો નં૦લિં૦માં હોય છે. દા૦ चिबुक, अंशुक, किरीट, मुकुट, ललाट, काष्ठ, पृष्ठ, रिक्थ, जघन, अजिन, वन, तुहिन, कानन, विपिन, वृजिन, वेतन, शासन, सोपान, मिथुन, श्मशान, रत्न,

---

+ આ મથાળા નીચે જે નિયમો લેવામાં આવ્યા છે, તે મિ. કાલેના વ્યાકરણ પ્રમાણે છે. તે માટે કર્તા તથા પ્રકાશકનો આભાર માનીએ છીએ.

चिह्न, पाप, शष्प, पुष्प, शिल्प, रूप, कुङ्कुम, युग्म, गुल्म, इध्म, हृदय, इन्द्रिय, उत्तरीय, द्वार, तक्र, वक्त्र, वप्र, नीर, छिद्र, रन्ध्र, श्वभ्र, पञ्जर, वैर, कुटीर, अम्बर, शिशिर, तन्त्र, क्षत्र, मित्र, कलत्र, चित्र, सूत्र, नेत्र, गोत्र, शस्त्र, शास्त्र, वस्त्र, पत्र, पात्र, पीयूष, पुरीष, कल्मष, बिस.

(ग) देव, मनुष्य, दैत्य, पर्वत, समुद्र, स्वर्ग, मेघ, किरण, दिवस, आत्मा, नख, शर, असि, दन्त, केश, कण्ठ, गल, भुज, गुल्फ આ શબ્દો તથા તેમના પર્યાય પુલ્લિંગમાં છે. આને નીચેના અપવાદ છે. द्यो, दिव्, खारी, સ્ત્રી લિ.માં, અને त्रिविष्टप, दिन, अहन्, અને अभ्र એ ન.લિ.માં છે.

(घ) નીચેના શબ્દો પુલ્લિંગમાં છે. अपाङ्ग, जनपद, मरुत्, ऋत्विज्, ऋषि, राशि, ग्रन्थि, कृमि, ध्वनि, रवि, कपि, मुनि, ध्वज, गज, मुञ्ज, पुञ्ज, हस्त, कुन्त, वात, दूत, धूर्त, करण्ड, मुण्ड, शिखण्ड, हृद, कन्द, कुन्द, विशेष, बुद्बुद, शब्द, पथिन्, मथिन्, ऋभुक्षिन्, स्तम्ब, नितम्ब, पूग, पल्लव, मठ, मणि, तरङ्ग, तुरङ्ग, गन्ध, स्कन्ध, मृदङ्ग, सङ्ग, पुंख, अतिथि, कुक्षि અને अञ्जलि.

## સ્ત્રીલિંગ

(क) अनि, मि, नि, ति, ई અને उ કૃત્પ્રત્યયોથી થએલા શબ્દો. ग्लानि, भीति, गीति, कीर्ति, चमू વગેરે. પણ वह्नि, अग्नि અને घृणि પુ.લિ. છે.

(ख) ૨૦ થી ૯૯ સુધીની સંખ્યાના શબ્દો, ई સ્વરાન્ત એક-સ્વરી શબ્દો, ति પ્રત્યયથી સાધિત શબ્દો.

(ग) भूमि, नदी, लता અને વनिता એ શબ્દો તથા તેમના પર્યાયો. અપવાદ–स्रोतः અને यादः ન.લિં.માં છે.

(घ) નીચેના શબ્દો સ્ત્રીલિં.માં છે–स्रुज्, स्रज्, दिक्, उष्णिष्, उपानह्, प्रावृष्, विप्रुष्, रुष्, त्विष्, तृष्, रुचि, नाडि, वीचि, नालि, केलि, छवि, रात्रि, शष्कुलि, राजि, कुटि, वर्ति, भ्रुकुटि, त्रुटि, वलि, पंक्ति, वेदि–दी, खनि–नी, कृषि–षी, ओषधि–धी, कटि–टी, अङ्गुलि–ली, प्रतिपद्, आपद्–विपद्, संपद्, शरद्, संसद्, परिषद्, उषस्, संविद्, क्षुध्, समिध्, आशिष्, धुर्, पुर्, गिर्, द्वार्, त्वच्, यवागू, नौ, स्फिच्, चुल्लि, खारी, तारा, धारा, ज्योत्स्ना, शलाका, काष्ठा, તથા अप्, सुमनस्, समा, सिकता, वर्षा, अप्सरस्.

## નપુંસકલિંગ

(क) अन, त કૃત્પ્રત્યયોવાળા શબ્દો.

(ख) त्व, य, एय, अक અને ईय તદ્ધિત પ્રત્યયવાળા શબ્દો.

(ग) इस् અને उस् સ્વરાન્ત શબ્દો.

(घ) मन् અને अस् સ્વરાન્તવાળા દ્વિસ્વરી શબ્દો.

(ङ) त्र વ્યંજનાન્ત શબ્દો.

(च) ल ઉપાન્ત્ય વ્યંજનવાળા શબ્દો.

(छ) ફળના અર્થવાળા શબ્દો.

(ज) शतथी ઉપરની સંખ્યાના શબ્દો – અપવાદ. शंकु (પુ.) कोटि (સ્ત્રી).

(झ) मुख, नयन, लोह, धन, मांस, रुधिर, कार्मुक, विवर, जल, हल, धन, बल, अन्न, कुसुम, पत्तन, रण અને તેના પર્યાયો.

(ज) वियत्, जगत्, पृषत्, शकृत्, यकृत्, अनृत, अमृत, निमित्त, चित्त, पित्त, व्रत, रजत, वृत्त, पलित, श्राद्ध, पीठ, कुण्ड, अङ्ग, दधि, सक्थि, आज्य, आस्पद, कण्व, बीज, धान्य, सस्य, रूप्य, पण्य, कृष्य, काव्य, सत्य, अपत्य, मूल्य, शिल्प, शिक्य, मद्य, हर्म्य, तुर्य, सैन्य, द्वंद्व, दुःख, पिच्छ, कुटुम्ब.

ઉપરના શબ્દો ન.લિં.માં છે.

અપવાદો

सीमन् (સ્ત્રી.) छात्र, पुत्र, मन्त्र, वृत्र, उष्ट्र (પુ.) तुल, उपल, ताल, कम्बल, देवल, वृषल (પુ.) सीर, अर्थ, ओदन, आहव, संग्राम, (પુ.) आजि અને अटवि (સ્ત્રી.)

## પુલ્લિંગ અને સ્ત્રીલિંગ

गो, मणि, यष्टि, मुष्टि, शाल्मलि, मसि, मरीचि, दुंदुभि, नाभि, इषुधि, इषु, बाहु, श्रोणि, योनि, ऊर्मि.

## પુલ્લિંગ અને ન.લિં.

घृत, भूत, शृङ्ग, अघ, निदाघ, उद्यम, व्रज, कुञ्ज, दर्भ, पुच्छ, खण्ड, ध्रुव, सैन्धव, आकाश, कुश, काश, अनीक, वट, लोष्ट, पट, कपट વગેરે.

## સ્ત્રીલિં. અને ન.લિં.

स्थूण-णा, अर्चिस्; लक्ष-क्षा

# પ્રકરણ ૫ મું

## કાળ તથા અર્થવિચાર

પ્રથમ ભાગમાં આપણે ધાતુઓનાં રૂપોનો વિચાર કર્યો. તે વખતે જુદા જુદા કાળ તથા અર્થમાં ધાતુને કયા પ્રત્યયો લગાડતી વખતે કયી નિશાનીઓ લગાડવી પડે છે, તેનો વિચાર કર્યો હતો. અહીંઆં સંસ્કૃત ભાષામાં કાળ તથા અર્થ કેટલા છે, અને તેમનો ઉપયોગ કેવી રીતે થાય છે તેનો વિચાર કરીશું.

સંસ્કૃતમાં મુખ્ય કાળ ત્રણ છેઃ (૧) વર્તમાન, (૨) ભૂત અને (૩) ભવિષ્ય. વર્તમાનનો એક જ પ્રકાર છે; ભૂતકાળના ત્રણ અને ભવિષ્યકાળના બે પ્રકાર છે. વર્તમાન ( Present Tense ) ને પાણિનિ લટ્ નામ આપે છે. ભૂતકાળના ત્રણ પ્રકારો (૧) હ્યસ્તન ભૂત ( Imperfect Past Tense ) (૨) પરોક્ષ ભૂત ( Perfect Past Tense ) અને ( ૩ ) અદ્યતન ભૂત ( Aorist ) ને માટે લઙ્, લિટ્ અને લુઙ્ એવાં નામ અનુક્રમે આપેલાં છે. ભવિષ્યકાળના બે પ્રકાર છેઃ (૧) પહેલો ભવિષ્યકાળ અગર શ્વસ્તન ભવિષ્ય ( First or Periphrastic Future ) અને (૨) બીજો અગર સાદો ભવિષ્યકાળ ( Simple Future ). પ્રથમ ભવિષ્યકાળને માટે લુટ્ છે, અને બીજાને માટે લૃટ્ છે, પ્રથમ આપણે આ કાળ કયા અર્થમાં સંસ્કૃતમાં વપરાય છે, તેનો વિચાર કરીએ. ત્યાર પછી ‘ અર્થ ’ ( Mood ) નો વિચાર કરીશું.

### વર્તમાનકાળ

વર્તમાન ક્રિયાનો અર્થ દર્શાવવાને આપણે વર્તમાનકાળ વાપરીએ છીએ. સામાન્ય રીતે પતઞ્જલિની માન્યતા પ્રમાણે ક્રિયાનો

આરંભ થઈ ચૂકયો હોય અને તે ચાલુ હોય, ત્યારે વર્તમાનકાળ વપરાય છે. ( प्रवृत्तस्याविरामे शासितव्या भवन्ती ) અર્થાત્ જે ક્રિયા દેખાડવાને માટે વર્તમાનકાળનો પ્રયોગ કરવામાં આવે છે તે હજુ ચાલુ છે, તેનો અંત આવ્યો નથી એમ તે સૂચવે છે. अयं पुरुषो ग्रन्थं लिखति । એમ જ્યારે કહીએ ત્યારે તેનો એટલો અર્થ થાય છે કે તેની ગ્રંથ લખવાની ક્રિયા હજુ ચાલુ છે, તે અટકી ગઈ નથી. જ્યારે આપણે તે વાકય ઉચ્ચારીએ છીએ, ત્યારે પણ તે લખવાનું કામ કરે છે. तारापीडो देवीमवदत् । अफलमिवाखिलं पश्यामि जीवितं राज्यं च । ( તારાપીડે રાણીને કહ્યું. ‘અફલની માફક તમામ જીવનને તથા રાજ્યને હું જોઉં છું.) આ વાકયમાં પણ જ્યારે તારાપીડ રાણીને કહે છે, તે વખતે પણ તેના અનુભવમાં તેનું જીવન તથા રાજ્ય નિષ્ફળ લાગે છે; અર્થાત્ જીવન તથા રાજ્ય વિષેનો એનો અનુભવ ચાલુ જ છે. આ રીતે મૂળ વર્તમાનકાળ, સંસ્કૃત ભાષામાં જે ક્રિયાનો આરંભ કરવામાં આવી હોય તે હજુ ચાલુ છે એવો અર્થ જણાવવાને જ વપરાય છે. આથી આપણે જો તે ક્રિયાની ફક્ત વર્તમાનકાલીનતાનો જ અર્થ જણાવવા માગતા હોઈએ તો આપણે अधुना, संप्रति, इदानीम् વગેરે ક્રિયાવિશેષણોનો પ્રયોગ વાકયમાં કરવો જોઈએ. नगरादधुनाहमागच्छामि । ‘હું શહેરમાંથી હમણાં જ આવું છું.’ અર્થાત્ મારી આવવાની ક્રિયાની શરૂઆત હમણાં જ થઈ છે, આ પહેલાં નહિ.

જો કે વર્તમાનકાળનો પ્રયોગ ઉપર જણાવેલા અર્થમાં જ વસ્તુતઃ થઈ શકે છે, છતાં તે નીચેની બાબતોમાં પણ વપરાય છે.

(૧) વાર્તાઓના બનાવો વર્ણવવામાં તથા ઐતિહાસિક ભૂતકાળનો અર્થ જણાવવાને સંસ્કૃત ભાષામાં વર્તમાનકાળ વપરાય છે.

જેમકે अस्ति भागीरथीतीरे पाटलिपुत्रनामधेयं नगरम् । ભાગીરથીના કિનારા ઉપર પાટલિપુત્ર નામનું એક નગર છે. (હતું.) અહીંઆં 'હતું'ના અર્થમાં 'છે' વપરાયું છે, માટે अस्ति વર્તમાનકાળનું રૂપ મૂકયું છે; કારણ કે તે વાર્તાના બનાવનું વર્ણન કરે છે. कस्मिंश्चिज्जलाशयेऽनागतविधाता प्रत्युत्पन्नमतिर्यद्भविष्यश्चेति त्रयोमत्स्याः सन्ति । કોઈ એક સરોવરમાં અનાગતવિધાતા, પ્રત્યુત્પન્નમતિ અને યદ્ભવિષ્ય એમ ત્રણ માછલાં છે. (હતાં.) अस्ति कस्मिंश्चित् समुद्रोपकण्ठे महाजम्बूपादपः सदाफलः । કોઈ એક સમુદ્રના કિનારા ઉપર મોટું હમેશાં ફલ આપનારૂં જાંબુનું ઝાડ છે. (હતું.)

(૨) કોઈ પણ વાકયમાં જણાવેલી ક્રિયાની સત્યતા સર્વકાલીન છે એવું જણાવવું હોય, તો વર્તમાનકાળ વપરાય છે; અર્થાત્ અત્યારે તે જેટલું સત્ય છે, તેટલું જ તે સર્વકાલ માટે છે એ રીતે ક્રિયાની સત્યતા જણાવવી હોય તો વર્તમાનકાળ આવે છે.

उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मीः ।
ઉદ્યોગી પુરુષસિંહને લક્ષ્મી મળે છે.

परिवर्तिनि संसारे मृतः को वा न जायते ।
આ ફરતા સંસારમાં કયો મરેલો પુરુષ જન્મતો નથી?
અર્થાત્ દરેક જન્મે છે.

तीर्थोदकं च वह्निश्च नान्यतः शुद्धिमर्हतः ।
તીર્થોદક અને અગ્નિ બીજાથી શુદ્ધિને લાયક નથી.

ज्ञानलवदुर्विदग्धं ब्रह्मापि तं नरं न रञ्जयति ।
અધકચરા જ્ઞાનવાળા પુરુષને બ્રહ્મા પણ રાજી કરી શકતો નથી.

अतिकष्टास्वप्यवस्थासु जीवितनिरपेक्षा न भवन्ति खलु जगति सर्वप्राणिनां प्रवृत्तयः ।

ઘણી જ કફોડી અવસ્થામાં પણ ખરેખર જગત્માં તમામ પ્રાણીઓની પ્રવૃત્તિ જિંદગી માટે બેદરકાર બનતી નથી.

सर्वथा न कंचिन्न खलीकरोति जीविततृष्णा ।

સર્વથા જીવનની તૃષ્ણા કોઈ પણ પુરુષને ખલ જેવી બનાવતી નથી તેમ નથી.

ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति । પહેલાંના ઋષિઓની વાણીની પછવાડે અર્થ દોડતો જાય છે. આમાં પણ ક્રિયાની સર્વકાલીન સત્યતા જણાવી છે. न खलु बहिरुपाधीन् प्रीतयः संश्रयन्ते । ખરેખર, પ્રેમ બહારની ઉપાધિઓ ઉપર આધાર રાખતો નથી. આ વાક્ય પણ એ જ સિદ્ધાન્તને સૂચવે છે. આ રીતે જ્યારે ક્રિયાની સર્વકાલીન સત્યતા દેખાડવી હોય, ત્યારે સંસ્કૃતમાં વર્તમાનકાળ વપરાય છે. ઉપરનાં વાક્યોમાં જણાવેલી ક્રિયા સર્વ કાળ માટે સત્ય છે.

(૩) કોઈ વખત નજીકના ભવિષ્યકાળનો અર્થ જણાવવાને પણ વર્તમાનકાળ વપરાય છે. ક્રિયાપદ વર્તમાનમાં વાપરવામાં આવ્યું હોય છે, પણ તેનો અર્થ ભવિષ્યકાળનો સમજવો પડે છે.

सेयं याति शकुन्तला पतिगृहं सर्वैरनुज्ञायताम् ।

આ તે શકુન્તલા પતિને ઘેર જાય છે, (હમણાં જશે,) માટે સર્વે જણ રજા આપો.

तात शकुन्तला विरहितं शून्यमिव तपोवनं कथं प्रविशामः ।

હે પિતાજી, શકુન્તલા વગરના શૂન્ય જેવા તપોવનમાં આપણે કેવી રીતે પ્રવેશ કરીએ? (હમણાં કરીશું.) हन्त किमिदानीं कुर्वः । અરે, હવે આપણે શું કરીશું?

(૪) વાક્યમાં स्म વપરાયો હોય, ત્યારે વર્તમાનકાળ આવે છે. ખાસ કરીને વાર્તાઓનાં પુસ્તકમાં આ स्म વપરાય છે. જ્યારે स्म વાપરેલો હોય, ત્યારે ક્રિયાપદ વર્તમાનકાળમાં હોય તોપણ તેનો અર્થ ભૂતકાળ જેવો થાય છે.

अस्ति दाक्षिणात्ये जनपदे पाटलिपुत्रं नाम नगरम् । तत्र मणिभद्रो नाम श्रेष्ठी प्रतिवसति स्म । દાક્ષિણાત્ય દેશમાં પાટલિપુત્ર નામનું નગર છે. ( હતું. ) ત્યાં મણિભદ્ર નામનો શેઠ રહે છે. ( રહેતો હતો. )

विदिशा नगरी बाह्ये न्यग्रोधोऽभूत्पुरामहान् ।
चत्वारः प्राणिनस्तत्र वसन्ति स्म महातरौ ॥

વિદિશા નગરીની બહાર પહેલાં એક મોટું વડનું ઝાડ હતું. ત્યાં મહાવૃક્ષની ઉપર ચાર પ્રાણીઓ રહે છે. ( રહેતાં હતાં. )

(૫) વાક્યમાં ' જ્યાં સુધી 'નો અર્થ દેખાડનાર तावत्, આ વગેરે નિપાતો આવ્યા હોય, ત્યારે વર્તમાનકાળનો ઉપયોગ થાય છે. જેમકે

आपरितोषाद्विदुषाम् न साधु मन्ये प्रयोगविज्ञानम् । જ્યાં સુધી વિદ્વાનોને સંતોષ થાય નહિ, ત્યાં સુધી મારૂં પ્રયોગનું વિજ્ઞાન ( નાટકની કળાનું જ્ઞાન) સારૂં છે એમ હું માનું નહિ.

यावत्संबन्धिनो न परापतन्ति तावद्वत्सया मालत्या नगरदेवतागृहं गन्तव्यमित्यादिशन्ति भगवती निर्देशवर्तिनी

જ્યાં સુધી સંબંધીઓ આવતા નથી ( આવ્યા નથી ) ત્યાં સુધી બેન માલતીએ નગરદેવતાના મંદિરે જવું જોઈએ, એમ ભગવતીના હુકમને માન આપનાર અમાત્યપત્ની ફરમાવે છે.

तावच्च शोभते मूर्खो यावत्किञ्चिन्न भाषते ।

જ્યાં સુધી મૂર્ખ કંઈ પણ બોલતો નથી, ત્યાં સુધી જ તે શોભે છે. એકલું यावत् ' હમણાં 'ના અર્થમાં વપરાય છે ત્યારે વર્તમાનકાળ આવે છે. तद्यावद् गृहिणीमाहूय संगीतकमुपतिष्ठामि । હમણાં ગૃહિણીને બોલાવીને સંગીત શરૂ કરું છું. (કરીશ.) यावदिमां छायामाश्रित्य प्रतिपालयामि । હમણાં આ છાયાનો આશ્રય

કરીને હું તેની રાહ જોઉં છું. (જોઈશ.) અહીંઆં વર્તમાનકાળ ભવિષ્યનો અર્થ જણાવે છે.

યથા–તથાથી દૃષ્ટાન્ત આપીને કોઈ વસ્તુ સમજાવવાની હોય, ત્યારે પણ વર્તમાનકાળનો પ્રયોગ થાય છે.

यथा प्रदीप्तं ज्वलनं पतंगा विशन्ति नाशाय समृद्धवेगाः ।
तथैव नाशाय विशन्ति लोकास्तवापि वक्त्राणि समृद्धवेगाः ॥

( ભા. ૯–૨૯ )

જેમ સળગતા અગ્નિમાં નાશ માટે અત્યન્ત વેગવાળાં પતંગીઆં પ્રવેશે છે, તે પ્રમાણે જ લોક અત્યન્ત ઝડપથી તારા પણ મોઢામાં નાશને માટે પ્રવેશે છે.

काचः काञ्चनसंसर्गाद्धत्ते मारकतीं द्युतिम् ।
तथा सत्संनिधानेन मूर्खो याति प्रवीणताम् ॥

અહીંઆં પણ યથા–તથાથી દૃષ્ટાંત આપેલું છે.

'જેમ–તેમ' ના અર્થમાં પણ યથા–તથા વર્તમાનકાળમાં આવે છે. वितरति गुरुः प्राज्ञे विद्यां यथैव तथा जडे । જેમ ગુરુ ડાહ્યા વિદ્યાર્થીઓને જ્ઞાન આપે છે, તેમ મૂર્ખને પણ આપે છે.

(૬) કેટલીક વખત અમુક ક્રિયામાં ટેવનો અર્થ જણાવવાનો હોય, અર્થાત્ અમુક કામ કરવાને ટેવાયલો છે એવો અર્થ દેખાડવો હોય, ત્યારે સંસ્કૃતમાં વર્તમાન કાળ આવે છે.

अहं शालाया गृहमागत्य नद्यास्तटे वातं सेवितुं गच्छामि ।

હું નિશાળેથી ઘેર આવીને નદીના કિનારે પવન લેવાને જાઉં છું. (જવાને ટેવાયો છું.) ततो दिनेषु गच्छत्सु पक्षिशावकाना-क्रम्य कोटरमानीय प्रत्यहं खादति स मार्जारः । પછીથી દિવસો જતાં તે બિલાડો પક્ષીનાં બચ્ચાં ઉપર ધસારો કરીને તથા બખોલમાં લાવીને દરરોજ ખાય છે. (ખાવાને ટેવાયલો હતો.)

(૭) કેટલીક વખતે શરતવાળાં વાક્યોમાં ભવિષ્યકાળને બદલે પણ વર્તમાનકાળ વપરાય છે.

योन्नंददाति स स्वर्गं याति।

જે અન્ન આપે છે, ( આપશે ) તે સ્વર્ગમાં જાય છે. (જશે.)

पुनरपि कथंचिद् विश्वासं गच्छति तद्भूयोपि विश्वासयामि।

તેથી જો આ ફરીથી પણ કોઈ પણ રીતે વિશ્વાસ મૂકે, તો ફરીથી પણ તેનામાં વિશ્વાસ ઉત્પન્ન કરૂં. ( કરીશ. )

આ પ્રમાણે વર્તમાનકાળ ઉપર જણાવેલા જુદા જુદા અર્થમાં વપરાય છે. આરંભ કરેલી ક્રિયાનું ચાલુપણું દેખાડવા, ક્રિયાની વર્તમાનકાલીનતા, ક્રિયાની સર્વકાલીન સત્યતા, વાર્તાઓના બનાવ વર્ણવામાં તથા ઐતિહાસિક ભૂતકાળનો અર્થ જણાવવાને નજીકના ભવિષ્યકાળનો અર્થ લાવવાને માટે એ ઉપર જણાવેલા મુખ્ય અર્થો છે; અર્થાત્ સંસ્કૃત ભાષામાં ક્વચિત્ વર્તમાનકાળ ભૂતકાળનો તેમજ ભવિષ્યકાળનો અર્થ પણ જણાવે છે.

## ભૂતકાળ

સંસ્કૃતમાં ભૂતકાળની ક્રિયા જણાવનારા ત્રણ પ્રકારો છેઃ

(૧) હ્યસ્તન ભૂતકાળ ( Imperfect लङ् )

(૨) પરોક્ષ ભૂતકાળ ( Perfect लिट् ) અને

(૩) અદ્યતન ભૂતકાળ ( Aorist लुङ् )

શરૂઆતમાં હ્યસ્તન ભૂતકાળ આજના દિવસ પહેલાં બનેલી ક્રિયા માટે વપરાતો હતો, અર્થાત્ નજીકના ભૂતકાળની ક્રિયા માટે. જેમકે હું ગઈ કાલે મારા મિત્રને ત્યાં ગયો. अहं मम मित्रस्य गृहं ह्यः अगच्छम्। सा पूजार्थं पुष्पाण्यचिनोत्। તેણે પૂજા માટે પુષ્પ વીણ્યાં. त्वं मह्यं पुस्तकमयच्छः। તેં

મને પુસ્તક આપ્યું. આ વાક્યોમાં જે ભૂતકાળની ક્રિયા જણાવી છે, તે આજ બનેલી નથી, પણ આજની પૂર્વેના નજીકના દિવસોમાં બની છે. પાણિનિ अनद्यतने लङ् એ સૂત્રમાં આ કાળનો ઉપયોગ સમજાવે છે. लङ् કહેતાં હ્યસ્તન ભૂતકાળ ( Imperfect ) આજની ક્રિયા માટે વપરાતો નથી. ( अनद्यतने ) ફક્ત આજની ક્રિયા માટે નહિ, એટલે ગઈ કાલ, પરમ દિવસે કે એટલામાં નજીકના દિવસોમાં બનેલી હોય. આટલા જ માટે વ્યાકરણમાં તેને હ્યસ્તન ભૂતકાળ કહે છે; અર્થાત્ ગઈ કાલનો ભૂતકાળ. ગઈ કાલ શબ્દથી માત્ર ગઈ કાલની જ ક્રિયા સમજવાની નથી.

પરોક્ષ ભૂતકાળ એટલે દૂરનો ભૂતકાળ. परोक्षे लिट् એ રીતે પાણિનિ તેનો ઉપયોગ સમજાવે છે; અર્થાત્ તે ભૂતકાળની ક્રિયા એટલા દૂરના વખતમાં બનેલી છે કે તેનું વર્ણન કરનારે જાતે તેને જોઈ નથી.

स भूपतिरेकदा केनापि पठ्यमानं श्लोकद्वयं शुश्राव ।

તે રાજાએ એક દિવસે કોઈકથી બોલાતા બે શ્લોકો સાંભળ્યા.

शुकनासोऽपि महान्तं कालं तं राज्यभारमनायासेनैव प्रज्ञाबलेन बभार । શુકનાસે પણ ઘણા સમય સુધી તે રાજ્યના ભારને વગર પરિશ્રમે બુદ્ધિબળથી ધારણ કર્યો.

बभव पूर्वं कुसुमपुराख्यनगरेश्वरः पृथ्वीतलेऽस्मिन्धरणीवराहो नाम भूपतिः।

પહેલાં કુસુમપુર નામના નગરનો ઉપરી ધરણીવરાહ નામનો રાજા આ પૃથ્વીતલ ઉપર થઈ ગયો.

આ વાક્યોમાં જણાવેલી ભૂતકાળની ક્રિયાઓ ઘણા લાંબા સમય પહેલાં બનેલી છે, અને તેનું કથન કરનાર વક્તાએ

તેને જોઈ નથી. તે સમયે વક્તા હાજર નથી. આ રીતે જ્યારે દૂરના ભૂતકાળનું વર્ણન કરવાનું હોય, ત્યારે પરોક્ષ ભૂતકાળ વપરાય છે.

**અદ્યતન ભૂતકાળ** ( Aorist लुङ् ) સામાન્ય રીતે અગર અનિશ્ચિત રીતે ભૂતકાળની ક્રિયાઓ માટે વપરાય છે. પાણિનિ भूतार्थे लुङ् સૂત્રમાં તેનો ઉપયોગ દર્શાવે છે; અર્થાત્ लुङ् સામાન્ય ભૂતકાળના અર્થમાં જ વપરાય છે: અર્થાત્ જે ભૂતકાળની ક્રિયા ગઈ કાલની અગર નજીકના ભૂતકાળમાં તેમજ દૂરના ભૂતકાળમાં બનેલી ન હોય, તેને માટે આ કાળ વપરાય છે; એટલે તે ક્રિયા આજે શરૂ થઈ હોય અને આજે પૂરી થઈ હોય, અર્થાત્ ઘણાજ નજીકના સમયમાં પ્રારંભેલી ક્રિયાની પૂર્ણાહૂતિને વક્તા જણાવવા માગતો હોય, ત્યારે અદ્યતન ભૂતકાળનો પ્રયોગ કરે છે. આથી જ તે ભૂતકાળનું નામ 'અદ્યતન' 'આજનો' એવું આપ્યું છે. અંગ્રેજીમાં પૂર્ણવર્તમાનકાળ જે અર્થમાં વપરાય છે, તે અર્થમાં આ આવે છે.

**હ્યસ્તન ભૂતકાળ** અને **પરોક્ષ ભૂતકાળ** વૃત્તાન્તોનું વર્ણન કરવામાં વપરાય છે, જ્યારે **અદ્યતન ભૂતકાળ** સંવાદ અને બીજાના શબ્દોને इतिथी જણાવવા હોય ત્યારે વપરાય છે. જેમકે अजनि ते वै पुत्रो यजस्व मामनेनेति। 'તને પુત્ર જન્મ્યો છે. તેનાથી મારો યજ્ઞ કર.' ડૉ. ભાણ્ડારકરે આ ત્રણ કાળના અર્થના ભેદો સંસ્કૃત પુસ્તક ભા. ૨ ની પ્રસ્તાવનામાં જણાવ્યા છે. જો કે અસલના સમયમાં આ ત્રણ કાળો વચ્ચે ઉપર પ્રમાણે અર્થનો ભેદ હશે, પણ પાછળથી લેખકોએ આ ભેદ જાળવ્યો નથી, એટલે ગમે તે ભૂતકાળને માટે આ ત્રણેમાંથી ગમે તેનો ઉપયોગ કરે છે.

**પરોક્ષ ભૂતકાળ**ના ઉપયોગ સંબંધી એક ખાસ નિયમ એ યાદ રાખવાનો છે, કે તેને ગમે તે વખતે **પ્રથમ** પુરુષમાં વાપરવો નહિ; જ્યારે વક્તાના મનની **વ્યગ્રતા** અગર **બેભાન અવસ્થા** જણાવવાની હોય ત્યારે, અગર અમુક કોઈ બાબતને **નકારવી** હોય ત્યારે જ તે વપરાય છે; તે વગર વપરાતો નથી.

**बहु जगद पुरस्तात्तस्य मत्ता किलाहं ।**

હું મત્ત થએલી તેની સમક્ષ બહુ જ બોલી. અહીંઆં બોલનારના ચિત્તની વ્યગ્રતા જણાવવાની છે, માટે જ પ્રથમ પુરુષમાં પરોક્ષ ભૂતકાળ વપરાયો છે.

**पुत्रमरणोदन्तं श्रुत्वा विमनस्कीभूयाहं तं राजानं शशाप ।**

પુત્રના મરણના સમાચાર સાંભળીને જાણે મન વગરની હું થઈ હોઉં તેવી મેં તે રાજાને શાપ આપ્યો. **उन्मावदशायां तदाहं बहु जहास ।** ગાંડપણની સ્થિતિમાં તે વખતે હું બહુ હસ્યો. આ વાકયોમાં પણ મનની અસ્વસ્થતા દેખાડે છે. કોઈ પણ બાબત નકારવી હોય, ત્યારે પ્રથમ પુરુષ વપરાય છે. જેમકે **कलिंगेष्ववात्सीः किं ।** તમે કલિંગ દેશમાં રહ્યા હતા? એવો કોઈ પ્રશ્ન કરે અને વક્તા તેનો નકારાત્મક ઉત્તર આપે. જેમકે **नाहंकलिंगाञ्जगाम ।** 'હું કલિંગ ગયો નહોતો.' આવે વખતે પ્રથમ પુરુષ વપરાય છે.

**उद्यानात्पुष्पाण्यानयस्त्वं किं । नाहं उद्यानं जगाम ।** અથવા **किं त्वया मम पुस्तकं हृतं । नाहं तव पुस्तकं ददर्श ।** આ વાકયોમાં ક્રિયાને નકારવામાં આવે છે, માટે પ્રથમ પુરુષ વાપર્યો છે.

**અદ્યતન** ભૂતકાળમાં નકારાત્મક અર્થ જણાવવાને વાકયમાં **मा** અગર **मा स्म** વપરાય છે. બીજા પુરુષમાં જ્યારે તે વપરાય છે, ત્યારે તે આજ્ઞાર્થનો અર્થ જણાવે છે, અને તે વખતે **અદ્યતન** ભૂતકાળના આગમ अનો લોપ થાય છે. જેમકે

भर्तृविप्रकृतापि रोषणतया मा स्म प्रतीपंगमः ।
ક્રોધને લીધે પતિથી દૂર કરાઈ હોય તોપણ તેની વિરુદ્ધ જઈશ નહિ. અહીંઆં બીજા પુરુષનું રૂપ अगमः છે, પણ વાક્યમાં मा स्म વપરાયા છે, માટે अगमःનો अ ઊડી જાય છે. જો કે अगमः એ અદ્યતન ભૂતકાળનું રૂપ છે, ( ' ગયો ' એ અર્થ થાય છે. ) છતાં તેનો અર્થ અહીંઆં બદલાઈ જાય છે, અને આજ્ઞાર્થનો અર્થ દેખાડે છે. ( ' જા ' એ અર્થ ) क्लैब्यं मा स्म गमः पार्थ । હે પાર્થ, તું બાયલાપણાને પ્રાપ્ત થા નહિ. (બાયલાપણું દેખાડીશ નહિ. ) આમાં પણ ઉપરનો જ સિદ્ધાંત છે. પહેલા અને બીજા પુરુષમાં જ્યારે मा અગર मा स्म વપરાય છે, ત્યારે વિધ્યર્થનો અર્થ દેખાડે છે. જેમકે भूयस्तपोव्ययो मा भूद्वाल्मीकेः । વાલ્મીકિને ફરીથી તપમાં વિઘ્ન નડો નહિ. मा ते मलीमसविकारघना मतिर्भूत् । તારી મતિ મલિન વિકારથી જડ થાઓ નહિ.

## ભવિષ્યકાળ

ભવિષ્યકાળના બે પ્રકારોમાં પહેલો ભવિષ્યકાળ શ્વસ્તન ભવિષ્ય કાળ ( First or Periphrastic Future लुट् ) ના નામથી ઓળખાય છે, અને બીજો સાદો ભવિષ્યકાળ ( Second or Simple Future लृट् ) કહેવાય છે.

ખરી રીતે શ્વસ્તન ભવિષ્યકાળનો પ્રયોગ આજે જે ભવિષ્યની ક્રિયા બનવાની છે તે માટે વપરાતો નથી, પણ આજના દિવસ પછીથી જ જે ભવિષ્યની ક્રિયાઓ બનવાની હોય અગર જણાવવાની હોય તે માટે વપરાય છે, અને આજની ભવિષ્યસૂચક ક્રિયાઓ માટે બીજો ભવિષ્યકાળ વપરાય છે. બીજો ભવિષ્ય કાળ સામાન્ય અગર અનિશ્ચિત ભવિષ્યના અર્થમાં આવે છે, તેમ બહુ જ નજીકના ( આજના ) ભવિષ્યના કાર્યને જણાવવાને વપરાય છે.

यास्यत्यद्य शकुन्तला पतिगृहं ।

આજે શકુન્તલા પતિને ઘેર જશે. આ વાક્યમાં શકુન્તલાની પતિને ઘેર જવાની ક્રિયા આજે બનવાની છે, માટે બીજો ભવિષ્યકાળ વાપર્યો છે.

**बाल—मुञ्च माम् । यावन्मातुः सकाशं गमिष्यामि ।**

**राजा—पुत्रक, मया सहैव मातरमभिनन्दिष्यसि ।**

બાળક—મને છોડો, હું હમણાં માની પાસે જઈશ.

રાજા—વહાલા પુત્ર, મારી સાથે જ તું ( તારી ) માને અભિનંદીશ. આ વાક્યોમાં જણાવેલી ક્રિયાઓ બહુ જ નજીકમાં બનવાની છે, માટે બીજો ભવિષ્યકાળ વાપર્યો છે. તે જ પ્રમાણે વિક્રમોર્વશીય નાટકમાં રાજા અપ્સરાઓને કહે છે કે **ते नहि मुच्यतां विषादः । यतिष्ये वः सखी प्रत्यानयनाय ।** તો તમે શોકને છોડી દો. હું તમારી સખીને પાછી લાવવાને યત્ન કરીશ. તે વખતે રાજા તેને તે સમયે યત્ન કરવાનું વચન આપે છે; એટલે ત્યાં પણ બહુ નજીકના સમયનું કાર્ય દેખાડે છે. તે જ પ્રમાણે જ્યારે રાજાને રથમાં બેસીને પાછો આવતો જુએ છે, ત્યારે રંભા નીચે પ્રમાણે કહે છે.

**रम्भा-सर्वथा विजयी भवतु । ( क्षणमात्रं स्थित्वा । ) हला, समाश्वसित, समाश्वसित । एष उच्चलितहरिणकेतनस्तस्य राजर्षेः सोमदत्तो रथो दृश्यते । नैषोऽकृतार्थः प्रतिनिवर्तिष्यत इति तर्कयामि ।**

રંભા—સર્વથા વિજયી થાઓ ! ( થોડીક વાર ઉભી રહીને ) અરે, આશ્વાસન પામો, આશ્વાસન પામો. આ રાજાનો સોમદત્ત નામનો રથ જેના ઉપરની મૃગના ચિહ્નવાળી ધ્વજા હાલી રહી છે, તે દેખાય છે. આથી હું તર્ક કરૂં છું, કે તે પોતાનો અર્થ સિદ્ધ કર્યા વગર પાછો ફરશે નહિ. અહીંઆં પણ રાજાના રથને જોઈને તે અકૃતાર્થ પાછો ફરશે નહિ એમ

કહે છે, એટલે રાજાના પાછા ફરવાની ક્રિયા બહુ જ નજીકના સમયની છે, માટે બીજો ભવિષ્યકાળ વાપર્યો છે.

સામાન્ય ભવિષ્યકાળના અર્થમાં પણ બીજો ભવિષ્યકાળ વપરાય છે. જેમકે युवराज किं न जितं देवेन तारापीडेन यज्जेष्यसि । कानि द्वीपान्तराणि नात्मीकृतानि यान्यात्मीकरिष्यसि । कानि रत्नानि नोपार्जितानि यान्युपार्जयिष्यसि ( કા. હે યુવરાજ, રાજા તારાપીડે શું જીત્યું નથી, કે જે તું જીતીશ. કયા અન્ય ટાપુઓ તેમણે પોતાના કર્યા નથી, કે જે તું પોતાના કરીશ. કયાં રત્નો મેળવ્યાં નથી, કે જે તું મેળવીશ.

તેમજ નીચેના વાકયમાં 'અનિશ્ચિતતા'નો અર્થ જણાવે છે.

अशून्यतीरां मुनिसंनिवेशैस्तमोऽपहन्त्रीं तमसां वगाह्य ।
तत्सैकतोत्सङ्गबलिक्रियाभिः संपत्स्यते ते मनसः प्रसादः ॥

( મુનિનાં ટોળાંઓને લીધે જેના કિનારા અશૂન્ય છે, અને જે અંધકારનો નાશ કરનારી છે, એવી તમસા નદીમાં નાહીને તેના રેતીના તટની બલિક્રિયાથી તમારા મનને પ્રસન્નતા મળશે. )

અહીંઆં કયારે પ્રસન્નતા થશે તેનો સમય નિશ્ચિત નથી; પણ સીતા કલ્પે છે કે જ્યારે રામ તમસા નદીમાં નહાશે, ત્યારે તેમને પ્રસન્નતા થશે. અહીંઆં જણાવેલી ભવિષ્યકાળની ક્રિયા અનિશ્ચિત સમયની છે.

પ્રથમ ભવિષ્યકાળને **શ્વસ્તન** ભવિષ્યકાળ કહ્યો છે, એટલે તે આવતી કાલની ભવિષ્ય ક્રિયા જણાવે છે, અર્થાત્ તેમાં જણાવેલી ક્રિયા આજે બનવાની નથી, પણ આજના દિવસ પછી બનવાની છે, એટલે તે દૂરના ભવિષ્યકાળ માટે વપરાય છે. ( મુ. પ. )

पंचषैरहोभिर्वयमेव तत्र गंतारः ।

પાંચ, છ દિવસોમાં અમે ત્યાં જઈશું. આ વાકયમાં નજીકની એટલે આજની ભાવી ક્રિયા નથી.

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।
तदा गन्तासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥

આમાં પણ આજનો ભવિષ્યકાળ નથી, માટે બીજો ભવિષ્યકાળ વાપર્યો છે. સામાન્ય રીતે બીજો ભવિષ્યકાળ વધારે વપરાયલો જોવામાં આવે છે. પ્રથમ ભવિષ્યકાળ ક્વચિત્ વપરાય છે, અને જ્યારે તે વપરાય છે ત્યારે તે દૂરના ભવિષ્યકાળનો જ અર્થ જણાવે છે.

## અર્થવિચાર

મુખ્ય અર્થો ( Moods ) ચાર છે: (૧) આજ્ઞાર્થ ( Imperative mood ), (૨) વિધ્યર્થ ( Potential mood ), (૩) આશીર્વાદાર્થ ( Benedictive mood ) અને (૪) ક્રિયાતિપત્ત્યર્થ ( Conditional mood ). તેમને માટે સંસ્કૃતમાં અનુક્રમે लोट्, लिङ्, लेट् અને लृङ् એવી સંજ્ઞાઓ આપી છે.

## આજ્ઞાર્થ

આજ્ઞાર્થ બીજા પુરુષમાં જ્યારે આવે છે ત્યારે હુકમ, વિનતિ અગર ઉપદેશ–સલાહ આપવાના અર્થમાં વપરાય છે.

राजा–सूत, इदं तच्छैलशिखरम् । अवतारय रथम् ।

રાજા—સારથિ, આ તે પર્વતનું શિખર છે, રથને નીચે ઉતાર. અહીંઆં રાજા સારથિને હુકમ કરે છે, તેથી આજ્ઞાર્થ હુકમના અર્થમાં આવ્યો છે. डिम्भ जननीमाह्वय। भृत्य जलपात्रमानय । આ વાક્યોમાં હુકમ દેખાડે છે.

पितरौ प्रसीदतम् । देवि देवयजनसंभवे प्रसीद । राजन् भक्ष्यमिदं मुञ्च कपोतं क्षुधितस्य मे । कुरु रामकथां पुण्यां श्लोकबद्धां मनोरमाम् ।

આમાં વિજ્ઞપ્તિ અગર આજ્ઞાના અર્થમાં આજ્ઞાર્થનો ઉપયોગ થયો છે.

ઉપદેશ આપવાના અર્થમાં પણ વપરાય છે.

बालका अनृतं मा वदत ।

બાળકો, જૂઠું બોલો નહિ.

रे रे ! मा विनयं त्यजत ।

અરે, વિનયનો ત્યાગ કરો નહિ.

कुलक्रमागतामुद्वह पूर्वपुरुषैरूढां धुरम् ।
अवनमय द्विषतां शिरांसि उन्नमय बन्धुवर्गम् ॥

કુલક્રમે આવેલી પહેલાં પુરુષોએ ધારણ કરેલી ધુરાને વહન કર. શત્રુનાં માથાંઓને નીચે નમાવ, સગાંવહાલાંઓને ઉન્નત કર.

तृष्णां छिन्द्धि भज क्षमां जहि मदं વગેરે વાક્યોમાં ઉપદેશનો અર્થ જણાવે છે.

બીજા પુરુષ અને ત્રીજા પુરુષમાં આજ્ઞાર્થ ઘણી વખત આશીર્વાદ આપવાના અર્થમાં આવે છે.

नराणां व्याधयो नश्यन्तु ।
चतुर्मुखाम्भोजवनहंसवधूर्मम ।
मानसे रमतां नित्यं सर्वशुक्ला सरस्वती ।
सिद्धिः साध्ये सतामस्तु प्रसादात्तस्य धूर्जटेः ।
पुत्रमेवं गुणोपेतं चक्रवर्तिनमाप्नुहि ।
सन्तः सन्तु निरन्तरं सुकृतिनो विध्वस्तपापोदया ।
राजानः परिपालयन्तु वसुधां धर्मे स्थिताः सर्वदा ॥
काले संततवर्षिणो जलमुचः सन्तु स्थिराः पुण्यतः ।
मोदन्तां घनबद्धबान्धवसुहृद्गोष्ठीप्रमोदाः प्रजाः ॥

આ વાક્યોમાં આશીર્વાદ દેખાડે છે.

## વિધ્યર્થ

વિધ્યર્થના ઉપયોગ માટે ડો. ભાણ્ડારકર નીચે પ્રમાણે કહે છે. “(૧) સંભવ, આજ્ઞા, પ્રાર્થના, ઇચ્છા, આશા ઇત્યાદિ બતાવે છે. (૨) વળી તેવા અર્થના પેટા વાકયમાં પણ વપરાય છે. (૩) તેમજ જેમાંનું એક વાકય બીજા ઉપર આધાર રાખતું હોય, અને હેતુ કે શરત બતાવતું હોય, તેવાં સાંકેતિક વાકયમાં વપરાય છે.”

જેમકે ‘સંભવ’ના અર્થમાં **लभेत सिकतासु तैलमपि यत्नतः पीडयन्।** પ્રયત્નપૂર્વક દબાવવાથી (પીલવાથી) કદાચ રેતીમાંથી તેલ પણ મળે. **प्रसह्य मणिमुद्धरेन्मकरवक्त्रदंष्ट्रांकुरात्।** કદાચ બળાત્કારે મગરના મોઢાનાં દંતાંકુરમાંથી મણિને બહાર કાઢી શકે; તેમજ **विषमप्यमृतं क्वचिद्भवेत्** આમાં અસંભવિત વસ્તુને સંભવિત થાય એમ કહે છે.

આજ્ઞાના અર્થમાં તથા સલાહ આપવાના અર્થમાં—**ऊनद्विवर्षं निखनेत्।** બે વર્ષની અંદરનાં બાળકને દાટવાં. **भूरिणां प्रयत्नेन तत्त्वमवगच्छेः।** ઘણા પ્રયત્નથી તત્ત્વને જાણવું. **वर्धमानं व्याधिं जयन्तं शत्रुञ्च नोपेक्षेत।** વધતા રોગ તથા વિજય પામતા દુશ્મનની અવગણના ન કરવી. **पण्डितानां समाजे अपण्डिता मौनं भजेयुः।** પણ્ડિતની સભામાં મૂર્ખે મૌન રાખવું.

પ્રાર્થના તથા ઇચ્છાના અર્થમાં **इच्छामि सोमं पिबेद्भवान्।** હું ઇચ્છું છું કે આપ સોમ પીઓ. **इच्छामि पुनरपि पुण्यां भागीरथीमवगाहेवहि।** હું ઇચ્છું છું કે ફરીથી પણ પવિત્ર ભાગીરથીમાં આપણે નાહીએ. **भो भोजनं लभेय।** હું પ્રાર્થના કરૂં છું કે મને ખોરાક મળો.

આશાના અર્થમાં—**अपिनाम खलो विधिरनिच्छतोऽपि मे मरणमवोपपादयेत्।** હું આશા રાખું છું કે મારી ઇચ્છા નહિ છતાં

પણ ખલ વિધિ મારૂં મરણ આજે ઉત્પન્ન કરે. आशंसेऽधीयीय ( સિ. કૌ. ) હું આશા રાખું છું કે હું શીખીશ. संभावयामि भुञ्जीत भवान्। હું આશા રાખું છું કે આપ ખાઓ. अपिनाम रामभद्रः पुनरपीदं वनमलङ्कुर्यात् । अपिनाम तयोः कल्याणिनोर्भूरिवसुदेवरातापत्ययोर्मालतीमाधवयोरभिमतः पाणिग्रहः स्यात् । આશા છે કે તે બે કલ્યાણકારક ભૂરિવસુ અને દેવરાતનાં બાળકો, માલતી અને માધવનો ઇચ્છવા યોગ્ય વિવાહ થાય. સંસ્કૃતમાં अपि તથા अपिनाम 'હું આશા રાખું છું' એવા અર્થમાં જ્યાં વપરાય છે ત્યાં વિધ્યર્થ આવે છે.

ઉપર જણાવેલા સભવ, આશા, ઇચ્છા, પ્રાર્થના વગેરેના અર્થમાં ગૌણ વાક્યમાં પણ વિધ્યર્થ આવે છે. જેમકે भुंजीयेति इच्छति તે ઇચ્છે છે કે હું ખાઉં. ઉપર આપેલાં વાક્યોમાં ગૌણ વાક્યો પણ છે કે જેમાં વિધ્યર્થ વપરાયો છે.

શરત બતાવનાર સાંકેતિક વાક્યમાં તે કેવી રીતે વપરાય છે, તેનાં થોડાંક ઉદાહરણો લઈએ. આ સાંકેતિક વાક્યમાં બે અગર તેથી વધારે વાક્યો પેટા વાક્યો તરીકે હોય, અને એક મુખ્ય વાક્ય ઉપર બીજાં વાક્યો આધાર રાખતાં હોય, અને તેમાં હેતુ કે શરત બતાવવાનું પ્રયોજન હોય, ત્યારે વિધ્યર્થ વપરાય છે. ગુજરાતીમાં તે વાક્યની શરૂઆત 'જો'થી થાય છે, અને સંસ્કૃતમાં તેને બદલે यदि અગર चेत् વપરાય છે. उत्सिदयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् । જો હું કર્મ ન કરૂં, તો આ લોક નાશ પામે. यदि पिता त्वामीदृशं पश्येत्तदास्यहृदयं स्नेहेनाभिष्यन्देत । જો પિતા તને આ પ્રમાણે જુએ, તો તેમનું હૃદય સ્નેહથી ભીંજાય.

## આશીર્વાદાર્થ

આશીર્વાદ આપવાને વપરાય છે. वीरप्रसवा भूयाः । વીર બાળકને જન્મ આપનારી તું થા.

**ક્રિયાતિપત્ત્યર્થ** ( Conditional Mood ) તે મિશ્ર વાક્યમાં અને સાંકેતિક વાક્યમાં આવે છે; પણ દરેક સાંકેતિક વાક્યમાં ક્રિયાતિપત્ત્યર્થ વપરાતો નથી, પણ જે સાંકેતિક વાક્યમાં ક્રિયાની અપૂર્ણતા અગર અસત્યતા જણાવવી હોય ત્યાં તે વપરાય છે. આથી અંગ્રેજીમાં જ્યાં 'Had'થી વાક્યરચના શરૂ થઈ હોય, જેમકે 'Had I but served my God with half the zeal I served my King, He would not have given me over naked to my enemies.' 'મેં જેટલા ઉત્સાહથી મારા રાજાની સેવા કરી તેથી અર્ધા ઉત્સાહથી જો ઈશ્વરની સેવા કરી હોત, તો તેણે મારા શત્રુઓને મને સોંપી દીધો ન હોત.' આ વાક્ય મિશ્ર વાક્ય છે; એક ગૌણ છે અને બીજું મુખ્ય છે. પ્રથમ ભાગનું 'મેં જેટલા ઉત્સાહથી–સેવા કરી હોત' તે ગૌણ છે; (antecedent clause) અને 'તો–સોંપી દીધો ન હોત' મુખ્ય છે. (consequent clause) જો મેં ઈશ્વરની સેવા કરી હોત તો તેણે મને ત્યજી દીધો ન હોત, એવું કહેવાનો આશય છે: આમાં ક્રિયાની અપૂર્ણતા છે, કારણ કે 'જો સેવા કરી હોત ' એવા શબ્દો છે, અર્થાત્ તેનાથી સેવા થઈ નથી, માટે ઈશ્વરે તેને ત્યજી દીધો એમ ભાવાર્થ છે. આ રીતે ક્રિયાની અપૂર્ણતા અગર ગૌણ વાક્યની અસત્યતા સમજાતી હોય તો જ આ વપરાય છે.

यदि सुरभिमवाप्स्यस्तन्मुखोच्छवासगन्धं ।
तवरतिर्भविष्यत्पुण्डरीके किमस्मिन् ॥

'જો તેં તેના મુખના સુગન્ધીદાર ઉચ્છ્વાસની વાસ મેળવી હોત, તો આ કમળમાં શું તારી પ્રીતિ થાત ? ' અર્થાત્ તેણે તે

સુગંધીદાર શ્વાસનો વાસ લીધો નથી, માટે તેની પ્રીતિ કમળ તરફ છે એમ કહેવાનો ભાવાર્થ છે.

किं वाऽभविष्यदरुणस्तमसां विभेत्ता ।
तं चेत्सहस्रकिरणो धुरि नाकरिष्यत् ॥

અથવા જો સૂર્યે અરુણને ધુંસરીમાં જોડયો ન હોત, તો શું તે અંધકારનો નાશક બનત ?

अकरिष्यदसौ पापमतिनिष्करुणैवसा ।
नाभविष्यमहं तत्र यदि तत्परिपन्थिनी ॥

જો હું તેના કાર્યમાં આડે આવી ન હોત, તો તે અતિ નિર્દય સ્ત્રીએ પાપ કર્યું હોત.

આ વાકયોમાં ક્રિયાતિપત્ત્યર્થ વપરાયો છે.

લેખનવિચારમાં બીજી કહેલી બાબતો ચર્ચવાની રહી જાય છે. જેમકે પત્રલેખન ઇત્યાદિ; પણ સ્થળસંકોચને લીધે આટલેથી સમાપ્ત કરીશું.

વિશેષ જિજ્ઞાસુએ પ્રિન્સિપલ વામન શિવરાવ આપ્ટેની A Guide of Sanskrit Compositionનાં છેવટનાં પ્રકરણો વાંચવાં.

સમાપ્ત

# શુદ્ધિપત્ર

| પૃષ્ઠ | આંક | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૩૬ | ૬૯ | ૨૧ | घियो: | धियो: |
| ૫૪ | ૯૧ | ૩ | समित | समित् |
| ૫૬ | ૯૪ | ૪ | भिषग | भिषग् |
| ૫૭ | ૯૬ | ૨૨ | तुराषाट | तुराषाट् |
| ૬૯ | ૧૧૫ | ૧૯ | बूहन्तौ | बृहन्तौ |
| ૭૫ | ૧૨૨ | ૧૬ | अह्ने | अर्ह |
| ૭૯ | ૧૨૯ | ૨૬ | यसू | यस् |
| ૮૬ | ૧૩૬ | ૨૧ | यत | यत् |
| ૮૯ | ૧૪૧ | ૯ | तायकी | तावकी |
| ૯૦ | ૧૪૩ | ૨૭ | सर्वस्मिन् | सर्वस्य |
| ૯૨ | ૧૪૮ | ૨૩ | यथासख्यमनुदेशः | यथासंख्यमनुदेशः |
| ૯૫ | ૧૫૦ | ૨૫ | म्रदियस् | म्रद्यियस् |
| ,, | ,, | ,, | म्रद्ष्ठि | म्रदिष्ठ |
| ૧૦૦ | ૧૫૩ | ૧૬ | द्वाविंश | द्वाविंश |
| ૧૦૬ | ૧૫૪ | ૨૬ | अष्टम्य: | अष्टभ्य: |
| ૧૦૭ | ૧૫૫ | ૧૯ | नवपञ्चाशदधिक शतं | नवपञ्चाशदधिकशतं |
| ૧૧૧ | ૧૬૩ | ૧૯ | Bendictive | Benedictive |
| ૧૧૨ | ૧૬૬ | ૧૯ | म् | अम् |
| ૧૧૩ | ૧૬૭ | ૨૪ | अंच | अंच् |
| ૧૧૪ | ,, | ૩ | अर्ह | अर्ह् |
| ,, | ,, | ૮ | उर्व | उर्व् |
| ૧૧૮ | ૧૭૦ | ૧૦ | भ्रम | भ्रम् |
| | | | भ्रमति-भ्रम्यति | भ्रमति-भ्रम्यति |

| પૃષ્ઠ | આંક | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૧૧૯ | ૧૭૧ | ૬ | ईज | ईज् |
| ,, | ,, | ,, | गाध | गाध् |
| ,, | ,, | ૧૧ | ग्रस | ग्रस् |
| ,, | ,, | ૧૩ | कच | कच् |
| ૧૨૦ | ,, | ૧૩ | भ्राश् | भ्राश् |
| ,, | ,, | ૧૯ | यत | यत् |
| ૧૨૧ | ૧૭૫ | ૨૪ | भ्राश्यते | भ्राश्यते |
| ૧૨૨ | ૧૭૭ | ૨ | नृत | नृत् |
| ,, | ,, | ૧૩ | अनृत्यन्त | अनृत्यन् |
| ,, | ,, | ૧૭ | नृत्यत | नृत्यत |
| ૧૨૩ | ,, | ૧૫ | मन्यन्ताम | मन्यन्ताम् |
| ૧૨૪ | ૧૭૮ | ૧૫ | भ्नंश् | भ्रंश् |
| ૧૨૫ | ૧૭૯ | ૮ | भ्नम् | भ्रम् |
| ૧૩૫ | ૧૯૦ | ૧૫ | आप | आप् |
| ૧૪૩ | ૧૯૭ | ૧ | मृड | मृड् |
| ,, | ,, | ૧૪ | बन्ध | बन्ध् |
| ,, | ,, | ,, | स्तम्भ | स्तम्भ् |
| ૧૫૦ | ૨૧૧ | ૨૫ | आस | आस् |
| ૧૫૧ | ,, | ૧૦ | आसताम | आसताम् |
| ૧૫૮ | ૨૧૯ | ૧૨ | जागमि | जागर्मि |
| ૧૬૭ | ૨૨૫ | ૪ | शास | शास् |
| ૧૭૦ | ૨૨૮ | ૯ | अमार्ट्-ड् | अमार्ट्-ड्ं |
| ,, | ,, | ૧૦ | अमार्ट्-ड्ं | अमार्ट्-ड्ं |
| ૧૭૨ | ૨૩૧ | ૯ | ब्रतम् | ब्रूतम् |
| ૧૮૩ | ૨૪૫ | ૧૬ | अतृणेट-ड | अतृणेट्-ड् |

| પૃષ્ઠ | આંક | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૧૯૩ | ૨૫૧ | ૭ | इयति | इय्ति |
| ૨૧૩ | ૨૬૮ | ૪ | दद्दिथ | ददिथ |
| ૨૧૯ | ૨૭૮ | ૧૧ | आनडढ्वे | आनड्ढ्वे |
| ,, | ,, | ૧૩ | अर्च | अर्च् |
| ૨૨૦ | ૨૭૯ | ૭ | त्रट् | त्रुट् |
| ,, | ૨૮૦ | ૧૪ | ममडक्थ | ममङ्क्थ |
| ૨૪૮ | ૩૪૩ | ૧૩ | घस्तामि | घस्तास्मि |
| ૨૫૯ | ૩૬૯ | ૧૧ | अद्दिक्षत | अदिक्षत |
| ૨૬૬ | ૩૮૮ | ૬ | अकाषेम् | अकार्षम् |
| ૨૬૯ | ૩૯૬ | ૨૦ | अदीप | अदीपि |
| ૨૭૦ | ૩૯૯ | ૨૫ | पर्यात् | पूर्यात् |
| ૨૮૩ | ૪૩૩ | ૧૧ | चक्र | चक्रे |
| ,, | ,, | ૧૨ | जघ्ने | जघ्ने |
| ૨૮૭ | ૪૩૬ | ૨૧ | ध्नान | घ्नान |
| ૨૯૧ | ૪૪૦ | ૧૪ | धृ | धृष् |
| ૨૯૩ | ૪૪૯ | ૭ | घ्नाण | घ्राण |
| ૩૦૫ | ૪૬૬ | ૨૩ | बिद्रूस्यते | विद्रूस्यते |
| ૩૦૭ | ૪૬૭ | ૨૩ | देवद्ारव | देवदारव |
| ૩૧૩ | ,, | ૯ | षाश | पाश |
| ૩૨૨ | ૪૬૯ | ૧૪ | कुश् | क्रुश् |
| ,, | ,, | ૧૫ | आकोशक | आक्रोशक |
| ૩૩૦ | ૪૭૧ | ૨૨ | नीचः | नीचैः |
| ૩૩૪ | ૫ | ૨૦ | रथिकाश्वरोहम् | रथिकाश्वारोहम् |
| ૩૩૯ | ૧૪ | ૧૫ | અश्वाश्व | अश्वाश्व |
| ,, | ,, | ૨૦ | हरिधनजयौ | हरिधनंजयौ |

| પૃષ્ઠ | આંક | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૩૪૧ | ૧૫ | ૨૨ | अयस्त | अत्यस्त |
| ૩૫૦ | ૨૧ | ૧૪ | क्रियायामभिघीयते | क्रियायामभिधीयते |
| ૩૫૧ | ૨૪ | ૨૧ | अकं न, | अकं, न |
| ,, | ,, | ૨૨ | अस्मिनूतीति | अस्मिन् अस्तीति |
| ૩૫૨ | ૨૫ | ૨૫ | चिन्नगुं | चित्रगुं |
| ,, | ,, | ૨૮ | बहुव्राहि | बहुव्रीहि |
| ૩૫૬ | ૨૭ | ૫ | कुटुम्बपप्यपरित्यज्य | कुटुम्बमप्यपरित्यज्य |
| ,, | ,, | ૬ | અન્તનો | પર્યન્તનો |
| ,, | ,, | ૯ | આખી નવમી લીટી રદ ગણવાની છે. | |
| ૩૫૯ | (क) | ૧૧ | पूर्व | पूर्वं |
| ,, | (ख) | ૨૨ | संख्याता रात्रः | संख्यातारात्रः |
| ૩૭૫ | ૩ | ૨૧ | नाम | नाम । |
| ૩૮૭ | (૨) | ૭ | श्रीशङ्कराचार्या णामेतन्मतं | श्रीशङ्कराचार्या- णामेतन्मतं |
| ૪૧૬ | ૧૫ | ૨૩ | बक् | बक |
| ૪૧૭ | ,, | ૨૨ | राज्ञिः | राज्ञि |
| ૪૨૬ | | ૫ | 'आः પછીના અર્થમાં' આ લખાણ રદ ગણવું. | |
| ૪૩૨ | | ૩ | दुःखादस्मा-त्रातस्त्वम् | दुःखादस्मात्-त्रातस्त्वम् |
| ૪૬૪ | | ૨૦ | बभव | बभूव |

**નિવેદન:** આ ગ્રન્થમાં શુદ્ધિ જાળવવાનો પ્રયત્ન કરેલો છે જ. તેમ છતાં જે અશુદ્ધિ રહેલી તે દૂર કરવા શુદ્ધિપત્ર આપેલું છે. પરંતુ ઘણે ભાગે છાપતી વખતે ખોડા ટાઇપની નિશાની નહિ ઊઠવાથી તેમજ બીજી ઝીણવટની ભૂલો રહેલી છે, જે આવા મોટા ગ્રન્થના પ્રમાણમાં વધારા પડતી લેખાશે નહિ.